Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Karavadara, Labhubhai M., 2008, "પુરાણસાહિત્યમાં દેવાસુરસંગ્રામ : એક અધ્યયન", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/316

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

**Reg. No. 3069** **Date of Reg. : 30/12/2004**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની વિનયન વિદ્યાશાખાના સંસ્કૃત વિષયમાં
**Ph. D.** ની પદવી માટે પ્રસ્તુત–

**મહાનિબંધ (Thesis)**

**: શીર્ષક :**

# 'પુરાણસાહિત્યમાં દેવાસુરસંગ્રામઃ એક અધ્યયન'
## (મત્સ્યપુરાણ, શ્રીમદ્ભાગવતપુરાણ તથા વિષ્ણુપુરાણના આધારે)
# ‘A Study of Devâsursangrâmas in Purânic Literature’
## [According to Matsyapurâna, Shrimad Bhâgvatapurâna and Visnupurâna’]

**: પ્રસ્તુતકર્ત્રી :**

**કુ. લાભુ એમ. કારાવદરા**
(એમ. એ.)

**: માર્ગદર્શકશ્રી :**

**ડૉ. એમ. કે. મોલિયા**
(એમ. એ., પીએચ. ડી.)
એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ,
સંસ્કૃત અનુસ્નાતક ભાષા–સાહિત્ય–ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**ઈ. સ. ૨૦૦૮**

# *CERTIFICATE*

This is to certify that the contents of this thesis entitied-

**'પુરાણસાહિત્યમાં દેવાસુરસંગ્રામઃ એક અધ્યયન'**
**(મત્સ્યપુરાણ, શ્રીમદ્‌ભાગવતપુરાણ તથા વિષ્ણુપુરાણના આધારે)**
**'A Study of Devâsursangrâmas in Purânic Literature'**
**[According to Matsyapurâna, Shrimad Bhâgvatapurâna and Visnupurâna']**

-is the original research work of Shri Mayurkumar Mansukhlal Vyas carried out under my supervision.

I further certify that the work has not been submitted either partly or fully to any other univesity OR institution for the award of any degree.

[Dr. M. K. Moliya]
Associate Professor & Head
Dept. of Sanskrit
Saurashtra University, Rajkot.

# S T A T E M E N T

I hereby declare that the work incorporated in the present thesis is original and has not been submitted to any University / Inistitution for award of a Diploma or Degree.

I further declare that the results presented in the thesis consideretion made there-in, contribute in general to the advancement of knowledge in Sanskrit and in particular to

**'પુરાણસાહિત્યમાં દેવાસુરસંગ્રામઃ એક અધ્યયન'**
**(મત્સ્યપુરાણ, શ્રીમદ્‌ભાગવતપુરાણ તથા વિષ્ણુપુરાણના આધારે)**
**‘A Study of Devâsursangrâmas in Purânic Literature’**
**[According to Matsyapurâna, Shrimad Bhâgvatapurâna and Visnupurâna’].**

[ Ku. Labhu M. Karavadara]
Candidate

# *આત્મનિવેદન*

'अपूर्वाह्लाददायिन्य उच्चैस्तरपदाश्रयाः ।
अतिमोहापहारिण्यः सूक्तयो हि महीयसाम् ।।'

'મહાન વ્યકિતઓનાં સુવચનો અપૂર્વ આનંદ આપનારાં, ઉત્કૃષ્ટ પદ પર પહોંચાડનારાં અને અનર્થના મૂળ– મોહને દૂર કરનારાં હોય છે.'

વિશાલબુદ્ધિ, મહામુનિ અને જ્ઞાનના દીપકને પ્રજ્જ્વલિત કરનાર ભગવાન વેદ વ્યાસનાં વચનોને સાંભળીને પોતાનાં કર્ણોને આહ્લાદ અને પવિત્રતા ન બક્ષી હોય, એવા મનુષ્યનો ભારતભૂમિ પર જન્મ નિરર્થક છે. બાળપણમાં મમ્મીના મુખથી પુરાણો, રામાયણ અને મહાભારતની કથાઓના શ્રવણથી થયેલા સંસ્કાર ઘડતરે, મારાંમાં એ બધી કથાઓ વિશે જિજ્ઞાસાનાં બીજો રોપેલાં. જન્મભૂમિ (ગામ–ભેટકડી) માં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી, માધ્યમિકશાળામાં રસાળ શૈલીથી અધ્યાપન કાર્ય કરનારા સંસ્કૃત–શિક્ષિકા માન. શ્રી બકુલાબહેનની શિક્ષણપદ્ધતિએ મારાંમાં રોપાયેલાં, એ બીજોનું સંવર્ધન કર્યું. સંસ્કૃત વિષય પરત્વેનો મારો અનુરાગ એ કારણે જ વ્યાપક બન્યો. મહાશાલીય સ્તરે મુખ્ય વિષય તરીકે સંસ્કૃતની પસંદગીમાં મારી આ પૃષ્ઠભૂમિએ ઘણો જ ભાગ ભજવ્યો. માલદેવજી ઓડેદરા મહિલા કોલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપિકા ડૉ. ગીતાબહેન ઉનડકટના સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વથી પ્રભાવિત થઈને તથા એમની પાસેથી પ્રાપ્ત થયેલી પ્રેરણાએ જ મને સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવવા પ્રેરી.

જુનાગઢની સુવિખ્યાત બહાઉદ્દીન કોલેજના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રવેશ લીધો. જયાં સંસ્કૃતના વિદ્વાન પ્રા. ડૉ. હિનાબહેન કિકાણીના ભરપૂર જ્ઞાનનો લાભ તો મળ્યો જ, સાથે સાથે એમની સંશોધનવૃત્તિએ પણ મને આકર્ષી. સંસ્કૃત વિષયમાં સંશોધનકાર્ય કરીને પીએચ. ડી. ની પદવી મેળવવાનો નિર્ધાર ત્યારથી જ કરેલો. અનુસ્નાતક શિક્ષણ પૂર્ણ કર્યા પછી, સંસ્કૃત વિષયમાં સંશોધન કાર્ય કરવાના મારા નિર્ણયને સંપૂર્ણપણે ટેકો જાહેર કરીને, તમામ પ્રકારના સાથ, સહકાર અને માર્ગદર્શન આપનારા, મારા પિતાતુલ્ય પ્રા. ડૉ. આર. એમ. ડોબરિયા સાહેબને હું આ ક્ષણે બે હાથ જોડીને વંદન કરું છું. એમની જ પ્રેરણાથી મારા માર્ગદર્શકશ્રી માન. ડૉ. મોલિયા સાહેબને મળવાનું થયું. એમની સાથેની રૂબરૂ મુલાકાત દરમિયાન અનેક વિષયોની ચર્ચા થયા પછી, મને મનગમતાં પુરાણો વિષયક સંશોધન કરવાનું નક્કિ કર્યું. સઘન વિચારણાના અંતે પ્રસ્તુત વિષયની પસંદગી કરીને રજીસ્ટ્રેશન કરાવ્યું.

મારાં આ સંપૂર્ણ સંશોધનકાર્ય–કાળ દરમિયાન મારા માર્ગદર્શકશ્રી માન. ડૉ. મોલિયા સાહેબનું અમૂલ્ય માર્ગદર્શન સતત મારો ઉત્સાહ વધારતું રહ્યું અને પરિણામ સ્વરૂપે આજે આ સંશોધનકાર્ય પૂર્ણ થવા પામ્યું. આ ક્ષણે હું મારા માર્ગદર્શકશ્રી માન. ડૉ. મોલિયા સાહેબનો આભાર કયા શબ્દોમાં વ્યકત કરું! માત્ર પ્રણામ જ કરું છું.

નાનાં ગામડાંના સંકીર્ણ સમાજની વચ્ચે રહીને પણ, મારાં કોઈ પણ પ્રકારના નાનાં કે મોટાં કાર્યમાં હંમેશાં પ્રોત્સાહન પૂરું પાડનારા, મારા પૂ. પિતાશ્રી (માલદેભાઈ) તથા પૂ. મમ્મી (સંતોકબહેન) ને પણ હું આ ક્ષણે પ્રણામ કરું છું. જેમણે આ કાર્યને માટે હંમેશાં મારા ઉત્સાહમાં વધારો કર્યો છે, એવા મારી દીદીશ્રીઓ તથા અગ્રજબંધુને પણ આ ક્ષણે યાદ કરીને એમનો આભાર વ્યકત કરું છું.

મારા આ સંશોધનકાર્યમાં સતત માર્ગદર્શન અને સહકાર પૂરો પાડનારા સર્વશ્રી માન. ડૉ હંસાબહેન હિંડોચા, પિતાતુલ્ય માન. ડૉ. આર. એમ. ડોબરિયા સાહેબ તથા એમના ધર્મપત્ની માન. ભાવનાબહેન ડોબરિયા, માન. પ્રા. ડૉ. નવનીતભાઈ જોશી સાહેબ તથા એમના ધર્મપત્ની માન. આરાધનાબહેન જોશી, માન. પ્રા. ડૉ. મધુભાઈ હિરપરા સાહેબ, માન. પ્રા. ડૉ. રાજેન્દ્રભાઈ ચોટલિયા સાહેબ તથા ડૉ. લીલાભાઈ કડછાનો આ તકે હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

મારા સંશોધનકાર્ય અંગે વારંવાર પૃચ્છા કરીને મારા ઉત્સાહમાં સતત વધારો કરનારા મારા સ્નેહીજનો એવા શ્રી ફારૂકભાઈ બઘાડ તથા ડૉ. પુષ્પાબહેન દયલાણી, શશીકાંતભાઈ ત્રિવેદી તથા એમના ધર્મપત્ની નિશાબહેન ત્રિવેદી, શ્રી રામભાઈ ઓડેદરા (શ્રી મહેર સુપ્રીમ કાઉન્સીલ પ્રમુખ, પોરબંદર), મોટાભાઈશ્રી રાજુભાઈ ઓડેદરા તથા ભાભીશ્રી રાંભીબહેન ઓડેદરા તથા શાળાસમય દરમિયાન મારો કાર્યભાર હળવો કરી, સંશોધન માટે સતત પ્રેરણા આપનારા સિંહાર સ્કૂલના પ્રિન્સીપાલશ્રી દિલીપભાઈ સિંહાર સાહેબ અને પરિશ્રમ સ્કૂલના પ્રિન્સીપાલશ્રી વિજયભાઈ ડાંગર અને માધવીબહેન ડાંગર, સિંહાર હાઈસ્કૂલ તથા પરિશ્રમ સ્કૂલ્સના સ્ટાફ–મેમ્બર્સ, હૃદયના મોટા ભાગને રોકનારી વહાલી સખી પાયલ, સતત હૂંફ અને પ્રેમ આપનારાં મનોજભાઈ ભટ્ટ, હિનાબહેન ભટ્ટ અને નેહલ, બાળપણની ભોળી ભોળી હરકતોથી મારા આ સંશોધનકાર્યની ચિંતાનો ભાર હળવો કરનારા બાલદોસ્તો ચિ. કૃણાલ, ચિ. પંકિત, ચિ. યશસ્, ચિ. વિશ્વા તથા મારાં વહાલાં ભાણેજડાંઓનો પણ આ તકે આભાર.

ભવન્સ એ. કે. દોશી મહિલા કોલેજ, જામનગરના પ્રિ. ડૉ. હંસાબહેન બી. શેઠ, પ્રા. વી. બી. માલવીયા સાહેબ અને ગ્રંથપાલશ્રી કે, જેમણે મારા આ સંશોધનકાર્ય માટે જરૂરી ગ્રંથો વગેરે સમયાંતરે પૂરા પાડીને સહકાર આપેલો, એ સર્વેનો પણ હું આભાર માનું છું.

સંસ્કૃત ભવનના બિન શૈક્ષણિક કર્મચારી માન. શ્રી બી. જી. ગમારાભાઈ તથા અનુસ્નાતક વિભાગના સમગ્ર વહિવટી સ્ટાફ તેમજ મારા આ સંશોધનકાર્યમાં કોઈ પણ પ્રકારે મદદરૂપ થનારા મારા નામી–અનામી સર્વે મિત્રોનો હું આ ક્ષણે અત્યંત આભાર માનું છું.

મારા આ સમગ્ર કાર્યનું જેમણે સાદ્યંત પ્રૂફ રિડિંગ કરી આપીને તથા મારા ભાષાકીય દોષોને તિરસ્કૃત કર્યા, એવા પ્રા. ડૉ. નવનીતભાઈ જોશી સાહેબનો ફરી એકવાર હૃદયપૂર્વક ખૂ....................બ ખૂબ આભાર.

સ્થળ : રાજકોટ

તારીખઃ / /

કુ. લાભુ એમ. કારાવદરા

# ◆ અનુક્રમણિકા ◆

## વિભાગ–૧


| પ્રકરણ | વિગત | પાના નંબર |
|---|---|---|
| | **અનુક્રમણિકા** | **૦૦૧ થી ૦૦૩** |
| **પ્રકરણ–૧** | **પુરાણપરિચય :** | **૦૦૪ થી ૦૬૯** |
| ૧:૧ | પ્રસ્તાવના | ૦૦૫ થી ૦૦૭ |
| ૧:૨ | 'પુરાણ' શબ્દનો અર્થ | ૦૦૮ થી ૦૧૦ |
| ૧:૩ | પુરાણ–લક્ષણો | ૦૧૧ થી ૦૧૯ |
| ૧:૪ | પુરાણોની સંખ્યા | ૦૨૦ થી ૦૨૩ |
| ૧:૫ | પુરાણોનું વર્ગીકરણ | ૦૨૪ થી ૦૨૬ |
| ૧:૬ | પુરાણોની પ્રાચીનતા | ૦૨૭ થી ૦૩૧ |
| ૧:૭ | પુરાણોનો રચનાકાળ | ૦૩૨ થી ૦૩૩ |
| ૧:૮ | પુરાણોનું વિષયવૈવિધ્ય | ૦૩૪ થી ૦૫૧ |
| ૧:૯ | પુરાણોની શૈલી | ૦૫૨ થી ૦૫૮ |
| | પાદટીપ | ૦૫૯ થી ૦૬૯ |
| **પ્રકરણ–૨** | **દેવાસુરસંગ્રામોના મૂળસ્રોતો** | **૦૭૦ થી ૧૧૩** |
| ૨:૧ | પ્રસ્તાવના | ૦૭૧ થી ૦૭૨ |
| ૨:૨ | 'દેવ' અને 'અસુર'નો જાતિગત પરિચય અને વિકાસ | ૦૭૩ થી ૦૮૭ |
| ૨:૩ | દેવાસુરસંગ્રામોના મૂળસ્રોતો | ૦૮૮ થી ૧૦૨ |
| | પાદટીપ | ૧૦૩ થી ૧૧૩ |
| **પ્રકરણ–૩** | **પૌરાણિક મુખ્ય દ્વાદશદેવાસુરસંગ્રામો** | **૧૧૪ થી ૨૪૬** |
| (૩:૧) | પ્રસ્તાવના | ૧૧૫ થી ૧૧૮ |
| (૩:૨) | નૃસિંહસંગ્રામ | ૧૧૯ થી ૧૩૮ |
| (૩:૩) | વામન–બલિબંધનસંગ્રામ | ૧૩૯ થી ૧૫૪ |
| (૩:૪) | વારાહસંગ્રામ | ૧૫૫ થી ૧૬૫ |
| (૩:૫) | અમૃતમંથનસંગ્રામ | ૧૬૬ થી ૧૮૩ |
| (૩:૬) | તારકામયસંગ્રામ | ૧૮૪ થી ૧૯૧ |

| | | |
|---|---|---|
| (૩:૭) | આડિબકસંગ્રામ | ૧૯૨ થી ૧૯૫ |
| (૩:૮) | ત્રિપુરસંગ્રામ | ૧૯૬ થી ૨૧૪ |
| (૩:૯) | અંધકસંગ્રામ | ૨૧૫ થી ૨૧૭ |
| (૩:૧૦) | વૃત્રઘાતકસંગ્રામ | ૨૧૮ થી ૨૨૬ |
| (૩:૧૧) | ધાત્રસંગ્રામ | ૨૨૭ થી ૨૨૭ |
| (૩:૧૨) | હાલાહલસંગ્રામ | ૨૨૮ થી ૨૨૮ |
| (૩:૧૩) | કોલાહલસંગ્રામ | ૨૨૯ થી ૨૩૧ |
| | પાદટીપ | ૨૩૨ થી ૨૪૬ |
| **પ્રકરણ—૪** | **પુરાણોમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો** | **૨૪૭ થી ૩૦૭** |
| (૪:૧) | પ્રસ્તાવના | ૨૪૮ થી ૨૫૪ |
| (૪:૨) | મત્સ્યપુરાણમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો | ૨૫૫ થી ૨૮૫ |
| (૪:૩) | શ્રીમદ્ભાગવતપુરાણમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો | ૨૮૬ થી ૨૯૬ |
| (૪:૪) | વિષ્ણુપુરાણમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો | ૨૯૭ થી ૩૦૦ |
| | પાદટીપ | ૩૦૧ થી ૩૦૭ |
| **પ્રકરણ—૫** | **દેવાસુરસંગ્રામોનાં કારણો અને પરિણામો** | **૩૦૮ થી ૩૨૮** |
| | પાદટીપ | ૩૨૬ થી ૩૨૮ |

**વિભાગ—૨, પરિશિષ્ટો** **૩૨૯ થી ૩૩૩**

**પરિશિષ્ટ—૧,** હિરણ્યકશિપુવધનું ચિત્ર. ૩૩૦

**પરિશિષ્ટ—૨,** વામન—અવતારનું ચિત્ર. ૩૩૧

**પરિશિષ્ટ—૩,** વરાહ—અવતારનું ચિત્ર. ૩૩૨

**પરિશિષ્ટ–૪,** અમૃતમંથનનું ચિત્ર. ૩૩૩

◆ **સહાયક–સંદર્ભ–ગ્રંથ–સૂચિ (અકારાદિ ક્રમથી) ૩૩૪ થી ૩૫૧**

– સંસ્કૃતગ્રંથો ૩૩૪ થી ૩૪૫
– હિન્દીગ્રંથો ૩૪૬ થી ૩૪૭
– અંગ્રેજીગ્રંથો ૩૪૮ થી ૩૪૮
– ગુજરાતીગ્રંથો ૩૪૯ થી ૩૫૦
– કોશગ્રંથો ૩૫૧ થી ૩૫૧

******

## પ્રકરણ– ૧

# પુરાણસાહિત્ય–પરિચય

૧:૧ પ્રસ્તાવના
૧:૨ 'પુરાણ' શબ્દનો અર્થ
૧:૩ પુરાણ–લક્ષણો
૧:૪ પુરાણોની સંખ્યા
૧:૫ પુરાણોનું વર્ગીકરણ
૧:૬ પુરાણોની પ્રાચીનતા
૧:૭ પુરાણોનો રચનાકાળ
૧:૮ પુરાણોનું વિષય–વૈવિધ્ય
૧:૯ પુરાણોની શૈલી
:: પાદટીપ ::

# <u>પ્રકરણ–૧, પુરાણસાહિત્ય–પરિચય</u>

## <u>૧.૧, પ્રસ્તાવના:</u>

ભારતીય સંસ્કૃતિમાં પુરાણોને વેદતુલ્ય સ્થાન આપવામાં આવ્યું છે. કોઈપણ ધાર્મિકવિધિના પ્રારંભે કરવામાં આવતાં સંકલ્પમાં પ્રયુકત– **''શ્રુતિસ્મૃતિ-પુરાણોક્તમ્........।''** આદિ શબ્દોમાં પણ પુરાણોના ફળની અપેક્ષા કરવામાં આવી છે. મહામના વ્યાસે શ્રીમદભાગવતપુરાણ (૧/૯૪/ ૫૯) માં પુરાણોની રચનાનો જે હેતુ દર્શાવ્યો છે, તદનુસાર વેદો તો અતિશય ગૂઢાર્થક હોવાથી તેનો બોધ મહામુશ્કેલીએ પ્રાપ્ત થઈ શકે છે. સામાન્યજનને તેની પ્રાપ્તિ થવી દુષ્કર છે. આથી જનસમુદાય પર કૃપા કરતાં એમણે (વ્યાસજીએ) પુરાણોની રચના કરીને વેદાર્થને સરળ અને સુપ્રાપ્ય બનાવ્યો. આમ વેદાર્થની સ્પષ્ટતા અને ઉપબૃંહણ એ પુરાણોની રચના માટેનો મૂળ ઉદ્દેશ છે. મહાભારતમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, "પુરાણરૂપી ચન્દ્ર દ્વારા વેદરૂપી ચાંદની પ્રકાશિત થયેલી છે."[1]

ભારતીય આર્યસંસ્કૃતિની સાચી મૂલવણી માટે પુરાણોના અધ્યયનની અતિ આવશ્યકતા રહેલી છે. પુરાણો આર્યજાતિનું સર્વસ્વ છે. તેમને આર્ય–સાહિત્યના વિશાળ પ્રાસાદના આધારસ્તંભ, પ્રાચીન ઈતિહાસ–મંદિરના સુવર્ણકલશ, વિવિધ વિજ્ઞાનસમુદ્રમાં તરનાર જહાજના પ્રકાશસ્તંભ, માનવસમાજને સંસ્કૃતિનું પથપ્રદર્શન કરાવનાર દિવ્યપ્રકાશ તથા આર્યજાતિની અનાદિ કાલથી સંચિત વિદ્યાઓની સુદઢ મંજૂષા કહેવામાં આવે તો જરા પણ અતિશયોકિત નહીં ગણાય.

ભારતીય ઈતિહાસની દષ્ટિએ પુરાણનું એક વિશેષ મહkવ છે. ભારતીય જનતાને આ સાહિત્યે જેટલી પ્રભાવિત કરી છે, તેટલી અન્ય કોઈપણ સાહિત્યે કરી નથી. આ પ્રસંગે વિન્ટરનિત્ઝનો મત નોંધનીય છે–

" હિંદુઓના ધાર્મિક સાહિત્યમાં પુરાણોનું મહkવપૂર્ણ સ્થાન છે. પુરાણ, ધર્મશાસ્ત્ર અને તંત્ર, એ ત્રણેય તેનાં ધાર્મિક કૃત્યોનાં પથપ્રદર્શક છે. વેદોનું અધ્યયન પ્રાચીનપરંપરાપ્રેમી અને ઉપનિષદોનું અધ્યયન દાર્શનિક ચિંતકો કરે છે. પરંતુ પ્રત્યેક હિંદુ માટે પુરાણોનું જ્ઞાન કોઈને કોઈ રૂપમાં અનિવાર્ય છે."

પુરાણ પોતાની કથા પોતે જ કહે છે– " બધાં જ શાસ્ત્રોમાં બ્રહ્માએ સર્વપ્રથમ પુરાણોનું જ સ્મરણ કરેલું." [2]

પુરાણોના ઉત્કટ મહિમાને દર્શાવતું વામનપુરાણનું કથન છે કે–

" જેવી રીતે ગંગાજળમાં સ્નાન કરવાથી તમામ પાપો નાશ પામે છે, તેમ પુરાણોનું શ્રવણ કરવાથી પણ સર્વ પાપો નષ્ટ થાય છે." [3]

પદ્મપુરાણનો 'બ્રહ્મખંડ' તો પુરાણનો અદમ્ય મહિમા વિસ્તારથી આ પ્રમાણે વર્ણવે છેઃ

" જે મનુષ્ય સમાહિતચિત્ત થઈને પુરાણોનું પઠન અને શ્રવણ કરે છે, તે પ્રત્યેક અક્ષરથી કપિલા ગાયના દાનનું ફળ પ્રાપ્ત થાય છે. પુત્ર વગરનાને પુત્ર, ધનાર્થીને ધન, વિદ્યાર્થીને વિદ્યા, મોક્ષાર્થીને મોક્ષ પ્રાપ્ત થાય છે. તેમજ પુરાણનું શ્રવણ કરનારના કોટિ જન્મોના પાપો નાશ પામવાથી, તે ભગવદ્ધામને પ્રાપ્ત કરે છે."

ભારતીય સંસ્કૃતિનો સાચો ઈતિહાસ પુરાણોમાં જ સચવાયેલો છે. પુરાણોથી જ ભારતીય જીવનનો આદર્શ, ભારતીય સભ્યતા, સંસ્કૃતિ તથા ભારતના વિદ્યા–વૈભવનના ઉત્કર્ષનું સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. પુરાણોમાં જ પ્રાચીન ભારતીયતાનાં અને પ્રાચીન સમયમાં ભારતના સર્વવિધ ઉત્કર્ષનાં દર્શન થાય છે.પુરાણ એવા અકાટ્ય સત્યને પ્રદર્શિત કરે છે કે, ભારત આદિ–જગદ્ગુરુ હતું અને ભારતીયો જ પ્રાચીનકાળમાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ઉન્નતિની પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા. પુરાણ માત્ર ઈતિહાસ જ નથી પરંતુ તેમાં વિશ્વકલ્યાણકારી ત્રિવિધ ઉન્નતિનો માર્ગ પણ દર્શાવવામાં આવ્યો છે.

વેદોનો મહિમા અપાર છે પરંતુ તેની શબ્દાવલી દુર્બોધ અને જટિલ છે. તેને નિરુકત, બ્રાહ્મણગ્રંથો, શ્રૌતસૂત્રો, વ્યાકરણાદિ અંગો, ઋષિ, છન્દ, દેવતા વગેરે અનુક્રમણી અને ભાષ્યોના આધારે ઘણી જ કઠિનતાથી સમજી શકાય છે. જયારે પુરાણ એકલું જ તેના સમસ્ત અર્થોને સરળ શબ્દોમાં અને કથાશૈલીથી સામાન્ય બુદ્ધિવાળા લોકોને પણ હૃદયંગમ કરાવી દે છે. આથી જ વેદોને ઈતિહાસ–પુરાણ દ્વારા સમજવા જોઈએ, એમ કહ્યું છે – **'इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत्** ।' જે વિદ્વાન ઈતિહાસ–પુરાણથી અનભિજ્ઞ છે, તેને અલ્પશ્રુત, અલ્પજ્ઞ કહીને વેદાર્થના પ્રતિપાદનનો અધિકાર આપવામાં આવ્યો નથી. વેદ પણ એવા લોકોથી એ વાતે ડરે છે કે, 'તેઓ નિશ્ચિતપણેમારો અનર્થ કરીને જનસમુદાયમાં ભ્રાન્તિ ફેલાવશે." (મહાભારત, આદિપર્વ, ૧/૨૬૭–૨૬૮).

વેદ, જ્ઞાનના ભંડાર અને ધર્મના મૂલસ્રોત જરૂર છે. પરંતુ એમા ગ્રહોનું સંચરણ, સમયની શુદ્ધિ વગેરે વિશિષ્ટ લક્ષણો સહિત એકમથી માંડીને પૂર્ણિમા સુધીની તિથિઓનો સ્પષ્ટપણે નિર્દેશ થયેલો નથી, આથી એકાદશી, શિવરાત્રી વગેરે વ્રતોનું માહાત્મ્ય,ગ્રહણઆદિની સમજ, દર્શનશાસ્ત્રોનાં સૂક્ષ્મ તથ્યો તથા પાંચરાત્ર વગેરે વિવિધ વૈષ્ણવ, શૈવ, શાકતાદિ આગમોના પ્રતિપાદ્ય વિષયો પણ એમાં દર્શાવવામાં આવ્યા નથી. જયારે પુરાણોમાં તમામ વેદાર્થ સહિત, એ બધા જ વિષયો, બધાં જ વેદાંગો, ધર્મશાસ્ત્રોનાં ધર્મકૃત્યો, દેવોપાસના–વિધિ, સદાચારના વિસ્તૃત ઉપદેશો અને કથા–ઉદાહરણ સાથે વેદાંત, સાંખ્ય વગેરે બાબતોને પણ પૂર્ણપણે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આથી ભારતીય સંસ્કૃતિની સાથે સંબદ્ધ સંપૂર્ણ જ્ઞાન–વિજ્ઞાન અને કલ્યાણકારી ક્રિયાઓની જાણકારી માટે પુરાણો જ ઘણા લાંબા સમયથી આધારરૂપ રહ્યાં છે. આ પુરાણોમાંથી જ પરવર્તી વિદ્વાનોએ અનેક ઉત્તમ નિબંધો તથા પ્રબંધોની રચના કરી છે.

કૃષ્ણદ્વૈપાયન વ્યાસે ઘણા જ પરિશ્રમથી વેદોનું શાખા—પ્રશાખા, બ્રાહ્મણ, કલ્પસૂત્ર, નિરુકત, વગેરેની પ્રક્રિયાઓમાં વિભાજન કરવા છતાં પણ જયારે પૂર્ણલોકોપકારમાં સફળતા પ્રાપ્ત ન થઈ ત્યારે તેમણે વિશેષ પણે ધ્યાનસ્થ થઈને ભાગવતાદિ પુરાણો તથા મહાભારતાદિ ઇતિહાસગ્રંથોની રચના કરીને વેદોના ગૂઢ સંદેશને પ્રત્યેક માનવ સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો. એમની જ ભાસ્વતી કૃપાથી જન્મેલ પુરાણ—સાહિત્ય નિરંતર જગતના કલ્યાણમાં આજે પણ પ્રવૃત્ત છે. આ સાહિત્ય વર્તમાન તમામ વિશ્વસાહિત્યની અપેક્ષાએ બધી રીતે શુદ્ધ, શિષ્ટભાષાયુકત, સુબોધકથાઓથી સમન્વિત અને મધુરતમ પદવિન્યાસોથી સમલંકૃત છે.

આ પ્રમાણે, આ પુરાણ—સાહિત્ય બધાનાં હૃદયને આકૃષ્ટ કરીને કલ્યાણ કરવા માટે નિત્ય—નિરંતર તત્પર છે.

******

## <u>૧.૨ 'પુરાણ' શબ્દનો અર્થ</u> :

પુરાણો હિંદુઓની ધાર્મિક, દાર્શનિક, ઐતિહાસિક, સામાજિક અને રાજનૈતિક સંસ્કૃતિનો વિશ્વકોશ છે. 'પુરાણ' શબ્દ પ્રાચીનકાળનો દ્યોતક છે. 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ પાણિનિ, યાસ્ક અને સ્વયં પુરાણોએ પણ દર્શાવેલ છે.

➢ પાણિનિના એક સૂત્ર[૪] અનુસાર **'पुराभवम्'** અર્થાત્, 'પ્રાચીનકાળમાં થનાર' એ અર્થમાં 'પુરાણ' શબ્દનો પ્રયોગ થયો છે. જેમાં **'पुरा'** શબ્દને **'ट्यु'** પ્રત્યય કરીને **'तुट्'** ના આગમથી 'પુરાતન' શબ્દ નિષ્પન્ન થયો છે.

➢ મહર્ષિ યાસ્કાચાર્યે પોતાના 'નિરુકત' નામના ગ્રંથમાં 'પુરાણ' ની વ્યુત્પત્તિ આ પ્રમાણે આપી છે—**'पुराणं कस्मात् ? पुरा नवं भवति ।'**[૫] અર્થાત્, 'પુરાણ શા માટે કહેવાય છે ? જે પ્રાચીન હોવા છતાં પણ નવું હોય છે.'

➢ શ્રીમદભગવદગીતામાં ભગવાનની પ્રાર્થનામાં 'પુરાણ' શબ્દ આપ્યો છે— **'कविं पुराणमनुशासितारम्'** અર્થાત્, '(ભગવાન) ક્રાંતદર્શી, પુરાણ અને અનુશાસક છે'

➢ વાયુપુરાણ 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ—**'पुरा अनति ।'** એટલે કે 'જે પ્રાચીનકાળમાં જીવિત હતું, તે.'—એમ આપે છે.[૬]

➢ પદ્મપુરાણ થોડું ભિન્ન નિર્વચન આપતાં કહે છે કે— **'पुरा परंपरा वष्टि कामयते ।'** અર્થાત્, 'જે પ્રાચીનતા કે પરંપરાની કામના કરે છે, તેને 'પુરાણ' કહે છે.'[૭]

➢ બ્રહ્માંડપુરાણ આનાથી જુદી વ્યુત્પત્તિ આપે છે— **'पुरा एतद् अभूत ।'** પ્રાચીનકાળમાં આવું થયું હતું.'

➢ મત્સ્યપુરાણમાં કહ્યું છે કે—**'पुरातनस्य कल्पस्य पुराणानि विदुर्बुधाः ।'** અર્થાત્, 'પુરાતન કલ્પના છે, તેને બુદ્ધિશાળી લોકો 'પુરાણ' તરીકે ઓળખે છે.'[૮]

➢ છાંદોગ્યોપનિષદ મુજબ સનત્કુમાર પાસે બ્રહ્મવિદ્યા શીખવા આવેલા નારદે પોતે શીખેલી વિદ્યાઓને વર્ણવતાં, ઇતિહાસ—પુરાણને 'પાંચમો વેદ' તરીકે ઓળખાવે છે.[૯]

➢ ન્યાયદર્શન, ૪/૧/૬૨ પરના ભાષ્યમાં વાત્સ્યાયન પણ 'ઇતિહાસ–પુરાણ'ને 'પાંચમો વેદ' તરીકે ઓળખાવે છે.[૧૦]

➢ ભાગવતપુરાણ પણ આ જ બાબતને અનુસરતાં, ઇતિહાસ–પુરાણને 'પાંચમો વેદ' તરીકે ઓળખાવે છે.[૧૧]

➢ મહાભારતકાર, "ઇતિહાસ અને પુરાણોની સહાયતાથી જ વેદોના અર્થનો વિસ્તાર અને સમર્થન કરવું જોઈએ." એમ કહે છે.[૧૨]

➢ ઇતિહાસ–પુરાણને વેદોનાં 'ઉપાંગ' પણ કહેવામાં આવ્યાં છે. 'સીતોપનિષદ' ના આ વિધાન પરથી 'પુરાણ' નું મંત્ર–બ્રાહ્મણાત્મક વેદથી પૃથકત્વ સિદ્ધ થાય છે.[૧૩]

➢ શ્રી બલદેવ ઉપાધ્યાયના મતે–" 'પુરાણ' શબ્દ ઋગ્વેદમાં બાર કરતાં પણ વધારે સ્થાનો પર મળે છે અને તેનો અર્થ 'પ્રાચીન/પૂર્વકાળમાં બનનારી ઘટના' થાય છે."[૧૪]

➢ સ્વામી શ્રીનિશ્ચલાનંદ સરસ્વતીનું આ અંગેનું વિધાન પણ નોંધનીય છેઃ

**“ ‘पुराण’ शब्द का अर्थ पुरातन या प्राचीन है । मन्त्र-ब्राह्मणात्मक वेद अनादि, अपौरुषेय हैं । श्रीव्यासादिविरचित पुराण अर्थतः अनादि होते हुए भी पौरुषेय हैं । प्रजापति पितामह को सर्वप्रथम पुराणों का स्मरण हुआ, पुनः वेदों का । इस प्रकार वेदों की अभिव्यक्ति की अपेक्षा पुराणों की अभिव्यक्ति पुरातन होने के कारण पुराण को ‘पुराण’ कहा गया है ।”**[૧૫]

આ સમગ્ર વ્યુત્પત્તિઓનું તાત્પર્ય એ છે કે, 'પુરાણ' શબ્દનો અર્થ 'પ્રાચીન' છે. તેમાં નાવિન્યનો અભાવ છે. જો કે, 'પુરાણ' શબ્દ ખાસ કરીને મહર્ષિ વ્યાસકૃત 'અઢાર પુરાણો' એ અર્થમાં રૂઢ થઈ ગયો હોવાથી, 'પુરાણ' શબ્દ સાંભળતાં જ વ્યાસકૃત અઢાર પુરાણોનું સ્મરણ થઈ આવે. છે. આ બધી વ્યુત્પત્તિઓને આધારે એમ પણ સ્પષ્ટ થાય છે કે, પુરાણનો વર્ણ્યવિષય પ્રાચીનકાળ સાથે સંકળાયેલ છે. જો કે, પુરાણ પ્રાચીન હોવા છતાં કાલાન્તરે ઉત્પન્ન થતાં પરિવર્તનોને તે પોતાનામાં આત્મસાત્ કરી લે છે. ઉપર્યુકત વ્યુત્પત્તિઓમાં આપવામાં આવેલી 'પુરાણ' શબ્દની વિવિધ અર્થછાયાઓમાંથી નીચેની ચાર બાબતો ફલિત થાય છે–

(૧) જે જૂની વાતોને નવી કરે, તે.

(૨) જે જૂની વાતોને જીવિત રાખે, તે.

(૩) જે જૂના કાળમાં હતું, તેની માહિતી પૂરી પાડે, તે અને

(૪) જે જૂની વાતોને ઈચ્છે (આવકારે), તે.

આમ, 'પુરાણ' શબ્દનો અર્થ 'પ્રાચીન' એવો થાય છે. વ્યુત્પત્તિથી જોઈએ તો પણ જેમાં નૂતનતાનો ભાવ નથી એટલે કે પુરાતન છે, તે. આમ, 'પુરાણ' શબ્દનો અર્થ કોઈપણ વ્યકિતને તેની વ્યુત્પત્તિ દ્વારા જ એકદમ સરળતાથી પ્રાપ્ત થઈ જાય છે.

આ ઉપરાંત, વાયુપુરાણને મહાભારતકારે 'વંશાવળી આપનાર પુરાણ' તરીકે ઓળખાવ્યું છે. કૌટિલ્ય તેના 'અર્થશાસ્ત્ર'માં **'पौराणिकः'** નો ઉલ્લેખ કરે છે. રામાયણમાં પણ સુમંતને **'पुराणज्ञ'** તથા **'पुराणोक्तः'** તરીકે ઓળખાવેલ છે. ગૌતમધર્મશાસ્ત્રમાં 'બહુશ્રુત'ની વ્યાખ્યા આપતાં નોંધ્યું છે કે, ' જે વ્યકિત વેદ, વેદાંગ ઉપરાંત ઇતિહાસ–પુરાણમાં પણ કુશળ હોય, તે 'બહુશ્રુત' છે.' તો 'વ્યાસશ્રુતિ' માં કેવળ વેદ અને વેદાંગની મીમાંસા કરનાર જ નહીં, પરંતુ ઇતિહાસ–પુરાણને ધ્યાનમાં રાખીને મીમાંસા કરનારને વેદપારંગત કહી શકાય, એમ કહ્યું છે. 'યાજ્ઞવલ્ક્યશ્રુતિ'માં ચૌદ વિદ્યામાં 'પુરાણ'ને પણ સ્થાન આપવામાં આવ્યું છે.'શુક્રનીતિ'માં કહ્યું છે કે, "જે વ્યકિત સાહિત્ય, સંગીત, સર્ગાદિને જાણે, તેને 'પૌરાણિક' કહેવાય." મનુને મતે પિતૃકર્મ કરતી વખતે પુરાણનું શ્રવણ કરાવવું જોઈએ. માર્કણ્ડેયપુરાણ વેદ અને પુરાણને મત્સ્યપુરાણની જેમ બ્રહ્માના મુખમાંથી આવિર્ભાવ પામેલાં ગણાવે છે. બાણભટ્ટ પોતાની કૃતિ 'હર્ષચરિત'માં શ્લેષથી વાયુપુરાણનાં અને પુરાણનાં કેટલાંક લક્ષણોનો નિર્દેશ કરે છે.

આમ, 'પુરાણ' શબ્દનાં વિવિધ અર્થઘટનો થયેલાં છે, પરંતુ તેમાં રહેલો પ્રાચીનતાનો ભાવ પ્રત્યેક અર્થમાં તેની સાથે જ રહ્યો છે.

******

## ૧.૩, પુરાણનાં લક્ષણો :

'પુરાણ' શબ્દ સામાન્ય રીતે 'પ્રાચીન' ના અર્થમાં પ્રયોજાય છે. પરંતુ જયારે એક સાહિત્યિક સ્વરૂપ તરીકે તેનો ઉલ્લેખ થાય ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રશ્નો જાગે કે, 'પુરાણ એટલે શું ?', 'તેમાં કયા અને કેવા વિષયો નિરૂપાયા છે?' વગેરે. પુરાણનાં લક્ષણોની બાબતમાં જુદા–જુદા મતો પ્રાપ્ત થાય છે. પુરાણનાં મહાપુરાણાદિ અનેક ભેદો પણ પાડવામાં આવ્યા છે. સ્મૃતિસાહિત્યના એક ભાગ તરીકે પણ પુરાણની ગણના થાય છે. 'પુરાણ'નાં પાંચ લક્ષણો પ્રસિદ્ધ છે. આ અંગેનો એક શ્લોક વિષ્ણુપુરાણમાં પ્રાપ્ત થાય છે.[૧૬] દેવીભાગવતમાં પણ એવા જ અર્થનો એક શ્લોક આપવામાં આવ્યો છે.[૧૭] તેમજ અન્ય પર્યાય શબ્દ વગર જ સ્પષ્ટ લક્ષણો દર્શાવતો શ્લોક 'અમરકોશ' માં પણ જોવા મળે છે.[૧૮] આ ઉપરાંત, માર્કણ્ડેયપુરાણ–૧૩૪/૧૩, અગ્નિપુરાણ–૧/૧૪, ભવિષ્યપુરાણ–૨/૫, બ્રહ્મવૈવર્તપુરાણ–૧૩૩/૬, વરાહપુરાણ–૨/૪, સ્કન્દપુરાણ– (પ્રભાસખંડ)૨/૮૪, કૂર્મપુરાણ–(પૂર્વાર્ધ)૧/૧/૨, મત્સ્યપુરાણ–૫૩/૬૪, ગરુડપુરાણ–(આચારકાંડ)૨/૨૮, બ્રહ્માંડપુરાણ–(પ્રક્રિયાપાદ)૧/૩૮, શિવપુરાણ–(વાયવીયસંહિતા) ૧/૪૧ વગેરેમાં પણ પુરાણનાં પાંચ લક્ષણો દર્શાવવામાં આવ્યાં છે. એ પાંચ લક્ષણોને દર્શાવતો પ્રસિદ્ધ શ્લોક આ પ્રમાણે છેઃ

**“सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।**
**वंशानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ।।”**

અર્થાત્, (૧) સર્ગ, (૨) પ્રતિસર્ગ, (૩) વંશ, (૪) મન્વંતર અને (૫) વંશાનુચરિત– આ પાંચને પુરાણનાં પ્રધાન લક્ષણો માનવામાં આવે છે.

હવે આપણે આ બધાંની વિગતે ચર્ચા કરીએ.

**(૧) સર્ગ :**

'સર્ગ' શબ્દ **‘सृज्’** (ઉત્પન્ન કરવું) ધાતુ ઉપરથી બનેલું નામ છે. સર્ગ એટલે સૃષ્ટિ કે જગતની ઉત્પત્તિ. જગત તેમજ તેના વિવિધ પદાર્થોની ઉત્પત્તિ એટલે કે સૃષ્ટિને 'સર્ગ' કહે છે. પ્રકૃતિ તથા માયાને અહીં એકરૂપે, પર્યાયરૂપે બતાવેલ છે. શ્રીમદભાગવતપુરાણ(૧૨/૭/૧૧) માં 'સર્ગ'નું લક્ષણ આપતાં કહ્યું છેઃ– **‘भूतमात्रेन्द्रियार्थानां सम्भवः सर्ग उच्यते ।।’’**. પુરાણોનું સૃષ્ટિ–વર્ણન મોટેભાગે સાંખ્યની સાથે ઘણું સામ્ય ધરાવે છે. તફાવત માત્ર એટલો જ છે કે, પુરાણોમાં પ્રકૃતિને સ્વતંત્ર tkv તરીકે સ્થાન નથી. તેને ઈશ્વરને આધીન બતાવવામાં આવી છે. સર્ગ–સૃષ્ટિ દશ પ્રકારની છે અને તેને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે–

**(ક) પ્રાકૃતસર્ગ:** પ્રકૃતિ કે પ્રધાનમાંથી થતી ક્રમિક ઉત્પત્તિને પ્રાકૃતસર્ગ કહેવામાં આવે છે. આ પ્રાકૃતસર્ગ છ પ્રકારનો છે–(૧) મહત્–સર્ગ, (૨) અહંકારસર્ગ, (૩) ભૂતસર્ગ, (૪) ઈન્દ્રિયસર્ગ, (૫) વૈકારિકસર્ગ અને (૬)તામસસર્ગ.

**(ખ) વૈકૃતસર્ગ :** આ સર્ગ ત્રણ પ્રકારનો છે–
(૧) સ્થાવરસર્ગ (વનસ્પતિ, ઔષધિ, લતા, વૃક્ષ વગેરે), (૨) તિર્યક્સર્ગ (જળચર, જળસ્થળચર, ભૂચર, ખેચર વગેરે અઠ્ઠાવીસ પ્રકારનો મનાય છે.) અને (૩) મનુષ્યસર્ગ (તેમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણોની અધિકતા હોય છે.)

**(ગ) પ્રાકૃતવૈકૃતસર્ગ:** આ સૃષ્ટિ આઠ પ્રકારની છે. દેવતાઓ, અસુરો, પિતૃઓ, ગંધર્વો, અપ્સરાઓ, યક્ષો અને રાક્ષસો, ચારણો, ભૂત–પ્રેત, પિચાશો, સિદ્ધો, વિદ્યાધરો અને કિન્નરો, માનસી સૃષ્ટિ વગેરેનો આ પ્રકારના સર્ગમાં સમાવેશ થાય છે.

**(૨) પ્રતિસર્ગ :**

'પ્રતિસર્ગ' માટે વિષ્ણુપુરાણમાં 'પ્રતિસંચર' શબ્દ પ્રયોજાયો છે.[૧૯] 'સર્ગથી વિપરિત તે પ્રતિસર્ગ અર્થાત્ પ્રલય. શ્રીમદભાગવતપરાણ (૩/૧૦/૧૪)માં આને માટે 'પ્રતિસંક્રમ' શબ્દ પ્રાપ્ત થાય છે. આ 'પ્રતિસંક્રમ'ના કાલ, ગુણ અને દ્રવ્યના આધારે ત્રણ પ્રકારો પણ ત્યાં દર્શાવ્યા છેઃ (**काल-द्रव्य-गुणैरस्य त्रिविधः प्रतिसंक्रमः ।**). આ બ્રહ્માંડમાં સ્વભાવથી જ પ્રલય થાય છે. પુરાણમાં અલ્પ, કલ્પ અને મન્વન્તરનું વર્ણન મળે છે. આ વર્ણન પ્રસંગે 'પ્રતિસર્ગ'નું લક્ષણ ઉપલબ્ધ થાય છે. જે સૃષ્ટિ વિસ્તરેલી છે, તે સૃષ્ટિને ક્રમશઃ સંકેલી લેવામાં આવે છે. આ પ્રતિસર્ગ માટે શ્રીમદભાગવતપુરાણ, ૧૨/૭/૯માં 'વિસર્ગ' શબ્દ પણ પ્રાપ્ત થાય છે. સર્ગનાં તkવોનું વિકસિતરૂપ એ 'વિસર્ગ' છે. પરંતુ મહદંશે પ્રતિસર્ગનો અર્થ 'પ્રલય' જ સ્વીકારવામાં આવ્યો છે. શ્રીમદભાગવતપુરાણના દ્વિતીય તથા દ્વાદશ સ્કંધમાં આપવામાં આવેલાં પુરાણનાં દશ લક્ષણોમાંથી આ 'પ્રતિસર્ગ'ની સાથે સામ્ય ધરાવતું લક્ષણ 'સંસ્થા' છે અને એના ત્યાં ચાર પ્રકારો દર્શાવ્યા છે,[૨૦] જે વિગતે આ પ્રમાણે છે–

**(ક) નૈમિત્તિકપ્રલયઃ** નૈમિત્તિકપ્રલય અર્થાત્ કોઈ નિમિત્તને લીધે થનારો પ્રલય. આ પ્રલયના પણ બે પેટા ભેદ છે– (૧) આંશિક અને (૨) પૂર્ણ. શ્રીમદભાગવત–પુરાણમાં નૈમિત્તિકપ્રલયનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે, તે મુજબ– એક હજાર ચતુર્યુગીનો બ્રહ્માનો એક દિવસ થાય છે. આ દિવસને 'કલ્પ' પણ કહે છે. એક કલ્પમાં ચૌદ મનુઓ હોય છે. કલ્પના અંતે એટલા જ સમયનો પ્રલય રહે છે. પ્રલયને બ્રહ્માની રાત્રી પણ કહે છે. તે સમયે આ ત્રણેય લોક જળમાં લીન થઈ જાય છે. આ સ્થિતિને જ પ્રલય કહેવામાં આવે છે. આ નૈમિત્તિક પ્રલય છે.

**(ખ) પ્રાકૃતિકપ્રલય :** પ્રાકૃતિકપ્રલય એટલે પ્રકૃતિમાંથી ઉદ્ભવેલાં અન્યાન્ય તkવોનું પુનઃ પ્રકૃતિમાં લીન થઈ જવું. આમાં પ્રલયનું નિમિત્ત ઉપસ્થિત થવાથી પંચભૂતોના મિશ્રણથી બનેલું બ્રહ્માંડ પોતાના સ્થૂળરૂપને છોડીને કારણરૂપમાં સ્થિત થઈ જાય છે.

**(ગ) નિત્યપ્રલય :** આ સૃષ્ટિમાં બ્રહ્માથી માંડીને તણખલાં સુધીનાં જેટલાં પ્રાણી કે

પદાર્થ છે, તેઓ દરેક ક્ષણે ઉત્પત્તિ અને નાશ પામે છે. આવી રીતે હમેશાં ઉત્પત્તિ અને પ્રલય થતાં રહેતાં હોવાથી આ પ્રલય 'નિત્યપ્રલય' કહેવાય છે. આ નિત્યપ્રલયના પણ બે ભેદ છે–

(૧) જગતમાં જે નિરંતર ક્ષય થઈ રહ્યો છે, તે નિત્યપ્રલયનું રૂપ છે.

(૨) નિદ્રાના સમયે જ્યારે સમગ્ર સૃષ્ટિ અજ્ઞાનમાં વિલીન થઈ જાય છે ત્યારે કોઈપણ વિશેષ ભાવનો અનુભવ થતો નથી.

**(ઘ) આત્યન્તિકપ્રલય :** જીવના સ્વરૂપનો જ્ઞાનથી થતો ભગવાનમાં લય, તે આત્યંતિક લય કહેવાય છે. આ પ્રલયમાં પુનર્ભવ વગેરેની સંભાવના હોતી નથી અને હમેશાંને માટે આ લય હોય છે. અન્ય શબ્દોમાં કહીએ તો ઉપાધિરહિત થઈને નિરુપાધિક, વિશુ ચૈતન્યરૂપ થવું, તે આત્યંતિક લય છે. આ પ્રલયને 'મોક્ષ' પણ કહે છે.

**(૩) <u>વંશ:</u>**

શ્રીમદભાગવતપુરાણ(૧૨/૭/૧૬)માં આ લક્ષણને સમજાવતાં કહ્યું છેઃ **'राज्ञां ब्रह्मप्रसूतानां वंशस्त्रैकालिकोऽन्वयः ।।''** અર્થાત્, ''બ્રહ્મા દ્વારા ઉત્પન્ન રાજાઓની ભૂત, ભાવિ અને વર્તમાન કુળ– પરંપરાને 'વંશ' કહે છે.'' જો કે, આ લક્ષણને માત્ર રાજાઓના વંશો પૂરતું જ સીમિત રાખવું યોગ્ય નથી. કેમકે, અન્ય પુરાણોમાં રાજવંશ ઉપરાંત ઋષિઓની વંશ–પરંપરાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે (જેમકે, મત્સ્યપુરાણના અધ્યાય ૧૯૫ થી ૨૦૨ વગેરે). પૌરાણિક સાહિત્યમાં નિર્દિષ્ટ રાજવંશો જેવા કે, સૂર્યવંશ, ચન્દ્રવંશ, સ્વાયંભુવવંશ, ભવિષ્યવંશ, માનવેતરવંશ(વાનર, રાક્ષસાદિ), તે માંહેના મુખ્ય બે વંશો સૂર્યવંશ અને ચન્દ્રવંશનું વર્ણન લગભગ બધાં જ પુરાણોમાં પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત, સપ્તર્ષિઓના વંશો, અગ્નિવંશ વગેરે વંશોનાં વર્ણનો પણ મળી આવે છે.

**(૪) <u>મન્વન્તર :</u>**

પુરાણ અનુસાર સૃષ્ટિનાં વિભિન્ન કાળ–ખંડોના પ્રમાણને આ શબ્દ દર્શાવે છે. મન્વન્તર એટલે મનુ+અંતર, એક મનુથી બીજા મનુ સુધીનો સમય. આદિ પુરુષ મનુ પછી પૃથ્વી ઉપર મનુ નામના અનેક રાજાઓનો પ્રાદુર્ભાવ થયો. જેમણે પોત–પોતાના નામથી નવા–નવા મન્વન્તરોને પ્રવર્તાવ્યાં.

બ્રહ્માના એક દિવસ અને રાતને 'કલ્પ' કહે છે. તેમાં બ્રહ્માના એક દિવસના ચૌદ ભાગ પાડવામાં આવે છે. તે દરેકને 'મન્વંતર' કહેવામાં આવે છે. મનુ, દેવતા, મનુપુત્ર, ઈન્દ્ર, ઋષિ અને ભગવાનના અંશાવતાર, આ છ પ્રકારની ઘટનાના ઉલ્લેખને 'મન્વન્તર' કહે છે.[૨૧]

પુરાણો પ્રમાણે, આમાંથી દરેક મન્વન્તરના કાળમાં સૃષ્ટિનું નિયંત્રણ કરનાર મનુ જુદા–જુદા હોય છે. તેથી તે–તેનાં નામ ઉપરથી તે–તે મન્વન્તરોનાં નામો પાડવામાં આવ્યાં છે. આવાં મન્વન્તરોની સંખ્યા ચૌદ માનવામાં આવે છે. આ બધાં મન્વન્તરોના ક્રમિક અધિપતિ–મનુઓનાં નામો આ પ્રમાણે છેઃ

(૧) સ્વાયંભુવ મનુ, (૨) સ્વારોચિષ મનુ, (૩) ઉત્તમ, (૪) તામસ, (૫) રૈવત, (૬) ચાક્ષુસ, (૭) વૈવસ્વત, (૮) સાવર્ણિ, (૯) દક્ષ સાવર્ણિ, (૧૦) બ્રહ્મ સાવર્ણિ, (૧૧) ધર્મ સાવર્ણિ, (૧૨) રુદ્ર સાવર્ણિ, (૧૩) દેવ સાવર્ણિ અને (૧૪) ઇન્દ્ર સાવર્ણિ મનુ.

આ ચૌદ મન્વન્તરો પૈકી છ મન્વન્તર વીતી ચૂકયા છે. હાલમાં સાતમું મન્વન્તર ચાલે છે. વર્તમાન મનુ વૈવસ્વત છે. એ વિવસ્વાન્ (સૂર્ય)ના પુત્ર હોવાથી આ નામે ઓળખાય છે. હવે પછી બીજા સાત મન્વન્તરો થશે. આ ચૌદ મન્વન્તરોના અધિપતિ મનુઓનાં નામ વિભિન્ન પુરાણોમાં પ્રાપ્ત થાય છે. આમાં સ્વાયંભુવથી સાવર્ણિ સુધી પહેલાં આઠ મનુનાં નામો વિષે બધાં જ પુરાણો ઐકય ધરાવે છે, પરંતુ નવથી ચૌદ સુધીનાં મનુઓનાં નામોમાં વિવિધ પાઠભેદ મળી આવે છે.

**(૫) <u>વંશાનુચરિત</u> :–**

વિભિન્ન વંશોમાં ઉત્પન્ન થનાર વિશિષ્ટ વ્યકિતઓનાં ચરિત્ર–વર્ણનને 'વંશાનુચરિત' કહે છે. પુરાણનું આ પાંચમું લક્ષણ મહત્ત્વનું છે. પુરાણો દ્વારા આપણને વંશાનુચરિતનું જ્ઞાન થાય છે. વંશવર્ણન દ્વારા તેમાં જન્મેલા મુખ્ય રાજાઓનાં તેમજ ઋષિઓનાં ચરિત્રોનું વર્ણન પ્રાપ્ત થાય છે. ભાગવતપુરાણમાં વંશાનુચરિતને આ પ્રમાણે સમજાવેલ છેઃ **''वंशानुचरितं तेषां वृत्तं वंशधराश्च ये ।''**[૨૨]

આ પ્રમાણે, પુરાણનાં ઉપરોકત મુખ્ય પાંચ લક્ષણો મનાયાં છે. જો કે, રાજનીતિશાસ્ત્રમાં પુરાણનાં જુદાં જ પાંચ લક્ષણોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. કૌટિલ્યકૃત અર્થશાસ્ત્ર–૧/૫ પરની જયમંગલા ટીકામાં કોઈક પ્રાચીન ગ્રંથમાંથી આ મુજબનો શ્લોક ઉદ્ધૃત કરવામાં આવ્યો છેઃ

**''सृष्टि - प्रवृत्ति - संहार - धर्म - मोक्षप्रयोजनम् ।**
**ब्रह्मभिर्विविधैः प्रोक्तं पुराणं पञ्चलक्षणम् ।।''**– જે 'પુરાણપંચલક્ષણ' અંગે કંઈક જુદો જ સંકેત દર્શાવે છે. પુરાણોનાં લક્ષણો અંગેની કોઈક ભિન્ન માન્યતાનાં અહીં સ્પષ્ટ દર્શન થાય છે. આ શ્લોકમાં નિર્દિષ્ટ સૃષ્ટિ, પ્રવૃત્તિ, સંહારાદિ લક્ષણો કોઈ વિશેષ તથ્ય રજૂ નથી કરતાં, પરંતુ અહીં પ્રાપ્ત થતું 'ધર્મ' નામનું લક્ષણ ઘણું જ વિશિષ્ટ અને જુદું પડે છે. આ અંગે પંડિત રાજેશ્વર શાસ્ત્રીનો મત છે કે– **'' ध्यान देने की बात है कि धर्म पुराण का एक अविभाज्य लक्षण स्वीकार किया गया है । इसका तात्पर्य यह है कि मूल रूप से पुराण में धार्मिक विषयों का सन्निवेश अभिष्ट था ।''**[૨૩]

પુરાણો મૂલતઃ તો ધાર્મિક સાહિત્ય જ છે, તેથી તેમાં ધર્મનો સંનિવેશ હોવો સ્પષ્ટ જ છે અને વ્રત, કર્મ, શ્રાદ્ધાદિ વિષયોના માધ્યમથી પુરાણોમાં પ્રસ્તુત ધર્મનું વિસ્તૃત નિરૂપણ પણ આ બાબતને વધારે સ્પષ્ટ કરે છે. અતિ પ્રાચીન

સમયમાં પુરાણો તત્કાલીન ધર્મનાં સ્વરૂપને પ્રસ્તુત કરવાનું માધ્યમ હતું, એ બાબત આનાથી જાણી શકાય છે. જયમંગલાકારે ઉદ્ધૃત કરેલ ઉપરોકત શ્લોકનો રચયિતા પણ એ જ યુગનો હોવો જોઈએ. એ, એ યુગ હશે કે, જયારે પુરાણોનાં અત્યારે પ્રસિદ્ધ 'પંચલક્ષણ' રૂઢ નહીં થયાં હોય.

પુરાણોનાં પાંચ લક્ષણોની સાથે–સાથે કેટલીક જગ્યાએ દસ લક્ષણો પણ વર્ણવાયેલાં છે. શ્રીમદભાગવતપુરાણમાં ૨/૧૦/૧–૭ તથા ૧૨/૭/૮ થી અધ્યાયાંત સુધી, એમ બે સ્થાને તેમજ બ્રહ્મવૈવર્તપુરાણ[૨૪]માં પુરાણોનાં દસ લક્ષણોની ચર્ચા કરવામાં આવી છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં તો આ દસ લક્ષણો મહાપુરાણનાં અને પાંચ લક્ષણો ક્ષુલ્લક પુરાણનાં હોવાનું પણ કહ્યું છે. શ્રીમદભાગવતપુરાણમાં બે સ્થાનોએ પ્રાપ્ત થતાં દસ–દસ લક્ષણો પણ એકસરખાં નથી. દ્વિતીય સ્કંધમાં આ દસ લક્ષણો એ પ્રમાણે આપવામાં આવ્યાં છે.

**“अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।**
**मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ।।”**[૨૫]

અર્થાત્, (૧) સર્ગ, (૨) વિસર્ગ, (૩) સ્થાન, (૪) પોષણ, (૫) ઊતિ, (૬) મન્વન્તર, (૭) ઈશાનુકથા, (૮) નિરોધ (૯) મુકિત અને (૧૦) આશ્રય.

જયારે શ્રીમદભાગવતપુરાણના બારમા સ્કંધમાં દશ લક્ષણોની ચર્ચા, આ પ્રમાણે કરવામાં આવી છે–

**“सर्गश्चाथ विसर्गश्च वृत्ति रक्षान्तराणि च ।**
**वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः ।।”**[૨૬]

(૧) સર્ગ, (૨) વિસર્ગ, (૩) વૃત્તિ, (૪) રક્ષા, (૫) અન્તરાણિ, (૬) વંશ, (૭) વંશાનુચરિત, (૮) સંસ્થા, (૯) હેતુ અને (૧૦) અપાશ્રય.

આ બધાં લક્ષણોને ક્રમશઃ વિગતે આ પ્રમાણે દર્શાવી શકાય–

**➢શ્રીમદભાગવતપુરાણ, દ્વિતીય સ્કંધ પ્રમાણે :**

**(૧) સર્ગ:** પુરાણોનાં પાંચ લક્ષણોમાં દર્શાવેલ 'સર્ગ' ની સાથે આ લક્ષણ સંપૂર્ણ સામ્ય ધરાવે છે. અહીં પણ 'સર્ગ' નો અર્થ 'સૃષ્ટિ' જ થાય છે. 'ઋગ્વેદ'ના એક મંત્રમાં આ જ અર્થમાં સૃષ્ટિ શબ્દ મળી આવે છે.[૨૭]

**(૨) વિસર્ગ:** વિરાટપુરુષ વગેરેથી જે સૃષ્ટિનો વિસ્તાર થાય છે, તેને 'વિસર્ગ' કહે છે. શ્રીમદભગવદગીતામાં આ વિસર્ગની વ્યાખ્યા મળી આવે છે.[૨૮]

**(૩) સ્થાન:** ભાગવતપુરાણમાં આની વ્યાખ્યા–"(ભગવાન) વૈકુંઠનો વિજય, તે સ્થિતિ છે."એમ આપવામાં આવી છે.[૨૯]

**(૪) પોષણ:** ઈશ્વરનો અનુગ્રહ કે દયા.[30] આચાર્ય બલદેવ ઉપાધ્યાયના મતે–

**“भागवत का यह ‘पोषण’ तत्त्व शाक्ततन्त्र के ‘शक्तिपात’ का प्रतिनिधि माना जा सकता है । यह वैदिक तत्त्व है, इसमें किसी**

**प्रकार का सन्देह नहीं किया जा सकता ।''** [31] પુષ્ટિસંપ્રદાયના પ્રવર્તક વલ્લભાચાર્યે પોતાના સંપ્રદાયનું નામ 'પુષ્ટિસંપ્રદાય' આ લક્ષણના આધારે જ રાખી હોવાથી શ્રીમદભાગવતપુરાણના સંદર્ભે આ લક્ષણ વધારે ઉપયુકત ગણી શકાય.

**(૫) ઊતિઃ** આનો શાબ્દિક અર્થ 'સંરક્ષણ' કે 'ઉપભોગ' થાય છે. શ્રીમદભાગવતકારે આની વ્યાખ્યા–**''ऊतयः कर्मवासनाः ।''** એમ આપી છે.[32] શ્રીમદભાગવતપુરાણના ટીકાકાર શ્રીધર સ્વામીએ આને સમજાવતાં લખ્યું છે કે– **''कर्मणां वासनाः वेञ् तन्तुसंचाने । ऊयन्ते कर्मभिः संतन्यन्त इत्यूतयः । ऊयन्ते कर्मभिर्बृह्यन्ते संश्लिष्यन्त इति वा ऊतय इत्यर्थः ।''**[33] આમ, 'ઊતિ' કર્મોનું બંધન છે. જીવ કર્મોનો ઉપભોગ કરે છે. અને તેથી કર્મોનાં બંધનોથી જકડાઈને જન્મ–મરણના ફેરામાં અટવાતો રહે છે.

**(૬) મન્વન્તરઃ** મન્વન્તરનો અર્થ અહીં ભાગવતકારે 'સદ્ધર્મ' આપ્યો છે.[34] મન્વન્તર સમયનું એક વિશિષ્ટ રૂપ છે, તેથી 'સમયનો ધર્મ' એવો અર્થ પણ અહીં દર્શાવી શકાય.

**(૭) ઈશાનુકથાઃ** ભગવાન અને તેના ભકતોની ચરિત્રકથાઓનું શ્રવણ–કીર્તન, તે 'ઈશાનુકથા' છે. શ્રીમદભાગવતપુરાણમાં આની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે–

**''अवतारानुचरितं हरेश्चास्यानुवर्तिनाम् ।**
**सतामीशकथा प्रोक्ता नानाख्यानोपबृंहिता ।।''**[35]

અર્થાત્, '' હરિના અવતારો અને એમનું અનુસરણ કરનારાં સજજનોનાં વિવિધ આખ્યાનોથી યુકત ચરિત્રોની કથાને 'ઈશાનુકથા' કહેવામાં આવે છે.''

**(૮) નિરોધઃ** શ્રીમદભાગવતપુરાણકાર આ લક્ષણને સમજાવતાં કહે છે કે– '' (આ) આત્માનું પોતાની બધી જ શકિતઓ સાથેનું અનુશયન તે 'નિરોધ' છે.''[36] અન્ય રીતે પણ આ શબ્દને ''આત્માની શકિતથી વિષયો વચ્ચે પણ વિષયોનો નિરોધ કરી શકે, તેવાં જીવનચરિત્રો કહેવાં.''–એમ સમજાવી શકાય. આ લક્ષણ અંગે આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું વિધાન છે કે–**''जब आत्मा अपनी शक्तियों के साथ सो जाता है, तब सारे जगत् का निरोध अर्थात् प्रलय हो जाता है। पञ्चलक्षण में 'प्रतिसर्ग' का यह प्रतिनिधि लक्षण है ।''**[37]

**(૯) મુકિતઃ** આત્માની પોતાના ખરાં સ્વરૂપમાં થતી સ્થિતિને 'મુકિત' કહે છે. જયારે જીવ પોતાના અન્યથા રૂપને છોડીને સ્વ–રૂપમાં અવસ્થિત થઈ જાય છે, એ સ્થિતિને 'મુકિત' કહે છે.[38] સંસારાવસ્થામાં જીવ પોતાને દેહ અને ઇન્દ્રિયોની સાથે જોડીને, પોતાને પણ તદ્રૂપ માનવા લાગે છે. પરંતુ જ્ઞાનનો ઉદય થતાં, તે પોતાનાં અસલ સ્વરૂપને ઓળખે છે અને બધા જ પ્રકારના ભ્રમોમાંથી મુકત થઈને પોતાના યથાર્થ સચ્ચિદાનંદ રૂપમાં અવસ્થિત થઈ જાય છે.

**(૧૦) આશ્રયઃ** જે તત્ત્વથી સૃષ્ટિ તથા પ્રલય પ્રકાશિત થાય છે, તે 'આશ્રય' છે.

શાસ્ત્રોમાં તેને જ પરબ્રહ્મ કે પરમાત્મા કહે છે.[૩૯] આ પરમાત્મા જ બધાનો અધિષ્ઠાનરૂપ આશ્રય છે. તેનો અન્ય કોઈ આશ્રય નથી. પોતાનો આશ્રય, તે સ્વયં પોતે જ છે. ભગવાન શ્રીવિષ્ણુનાં સહસ્ર નામોમાં એક નામ 'આશ્રય' આ કારણે જ આપવામાં આવેલ છે.

## ➢શ્રીમદભાગવતપુરાણ, દ્વાદશ સ્કંધ પ્રમાણે :

**(૧) સર્ગ :** આગળ પંચલક્ષણોમાં દર્શાવ્યાં પ્રમાણે, આ લક્ષણનું સ્વરૂપ પંચલક્ષણો અને દશલક્ષણોમાં લગભગ સમાન જ છે. આનું સ્વરૂપ દર્શાવતાં અહીં કહ્યું છે કે,–

**“अव्याकृतगुणक्षोभात् महतस्त्रिवृतोऽहमः ।**
**भूतमात्रेन्द्रियार्थानां सम्भवः सर्ग उच्यते ।।”**[૪૦]

**(૨) વિસર્ગ :** જીવ–સૃષ્ટિ, પરમેશ્વરના અનુગ્રહથી બ્રહ્મા સૃષ્ટિ રચવાનું સામર્થ્ય મેળવીને પૂર્વકર્મો અને સારી તેમજ ખરાબ વાસનાઓના આધારે, જે શરીરરૂપી ઉપાધિથી યુકત વિશિષ્ટ જીવનું સર્જન કરે છે, તેને 'વિસર્ગ' કહેવામાં આવે છે. દેવી ભાગવતપુરાણના નવમા સ્કંધના ત્રીજા અધ્યાયમાં પણ આનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ લક્ષણને ભાગવતપુરાણકાર, અહીં આ પ્રમાણે સ્પષ્ટ કરે છેઃ

**“पुरुषानुगृहीतानामेतेषां वासनामयः ।**
**विसर्गोऽयं समाहारो बीजाद् बीजं चराचरम् ।।”**[૪૧]

**(૩) વૃત્તિ :** જીવોની જીવન– યાપનની વૃત્તિને જ અહીં લક્ષ્ય બનાવવામાં આવેલ છે. કેટલીક વૃત્તિઓને મનુષ્ય પોતાના સ્વભાવને આધારે નિશ્ચિત કરે છે, તો કેટલીકને તે ધર્મ કે શાસ્ત્રને આધારે ગ્રહણ કરે છે. પરંતુ બંનેનો ઉદ્દેશ તો એક માત્ર જ છે અને તે માનવજીવનનું ધારણ તથા સંરક્ષણનો છે. શ્રીમદભાગવતકાર આને વર્ણવતાં લખે છે –

**“वृत्तिर्भूतानि भूजानां चराणामचराणि च ।**
**कृता स्वेन नृणां तत्र कामाच्चोदनयापि वा ।।”**[૪૨]

**(૪) રક્ષા :** આ લક્ષણ ભગવાના અવતારોની સાથે સંબદ્ધ છે. તે (ભગવાન) જુદા જુદા યુગમાં જુદાં જુદાં અનેક રૂપોમાં અવતાર ધારણ કરે છે. આ અવતારો દ્વારા તે વેદ, ધર્માદિની રક્ષા કરે છે. દુષ્ટોનો નાશ કરે છે અને સજજનોનું પરિત્રાણ કરે છે. આ બાબતને જ અહીં સમાવવામાં આવી છે. શ્રીમદભાગવતપુરાણકાર આ લક્ષણનું સ્વરૂપ દર્શાવતાં નોંધે છે–

**“रक्षाच्युतावतारेहा विश्वस्यानु युगे युगे ।**
**तिर्यङ्-मर्त्यर्षि-देवेषु हन्यन्ते यैस्त्रयीद्विषः ।।”**[૪૩]

**(૫) અન્તરાણિ :** આગળ વર્ણવેલ 'મન્વન્તર' પ્રમાણે.

**(૬) વંશ :** આગળ 'પંચલક્ષણ'માં વર્ણવ્યા મુજબ.

**(૭) વંશાનુચરિત :** 'પંચલક્ષણ' માં દર્શાવ્યા અનુસાર.

**(૮) સંસ્થા :** આ લક્ષણનો અર્થ 'પંચલક્ષણ'માં કહેલ 'પ્રતિસર્ગ' જેવો જ થાય છે. અહીં આ 'પ્રતિસર્ગ' કે 'સંસ્થા'ને ચાર પ્રકારોમાં વિભાજિત કરેલ છે.[૪૪]
**(૯) હેતુ :** અવિદ્યાને લીધે કર્મ કરતો અને તેથી જ આ જગતની ઉત્પત્તિનું નિમિત્ત જે જીવ છે, તેને જ અહીં 'હેતુ' કહેલ છે. તે જીવને કેટલાક મતવાદીઓ (ચૈતન્યની પ્રધાનતાથી) 'અનુશયી' કહે છે અને બીજાઓ (ઉપાધિના મુખ્યપણાથી) 'અવ્યાકૃત' કહે છે.[૪૫]
**(૧૦) અપાશ્રય :** જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ– એ ત્રણ અવસ્થાઓમાં જીવપણે વર્તતા માયામય વિશ્વ, તૈજસ્ તથા પ્રાજ્ઞ વિષે સાક્ષીપણાથી જેનો અન્વય છે અને સમાધિ વગેરેમાં જેનો વ્યતિરેક છે; તેવા જે બ્રહ્મ, તે 'અપાશ્રય' કહેવાય છે.[૪૬] આ દસમા લક્ષણની વિશુદ્ધિ માટે જ મહાત્માઓ નવ લક્ષણોનું કથન કરે છે.[૪૭]

શ્રીમદભાગવતપુરાણમાં બે સ્થાનોએ આપેલાં પુરાણનાં દસ લક્ષણોમાં આપણે જોઈ શકીએ છીએ કે, માત્ર નામભેદ જ છે, અર્થની દષ્ટિએ કોઈ વિશેષ ભેદ નથી. અન્ય પુરાણોમાં જે સર્ગાદિ પાંચલક્ષણો દર્શાવવામાં આવ્યાં છે, એને જ શ્રીમદભાગવતપુરાણ અને બ્રહ્મવૈવર્તપુરાણે વિસ્તૃત કરીને દસની સંખ્યામાં પ્રસ્તુત કર્યાં છે. 'દસ લક્ષણવાળા પુરાણને મહાપુરાણ અને પાંચલક્ષણવાળા પુરાણને ઉપપુરાણ કહેવામાં આવે છે.'[૪૮] એવું શ્રીમદભાગવતપુરાણનું કથન માત્ર સ્વગતોક્તિ જ કહી શકાય. કેમકે, એમ માનવાથી તો માત્ર શ્રીમદભાગવતપુરાણ અને બ્રહ્મવૈવર્તપુરાણ જ મહાપુરાણોની કોટિમાં આવશે, અન્ય તમામ પુરાણો ઉપપુરાણ જ કહેવાશે. આમ થવાથી તો કયાંક અતિવ્યાપ્તિ થશે અને કયાંક અવ્યાપ્તિનો દોષ આવશે. અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ જેવા ત્રણ દોષોથી રહિત હોય, તેને જ 'લક્ષણ' કહેવામાં આવે છે. પુરાણોમાં વિષ્ણુ, મત્સ્ય, સ્કંદ, કૂર્માદિ પુરાણોમાં દસ લક્ષણોની વાત સ્પષ્ટપણે નહીં કહેવાયેલી હોવા છતાં એ બધી બાબતો એમાં આવી જ જાય છે. આથી એ દષ્ટિએ એને ઉપપુરાણો નહીં જ કહી શકાય. એ જ રીતે શ્રીમદભાગવતપુરાણ અને વિષ્ણુપુરાણમાં ઘણું જ સામ્ય છે. બંનેના વિષયો લગભગ સમાન જ છે, આવી સ્થિતિમાં વિષ્ણુપુરાણને ઉપપુરાણ કેમ કહી શકાય?

વસ્તુતઃ પુરાણનાં પાંચ લક્ષણોમાં દસ લક્ષણોનો અંતર્ભાવ થઈ જ જાય છે. આ બાબતને આ પ્રમાણે દર્શાવી શકાય–

| **<u>પંચલક્ષણો</u>** | **<u>દસલક્ષણો</u>** |
|---|---|
| (૧) સર્ગ | સર્ગ, વિસર્ગ, હેતુ, ઊતિ, આશ્રય, અપાશ્રય. |
| (૨) પ્રતિસર્ગ | સંસ્થા, નિરોધ |
| (૩) મન્વન્તર | અન્તરાણિ |
| (૪) અને(૫) વંશ અને વંશાનુચરિત | વંશ, વૃત્તિ, સ્થાન, રક્ષા, પોષણ, ઈશાનુકથા. |

આથી એવો નિષ્કર્ષ તારવી શકાય કે, પંચલક્ષણાત્મકતા જ વાસ્તવમાં પુરાણોની મુખ્ય પરિભાષા અને સ્વરૂપ છે. જો કે, ખરેખર તો આ પાંચ લક્ષણોના વર્ણનનું પણ એકમાત્ર લક્ષ્ય પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષરૂપે 'ઈશ્વર–તkવનું નિરૂપણ' જ છે. કેમકે, બધાં જ પુરાણોએ તેને જ 'અંતિમ સત્ય' તરીકે સ્વીકારેલ છે. તેને જ કયાંક વિષ્ણુ, કયાંક કૃષ્ણ, કયાંક શિવ તો કયાંક દેવી તરીકે પ્રસ્તુત કરેલ છે. વિષ્ણુપુરાણે તો સ્પષ્ટપણે કહ્યું છે કે– '' આ જગત વિષ્ણુથી ઉત્પન્ન થયું છે, તે (વિષ્ણુ)માં જ સ્થિત છે, તે (વિષ્ણુ) જ એની સ્થિતિ અને લયના કર્તા છે તથા આ જગત પણ તે જ છે.''[૪૯] શ્રીમદભાગવતપુરાણકારે પણ બારમા સ્કંધમાં વર્ણવેલ દસ લક્ષણો માંહેના એક 'આશ્રય' વિશે કહ્યું છે કે– ''આ (આશ્રય– પરબ્રહ્મ– પરમાત્મા)ના જ સ્વરૂપ–પરિજ્ઞાન માટે જ અન્ય નવ (લક્ષણો)ને કહ્યાં છે.''[૫૦] સ્કન્દપુરાણનું પણ કથન છે કે– ''વેદાદિ શાસ્ત્રો, રામાયણ, મહાભારત અને પુરાણોમાં આદિ, મધ્ય તથા અંતમાં અર્થાત્, સર્વત્ર હરિનું જ ગુણગાન રહેલું છે.''[૫૧] આથી એ સ્પષ્ટ થઈ જાય છે કે, મુખ્ય તથા અવાન્તરરૂપે 'ભગવત્–ચર્ચા' જ પુરાણોનો એકમાત્ર પ્રતિપાદ્ય વિષય છે. આખ્યાનો, ઉપાખ્યાનો તથા ગાથાઓ દ્વારા પુરાણોમાં એ જ પરમ પ્રભુના મહિમાનું ગાન કરવામાં આવ્યું છે.

******

## ૧:૪, પુરાણોની સંખ્યા

પુરાણ બાબતે એક વિચાર જરૂર ઉઠે છે, કે પુરાણની સંખ્યા અઢાર જ કેમ? સંખ્યા તો નિર્માતાની ઈચ્છા પર હોય, ભગવાન વ્યાસે અઢાર પુરાણ બનાવવાનું ઉચિત માન્યું. ચારવેદ, ચાર ઉપવેદ, છ વેદાંગ, પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્રએ અઢાર વિદ્યા સુપ્રસિદ્ધ છે. વિદ્યાઓની ગણતરીમાં અઢાર સંખ્યા જ લેવાય છે. ધર્મશાસ્ત્રમાં સ્મૃતિઓ અઢાર છે, પુરાણો અઢાર છે, ઉપપુરાણો અઢાર છે, શ્રીમદભાગવતપુરાણના શ્લોકો અઢાર છે, મહાભારતના પર્વો અઢાર છે અને શ્રીમદભગવદગીતાના અધ્યાયો પણ અઢાર છે. આ રીતે અઢારની સંખ્યાનો આવો આગ્રહ માત્ર સ્વૈચ્છાથી જ રાખેલો છે, એમ ન કહી શકાય. તેની પાછળ જરૂર કોઈ ગૂઢ રહસ્ય છૂપાયેલું હોવું જોઈએ. આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું કથન છે કે–**“विद्वानों की मान्यता है कि यह पुराणसंख्या निर्हेतुक न होकर सहेतुक है- साभिप्राय है ।”**[પર]

પ્રાચીન ગ્રંથકર્તાઓ અને વ્યાખ્યાકારોએ આ અઢારની સંખ્યામાં રહેલાં કેટલાંક રહસ્યોને સ્પષ્ટ કર્યાં છે, તેને નીચે પ્રમાણે દર્શાવી શકાય–

**(૧)** માનવશરીરમાં કાર્ય કરનારાં tkવો અઢાર છે–પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ મહાભૂત, મન, બુદ્ધિ અને અહંકાર. આ અઢાર tkવો દ્વારા આત્મા બધા ભોગ ભોગવે છે. પાપ કરવાનાં દ્વારો અઢાર છે તો પાપની નિવૃત્તિ માટેના ઉપાયો પણ અઢાર છે.

**(૨)** દાર્શનિકો ગંભીરતાપૂર્વક પ્રતિપાદિત કરે છે કે, આત્મા અઢારરૂપે વિભકત થઈ કામ કરે છે. તેના દ્વારા કરવામાં આવેલાં કર્મોની નિવૃત્તિ માટે પણ અઢાર સાધનો છે.

**(૩)** પુરાણોના કહેવા પ્રમાણે સંપૂર્ણ ભૂમંડલ અઢાર ભાગમાં વહેંચાયેલું છે. પ્રાચીન ગ્રંથોમાં અઢાર દ્વીપોનાં નામો ઘણાં સ્થાનોએ મળે છે. કાલિદાસ કાર્તવીર્ય સહસ્રાર્જુનના વર્ણનના પ્રસંગે **‘अष्टादशद्वीप निखातयूपः’** નો ઉલ્લેખ કરે છે. જયારે શ્રીહર્ષે 'નૈષધચરિત'[પ૩]માં રાજા નલની અઢાર વિદ્યાઓ જાણે અઢાર દ્વીપની વિજયલક્ષ્મી સાથે સ્પર્ધા કરતી હોય, તેમ દર્શાવ્યું છે.

**(૪)** શતપથબ્રાહ્મણમાં 'સંવત્સર' અંગે કહ્યું છે કે–" મહિનાઓની સંખ્યા બાર છે, ઋતુઓની સંખ્યા પાંચ છે, આ સત્તર tkવો એક સંવત્સરમાંથી ઉત્પન્ન થાય છે."[પ૪] આમ, બધું મળીને કુલ અઢારની સંખ્યા થાય છે. આનો અન્ય પુરાવો પણ પ્રાપ્ત થાય છે. 'શતપથબ્રાહ્મણ'માં અહીં 'સંવત્સર'ને **‘प्रतूर्ति’** કહેલ છે. અને આ **‘प्रतूर्ति’** માટે 'યજુર્વેદ' નું વિધાન છે–**“प्रतूर्तिरष्टादशः”**[પપ] આ બાબત પણ પુરાણોની અઢારની સંખ્યા હોવામાં કારણ હોઈ શકે છે.

**(૫)** પુરાણો મુખ્યત્વે પુરાણપુરુષ–પરમાત્માનું જ પ્રતિપાદન કરનારા ગ્રંથો છે. પુરાણોનું એકમાત્ર લક્ષણ આપવું હોય તો– 'પરમાત્માનું ગુણાનુકિર્તન કરનારા

તે અઢાર પ્રકારનો હોય છે. આ અઢારેય પ્રકારના આત્માનું અર્થાત્, પરમાત્મા—પુરાણપુરુષનું પ્રતિપાદન કરતાં હોવાથી, પુરાણો પણ અઢાર પ્રકારનાં માનવામાં આવ્યાં છે. મૂલતઃ તો પુરાણ એક જ – **'शतकोटिप्रविस्तरम्'** હોવાના અનેક ઉલ્લેખો મળે જ છે.

પુરાણોની સંખ્યા અઢાર માનવામાં આવી છે. આ અઢાર પુરાણોનાં નામો પ્રાયઃ પ્રત્યેક પુરાણમાં પ્રાપ્ત થાય છે. 'દેવીભાગવત'માં આદ્ય અક્ષરનાં નિર્દેશથી અષ્ટાદશ પુરાણોનાં નામોનો ઉલ્લેખ અનુષ્ટુપ છંદમાં કરવામાં આવેલો છે.[૫૬] મહાભારતમાં પણ પુરાણની અઢાર સંખ્યા હોવાના ઉલ્લેખો મળી આવે છે.[૫૭] રાજશેખર પોતાના 'બાલભારત'માં વાલ્મીકિના મુખથી વ્યાસને **'अष्टादशपुराणसारसंग्रहकारिन्'** એ રીતે સંબોધન કરે છે. વિષ્ણુપુરાણ[૫૮] અને શ્રીમદભાગવતપુરાણ[૫૯] વગેરેમાં પણ આ અઢાર પુરાણોની સંખ્યાનો નિર્દેશ છે. તેમજ લગભગ આ જ ક્રમ અને નામો અન્ય પુરાણોમાં પણ ઉપલબ્ધ છે. આ નામો આ પ્રમાણે છે—

(૧) બ્રહ્મપુરાણ, (૨) પદ્મપુરાણ, (૩) વિષ્ણુપુરાણ, (૪) શિવ (કે વાયુ)પુરાણ, (૫) શ્રીમદભાગવતપુરાણ, (૬) નારદીયપુરાણ, (૭) માર્કણ્ડેયપુરાણ, (૮) અગ્નિપુરાણ, (૯) ભવિષ્યપુરાણ, (૧૦) બ્રહ્મ–વૈવર્તપુરાણ, (૧૧) લિંગપુરાણ, (૧૨) વરાહપુરાણ, (૧૩) સ્કન્દપુરાણ, (૧૪) વામનપુરાણ, (૧૫) કૂર્મપુરાણ,(૧૬) મત્સ્યપુરાણ, (૧૭) ગરુડપુરાણ અને (૧૮) બ્રહ્માંડપુરાણ.

અઢાર પુરાણોનો એક ક્રમ નિયત થયેલો છે. આ રીતે ક્રમને નિયત કરવા પાછળ કોઈ રહસ્યમય કારણ હોઈ શકે છે. જો પુરાણોનું મનન કરવામાં આવે તો આ બાબત સ્પષ્ટ થઈ શકે છે. પુરાણોનો એક મહkવનો પ્રતિપાદ્ય વિષય 'સૃષ્ટિવર્ણન' છે. દરેક પુરાણમાં સૃષ્ટિનું એક વિશિષ્ટ ચિત્ર રજૂ થયું છે. પુરાણોના ઉપર્યુકત ક્રમને નજર સમક્ષ રાખીને, એ દરેક ચિત્રને મૂલવવામાં આવે તો એક સળંગ વિષય આપણી સામે ઉપસ્થિત થાય છે. આ બાબતને પ્રત્યેક પુરાણના સંદર્ભે વિસ્તારથી જોઈએ તો—

**(૧) બ્રહ્મપુરાણ :** સર્વ પ્રથમ માનવમસ્તિષ્કમાં એક વિચાર ઉત્પન્ન થાય છે કે, 'આ સંપૂર્ણ દશ્યમાન જગત કોણે બનાવ્યું?' આનો ઉત્તર બ્રહ્મપુરાણ આપે છે. બ્રહ્માના સ્વરૂપનું પૂર્ણ વર્ણન અને તેના દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ, એ આ પુરાણનો વિશિષ્ટ વિષય છે.

**(૨) પદ્મપુરાણ :** બ્રહ્મા કયાંથી આવ્યા? કોણે બનાવ્યા? આ જિજ્ઞાસાની તૃપ્તિ આ પુરાણ કરે છે. આમાં બ્રહ્માના ઉત્પાદક તથા આધારભૂત પદ્મનું સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે.

**(૩) વિષ્ણુપુરાણ :** જેના થકી બ્રહ્મા 'પદ્મભૂ' તરીકે ઓળખાય છે, તે પદ્મ કયાંથી આવ્યું? તે શંકાના નિવારણ રૂપે વિષ્ણુપુરાણ વિષ્ણુના સ્વરૂપનું નિરૂપણ કરી

તેની નાભિમાંથી પદ્મની ઉત્પત્તિ બતાવે છે.

**(૪) વાયુપુરાણ :** એ પદ્મ જેની નાભિમાંથી ઉત્પન્ન થયું છે, તે વિષ્ણુ ક્યાં વિરાજમાન થઈને રહે છે? તેના ઉત્તરરૂપે વાયુપુરાણ તેના આધારરૂપ સહસ્ર મસ્તકવાળા શેષનાગના સ્વરૂપનું વર્ણન કરે છે.

**(૫) શ્રીમદભાગવતપુરાણ :** શેષનાગ કોના આધારે ટકે છે? તેના સમાધાન રૂપે આ પુરાણ સમુદ્રનું વર્ણન પ્રસ્તુત કરે છે.

**(૬) નારદપુરાણ :** સંસારથી સંબદ્ધ અને છતાં સંસારથી અલિપ્ત થઈને ભગવાન પાસે રહેતાં નારદનું પૂર્ણ વિવરણ આ પુરાણમાં રજૂ થયેલું છે.

આ રીતે, આ છ પુરાણોમાં સૃષ્ટિની ઉત્પત્તિના મૂળને સમજાવવામાં આવેલ છે. આ ઉપરાંત–

**(૭) માર્કણ્ડેયપુરાણ :** પ્રકૃતિ જ સમસ્ત બ્રહ્માંડનું ભૂળ તkવ છે, એ બાબતને આ પુરાણ સ્પષ્ટ કરી આપે છે.

**(૮) અગ્નિપુરાણ :** આ પુરાણમાં અગ્નિને મૂળતkવ કહેલ છે.

**(૯) ભવિષ્યપુરાણ :** આ પુરાણ 'સૌરપુરાણ'ના નામથી પણ પ્રસિદ્ધ છે. આમાં સૂર્યને મૂળતkવ તરીકે દર્શાવવામાં આવેલ છે.

**(૧૦) બ્રહ્મવૈવર્તપુરાણ :** મૂળ સિદ્ધાંતને સ્થિર બનાવતાં મૂળતkવ તરીકે બ્રહ્મા છે અને તેનાથી જ આ જગત રહેલું છે, એવું પ્રતિપાદન આ પુરાણનું છે. જ્યાં કારણનો કોઈ વિકાર ન હોય તો પણ કાર્યની પ્રતીતિ થાય, તેને વિવર્ત કહે છે. અહીં પણ સૃષ્ટિના કારણરૂપ બ્રહ્મામાંથી સૃષ્ટિનું સર્જન થતું હોવા છતાં એ પોતે વિકૃત થતાં નથી અને છતાં એનાં કાર્યરૂપ જગતની પ્રતીતિ થાય છે. વાસ્તવમાં જગત મિથ્યા જ છે, એ પ્રકારના વિવર્તને આ પુરાણ વર્ણવે છે.

**(૧૧) લિંગપુરાણ :** જગતની સ્થૂળતાનું કારણ આ પુરાણમાં નિરૂપાય છે. સાંખ્યમાં બધા વ્યકત પદાર્થોને 'લિંગ' કહે છે. ન્યાયશાસ્ત્રમાં અનુમાનના હેતુને 'લિંગ' કહે છે. **'लीनं गमयतीति लिङ्गं ।'** અર્થાત્, 'જે અજ્ઞાત વસ્તુનું જ્ઞાન કરાવે, તેને 'લિંગ' કહે છે. આ રીતે અવ્યકતમાંથી વ્યકત થવું, તે જ સ્થૂળતા છે. અથવા તો અવ્યકત–પ્રકૃતિમાં લીન તkવો જ જગતની સ્થૂળતાનું કારણ બને છે. એ બાબતને આ પુરાણ નિરૂપે છે.

**(૧૨) વરાહપુરાણ :** જ્યારે અવ્યકતમાંથી વ્યકત પદાર્થ પ્રસૂત થાય છે, ત્યારે તેનો પિંડ કઈ રીતે બંધાય છે, તેનું વર્ણન આ પુરાણ કરે છે. વરાહનો એક અર્થ 'વાયુ' પણ થાય છે– **'वृणोति च अहनोति च वराहः ।'** અર્થાત્, 'ચારેબાજુથી જે વ્યાપ્ત કરે છે, તે 'વરાહ'. વાયુ પણ બધા પદાર્થોને ચારેબાજુથી વ્યાપીને રહે છે, તેથી તે પણ વરાહ જ છે. વાયુના કારણે, બ્રહ્માંડમાં જે પાંચ પ્રકારનાં મંડલો બને છે, એનું વર્ણન વાયુપુરાણ કરે છે.

**(૧૩) સ્કન્દપુરાણ :** વરાહ એટલે વાયુ અને વાયુ એ અગ્નિવિશેષ છે. આ અગ્નિના પાંચ પ્રકાર છે– સંવત્સરાગ્નિ, વૈશ્વાનરાગ્નિ, કુમારાગ્નિ, ચિત્યાગ્નિ

અને પાશુકાગ્નિ. આ બધામાં મધ્યમ કુમારાગ્નિને પ્રધાન માની પૃથ્વી, શરીરો વગેરેના પ્રારંભનો બોધ કરાવનાર આ તેરમું સ્કન્દપુરાણ છે. કુમારનું અન્ય નામ પણ સ્કન્દ જ છે. કુમારાગ્નિ સૃષ્ટિનું મહkવનું તkવ છે અને એનું બોધક સ્કન્દપુરાણ છે.

**(૧૪) વામનપુરાણ :** કુમારાગ્નિ પોતાના સ્થાનમાં ફેલાય છે. તેની આ ક્રિયાને 'વિક્રમણ' કહે છે. વિક્રમણ ત્રણ હોય છે. વામનપુરાણ આ ત્રણેય વિક્રમણનું નિરૂપણ કરે છે. આ પુરાણમાં વિષ્ણુ વામનરૂપે પોતાનાં ત્રણ પગલાંથી પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોકને માપી લે છે. આ બાબત કુમારાગ્નિના ત્રણ વિક્રમણને સૂચવે છે.

**(૧૫) કૂર્મપુરાણ :** પુરાણોમાં પ્રજાપતિ કશ્યપથી બધાં જ પ્રાણીઓની ઉત્પત્તિ બતાવી છે. કશ્યપનું બીજું નામ કૂર્મ છે. કૂર્મ અર્થાત્, **'यदकरोत तत् कूर्मः।'** તેણે (કશ્યપે) જ પ્રજાની ઉત્પત્તિ કરી એટલે તે 'કૂર્મ' કહેવાયો.

**(૧૬) મત્સ્યપુરાણ :** સૂર્યમંડલના કાન્તિવૃત્તમાં ત્રણ ઋષિ કહેવાયા છેઃ વસિષ્ઠ, મત્સ્ય અને અગત્સ્ય. આ ત્રણેય ઋષિ સૃષ્ટિના વિકાસમાં પૂર્ણરૂપે સહાયક બને છે. આમાં મધ્યમાં રહેલ મત્સ્યઋષિ કેન્દ્રસ્થાને છે. આ મત્સ્યનું નિરૂપણ કરનાર પુરાણ, તે મત્સ્યપુરાણ.

**(૧૭) ગરુડપુરાણ :** આ સૃષ્ટિનું સાંગોપાંગ નિરૂપણ થઈ ગયાં પછી તેની લોકાન્તર ગતિના કયા પ્રકારો છે, તેનો વિષય આ સત્તરમા ગરુડપુરાણમાં નિરૂપાયો છે.

**(૧૮) બ્રહ્માંડપુરાણ :** આ લોક—લોકોત્તરોનો કેટલો વિસ્તાર છે, તે આ અઢારમું બ્રહ્માંડપુરાણ સ્પષ્ટ કરે છે.

આ રીતે, બ્રહ્મથી આરંભીને બ્રહ્માંડ સુધીના ક્રમિક વિષયોને વ્યાસે અઢાર પુરાણોના માધ્યમથી વિસ્તૃતપણે સ્પષ્ટ કરેલ છે. બ્રહ્મથી માંડીને બ્રહ્માંડ સુધીના જ્ઞાનને જ સૃષ્ટિવિદ્યા કહે છે અને આ 'સૃષ્ટિવિદ્યાનું જ ક્રમિક નિરૂપણ પુરાણોમાં થયેલું છે.

******

## ૧:૫, પુરાણોનું વર્ગીકરણ :

સામાન્ય રીતે પુરાણોની સંખ્યા અઢાર માનવામાં આવે છે અને 'પુરાણ' એવું નામ પણ આ અઢાર પુરાણોના સંદર્ભે જ પ્રચલિત છે. પરંતુ પ્રાપ્ત થતાં પુરાણોની સંખ્યા એ કરતાં ઘણી જ વધારે છે, તેથી સ્વાભાવિક જ એ બધાં પુરાણોથી મુખ્ય પુરાણોને અલગ તારવવાં, તેને વર્ગીકૃત કરવા આવશ્યક બની જાય છે. પરંતુ આ વર્ગીકરણ કરવું કઈ રીતે? એ પણ એક પ્રાણ પ્રશ્ન બની રહે છે. કેમકે, જો તેમાં વર્ણવાયેલા વિષયોના આધારે આ વર્ગીકરણ કરવામાં આવે તો પ્રત્યેક પુરાણમાં જુદા જુદા અને વિશિષ્ટ વિષયોનું વર્ણન થયેલું હોવાથી વર્ગીકરણનો વ્યાપ પુરાણોની સંખ્યા જેટલો થઈ જવા સંભવ છે. જો તેનાં લક્ષણોના આધારે વર્ગીકરણ કરવામાં આવે તો પંચલક્ષણોને ધ્યાનમાં લેવાં કે દસ લક્ષણોને? એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ ઉપરાંત, પણ એવાં ઘણાં સાધનો કે કારણો છે, જેનાં દ્વારા પુરાણોને વર્ગીકૃત કરી શકાય છે. પરંતુ એમ કરવાં છતાં સર્વમાન્ય કહી શકાય એવું વર્ગીકરણ શકય બન્યું નથી, આથી આ મુખ્ય અઢાર પુરાણોને જુદા જુદા વિદ્વાનોએ જુદી જુદી રીતે વર્ગીકૃત કરવાનો જે પ્રયત્ન કર્યો છે, તેની થોડી ચર્ચા કરવાનો અહીં ઉપક્રમ રહેલો છે.

➢'પંચલક્ષણો'ના આધારે પુરાણોના બે વિભાગો કરવામાં આવ્યા છે– પ્રાચીન અને પ્રાચીનોત્તર. આ દૃષ્ટિએ બ્રહ્માંડ, મત્સ્ય અને વિષ્ણુ પ્રાચીન કોટિમાં આવે છે. બાકીનાં પંદર પુરાણો પ્રાચીનોત્તર વિભાગમાં આવે છે.[૬૦]

➢દેવતાઓના આધારે પણ પુરાણોનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેમકે, વિષ્ણુને લગતાં, શિવને લગતાં વગેરે. સ્કન્દપુરાણ[૬૧]માં દેવતાઓના આધારે નીચે પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું છે –

(૧) શૈવ (શિવ વિષયક પુરાણો): શિવ કે વાયુપુરાણ, ભવિષ્યપુરાણ, માર્કણ્ડેય–પુરાણ, લિંગપુરાણ, વરાહપુરાણ, સ્કન્દપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, વામનપુરાણ અને બ્રહ્માંડપુરાણ – કુલ ૧૦ પુરાણો.

(૨) વૈષ્ણવ (વિષ્ણુ વિષયક પુરાણો) : વિષ્ણુપુરાણ, શ્રીમદભાગવતપુરાણ, નારદપુરાણ અને ગરુડપુરાણ – કુલ ૪ પુરાણો.

(૩) બ્રાહ્મ (બ્રહ્મા વિષયક પુરાણો) : બ્રહ્મપુરાણ અને પદ્મપુરાણ – કુલ બે પુરાણો.

(૪) આગ્નેય (અગ્નિ વિષયક પુરાણો) : અગ્નિપુરાણ – કુલ એક પુરાણ.

(૫) સૌર (સૂર્ય વિષયક પુરાણો) : બ્રહ્મવૈવર્તપુરાણ – કુલ એક પુરાણ.

આ વર્ગીકરણમાં, જે પુરાણમાં જે દેવતાને મુખ્ય દેવતાના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવેલ હોય, તે પુરાણ તે દેવતાને લગતું પુરાણ, એમ ગણ્યું છે.

➢ મત્સ્યપુરાણે[૬૨] પુરાણોનું સાત્ત્વિક, રાજસિક અને તામસિક, એમ થોડું વિશિષ્ટ અને ત્રિવિધ વર્ગીકરણ કર્યું છે –

(૧) સાત્ત્વિક પુરાણો : વિષ્ણુપુરાણ, નારદપુરાણ, શ્રીમદભાગવતપુરાણ, ગરુડપુરાણ, પદ્મપુરાણ અને વરાહપુરાણ.

(૨) રાજસિકપુરાણો : બ્રહ્માંડપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કણ્ડેયપુરાણ, ભવિષ્યપુરાણ, વામનપુરાણ અને બ્રહ્મપુરાણ.

(૩) તામસિકપુરાણો : મત્સ્યપુરાણ, લિંગપુરાણ, કૂર્મપુરાણ, શિવપુરાણ, સ્કન્દપુરાણ અને અગ્નિપુરાણ.

➢ ગરુડપુરાણ[૬૩] આ વિભાજનનો સ્વીકાર કરીને પાછું સાત્ત્વિકપુરાણોના પણ ત્રણ પેટા વિભાગ દર્શાવે છે–

(૧) ઉત્તમ સાત્ત્વિક : વિષ્ણુપુરાણ, શ્રીમદભાગવતપુરાણ, ગરુડપુરાણ.

(૨) મધ્યમ સાત્ત્વિક : વાયુપુરાણ.

(૩) અધમ સાત્ત્વિક : મત્સ્યપુરાણ અને કૂર્મપુરાણ.

➢ સ્કન્દપુરાણ પ્રમાણે, દસ પુરાણમાં શિવની સ્તુતિ છે. ચાર પુરાણોમાં બ્રહ્માની સ્તુતિ છે. બે પુરાણોમાં દેવીનો મહિમા છે તથા બેમાં ભગવાન વિષ્ણુનો મહિમા છે.[૬૪]

તમિલગ્રંથોમાં પુરાણોના નીચેના પ્રમાણે પાંચ વર્ગ કરવામાં આવ્યા છે.[૬૫]

(૧) બ્રહ્મા :– બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ.

(૨) સૂર્ય :– બ્રહ્મવૈવર્ત

(૩) અગ્નિ :– અગ્નિ

(૪) શિવ :– શિવ, સ્કંદાદિ દશપુરાણો.

(૫) વિષ્ણુ :– નારદ, ભાગવત, ગરૂડ, વિષ્ણુપુરાણ.

ટૂંકમાં કહી શકાય કે, આ વર્ગીકરણની વિભિન્નતા તેનાં વિભિન્ન દષ્ટિકોણ પર આધારિત છે.

કેટલાંક આધુનિક વિદ્વાનોએ વિષયના આધારે પુરાણોનું વર્ગીકરણ છ પ્રકારે આપ્યું છે–[૬૬]

(૧) માનવ સમાજનાં કલ્યાણ માટે ઉપયોગી પુરાણો, જેમાં વિષ્ણુ, ગરૂડ, અગ્નિ, નારદીય આ પ્રકારનાં સાહિત્યનો વિશ્વકોશ છે તે આધ્યાત્મિક તથા ભૌતિક વિદ્યાઓને સંક્ષેપમાં પ્રસ્તુત કરે છે.

(૨) બીજા પ્રકારમાં મુખ્યતઃ તીર્થો તથા વ્રતોનું વર્ણન કરતાં પુરાણો છે. જેમાં પદ્મ, સ્કંદ અને ભવિષ્યપુરાણની ગણના થાય છે.

(૩) આ વર્ગમાં બ્રહ્મ, બ્રહ્મવૈવર્ત અને શ્રીમદભાગવતનો સમાવેશ થાય છે. જેનાં

અનેક સંસ્કરણો થયાં છે અને આગળ–પાછળ ઘણાં ઉમેરણો થયાં છે.

(૪) ચોથા વર્ગમાં ઐતિહાસિક પુરાણોનો સમાવેશ થાય છે. જેમાં વાયુ અને બ્રહ્માંડપુરાણ આવે છે.

(૫) પાંચમા વર્ગમાં સાંપ્રદાયિક પુરાણો આવે છે. જેમાં લિંગ, વામન અને માર્કંડેયપુરાણ આવે છે.

(૬) છઠ્ઠા વર્ગમાં વરાહ, કૂર્મ અને મત્સ્યપુરાણની ગણના થાય છે. કે જેમાં પાઠમાં પરિવર્તન થવાથી કે સંશોધન થવાથી મૂળ પાઠ જ સંદિગ્ધ બન્યો છે.

પુરાણોનું ઉપર્યુકત વર્ગીકરણ સામાન્ય દશામાં જ જોવાનું છે. પુરાણોનું કોઈપણ વર્ગીકરણ યથાર્થ નથી અને એવું થઈ શકે પણ નહીં. કારણ કે, આ સંસારમાં દરેકની દૃષ્ટિ ભિન્ન–ભિન્ન છે. આમ છતાં, સર્વપુરાણો ભારતીય સંસ્કૃતિના પારિભાષિક જ્ઞાન જેવાં છે. તેઓ સર્વ શાસ્ત્રોના સારરૂપ તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં પ્રદાયક છે. સર્વ પુરાણો ઈષ્ટદેવની ભકિતનાં આગ્રહી હોવાં છતાં અન્ય દેવોને ભેદબુદ્ધિથી જોતાં નથી અથવા તો તેની નિંદા કરતાં નથી. સર્વે પુરાણો સદાચારનાં આગ્રહી છે. પુરાણોમાં પ્રતિપાદિત વિશાળ જ્ઞાનથી એમ લાગે છે કે, પુરાણો સંસારસાગરને તરી જવાની ઈશ્વર–પ્રદત નૌકાઓ છે. પુરાણોમાં જ્ઞાન, કર્મ, ભકિતનાં મહkત્વપૂર્ણ વર્ણનોની સાથે સાથે જીવનના બધા દૃષ્ટિકોણોનું વર્ણન જોવા મળે છે. સંસારના ત્રિવિધ તાપથી દુઃખી જનોને સાંત્વના, અજ્ઞાનીઓને પ્રકાશ, રાહ ભૂલેલાને સન્માર્ગ, નિરાશાવાદીઓને દિવ્યજ્ઞાનરૂપી અમૃત પુરાણો આપે છે. સંસારની સર્વ સમસ્યાઓને સરળ ઉપાયોથી દૂર કરવાનું સાધન પુરાણો છે. તે વેદવ્યાસની કૃપાનું ફળ અને ભવરોગની અદ્‌ભુત ઔષધિ છે.

******

## ૧:૬, પુરાણોની પ્રાચીનતા :

'પુરાણ' શબ્દ પોતે જ પ્રાચીનતાનો સૂચક છે. પરંતુ એ શબ્દનો જે અર્થ આપણે વ્યુત્પત્તિઓ દ્વારા જોયો છે, એ અર્થમાં પણ પ્રાચીન સાહિત્યમાં ઉલ્લેખાયેલો મળી આવે છે. આપણે ક્રમશઃ પ્રાચીનતમ સાહિત્યનાં સ્તરો સંહિતા, બ્રાહ્મણ તથા ઉપનિષદો તરફ નજર નાખીએ તો પુરાણની પ્રાચીનતા માલુમ પડે છે. જેમકે–

**(૧) ઋગ્વેદ :–**

ઋગ્વેદમાં 'પુરાણ' શબ્દનો પ્રયોગ અનેક મંત્રોમાં મળી આવે છે.[૬૭] જે મહદંશે 'પ્રાચીનતા'નો અર્થ દર્શાવે છે. એકાદ ઠેકાણે **'पुरापी'** શબ્દ ગાથાના વિશેષણ તરીકે યોજવામાં આવ્યો છે. આથી ફલિત થાય છે કે, આ ગ્રંથ એવી કેટલીક ગાથાઓ છે કે, જેનો ઉદય પ્રાચીનકાળમાં થયો હતો.

**(૨) અથર્વવેદ :–**

અથર્વવેદમાં 'પુરાણ' શબ્દ ઈતિહાસ, ગાથા તથા નારાશંસી શબ્દો સાથે પ્રયોજાયેલો મળી આવે છે. આ વેદમાં પુરાણનો ઉદ્ભવ 'ઉચ્છિષ્ટ' નામક બ્રહ્મમાંથી બતાવેલ છે. નીચેનો મંત્ર નોંધપાત્ર છે–

**“ऋचः सामानि छन्दांसि पुराणं यजुषा सह ।**
**उच्छिष्टाज्जज्ञिरे सर्वे दिवि देवा दिविश्रिताः ।।”**

અર્થાત્, ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદની સાથે પુરાણો પણ તે ઉચ્છિષ્ટમાંથી– યજ્ઞના અવશેષોમાંથી અથવા જગત પર શાસન કરતા યજ્ઞમય પરમાત્મામાંથી ઉત્પન્ન થયાં અને દ્યુલોકમાં નિવાસ કરનારા દેવો પણ તેમાંથી જ ઉત્પન્ન થયાં છે.''[૬૮]

અથર્વવેદની દષ્ટિએ ઈતિહાસ અને પુરાણ ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદનાં સમકક્ષ છે.[૬૯] ઈતિહાસ, ગાથા તથા નારાશંસીની સાથે કરવામાં આવેલો 'પુરાણ' શબ્દપ્રયોગ સૂચવે છે કે, તે સાહિત્યિક સ્વરૂપે પહેલાનાં જેવાં જ હતાં.[૭૦]

**“येत आसीद् भूमिः पूर्वा यामद्धा तय इद् विदुः ।**
**यो वै तां विद्यान्नामथा स मन्येत पुराणवित् ।।”**

।।” –આના પરથી લાગે છે કે, અથર્વવેદમાં પુરાણ–સાહિત્ય તથા પુરાણવેત્તાઓનું અસ્તિત્વ હતું.[૭૧]

**(૩) બ્રાહ્મણગ્રંથો :–**

બ્રાહ્મણગ્રંથોમાં શતપથબ્રાહ્મણનાં ઉદ્ધરણો વિશેષ મહkત્વનાં છે. એ ગ્રંથમાં અનેક સ્થાનોએ પુરાણ વિષયક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જેમકે–

**“मध्वाहुतयो ह वा एता देवानाम् । यदनुशासनानि विद्या वाकोवाक्यमितिहास पुराणं गाथा नाराशंसस्यः। य एवं विद्वान् अनुशासनानि विद्यावाकोवाक्यमितिहासपुराणं गाथा नाराशंसीरित्यहरहः स्वाध्यायमधीते ।**

**मध्वाहुतिभिरेव तद्देवांस्तर्पयति ।''**[७२]

અહીં બતાવે છે કે– "અનુશાસન, વિદ્યા, ઈતિહાસ–પુરાણ, ગાથા તથા નારાશંસીના સ્વાધ્યાયથી વેદોને મધુપૂર્ણ આહુતિઓ પ્રાપ્ત થાય છે. આ સ્વાધ્યાય કરનાર વિદ્વાન દેવોને તૃપ્ત કરે છે."

તેમજ,

**''ऋग्वेदो यजुर्वेदो सामवेदोऽथर्वाङ्गिरस इतिहासपुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राणि अनुव्याख्यानानि व्याख्यानानि वाचैव सम्राट् प्रजायते ।''**[(७३)]

અર્થાત્, "ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગિરસ, ઈતિહાસપુરાણ, વિદ્યા, ઉપનિષદ, શ્લોક, સૂત્ર, અનુવ્યાખ્યાન તથા વ્યાખ્યાન વાણી (વાઙ્મય) છે. વાણીથી જ સમ્રાટ થાય છે."

આ ઉપરાંત, શતપથબ્રાહ્મણ, ૧૧/૫/૭/૯ તથા ૧૩/૪/૩/૧૨ વગેરેમાં પુરાણ વિષયક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

ગોપથબ્રાહ્મણ માને છે કે, કલ્પ, રહસ્યબ્રાહ્મણ, ઈતિહાસ, ઉપનિષદ, અન્વાખ્યાન તથા પુરાણોની સાથે બધા વેદોનું નિર્માણ થયું હતું–

**''एवमिमे सर्वे वेदा निर्मिताः सफल्याः सरहस्याः सब्राह्मणाः सोपनिषत्काः सेतिहासाः सान्वाख्याताः सपुराणाः ।''**[७४]

અહીં માલુમ પડે છે કે, આ ગ્રંથ ઈતિહાસ તથા પુરાણને અલગ અલગ વિદ્યાઓ તરીકે ઓળખે છે. તદુપરાંત, ગોપથબ્રાહ્મણ, પૂર્વભાગ, ૧/૧૦માં પણ ઈતિહાસ તથા પુરાણને સ્વતંત્ર અને અલગ અલગ વેદના રૂપમાં ઉદ્ભવ્યા હોવાનું દર્શાવે છે. એમ લાગે છે કે, તે યુગમાં બન્નેનું અલગપણું નિશ્ચિત થઈ ગયું હશે. શતપથબ્રાહ્મણમાં 'ઈતિહાસપુરાણ' સાથે જ પ્રયુકત થયેલા જોવા મળે છે. તેનાથી તે બન્નેનું વિષય–ઐકય સિદ્ધ થાય છે. પરંતુ આગળ જતાં તે બન્ને અલગ અલગ ગ્રંથનાં રૂપમાં વિભાજિત થઈ ગયાં હશે.

**(૪) આરણ્યકો તથા ઉપનિષદો :–**

શ્રૌતસાહિત્યના આ વિભાગમાં પણ પુરાણ તથા ઈતિહાસનું અસ્તિત્વ સાબિત થાય છે. તૈત્તિરીયારણ્યકમાં કહ્યું છે કે–

**''यद् ब्राह्मणानीतिहासान् पुराणानि कल्पान् गाथा नाराशंसीर्मेदाहुतयो देवानामभवन् ।''**[७५]

અહીં પ્રાપ્ત થતાં **'पुराणानि'** શબ્દથી એમ લાગે છે કે, અહીં પુરાણમાં આવતાં આખ્યાનો બહુવચન દ્વારા અભિપ્રેત છે અથવા તો ઈતિહાસથી સ્વતંત્ર થયેલાં પુરાણોની સંખ્યાનો વ્યાપ વધ્યો હશે. બૃહદારણ્યકોપનિષદમાં તો પુરાણના ઉદ્ભવને વેદના ઉદ્ભવ જેવો બતાવવામાં આવ્યો છે. બીજી રીતે કહીએ તો અહીં વેદની પેઠે પુરાણોને પણ નિત્ય માનવામાં આવ્યાં છે. બૃહદારણ્યકોપનિષદમાં વિધાન છે કે –

**"एवं वा अरेऽस्य महतो भूतस्य निःश्वसितमेतद् यदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वांगिरस इतिहासपुराणम् ।"**[७६]

છાંદોગ્યોપનિષદમાં કહ્યું છે કે–

**"ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमाथर्वणं चतुर्थमितिहास पुराणं पंचमम्, वेदानां वेदं,........।"**[७७]

આમ, અહીં પુરાણને 'પંચમવેદ' કહીને તેનું ગૌરવગાન કરવામાં આવ્યું છે. છાંદોગ્યોપનિષદમાં અન્યત્ર પણ ઘણી જગ્યાએ 'પુરાણ'ને 'પાંચમા વેદ' તરીકે ઓળખાવેલ છે.[૭૮]

**(૫) ધર્મશાસ્ત્રીયગ્રંથો :–**

ધર્મશાસ્ત્રીયગ્રંથોમાં પણ પુરાણના અસ્તિત્વના, અધ્યયનના અને તેનાથી મળતાં પુણ્યનો સંકેત કરનારા અનેક પુરાવાઓ પ્રાપ્ત થાય છે. જેમકે –

'આશ્વલાયનગૃહ્યસૂત્ર'માં પુરાણના પઠનના ઉલ્લેખો અનેક સ્થાનોએ પ્રાપ્ત થાય છે.[૭૯] ગૌતમધર્મસૂત્ર એવું બતાવે છે કે, સામાન્ય માણસની સાથે સાથે શાસકવર્ગના લોકો માટે પણ પુરાણસાહિત્યનું જ્ઞાન જરૂરી છે –

**"स एष बहुश्रुतो भवति लोके वेद-वेदांगवित् वाक्यो-वाक्येतिहास पुराणकुशलः ।"**[८०]

'આપસ્તંબધર્મસૂત્ર'માં તો કોઈક પુરાણના બે શ્લોકોને જ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.[૮૧] જેનાથી એવું પ્રતીત થાય છે કે, આપસ્તંબધર્મસૂત્રના સમયમાં કોઈક પુરાણ અવશ્ય પ્રચલિત હશે. એટલું જ નહીં અન્યત્ર તો 'ભવિષ્યપુરાણ' નો સ્પષ્ટ નામોલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. જેમકે,–

**"आभूत-संप्लवास्ते स्वर्गजितः, पुनः सर्गे बीजार्था भवन्तीति भविष्यत्पुराणे ।"**[८२] આ ઉપરાંત, એક સ્થાને બ્રાહ્મણને મારવાના પ્રસંગના વિભિન્ન મતોને દર્શાવતાં કહ્યું છે કે,–

**"यो हिंसार्थमभिक्रान्तं हन्ति मन्युरेव मन्युं स्पृशति, न तस्मिन् दोष इति पुराणे ।"**[८३]

વ્યાસસ્મૃતિ કહે છે કે, "વેદપારગ થવા માટે ઈતિહાસ–પુરાણની મીમાંસા કે અનુશીલન આવશ્યક છે –

**"मीमांसते च यो वेदान् षड्भिरङ्गै सविस्तरैः ।**
**इतिहासपुराणानि स भवेद् वेदपारगः ।।**
**ब्राह्मण-क्षत्रिय-विशस्त्रयो वर्णा द्विजातयः ।**
**श्रुतिस्मृतिपुराणोक्तधर्मयोगस्तु नेतराः ।।"**[८४]

મનુસ્મૃતિ એવું નોંધે છે કે, તે સમયે પુરાણપાઠને વેદપાઠ જેટલો જ મહkવનો ગણવામાં આવતો–

**"स्वाध्यायं श्रावयेत पित्र्ये धर्मशास्त्राणि चैव हि ।**
**आख्यातानीतिहासांश्च पुराणानि खिलानि च ।।"**[८५]

શિષ્યને જ્ઞાન આપતાં પહેલાં તેની પરીક્ષા કરી લેવી જોઈએ. એ સંદર્ભમાં ઉશનસ્–સ્મૃતિનું વિધાન છે કે–

**"वेदं धर्मं पुराणं च तथा तत्त्वानि नित्यशः ।**
**संवत्सरोषिते शिष्ये गुरुज्ञानं विनिर्दिशेत् ।।"**[८६]

યાજ્ઞવલ્કયસ્મૃતિ પુરાણને 'વિદ્યાસ્થાન' તરીકે ગણાવે છે –

**"पुराण-न्याय-मीमांसा-धर्मशास्त्राङ्गमिश्रिताः ।**
**वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दशः ।।"**[८७]

અહીં પુરાણને વિદ્યા અને ધર્મનું સ્થાન ગણાવીને તેને વેદ જેટલું જ પવિત્ર અને ગ્રાહ્ય માનવામાં આવેલ છે. અન્યત્ર, પુરાણના પાઠથી દેવો તથા પિતૃઓની વિશેષ તૃપ્તિ થતી હોવાનું કહ્યું છે.[८८] આ ઉપરાંત પણ ઘણાં સ્થાનોએ આ સ્મૃતિમાં 'પુરાણ'ના ઉલ્લેખો મળી અવે છે.[८९]

**(૬) મહાભારત :–**

મહાભારતમાં કહ્યું છે કે, "પુરાણ, મનુસ્મૃતિ, અંગો સહિત વેદો અને ચિકિત્સાશાસ્ત્ર આ ચારેય ઈશ્વરની આજ્ઞાથી સિદ્ધ થયેલાં છે, એટલે તેમનું વર્ણન યથાર્થ અને પ્રમાણભૂત છે. કોઈપણ રીતે તર્કની મદદથી તેનું ખંડન કરવું યોગ્ય નથી."[૯૦] જયારે એક જગ્યાએ એવું પણ જોવા મળે છે કે, પુરાણોમાં અનેક દિવ્ય કથાઓ આવે છે. તેમાં વિશિષ્ટ બુદ્ધિમાનોના આદિવંશોનાં વર્ણનો પણ મળી આવે છે.[૯૧] એ ઉપરાંત, મહાભારત માને છે કે, સત્યવતીપુત્ર વ્યાસે સૌપ્રથમ અઢાર પુરાણોની રચના કરી અને ત્યારપછી મહાભારત રચ્યું.[૯૨] વ્યાસનો એવો પણ મત છે કે, ઈતિહાસ અને પુરાણ દ્વારા વેદોને સમજાવવાનો કે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ–

**"इतिहासपुराणाभ्यां वेदं समुपबृंह्यते ।"**[૯૩]

મહાભારતમાં એક સ્થાને તો 'વાયુપુરાણ'નો સ્પષ્ટ નામોલ્લેખ પણ થયેલો જોવા મળે છે.[૯૪]

**(૭) રામાયણ :–**

વાલ્મીકિરચિત રામાયણમાં પણ પુરાણ અને પુરાણવિદના નિર્દેશ મળી આવે છે. તેમાં દશરથના સારથી સુમંતને અનેક સ્થળોએ પુરાણવેત્તા તરીકે રજૂ કરવામાં આવ્યો છે– **"इत्युक्त्वान्तः पुरद्वारमाजगाम पुराणवित् ।"**[૯૫]

અહીં સુમંતને પુરાણવિદ્ તરીકે દર્શાવેલ છે. એ તો સ્પષ્ટ જ છે કે, સુમંત સૂત હતો, તેથી પુરાણો સાથે તેનો નીકટનો પરિચય હોય શકે છે. પ્રાચીન સમયમાં પુરાણો અને ગાથાઓનું ગાન આ સૂતો જ કરતા હતા. આથી વાલ્મીકિ પુરાણોથી સારીરીતે પરિચિત હતા, તેમ કહી શકાય.

**(૮) અર્થશાસ્ત્ર:–**

કૌટિલ્યે પણ પોતાના અર્થશાસ્ત્રમાં પુરાણ તથા ઈતિહાસનો અનેક સ્થળોએ નિર્દેશ કરેલો છે. અવળાં માર્ગે જતાં રાજાને રોકવા માટે ભલામણ કરતાં

અર્થશાસ્ત્ર કહે છે–

**''मुख्यैरवगृहीतं वा राजानं तत् प्रियाश्रितः ।**
**इतिवृत्तपुराणाभ्यां बोधयेदर्थशास्त्रवित् ।।''**[૯૬]

આનાથી સ્પષ્ટ છે કે, કૌટિલ્યના સમયમાં પુરાણોમાં પ્રસ્તુત સદાચાર સંબંધી વિષયોને સમાજમાં પૂરતું માન મળતું હતું. વેદના સ્વરૂપને વર્ણવતાં કૌટિલ્ય કહે છે કે–

"સામ, ઋક્ તથા યજુર્વેદને ત્રયી કહેવામાં આવે છે. આ ત્રયી અને અથર્વવેદ તેમજ ઈતિહાસનો 'વેદ'માં સમાવેશ થાય છે."[૯૭] એમ લાગે છે કે, અહીં કૌટિલ્ય પુરાણને ઈતિહાસનો એક ભાગ માને છે. પુરાણ, આખ્યાયિકા, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર આ બધાની ગણતરી ઈતિહાસમાં કરવી જોઈએ. પરંતુ અહીં એક એવી કલ્પના પણ કરી શકાય છે કે, પુરાણ ઈતિહાસથી તદ્દન જૂદું પડીને એક સ્વતંત્ર સાહિત્યના રૂપમાં પ્રતિષ્ઠિત થઈ ચૂકયું હશે, જે સમાજના સામાન્ય વર્ગમાં વધારે પ્રસિદ્ધિ ધરાવતું હશે.

પુરાણો વિશે દાર્શનિકો શું માને છે, તે અંગે શાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ કરવાથી માલુમ પડે છે કે, ઇ. સ. ની શરૂઆતથી માંડીને આઠમી સદી સુધીના વ્યાખ્યાનકારોએ પુરાણોનો નિર્દેશ કરેલો છે. આવા વ્યાખ્યાનકારો આ મુજબના છે–

(૧) શંબરસ્વામી – ઇ. સ. ૨૦૦ થી ૪૦૦ નો મધ્યભાગ
(૨) કુમારિલ – ઇ. સ. ની સાતમી સદી
(૩) શંકરાચાર્ય – ઇ. સ. ૭૦૦ આસપાસ
(૪) વિશ્વરૂપ – ઇ. સ. ૮૦૦ થી ૮૫૦

આ વિદ્વાનોએ પુરાણનો નામ–નિર્દેશ કરીને પોતાના સિદ્ધાંતની સ્થાપના કરી છે. પુરાણોમાં ચર્ચાયેલા વિષયોનો જ નિર્દેશ કરીને સંતોષ માન્યો છે. આમાંથી તારણ કાઢતાં જાણવા મળે છે કે, વેદના અર્થનું ઉપબૃંહણ કરવા માટે પુરાણો પ્રમાણભૂત સાધન છે. પુરાણના વિષયો સતત એક સરખા રહ્યા છે.

******

## ૧:૭, પુરાણોનો રચનાકાળ :

પુરાણોના રચનાકાળ નિમિત્તે વિભિન્ન મતો પ્રવર્તે છે. સામાન્યરીતે પરંપરથી એમ મનાય છે કે, સમગ્ર પુરાણોના રચયિતા મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસ છે. પરંતુ પુરાણોનાં જુદાં જુદાં પાસાંઓને નજર સામે રાખીને તપાસીએ તો માલુમ પડે છે કે, આટલા વિશાળ કદના સાહિત્યનો રચયિતા કોઈ એક વ્યકિત ન જ હોઈ શકે. આથી સંસ્કૃત સાહિત્યમાં વ્યાપ્ત મહામના વ્યાસના વ્યકિતત્વ વિષયક કોઈ નિર્ણય કરવો, એ થોડું કઠિન કાર્ય છે. વ્યાસ નામ સાથે સંલગ્ન કેટલાય ગ્રંથો આપણી સમક્ષ છે, જેના રચયિતા, રચનાકાળ વગેરેના નિર્ણય અંગે આજે પણ અનેક સમસ્યાઓ પ્રવર્તે છે, જેનું સમુચિત સમાધાન વિવિધ મતમતાંતરોમાં છૂપાયેલું જોવા મળે છે. શું વ્યાસ નામ એક જાતીય પરંપરા છે ? કે શિષ્યપરંપરા? અથવા તો કોઈ ઉપાધિ છે ? કે પછી કોઈ સંજ્ઞા ? વગેરે જેવા અનેક પ્રશ્નો ચર્ચાની એરણે ચડેલા છે. વૈદિકકાળથી આરંભીને પૌરાણિકયુગ સુધી વ્યાસ નામનો કોઈ એક જ વ્યકિત આટલો દીર્ઘજીવી રહ્યો હોય એ કયારેય પણ શકય ન બની શકે. આ અંગે પ્રવર્તતા કેટલાક મતોને જોઈએ તો –

➢ મહામહોપાધ્યાય ગિરિધર શર્મા ચતુર્વેદી જણાવે છે કે, 'વ્યાસ' એક કૃતત્વવાચી નામ છે. આ અર્થમાં આ ઉપાધિપરંપરા કે સન્માનપરંપરાનું સૂચક નામ છે.[૯૮] તેમણે 'વ્યાસ' કે 'વેદવ્યાસ' શબ્દના સંદર્ભે એવું સ્પષ્ટીકરણ કર્યું છે કે – '' વ્યાસ કે વેદવ્યાસ કોઈ વ્યકિતવિશેષનું નામ નથી, પરંતુ આ એક પદવી છે. અથવા અધિકારનું નામ છે, જે ઋષિ–મુનિઓ વેદસંહિતાનું વિભાજન યા પુરાણોનું સંપાદન કરે, તે એ સમયમાં વ્યાસ કે વેદવ્યાસ કહેવાતા.[૯૯]

➢વ્યાસવંશના મૂળપુરુષ બ્રહ્મા હતા. તેના પુત્રનું નામ વશિષ્ઠ હતું. વશિષ્ઠના પુત્ર શકિત અને શકિતના પુત્ર પરાશર થયા. આ પરાશરમુનિના દાસરાજની પુત્રી સત્યવતી સાથે વિવાહ થયા. એ કન્યાનું અન્ય નામ 'મત્સ્યગંધા' પણ હતું. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનાં આ માતા–પિતા હતા અને આ જ કૃષ્ણદ્વૈપાયન વ્યાસ પ્રત્યેક દ્વાપરયુગના અંતમાં પુરાણોની રચના કરે છે. આ અંગે સ્વયં પુરાણોનું જ કથન છે કે –

**''व्यासं रूपं विभु कृत्वा संहरेत्स युगे युगे ।**
**चतुर्लक्षप्रमाणेन द्वापरे द्वापरे सदा ।।''** [૧૦૦]

આમ, કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ અષ્ટાદશ પુરાણોના રચયિતા છે. એ વાતનું સમર્થન પુરાણોમાં જ રહેલું છે. તેમ છતાં આ પુરાણોના નિર્માણકાળ પરત્વે વિદ્વાનોમાં વિવિધ મતમતાંતરો પ્રવર્તે છે.

➢ડૉ. દીક્ષિતાર જણાવે છે કે, પુરાણોના રચનાકાળને નિશ્ચિત કરવા જેટલો મુશ્કેલીભર્યો અને વિવાદાગ્રસ્ત પ્રશ્ન બીજો કોઈ નથી. આમ છતાં વિન્ટરનિત્ઝ માને તે પ્રમાણે, એ વાતમાં કોઈ સંદેહ નથી કે પુરાણો પ્રાચીન છે અને તેનાં બીજ વૈદિક સાહિત્યમાં વિદ્યમાન છે.

➢પ્રો. વિલ્સનના મતે પુરાણોની રચના છેલ્લા એક હજાર વર્ષમાં થઈ. પરંતુ આ મતનું વિન્ટરનિત્ઝે ખંડન કર્યું છે.

➢પાર્જિટરના મત પ્રમાણે સામાન્યતઃ પુરાણોની રચના ઈ. સ. પૂર્વે ૪૦૦ વર્ષના ગાળામાં થયેલી છે.

➢સી. વી. વૈદ્યના મતે પુરાણોની રચના ઈ. સ. ૪૦૦ની આસપાસ થયેલી છે.

➢પ્રો. ભાંડારકર અને સ્મિથનો મત છે કે, મુખ્ય પુરાણો તેમના અત્યારના સ્વરૂપમાં ગુપ્તકાળમાં સંપાદિત થયાં.

ઉપર્યુકત મતો સામાન્ય પુરાણ–રચનાકાળના વિષયમાં ઉદ્ધૃત કર્યા છે. કેટલાક વિશિષ્ટ પુરાણોની રચનાના વિષયમાં વિદ્વાનોએ વિશિષ્ટ મતો આપ્યા છે. જેમકે, પદ્મપુરાણ, બ્રહ્મપુરાણ અને ભવિષ્યપુરાણના રચનાકાળ અંગે પાર્જિટરનો મત છે કે, તે પુરાણોનો રચનાકાળ ઈ. સ. ની પ્રારંભિક શતાબ્દીઓ પછીનો હોઈ શકે નહીં. એ જ રીતે અગ્નિપુરાણ, શ્રીમદ્ ભાગવતપુરાણ, માર્કણ્ડેયપુરાણ તથા વાયુપુરાણના રચનાકાળના વિષયમાં ડૉ. ફર્ક્યુહરનો મત છે કે, મહાકવિ બાણ (ઈ. સ. ૬૨૫) આ પુરાણોથી પરિચિત હતા. તેથી બાણ પહેલાં પુરાણો રચાઈ ગયાં હશે. વાયુપુરાણ, વિષ્ણુપુરાણ, મત્સ્યપુરાણ અને બ્રહ્માંડપુરાણના રચનાકાળ અંગે સ્મિથનો મત છે કે, તેમની રચના ઈ. સ. ૫૦૦ની આસપાસ થઈ.

આ રીતે, પુરાણોના રચનાકાળ અંગે વિદ્વાનોમાં મતૈકય નથી. પરંતુ એક વાત તો સ્પષ્ટ જ છે કે, બધાં જ પુરાણો કોઈ એક કાળની રચના નથી. સમયના અતિ દીર્ઘમાર્ગે જે–તે પુરાણનું અવતરણ થયું છે.

******

## <u>૧:૮, પુરાણોનું વિષયવૈવિધ્ય :</u>

પુરાણો અનંત જ્ઞાન–રાશિના ભંડારો છે. લૌકિક તથા પારલૌકિક જ્ઞાન–વિજ્ઞાનના બધા જ વિષયો તેમાં ભરેલા પડયા છે. સૃષ્ટિના આરંભથી માંડીને ભવિષ્ય સુધીનો ઈતિહાસ એમાં પ્રસ્તુત છે. પુરાણોનો આવિર્ભાવ વેદાર્થના ઉપબૃંહણ માટે થયો હતો. વર્તમાનકાળ સુધી જ્ઞાન–વિજ્ઞાન, કલા તથા વિદ્યાના ક્ષેત્રોમાં પણ એની શાખા–પ્રશાખાઓનો આવિષ્કાર થયેલો જોઈ શકાય છે. ત્રિકાળદર્શી ઋષિઓએ જે જ્ઞાન વેદ–સંહિતાઓમાં પ્રસ્તુત કર્યું છે, એને વ્યાસે સારીરીતે સંપાદન અને વર્ગીકરણ કરીને પુરાણગ્રંથોના રૂપમાં પ્રસ્તુત કર્યું છે. વ્યાસનું આ અદ્‌ભુત વૈશિષ્ટ્ય છે. વેદો જેવાં જટિલ શાસ્ત્રોને પણ પુરાણોએ આખ્યાનો–ઉપાખ્યાનોની મદદથી આમજન માટે બોધગમ્ય બનાવ્યાં છે. પુરાણોમાં કથાઓનું આધિકય હોવા છતાં જિજ્ઞાસુઓ માટે અનેક વિદ્યાઓ, કલાઓ, જ્ઞાન, વિજ્ઞાન તથા શાસ્ત્રોનું પણ સૂક્ષ્મ પરંતુ પુરાણની સરળ, સુસ્પષ્ટ અને બોધગમ્ય શૈલીમાં સુંદર અને વ્યાપક વિવેચન થયેલું છે. પુરાણોના મુખ્ય વર્ણ્યવિષયો તો પંચલક્ષણો જ છે, જે લગભગ બધા જ પુરાણોમાં સમાનરીતે પ્રસ્તુત છે. પરંતુ એ ઉપરાંત પણ અનેક વિષયો જેવા કે,– વેદ, વેદાંગ, ષડ્‌દર્શન, આખ્યાનો, ગાથાઓ, સૃષ્ટિવિદ્યા, શ્રાદ્ધ, કલ્પ, વ્રત, દાન, તીર્થ, ભૂગોળ, ખગોળ, રાજધર્મ, વર્ણાશ્રમધર્મો, સંસ્કારો, આહાર, વિહાર, આચાર, દેવોપાસના, મંત્રાનુષ્ઠાન, યજ્ઞ, વ્યાકરણ, છંદ, જયોતિષ્, સામુદ્રિકશાસ્ત્ર, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ, આયુર્વેદ, રત્નપરીક્ષા, અશ્વવિદ્યા, અનુલેપનવિદ્યા, સ્વેચ્છારૂપધારિણીવિદ્યા, પદ્મિનીવિદ્યા, જાલંધરીવિદ્યા, પુરુષપ્રમોહિનીવિદ્યા, દેવહૂતિવિદ્યા, યુવકરણવિદ્યા, વૈમાનિકશાસ્ત્ર, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, વાસ્તુ, મૂર્તિપૂજા, મૂર્તિપ્રતિષ્ઠા વગેરેનું વિવેચન પણ વિશિષ્ટ પુરાણો વિશેષરૂપે કરે છે.

પુરાણો તથા ઉપપુરાણોમાં એટલા બધા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે કે, જો તેની માત્ર સૂચિ બનાવવામાં આવે તો પણ એક વિશાળ ગ્રંથ તૈયાર થઈ શકે. એ બધામાંથી કેટલાકનું સંક્ષિપ્ત વિવરણ અહીં પ્રસ્તુત છે–

### :: <u>પૌરાણિક સૃષ્ટિવિદ્યા :</u>

પુરાણોનાં પંચલક્ષણો માંહેનું 'સર્ગ', એક મહkત્વનું લક્ષણ છે. પ્રસ્તુત પ્રબંધના 'પુરાણનાં લક્ષણો' (૧:૩) ના મુદ્દામાં આની ચર્ચા કરવામાં આવી છે. પરંતુ સમગ્ર સૃષ્ટિવિદ્યાના સંદર્ભે અહીં એનું વિસ્તૃત વિવેચન આપવું પ્રસ્તુત ગણાશે.

પુરાણોની સૃષ્ટિવિદ્યા પર સાંખ્યનો મોટો પ્રભાવ જોઈ શકાય છે. આમ છતાં પૌરાણિક સૃષ્ટિવિદ્યામાં ઘણું જ વૈશિષ્ટ્ય રહેલું છે. સાંખ્યમતથી પ્રભાવિત હોવા છતાં, તે વ્યકિતગતરૂપમાં સ્વતંત્ર છે. સાંખ્યમાં સૃષ્ટિનો વિકાસ

પ્રધાન તથા પુરુષ આ બન્નેના પારસ્પરિક પ્રભાવ અને સંયોગથી પ્રાપ્ત થતું ફળ છે. સાંખ્યમાં એ બન્ને અનાદિ તથા નિત્ય તkવ છે. પરંતુ પુરાણમાં એ બન્નેને વિષ્ણુનાં જ રૂપો માનવામાં આવે છે. અર્થાત્, તેની ઉત્પત્તિ વિષ્ણુની સત્તા પર જ આધારિત છે. 'વિષ્ણુપુરાણ' માં કહેવામાં આવ્યુ છે કે, વિષ્ણુના પરમ સ્વરૂપથી પ્રધાન અને પુરુષ પ્રગટે છે અને ત્રીજા કાલાત્મક રૂપથી એ બન્ને સૃષ્ટિ–સમયમાં સંયુકત થાય છે અને પ્રલયદશામાં વિયુકત થાય છે. ભગવાન વિષ્ણુ પોતાની કાલશકિત દ્વારા જ જગતની સૃષ્ટિ તથા પ્રલય કર્યા કરે છે.[૧૦૧] પુરાણોમાં જગતના સૃષ્ટિતkવનું વર્ણન કયાંક વધારે પ્રમાણમાં તો કયાંક ઓછા પ્રમાણમાં વર્ણવાયેલું જોવાં મળે છે.[૧૦૨] સાંખ્યના સૃષ્ટિતkવના પુરાણોની સૃષ્ટિવિદ્યા પરના પ્રભાવનું વિશ્લેષણ અનેક વિદ્વાનોએ કર્યું છે.[૧૦૩] પુરાણોની સૃષ્ટિવિદ્યાનું મહkવનું અંગ તેનો 'અનુસર્ગ' છે. આ અનુસર્ગનું અતિ વિસ્તૃત અને અનેકવિધ નિરૂપણ પુરાણોમાં થયેલું છે. તેની સંક્ષિપ્ત માહિતી આ પ્રમાણે છે–

➢**નવસર્ગ :** પુરાણોમાં સૃષ્ટિના નવસર્ગો વર્ણવવામાં આવ્યા છે,[૧૦૪] જેમાં સૌ પ્રથમ સર્ગના મુખ્ય ત્રણ પ્રકારો–(૧) પ્રાકૃતસર્ગ, (૨)વૈકૃતસર્ગ અને (૩) પ્રાકૃતવૈકૃતસર્ગને દર્શાવે છે. પ્રાકૃત તથ વૈકૃતસર્ગના વિષયમાં પુરાણોનું માનવું છે કે, પ્રાકૃતસર્ગ અબુદ્ધિપૂર્વક રચાયેલો છે. એટલે કે, તેની સૃષ્ટિ નૈસર્ગિક રીતે નિર્માણ પામેલી હોય છે. તેના નિમિત્ત માટે બ્રહ્માને પોતાની બુદ્ધિ કે વિચારોને કાર્યરત કરવાની જરૂર પડતી નથી. પરંતુ તેનાથી ઊલટું વૈકૃતસર્ગ બુદ્ધિપૂર્વક બનેલો છે. અર્થાત્, બ્રહ્માએ ખૂબ જ સમજી–વિચારીને આ સર્ગનું નિર્માણ કરેલું છે –

**“प्राकृताश्च त्रये पूर्वे सर्गास्तेऽबुद्धिपूर्वकाः ।**
**बुद्धिपूर्व प्रवर्तन्ते मुख्याद्याः पञ्च वैकृताः ।।”**[૧૦૫]

પ્રાકૃતસર્ગોની સંખ્યા ત્રણ, વૈકૃતસર્ગની પાંચ તથા પ્રાકૃતવૈકૃતસર્ગની એક, એમ સર્ગોની સંખ્યા નવ છે –

**“पञ्चैते वैकृताः सर्गाः प्राकृतास्तु त्रयः स्मृताः ।**
**प्राकृतो वैकृताश्चैव कौमारो नवमः स्मृतः ।।**
**इत्येते वै समाख्याता नवसर्गाः प्रजापतेः ।”**[૧૦૬]

જો કે, 'શ્રીમદભાગવતપુરાણ' આમાં એક વધારાનો સર્ગ ઉમેરીને સર્ગોની સંખ્યા દસ બતાવે છે.[૧૦૭] પરંતુ મોટા ભાગનાં પુરાણો નવસર્ગને જ સ્વીકારે છે. એ સર્ગોનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે –

**:: <u>પ્રાકૃતસર્ગ (ત્રણ)</u> :**

**(૧) બ્રહ્મસર્ગ:** મહત્–તkવના સર્ગને બ્રહ્માનો પ્રથમ સર્ગ કહેવામાં આવે છે –

**“प्रथमो महतः सर्गो विज्ञेयो ब्रह्मणस्तु सः ।”**[૧૦૮]

'બ્રહ્મસર્ગ'માં આવતો 'બ્રહ્મન્' શબ્દ ગીતાના કહેવા પ્રમાણે, બુદ્ધિ–તkવનો બોધક છે.[૧૦૯] સાંખ્યદર્શન પ્રમાણે પણ બુદ્ધિ કે મહત્–તkવ જ પુરુષ–પ્રકૃતિના સંયોગનું પ્રથમ પરિણામ છે, એ મત અહીં પણ સ્વીકારાયેલો છે.

**(૨) ભૂતસર્ગ :** પાંચતન્માત્રાઓની સૃષ્ટિને 'ભૂતસર્ગ' કહેવામાં આવે છે –

**"तन्मात्राणां द्वितीयश्च भूतसर्गस्तु स स्मृतः ।"**[११०] તન્માત્રાઓ પૃથ્વી વગેરે પંચમહાભૂતોની અત્યંત સૂક્ષ્માવસ્થાનાં દ્યોતક તkવો છે. આ તkવો 'અવિશેષ' નામથી પણ સાંખ્યમાં પ્રખ્યાત છે. તેની સંખ્યા પણ પાંચ કહી છે – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

**(૩) વૈકારિકસર્ગ :** ઇન્દ્રિયો સંબંધિત સૃષ્ટિને 'વૈકારિકસર્ગ' કહેવામાં આવે છે.(**"वैकारिकस्तृतीयस्तु सर्ग ऐन्द्रियकः स्मृतः ।"**)[१११] અહંકારના તામસ્–રૂપથી પંચતન્માત્રાઓનો જન્મ થાય છે તથા તેના સાત્ત્વિકરૂપમાંથી ઇન્દ્રિયોનો જન્મ થાય છે. રાજસ્–રૂપ બન્નેની સૃષ્ટિમાં સમાન ભાવથી જ ક્રિયાશીલ રહે છે. એટલે એ રૂપથી કોઈપણ પદાર્થનો ઉદય થતો નથી. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા ઉભયરૂપાત્મક (સંકલ્પ–વિકલ્પાત્મક) મનને ગણતાં ઇન્દ્રિયોની સંખ્યા અગિયાર થાય છે.

આ પ્રમાણે, બુદ્ધિપૂર્વક ઉત્પન્ન થયેલ આ ત્રણેય સર્ગોને 'પ્રાકૃતસર્ગ' કહેવામાં આવે છે (**"इत्येष प्राकृतः सर्गः सम्भूतो बुद्धिपूर्वकः ।"**).[११२]

**:: <u>વૈકૃતસર્ગ (પાંચ)</u> :**

**(૪) મુખ્યસર્ગ** : વિષ્ણુપુરાણની કથા અનુસાર સર્ગની શરૂઆતમાં બ્રહ્માથી સર્વ પ્રથમ અબુદ્ધિપૂર્વક તમોગુણી સૃષ્ટિનો આવિર્ભાવ થયો. અર્થાત્, તમ (અજ્ઞાન), મોહ, મહામોહ(ભોગેચ્છા), તામિસ્ર (ક્રોધ) અને અંધતામિસ્ર (અભિનિવેશ) એ પાંચ પ્રકારની અવિદ્યાઓ ઉત્પન્ન થઈ. પાંચ પ્રકારોમાં અવસ્થિત આ સર્ગમાંથી તમ(અજ્ઞાન)નું બ્રહ્માએ ધ્યાન કર્યું, પરિણામે અંદર તેમજ બહારથી અજ્ઞાનયુકત અને જડ એવી નગાદિ સ્વરૂપ પાંચ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ. આ સૃષ્ટિને જ 'મુખ્યસર્ગ' કહેવામાં આવે છે.[૧૧૩]

**(૫) <u>તિર્યક્સર્ગ</u> :** મુખ્યસર્ગમાં ઉત્પન્ન સૃષ્ટિને પુરુષાર્થની અસાધિકા માનીને બ્રહ્માએ અન્ય અવિદ્યા(મોહ)રૂપ સૃષ્ટિ પર ધ્યાન કર્યું, આથી 'તિર્યક્સર્ગ'નો પ્રાદુર્ભાવ થયો. વિષ્ણુપુરાણાનુસાર–

**"तं दृष्ट्वाऽसाधकं सर्गममन्यदपरं पुनः ।**
**तस्याभिध्यायतः सर्गस्तिर्यक्स्रोताभ्यवर्त्तत ।।"**[११४]

'તિર્યક્' શબ્દને સમજાવતાં વિષ્ણુપુરાણકાર નોંધે છે કે –

**"यस्मात् तिर्यक् प्रवृत्तः स तिर्यक्स्रोतास्ततः स्मृतः ।"**[११५]

અર્થાત્, આ યોનિના જીવોની પ્રવૃત્તિ–ગતિ તિર્યક્ (ત્રાંસી) હોવાથી, તેને 'તિર્યક્સર્ગ' કહેવામાં આવે છે. આ સર્ગમાં પશુ–પક્ષી વગેરે આવે છે. સ્થાવરસૃષ્ટિ પછીનું જંગમસૃષ્ટિમાં ઉત્પન્ન આ પ્રથમ રૂપ છે.

**(૬) <u>દેવસર્ગ</u> :** તિર્યક્યોનિની સૃષ્ટિની ઉત્પત્તિથી બ્રહ્માને પ્રસન્નતા ન થઈ, આથી એમણે પોતાની પ્રસન્નતા માટે આ 'દેવસર્ગ'ની ઉત્પત્તિ કરી. આ સર્ગમાં ઉર્ધ્વલોકમાં નિવાસ કરવાવાળો સાત્ત્વિકવર્ગ સમાવિષ્ટ છે.(**"ऊर्ध्वस्रोतास्ततः षष्ठो देवसर्गस्तु**

**स स्मृतः ।'')**[116] આ સર્ગનાં પ્રાણીઓ વિષયસુખમાં પ્રીતિવાળાં અને આંતરિક તથા બાહ્યદષ્ટિ અને સુખથી યુકત હોય છે.[117] આ પ્રકારની સૃષ્ટિના ઉત્પન્ન થવાથી બ્રહ્માને ઘણી જ પ્રસન્નતા થઈ.

વૈકૃતસર્ગના આ મુખ્યાદિ ત્રણેય પ્રકારના સર્ગોની ઉત્પત્તિ પુરુષાર્થની અસાધિકા હતી.

**(૭) <u>માનુષસર્ગ</u> :** પહેલાનો સર્ગ બ્રહ્માજીની દષ્ટિએ પુરુષાર્થનો અસાધક નીકળ્યો. આથી એમણે ઉત્તમ સાધકવર્ગ અંગે વિચાર્યું અને પોતાના ધ્યાન વડે એક નવિન પ્રાણીવર્ગનું નિર્માણ કર્યું, જે 'અર્વાક્સ્રોત' તરીકે વિખ્યાત થયો. આ સર્ગના પ્રાણીઓ નીચે પૃથ્વી પર રહેતાં હોવાથી 'અર્વાક્સ્રોત' તરીકે ઓળખાય છે.[118] એનામાં સkવ, રજસ્ અને તમસ્ એમ ત્રણેય ગુણોનું આધિકય હોય છે (**''ते च प्रकाश-बहुलास्तमोद्रिक्ता रजोऽधिकाः ।।''** વિષ્ણુપુરાણ, ૧/૫/૧૬). આ વૈશિષ્ટ્યના કારણે, તે સુખ–દુઃખનો અનુભવ કરનાર, અતિશય પ્રવૃત્તિશીલ તથા આંતરિક અને બાહ્યજ્ઞાનથી યુકત હોય છે. આ સર્ગનાં પ્રાણીઓને 'મનુષ્યો' પણ કહે છે– (**मनुष्याः साधकाश्च ते**').

**(૮) <u>અનુગ્રહસર્ગ</u> :** વિષ્ણુપુરાણે આ સર્ગને 'સાkિવકતામસ્' કહીને માત્ર સામાન્ય નિર્દેશ જ કર્યો છે.[119] પરંતુ માર્કણ્ડેયપુરાણમાં વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. ત્યાં આ સર્ગના– વિપર્યય, સિદ્ધિ, શકિત અને જેવા ચાર પ્રકારો હોવાની માહિતી મળે છે.[120] વાયુપુરાણ અનુસાર, સ્થાવરોમાં વિપર્યય, મનુષ્યોમાં સિદ્ધિ, તિર્યગ્યોનિમાં શકિત અને દેવોમાં તુષ્ટિ રહે છે. આ સર્ગના 'અનુગ્રહ' એવા નામથી સમજાય છે કે, એની ઉત્પત્તિ અગાઉ સર્જેલા સર્ગોનાં પ્રાણીઓ પર અનુગ્રહ દાખવવાની ઈચ્છાથી થયેલી છે.

**:: <u>પ્રાકૃતવૈકૃતસર્ગ (એક)</u> ::**

**(૯) <u>કૌમારસર્ગ</u> :** આ સર્ગ પ્રાકૃત અને વૈકૃત બંનેનું સંમિશ્રિત રૂપ છે. 'કૌમાર' શબ્દ દ્વારા સનત્કુમારાદિ (સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર)ની ઉત્પત્તિનો સંકેત પ્રાપ્ત થાય છે કારણ કે, શ્રીમદ્ ભાગવતપુરાણમાં 'કૌમારસર્ગ'નો પ્રયોગ આ અર્થમાં થયેલો છે.[121] સનત્કુમારને ભગવાન શ્રીવિષ્ણુના જ અવતાર માનવામાં આવ્યા છે.

આ પ્રમાણે, નવસર્ગ અંગેની માહિતી વિવિધ પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. પુરાણોની સૃષ્ટિવિદ્યાનું આ એક મહkવનું અંગ છે. આના વર્ણન ઉપર સાંખ્યનો જેટલો પ્રભાવ છે, તેથી વિશેષ પુરાણોનું પોતાનું યોગદાન જોઈ શકાય છે. અને એ જ એની વિશેષતા છે.

પ્રાણીસૃષ્ટિમાં અનેક પ્રકારનાં પ્રાણીઓની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? એ પ્રશ્નનું સમાધાન પુરાણોમાંથી સવિશેષ પ્રાપ્ત થાય છે. પ્રાણીઓમાં સુર, અસુર તથા પિતૃઓ મુખ્ય હોવાથી તેના અનુસર્ગને પણ પુરાણોમાં ખૂબ જ વિસ્તારથી વર્ણવવામાં આવેલ છે. જયારે સૃષ્ટિને ઉત્પન્ન કરવાની ઈચ્છાથી બ્રહ્મા વિચાર

કરી રહ્યા હતા, તે સમયે તેનામાં તમોગુણ ઉત્પન્ન થયો અને સૌથી પહેલાં તેમની જાંઘમાંથી 'અસુરો' ઉત્પન્ન થયા. એમની ઉત્પત્તિ પછી બ્રહ્માએ, તે તામસિક દેહનો ત્યાગ કર્યો. જે તુરંત રાત્રીમાં પરિવર્તિત થઈ ગયો. ત્યારબાદ સાત્ત્વિક દેહનો આશ્રય લઈને બ્રહ્માના મુખમાંથી સત્ત્વપ્રધાન 'સુરો'ની ઉત્પત્તિ થઈ અને બ્રહ્મા દ્વારા ત્યજાયેલ એ શરીર દિવસના રૂપમાં ફેરવાઈ ગયું. આ પછી એમણે આંશિક સત્ત્વમય દેહને ધારણ કર્યો, જેનાથી 'પિતૃઓ' ઉત્પન્ન થયા. એ શરીરના ત્યાગથી દિવસ અને રાત્રીની વચ્ચે રહેલી સંધ્યાનો ઉદ્ભવ થયો. બ્રહ્માના રજોમય દેહના આશ્રયથી રજપ્રધાન મનુષ્યોની સૃષ્ટિ થઈ. આમ, ચાર પ્રાણીવર્ગનો સંબંધ ચાર વિભાગથી છે. પુરાણોમાંથી પ્રાપ્ત થતી આ એક વિશિષ્ટ માહિતી છે.

સૃષ્ટિના વિષયમાં એક અન્ય વિશિષ્ટ તથ્ય પણ પુરાણો પ્રસ્તુત કરે છે. જેનો ઉલ્લેખ 'મનુસ્મૃતિ' માં પણ પ્રાપ્ત થાય છે[૧૨૨]અને શંકરાચાર્યે પણ 'બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય'માં તેના પ્રામાણ્યને સ્વીકાર્યું છે,[૧૨૩] તે મુજબ, જે સ્થાવર–જંગમની રચના બ્રહ્મા દ્વારા કરવામાં આવી છે, એમાંના જીવોની વિશિષ્ટતા એ છે કે, આગળના જન્મમાં એમનો જેવો સ્વભાવ હતો, પ્રવૃત્તિ હતી, એવી જ ગતિ આ સૃષ્ટિમાં પણ એમને પ્રાપ્ત થાય છે. તેવો જ સ્વભાવ અને તેવી જ પ્રવૃત્તિ. એ સમયે હિંસા–અહિંસા, મૃદુતા, કઠોરતા, ધર્મ–અધર્મ, સત્ય–અસત્ય વગેરે બધું જ તેમની આગળની ભાવનાથી જ એમને મળે છે.[૧૨૪] એ દષ્ટિએ પુરાણોની સૃષ્ટિ કર્માનુસારી સૃષ્ટિ છે. જીવોના કર્મોના પ્રાબલ્યને પુરાણોએ પણ સ્વીકાર્યું છે.

આ ઉપરાંત પણ કેટલીક વિશિષ્ટ સૃષ્ટિઓ અંગેની માહિતી પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. જે આ પ્રમાણે છે –

**(૧) બ્રાહ્મીસૃષ્ટિ :** ભગવાન વિષ્ણુની પ્રેરણાથી તેના નાભિકમળ પર બેઠેલાં બ્રહ્માએ દિવ્ય સો વર્ષ સુધી તપસ્યા કરી. ત્યારબાદ એમણે જોયું કે, તેના આસનભૂત કમળ તથા જળ ખૂબ જ કંપવાં લાગ્યાં છે. સૃષ્ટિના પ્રાક્કાળમાં આ દશાનું સૂચન કરવામાં આવ્યું છે કે, એ સમયે સમસ્ત સમુદ્ર પર વાયુનો જ પ્રચંડ આઘાત રહેલો હોય છે. પોતાની તપસ્યા અને અધ્યાત્મના બળથી બ્રહ્માએ વિજ્ઞાનશકિતનું બાહુલ્ય પ્રાપ્ત કર્યું અને એ જ શકિતના બળ વડે તેઓ પ્રબળ વાયુ અને વિશાળ જળરાશિને પી ગયા. હવે, માત્ર આકાશવ્યાપી એવા બાકી બચેલાં કમળને જોઈને બ્રહ્માએ વિચાર કર્યો કે, "આના દ્વારા પૂર્વકાળમાં પ્રકૃતિમાં લીન લોકોની રચના કરું." આવા વિચારથી એમણે તે આકાશવ્યાપી કમળમાં પ્રવેશ કરીને, તેને ત્રણ ભાગોમાં વિભકત કર્યું, જેનાં નામો છે– 'ભૂઃ', 'ભુવઃ' તથા 'સ્વઃ'. કર્મોની સત્તા આ ત્રણ લોકોમાં જ પ્રવર્તે છે. એમની ઉપર 'મહઃ', 'જનઃ', 'તપઃ' તથા 'સત્યં' નામના અન્ય ચાર લોકો આવેલા છે. એમાં એ લોકો રહે છે, જેઓ નિષ્કામ કર્મોના સંપાદક છે અને આ ચારેય લોકો માટેની એક સામૂહિક સંજ્ઞાનું નામ જ 'પરમેષ્ઠિલોક' અથવા 'બ્રહ્મલોક' છે.

**(૨) <u>માનસીસૃષ્ટિ</u> :** બ્રહ્માએ સ્થાવરથી માંડીને દેવો સુધીની સૃષ્ટિની રચના કરી. પરંતુ જયારે એ સૃષ્ટિની યોગ્ય વૃદ્ધિ થતી ન જોઈ ત્યારે એમણે પોતાના સમાન જ શકિતઓ અને અધ્યાતમથી યુકત નવ માનસપુત્રોનું સર્જન કર્યું. બ્રહ્માના આ નવ માનસપુત્રો બ્રહ્માના સમાન જ હોવાથી પુરાણોમાં તે 'નવ બ્રહ્મા'ના નામથી ઓળખાય છે.[૧૨૫]

**(૩) <u>રૌદ્રીસૃષ્ટિ</u> :** કૌમારસર્ગમાં બ્રહ્માએ સનત્કુમારાદિ જે ચાર સંતાનોની ઉત્પત્તિ કરી હતી, તે બધાએ વિરકત અને જ્ઞાનસંપન્ન હોવાથી સંસારમાં આસકિત ન દર્શાવી. તેઓ નિરપેક્ષ હોવાથી સંતાનોત્પત્તિમાં પણ આસકત ન થયા. પોતાની આજ્ઞાનો અનાદર કરનારા એ પુત્રોએ એ રીતે પોતાનું અપમાન કર્યું, તેથી બ્રહ્માને અતિ દુઃસહ ક્રોધ ઉત્પન્ન થયો;[૧૨૬] પણ તેમણે તે ક્રોધને રોકવા પ્રયત્ન કર્યો. બુદ્ધિપૂર્વક રોકવામાં આવેલો હોવા છતાં તે ક્રોધ બ્રહ્માની ભ્રુકુટિની વચ્ચેથી નીલલોહિત કુમારરૂપે તત્કાળ ઉત્પન્ન થયો. અત્યંત પ્રચંડ શરીરધારી તે અડધો પુરુષ અને અડધો સ્ત્રીરૂપમાં હતો.[૧૨૭] ઉત્પન્ન થતાંની સાથે જ રડવા લાગ્યો હોવાથી તે 'રુદ્ર' નામથી ઓળખાયો. બ્રહ્મા દ્વારા **"विभजात्मानम्"** –એવું કહેવાતાં, તેણે પોતાના શરીરમાં રહેલ સ્ત્રી અને પુરુષ બન્ને ભાગોને અલગ કરી નાખ્યા; અને પુનઃ એ બન્ને ભાગોને પણ અગિયાર–અગિયાર ભાગોમાં વિભકત કર્યા. એ બધાએ બે–બેનાં યુગલરૂપોમાં અનેક પ્રજાઓને ઉત્પન્ન કરી. રુદ્ર દ્વારા આવિર્ભૂત થયેલ હોવાથી આ સૃષ્ટિ 'રૌદ્રીસૃષ્ટિ' તરીકે પુરાણોમાં વર્ણવાઈ છે.[૧૨૮]

આ ઉપરાંત પણ મૈથુનાદિ અન્ય સૃષ્ટિઓનાં વર્ણનો પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. મૂલતઃ તો પુરાણોની આ સૃષ્ટિવિદ્યા સાંખ્યદર્શનથી જ પ્રભાવિત છે, છતાં એમાં પુરાણોનું પોતાનું યોગદાન પણ ઘણું વ્યાપક છે. પુરાણોનો સૃષ્ટિવાદ સાંખ્યનો અક્ષરશઃ અનુવાદ જ માત્ર નથી, એ ઉપર્યુકત વિવેચન દ્વારા સ્પષ્ટપણે કહી શકાય છે. પુરાણોએ એમાં પોતાની અનેક મૌલિક બાબતોનું ઉમેરણ કર્યું છે.

**:: <u>ચારવેદ</u> ::**

પુરાણો વેદોનો જ અર્થવિસ્તાર છે. ચારેય સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદોના વિષયો પુરાણોમાં વિસ્તૃતપણે વર્ણવાયા છે. ચારેય વેદોની શાખા–પ્રશાખાઓનો પરિચય મેળવવા વિષ્ણુપુરાણનું અધ્યયન ખૂબ જ ઉપયોગી સિદ્ધ થાય છે.[૧૨૯] શ્રીમદ્ ભાગવતપુરાણના બારમા સ્કંધના છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં ચારેય વેદોની શાખા–પ્રશાખાઓનું સૂક્ષ્મ વર્ણન છે. અગ્નિપુરાણમાં ઋગ્વિધાનાદિ ચારેય વેદોના વિધાન–ગ્રંથોને વર્ણવ્યા છે. વેદોના પુરુષસૂકતાદિ અનેક સૂકતો અને મંત્રો વિભિન્ન કર્મકાંડના પ્રસંગમાં ઉલ્લેખિત છે. એટલું જ નહીં, વૈદિક સંહિતાઓના કેટલાયે મંત્રોની વ્યાખ્યા પણ વિસ્તૃત રીતે ઘણા સ્થળોએ આપવામાં આવી છે.[૧૩૦] ત્યાં સુધી કે, થોડા શબ્દાન્તરની સાથે પૂરો મંત્ર પણ યથાવત્ મળી આવે છે.[૧૩૧] વૈદિક મંત્રો તથા સૂકતોની જેમ જ વેદોમાં

વર્ણવાયેલાં આખ્યાનોને પુરાણોમાં વિસ્તારથી રજૂ થયેલાં જોઈ શકાય છે. જેમ કે, વિષ્ણુ વગેરેના અવતારની કથાઓ, પુરૂરવા–ઉર્વશી–આખ્યાન, શુનઃશેપાખ્યાન, નાચિકેતોપાખ્યાન, વૃત્રાસુરાખ્યાન વગેરે.

આ બધાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે, વૈદિક સંહિતાઓના અનેકાનેક વિષયોનું પુરાણોમાં વિશદરૂપે વર્ણન કરવામાં આવ્યું છે.

**:: ચાર ઉપવેદો ::**

સામાન્યરીતે ઋગ્વેદનો સ્થાપત્યવેદ, યજુર્વેદનો ધનુર્વેદ, સામવેદનો ગાંધર્વવેદ અને અથર્વવેદનો આયુર્વેદ એમ ચારેય વેદોના ચાર ઉપવેદો માનવામાં આવે છે. વિષ્ણુધર્મોત્તરપુરાણમાં આ ચારેય ઉપવેદોનું સાંગોપાંગ વર્ણન થયેલું છે. તેમાં સ્થાપત્યવેદ અને શિલ્પશાસ્ત્રનું વર્ણન તો અતિશય વિસ્તારથી રજૂ કરવામાં આવ્યું છે, તો ધનુર્વેદનું વર્ણન પણ લગભગ સો જેટલા અધ્યાયોમાં કરવામાં આવ્યું છે. ગરુડપુરાણના ૧૪૬ થી ૨૦૪ મા અધ્યાયમાં આયુર્વેદનું ઉચિત વર્ણન કરવામાં આવ્યું છે. આયુર્વેદના જુદા જુદા વિભાગોનું વર્ણન પણ પુરાણોમાં મળી આવે છે. અગ્નિપુરાણના ૨૮૯મા અધ્યાયમાં અશ્વાયુર્વેદ, ૨૯૧મા અધ્યાયમાં બુધના ગ્રંથ 'ગજવૈદ્યક' નો સારાંશ વર્ણવાયેલો છે, અધ્યાય–૨૯૨માં ગવાયુર્વેદ તથા શાન્ત્યાયુર્વેદ કે જેમાં ઘોડા, હાથી તથા ગાય વગેરેની ચિકિત્સાનું વર્ણન મળે છે. એ જ રીતે અધ્યાય ૨૮૨માં વૃક્ષાયુર્વેદનું વર્ણન પણ છે. આનું વિસ્તૃત વર્ણન વિષ્ણુધર્મોત્તરપુરાણમાં પણ છે. અન્ય પશુઓની ચિકિત્સા, તેનાં લક્ષણો તથા શાંતિના મંત્રો પણ વિષ્ણુધર્મોત્તર, અગ્નિ તથા ગરુડપુરાણમાં વિસ્તારથી વિવેચિત છે.

**:: ષડ્વેદાંગો ::**

વેદાંગોમાં વ્યાકરણને મુખ્ય માનવામાં આવ્યું છે. તેનું નારદપુરાણ, ૧/૨/૫૧મા અધ્યાયમાં સૂક્ષ્મ પરંતુ સુંદર વિવેચન કરવામાં આવ્યું છે. એ જ રીતે અગ્નિપુરાણના ૩૪૯ થી ૩૫૯ સુધીના અધ્યાયોમાં પણ વ્યાકરણશાસ્ત્રનું વર્ણન છે. છંદઃશાસ્ત્રનું ગરુડપુરાણના ૨૦૭ થી ૨૧૨મા તથા ૩૨૮ થી ૩૩૫મા અધ્યાય સુધી અને નારદપુરાણ, ૧/૨/૫૭મા અધ્યાયમાં લૌકિક તથા વૈદિક છંદોનું વર્ણન છે. જયોતિષશાસ્ત્રને માટે નારદપુરાણ તથા વિષ્ણુધર્મોત્તરપુરાણનાં વિવેચનો અત્યંત મહkત્વપૂર્ણ છે. નારદપુરાણના ત્રણ અધ્યાયો (૧/૨/૫૪–૫૬) માં ત્રિસ્કંધ જયોતિષ (સિદ્ધાંત, સંહિતા તથા હોરા) નું સુંદર વર્ણન છે, જે 'નારદીય જયોતિષ'ના નામે પ્રસિદ્ધ છે. નારદપુરાણ, ૧/૨/૫૩મા અધ્યાયમાં નિરુક્ત સંબંધી પણ કેટલાક શ્લોકો મળે છે. નારદપુરાણ, ૧/૨/૫૦મા અધ્યાયમાં લગભગ ત્રણસો શ્લોકોમાં તથા અગ્નિપુરાણના ૩૩૬મા અધ્યાયમાં શિક્ષાનું વર્ણન મળી આવે છે. કલ્પો (શ્રૌતસૂત્ર, ગૃહ્યસૂત્ર, સ્માર્તસૂત્ર અને શુલ્બસૂત્ર) અને તેના નક્ષત્રકલ્પ, વૈતાનકલ્પ,

સંહિતાવિધાનકલ્પ, આંગિરસકલ્પ અને શાન્તિકલ્પ જેવા પાંચેય ભેદોનું વર્ણન પણ ભવિષ્ય, ગરુડ, અગ્નિ તથા વિષ્ણુધર્મોત્તર જેવાં પુરાણોમાં વિસ્તારથી મળી આવે છે.

**:: <u>ષડ્દર્શનો</u> ::**

પુરાણોમાં 'સર્વદર્શનસંગ્રહ'ના બધાં જ દર્શનોના મૂળભૂત સિદ્ધાંતોનો સમાવેશ થઈ ગયો છે. એ બધા દર્શનોમાં સાંખ્યદર્શનને સૌથી પ્રાચીન માનવામાં આવે છે. તેનું સાંગોપાંગ વર્ણન બ્રહ્મપુરાણના ૨૩૫ થી ૨૪૪ સુધીના દસ અધ્યાયોમાં થયું છે, જે કરાલજનક તથા વસિષ્ઠના સંવાદના રૂપમાં રજૂ થયું છે. શ્રીમદભાગવતપુરાણના તૃતીય સ્કંધના ૨૪ થી ૩૩ સુધીના અધ્યાયોમાં કપિલ–દેવહૂતિના સંવાદમાં સેશ્વર–સાંખ્યનું વર્ણન થયું છે, જેમાં પચ્ચીસ તkવોનું વિસ્તારથી વિવેચન થયેલું છે; પરંતુ અગિયારમા સ્કંધના બાવીસમા અધ્યાયમાં ૨૮ તkવોની ગણના થયેલી છે. યોગદર્શનનું વર્ણન તો લગભગ બધા જ પુરાણોમાં કરવામાં આવ્યું છે; પરંતુ બધાથી વિશદ અને યોગદર્શનના પદ્યાનુવાદ જેવું વર્ણન લિંગપુરાણના પૂર્વાર્ધના ૮ થી ૧૦ તથા ૬૬ થી ૮૮ સુધીના અધ્યાયોમાં થયું છે.પ્રાચીન યોગશાસ્ત્રનું વર્ણન વિષ્ણુપુરાણના છઠ્ઠા અંશમાં ખાંડિકય અને કેશિધ્વજના સંવાદમાં તથા સ્કન્દપુરાણના કાશીખંડના ૪૧મા અધ્યાયમાં લગભગ ૧૯૦ શ્લોકોમાં થયું છે. જો કે, પૂર્વમીમાંસા, પ્રાચીનન્યાય, નવ્યન્યાય અને વૈશેષિકદર્શનનું વર્ણન પુરાણોમાં સાંખ્ય અને યોગની જેમ સ્વતંત્રતાપૂર્વક પ્રાપ્ત થતું નથી, છતાં પુરાણોના વિભિન્ન પ્રકરણોમાં એ દર્શનોના સિદ્ધાંતોનું પ્રતિપાદન થયું છે. વિષ્ણુધર્મોત્તરપુરાણના તૃતીય ખંડના ચોથા, પાંચમા અને છઠ્ઠા અધ્યાયમાં એનું સંક્ષેપમાં પણ એકદમ સ્પષ્ટ વિવેચન કરવામાં આવ્યું છે. આત્મતkવ, ઔપનિષદજ્ઞાન, ઉત્તરમીમાંસા, બ્રહ્મસૂત્ર કે વેદાંતનો નિર્દેશ બધા જ પુરાણોમાં વિસ્તારથી પ્રાપ્ત થાય છે.[૧૩૨]

અન્યદર્શનોમાં ચાર્વાકદર્શનનો વિસ્તૃત ઉલ્લેખ પુરાણોમાં પ્રાપ્ત થાય છે.[૧૩૩] જૈનદર્શનને પુરાણોમાં 'અર્હત્–મત' કહેવામાં આવેલ છે. ઋષભદેવને આ દર્શનના આદ્યાચાર્ય કહ્યા છે. ભગવાનના ૨૪ અવતારોમાં એમની પણ ગણના થયેલી છે. લગભગ બધા જ પુરાણોમાં બૌદ્ધમત તથા બુદ્ધાવતારની ચર્ચા મળી આવે છે. પદ્મ, સ્કન્દ, કલ્કિ, એકામ્રાદિ પુરાણોમાં તેનું વિસ્તૃત વર્ણન મળે છે. પુરાણોમાં મોટેભાગે પૂર્વપક્ષના રૂપમાં બૌદ્ધમતની ચર્ચા થયેલી છે. પુરાણોમાં ખાસ કરીને શૈવપુરાણોમાં બધે જ માહેશ્વરદર્શનનું વિસ્તૃત વિવેચન મળે છે. પુરાણોમાં તંત્રોના વિષયો પણ વર્ણવાયેલા છે.[૧૩૪]

**:: <u>યજ્ઞ</u> ::**

ભારતીય સંસ્કૃતિ અને વેદ–પુરાણોમાં યજ્ઞોનો અપાર મહિમા વર્ણવવામાં આવ્યો છે. યજ્ઞો દ્વારા વિશ્વાત્મા પ્રભુને સંતૃપ્ત કરવાનો વિધિ દર્શાવવામાં

આવ્યો છે. ઋગ્વેદનો તો આરંભ જ યજ્ઞોનાં ઉપકરણોના સ્મરણથી થયેલો છે.[૧૩૫] યજ્ઞો સકામ અને નિષ્કામ એમ બે પ્રકારના હોય છે. અગ્નિ, ભવિષ્ય, ભાગવત, સ્કંદ, મત્સ્યાદિ પુરાણોમાં યજ્ઞો અને તેના વિધિ–વિધાનોનું વિસ્તૃત તથા સ્પષ્ટ વિવરણ મળી આવે છે. અનેક રાજાઓ, ઋષિઓ વગેરેના ચરિત્ર–વર્ણનોમાં વિવિધ યજ્ઞાનુષ્ઠાનોનાં સુંદર આખ્યાન–ઉપાખ્યાનો પણ પુરાણોમાં મળે છે. આ યજ્ઞોથી પરમપુરુષ નારાયણની જ આરાધના થાય છે. શ્રીમદભાગવતપુરાણમાં કહ્યું છે કે,–

"જેના રાજય અથવા નગરમાં વર્ણાશ્રમધર્મોનું પાલન કરનારાં (લોકો) ભગવાન યજ્ઞપુરુષની આરાધના કરે છે, હે મહાભાગ! ભગવાન પોતાની વેદ–શાસ્ત્રરૂપી આજ્ઞાનું પાલન કરનાર, તે રાજા પર પ્રસન્ન રહે છે. કેમ કે, તે જ સંપૂર્ણ વિશ્વનો આત્મા છે અને બધાં જ પ્રાણીઓનો રક્ષક છે."[૧૩૬]

'પદ્મપુરાણ'માં યજ્ઞને કલ્યાણનો હેતુ કહ્યો છે –

**“आप्यायनं वै कुर्वन्ति यज्ञाः कल्याणहेतवः ।”**[૧૩૭]

પુરાણોએ અનેકવિધ યજ્ઞોનું વર્ણન પ્રસ્તુત કર્યું છે. બધાં જ પુરાણોએ શકિત–અનુસાર યજ્ઞો કરવા પર ઘણો જ ભાર મૂકયો છે.

### :: ભૂગોળ ::

ભૂગોળ કે ભુવનકોશ પણ પુરાણોનો એક મહkવનો વર્ણ્ય–વિષય રહ્યો છે.અનેક પુરાણોએ ભૂગોળનું વર્ણન પ્રસ્તુત કર્યું છે. પુરાણકારોએ ભૂગોળનું વર્ણન બે પ્રકારે કર્યું છે– (૧) સમગ્ર પૃથ્વીને ધ્યાનમાં લઈને તથા (૨) ભારતવર્ષની ભૂગોળ. આથી, પુરાણોની ભૂગોળ માત્ર ભૂલોક પૂરતી જ સીમિત ન રહેતાં પાતાલલોક સુધી વિસ્તરી છે. આ બન્નેમાં ભારતવર્ષની ભૂગોળનાં વર્ણન કરતાં પૃથ્વીની ભૂગોળના વર્ણનમાં વધારે યથાર્થતા જોઈ શકાય છે. ભારતની ભૂગોળના વર્ણનમાં વાસ્તવ કરતાં કલ્પનાઓનું આધિકય જણાય છે. આ અંગે આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું કથન છે કે, – **“मेरी द्दष्टि में संसार के पौराणिक भू-विवरण में कल्पना का उतना समावेश नहीं है, जितना साधारण-तया समझा जाता है । आजकल के वैज्ञानिक युग में परिज्ञात तथा बहुशः वर्णित समस्त भूमिखण्ड पुराणकारों को सर्वथा ज्ञात थे और उन्होंने इसका विवरण बड़ी यथार्थता से दिया है ।”**[૧૩૮]

પૃથ્વીનું ચાર[૧૩૯] કે સપ્ત[૧૪૦]દ્વીપોમાં વિભાજનની કલ્પના પૌરાણિક ભૂગોળની વિશિષ્ટતા છે. એમાંથી કુશદ્વીપ, શકદ્વીપ અને જમ્બૂદ્વીપ, એ ત્રણ દ્વીપોની સ્પષ્ટ ઓળખાણ સિદ્ધ થઈ ચૂકી છે.[૧૪૧] પુરાણોમાં સમગ્ર પૃથ્વીની કમળ પુષ્પના રૂપમાં કલ્પના કરવામાં આવી છે.[૧૪૨] મેરુપર્વતને સમગ્ર પૃથ્વીના કેન્દ્રબિંદુ સમાન ગણાવવામાં આવ્યો છે.[૧૪૩] મત્સ્યપુરાણમાં તેને અવ્યકત બ્રહ્મનું નાભિબંધન માનવામાં આવેલ છે.[૧૪૪]આ મેરુ પર્વતના આધારે જ પૃથ્વીના ચારેય મહાદ્વીપોની

સ્થિતિને દર્શાવવામાં આવી છે.[૧૪૫]પુરાણોની ચતુર્દ્વીપા પૃથ્વીની કલ્પનામાં પ્રત્યેક મહાદ્વીપમાં એક વિશિષ્ટ પર્વત, એક નદી, એક વૃક્ષકુંજ, એક સરોવર તથા એક સુપ્રસિદ્ધ વૃક્ષની સ્થિતિ દર્શાવવામાં આવી છે. જયારે સપ્તદ્વીપા પૃથ્વીની કલ્પનામાં પ્રત્યેક દ્વીપમાં સાત નદીઓ, સાત પર્વતો વગેરેનું વર્ણન મળી આવે છે.[૧૪૬]

ભારતની ભૂગોળનું તો અત્યંત વિસ્તૃત અને મહિમાવાન વર્ણન પુરાણો પ્રસ્તુત કરે છે. આ દેશનું 'ભારતવર્ષ' એવું નામ પડયું, એ પહેલાં, એ 'જમ્બૂદ્વીપ',[૧૪૭] 'અજનાભ',[૧૪૮]'હૈમવતવર્ષ'[૧૪૯] વગેરે નામોથી ઓળખાતો. પુરાણોમાં ભારતવર્ષનું વર્ણન તેના ભૂમિગત આકારના આધારે બે પ્રકારે થયેલું છે– (૧) કૂર્મ સંસ્થાનના રૂપમાં અને (૨) કાર્મુક સંસ્થાનના રૂપમાં. કૂર્મ અર્થાત્ કાચબાના જુદાં જુદાં નવ અંગો–(૧)મધ્યભાગ, (૨) મુખ, (૩) પૂર્વ–દક્ષિણ ચરણ, (૪) દક્ષિણ બાજુનું પડખું, (૫) પશ્ચિમ–દક્ષિણ ચરણ, (૬) પૃષ્ઠભાગ, (૭) પશ્ચિમોત્તર ચરણ, (૮) ઉત્તર બાજુનું પડખું અને (૯) પૂર્વોત્તર ચરણ–ના સાદશ્યના આધારે ભારતવર્ષનું નવ ભાગોમાં વિભાજન કરીને 'કૂર્મ સંસ્થાન'નું વર્ણન પ્રસ્તુત થયું છે.[૧૫૦] આ કૂર્મ–સ્વરૂપ ભારતવર્ષનું મુખ પૂર્વ દિશામાં રહેલું છે. આ સ્થિતિમાં રહેલાં કાચબાની કલ્પના દ્વારા 'કૂર્મ સંસ્થાન–ભારતવર્ષ'ની આકૃતિની કલ્પના અહીં પ્રસ્તુત થયેલી છે.

ભારતના કૂર્મસંસ્થાનિક વર્ણનમાં જેમ કાચબાની આકૃતિની કલ્પના કરવામાં આવી છે, તેમ, કાર્મુકસંસ્થાનિક વર્ણનમાં પ્રત્યંચા ચડાવેલ કાર્મુક અર્થાત્, ધનુષ્યના આકારની કલ્પના કરવામાં આવી છે. સમગ્ર ભારતવર્ષની ભૌગોલિક સ્થિતિ તીર ચડાવીને ખેંચાયેલી દોરીવાળા ધનુષ્યના જેવી છે, જેની પ્રત્યંચાના રૂપમાં ઉત્તર દિશામાં રહેલ હિમાલય છે અને તેનો તીર સહિત ખેંચાયેલો ભાગ દક્ષિણની તરફ ફેલાયેલો છે–

**“दक्षिणापरतो ह्यस्य पूर्वेण च महोदधिः ।**
**हिम्नानुत्तरेणास्य कार्मुकस्य यथा गुणाः ।।”**[१५१]

ભારતનું આવું કૂર્મસંસ્થાનિક વર્ણન અનેક પુરાણોમાં પ્રાપ્ત થાય છે.[૧૫૨]આ બધામાં માર્કણ્ડેયપુરાણનું વર્ણન ઘણું જ વિસ્તૃત છે.[૧૫૩] આ વર્ણનમાં માર્કણ્ડેયપુરાણની વિશેષતા એ છે કે, તેમાં કૂર્મ સંસ્થાનિક અને કાર્મુક સંસ્થાનિક બન્ને પ્રકારના વર્ણનો પ્રાપ્ત થાય છે.[૧૫૪] પુરાણોએ ભારતનું વિભાજન નવખંડોમાં કર્યું છે– **“भारतस्य च वर्षस्य नव भेदान् निबोधत ।**
**इन्द्रद्वीपः कसेरुश्च ताम्रपर्णो गभस्तिमान ।।**
**नागद्वपस्तथा सौम्यो गन्धर्वस्त्वथ वारुणः ।**
**अयं तु नवमस्तेषां द्वीपः सागर संवृतः ।।”**[१५५]

આ જ પ્રકારનાં વર્ણનો માર્કણ્ડેયપુરાણ, વાયુપુરાણ તથા વામનપુરાણમાં પણ આપવામાં આવેલ છે.[૧૫૬] પુરાણોમાં પ્રસ્તુત આ ભુવનકોશવર્ણન અનેક તથ્યો ધરાવે છે, જે અલગ સંશોધનના વિષયો બની રહે છે.

:: **વાસ્તુશાસ્ત્ર** ::

'વાસ' અર્થાત્, 'સ્થાન'–'નિવાસસ્થાન' ને 'વાસ્તુ' કહેવામાં આવે છે. આથી, નિવાસસ્થાન સંબંધી શાસ્ત્ર, તે વાસ્તુશાસ્ત્ર. આમાં ભૂમિસંબંધી, નગરાદિની રચના સંબંધી તથા વાવ, તળાવ, કૂવો, ઉદ્યાન વગેરેની રચના, વૃક્ષારોપણ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. મુખ્યત્વે વાસ્તુશાસ્ત્રનો સંબંધ સ્થાપત્યકલા સાથે રહેલો છે. આ એક સ્વતંત્ર શાસ્ત્ર છે. આ શાસ્ત્રના 'વાસ્તુરાજવલ્લભ' તથા 'સમરાંગણસૂત્રધાર' જેવા પ્રસિદ્ધ ગ્રંથો પણ પ્રાપ્ત થાય છે. પુરાણોમાં પણ આ શાસ્ત્રના અનેક મહ઼ત્વપૂર્ણ વિષયોનાં વર્ણનો થયેલાં છે.[૧૫૭]મત્સ્યપુરાણ(અ. ૨૫૨)માં વાસ્તુશાસ્ત્રના ભૃગુ, અત્રિ, વસિષ્ઠાદિ અઢાર ઉપદેષ્ટા–આચાર્યોનાં નામો આપ્યાં છે, જેમાંથી વિશ્વકર્માને દેવોના તથા મયને દાનવોના શિલ્પી કહેલ છે.[૧૫૮]મત્સ્યપુરાણ (અ. ૨૫૧)માં વાસ્તુદેવતાના ઉદ્ભવ સંબંધી એક કથા પ્રાપ્ત થાય છે– " પ્રાચીનકાળમાં અંધકાસુરના વધના સમયે ભગવાન શિવના લલાટ પરથી પૃથ્વી પર જે પરસેવાના બિંદુઓ પડયાં, તેમાંથી એક વિકરાળ મુખ અને ભયંકર આકૃતિવાળો પુરુષ પ્રગટ થયો. તેણે અંધકગણોનું રકતપાન કર્યું, પરંતુ તેમ છતાં પણ તેને તૃપ્તિ ન થઈ. આથી, તે ભૂખથી વ્યાકુળ બનીને ત્રિલોકીનું ભક્ષણ કરવા માટે તૈયાર થયો. ત્યારપછી શંકરાદિ દેવતાઓએ તેને પૃથ્વી પર સુવડાવીને તેના શરીરમાં બધા જ દેવતાઓએ વાસ કર્યો, તેથી તે 'વાસ્તુપુરુષ' કે 'વાસ્તુદેવતા' ના નામથી પ્રસિદ્ધ થયો. દેવતાઓએ તેને ગૃહનિર્માણ, વૈશ્વદેવ–બલિ તથા પૂજન–યજ્ઞ–યાગાદિના સમયે પૂજિત થવાનું વરદાન આપીને પ્રસન્ન કર્યો." આથી, આજે પણ વાસ્તુદેવતાનું પૂજન થાય છે. વાસ્તુદેવતાના શરીરમાં ૬૪ તથા ૮૧ દેવતાઓનો વાસ હોવાનું પુરાણોમાં વર્ણવાયેલ છે. અગ્નિપુરાણમાં તેના પૂજનનો વિધિ વિસ્તારપૂર્વક દર્શાવવામાં આવેલ છે.

:: **ચિત્રશાસ્ત્ર** ::

ચિત્રશાસ્ત્ર કે ચિત્રકલા અતિ પ્રાચીન વિદ્યા છે. પુરાણોમાં ભગવાન નારાયણને આ વિદ્યાના આદ્ય આચાર્ય તથા પ્રવર્તક માનવામાં આવેલ છે. વિશ્વકર્માએ એમની પાસેથી આ કલા શીખી અને એ રીતે સર્વત્ર તેનો પ્રચાર–પ્રસાર થયો. આજે પ્રાપ્ત થતાં ચિત્રકલાના અનેક ગ્રંથોનાં મૂળ પુરાણોમાં વિદ્યમાન છે. ચિત્રકલાને લગતી અનેક કથાઓ પુરાણોમાં પ્રાપ્ત થાય છે.[૧૫૯] આ કથાઓમાં ચિત્રકલાના ઉદ્ભવ અંગેનું મહત્ત્વપૂર્ણ વિવરણ પ્રાપ્ત થાય છે. પુરાણોમાં આ શાસ્ત્રના વિષયો તથા ચિત્રોની રચના અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. વિષ્ણુધર્મોત્તરપુરાણમાં બે સ્થાનોએ કુલ અગિયાર અધ્યાયોમાં વિસ્તારથી દેવતા, ઋષિ, મુનિ, મનુષ્ય, ગન્ધર્વ, અપ્સરા, દૈત્ય, દાનવ, પશુ–પક્ષી, સૂર્ય, ચન્દ્ર, શંખ, પદ્માદિ નિધિઓ, સમુદ્ર, સાગર, શૈલશિખર, પ્રાકૃતિક દશ્યો, ઉદ્યાનો, પ્રાતઃકાલ, સાયંકાલ, રાત્રિ, દિવસ તથા સર્વતોભદ્રમંડલાદિનાં સુંદર ચિત્રોના આકાર–પ્રકાર,

તેને બનાવવાનો વિધિ તથા વિવિધ રંગોના પ્રયોગોનો વિધિ પણ નિર્દિષ્ટ છે.[૧૬૦] ચિત્રકલાના માહાત્મ્ય વિશે તેનું કથન છે, કે–

"યથા સુમેરુઃ પ્રવરો નગાનાં
યથાણ્ડજાનાં ગરુડઃ પ્રધાનઃ ।
યથા નરાણાં પ્રવરઃ ક્ષિતીશસ્-
તથા કલાનામિહ ચિત્રકલ્પઃ ।।"[૧૬૧]

અર્થાત્, "જેમ પર્વતોમાં સુમેરુ, પક્ષીઓમાં ગરુડ તથા મનુષ્યોમાં રાજા શ્રેષ્ઠ છે, તેમ, કલાઓમાં ચિત્રકલા શ્રેષ્ઠ છે."

**:: પ્રતિમાશાસ્ત્ર ::**

આને મૂર્તિશાસ્ત્ર પણ કહે છે. ચિત્રકલાની સાથે આનો ઘનિષ્ઠ સંબંધ હોવા છતાં પ્રતિમાશાસ્ત્રમાં મુખ્યત્વે ઉપાસનાને યોગ્ય દેવતાઓની મૂર્તિઓનાં લક્ષણો, તેમનું પરિમાણ તથા રચનાવિધિ નિર્દિષ્ટ હોય છે. પ્રતિમામંડન, કાશ્યપશિલ્પ, શિલ્પરત્ન, અંશુમતભેદાગમ, સુપ્રભેદાગમ તથા પાંચરાત્રાગમાદિ પ્રતિમાશાસ્ત્રના ગ્રંથોમાં ઘણા જ વિસ્તારથી દેવતાઓની વિભિન્ન પ્રતિમાઓ અને શિવલિંગાદિની રચનાઓના વિધિ દર્શાવવામાં આવેલા છે, પરંતુ પુરાણોમાં પણ આ વિષયોનું સંક્ષિપ્ત છતાં સ્પષ્ટ વિવેચન પ્રાપ્ત થાય છે.[૧૬૨] પુરાણોમાં સપરિકર વિષ્ણુ,[૧૬૩]વાસુદેવાદિ ચતુર્વ્યૂહ, રામાદિ અવતાર,[૧૬૪] સદ્યોજાત–વામદેવાદિ શિવ તથા તેમનો પરિવાર,[૧૬૫] શિવલિંગ,[૧૬૬] અશ્વિનીકુમાર, શચી–ઈન્દ્ર, ચિત્રગુપ્ત, ધર્મરાજ, વરુણ, સ્વાહા તથા સ્વધાની સાથે અગ્નિ, સાવિત્રી સાથે બ્રહ્મા, સરસ્વતી, દુર્ગા વગેરે દેવીઓ, સૂર્યાદિ નવગ્રહો, ચોસઠ યોગિનીઓ, આઠ દિગ્પાલ, મરુદ્‌ગણ, હયગ્રીવ, વિશ્વકર્મા, ચૌદ પત્નીઓ સહિત ધર્મ, તુંબરુ આદિ ગંધર્વગણ, કશ્યપાદિ પ્રજાપતિ, આકાશાદિ પંચમહાભૂતો તથા વેદાદિ શાસ્ત્રોની પ્રતિમાઓનાં લક્ષણો, તેમનાં પરિમાણો તથા પ્રતિમાઓના નિર્માણના વિધિઓ પ્રાપ્ત થાય છે. પુરાણોમાં દર્શાવવામાં આવ્યું છે કે, પ્રતિમાનું નિર્માણ સુવર્ણાદિ અષ્ટ ધાતુ, પત્થર, લાકડું, માટી, રેતી તથા રત્નાદિમાંથી કરવું જોઈએ. મનોમયી પ્રતિમાના સ્વરૂપ અંગે પણ વિસ્તારથી કહેવામાં આવ્યું છે. મૂર્તિની રચનામાં ઉપયુકત વિભિન્ન ધાતુઓ, કાષ્ઠ, શિલા વગેરેના પરિક્ષણનું વિધાન પણ નિર્દિષ્ટ છે. ઘરમાં પૂજાને માટે બનાવવામાં આવતી પ્રતિમા અને મંદિર વગેરેમાં સ્થાપના કરવા માટે બનાવવામાં આવતી પ્રતિમા વચ્ચે શું ભેદ છે? તેમનાં પરિમાણો શું છે? વગેરેનું વિવેચન પણ પ્રાપ્ત થાય છે.[૧૬૭]

**:: શિલ્પશાસ્ત્ર ::**

પુરાણોમાં પ્રભાસ નામના આઠમા વસુના પુત્ર વિશ્વકર્માને શિલ્પશાસ્ત્ર અને કલાઓના આચાર્ય કહેવામાં આવ્યા છે. એમણે પોતાના પુત્રો

તથા શિષ્યોની સાથે મળીને શિલ્પશાસ્ત્રનો પ્રચાર–પ્રસાર કર્યો. મુખ્યત્વે હાથથી સંપાદિત થતી વિવિધ કલાઓને 'શિલ્પ' કહેવામાં આવે છે. આ કલાઓનું જ્ઞાન આપનાર શાસ્ત્રને 'શિલ્પશાસ્ત્ર' કે 'શિલ્પવિદ્યા' કહે છે. આ શાસ્ત્રમાં પ્રાસાદ–શિલ્પ, આભૂષણ–ઘટ્ટન–શિલ્પ, ધાતુ તથા રંગોના મિશ્રણ સંબંધી શિલ્પ, કાષ્ઠશિલ્પ, ઉદ્યાન–રચના–શિલ્પ, પાત્ર–શિલ્પ, શસ્ત્રનિર્માણ–શિલ્પ, વાયુયાનનિર્માણ–શિલ્પ, ભિત્તિ–શિલ્પ વગેરેવિવિધ કલાઓનો સમાવેશ થાય છે. વિવિધ શિલ્પોના જ્ઞાતા વાસ્તુકાર, રથકાર, માલાકાર, કાંસ્યકાર, લૌહકાર, કાષ્ઠકાર, સ્વર્ણકાર, મણિકાર, કુંભકાર વગેરે નામોથી ઓળખાય છે. બ્રહ્મપુરાણ તથા વિષ્ણુધર્મોત્તરપુરાણમાં શિલ્પશાસ્ત્રનું વિસ્તૃત વર્ણન મળી આવે છે.

**:: <u>ધર્મશાસ્ત્રીય બાબતો</u> ::**

પુરાણોએ તમામ વર્ણો માટે સુખમય તથા શાંતિમય જીવનની પ્રાપ્તિ માટેના અનેક અત્યંત સુગમ ઉપાયો દર્શાવ્યા છે. આવા ઉપાયોમાં દાન, શ્રાદ્ધ, વ્રત, તીર્થ, પવિત્ર નદીઓમાં સ્નાન, આચાર, ભકિત, અહિંસા તથા ભગવન્નામકિર્તનાદિનો સમાવેશ થાય છે. આ બધા ઉપાયોમાં **'દાન'** એક મહત્ત્વનો ઉપાય મનાયો છે. દેવી ભાગવતપુરાણનું વિધાન છે કે – "અનીતિથી પ્રાપ્ત કરેલાં ધન વડે કરવામાં આવેલ શુભકર્મ વ્યર્થ છે."[૧૬૮] તેથી પુરાણોનું માનવું છે કે, બુદ્ધિમાન મનુષ્યે નીતિપૂર્વક પ્રાપ્ત કરેલાં ધનનો દસમો ભાગ ઇશ્વરની પ્રીત્યર્થે દાન–કર્મમાં વાપરવો જોઈએ.[૧૬૯] માર્કણ્ડેયપુરાણ નોંધે છે કે, –

**"न स्वर्गे ब्रह्मलोके वा तत् सुखं प्राप्यते नरैः ।**
**यदार्तजन्तुनिर्वाण दानोत्थमिति मे मतिः ।।"**[१७०]

પુરાણોમાં દાનના વિવિધ સ્વરૂપો વર્ણવાયાં છે. એમાં અન્નદાન, દ્રવ્યદાન, સ્વર્ણદાન, ભૂમિદાન તથા ગોદાનનું વિશેષ મહત્ત્વ છે. દાનનાં કેટલાંક વિશિષ્ટ સ્વરૂપો પણ દર્શાવવામાં આવ્યાં છે. જેમકે, ધેનુદાન, પર્વતદાન વગેરે. આ પ્રકારના ધેનુદાનમાં ગુડધેનુ,[૧૭૧] શર્કરાધેનુ, ઘૃતધેનુ, તિલધેનુ, ક્ષીરધેનુ આદિ દ્રવ્યધેનુ અર્થાત્, તે–તે દ્રવ્યોમાંથી બનાવવામાં આવેલી ગાયની મૂર્તિઓના દાનનું વિધાન છે. આ પ્રકારની ધેનુ તથા પર્વતોના દાનના મત્સ્યપુરાણ દસ–દસ પ્રકારો ગણાવે છે.[૧૭૨] મત્સ્યપુરાણમાં અધ્યાય ૮૨ થી ૯૨ સુધી આવાં વિવિધ દાનોનાં વિધિ અને માહાત્મ્યો વર્ણવ્યાં છે. દેવી ભાગવતપુરાણમાં પણ એક આખો અધ્યાય જુદાં જુદાં દાનોને વર્ણવે છે.[૧૭૩] બલ્લાલસેનના 'દાનસાગર' તથા લક્ષ્મીધરના બધા જ નિબંધોમાં અન્ય તમામ પુરાણો કરતાં મત્સ્યપુરાણના જ શ્લોકો (લગભગ ૬૫૦) વધારે ઉદ્ધૃત કર્યા છે.

**'શ્રાદ્ધ'** પણ પુરાણોનો એક મહત્ત્વનો વર્ણ્ય–વિષય છે. અનેક પુરાણોએ શ્રાદ્ધ–વિધિને વિસ્તારપૂર્વક વર્ણવેલ છે.[૧૭૪] જેમાં શ્રાદ્ધના વિવિધ પ્રકારો, શ્રાદ્ધ કરવાનો સમય, શ્રાદ્ધમાં નિમંત્રણ આપવાને યોગ્ય બ્રાહ્મણનાં

લક્ષણો, શ્રાદ્ધોમાં પિતૃઓને અર્પણ કરવા માટેનાં હવ્ય–કવ્યની પ્રાપ્તિ, સાધારણ, આભ્યુદયિક, અન્વાહાર્યક, એકોદિષ્ટ, સપિંડીકરણાદિ શ્રાદ્ધોના વિધિ વગેરે બાબતોને સવિસ્તર વર્ણવેલ છે. મત્સ્યપુરાણ અધ્યાય–૧૭માં શ્રાદ્ધ–કાર્ય કરવા માટે વર્ષના જુદા–જુદા ૯૬ દિવસોને ગણાવેલ છે. શ્રાદ્ધતkવ, શ્રાદ્ધવિવેક, શ્રાદ્ધપ્રકાશ, શ્રાદ્ધકલ્પલતા વગેરે જેવા શ્રાદ્ધ–વિધિની ચર્ચા કરતાં ગ્રંથોમાં પણ આ જ દિવસોને ઉત્તમ ગણાવેલ છે.

અંતઃકરણની શુદ્ધિ માટે પુરાણોએ **'વ્રત'** ને પણ આવશ્યક ગણાવેલ છે. કાયિક, વાચિક, માનસિક, નિત્ય, નૈમિત્તિક, કામ્ય, એકભુકત, મિતભુકત, અયાચિત, ચાન્દ્રાયણ, પ્રાજાપત્ય એમ અનેક પ્રકારનાં વ્રતોનાં વિવરણો પુરાણોમાં પ્રાપ્ત થાય છે. વ્રત કરવાથી દેવતાઓ વ્રત કરનાર પર પ્રસન્ન થઈને, તેને ભોગ, મોક્ષાદિ પ્રદાન કરે છે.[૧૭૫] ક્ષમા, સત્ય, દયા, દાન, પવિત્રતા, સંયમ, દેવપૂજા, હવન, સંતોષ અને ચોરીનો અભાવ– આ દસ નિયમોના પાલનને તમામ વ્રતોમાં આવશ્યક માનવામાં આવેલ છે.[૧૭૬] વ્રત કરનારે એ બાબતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે, વ્રતનો આરંભ કર્યા પછી, જો તે ક્રોધ, લોભ, મોહ કે આળસને વશ થઈ, એ વ્રતને અધુરું જ છોડી દે તો તેણે ત્રણ દિવસ સુધી અન્નનો ત્યાગ કરી, મસ્તક મુંડાવીને પ્રાયશ્ચિત કર્યા પછી જ પુનઃ વ્રતનો પ્રારંભ કરવો જોઈએ.[૧૭૭] મત્સ્યપુરાણને તો 'વ્રતોનું પુરાણ' જ કહેવામાં આવે છે. તેમાં ૩૫ અધ્યાયોમાં અનેક વ્રતોના વિધિ તથા માહાત્મ્યો વર્ણવ્યાં છે. મત્સ્યપુરાણનો એકલો ૧૦૧મો અધ્યાય જ સાઠ વ્રતોનું વિધાન અને માહાત્મ્ય પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત, ગરુડપુરાણ, સ્કન્દપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ, શ્રીમદ્ ભાગવતપુરાણ વગેરેમાં પણ વ્રતોનું માહાત્મ્ય વર્ણવ્યું છે.

પુરાણોમાં **'તીર્થ'** ના મહિમાના પણ વિસ્તૃત વર્ણનો કરવામાં આવેલાં છે. ભગવાનના અવતારોનાં પ્રાકટ્ય–સ્થાનો, બ્રહ્માદિ વિશિષ્ટ દેવતાઓની યજ્ઞ–ભૂમિઓ, વિશિષ્ટ નદીઓ તથા તેના સંગમો, તેના કિનારે આવેલાં નગરો, પવિત્ર વન, પર્વત, સરોવર, ઝરણાં તથા પ્રભાવશાળી સંત, ભકત, ઋષિ–મુનિ–મહાત્માઓનાં તપ–સ્થાનો કે ક્ષેત્રોને પુરાણોએ 'તીર્થસ્થાન' તરીકે ઓળખાવેલ છે. 'તીર્થ'નું મહkવ દર્શાવતું આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું વિધાન છે કે, –**''तीर्थ भारतवासियों को एकता के सूत्र में बांधनेवाले साधनों में अन्यतम हैं ।''**[૧૭૮] મહામહોપાધ્યાય પી. વી. કાણે એ પણ પોતાના પુસ્તક **'धर्मशास्त्र का इतिहास'**(ખંડ–૪) માં પુરાણોમાં નિર્દિષ્ટ મુખ્ય તીર્થોનું મહત્ત્વપૂર્ણ વિવરણ પ્રસ્તુત કર્યું છે. મત્સ્યપુરાણ,[૧૭૯] બ્રહ્મપુરાણ,[૧૮૦] અગ્નિપુરાણ[૧૮૧] વગેરે અનેક પુરાણોમાં તીર્થોનાં માહાત્મ્યોને વિસ્તારથી રજૂ કરવામાં આવ્યાં છે.

**'આચાર'** મનુષ્યનો સર્વશ્રેષ્ઠ ધર્મ છે. પુરાણોમાં 'આચાર' પર પણ ઘણી જ વિસ્તારથી અને સૂક્ષ્મતાપૂર્વક વિચારણા કરવામાં આવી છે. પુરાણનું કથન છે કે,–**''आचारहीनं न पुनन्ति वेदाः ।''**[૧૮૨] અર્થાત્, ''જે વ્યકિત

દેવી ભાગવતે કહ્યું છે કે,—

**"आचारवान् सदा पूतः सदैवाचारवान् सुखी ।**
**आचारवान् सदा धन्यः सत्यं सत्यं च नारद ।।"**[183]

વિષ્ણુધર્મોત્તરપુરાણનું કથન છે કે, "તમામ શુભ લક્ષણોથી યુકત હોવા છતાં આચારહીનને વિદ્યા કે અભિષ્ટની પ્રાપ્તિ થતી નથી, એવો પુરુષ નર્કનો ભાગી બને છે."[184] આનાથી ઊલટું, જે સત્—આચારનું પાલન કરે છે, તે પુરુષ સ્વર્ગ, કીર્તિ, આયુષ્ય, સન્માન તથા બધા જ લૌકિક ભોગોને ભોગવે છે. આચારવાનને જ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, રોગરહિત રહે છે, આયુષ્ય દીર્ઘ થાય છે અને બધા જ ઐશ્વર્યોને ભોગવે છે.[185] પુરાણોએ આચારના બે પ્રકારો કહ્યા છે— સદાચાર અને શૌચાચાર. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય, ઈર્ષ્યા, રાગ—દ્વેષ, અસત્ય, કપટ, છલ, દંભાદિ અસત્—આચારણોનો ત્યાગ અને સત્ય, અહિંસા, દયા, પરોપકાર, ક્ષમા, ધૃતિ, ઈન્દ્રિયનિગ્રહ, અક્રોધાદિનું આચરણ, તે સદાચાર છે. ગૃહસ્થના સદાચાર અંગે વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે,—

**"सदाचाररतः प्राज्ञो विद्याविनयशिक्षितः ।**
**पापेऽप्यपापः परुषे ह्यभिधत्ते प्रियाणि यः ।**
**मैत्रीद्रवान्तःकरणस्तस्य मुक्तिः करे स्थिता ।।"**[186]

સદાચારની જેમ શૌચાચારનું પણ પુરાણોમાં ઘણું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. શૌચાચારનો અર્થ 'શરીરાદિની બાહ્યશુદ્ધિ' થાય છે. પ્રાતઃકાળે બ્રાહ્મમૂહુર્તમાં ઉઠવાથી માંડીને રાત્રીના શયન સુધીના શૌચાચારોને પુરાણોએ વર્ણવ્યા છે.

**:: રાજધર્મ ::**

પુરાણોમાં યોગ્ય રાજાનાં લક્ષણો,રાજાનું કર્તવ્ય, રાજાનાં અંગો, રાજકર્મચારીઓનાં લક્ષણો, સામ, દામ(દાન), દંડ અને ભેદ, એ ચાર રાજાના મુખ્ય ધર્મો(ઉપાયો)નો વિનિયોગ કયારે કરવો જોઈએ વગેરે, રાજધર્મ—રાજનીતિ વિષયક બાબતો વિશે ઘણું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. મત્સ્યપુરાણમાં રાજાના સર્જન અંગે કહ્યું છે કે, —

**"दण्डप्रणयनार्थाय राजा सृष्टः स्वयम्भुवा ।**
**देवभागानुपादाय सर्वभूतादिगुप्तये ।।"**[187]

રાજયાભિષેક થયા પછી રાજાના પ્રથમ કર્તવ્ય વિશે મત્સ્યપુરાણનું કથન છે કે, —

"અભિષેકનું જળ મસ્તક પર પડવાની સાથે જ પોતાના સહાયકોનું વરણ કરી લેવું જોઈએ; કેમકે, રાજયનો ખરો ભાર તેમના શિરે જ હોય છે."[188]

રાજનીતિમાં સ્વામી, મંત્રી, રાષ્ટ્ર, દુર્ગ, સેના, કોશ તથા મિત્ર—આ સાતને રાજાનાં અંગો કહેવામાં આવ્યાં છે.[189] આમાંથી પ્રત્યેકનું વિવરણ પુરાણોમાં ઘણું જ વિસ્તારથી થયેલું છે.[190]

સામ, દામ(દાન), દંડ અને ભેદને રાજાના ચાર ઉપાયો કહેવામાં આવ્યા છે. પુરાણોમાં તેનું ઘણું જ વ્યાપક વર્ણન મળી આવે છે. જો કે, મત્સ્યપુરાણનું વર્ણન આ વિષયમાં થોડું વિશિષ્ટ છે. તેમાં ચારને બદલે ઉપેક્ષા, માયા અને ઈન્દ્રજાલને ઉમેરીને સાત ઉપાયોની વાત કરવામાં આવી છે.[૧૯૧]

પુરાણોમાં વર્ણવાયેલી રાજનીતિના વિષયમાં આચાર્ય બલદેવ ઉપાધ્યાય નોંધે છે કે, – " **'पोलिटीकल थोट्स इन ध पुरानाझ्' संपादक जगदीश लाल शास्त्री(लाहौर)। इस ग्रंथ में मत्स्य, अग्नि, मार्कण्डेय, गरुड, कालिका तथा विष्णुधर्मोत्तर के राजनीतिपरक अध्याय पूरे रूप के संगृहित हैं, तथा उनके आधार पर पुराणों के एतद्-विषयक विचार संक्षेप में दिये गये हैं ।**"[૧૯૨]

આમ, ભારતીય ધાર્મિક તથા સાંસ્કૃતિક પરંપરામાં પુરાણોનું અતિ મહત્ત્વનું સ્થાન છે. પુરાણો એક એવો વિશ્વકોશ છે, જેમાં ધાર્મિક, આર્થિક, નૈતિક, સાંસ્કૃતિક, સામાજિક, ઐતિહાસિક, ભૌગોલિક જેવા અનેક વિષયો અતિ સરલ અને સુગમ ભાષામાં વર્ણિત છે. જો કે, બધા પુરાણોમાં અગ્નિપુરાણ, ગરુડપુરાણ તથા નારદપુરાણને વિષય–વૈવિધ્યની દૃષ્ટિએ સ્વતંત્ર અને ઉત્કૃષ્ટ વિશ્વકોશો ગણી શકાય તેટલાં તે વિશાળ છે. પરંતુ વિષ્ણુધર્મોત્તરપુરાણ તો એ ત્રણ કરતાં પણ વિશાલ (લગભગ ૨૦ હજાર શ્લોકો) અને તેથી જ અત્યધિક મહત્ત્વપૂર્ણ પણ છે. એ ફકત કોશ જ નહીં પણ મહાકોશ છે. આ મહાગ્રંથ ત્રણ ખંડોમાં વિભાજિત થયેલ છે. આ એક જ પુરાણના વિષયવસ્તુ અંગેની માહિતી પુરાણોના વિષય–વ્યાપનું અનુમાન કરવા પૂરતી થઈ રહેશે, એમ માની અહીં તેનું સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવે છે;

**:: <u>પ્રથમખંડ</u> ::**

આ ખંડમાં ૨૬૯ અધ્યાયો છે. પ્રથમ પચાસ અધ્યાયોમાં પ્રારંભમાં નારાયણથી સૃષ્ટિનો ઉદ્‌ભવ અને તેના વિસ્તારનું વર્ણન છે. ત્યારબાદ વરાહાવતાર, પૃથ્વી વગેરે સાત લોકો, જમ્બૂદ્વીપ, નવ વર્ષો (ખંડો)માં ભારતવર્ષ, સાત કુલપર્વતો, મધુ–કૈટભાખ્યાન, સગરોપાખ્યાન, ભગીરથચરિત્ર, ગંગાવતરણ, દત્તાત્રેયચરિત્ર, કાર્તવીર્યચરિત્ર, જમદગ્નિ, ગાધિ, વિશ્વામિત્ર, માતા રેણુકા તથા પરશુરામ વગેરેનાં આખ્યાનો વિસ્તારથી વર્ણવવામાં આવ્યાં છે. ૫૧ થી ૬૫ સુધીના અધ્યાયો 'શંકરગીતા' તરીકે ઓળખાય છે. એમાં ભગવાન વિષ્ણુ અને એની ઉપાસનાપદ્ધતિ પર વિસ્તારથી પ્રકાશ પાથરવામાં આવ્યો છે. શ્રીમદભગવદ્‌ગીતા, અ. ૧૦માં તથા શ્રીમદભાગવતપુરાણ, સ્કંધ–૧૧, અ. ૨૦ની જેમ, આ પુરાણના ૫૬મા અધ્યાયમાં પણ ભગવાનની દિવ્ય વિભૂતિઓનું વર્ણન છે. અ. ૫૮માં ભગવાન કેશવને તુષ્ટ કરનારાં સાધનો તથા ક્રિયાકલાપોનું વર્ણન છે. આ અધ્યાયના અધિકાંશ શ્લોકોના ચોથા ચરણમાં થતું **'तस्य तुष्यति केशवः'** નું પુનરાવર્તન ઘણું હૃદ્ય છે. ૬૧ થી ૬૫ સુધીના અધ્યાયોમાં વૈષ્ણવવ્રતો તથા અભિગમનાદિ પંચવૈષ્ણવ–

કલાઓનું વિવરણ આપવામાં આવ્યું છે. ૭૪મા અધ્યાયમાં ભગવાન વિષ્ણુના પ્રમતિ, ભીમરથ વગેરે એવા અવતારોની કથાઓ પણ આપવામાં આવી છે કે, જેનો ઉલ્લેખ લગભગ અન્યત્ર કયાંય મળતો નથી. ત્યારબાદ, કલ્પ–મન્વંતરાદિનું વર્ણન તથા વિષ્ણુ–માહાત્મ્યના પ્રસંગમાં માર્કણ્ડેય તથા ભચક્રાદિના વર્ણનમાં ધ્રુવ વગેરેની કથાઓ વર્ણવાયેલી છે. ૧૨૨ થી ૧૩૯ સુધીના અધ્યાયોમાં કૃષ્ણાવતાર તથા પુરૂરવા–ઉર્વશીની કથા છે. ૧૪૯ થી ૨૦૦ સુધીના અધ્યાયોમાં શ્રાદ્ધ, વ્રત, દેવાલયનિર્માણ તેમજ વિષ્ણુપૂજા–પદ્ધતિ–સ્તુતિ વગેરે વર્ણવાયેલા છે. ૨૦૦ થી ૨૧૭મા અધ્યાયોમાં શ્રીરામની એવી કથાઓ વર્ણવાયેલી છે, જે પણ લગભગ અન્યત્ર કયાંય પ્રાપ્ત થતી નથી. એમાં ભરતના ઉદાત્તચરિત્રને વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે. ભરત તથા ગંધર્વોના યુદ્ધનું પણ સુંદર વર્ણન થયેલું છે. આગળના અધ્યાયોમાં શિવચરિત્ર, વિશ્વસર્ગ તથા વિષ્ણુશયનોત્સવ વગેરેની કથાઓ છે.

**:: <u>દ્વિતીયખંડ</u> ::**

આ ખંડમાં ૧૮૩ અધ્યાયો છે, જેમાં વિસ્તારથી રાજધર્મનું નિરૂપણ થયેલું છે. રાજનીતિનું એટલું વિસ્તૃત વર્ણન અન્યત્ર કયાંય નથી થયું. રાજનીતિના વર્ણનના આ પ્રસંગમાં જ પુરાણકારે રાજોપયોગી ધનુર્વિદ્યા, જયોતિર્વિદ્યા, શુકનશાસ્ત્ર, રત્નશાસ્ત્ર, શાંતિવિધાન, અશ્વ–ગજ–વૃક્ષ–લક્ષણ અને ચિકિત્સાદિ પર અત્યંત સુંદર પ્રકાશ પાથરવામાં આવ્યો છે. વર્ણાશ્રમધર્મ, સદાચાર, દાન, વ્રત, પ્રાયશ્ચિત વગેરેનું પણ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. આમાં ૩૫ થી ૪૧ સુધીના અધ્યાયોમાં 'પતિવ્રત' ના પ્રસંગમાં 'સાવિત્રી'નું મનોરમ આખ્યાન વર્ણવાયું છે. આ ખંડમાં વર્ણવાયેલી રત્ન, અશ્વ, ગજ, વૃક્ષ વગેરે જેવી વિદ્યાઓનું વર્ણન ઘણું જ મહkવપૂર્ણ છે.

**:: <u>તૃતીયખંડ</u> ::**

આ ખંડ આગળના બંને ખંડો કરતાં ઘણો જ મોટો અને વિષય–વૈવિધ્યની દષ્ટિએ પણ ઘણો જ વ્યાપક છે. આ ખંડમાં કુલ ૩૫૫ અધ્યાયો છે. જેમાં અનેક શાસ્ત્રો તથા વિદ્યાઓનો સમાવેશ થયેલો જોવા મળે છે. પ્રારંભના ૨૨૬ અધ્યાયોમાં ચિત્રકલા, પ્રતિમાશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, કામશાસ્ત્ર, નૃત્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, કોશવિદ્યા, કાવ્યશાસ્ત્ર, રાજયરાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, જયોતિષશાસ્ત્ર, શુકનશાસ્ત્ર, ધનુર્વેદ તથા શસ્ત્રવિદ્યા વગેરેનું વિસ્તૃત વર્ણન છે. આ વ્યાપક વર્ણનમાં વચ્ચે–વચ્ચે યજ્ઞ, હવન, દાન, પૂજા તથા પ્રતિષ્ઠાદિના વિધિઓ પણ વિસ્તારથી વર્ણવવામાં આવ્યા છે.

૨૨૭ થી ૩૪૨ સુધીના અધ્યાયોમાં વિવિધ ધર્મોનું વર્ણન થયેલું છે, જે 'હંસગીતા' ના નામે ઓળખાય છે. આમાં મુખ્યત્વે વર્ણધર્મ, આશ્રમધર્મ, ભક્ષ્યાભક્ષ્યનિરૂપણ, દ્રવ્યશુદ્ધિ, શૌચ–સ્નાનનિરૂપણ, જપવિધિ, પ્રાયશ્ચિત, ધર્મમહિમા, દાન–તપ–ગુરુ–વૃદ્ધની સેવા વગેરેનું ફળ, લોભ–મોહાદિ દોષોનું દર્શન, જ્ઞાન, સત્ય, તપ, શૌર્ય, અહિંસા, ક્ષમા, સદાચાર, તીર્થ, શ્રદ્ધા વગેરેનો

મહિમા, અષ્ટાંગયોગ, યજ્ઞ—યાગાદિ, ગૌસેવા, ઈષ્ટાપૂર્તમહિમા, વિવિધ પ્રકારના દાન, રાજધર્મ, વૈષ્ણવધર્મ તથા વૈષ્ણવભકિતનું વર્ણન છે. 'હંસગીતા' નામનો આ ભાગ માહિતીની દષ્ટિએ ઘણો જ ઘણો જ ઉપયોગી છે. તેમાં પણ વચ્ચે—વચ્ચે આવતા ઉપદેશો ઘણા જ માર્મિક છે.

૩૪૩ થી ૩૫૫ સુધીના અધ્યાયોમાં ફરી એકવાર વૈષ્ણવભકિતનું માહાત્મ્ય, અપરાજિતાવિદ્યાનું વર્ણન, વિષ્ણુસ્તુતિ તથા ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન અને એમના અષ્ટાક્ષર તથા દ્વાદશાક્ષર—મંત્રના મહિમાનું કથન તથા નૃસિંહ—સ્તુતિ વર્ણવાયેલ છે. આ બધામાં પણ વચ્ચે—વચ્ચે અનેક તીર્થો, પર્વતો, નદીઓ, દેવસ્થાનો અને ઋષિઓના આશ્રમોનુંય વર્ણન થયેલું છે.

મહામુનિ માર્કણ્ડેય તથા રાજા વજ્રના સંવાદરૂપે વર્ણવાયેલ આ પુરાણ પાપવિનાશ, ચતુર્વિધ પુરુષાર્થો—પુણ્ય—અભિષ્ટપ્રદાતા તથા ભગવદ્‌ભકિતથી પણ ઓતપ્રોત છે. આમ તો જો કે, આ પુરાણની ગણના ઉપપુરાણોમાં થાય છે. પરંતુ નારદપુરાણે તેને વિષ્ણુપુરાણનો જ ઉત્તરભાગ માન્યો છે. તેમાં બધા પુરાણોના વિષયોની સૂચિ આપવામાં આવી છે, જેમાં વિષ્ણુપુરાણના છ અંશોના વિષયોની સૂચિ આપ્યા પછી કહેવામાં આવ્યું છે કે,—

"આનાથી આગળ વિષ્ણુધર્મોત્તરપુરાણ છે, જેમાં વિવિધ પ્રકારની ધર્મકથાઓ, પવિત્રવ્રતો, યમ—નિયમો, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વેદાંત, જયોતિષશાસ્ત્ર તથા જુદી જુદી વિદ્યાઓનો નિર્દેશ થયેલો છે."[૧૯૩]

આથી, આ પુરાણને વિષ્ણુપુરાણના જ એક (ઉત્તર)ભાગરૂપ ગણીને તેમાં વર્ણવવામાં આવેલા વિષયોનું અહીં વિવરણ આપવામાં આવ્યું છે. આ વિવરણના આધારે પુરાણોનાં વિષય—વૈવિધ્ય અને વિષય—વ્યાપનું સ્વાભાવિક જ અનુમાન થઈ શકે છે.

******

## **૧:૯, પુરાણોની શૈલી :**

વેદોમાં 'શબ્દનું મહkવ છે. અર્થાત્, તે શબ્દપ્રધાન છે. 'શબ્દ' શ્રવણ કરવાનો વિષય છે. વેદોનું શ્રવણ થયું હોવાથી જ, તેને 'શ્રુતિ' તરીકે ઓળખવામાં આવે છે. જયારે પુરાણોમાં અર્થનું પ્રાધાન્ય છે. બ્રહ્મા દ્વારા તેનું સ્મરણ થયેલું છે.[૧૯૪] પૂર્વે જેનો અનુભવ થયેલો હોય, તેવા અર્થનું જ સ્મરણ શકય બને છે. આથી પુરાણોની રજૂઆતમાં અર્થનું મહkવ છે. પુરાણોમાં વેદના અર્થોનું ઉપબૃંહણ છે. 'ઉપબૃંહણ' શબ્દ **उप+बृंह्-**ધાતુ પરથી સિદ્ધ થાય છે. જેનો અર્થ થાય છે– 'કોઈક તથ્યને પુષ્ટ કરીને તેનો વિસ્તાર કરવો'. આથી, વેદના મંત્રો દ્વારા પ્રતિપાદિત અર્થોનો વિસ્તાર તથા પોષણ પુરાણોમાં થયેલ છે, એમ કહી શકાય. મહાભારતકારનું કથન છે કે– **"पुराणपूर्णचन्द्रेण श्रुतिज्योत्स्नाः प्रकाशिताः ।"**[૧૯૫] શ્રીમદ–ભાગવતપુરાણે પણ અનેક સ્થળોએ પોતાને વેદાર્થનું પ્રતિપાદક માનેલ છે.[૧૯૬] પોતાને અભિષ્ટ અર્થનું પ્રકાશન કરવામાં પુરાણોનો વિશેષ આગ્રહ છે. શબ્દો અહીં માત્ર અર્થને પ્રગટ કરનારાં સાધનો જ બની રહે છે. પુરાણો કથન–પ્રકાર પર નહીં, પરંતુ કથન–વિષય પર સવિશેષ ભાર મૂકે છે.

પુરાણકારોએ પુરાણોમાં અપનાવેલી શૈલીનાં કેટલાંક મહkવનાં પાંસાઓને આ પ્રમાણે દર્શાવી શકાય–

**:: ભાષાકર્મ ::**

પ્રાચીન કથાનકોનાં વર્ણનો દ્વારા શ્રોતાઓનાં ચિત્તને પાપાત્મક પ્રવૃત્તિથી ખસેડીને પુણ્યાત્મક પ્રવૃત્તિઓ તરફ વાળવાનો પુરાણોનો મુખ્ય ઉદ્દેશ છે. પુરાણોની કથાશૈલી આ કાર્યને સુપેરે પાર પાડે છે. સામાન્યજનના ચિત્તને ધર્મમાં પ્રવૃત્ત કરવાનું તેનું લક્ષ્ય છે. આથી જ પુરાણોએ સરળ અને સુબોધ ભાષાને અપનાવી છે. પુરાણોની સંસ્કૃત ભાષા ક્લિષ્ટતા તથા દુરુહતાથી પર, વ્યાવહારિક, ચુસ્ત અને અલ્પાક્ષરોથી પોતાના તાત્પર્યને પ્રગટ કરનારી છે. પુરાણો મન–રંજનની સાથે સાથે શિક્ષણ પણ આપે છે. તે પાપ–પુણ્યનાં વિશિષ્ટ ફળોને દર્શાવીને, એકનો ત્યાગ અને બીજાનું ગ્રહણ કરવાનો ઉપદેશ આપે છે. અને એ ઉપદેશ પણ સુહૃત્સંમિત હોવાથી, હિતચિંતનથી પ્રેરાઈને કથા–વાર્તાઓ દ્વારા હૃદયંગમ બની રહે છે. દુરાધિગમ વેદાર્થને સુખાધિગમ બનાવવાનું કાર્ય પુરાણો કરતાં હોવાથી, તેની ભાષા અનેક સ્થળોએ વ્યાકરણશાસ્ત્રીય નિયમોનું ઉલ્લંઘન કરીને પણ સરળતા તથા સુબોધતાને અપનાવે છે. જેમકે, માર્કણ્ડેયપુરાણમાં– **"भर्तव्या रक्षितव्या च भार्या हि पतिना सदा ।"**[૧૯૭] અહીં નિયમ પ્રમાણે, **'पति'**શબ્દનું તૃતીયા એકવચનનું રૂપ **'पत्या'** થવું જોઈએ, પરંતુ સીધા–સાદા **'हरि'** શબ્દનું તૃતીયા વિભકિતનું એકવચનનું રૂપ **'हरिणा'** સરળતાથી સમજી શકાય તેવું હોવાથી, **'पति'** શબ્દનું રૂપ પણ તેને અનુરૂપ એવું **'पतिना'** પ્રયોજવામાં આવ્યું છે. શ્રીમદ

ભાગવતપુરાણમાં પણ –**"न याचतोऽदात् समयेन दायम् ।"**[१९८]– માં **'याच्'** ધાતુ આત્મનેપદનો ધાતુ હોવા છતાં, તેનું રૂપ–**'याचतः'** પરસ્મૈપદમાં પ્રયોજાયેલ છે. સાધારણજનનાં હૃદયો સુધી ધર્મશાસ્ત્રીય વિષયોનો બોધ ત્યારે જ પહોંચી શકે કે, જયારે એમાં પ્રયોજાયેલી ભાષા, એ લોકો વડે સમજી શકાય એવી હોય. પુરાણો અતિ વ્યાપક સમયગાળાનું સર્જન છે. આથી, સ્વાભાવિકપણે જ તેની ભાષા પર સમયનો પ્રભાવ પડયો હોય. જુદા જુદા સમયના ભાષારૂપોનાં દર્શન પુરાણોમાં આ કારણે જ થાય છે. કયારેક શુદ્ધ સંસ્કૃત ભાષાનો પ્રયોગ થયેલો હોય છે, તો કયારેક પ્રાકૃત કે પાલિ મિશ્રિત ભાષા પણ પ્રયોજાયેલી જોવા મળે છે, તો કયારેક આર્ષપ્રયોગ પણ સહજતાથી પ્રસ્તુત થયેલા જાવા મળે છે. જેમકે, શ્રીમદ્ ભાગવતપુરાણમાં **'भस्मनि हुतम्'**ના સ્થાને **'भस्मन् हुतम्'**,[१९९] **'प्रतिहर्तुम्'** ના સ્થાને **'प्रतिहर्तवे'**[२००]તથા **'धीमहि'**[२०१], **'अभिधीमहि'**[२०२]વગેરે સંપૂર્ણ વૈદિક સ્વાંગને સજેલા આર્ષપ્રયોગો છે.

ભાવાનુસારી ભાષાનો પ્રયોગ કરવામાં પણ પુરાણકારો સિદ્ધહસ્ત છે. ભાવોની અભિવ્યકિતમાં ભાષા મહkવનું સાધન બની રહે છે. સુકુમાર ભાવોની અભિવ્યકિતમાં કોમળ વર્ણોનો પ્રયોગ તેમજ કઠોર ભાવોની અભિવ્યકિતમાં ભારેખમ કે મહાપ્રાણ ધ્વનિઓનો પ્રયોગ સ્વાભાવિકપણે જ ભાવાનુભૂતિને વધારે ગાઢ બનાવે છે. પુરાણ–પ્રસિદ્ધ પ્રસંગોમાં શ્રીમદભાગવતપુરાણના 'ગોપીગીત'માં વ્યકત થયેલ ગોપીઓના સુકુમાર ભાવોની રજૂઆત હોય[२०३] કે પછી માર્કણ્ડેયપુરાણના શુંભ–નિશુંભ કે મહિષાસુર અને શ્રી મહાદેવીના ભીષણ યુદ્ધના પ્રસંગની પ્રસ્તુતી હોય,[२०४] પુરાણકારની કલમ ભાવાનુસારી ભાષાના પ્રયોગમાં કયારેય થાપ ખાતી નથી. કયારેક સુકુમાર વર્ણો દ્વારા પણ ભયંકર ભાવોની પ્રસ્તુતી પુરાણકાર કરી જાણે છે. જેમકે, – **"प्रचण्ड ताण्डवाटोपे प्रक्षिप्ता येन दिग्गजाः ।"**[२०५] અહીં કોમળ વર્ણોથી યુકત **'प्रचण्ड'** અને **'ताण्डव'** શબ્દોમાં રહેલી અનુવૃત્તિ, શિવ દ્વારા તાંડવનૃત્યમાં કરવામાં આવેલ **'आटोप'** (ઉછાળ)ની ક્રિયાની ભયંકરતાને વધારે ગાઢ બનાવવામાં સહાયભૂત થાય છે. પુરાણકારોનું આ પ્રકારનું શબ્દચયન સરળતાથી અર્થબોધ કરાવનારું બની રહે છે. પુરાણોમાં આનંદપ્રદ શબ્દશિલ્પો પણ નોંધનીય હોય છે. જેમકે, મત્સ્યપુરાણમાં રાજા ઇલમાંથી સ્ત્રીરૂપ બનેલી ઇલાનું આ શબ્દચિત્ર –

**"इलेति साभवेन्नारी पीनोन्नतघनस्तनी ।**
**उन्नतश्रोणिजघना पद्मपत्रायतेक्षणा ।**
**पूर्णेन्दुवदना तन्वी विलासोल्लासितेक्षणा ।।"**[२०६]

ઉપરાંત, શ્રીમદભાગવતપુરાણમાં સમુદ્રમંથન દરમ્યાન પ્રગટ થયેલ લક્ષ્મીનું આ શબ્દચિત્ર–

**"ततः कृतस्वस्त्ययनोत्पलस्रजं नदद्विरेफां परिगृह्य पाणिना ।**
**चचाल वक्त्रं सुकपोलकुण्डलं सव्रीडहासं दधती सुशोभनम् ।।**

**स्तनद्वयं चातिकृशोदरी समं निरन्तरं चन्दनकुंकुमोक्षितम् ।**
**ततस्ततो नूपूरवल्गुशिञ्जितैर्विसर्पती हेमलतैव सा बभौ ।।**''[२०७]

આ પ્રમાણે પુરાણકારોની ભાષા ગુણમયી અને ભવ્ય છતાં સરળ અને સુબોધ છે. જો કે, કયાંક કયાંક દુર્બોધતા પણ પ્રવેશવા પામી છે. પરંતુ મોટે ભાગે આવું ત્યારે જ બન્યું છે, જયારે પુરાણકાર શાસ્ત્રીય કે દાર્શનિક વર્ણનમાં સરી પડયો હોય. પુરાણકાર માત્ર સાહિત્યકાર જ નથી શાસ્ત્રી અને દાર્શનિક પણ છે. એથી, આ બાબતને ક્ષમ્ય ગણી શકાય.

**:: લયબદ્ધતા ::**

સરળ શબ્દોની સાથે પ્રયોજાતો સુમધુર લય ચિત્તને તુરંત જ આકર્ષી લે છે, તેથી લોકભાષાનો પ્રયોગ અને લયબદ્ધતા પુરાણકારની શૈલીનાં મહત્વનાં અંગો બની રહે છે. જન–મન–રંજનરૂપી સાધન દ્વારા ઉપદેશાત્મકતાના સાધ્યને સિદ્ધ કરવામાં આ બંને અંગો ઘણો જ મહત્વનો ભાગ ભજવે છે. પુરાણો મહદંશે પદ્યમય રચનાઓ છે. અનુષ્ટુપ જેવો સરળ છંદ પુરાણોનો મોટો ભાગ રોકે છે, છતાં ભાવને અનુરૂપ અનેક છંદોનો પ્રયોગ થયેલો છે. પુરાણોમાં આવતી વિવિધ સ્તુતિઓની લયાન્વિતતા અને ગેયતા ચિત્તાકર્ષક અને મનોરમ્ય છે. લયબદ્ધતાને જાળવી રાખવા માટે જરૂરી છંદોના બંધારણોની અભિષ્ટ જાળવણી માટે પુરાણકાર ઘણીવાર વ્યાકરણના નિયમોને પણ કોરાણે મૂકી દે છે. આવાં કેટલાંક ઉદાહરણોને આ પ્રમાણે દર્શાવી શકાય. જેમકે, શ્રીમદભાગવતપુરાણમાં– ''**तान् वदस्वानुपूर्व्येण छिन्धि नः सर्वसंशयान् ।**''[२०८]. અહીં ધાતુકોશ પ્રમાણે '**वद्**' ધાતુ પરસ્મૈપદી હોવા છતાં તેનું '**वदस्व**' રૂપ પ્રયોજીને અનુષ્ટુપ છંદનું સ્વરૂપ જાળવવામાં આવ્યું છે. માર્કણ્ડેયપુરાણમાં પણ– ''**तथैव भर्तारमृते भार्या धर्मादिसाधने ।**''[२०९] અહીં '**ऋते**' ના યોગમાં પંચમી વિભકિત 'ઉપપદવિભકિત' બનતી હોવાથી, તેનો પ્રયોગ થવો જોઈતો હતો, પરંતુ છંદની જાળવણી કરવા માટે પુરાણકારે '**भर्तारम्**'– એમ દ્વિતીયા વિભકિતનો પ્રયોગ કર્યો છે. આ ઉપરાંત, નીચેનાં પદ્યાંશો પણ નોંધનીય છે–

- ''**ततः शुक्लाम्बरैः शूर्पं वेष्ट्य संपूजयेत् फलैः ।**''[२१०]
- ''**तदोंकारमयं गृह्य प्रतोदं ।**''[२११]
- ''**पूज्य देवं चतुर्मुखः ।**''[२१२]
- ''**सेव्य पांशुं प्रयत्नेन ।**''[२१३] વગેરે. આ બધા પદ્યાંશોમાં છંદોભંગથી બચવા ઉપસર્ગરહિત ધાતુઓની સાથેય વ્યાકરણશાસ્ત્રીય નિયમનો ભંગ કરીને પણ '**ल्यप्**' નો પ્રયોગ કરવામાં આવ્યો છે. વસ્તુતઃ અહીં નિયમાનુસાર '**त्वा**' પ્રત્યયનો પ્રયોગ થવો જોઈતો હતો. જયારે આનાથી તદ્દન વિપરિત છંદોભંગને રોકવા શ્રીમદભાગવતપુરાણમાં '**ल्यप्**' ના સ્થાને '**त्वा**' નો પ્રયોગ થયો છે– ''**प्रेक्षयित्वा भुवो गोलं पत्न्यै यावान् स्वसंस्थया ।**''[२१४]

આમ, પુરાણકારોની દષ્ટિએ લયબદ્ધતાનું ઘણું જ મહkવ જોઈ શકાય છે. લયબદ્ધ રીતે ગવાતી પુરાણોની સ્તુતિઓ કે ગીતિઓ એક અનેરું વાતાવરણ સર્જવાં સક્ષમ છે. વરાહ, વિષ્ણુ, વામનપુરાણની સ્તુતિઓ કે શ્રીમદ ભાગવતપુરાણનાં 'ભ્રમરગીત', 'ગોપીગીત' વગેરે જેવાં ગીતિકાવ્યો લયબદ્ધતાના ઉત્તમ નમૂના છે.

**:: <u>અલંકારવિનિયોગ</u> ::**

પુરાણોમાં અલંકારોનો વિનિયોગ પણ તેની રજૂઆતની સરળતાને નજર સમક્ષ રાખીને કરવામાં આવ્યો છે. પુરાણોના અલંકારો કાવ્યગત શબ્દોના શોભાકરધર્મો નથી પણ કાવ્યગત અર્થોનાં આભૂષણો છે. અલંકારોના વિનિયોગમાં મહદંશે પુરાણકારોનો આશય એ પ્રકારનો છે કે, તે(અલંકાર)ના દ્વારા પ્રતિપાદિત અર્થ અત્યંત સરળતાથી અને અનાયાસપણે જ પાઠકો કે શ્રોતાઓનાં હૃદયો સુધી પહોંચી જાય અને આથી જ, એમણે પ્રયોજેલા મોટા ભાગના અલંકારો અનુભૂત તથ્યો પર આધારિત હોય છે. પુરાણકાર પોતાના રોજબરોજના જીવનમાં, પોતાની આસપાસના સમાજ અને વાતાવરણમાંથી જે કાંઈ અનુભવે છે, તેને જ પૌરાણિક તથ્યોને સ્પષ્ટ કરવા પ્રયોજે છે. પુરાણના શ્રોતાઓ કે પાઠકો સામાન્યજનો હોય છે. તેમના જ્ઞાનનું ક્ષેત્ર ઘણું જ સીમિત હોય છે. તેઓ એવી જ ઉપમાઓ, દષ્ટાંતો કે રૂપકોને સમજી શકે છે, જે તેમનાં જ્ઞાનક્ષેત્રમાં કે રોજબરોજના અનુભવના ક્ષેત્રમાં આવતાં હોય અને તેને સમજવા માટે એમણે કોઈ વિશેષ કષ્ટ ઉઠાવવું ન પડતું હોય. પુરાણકારો આ વાતને ઘણી જ સારી રીતે જાણે છે. આવાં કેટલાંક ઉદાહરણો જોઈએ તો—

કર્મના સિદ્ધાંતને સમજાવવા માટે પદ્મપુરાણકારે કરેલો ઉપમાલંકારનો આ પ્રયોગ— **“कृषिकारो यथा देवि! क्षेत्रे बीजं सुसंस्थितः ।**
**यादृशं तु वपत्येव तादृशं फलमश्नुते ।।”**[૨૧૫]

અહીં, 'જેવું વાવે તેવું લણે' જેવી સામાન્ય વાત દ્વારા કર્મના મહkવના અને ગંભીર વિષયને કેટલી સહેલાઈથી સ્પષ્ટ કરી દીધો છે. મનુષ્ય જન્મ ધારણ કરે છે, કેટલોક સમય જીવન ભોગવે છે અને મૃત્યુ પામે છે. 'પદ્મપુરાણ'માં જ અન્યત્ર સંસારની આ અનિત્યતાને આ પ્રમાણે સમજાવેલ છે—

**“यथा हि पथिकः कश्चिच्छायामाश्रित्य तिष्ठति ।**
**विश्रम्य च पुनर्गच्छेद् तद्वद् भूत-समागम ।।”**[૨૧૬]

માર્ગ પર ચાલીને જનારો વટેમાર્ગુ થોડી ક્ષણો પૂરતો કોઈ વૃક્ષની છાયામાં વિશ્રામ કરે અને પછી તે વૃક્ષની માયા છોડીને આગળ ચાલતો થાય, બરાબર એ જ રીતે જીવ પણ થોડો સમય સંસારમાં ભોગો—જીવનની છાયા ભોગવે છે અને પોતાના માર્ગે ચાલતો થાય છે. આ પ્રમાણે, એકદમ સરળ અને સામાન્ય અનુભવની વાતો સાથે જ્ઞાન અને દર્શનની વાતોની સરખામણી કરીને

શ્રોતા કે પાઠકના ચિત્તમાં પોતાને અભિષ્ટ એવા અર્થનું માત્ર રોપણ કરવામાં જ નહીં, તેના સુદઢીકરણમાં પણ, પુરાણકારની અલંકાર–પ્રસ્તુતી દાદ માગી લે, તેવી છે. વિષ્ણુપુરાણ[૨૧૭] તથા તેનું અનુકરણ કરનાર શ્રીમદભાગવતપુરાણ[૨૧૮]માં વર્ષા તથા શરદઋતુના વર્ણનમાં પ્રયુકત ઉપમાઓ તેના સાહિત્યિક સૌંદર્ય અને ગંભીર દાર્શનિક ચિંતનના કારણે સંસ્કૃત સાહિત્યમાં અનુપમ છે. કોઈ વિશિષ્ટ વિષયના વર્ણનમાં પુરાણકારનો રૂપક અલંકારનો પ્રયોગ પણ નોંધનીય છે. જેમકે, બ્રહ્મપુરાણ(૨૬/૧૯–૨૧)માં રજૂ કરવામાં આવેલું 'ભવસાગર'નું રૂપક, શ્રીમદ્ ભાગવતપુરાણના પાંચમા સ્કંધના તેરમા તથા ચૌદમા અધ્યાયોમાં આપવામાં આવેલું 'ભવાટવી'નું રૂપકાત્મક વર્ણન, માર્કણ્ડેયપુરાણ (૨૯/૬–૧૧)માં પ્રસ્તુત 'વાગ્ધેનુ' નું રૂપક, મત્સ્યપુરાણ (૨૪૮/૬૭–૭૪), વાયુપુરાણ(૬/૧૬–૨૩), બ્રહ્મપુરાણ (૨૧૩/૩૩–૩૭), પદ્મપુરાણ(સૃષ્ટિખંડ, ૧૬/૪૫–૬૧), બ્રહ્માંડપુરાણ(પ્રક્રિયાપાદ, ૫/૯–૨૩) વગેરેમાં પ્રસ્તુત 'યજ્ઞવરાહ'નું રૂપક વગેરે. બ્રહ્મપુરાણના કાશીખંડના ચોવીસમા અધ્યાયના રાજ્યવર્ણનમાં પરિસંખ્યા અલંકાર સુંદર રીતે પ્રયોજાયો છે.[૨૧૯] શ્લેષ અલંકારની પ્રસન્ન–ગંભીરતા પણ દર્શનીય છે. સભંગ શ્લેષ કઠિનતાને પોષે છે. તેથી મહદંશે અભંગ શ્લેષ જ પ્રયોજાયો છે.[૨૨૦]

**:: વર્ણનાત્મકતા ::**

વર્ણનોમાં પુરાણકારોની પ્રતિભા વિશેષ ખિલે છે. કથાઓની વિગતો આપવામાં સુબોધ શૈલીમાં પ્રસ્તુત વર્ણનો કથાપ્રવાહને વિસ્તારે છે. આ વર્ણનોમાં રોચકતા, આલંકારિતા, ચિત્રાત્મકતા, ભાવોની કોમળતા, શબલતા, ઉપદેશાત્મકતા તથા પ્રભાવોત્પાદકતા જેવા વિવિધ ગુણો અનુભવવા મળે છે. પ્રસંગોનું ભાવસભર નિરૂપણ, પ્રકૃતિનાં અંગોનું સ્વાભાવિક આલેખન, પાત્રોનું મનોવૈજ્ઞાનિક ચિત્રણ વગેરે પણ દષ્ટિગોચર થાય છે. પુરાણોનાં રૂપકાશ્રિત વર્ણનો એટલાં તો વિસ્તૃત અને વિશદ છે કે, વર્ણ્ય વસ્તુ, વ્યકિત, પદાર્થ કે પ્રસંગ તે જ ક્ષણે માનસપટ પર ઉપસ્થિત થઈ જાય છે. શિવપુરાણમાં પાર્વતીની તપસ્યા, જટિલ સાથેનો સંવાદ, સપ્તર્ષિઓનું આગમન અને એમના પ્રયત્નોથી શિવ દ્વારા વિવાહની સ્વીકૃતિ વગેરે બાબતોનાં વર્ણનો વિસ્તારથી અને વિશદતાપૂર્વક રજૂ થયાં છે.[૨૨૧] બ્રહ્મપુરાણના છત્રીસમા અધ્યાયમાં પણ શિવ–પાર્વતીના વિવાહનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પોતાના સર્વ વૈભવ સાથે ઉપસ્થિત છ ઋતુઓનું ચમત્કૃતિપૂર્ણ, સાહિત્યિક તથા કમનીય વર્ણન પુરાણકારની વર્ણન–પ્રતિભાનું દ્યોતક છે.[૨૨૨] આ શ્લોકોમાં સંપૂર્ણપણે કાવ્યગત સૌંદર્ય દષ્ટિગત થાય છે. ઋતુઓનું આવું જ સુંદર વર્ણન વિષ્ણુપુરાણનાં નીચેનાં પદ્યોમાં જોવા મળે છે–

**“ન બબન્ધામ્બરે સ્થૈર્યં વિદ્યુદત્યન્તચઞ્ચલા ।**
**મૈત્રીવ પ્રવરે પુંસિ દુર્જનેન પ્રયોજિતા ।।”**[૨૨૩]

તથા

"उत्सृज्य जल-सर्वस्वं विमलाः सितमूर्तयः ।
तत्यजुश्चाम्बरं मेघा गृहं विज्ञानिनो यथा ।।"[२२४] વગેરે.

પુરાણોમાં પદાર્થોનાં વર્ણનો પણ ઘણાં જ સુંદર, આલંકારિક અને ચમત્કૃતિપૂર્ણ છે. વારાણસીનાં ઉદ્યાનોનું વર્ણન આ વિષયમાં ઉદાહરણરૂપ છે.[२२५] આ ઉદ્યાન–વર્ણનનું એક ઉદાહરણ અહીં આસ્વાદ્ય છે–

"निविडनिचुलनीलं नीलकण्ठाभिरामं ।
मदमुदित-विहंगव्रात-नादाभिरामम् ।।
कुसुमित-तरुशाखा-लीनमत्तद्विरेफं ।
नवकिसलयशोभाशोभितप्रान्तशाखम् ।।"[२२६]

શબ્દોના રમતિયાળપણાંને કારણે આ વર્ણન એકદમ સુભગ અને ચિત્રોત્પાદક છે. તેને વાંચતાં એવું પ્રતીત થાય છે કે, આ કોઈક કમનીય કાવ્યનો રસમય અંશ છે, પુરાણનો નહીં.

:: **બોધાત્મકતા** ::

પુરાણો બોધદાયક વચનોના તો ભંડારો છે. પુરાણોની રચનાનો મુખ્ય હેતુ જ બોધાત્મકતામાં રહેલો છે, આથી અનેકાનેક સુભાષિતો તથા સૂકિતઓ એમાં વિશદતાપૂર્વક પ્રયોજાયેલ છે. આવાં સુભાષિતોમાં દીર્ઘકાળના અનુભવથી જન્મેલ પરિણત ઉપદેશ પ્રસ્તુત થયેલ છે. આ ઉપદેશ નીતિશાસ્ત્રના જેવો નિરસ કે શુષ્ક ન હોતાં સ–રસ અને સુબોધ હોવાથી શ્રોતાઓનાં હૃદય પર ગહન ચોટ કરીને તેને રુચિરતાથી પ્રભાવિત કરે છે. આવાં માત્ર કેટલાંક જ સુભાષિતોને જોઈએ તો–

"धनक्षये न मुह्यन्ति न हृष्यन्ति धनागमे ।
धीराः कार्येषु च तदा भवन्ति पुरुषोत्तमाः ।।"[२२७]
"पण्डिते वापि मूर्खे वा दरिद्रे वा श्रियान्विते ।
दुर्वृत्ते वा सुवृत्ते वा मृत्योः सर्वत्र तुल्यता ।।"[२२८]
"यस्य भार्या विरूपाक्षी कश्मला कलहप्रिया ।
उत्तरोत्तरवादास्या सा जरा न जरा जरा ।।"[२२९]
"यदि न स्याद् गृहे माता पत्नी वा पतिदेवता ।
व्यंगे रथ इव प्राज्ञः को नामासीत दीनवत् ।।"[२३०]
"असन्तुष्टस्य विप्रस्य तेजो विद्या तपो यशः ।
स्रवन्तीन्द्रियलौल्येन ज्ञानं चैवावकीर्यते ।।"[२३१]
"जडोऽपि याति पूज्यत्वं सत्संगाज्जगतीतले ।
कलामात्रोऽपि शीतांशुः शम्भुना स्वीकृतो यथा ।।"[२३२]

આ પ્રમાણે, પુરાણોની શૈલી ઉપદેશાત્મક હોવા છતાં સરળ, સુબોધ અને રસપૂર્ણ છે. પોતાના અભિષ્ટ ઉદ્દેશને સાર્થક બનાવીને સિદ્ધ કરનારી છે.

આ બધા ગુણો હોવા ઉપરાંત, પુરાણોમાં ક્યારેક શ્રુતિકટુતા, વ્યાકરણની અશુદ્ધિ, ગ્રામ્યત્વ, અપ્રચલિત શબ્દ—પ્રયોગ, શબ્દોનું પુનરાવર્તન વગેરે જેવા દોષોનાં દર્શન પણ થાય છે. પરંતુ એમના ગુણોના રાશિમાં આ બધા દોષો ડૂબી જાય છે. સદીઓ સુધી ભારતીય સંસ્કૃતિ અને તેના સંસ્કારોને પોષવાનું કાર્ય પુરાણોએ કર્યું છે. જનહૃદયના છેક અંતરાલ સુધી પેસી જઈને પોતાનાં તથ્યોનું વાવેતર કરવામાં એની કથનશૈલીએ જ એને મહkવનો સાથ આપ્યો છે. સાહિત્યિકતાથી પર થયા વગર પણ ઉચિત બોધ, વિશિષ્ટ દર્શન અને વેદાર્થનું રહસ્યોદ્‌ઘાટન એમણે ઘણી જ સરળતા અને સાહજિકતાથી કર્યું છે.

******

## —: પાદટીપ :—

૧. ''पुराणपूर्णचन्द्रेण श्रुति ज्योत्स्नाः प्रकाशिता ।
न्बुद्धिकैरवाणां च वृतमेतत् प्रकाशनम् ।।''
મહાભારત, ૫/૧/૪૬.

૨. ''पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।''
મત્સ્યપુરાણ, ૫૩/૩.

૩. ''यथा पापानि पूयन्ते गंगावारिविगाहनात् ।
तथा पुराणश्रवणाद् दुरितानां विनाशनम् ।।''
વામનપુરાણ, ૬૯/૨.

૪. પાણિનિસૂત્ર, ૪/૩/૨૩.

૫. યાસ્કાચાર્ય, નિરુકત–૩/૧૯/૨૪.

૬. ''यस्मात् पुरा ह्यनतीदं पुराणं तेन स्मृतम् ।''
વાયુપુરાણ, ૧/૧/૧૮૩.

૭. પદ્મપુરાણ, ૫/૨/૫૩.

૮. મત્સ્યપુરાણ, ૫૩/૭૧.

૯. ''ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमथर्वणं
चतुर्थमितिहासपुराणं पंचमं वेदानां वेदम्..........।''
છાંદોગ્યોપનિષદ, ૭/૧.

૧૦. ''इतिहासपुराणं पंचमं वेदानां वेदः ।'' ન્યાયદર્શન, ૪/૧/૬૨.

૧૧. ''इतिहासपुराणं च पंचमो वेद उच्यते ।''
શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૪/૨૦.

૧૨. ''इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।''
મહાભારત, આદિપર્વ, ૧/૨૬૭.

૧૩. ''इतिहासपुराणाख्यमुपांगं च प्रकीर्तितम् ।'' (સીતોપનિષદ)

૧૪. આચાર્ય બલદેવ ઉપાધ્યાય, 'पुराणविमर्श' પૃ. ૪.

૧૫. 'कल्याण' मासिक, पुराणाङ्क, पृ. ३५.

૧૬. ''सर्गश्च प्रतिसर्गश्च वंशमन्वन्तराणि च ।
सर्वेष्वेतेषु कश्चन्ते वंशानुचरितं च यत् ।।''
વિષ્ણુપુરાણ, ૩/૬/૨૫.

૧૭. દેવીભાગવત, ૧/૨/૨૮.

૧૮. અમરકોશ, ૧/૬/૫.

૧૯. ''प्रकृतौ संस्थितं व्यक्तमतीतप्रलये तु यत् ।
तस्मात्प्राकृतसंज्ञोऽयमुच्यते प्रतिसंचरः ।।''
વિષ્ણુપુરાણ, ૧/૨/૨૫.

૨૦. **“नैमित्तिकः   प्राकृतिको  नित्य  आत्यन्तिको  लयः  ।**
**संस्थेति  कविभिः  प्रोक्ता  चतुर्धाऽस्य  स्वभावतः  ।”**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૭.
૨૧. **“मन्वन्तरं  मनुर्देवा  मनुपुत्राः  सुरेश्वरः  ।**
**ऋषयोंऽशावताराश्च  हरेः  षड्विधमुच्यते  ।।”**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૫.
૨૨. એજન, ૧૨/૭/૧૬.
૨૩. **‘पुराणम्’**, ભાગ–૪, અંક–૧નાં પૃ. ૨૩૬–૨૪૪ પર પ્રકાશિત પંડિત રાજેશ્વર શાસ્ત્રીનો લેખ– **‘भारतीयराजनीतौ  पुराणपंचलक्षणम्’** (જુલાઈ, ૧૯૬૪, પ્રકા. અખિલ ભારતીય કાશિરાજ ન્યાસ, રામનગર દુર્ગ, વારાણસી).
૨૪. બ્રહ્મવૈવર્તપુરાણ, શ્રીકૃષ્ણજન્મખંડ, ૧૩૩/૮–૧૦.
૨૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૦/૧.
૨૬. એજન, ૧૨/૭/૯.
૨૭. ઋગ્વેદ, ૧૦/૧૨૯/૭.
૨૮. શ્રીમદ્‌ભગવદ્ ગીતા, ૮/૩.
૨૯. **“स्थिति  वैकुण्ठविजयः  ।”** શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૯/૪.
૩૦. **“पोषणम्  तदनुग्रहः  ।”**  શ્રીમદ્‌ભાગવતપુરાણ.
૩૧. 'પુરાણવિમર્શ', પૃ. ૧૩૪.
૩૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૦/૪.
૩૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૦/૪ પરની 'શ્રીધરીટીકા'.
૩૪. **“मन्वन्तराणि  सद्धर्मः  ।”** શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૦/૪.
૩૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૦/૫.
૩૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૦/૬.
૩૭. 'પુરાણવિમર્શ', પૃ. ૧૩૫.
૩૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૦/૬.
૩૯. **“आभासश्च  निरोधश्च  यतश्चाध्यवसायते  ।**
**स  आश्रयः  परं  ब्रह्म  परमात्मेति  शब्द्यते  ।।”**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૨/૧૦/૭.
૪૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૧.
૪૧. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૨.
૪૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૩.
૪૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૪.
૪૪. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૭.
૪૫. **“हेतुर्जीवोऽस्य  सर्गादिरविद्याकर्मकारकः  ।**

**तं चानुशयिनं प्राहुरव्याकृतमुतापरे ।।''**

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૮.

૪૬. **''व्यतिरेकान्वयो यस्य जाग्रत्स्वप्नसुषुप्तिषु ।**
**मायामयेषु तद् ब्रह्म जीववृत्तिस्वपाश्रयः ।।''**

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૧૯.

૪૭. **''दशमस्य विशुद्ध्यर्थनवानामिह लक्षणम् ।''**

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૨૧.

૪૮. શ્રીમદભાગવતપુરાણ, ૧૨/૭/૨૨.

૪૯. **''विष्णोः सकाशादुद्भूतं जगत् तत्रैव च स्थितम् ।**
**स्थितिसंयमकर्तासौ जगतोऽस्य जगच्च सः ।।''**

વિષ્ણુપુરાણ, ૧/૧/૩૧.

૫૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૨/૭/૨૧.

૫૧. **''वेदे रामायणे चैव पुराणेषु च भारते ।**
**आदिमध्यावसानेषु हरिरेकोऽत्र नापरः ।।''**

સ્કન્દપુરાણ, કાશીખંડ, ૯૫/૧૨.

૫૨. 'પુરાણવિમર્શ', પૃ. ૮૧.

૫૩. નૈષધચરિત, ૧/૫.

૫૪. **''तस्य द्वादश मासाः, पञ्चर्तवः, संवत्सर एव प्रतूर्तिः ।''**

શતપથબ્રાહ્મણ, ૮/૪/૧/૧૩.

૫૫. યજુર્વેદ, ૧૪/૨૩.

૫૬. **''मद्वयं भद्वयं चैव बत्रयं वचतुष्टयम् ।**
**अनापलिंगकूस्कानि पुराणानि पृथक् पृथक् ।।''**

દેવીભાગવતપુરાણ, ૧/૩/૨૧.

૫૭. મહાભારત, ૧૮/૫/૪૬, ૧૮/૬/૯૭.

૫૮. વિષ્ણુપુરાણ, ૩/૬/૨૦–૨૪.

૫૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ,

૬૦. 'સનાતન ધર્મ', પૃ. ૨૬, લે. મણિભાઈ ન. દ્વિવેદી, દ્વિતીય આવૃત્તિ, ૧૯૫૬.

૬૧. સ્કંદપુરાણ, 'શિવરહસ્યનો સંભવકાંડ', ૨/૩૦/૩૮.

૬૨. મત્સ્યપુરાણ, ૫૩/૬૭–૬૮.

૬૩. આચાર્ય બલદેવ ઉપાધ્યાય, 'પુરાણવિમર્શ', પૃ. ૮૯–૯૦.

૬૪. **''अष्टादशपुराणेषु द्वाभ्यां देवी तथा हरिः ।''**

સ્કંદપુરાણ, કેદારખંડ–૧.

૬૫. 'પુરાણવિમર્શ', પૃ. ૮૯.

૬૬. એજન, પૃ. ૯૦.

૬૭. ઋગ્વેદ, ૩/૫/૪૯, ૩/૫૮/૬, ૧૦/૧૩૦/૬.
૬૮. અથર્વવેદ, ૧૧/૭/૨૪/
૬૯.**“तमितिहासस्च पुराणं च गाथाश्च नाराशंसीश्चानुव्यचलन्।।”**
અથર્વવેદ, ૧૫/૬/૧૧.
૭૦. **“इतिहासस्य च स वै पुराणस्य च गाथानां च ।
नाराशंसीनां च प्रियं धाम भवति, य एवं वेद ।।”**
અથર્વવેદ, ૧૫/૬/૧૨.
૭૧. અથર્વવેદ, ૧૧/૮/૭.
૭૨. શતપથબ્રાહ્મણ, ૧૧/૫/૬/૮.
૭૩. એજન, ૧૪/૬/૧૦/૬.
૭૪. ગોપથ, પૂર્વભાગ, ૨/૧૦.
૭૫. તૈત્તિરીયારણ્યક, પ્રપાઠક–૨, અનુવાક્–૯.
૭૬. બૃહદારણ્યકોપનિષદ, ૨/૪/૧૧.
૭૭. છાંદોગ્યોપનિષદ, ૭/૧/૨.
૭૮ એજન, ૭/૧/૪ તથા ૭/૨/૧ વગેરે.
૭૯. આશ્વલાયનગૃહ્યસૂત્ર, ૩/૩/૧, ૩/૪/૬ વગેરે.
૮૦. ગૌતમધર્મસૂત્ર, ૮/૪–૬.
૮૧.આપસ્તંબધર્મસૂત્ર, ૨/૯/૨૩/૩.
૮૨. એજન, ૨/૬/૨૪/૬.
૮૩. એજન, ૧/૧૦/૨૯/૭.
૮૪. વ્યાસસ્મૃતિ, ૪/૪૫.
૮૫. મનુસ્મૃતિ, ૩/૨૩૨.
૮૬. ઉશનસ્ સ્મૃતિ, ૩/૩૪.
૮૭. યાજ્ઞવલ્કયસ્મૃતિ, ઉપોદ્ઘાત, શ્લોક–૩.
૮૮. એજન, ૧/૪૫–૪૬.
૮૯. એજન, ૧/૧૦૧, ૩/૧૮૯ વગેરે.
૯૦. મહાભારત, અનુશાસનપર્વ.
૯૧. **“पुराणे हि कथा दिव्या आदिवंशाश्च धीमताम् ।
कथ्यन्ते ये पुरास्माभिः श्रुतपूर्वाः पितुस्तव ।।”**
મહાભારત, આદિપર્વ, ૫/૨.
૯૨. **“अष्टादश पुराणानि कृत्वा सत्यवतीसुतः ।
पश्चाद् भारतमाख्यानं चक्रे तदुपबृंहितम् ।।”**
મહાભારત, આદિપર્વ.
૯૩. મહાભારત, આદિપર્વ.
૯૪. મહાભારત, વનપર્વ, ૧૯૧/૧૬.

૯૫. રામાયણ, અયોધ્યાકાંડ, ૧૫/૧૮

તેમજ,

**“स तदन्तः पुरद्वारं समतीत्य जनाकुलम् ।**
**प्रविभक्तां ततः कक्षामाससाद पुराणवित् ।।”**

રામાયણ, અયોધ્યાકાંડ, ૧૬/૧.

૯૬. અર્થશાસ્ત્ર, ૫/૬

૯૭. એજન, ૧/૩

૯૮. **‘पुराणतत्त्वविमर्श’, प्रकरण-६, पृ. १५.**

૯૯. એજન, પૃ. ૧૫.

૧૦૦. સ્કંદપુરાણ, રેવાખંડ, (૧/૧૩/૩૦); પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અધ્યાય–૧; શિવપુરાણ, ૧/૨૩/૩૦ ; મત્સ્યપુરાણ, ૫૩/૪–૭.

૧૦૧. **“विष्णोः स्वरूपात् परतो हि तेऽन्ये**
**रूपे प्रधानं पुरुषश्च विप्र ।**
**तस्यैव तेऽन्येन धृते वियुक्ते**
**रूपान्तरं यत् तद् द्विज कालसंज्ञम् ।।”**

વિષ્ણુપુરાણ, ૧/૨/૨૪.

૧૦૨. બ્રહ્મપુરાણ, પ્રથમાધ્યાય; વાયુપુરાણ, અ.૩ અને ૬; શ્રીમદ્ભાગવત પુરાણ, ૩/૧૦/૩–૨૦; નારદપુરાણ, અ.૧ તથા ૪૨; માર્કણ્ડેયપુરાણ, અ. ૪૭, ૪૮; ભવિષ્યપુરાણ, ૨/૫–૬, ૩/૫–૧૦; કૂર્મપુરાણ, ૧/૪–૧૦; ગરુડપુરાણ, અ. ૧,૪; મત્સ્યપુરાણ, અ. ૨,૩; દેવી–ભાગવત, ૩/૧–૭; હરિવંશપુરાણ, ૧/૧–૩.

૧૦૩. 'The Sankhyization of the Emanation Doctrine Shown in a Critical Analysis of Texts' by Dr. Hackar (Purana Bulletin, Vol.IV, PP. 218-338, Ramnagar Fort,1962.

૧૦૪. વિષ્ણુપુરાણ, ૧/૫/૧–૨૫; માર્કણ્ડેયપુરાણ, અ. ૪૭.

૧૦૫. શિવપુરાણ (વાયવીય), ૧/૧૨/૧૮.

૧૦૬. વિષ્ણુપુરાણ, ૧/૫/૨૩–૨૪.

૧૦૭. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૦/૨૮.

૧૦૮. વિષ્ણુપુરાણ, ૧/૫/૧૮.

૧૦૯. શ્રીમદ્ભગવદ્ ગીતા, ૧૪/૩.

૧૧૦. વિષ્ણુપુરાણ, ૧/૫/૧૯.

૧૧૧. વિષ્ણુપુરાણ, ૧/૫/૧૯.

૧૧૨. વિષ્ણુપુરાણ, ૧/૫/૨૦.

૧૧૩. વિષ્ણુપુરાણ, ૧/૫/૪–૭.

૧૧૪. વિષ્ણુપુરાણ, ૧/૫/૪–૭.
૧૧૫. વિષ્ણુપુરાણ, ૧/૫/૮.
૧૧૬. વિષ્ણુપુરાણ, ૧/૫/૨૧.
૧૧૭. વિષ્ણુપુરાણ, ૧/૫/૧૨.
૧૧૮. “**यस्मादर्वाक् प्रवर्तन्ते ततोऽर्वाक्स्रोतसस्तु ते ।**”
વિષ્ણુપુરાણ, ૧/૫/૧૬.
૧૧૯. વિષ્ણુપુરાણ, ૧/૪/૨૨.
૧૨૦. “**पञ्चमोऽनुग्रहः सर्गश्चतुर्धा स व्यवस्थितः ।**
**विपर्ययेण शक्त्या च तुष्ट्या सिद्ध्या तथैव च ।।**”
માર્કણ્ડેયપુરાણ, ૪૭/૨૮–૨૯.
૧૨૧. “**स एव प्रथमं देवः कौमारं सर्गमास्थितः ।**
**चचार दुश्चरं ब्रह्मा ब्रह्मचर्यमखण्डितम् ।।**”
શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૬.
૧૨૨. મનુસ્મૃતિ, ૧/૨૬.
૧૨૩. બ્રહ્મસૂત્ર, ૧/૩/૩૦ પરનું શાંકરભાષ્ય.
૧૨૪. વિષ્ણુપુરાણ, ૧/૪/૬૦–૬૧.
૧૨૫. “**भृगुं पुलस्त्यं पुलहं क्रतुमङ्गिरसं तथा ।**
**मरीचिं दक्षमत्रिं च वशिष्ठं चैव मानसम् ।।**
**नव ब्रह्माण इत्येते पुराणे निश्चयं गताः ।**”
વિષ્ણુપુરાણ, ૧/૭/૫–૬.
૧૨૬. “**तेष्वेवं निरपेक्षेषु लोकसृष्टो महात्मनः ।**
**ब्रह्मणोऽभून्महाक्रोधस्त्रैलोक्यदहनक्षमः ।।**”
વિષ્ણુપુરાણ, ૧/૭/૮.
૧૨૭. “**अर्द्धनारीनरवपुः प्रचण्डोऽतिशरीरवान् ।**”
વિષ્ણુપુરાણ, ૧/૭/૧૧.
૧૨૮. વિષ્ણુપુરાણ, ૧/૭/૮–૧૩; શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૨/૭–૨૨; માર્કણ્ડેયપુરાણ, ૫૨/૨–૧૦ વગેરે.
૧૨૯. વિષ્ણુપુરાણના તૃતીય અંશનો ચોથો અધ્યાય શાખા–પ્રશાખાઓ સહિત ઋગ્વેદને, પાંચમો અધ્યાય યજુર્વેદની શુકલ અને કૃષ્ણ– બન્ને શાખાઓને અને છઠ્ઠો અધ્યાય સામવેદ તથા અથર્વવેદની શાખા–પ્રશાખાઓને વર્ણવે છે.
૧૩૦.“**विष्णोर्नु कं वीर्याणि प्र वोचम्०**” (ઋગ્વેદ, ૧/૧૫૪/૧) ની વ્યાખ્યા શ્રીમદ્ભાગવતપુરાણ, ૨/૭/૪૦ માં કરવામાં આવી છે. એ જ રીતે “**ईशावास्यमिदं सर्वम्०**” એ ઈશાવાસ્યોપનિષદના મંત્રની વ્યાખ્યા શ્રીમદ્ ભાગવતપુરાણ, ૮/૧/૧૦ માં મળે છે. “**द्वा सुपर्णा सयुजा सखाया०**”

(ઋગ્વેદ, ૧/૧૬૪/૨૦ તથા અથર્વવેદ, ૯/૯/૨૦) નામના પ્રસિદ્ધ વૈદિક મંત્રની વ્યાખ્યા શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૧/૧૧/૬ માં ઘણી જ વિશદતાથી કરવામાં આવી છે.

૧૩૧. "**चत्वारि शृंगा त्रयोऽस्य पादाः०**" એ ઋગ્વેદના પ્રસિદ્ધ મંત્રને શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૧૬/૩૧ માં એમનો એમ જ પ્રયોજીને તેની યજ્ઞપરક વ્યાખ્યા પ્રસ્તુત કરવામાં આવી છે.

૧૩૨. શ્રીમદ્ભાગવતપુરાણનો અગિયારમો સ્કંધ; વિષ્ણુપુરાણનો બીજો તથા છઠ્ઠો અંશ; ગરુડપુરાણના પૂર્વભાગના૨૩૫ થી ૨૩૯ સુધીના અધ્યાયો વગેરે.

૧૩૩. ચાર્વાકદર્શનના સંદર્ભે દૈત્યગુરુ શુક્રાચાર્ય અને દેવાચાર્ય બૃહસ્પતિની એક કથા પણ પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અધ્યાય ૧૩; બ્રહ્માંડપુરાણના ઉપોદ્ઘાત–પાદના ૭૨ અને ૭૩મા અધ્યાયમાં; મત્સ્યપુરાણ, અધ્યાય ૪૭; વાયુપુરાણ, શિવપુરાણ વગેરેમાં પ્રાપ્ત થાય છે.

૧૩૪. નારદપુરાણના પૂર્વભાગના ૬૪ થી ૯૧ સુધીના અધ્યાયોમાં તંત્ર વિષયક વિવરણ આપવામાં આવ્યું છે. એ જ રીતે અગ્નિપુરાણના ૨૩ થી ૩૭, ૭૧ થી ૯૧, ૧૨૩ થી ૧૪૯ તથા ૨૯૩ થી ૩૨૬ સુધીના અધ્યાયોમાં તથા ગરુડપુરાણાદિ અન્ય પણ ઘણાં પુરાણોમાં તંત્ર–મંત્રોનું શાસ્ત્રીય નિરૂપણ છે.

૧૩૫. "**ॐ अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ।।**" ઋગ્વેદ, ૧/૧/૧.

૧૩૬. "**यस्य राष्ट्रे पुरे चैव भगवान् यज्ञपुरुषः ।**
**इज्यते स्वेन धर्मेण जनैर्वर्णाश्रमान्वितैः ।।**
**तस्य राज्ञो महाभाग भगवान् भूतभावनः ।**
**परितुष्यति विश्वात्मा तिष्ठतो निजशासने ।।**"
શ્રીમદ્ભાગવતપુરાણ, ૪/૧૪/૧૮,૧૯.

૧૩૭. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૩/૧૨૪.

૧૩૮. '**पुराणविमर्श**', **पृ. ३१७.**

૧૩૯. "**महाद्वीपास्तु विख्याताश्चत्वारः पत्रसंस्थिताः ।**"
વાયુપુરાણ, ૩૪/૪૬

૧૪૦. "**एते द्वीपाः समुद्रैस्तु सप्त सप्तभिरावृताः ।**"
વિષ્ણુપુરાણ, ૨/૨/૬.

આ ઉપરાંત, શ્રીમદ્ ભાગવતપુરાણ, ૫/૧૬મા અધ્યાયમાં પણ આનું વિસ્તૃત વર્ણન આપવામાં આવ્યું છે.

૧૪૧. '**पुराणविमर्श**', **पृ. ३१७.**

૧૪૨. "**पद्माकारा समुत्पन्ना पृथिवी सघनद्रुमा ।।**"

વાયુપુરાણ, ૩૪/૪૫. તદુપરાંત–

**“अव्यक्तात् पृथ्वीपद्मं मेरुपर्वत कर्णिकम् ।।”**

વાયુપુરાણ, ૩૪/૩૭.

૧૪૩. **“जम्बूद्वीपो द्वीपमध्ये तन्मध्ये मेरुरुच्छ्रितः ।”**

અગ્નિપુરાણ, ૧૦૮/૩ તદુપરાંત–

**“इलावृत्तं तु तन्मध्ये सौवर्णो मेरुरुच्छ्रितः ।”**

અગ્નિપુરાણ, ૧૦૮/૯, કૂર્મપુરાણ,૪૫/૧૫–૧૬ વગેરે.

૧૪૪. **“नाभिबन्धन संभूतो ब्रह्मणोऽव्यक्तजन्मनः ।”**

મત્સ્યપુરાણ, ૧/૨/૨૪.

૧૪૫. **“स तु मेरुः परिवृतो भुवनैर्भूतभावनैः ।**
**यस्येमे चतुरो देशा नाना पार्श्वषु संस्थिताः ।।”**

મત્સ્યપુરાણ, ૧૧૨/૪૩. તથા વાયુપુરાણ, ૩૪/૫૬.

૧૪૬. વિષ્ણુપુરાણ, અ. ૨/૪; શ્રીમદ્ભાગવતપુરાણ, અ. ૫/૨૦; માર્કણ્ડેયપુરાણ, અ. ૫૭ તથા ૫૪૬; મત્સ્યપુરાણ, અ. ૧૨૧–૧૨૨ વગેરે.

૧૪૭. વિષ્ણુપુરાણ, અ. ૨/૨; શ્રીમદ્ભાગવતપુરાણ, અ. ૫/૧૬ વગેરે.

૧૪૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૫/૭/૩.

૧૪૯. વાયુપુરાણ, ૩૫/૫૨.

૧૫૦. માર્કણ્ડેયપુરાણ, અ. ૫૮.

૧૫૧. માર્કણ્ડેયપુરાણ, ૫૭/૬૦.

૧૫૨. માર્કણ્ડેયપુરાણ, અ. ૫૭; બ્રહ્મપુરાણ, અ. ૨૭; કૂર્મપુરાણ, પૂર્વાર્ધ, અ.૪૬; બ્રહ્માંડપુરાણ, અ. ૪૯; મત્સ્યપુરાણ, અ. ૧૧૪; વાયુપુરાણ, અ. ૪૫; વામનપુરાણ, અ. ૧૩ તથા શ્રીમદ્ભાગવતપુરાણ, અ. ૫/૧૬–૨૦.

૧૫૩. માર્કણ્ડેયપુરાણ, અ. ૫૭.

૧૫૪. માર્કણ્ડેયપુરાણ, અ. ૫૭ માં કાર્મુક સંસ્થાનિક વર્ણન અને અ. ૫૮ માં કૂર્મ સંસ્થાનિક વર્ણન.

૧૫૫. મત્સ્યપુરાણ, ૧૧૪/૭,૮.

૧૫૬. માર્કણ્ડેયપુરાણ, ૫૭/૫; વાયુપુરાણ,૪૫/૭૫; વામનપુરાણ,૧૩/૮.

૧૫૭. મત્સ્યપુરાણ, અ. ૨૫૨–૨૫૬; વિષ્ણુધર્મોત્તરપુરાણ, દ્વિતીય ખંડ, અ. ૨૯ તથા તૃતીય ખંડ, અ. ૯૪,૯૫; અગ્નિપુરાણ, અ. ૯૩, ૧૦૪–૧૦૬ વગેરે.

૧૫૮. મત્સ્યપુરાણ, ૫/૨૭–૨૮; વિષ્ણુપુરાણ, ૧/૧૫/૧૧૮–૧૨૫; બ્રહ્મપુરાણ, ૧/૧૫૬–૧૫૯; વાયુપુરાણ, ૨/૫/૨૮–૩૦; બ્રહ્મવૈવર્તપુરાણ,કૃષ્ણજન્મ–ખંડ, અ.૧૪ વગેરે.

૧૫૯. શ્રીમદ્ભાગવતપુરાણ, અ. ૧૧/૪; બ્રહ્માંડપુરાણ, ઉપોદ્ઘાત, અ. ૭; વિષ્ણુધર્મોત્તરપુરાણ, અ. ૩/૩૫ વગેરે.

૧૬૦. વિષ્ણુધર્મોત્તરપુરાણ, તૃતીય ખંડ, અ. ૧,૨ તથા ૩૫ થી ૪૩.
૧૬૧. વિષ્ણુધર્મોત્તરપુરાણ, ૩/૪૩/૩૯.
૧૬૨. વિષ્ણુધર્મોત્તરપુરાણ, તૃતીય ખંડ, અ. ૪૪ થી ૮૫ તથા ૯૩; અગ્નિપુરાણ, અ. ૪૪ થી ૫૫; મત્સ્યપુરાણ, અ. ૨૫૮ થી ૨૬૩ વગેરે.
૧૬૩. મત્સ્યપુરાણ, ૨૫૮/૪–૧૫.
૧૬૪. એજન, ૨૫૯/૧–૨.
૧૬૫. એજન, ૨૫૯/૩–૧૨.
૧૬૬. એજન, અ. ૨૬૩
૧૬૭. એજન, અ. ૨૫૮–૨૬૭.
૧૬૮. **''अन्यायोपार्जितेनैव द्रव्येन सुकृतं कृतम् ।**
**न कीर्तिरिह लोके च परलोके च तत्फलम् ।।''**
દેવીભાગવત, ૩/૧૨/૧૮.
૧૬૯. **''न्यायोपार्जितवित्तस्य दशमांशेन धीमतः ।**
**कर्तव्यो विनियोगश्च ईश्वरप्रीत्यर्थमेव च ।।''**
સ્કન્દપુરાણ,૩/૪૫/૩૭.
૧૭૦. માર્કણ્ડેયપુરાણ, ૧૫/૫૭.
૧૭૧. મત્સ્યપુરાણ, અ. ૮૨; પદ્મપુરાણ, અ. ૧/૨૧; વરાહપુરાણ, અ. ૧૦૨ વગેરે.
૧૭૨. મત્સ્યપુરાણ, ૮૨/૧૮–૧૯ તથા ૮૩/૪–૬.
૧૭૩. દેવી ભાગવતપુરાણ, સ્કંધ–૯, અધ્યાય–૩૦.
૧૭૪. મત્સ્યપુરાણ, અ. ૧૫–૨૨, એમ આઠ અધ્યાયોમાં તથા ગરુડપુરાણનો ઉત્તરકલ્પ ૩૫ અધ્યાયોમાં શ્રાદ્ધ વિષયક વિસ્તૃત વિવરણ આપે છે.
૧૭૫. અગ્નિપુરાણ, ૧૭૫/૮.
૧૭૬. **''क्षमा सत्यं दया दानं शौचमिन्द्रियनिग्रहः ।**
**देवपूजाग्निहरणं संतोषोऽस्तेयमेव च ।।**
**सर्वव्रतेष्वयं धर्मः सामान्यो दशधा स्मृतः ।''**
અગ્નિપુરાણ, ૧૭૫/૧૦–૧૧.
૧૭૭. **''क्रोधात्प्रमादाल्लोभाद्वा व्रतभंगो भवेद्यदि ।**
**दिनत्रयं न भुञ्जीत शिरसो मुण्डनं भवेत् ।।''**
ગરુડપુરાણ, ૧૨૮/૧૯.
૧૭૮. **'पुराणविमर्श', पृ. ३०५.**
૧૭૯. મત્સ્યપુરાણ, અ. ૧૦૪–૧૧૧ તથા ૧૮૦–૧૯૪.
૧૮૦. બ્રહ્મપુરાણ, અ. ૧૦૯–૧૭૮.
૧૮૧. અગ્નિપુરાણ, અ. ૧૦૯–૧૧૪.
૧૮૨. વિષ્ણુધર્મોત્તરપુરાણ, ૩/૨૫૧/૫.

૧૮૩. દેવી ભાગવતપુરાણ, ૧૧/૨૪/૯૮.

૧૮૪. ‘‘**सर्वलक्षणयुक्तोऽपि नरस्त्वाचारवर्जितः ।**
**न प्राप्नोति तथा विद्यां न च किञ्चिदभीप्सितम् ।**
**आचारहीनः पुरुषो नरकं प्रतिपद्यते ।।**’’
विष्णुधर्मोत्तरपुराण, ૩/૨૫૦/૪.

૧૮૫. એજન, ૩/૨૭૧/૧,૪.

૧૮૬. વિષ્ણુપુરાણ, ૩/૧૨/૪૧.

૧૮૭. મત્સ્યપુરાણ, ૨૨૬/૧.

૧૮૮. ‘‘**अभिषेकार्द्रशिरसा राज्ञा राज्यावलोकिना ।**
**सहायवरणं कार्यं तत्र राज्यं प्रतिष्ठितम् ।।**’’
મત્સ્યપુરાણ, ૨૧૫/૨.

૧૮૯. ‘‘**स्वाम्यमात्यौ जनपदो दुर्गं दण्डस्तथैव च ।**
**कोशो मित्रं च धर्मज्ञ सप्ताङ्गं राज्यमुच्यते ।।**’’
મત્સ્યપુરાણ, ૨૨૦/૧૯.

૧૯૦. મત્સ્યપુરાણ, અ. ૨૨૨ થી ૨૨૫.

૧૯૧. ‘‘**साम भेदस्तथा दानं दण्डश्च मनुजेश्वर ।**
**उपेक्षा च तथा माया इन्द्रजालं च पार्थिव ।।**’’
મત્સ્યપુરાણ, ૨૨૨/૨.

૧૯૨. ‘**पुराण-विमर्श**’ , પૃ. ૩૦૯.

૧૯૩. ‘‘**अतः परं तु सूतेन शौनकादिभिरादरात् ।।**
**पृष्टेन चोदिताः शश्वद्विष्णुधर्मोत्तराह्वयाः ।**
**नानाधर्मकथाः पुण्या व्रतानि नियमा यमाः ।।**
**धर्मशास्त्रं चार्थशास्त्रं वेदान्तं ज्यौतिषं तथा ।**
**नानाविद्यास्तथा प्रोक्ताः सर्वलोकोपकारिकाः ।।**’’
નારદપુરાણ, ૯૪/૧૭–૨૦.

૧૯૪. ‘‘**पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।**
**अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गताः ।।**’’
મત્સ્યપુરાણ, ૫૩/૩.

૧૯૫. મહાભારત, ૧/૧/૮૬.

૧૯૬. ‘‘**निगमकल्पतरोर्गलितं फलम् ।**’’ શ્રીમદભાગવતપુરાણ, ૧/૧/૩.
તથા ‘‘**सर्ववेदांतसारं हि श्री भागवतमिष्यते ।**’’ ૧૨/૧૩/૧૫.

૧૯૭. માર્કણ્ડેયપુરાણ, ૨૧/૬૮.

૧૯૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૩/૧/૮.

૧૯૯. એજન, ૧/૧૫/૨૧.

૨૦૦. એજન, ૩/૫/૪૭.

૨૦૧. એજન, ૧/૧/૧. ૨૦૨. એજન, ૮/૩/૨.
૨૦૩. એજન, દસમા સ્કંધનો બત્રીસમો અધ્યાય.
૨૦૪. માર્કણ્ડેયપુરાણ, દુર્ગાસપ્તશતી.
૨૦૫. મત્સ્યપુરાણ, ૧/૧. ૨૦૬. એજન, ૧૧/૪૮–૪૯.
૨૦૭. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૮/૧૭–૧૮.
૨૦૮. એજન, ૩/૧૦/૨.
૨૦૯. માર્કણ્ડેયપુરાણ, ૨૧/૭૧. ૨૧૦. મત્સ્યપુરાણ, ૮૧/૧૮.
૨૧૧. એજન, ૧૩૩/૫૭.
૨૧૨. વામનપુરાણ, ૪૯/૩૭. ૨૧૩. એજન, ૪૫/૨૨.
૨૧૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૨૩/૪૩.
૨૧૫. પદ્મપુરાણ, ૨/૭/૯. ૨૧૬. એજન, ૫/૧૮/૩૩૮.
૨૧૭. વિષ્ણુપુરાણ, ૫/૬/૩૬–૪૨ તથા ૫/૧૦/૧–૧૫.
૨૧૮. શ્રીમદ્ભાગવતપુરાણ, સ્કંધ–૧૦, અધ્યાય–૨૦.
૨૧૯. બ્રહ્મપુરાણ, કાશીખંડ, ૨૪/૯–૧૦.
૨૨૦. ‘‘**धनैरनन्धो यत्रास्ति मनो, नैव च भोजनम् ।**
**अनयः स्यन्दनं यत्र न च वै राजपुरुषः ।।**’’
એજન, ૨૪/૧૧.
૨૨૧. શિવપુરાણ, રુદ્રસંહિતા, પાર્વતીખંડ, અધ્યાય ૨૨ થી ૩૩.
૨૨૨. બ્રહ્મપુરાણ, ૩૬/૭૦–૧૨૪.
૨૨૩. વિષ્ણુપુરાણ, ૫/૬/૪૨. ૨૨૪. એજન, ૫/૧૦/૪.
૨૨૫. મત્સ્યપુરાણ, ૧૭૯/૨૨–૪૪ તથા લિંગપુરાણ, પૂર્વાર્ધ, ૯૨/૧૨–૩૩.
૨૨૬. લિંગપુરાણ, પૂર્વાર્ધ, ૯૨/૩૦–૩૧.
૨૨૭. વામનપુરાણ, ૭૭/૫૦.
૨૨૮. નારદપુરાણ, ૧/૭/૫૯. ૨૨૯. ગરુડપુરાણ, ૧૦૮/૨૩.
૨૩૦. શ્રીમદ્ભાગવતપુરાણ, ૪/૨૬/૧૫.
૨૩૧. એજન, ૭/૧૫/૧૯. ૨૩૨. નારદપુરાણ, ૧/૮/૮.

******

# <u>પ્રકરણ– ૨,</u>

# દેવાસુરસંગ્રામોના મૂળસ્રોતો


૧:૧ પ્રસ્તાવના

૧:૨ 'દેવ' અને 'અસુર'

૧:૩ દેવાસુરસંગ્રામોના મૂળસ્રોતો

:: પાદટીપ ::

## પ્રકરણ–૨, દેવાસુરસંગ્રામોના મૂળસ્રોતો

### ૨:૧, પ્રસ્તાવના :

ત્રિગુણાત્મિકા પ્રકૃતિના સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણેય ગુણોનું સામ્રાજ્ય અખિલ બ્રહ્માંડમાં સાર્વત્રિક પ્રવર્તે છે. માનવીય વૃત્તિઓના ઘડતરના મૂળમાં, આ ત્રણ ગુણો જ રહેલા છે. જે–તે ગુણનું આધિક્ય માનવની બુદ્ધિમત્તાને પ્રેરે છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં આ ત્રણેય પ્રકારની બુદ્ધિને વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. જેમાં, સાત્ત્વિકબુદ્ધિને સમજાવતાં કહ્યું છે કે–

**''प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।**
**बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ।।''**[1]

અર્થાત્, મનુષ્યની જે બુદ્ધિ, પ્રવૃત્તિને જાણે એટલે કે કયા કામમાં પ્રવૃત્તિ કરવાથી પોતાનું કલ્યાણ છે, કઈ પ્રવૃત્તિ પોતાને કે બીજાને સુખ આપનારી–કલ્યાણ દેનારી છે એ જાણે, જે મનુષ્યની બુદ્ધિ નિવૃત્તિને જાણે, કયું કામ કરવાથી પોતાને કે બીજાને દુઃખ થાય તેમ છે, કયાં કામથી પોતાની અધોગતિ થાય તેમ છે, એમ જાણીને જે મનુષ્યની બુદ્ધિ કાર્ય કરવા જેવી બાબતોને, સારા કામોને અને અકાર્યોને જાણી શકે, જે મનુષ્યની બુદ્ધિ કયાં કામમાં ભય છે, કયાં કામમાં નિર્ભયતા છે, એ જાણી શકે, જે મનુષ્યની બુદ્ધિ કયાં કામો પોતાને આ લોકમાં અને પરલોકમાં બંધનરૂપ છે અને કયાં કામ આ લોકનો મોક્ષ એટલે મનની શાંતિ અને સુખ આપનારાં તથા પોતાને કે બીજાને કલેશ, ભય, ઉચાટ, આધિ, વ્યાધિ, ઉપાધિથી મુક્ત કરવાના માર્ગો દેખાડનારા છે અને પરલોકનો મોક્ષ એટલે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી જન્મ–મરણના દુઃખથી મુક્ત કરે છે, એ સમજી શકે, ધર્મ, સદાચાર, આસ્તિકપણું, નિત્યનૈમિત્તિક કર્મમાં પ્રવૃત્તિ, શાસ્ત્રો ઉપર શ્રદ્ધા, બધા પર સમદૃષ્ટિ, તે બુદ્ધિ સાત્ત્વિક તત્ત્વગુણી સમજવી.

રાજસિક બુદ્ધિનું સ્વરૂપ આપતાં કહ્યું છે કે,–

**''यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।**
**अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ।।''**[2]

અર્થાત્, મનુષ્ય જે બુદ્ધિ વડે શાસ્ત્રવિહિત કર્મો દ્વારા ઉત્પન્ન થતા ધર્મને શાસ્ત્રનિષિદ્ધ કર્મોથી ઉત્પન્ન થતાં અધર્મને, વર્ણાશ્રમ અનુસાર કરવાના કર્મને તથા વર્ણાશ્રમ અનુસાર નિષિદ્ધ અકર્મને નિર્ણયપૂર્વક જાણતો નથી, તેના યથાર્થ સ્વરૂપ વિશે સંશયને પ્રાપ્ત થાય છે, તે બુદ્ધિ રાજસી છે.

**''अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।**
**सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा तामसी मता ।।''**[3]

અર્થાત્, મનુષ્યની તમોગુણથી ઘેરાયેલી જે બુદ્ધિ અધર્મને ધર્મરૂપ માને, બધા સારા ગુણોને દુર્ગુણો માને, અર્થાત્ બધે ઠેકાણે અવળાઈને સરળતા

માને, અસત્યને સત્ય માને, મલીનતા–અનાચારને આચાર–પવિત્રતા માને, શ્રદ્ધાને ગાંડપણ માને, ક્ષમાને નિર્બળતા માને, ધીરજને નપુંસકપણું માને, નિર્લજ્જપણાંને લાજવાળું માને, બીજાને લુંટી લેવાની વૃત્તિને સંતોષ માને, આવી રીતે બધા સારા ભાવોને અવળા માને, તે બુદ્ધિ તામસી છે.

આ ત્રણ પ્રકારની બુદ્ધિઓથી પ્રેરાયેલ જીવ કર્મોમાં રત બને છે. સાત્વિકી બુદ્ધિ ક્રમશઃ તે(જીવ)ને મોક્ષ કે મુકિત તરફ લઈ જાય છે. જયારે અન્ય બન્ને, તેને બંધન તરફ દોરી જાય છે. એ બન્નેમાંથી કોઈ એકથી પ્રભાવિત થયેલ પ્રાણીઓ અન્ય (સાત્વિક) બુદ્ધિ/વૃત્તિવાળાં પ્રાણીઓ પર પોતાનું આધિપત્ય જમાવવાનો પ્રયત્ન કરે છે અથવા તો પોતાની સત્તા કે શાસન સ્થાપવાને કે વિસ્તારવાને કે પછી તે પ્રાણીઓને પોતાને વશ કરવાને કાર્યરત બને છે, સંઘર્ષો કરે છે, સંગ્રામો કરે છે. જેનાં મૂળમાં ભોગ, વિલાસ, સત્તા–પ્રાપ્તિ, અહંકારાદિ રહેલા છે, એવી સત્તા–પ્રાપ્તિ કે ભાગ–બટાઈના કારણે જે સંઘર્ષોનાં મંડાણ થાય છે, તે અંતે મહાસંગ્રામો કે મહાવિનાશોમાં પરિણમે છે.

સંઘર્ષની આ આદિકાળથી અવિરત ચાલી આવતી પરંપરા છે. દૈવી–વૃત્તિ અને આસુરી–વૃત્તિ વચ્ચેની આ લડાઈ સૃષ્ટિના પ્રારંભની સાથે જ શરૂ થયેલી છે, જેનો પુરાવો શ્રીમદભાગવતપુરાણ[૪] તથા વિષ્ણુપુરાણ[૫]માં પ્રસ્તુત એક પ્રતીકાત્મક કથામાં જોઈ શકાય છે. તદનુસાર–

"સૃષ્ટિ રચવાને તત્પર થયેલ બ્રહ્માએ રજોમાત્રાત્મક શરીર ધારણ કરીને ક્ષુધાગ્રસ્ત સૃષ્ટિની રચના કરી. અત્યંત કુરૂપ અને દાઢી–મૂછવાળાં તે પ્રાણીઓએ ઉત્પન્ન થતાંની સાથે જ સ્વયં બ્રહ્માનું ભક્ષણ કરવાની ઈચ્છાથી, એમની તરફ દોટ મૂકી. એમાંથી જેમણે **'रक्ष्यतामेष'** એવું કહ્યું, તે 'રાક્ષસો' કહેવાયા અને જેમણે **'खादामः'** એમ કહ્યું, તેઓ 'યક્ષો' કહેવાયા. બ્રહ્માના શરીરમાં તમોગુણનું પ્રાધાન્ય થતાં, તેના સાથળમાંથી જે પ્રાણીઓ જન્મ્યાં, તે 'અસુરો' કહેવાયા. કામના પ્રભાવથી જન્મ્યાં હોવાના કારણે, જન્મતાની સાથે જ લંપટપણાને લઈને, મૈથુન માટે સ્વયં બ્રહ્માજી પાછળ જ દોટ મૂકી. આથી બ્રહ્મા ભયભીત થઈને નાઠયા."

રાજસિક તથા તામસિક ગુણોથી પ્રભાવિતોનો સાત્વિક ગુણધારી પરનો આ પ્રથમ હલ્લો કહી શકાય, જે સૃષ્ટિના પ્રારંભથી શરૂ થયેલ દૈવીવૃત્તિ અને આસુરીવૃત્તિના સંઘર્ષનું સૌ પ્રથમ બીજ–રોપણ છે. ભોગ, વિલાસ અને અહંકારાદિથી આવૃત્ત થઈને રોપાયેલું આ બીજ, મહાભારતના મહાયુદ્ધરૂપી વિરાટ વટવૃક્ષમાં પરિણમ્યું હોવાનો પુરાવો, આપણા પ્રાચીન ઈતિહાસના પાને નોંધાયેલો છે. પરંતુ મહાભારતના એ મહાસંગ્રામની પૂર્વે પણ આવા ઘણા સંગ્રામો ભોગ–વિલાસ–સત્તા–પ્રાપ્તિના હેતુથી લડાયા હોવાના પણ સાહિત્યિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઉદ્દેશ–ભેદે આ મહાસંગ્રામો સત્ય સામે અસત્યના, ધર્મ સામે અધર્મના, નીતિ સામે અનીતિના કે સદાચાર સામે દુરાચારના પણ હતા.

## ૨:૨, 'દેવ' અને 'અસુર'

દેવો તથા અસુરાદિઓના જાતિગત વિકાસનો ઈતિહાસ ઘણો જ પ્રાચીન છે. સારાં અને ખરાબ ત઼ત્વો કે સારી અને ખરાબ ભાવનાઓના વિકાસની સાથે જ, એ બન્નેનો વિકાસ થયો ગણી શકાય. વૈદિક તથા પૌરાણિક સાહિત્યોમાં બન્નેનાં મૂળ સ્વરૂપો વિકસીને ઘણા જ ભિન્ન થઈ ગયેલાં જોઈ શકાય છે. એ બન્નેને ક્રમશઃ આ પ્રમાણે દર્શાવી શકાયઃ

**:: દેવ :**

વર્તમાન સમયમાં પૃથ્વી પર જેમ અનેક મનુષ્યજાતિઓ નિવાસ કરી રહી છે તેમ પ્રાચીનકાળમાં પણ દેવ, અસુર, રાક્ષસ, ગંધર્વ, યક્ષ, નાગ, સર્પ, ગરુડ, દાનવ, દૈત્ય વગેરે જેવી અનેક માનવજાતિઓ રહેતી હતી. એ જાતિઓના સ્ત્રી–પુરુષોને પણ માનવસહજ હર્ષ, ખેદાદિ વિકારો હતા. એમના પણ વિવાહો થતાં અને સંતાનો પણ ઉત્પન્ન થતાં હતાં અને લડાઈ–ઝઘડા પણ કરતા હતા. 'દેવ' એવી જ એક પ્રાચીન મનુષ્યજાતિ હોવાનું કહી શકાય. આ અંગે મ.મ. સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવનું કથન છે કે, –

**“ ‘देव‘ एक प्राचीन मानवज्ञातिसंघ है । प्राचीन वैदिक एवं पौराणिक ग्रंथों में, देव, असुर, राक्षस, पितर आदि ज्ञातिसंघों का, एवं इन ज्ञातियों के स्त्रीपुरुषों का निर्देश पुनः पुनः मिलता है । इन सारे ज्ञातिसंघों में, देव लोगों का ज्ञातिसंघ बौधिक, सांस्कृतिक एवं आध्यात्मिक दृष्टि से सर्वाधिक प्रगत एवं बलिष्ठ प्रतीत होता है । सर्वथैव मानुषि रूप धारण किये हुएँ, ऐसे बहुत सारे देव प्राचीन ग्रंथों में प्राप्त है ।”**[६]

શ્રી ચિત્રાવના માનવા પ્રમાણે, દેવો મૂલતઃ માનવો જ હતા. પ્રાચીન વૈદિક સાહિત્યના અનુશીલનથી એમની વાતમાં રહેલા તથ્યને અનુમોદન પણ આપી શકાય તેમ છે. વૈદિકગ્રંથોમાં અગ્નિ, ઈન્દ્ર, મિત્ર, વરુણાદિ દેવોનું ચરિત્રચિત્રણ માનવીય આકૃતિને જ મળતું આવે છે. એજ રીતે પુરાણોમાં પણ રામ, કૃષ્ણ, શિવ, વિષ્ણુ, ગણેશાદિ દેવોનું વ્યકિતચિત્રણ માનુષી ઢંગે જ થયેલું છે. મનુષ્યોમાંથી અનેક લોકો દેવજાતિમાં પ્રવેશી શકતા હતા. જેઓ પહેલાં મનુષ્યો હતા અને પછીથી દેવ બની ગયા એવા ઋભુ વગેરેનો નિર્દેશ વૈદિકગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. આ અંગે ડૉ. ગૌતમ પટેલ નોંધે છે કે, "માનવમાંથી અતિમાનવ અંશ પ્રત્યે ગતિ થઈ. કયાંક તો સ્વપ્રયત્નથી માનવીમાંથી દેવ બન્યાની વાત પણ ઋગ્વેદમાં આવે છે. ઋભુઓ આનું ઉદાહરણ છે."[૭] અશ્વિનીકુમારો પણ પહેલાં માનવી જ હતા; પરંતુ પછીથી દેવ બન્યા અને યજ્ઞની આહુતિઓના અધિકારી બન્યા.

આ દેવોના શાસકોમાં ઈન્દ્ર, સપ્તર્ષિ વગેરે મુખ્ય ગણાતા. 'ઈન્દ્ર', 'સપ્તર્ષિ' વગેરે પદવીઓ કે ઉપાધિઓ હોવાનું અનુમાન પુરાણોમાં વર્ણવાયેલાં જુદાં જુદાં મન્વન્તરોનાં વર્ણનોના આધારે કરી શકાય છે. પ્રત્યેક મન્વન્તરમાં

ભિન્ન ભિન્ન ઈન્દ્ર તથા સપ્તર્ષિ વગેરે હોવાનું પુરાણોનું નિરૂપણ આ બાબતનું સાક્ષ્ય છે. ઈન્દ્રાદિ દેવોના વર્ણનોથી એવુ જાણી શકાય છે કે, તેઓ પ્રથમ પરાક્રમી મનુષ્યો જ હતા અને પછીથી પોતાના અતુલ પરાક્રમથી 'દેવ' બની ગયા. 'ઈન્દ્રપદ'ની પ્રાપ્તિને માટે પ્રાચીન સમયમાં કેટલા ઝઘડા થતા હતા તથા ઈન્દ્ર બનવા ઉત્સુક રાજાના અશ્વમેધ યજ્ઞના અશ્વને ઉઠાવી જવો કે, યજ્ઞનો કોઈપણ પ્રકારે ભંગ કરવાના અનેક પ્રયત્નો પ્રવર્તમાન ઈન્દ્ર કે અન્ય રાજાઓ દ્વારા થતા, તેનો સાદ્યંત ઈતિહાસ પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. રાજા સગર, તેના ૬૦,૦૦૦ પુત્રો, સ્વર્ગનો રાજા ઈન્દ્ર અને કપિલમુનિનું આખ્યાન પુરાણપ્રસિદ્ધ છે. મનુષ્યરૂપે જન્મીને ઈન્દ્રપદને પ્રાપ્ત કરનારા પ્રાચીન રાજાઓમાં રજિ, રજિપુત્ર તથા નહુષાદિ મુખ્ય હતા, જયારે અસુરોમાંથી હિરણ્યકશિપુ, પ્રહ્લાદ, બલિ વગેરે રાજાઓ ઈન્દ્રપદને મેળવવામાં સફળ રહ્યા હતા. જેમ મનુષ્યજાતિના રાજાઓ 'રાજસૂયયજ્ઞ' કરતા હતા તેમ દેવજાતિના રાજાઓ પણ ચક્રવર્તીપદને દર્શાવનારો આ યજ્ઞ કરતા હતા. આવો યજ્ઞ કરનાર મનુષ્યરાજા 'મનુષ્યરાજન્' તથા દેવજાતિનો રાજા 'દેવરાજન્' જેવી ઉપાધિઓથી વિભૂષિત કરાતા હતા. તાંડ્ય– બ્રાહ્મણમાં દર્શાવ્યા પ્રમાણે, આવા પ્રાચીન ચક્રવર્તી રાજાઓમાં દિવોદાસ, વધ્ર્યશ્વ, વીતહવ્યાદિ સમ્રાટો 'મનુષ્યરાજન્' અને સિંધુક્ષિત્, દીર્ઘશ્રવસ્, પૃથુ, કક્ષીવત્ વગેરે સમ્રાટો 'દેવરાજન્' હતા.[૮] દેવ, અસુર તથા મનુષ્યજાતિઓમાં પરસ્પર વિવાહો પણ થતાં. પુરાણોમાં પ્રસિદ્ધ 'કચદેવયાનીપ્રણય' માં કચ દેવોના પુરોહિત બૃહસ્પતિનો પુત્ર હતો તથા દેવયાની અસુરોના ગુરુ શુક્રાચાર્યની કન્યા હતી. અંતમાં દેવયાનીનો વિવાહ ચન્દ્રવંશી ક્ષત્રિય રાજા યયાતિની સાથે થયો હતો. યયાતિની અન્ય પત્ની શર્મિષ્ઠા અસુરોના રાજા વૃષપર્વાની કન્યા હતી. ઋષિના પુત્રો દેવજાતિમાં પ્રવેશ્યા હોવાના પણ અનેક ઉદાહરણો મળે છે. ભૃગુઋષિને પૌલોમી નામની પત્નીથી ભુવન, ભૌવન વગેરે બાર પુત્રો થયેલા. એ બધા ભૃગુપુત્રો 'ભૃગુદેવ' તરીકે પ્રસિદ્ધ થયેલા.[૯]

જેનામાં સામર્થ્ય અને શકિત હોય, તે દરેક વ્યકિત દેવ બની શકતી, એવી પ્રાચીન ભારતીયોની માન્યતા હતી. આ માન્યતાના આધારે જ અગ્નિ, વાયુ આદિ પંચમહાભૂતોને વૈદિકયુગમાં દેવ માનવામાં આવ્યા હતા. એ પંચમહાભૂતોના કરતાં પણ વધારે શકિત 'બ્રહ્મ' માં હોવાની ધારણા ઉપનિષદકાળમાં પ્રચલિત થયેલી. આથી, એ યુગમાં 'બ્રહ્મ'ને 'દેવ'ની સંજ્ઞા પ્રાપ્ત થઈ. કેનોપનિષદમાં નોંધ્યું છે કે, ''અગ્નિ, વાયુ આદિ દેવો ગમે તેટલા શકિતશાળી હોવા છતાં, એમની શકિત મહદ્ભૂત બ્રહ્મની આગળ કંઈ પણ નથી.''[૧૦] આ પ્રમાણે, સંસારના આદિકારણને 'દેવ' માનવાની પ્રવૃત્તિ ઉપનિષત્કાળથી શરૂ થઈ. (બૃહદારણ્યકોપનિષદમાં નોંધ્યા પ્રમાણે, જનકની સભામાં વિદગ્ધ શાકલ્યે યાજ્ઞવલ્ક્યને પૂછયું, ''દેવો કેટલા છે?'' (**कति देवाः?**) પ્રત્યુત્તરમાં યાજ્ઞવલ્ક્ય કહે છે, ''સંસારમાં એક જ દેવ છે. પૃથ્વી એ જેનું શરીર છે, અગ્નિ નેત્રો છે, જયોતિ મન છે, (એવો) સંસારના તમામ

જીવોના અધિષ્ઠાનરૂપ પુરુષ એક જ છે અને તે જ કેવળ દેવ છે.")[૧૧] પરંતુ એ પહેલા 'દેવ' શબ્દ કોઈ એક જાતિ–વિશેષનો દ્યોતક હતો. આના વિશદીકરણ માટે બૃહદારણ્યકોપનિષદમાં જ આપવામાં આવેલી આ કથાને લઈ શકાયઃ "એકવાર દેવો, મનુષ્યો અને દાનવો પ્રજાપતિ પાસે જ્ઞાનપ્રાપ્તિને માટે ગયા. પ્રજાપતિએ એમને શ્રેયની પ્રાપ્તિને માટે 'દ' અક્ષરનો ઉપદેશ આપ્યો. એ 'દ'કારનો અર્થ દેવો, દાનવો અને મનુષ્યોએ પોતપોતાના સ્વભાવાનુસાર ગ્રહણ કર્યો. દેવોએ દમન (ઇન્દ્રિયદમન)થી, મનુષ્યોએ દાનથી અને દાનવોએ દયાથી શ્રેયની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કર્યો."[૧૨] પ્રસ્તુત કથાના આધારે દેવ, મનુષ્ય અને દાનવની ભિન્નતાને તો જાણી જ શકાય છે, સાથે સાથે એ દરેકના વિશિષ્ટ સ્વભાવોને પણ જાણી શકાય છે અને તે માનવસહજ જ છે.

આના પરથી એવું સિદ્ધ થાય છે કે, પ્રાચીનકાળમાં 'દેવ' નામની એક માનવજાતિ હતી. પછીથી એ જાતિના લોકો કે વ્યકિતઓ પર આધિદૈવિક તથા આધ્યાત્મિક સંસ્કારોનું આરોપણ કરીને, એમને અતિમાનુષી કે દૈવી રૂપ આપવામાં આવ્યું. આનાથી એમનું મનુષ્યનું સ્વરૂપ બન્યું. રામકૃષ્ણાદિ મહામાનવોનું માનુષ તથા દૈવી સ્વરૂપ સંમિશ્રિતરૂપમાં સ્પષ્ટ છે. ઈન્દ્રાદિ દેવો પણ પ્રથમ માનવ જ હતા. પછીથી દેવત્વનું આરોપણ એમના પર કરવામાં આવ્યું. પરવર્તી દત્ત, ગણેશ, સ્કન્દાદિ દેવ પહેલા સિદ્ધ, સમર્થ તથા પરાક્રમશીલ વ્યકિતઓના રૂપમાં લોકોના આદરપાત્ર બન્યા અને પછી એમને દેવતા બનાવવામાં આવ્યા. શિવાદિ દેવતાઓનાં પ્રથમનાં રુદ્રાદિ સ્વરૂપો તથા બાદનાં સ્વરૂપો તદ્દન ભિન્ન છે. આધ્યાત્મિકતા ઈચ્છનીય છે; પરંતુ તે છતાંય આ દેવોનાં વાસ્તવિક સ્વરૂપોનું દર્શન તથા પ્રાચીન માનવસમાજનું વિભાગાત્મક જ્ઞાન પણ ઐતિહાસિક અધ્યયનને માટે આવશ્યક છે.

સુરો, દેવો કે દેવતાઓ સત્ત્વગુણશીલ છે. આથી, સ્વાભાવિકપણે જ એમની સામે અસુરાદિનો દ્વૈષભાવ છે. આ દેવગણ મરીચિનંદન કશ્યપ અને એમની તેર પત્નીઓ માંહેની એક અને પ્રમુખ અદિતિના સંયોગથી ઉત્પન્ન થયેલ છે. મત્સ્યપુરાણાનુસાર–

"તે બધા સહસ્ર કિરણોથી યુકત અને સંખ્યામાં બાર હોવાથી 'દ્વાદશ આદિત્યો' તરીકે પણ ઓળખાય છે. એમનાં નામો અનુક્રમે – ઇન્દ્ર, ધાતા, ભગ, ત્વષ્ટા, મિત્ર, વરુણ, યમ, વિવસ્વાન, સવિતા, પૂષા, અંશુમાન અને વિષ્ણુ છે. આ બધા ચાક્ષુષ– મન્વન્તરમાં 'તુષિત' નામથી પ્રસિદ્ધ હતા. આ દેવગણ પ્રત્યેક મન્વન્તર અને પ્રત્યેક કલ્પમાં ઉત્પન્ન અને વિલીન થતો રહે છે."[૧૩]

રામાયણ પ્રમાણે, સુરા (મદિરા)ને ગ્રહણ કરવાથી આ દેવગણ 'સુર' તરીકે વિખ્યાત થયેલ છે.[૧૪] અમૃતત્વના કારણે એ જ 'અમર' છે. સંસ્કૃતમાં **'अमर'** શબ્દનો એક અર્થ 'તેંત્રીસની સંખ્યા' પણ થાય છે,[૧૫] જે તે દેવોના સંખ્યાનનો સૂચક છે. ઋગ્વેદમાં દેવતાઓની સંખ્યા તેંત્રીસ ગણાવેલ છે.[૧૬] શતપથબ્રાહ્મણમાં તો સ્પષ્ટપણે આ બાર આદિત્યો ઉપરાંત આઠ વસુ, અગિયાર રુદ્ર, અને આકાશ

તથા પૃથ્વી એમ તેંત્રીસ દેવતા ગણાવેલ છે. ઐતરેય બ્રાહ્મણમાં ૧૧ પ્રયાજ, ૧૧ અનુયાજ અને ૧૧ ઉપયાજ એમ ૩૩ દેવતાઓ દર્શાવ્યા છે.[૧૭]

'દેવતા' શબ્દને યાસ્કાચાર્યે આ પ્રમાણે સમજાવેલ છે– **''देवो दानाद्वा दीपनाद्वा द्योतनाद्वा । द्युस्थानो भवतीति वा यो देवः सा देवता ।''**[૧૮] અર્થાત્, ''દાતા, વરપ્રદાતા, દ્યોતમાન અને દિવ્ય સ્થાનવાળાને 'દેવ' અથવા 'દેવતા' કહેવાય.'' આ ઉપરાંત, યાસ્કાચાર્યના મતે, દેવતા કેવળ સ્તુતિનો વિષય બને એ પર્યાપ્ત નથી, પરંતુ સ્તોતાની સ્તુતિથી પ્રસન્ન બની જે તેની અભિષ્ટસિદ્ધિમાં સમર્થ હોય, તે દેવતા પદથી વાચ્ય છે.[૧૯] પાણિનિના **'सास्य देवता'** (૪/૨/૨૪) સૂત્ર પર વૃત્તિ કરતાં ભટ્ટોજી દીક્ષિત 'સિદ્ધાંતકૌમુદી'માં 'દેવતા'નાં બે લક્ષણો આપે છે : (૧) જેને ઉદેશીને યજ્ઞમાં હવિર્દ્રવ્યનો ત્યાગ કરવામાં આવે, એ દેવતા અને (૨) મંત્રથી જેની સ્તુતિ કરવામાં આવે, એ દેવતા.[૨૦]

વેદમાં વર્ણવાયેલ દેવતાઓના કેટલાક ગુણો તો સર્વસામાન્ય છે, તે અક્ષર છે, અનંત છે, સત્ છે, આનંદમય છે. સહુ દેવતાઓ પ્રકાશના ગુણોથી યુકત અને સર્વત્ર ગતિ કરનારા છે. તેના સ્તોતા, ભકત કે પૂજકને સુખસમૃદ્ધિ આપવા સદૈવ સમર્થ અને કટિબદ્ધ છે. પ્રકાશમય આ દેવસમૂહમાં શકિતનો અતિરેક એ તો સર્વસાધારણ ગુણ છે. સૌંદર્ય એ બધા જ દેવતાઓમાં સમાનપણે વિલસતું તkવ છે. રાક્ષસો કે દસ્યુઓથી તેઓનું આગવું વ્યકિતત્વ હોય તેમ આ સહુ દેવતાઓ ઋતના રક્ષક અને સત્યના પાલક છે. રૂપ, ગુણ, શકિત, સત્તા, વીર્ય, સત્ય, ઋત, જ્ઞાન ઇત્યાદિ ગુણો સર્વમાં રહેલા છે. તેની માત્રામાં ન્યૂનાધિકતા તે તે દેવના અપેક્ષિત કાર્ય કે સ્વરૂપને આધારે અવશ્ય પ્રતીત થાય. આમ, ઉષામાં સૌંદર્ય, વરુણમાં ઋત, ઇન્દ્રમાં વીર્ય, જાતવેદામાં જ્ઞાન કે સૂર્યમાં પ્રકાશની માત્રા અન્ય દેવતાઓની અપેક્ષાએ સ્વાભાવિકપણે જ અધિક છે.

વૈદિક દેવતાઓ પુરાણકાળમાં પોતાની પૂર્ણ વિભૂતિ, તેજ તથા શકિતને ગુમાવી દેતા જોઈ શકાય છે. એમાંથી કોઈકના તો સ્વરૂપનો જ સાવ લોપ થઈ ગયો તો કોઈક પોતાના ઉદાત્ત રૂપને છોડીને સામાન્ય સ્તરે પહોંચી ગયેલા જોઈ શકાય છે. વરુણનું પૌરાણિક રૂપ આ બાબતનું મહત્ત્વનું દષ્ટાંત છે. વૈદિકયુગમાં તેના દેવત્વની ઉદાત્ત કલ્પના હતી. તે સંપૂર્ણ ન્યાયપ્રિય, વિશ્વના પ્રત્યેક પદાર્થના જ્ઞાતા અને કર્માનુસાર દરેક પ્રાણીઓને કર્મોનુ ફળ આપનાર ઐશ્વર્યશાળી દેવ હતા, પરંતુ પૌરાણિકયુગમાં તેની આ શકિતઓનો હ્રાસ થઈ ગયેલો જોવા મળે છે. તેનું ઉદાત્ત વૈદિક રૂપ સામાન્ય જલદેવતાના રૂપમાં સીમિત થઈ ગયું છે. કેટલાક વિદ્વાનો ગણેશને પુરાણકાળમાં જ અસ્તિત્વમાં આવેલ માને છે. પરંતુ આ સર્વ માન્ય મત નથી. મોટા ભાગના વિદ્વાનો ગણપતિને વૈદિક દેવ માને છે, જેની સ્તુતિ 'બ્રહ્મણસ્પતિ'ના રૂપમાં વૈદિક સંહિતાઓમાં પ્રાપ્ત થાય છે.[૨૧] પૌરાણિકયુગમાં કેટલાંક પ્રાચીન વૈદિક દેવોના વિષયમાં નવી કલ્પનાઓ જન્મી છે. જેમકે, સૂર્ય.ઈ.સ. ની પ્રથમ શતાબ્દીમાં શક–કુષાણનાં આગમનની સાથે તેના ઉપાસ્ય દેવ

સૂર્યની તાંત્રિક રીતિથી પૂજા–અર્ચના ભારતમાં પણ પ્રચલિત બની. આ નવીન કલ્પનાને પુરાણોએ અને તેમાં પણ ખાસ કરીને ભવિષ્યપુરાણે સ્પષ્ટ રીતે સ્વીકારી છે. પ્રાચીનકાળથી ચાલી આવતી સૂર્યપૂજાની સાથે આ નવીન તાંત્રિક સૂર્યપૂજાનો સમન્વય પુરાણોએ પ્રસ્થાપિત કર્યો છે. હનુમાન પણ આ પ્રમાણે જ એક નવીન દેવના રૂપમાં સ્વીકારાયેલ છે. રામચંદ્રની ઉપાસનાની સાથે એમના અનન્ય સેવક હનુમાનની ઉપાસના પણ લોકપ્રિય બની.

વૈદિક દેવોમાં વિષ્ણુ તથા રુદ્રનું પ્રાધાન્ય આ યુગમાં પણ અકબંધ રહ્યું છે. જો કે, ઋગ્વેદ પ્રમાણે વિષ્ણુ સૂર્યનું જ અન્ય રૂપ છે. 'વિષ્ણુ' નામનું નિર્વચન આ બાબતને સિદ્ધ કરે છે. યાસ્કાચાર્યનું કથન છે કે– ''કિરણો દ્વારા વ્યાપ્ત હોવાના કારણે અથવા કિરણો દ્વારા સમગ્ર સંસારને વ્યાપ્ત કરવાના કારણે સૂર્ય 'વિષ્ણુ' નામથી ઓળખાય છે.''[૨૨] વિષ્ણુ વેદમાં એક બળશાળી દેવતાના રૂપમાં વર્ણવાયેલ છે. ઈન્દ્ર સાથેની તેની ગાઢ મિત્રતા તથા સહવાસથી પણ એ અનુમાન કરી શકાય છે કે, એ ઈન્દ્રના સમાન જ વીર્યવાન તથા બળવાન દેવતા છે. અનેક મંત્રોમાં એ બન્ને એક સાથે જ પ્રશંસાને પામ્યા છે. બ્રાહ્મણયુગમાં યજ્ઞસંસ્થાનો વ્યાપ વધવાથી વિષ્ણુનું મહkવ સંહિતાકાળ કરતાં પણ વધ્યું છે. ઐતરેયબ્રાહ્મણમાં પ્રારંભમાં જ અગ્નિને હીન (**अवमः**) અને વિષ્ણુને શ્રેષ્ઠ(**परमः**) દેવ તરીકે સ્વીકારવામાં આવેલ છે.[૨૩] જયારે પુરાણોમાં તો વિષ્ણુને આ જગતના મૂળ કારણ, નિત્ય, અજન્મા, અક્ષય, અવ્યય, અનંત, એકરસ અને હેયના અભાવથી યુકત નિર્મળ પરબ્રહ્મ તરીકે ઓળખાવેલ છે. તે પ્રકૃતિ કરતાં પણ શ્રેષ્ઠ, અંતરાત્મામાં સ્થિત પરમાત્મા, રૂપ, વર્ણ, નામાદિ વિશેષણોથી રહિત તથા જન્મ, વૃદ્ધિ, સ્થિતિ, પરિણામ, ક્ષય અને વિનાશ જેવા ષટ્વિકારોથી પણ રહિત છે. તેના માટે તો કેવળ એટલું જ કહી શકાય કે–'તે સર્વદા છે.'[૨૪] તે સર્વવ્યાપી છે. આ સમગ્ર વિશ્વ એમનામાં જ વસેલું છે અને એથી જ તે 'વાસુદેવ' છે.[૨૫]

રુદ્ર–શિવનું મહkવ પણ ક્રમિક વધતું ગયેલું જોવા મળે છે. વિષ્ણુ સમાન જ હિન્દુ ધર્મના તે પ્રધાન દેવતા છે. પરંતુ એની આ પ્રધાનતાનો ક્રમિક વિકાસ ધીમે–ધીમે શતાબ્દીઓ પછી સંપન્ન થયો છે. ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ, શતપથબ્રાહ્મણાદિ ગ્રંથોના અધ્યયનથી રુદ્રના વિષયમાં અનેક જ્ઞાતવ્ય બાબતોને જાણી શકાય છે. ઋગ્વેદમાં રુદ્ર વિષયક માત્ર ત્રણ જ સૂકતો પ્રાપ્ત થાય છે.[૨૬] આ ઉપરાંત અન્ય દેવતાઓની સાથે લગભગ પચાસેક વાર એમનો નામોલ્લેખ પ્રાપ્ત થાય છે. ઋગ્વેદમાં રુદ્રનું સ્થાન અગ્નિ, વરુણ, ઈન્દ્ર, ઉષાદિ દેવતાઓની અપેક્ષાએ ઘણું જ ઓછું મહત્ત્વનું છે. પરંતુ યજુર્વેદ તથા અથર્વવેદમાં તેનું મહkવ વધેલું જોઈ શકાય છે. યજુર્વેદમાં તો એક આખો અધ્યાય જ એમની સ્તુતિમાં પ્રયુકત થયેલો છે. આ 'રુદ્રાધ્યાય' યજુર્વેદની અનેક સંહિતાઓમાં થોડાઘણાં અંતર સાથે મળી આવે છે.[૨૭] આ રુદ્રાધ્યાયમાં રુદ્રને માટે ભવ, શર્વ, પશુપતિ, ઉગ્ર, ભીમાદિ શબ્દોનો પ્રયોગ થયેલો છે. શુકલ યજુર્વેદમાં એમને અગ્નિ, અશનિ, પશુપતિ, ભવ, શર્વ,

ઈશાન, મહાદેવ, ઉગ્રાદિથી સંબોધવામાં આવેલ છે.[૨૮] વિશ્વમાં એવું કોઈ જ સ્થાન નથી કે જયાં ભગવાન રુદ્રનું આધિપત્ય ન હોય. તે જગતના સમસ્ત પદાર્થોના સ્વામી છે. એ અન્નના ખેતરો તથા વનના તો સ્વામી છે જ, સાથે સાથે ચોર, ડાકુ, ઠગાદિ જઘન્ય લોકોના પણ સ્વામી છે. અથર્વવેદમાં **भव, शर्व, पशुपति, भूतपति** વગેરે નામોથી એમનો ઉલ્લેખ થયેલો છે.[૨૯] 'પશુપતિ'નો અર્થ સ્પષ્ટ કરતાં અથર્વવેદમાં કહ્યું છે કે,–

**''तवेमे पञ्च पशवो विभक्ता ।**
**गावो अश्वाः पुरुषा अजावयः ।।''** [૩૦]

જેમાં સમગ્ર ભુવનોનો નિવાસ છે, તે વિવિધ વસ્તુઓને ધારણ કરનાર બ્રહ્માંડરૂપી કોશના રુદ્ર અધિપતિ છે. રુદ્રે આ સમસ્ત ભુવનોની રચના કરીને તેમને અગ્નિ, જળ, ઔષધિઓ તથા લતાઓથી સંપન્ન બનાવ્યું છે.[૩૧] સંહિતાઓ પછીના બ્રાહ્મણકાળમાં તો રુદ્રનું મહત્ત્વ અધિક વધ્યું છે.[૩૨] ઉપનિષદોમાં પણ એમની પ્રધાનતાનો પરિચય મળે છે. છાન્દોગ્યોપનિષદ,[૩૩] બૃહદારણ્યક,[૩૪] મૈત્રી,[૩૫] મહાનારાયણ,[૩૬] નૃસિંહતાપની[૩૭] વગેરે પ્રાચીન ઉપનિષદોમાં રુદ્રના વૈભવ તથા પ્રભાવનું વર્ણન જોઈ શકાય છે. શ્વેતાશ્વતરોપનિષદમાં તો રુદ્રનું એકત્વ, જગન્નિર્માણમાં નિરપેક્ષતા, વિશ્વનું આધિપત્ય, મહર્ષિત્વ, દેવતાઓના ઉત્પાદક તથા ઐશ્વર્યયુકત બનાવવાના ગુણો સ્પષ્ટપણે નિરૂપાયા છે.[૩૮]

રુદ્ર અગ્નિનું પ્રતીક છે. અગ્નિના ભૌતિક આધાર પર રુદ્રની કલ્પના થયેલી છે. ઋગ્વેદમાં **'त्वमग्ने रुद्रो'** કહીને એ બંનેના ઐકયને રજૂ કરવામાં આવેલ છે.[૩૯] અથર્વવેદમાં પણ કહ્યું છે કે,–**''तस्मै रुद्राय नमो अस्त्वग्नये ।'**[૪૦] અને શતપથબ્રાહ્મણમાં તો સ્પષ્ટપણે નોંધ્યું છે કે,– **'अग्निर्वै रुद्रः'**[૪૧] અગ્નિનાં બે રૂપો માનવામાં આવે છે– ઘોરાતનુ અને અઘોરાતનુ. પોતાના ભયંકર ઘોરરૂપથી તે સંસારનો સંહાર કરવામાં સમર્થ હોય છે, પરંતુ અઘોરરૂપથી એ જ સંસારનું પાલન કરવા શકિતમાન છે. અગ્નિરહિત પ્રાણીઓમાં પ્રાણનો સંચાર આ કારણે જ શકય નથી બનતો. આથી 'ઉગ્ર' રૂપે જે દેવ 'રુદ્ર' છે, એ જ જગતના કલ્યાણાર્થે 'શિવ' છે. અર્થાત્, જે રુદ્ર છે, તે જ શિવ છે. રુદ્ર અને શિવની અભિન્નતા વૈદિક ગ્રંથોમાં પણ પ્રતિપાદિત થયેલી છે.[૪૨] શ્વેતાશ્વતરોપનિષદ નોંધે છે કે,– **''एको रुद्रो न द्वितीयाय तस्थुः ।''**[૪૩] પુરાણોમાં પણ શિવના એકત્વ વિશે કહ્યું છે કે, – ''વિવિધ અલંકારોને ઘડવામાં જેમ સુવર્ણ તો એક જ છે તેમ જગતના તમામ દશ્યમાન પદાર્થો એક શિવરૂપ જ છે.''[૪૪]

પુરાણોમાં જે દેવ બ્રહ્મા કે બ્રહ્મદેવના નામથી ઓળખાય છે, તે વેદોમાં પ્રજાપતિ તરીકે અભિહિત છે. પ્રજનન તથા જીવિત માનવીઓના રક્ષકના રૂપમાં પ્રજાપતિનું આવાહન અથર્વવેદમાં કરવામાં આવ્યું છે તો ઋગ્વેદમાં એક સૂકતમાં એમનું વર્ણન આકાશ, પૃથ્વી, જળ તથા સમસ્ત પ્રાણીઓના સ્રષ્ટાના રૂપમાં થયું છે.[૪૫] આ સૂકતમાં એમનાં કાર્યો અને સ્વરૂપનું વિસ્તૃત વર્ણન થયેલું છે.

એમનું 'પ્રજાપતિ' નામ સાર્થક છે. એઓ ઉત્પન્ન થનારાં સમસ્ત પ્રાણીઓના પતિ મનાયા છે. એ ગતિશીલ તથા શ્વાસ લેનારાં પ્રાણીઓના રાજા છે અને દેવોમાં શ્રેષ્ઠ છે. એમના વચનોનું પાલન માત્ર સમગ્ર પ્રાણીઓ જ નહીં, પરંતુ દેવગણ પણ કરે છે. એમણે જ આકાશ અને પૃથ્વીને સ્થાપિત કર્યાં, એ જ અંતરિક્ષના તમામ સ્થાનોમાં વ્યાપ્ત છે, એ સમગ્ર વિશ્વ અને સમસ્ત પ્રાણીઓને પોતાની ભુજાઓથી આલિંગન કરે છે. ઋગ્વેદના આ વર્ણનથી પ્રજાપતિની દેવોમાં પ્રધાનતા પ્રસ્તુત થાય છે. જોકે, ઋગ્વેદમાં એમના મુખ્યપણાનો નિર્દેશ આ સ્થાને એક જ વાર થયેલો છે, પરંતુ અથર્વવેદ, વાજસનેયીસંહિતામાં સાધારણતઃ અને બ્રાહ્મણગ્રંથોમાં નિયમિત રૂપે એ જ સર્વપ્રમુખ દેવના રૂપમાં સ્વીકૃત થયેલા છે. શતપથબ્રાહ્મણ અનુસાર એ દેવોના પિતા છે.[૪૬] સૃષ્ટિના આરંભે એકલાં એમનું જ અસ્તિત્વ હતું.[૪૭] મૈત્રાયણીસંહિતામાં પ્રજાપતિની પોતાની પુત્રી પર આસકત થવાની કથા મળે છે,[૪૮] જે બ્રાહ્મણગ્રંથોમાં અનેક સ્થાનોએ પુનરાવૃત્તિ પામી છે.[૪૯] ઋગ્વેદમાં એ 'હિરણ્યગર્ભ' નામથી પણ પ્રસ્તુત છે.–

**"हिरण्यगर्भः समवर्तताग्रे**
**भूतस्य जातः पतिरेक आसीत् ।**
**स दाधार पृथिवीं द्यामुतेमां**
**कस्मै देवाय हविषा विधेम ।।"**[૫૦]

વેદના આ પ્રજાપતિ કે હિરણ્યગર્ભ દેવ જ પુરાણોમાં બ્રહ્મા કે પદ્મભૂના રૂપે સ્વીકારવામાં આવ્યા છે. પ્રજાપતિ સાથે સંબંધિત તમામ કથા–ગાથાઓ પુરાણોમાં બ્રહ્મા સાથે જોડાયેલી હોવાથી જ પ્રજાપતિ અને એમની પુત્રીની કથા પુરાણોમાં બ્રહ્મા અને એમની પુત્રી સાવિત્રીનાં નામોથી મળે છે.[૫૧] શ્રીમદભાગવતપુરાણાનુસાર, ક્ષીરસાગરમાં શયન કરી રહેલ ભગવાન વિષ્ણુના નાભિકમળમાંથી એમની સ્વતઃ ઉત્પત્તિ થયેલી હોવાથી એ 'સ્વયંભૂ' નામથી પણ અભિહિત છે.[૫૨] આકાશવાણીથી પ્રેરિત થઈને એમણે હજારો વર્ષો સુધી તપસ્યા કરી, જેના ફળ સ્વરૂપે એમણે બ્રહ્માંડની સૃષ્ટિ કરી. સૃષ્ટિ–સર્જનનું આ કાર્ય બ્રહ્માનું પોતાનું વિશિષ્ટ કાર્ય છે.[૫૩] શ્રીમદભાગવતપુરાણમાં હિરણ્યકશિપુએ કરેલી બ્રહ્માજીની સ્તુતિમાં એમનું સ્વરૂપ ભગવાન નારાયણના જેવું જ ચિતરાયેલું છે.[૫૪] તદનુસાર, એ જ્ઞાનસ્વરૂપ, પરમેશ્વર, અજન્મા, મહાન અને સમસ્ત જીવોના જીવનદાતા રૂપ અંતરાત્મા છે. કાર્ય–કારણ કે ચલ–અચલમાંથી એવી કોઈ જ વસ્તુ કે પદાર્થ નથી, જે બ્રહ્માજીથી પર હોય. સ્મસ્ત વિદ્યા અને કલા એમનાં જ રૂપો છે. એ ત્રિગુણમયી માયાથી અતીત સ્વયં બ્રહ્મ જ છે. સ્વર્ણમય બ્રહ્માંડ એમનામાં જ સ્થિત છે અને એને એઓ સ્વયં પોતાનામાંથી જ પ્રકટ કરે છે.[૫૫]

પુરાણોમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવની અભિન્નતા પ્રતિપાદિત થયેલી છે. શિવપુરાણ નોંધે છે કે, –"શિવ જયારે સત્વ, રજસ અને તમસ–ગુણોથી યુકત બનીને સૃષ્ટિની રચના કરે છે ત્યારે એ જ બ્રહ્માદિ નામોથી ઓળખાય છે.

શિવના વામ અંગમાંથી હરિ (વિષ્ણુ)ની અને એમના દક્ષિણ અંગમાંથી બ્રહ્માની તથા એમના હૃદયમાંથી રુદ્રની ઉત્પત્તિ થાય છે.''[૫૬] આચાર્ય બલદેવ ઉપાધ્યાય આ સંદર્ભે નોંધે છે કે,–

**''विष्णु में तमोगुण की सत्ता भीतर रहती है और स्kव की बाहर, इससे ठीक विपरीत स्थिति है हर की, जो अन्तः सत्त्व तथा तमोबाह्य होता है-भीतर स्kव और बाहर तम । ब्रह्मा अन्तः तथा बाह्य उभयत्र रजोविशिष्ट होता है । इस प्रकार गुणों के साथ सम्बद्ध होने पर ब्रह्मा, विष्णु तथा हर की स्थिति है ।''**[૫૭]

પુરાણોની નિંદા કરનારાઓ પુરાણો પર એવો આરોપ લગાવે છે કે, શિવપુરાણ શિવનો મહિમા અને વિષ્ણુની નિંદા કરે છે. તેમજ, વિષ્ણુપુરાણ વિષ્ણુનો મહિમા અને શિવની નિંદા કરે છે. પરંતુ વાસ્તવમાં એવું નથી. એ શિવપુરાણની શિવની આ ઉકિત દ્વારા સ્પષ્ટ થાય છે, –

**''ममैव हृदये विष्णुर्विष्णोश्च हृदये ह्यहम् ।**
**उभयोरन्तरं यो वै न जानाति मनो मम ।।''**[૫૮]

વસ્તુતઃ આ બાબતમાં પુરાણોનો દૃષ્ટિકોણ સમન્વયવાદી રહ્યો છે. વિષ્ણુપુરાણમાં પણ વિષ્ણુનું વિધાન છે કે, –

**''मत्तोऽविभिन्नमात्मानं द्रष्टुमर्हसि शंकरः ।।**
**योऽहं स त्वं जगच्चेदं सदेवासुरमानुषम् ।''**[૫૯]

વાયુપુરાણમાં વિષ્ણુએ કરેલી શિવની સ્તુતિ પણ આ ભાવને જ પ્રસ્તુત કરે છે.[૬૦] આ જ પ્રમાણે, રામ અને શિવનું ઐકય પદ્મપુરાણમાં આ રીતે દર્શાવ્યું છે –

**''ममास्ति हृदये शर्वो भवतो हृदये त्वहम् ।**
**आवयोरन्तरं नास्ति मूढाः पश्यन्ति दुर्धियः ।।''**[૬૧]

પરાત્પર બ્રહ્મ જ તમામ દેવ અને દેવીઓનું મૂળ ઉદ્‌ભવ–સ્થાન છે. જેવી રીતે હરિ(બ્રહ્મા), વિષ્ણુ અને હર એમનાથી ઉત્પન્ન થાય છે, એ જ રીતે શકિતની ઉત્પત્તિ પણ ત્યાંથી જ થાય છે–

**''तस्मान्महेश्वरश्चैव प्रकृतिः पुरुषस्तथा ।**
**सदा शिवो भवो विष्णुर्ब्रह्मा सर्वं शिवात्मकम् ।।''**[૬૨]

આ પ્રમાણે શિવ તથા શકિતમાં પણ અભિન્નતા દર્શાવવામાં આવેલ છે. શકિત શિવમાં છૂપાઈને કયારેક નિષ્ક્રિય રહે છે અને કયારેક પ્રકટપણે સક્રિય હોય છે. એ બન્નેનો અવિનાભાવ સંબંધ છે–

**''एवं परस्परापेक्षा शक्तिशक्तिमतोः स्थिता ।**
**न शिवेन विना शक्तिर्न च शक्त्या विना शिवः ।।''**[૬૩]

આથી કહી શકાય કે, પુરાણોનો દેવતા વિષયક દૃષ્ટિકોણ પર્યાપ્ત માત્રામાં ઉદાર, વિશદ અને સમન્વયાત્મક રહ્યો છે. પુરાણોમાં આ સમન્વયસિદ્ધિનું

માત્ર બીજ જ નહીં પરંતુ પૂર્ણપણે પલ્લવિત વૃક્ષ સાકારિત થયેલું છે. પ્રાચીન યુગથી ચાલી આવતી, સમાજમાં પ્રચલિત તથા અહીં—તહીંથી પ્રાપ્ત થતીઉપાસના—પદ્ધતિઓ, આચાર—વિચારો, કલ્પના—માન્યતાઓ એ તમામના એક વિશાળ સમન્વયનું જે સાહિત્યિક રૂપ પુરાણોમાં ઉપલબ્ધ છે, એ વૈવિધ્ય—સભર હોવા છતાં સુસમંજસ છે. અનેકતાથી મંડિત હોવા છતાં ઐકયના ભાવને પ્રસ્તુત કરે છે. લોકપ્રિય જન—વિશ્વાસોનો ભંડાર હોવા ઉપરાંત શાસ્ત્રીય વિશ્વાસોથી પણ યુકત છે. આ સમન્વયની ભાવનાથી જ અવતારવાદનો જન્મ થયો અને પરિણામે ભકિતનું સાર્વભૌમ સામ્રાજય પુરાણોમાં વિસ્તર્યું છે.

આમ, વૈદિક દેવતાઓનાં વર્ણન કરતાં પુરાણોમાં વર્ણવાયેલા દેવતાઓનાં સ્વરૂપ અને સ્વભાવમાં ઘણું જ અંતર જોઈ શકાય છે. વૈદિક દેવતાઓ સગુણ—સાકાર હોવા છતાં નિર્ગુણ—નિરાકાર છે, જયારે પૌરાણિક દેવતાઓનું સ્વરૂપ નિર્ગુણ—નિરાકાર હોવા છતાં સગુણ—સાકાર છે. આના પરિણામે જ એઓ મનુષ્યની વધારે નજીક છે. એ માનવીય સુખ—દુઃખોની સાથે વધારે ઘનિષ્ઠતાપૂર્વક જોડાયેલા છે. સંસારના વિવિધ દુઃખોથી સંતપ્ત માનવી પોતાનાં દુઃખોની કથા સંભળાવવા માટે કોઈક એવા સહાનુભૂતિપૂર્ણ દેવતાની શોધમાં હતો, જે તેનાં દુઃખોને સાંભળે અને તેમને દૂર કરવાનું અમૃત—ઔષધ પ્રદાન કરે તથા વિચલિત થયેલા માનવીના મનને સ્વસ્થ બનાવીને શાંતિ બક્ષે. આવા દેવની કલ્પના પુરાણોએ પ્રસ્તુત કરી. પૌરાણિક દેવતાઓ આકાશમાં જ વિચરણ કરનારા અને જગતનાં કાર્યોથી ઉદાસીન નથી, પરંતુ ભૂતલવાસી માનવોના સુખ—દુઃખમાં ભાગ પડાવનારા છે. આ રીતે વૈદિક દેવોની અપેક્ષાએ વ્યકિતગત સંબંધોના કારણે પૌરાણિક દેવો એમના ભકતની વધારે નજીક છે. એઓ નિર્વિશેષ ન રહેતાં સવિશેષ રૂપમાં પ્રતિષ્ઠિત થયેલા છે.

**:: અસુર :**

સામાન્ય રીતે સુર, દેવ, અમર વગેરે શબ્દો જેમ પર્યાયવાચી માનવામાં આવે છે (અમરકોશકારનું પણ વિધાન છે કે,—**"अमरा सुरा विबुधा च देवाः"**[64]) તેમ અસુર, દાનવ, દૈત્ય, રાક્ષસ વગેરેને પણ પર્યાયવાચી ગણાવવામાં આવે છે. (**'असुरा दानवा दैत्या दैतेयाः सुरशत्रवः ।'** વગેરે,હલાયુધકોશ, ૧/૫) પરંતુ પુરાણોમાં વર્ણવ્યા અનુસાર, એ દરેક ભિન્ન—ભિન્ન જાતિના છે. એટલું જ નહીં, પુરાણોમાં એ દરેકની અલગ—અલગ ઉત્પત્તિની કથાઓ પણ પ્રાપ્ત થાય છે. જેમકે, વિષ્ણુ— પુરાણમાં વર્ણવ્યા પ્રમાણે, અસુરોની ઉત્પત્તિ બ્રહ્માના સાથળમાંથી થયેલી છે.[65] મત્સ્યપુરાણાનુસાર, મહર્ષિ કશ્યપની તેર પત્નીઓમાંની દિતિના પુત્રો, તે દૈત્યો[66] અને એમની અન્ય પત્ની દનુના પુત્રો, તે દાનવો છે.[67] દિતિ તથા દનુ—નામોને અપત્યાર્થ પ્રત્યયો લાગીને અનુક્રમે 'દૈત્ય' (**दिति+ण्य**) અને 'દાનવ'(**दनु+अण्**) શબ્દો સિદ્ધ થયેલા છે. રાક્ષસોની ઉત્પત્તિ વિશે વિષ્ણુપુરાણ

નોંધે છે કે, " એકવાર બ્રહ્માના શરીરે રજોભાવને ધારણ કર્યો. એથી એમને ક્ષુધા ઉત્પન્ન થઈ. ક્ષુધાથી કામ જન્મ્યો અને એના પરિણામે દાઢી – મૂછવાળાં કુરૂપ પ્રાણીઓ ઉત્પન્ન થયાં. એ પ્રાણીઓ ક્ષુધાના પરિણામ–સ્વરૂપ જન્મ્યાં હોવાથી, ઉત્પન્ન થતાંની સાથે જ સ્વયં બ્રહ્માજીનું જ ભક્ષણ કરવાની ઈચ્છાથી એમની તરફ દોડયાં. એ સમયે એ બધાંમાંથી જેઓ– **''मैवं भो रक्ष्यतामेष''** (એવું ન કરો, એનું રક્ષણ કરો !) એમ બોલ્યાં, એ 'રાક્ષસો' કહેવાયાં."[૬૮]

આમ, પૌરાણિક માન્યતા અનુસાર અસુર, દૈત્ય, દાનવ, રાક્ષસ વગેરે મૂલતઃ ભિન્ન–ભિન્ન છે. પરંતુ એમની ઉત્પત્તિ રાજસિક તેમજ તામસિક ભાવોને લઈને થઈ હોવાથી તથા સાત્વિક ગુણોથી વિરુદ્ધના ભાવોને ધારણ કરતાં હોવાથી, સામાન્યતયા એ બધા સમાન કોટિના મનાયા છે.

વસ્તુતઃ પ્રાચીનકાળમાં અસુર, રાક્ષસ, દાનવ તથા દૈત્યાદિ વિશિષ્ટ એવી મનુષ્યજાતિઓ જ હતી. વૈદિક સાહિત્યમાં અસુરો, રાક્ષસો તથા પિશાચોને ક્રમશઃ દેવો, મનુષ્યો અને પિતૃઓના વિરોધી કહેવામાં આવ્યા છે.[૬૯] પાણિનિના 'અષ્ટાધ્યાયીમાં પણ અસુર, રાક્ષસ તથા પિશાચને સ્વતંત્ર માનવજાતિઓ જ માનવામાં આવી છે અને તેઓને 'આયુધજીવી' તરીકે ઓળખાવવામાં આવ્યા છે.[૭૦] તદુપરાંત તેમાં 'આસુરીમાયા' નો નિર્દેશ પણ મળે છે, જેનો પ્રયોગ અસુર–વિદ્યાને માટે થતો હતો.[૭૧]

વૈદિક સાહિત્યમાં રાક્ષસો તથા પિશાચોની તુલનામાં અસુરોનું માનવીપણું વધારે પ્રસ્તુત થયેલું છે. તેમાં દેવોનો વિરોધ કરનારા અનેક અસુરોનો નિર્દેશ સ્પષ્ટપણે જોઈ શકાય છે. જેમકે, **'अनर्शनि'**,[૭૨] **'अर्बुद'**,[૭૩] **'इलीबिश'**,[૭૪] **'उरण'**,[૭૫] **'चुमुरि'**,[૭૬] **'त्वष्टृ'**,[૭૭] **'दभीक'**,[૭૮] **'धुनि'**,[૭૯] **'नमुचि'**,[૮૦] **'पिप्रु'**,[૮૧] **'रुधिक्रा'**,[૮૨] **'बल'**,[૮૩] **'वर्चिन्'**,[૮૪] **'विश्वरूप'**,[૮૫] **'वृत्र'**,[૮૬] **'शुष्ण'**,[૮૭] **'श्रुबिंद'**,[૮૮] **'स्वर्भानु'**,[૮૯] વગેરે. ઉપરાંત, દેવતા હોવા છતાં પણ જેનામાં માયાવી અથવા ગુહ્યશકિત હોય, એવા દેવતાને પણ 'અસુર' કહેલ છે. આથી એમ લાગે છે કે, અસુરોની દુષ્ટતાની કલ્પના ઋગ્વેદોત્તરકાલીન છે. ઋગ્વેદની રચનાના પ્રારંભિક– કાળમાં ગુહ્યશકિત ધારણ કરનારા બધા જ દેવતાઓને 'અસુર' કહેવામાં આવતા. જેંદ અવેસ્તામાં પણ અસુરોનો નિર્દેશ 'અહુર' નામથી કરવામાં આવ્યો છે. ઋગ્વેદ તથા અવેસ્તામાં 'અસુર' (અહુર) શબ્દ, ઘણાં સ્થાનોએ એવા દેવતાઓ માટે પ્રયોજવામાં આવ્યો છે, જેઓ અતિશય પ્રતાપી મનાયા છે. જરથોસ્તધર્મની સ્થાપના કરનાર અહુર મઝ્દ પોતે પણ એક અસુર જ હતો. શ્રી મ.મ. સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવનું કથન છે કે,–

**''भारतीय वेदिक आर्यो में सुर देवों की पूजा प्रस्थापित होने के पूर्वकाल में प्रायः सभी वैदिक देवताओं को 'असुर' कहा गया है, जिनके नाम निम्नलिखित हैः–अग्नि(ऋ.३.३.४); इन्द्र(ऋ.१.१७४.१); त्वष्टृ(ऋ.१.११०.३); पर्जन्य(ऋ.५.८३.६); पूषन्(ऋ.५.५१.११); मरुत्(ऋ.१.६४.२) ।''**[૯૦]

છાંદોગ્યોપનિષદમાં અસુરરાજ વિરોચનની કથા આવે છે, જેમાં દેવ તથા

અસુરોના જીવન અને આત્મજ્ઞાન વિષયક તkત્વજ્ઞાન વચ્ચેના ભેદનું નિરૂપણ કરવામાંઆવ્યું છે. એ કથાનુસાર, પ્રજાપતિનાં મિથ્યા વચનોને સાચાં માનીને વિરોચન દિવ્ય આંખોમાં, દર્પણમાં તથા જળમાં દેખાનારા પોતાના પડછાયાને જ આત્મા માની બેસે છે. છાંદોગ્યોપનિષદ અનુસાર, માનવીય દેહને કે તેના પડછાયાને આત્મા માનનાર તામસી લોકો 'અસુર' કહેવાય છે.[૯૧] આગળ જતાં, આ જ પરંપરા ચાર્વાકાદિ તkત્વજ્ઞોએ વિસ્તારેલી.

આ અસુરો માટે શ્રી ચિત્રાવનું કથન છે કે,–

**“पर्शुसंघ की भाँति असुर लोग भी मध्य एशिया में रहते थे, जिनका निवासस्थान आधुनिक असिरिया में था । ये लोग वैदिक आर्यो के पूर्वकाल में भारतवर्ष में आये थे, एवं सिंधु-घाटी में स्थित सिंधु सभ्यता के जनक संभवतः यही थे । बहिस्तून के शिलालेख में इनका निर्देश ‘अथुरा’ एवं ‘अश्शुरा’ नाम से किया गया है ।”**[૯૨]

પૌરાણિક સાહિત્ય તથા મહાભારત અને રામાયણમાં રાક્ષસ, અસુર, દૈત્ય, દાનવ વગેરે શબ્દો સમાનાર્થી તરીકે પ્રયોજાયા છે, જેથી પ્રતીત થાય છે કે, એ સમયે મનુષ્ય તથા દેવોના શત્રુઓના રૂપમાં આ બધાં નામો ગુંચવણભરી રીતે પ્રયોજાતાં હતાં.

રાક્ષસો(**रक्षस्**)નો ઉલ્લેખ ઋગ્વેદમાં પચાસ કરતાં પણ વધારે વાર એવાં સ્થાનોએ થયેલો છે કે જ્યાં મહદંશે કોઈ દેવતાનું એના વિનાશને માટે આવાહન કરવામાં આવ્યું છે અથવા તો એમના સંહારકના રૂપમાં દેવતાઓની સ્તતિ કરવામાં આવી છે. ઋગ્વેદના બે સૂકતોમાં એમને 'યાતુ' (ઐન્દ્રજાલિક) પણ કહેલા છે.[૯૩] યજુર્વેદમાં ‘**यतः**’ શબ્દનો પ્રયોગ એક દુષ્ટ જાતિને માટે કરવામાં આવ્યો છે અને એને રાક્ષસોની ઉપજાતિ કહેલ છે. અથર્વવેદમાં એમના સ્વરૂપનું અત્યંત વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. એમને ત્રણ મસ્તક, બે મુખ, રીંછ જેવી ગરદન, ચાર નેત્ર અને પાંચ પગ, જે પાછળની બાજુએ વળેલા અને આંગળીઓ વગરના રહેતા. એના હાથ પર શીગડાં રહેતાં હતાં.[૯૪] એનો વર્ણ વાદળી, પીળો કે લીલો રહેતો.[૯૫] એને મનુષ્યની જેમ પત્ની, પુત્ર અને પરિવાર પણ રહેતો.[૯૬] એ લોકો કૂતરાં, ગીધ, ઘુવડ, વાનર વગેરે પશુપક્ષીઓનું રૂપ ધારણ કરવામાં પ્રવીણ હતા.[૯૭] ભાઈ, પતિ કે પ્રેમીનું રૂપ લઈને એ લોકો સ્ત્રીઓની પાસે જતા હતા અને એમનાં સંતાનોને નષ્ટ કરી દેતા હતા.[૯૮] તેઓ મનુષ્ય તથા ઘોડાના માંસનું ભક્ષણ કરતા.[૯૯] યજ્ઞોમાં વિઘ્ન ઉત્પન્ન કરતા અને હવિને ચારેબાજુ ફેંકી દેતા હતા.[૧૦૦] એ લોકો પૂર્વજોના આત્માનું રૂપ ધારણ કરીને પિતૃયજ્ઞમાં પણ બાધા ઉત્પન્ન કરતા હતા.[૧૦૧]

ભાષાશાસ્ત્રીય દષ્ટિએ ‘**रक्षस्**’ શબ્દ ‘**रक्ष्**’ (ક્ષતિ પહોંચાડવી) ધાતુ પરથી નિષ્પન્ન થયેલો મનાય છે. પરંતુ કેટલાક વિદ્વાનોના મતે અહીં ‘**रक्ष्**’ ધાતુનો અર્થ 'રક્ષિત કરવું' અને ‘**रक्षस्**’ શબ્દની વ્યુત્પત્તિ 'તે કે જેનાથી રક્ષણ કરવું જોઈએ' એવો છે.

પુરાણોમાં પુલસ્ત્ય, પુલહ અને અગસ્ત્ય ઋષિઓનાં સંતાનોને રાક્ષસ કહેવામાં આવ્યા છે.[૧૦૨] યયાતિએ પોતાના પુત્ર યદુને 'યાતુધાન' નામનાં રાક્ષસસંતાનો થવાનો શાપ આપેલો.[૧૦૩]

દાનવો તથા દૈત્યોના ઉલ્લેખો વેદ–સંહિતાઓમાં સ્વતંત્રરૂપે પ્રાપ્ત થતાં ન હોવા છતાંય તેઓનો સંબંધ વૈદિકયુગ સાથે જોડી શકાય છે. તૈત્તિરીયસંહિતા, તાંડ્યબ્રાહ્મણ તથા સાંખ્યાયનશ્રૌતસૂત્રાનુસાર, આ દૈત્યો તથા દાનવોના ગુરુ (પુરોહિત) શુક્રાચાર્ય હતા.[૧૦૪] તે ઘણા જ શકિતશાળી હતા.[૧૦૫] તેણે શંકર પાસેથી મૃત્યુ પામેલાને જીવિત કરનારી 'સંજીવની વિદ્યા' મેળવી હતી,[૧૦૬] જે દેવોએ પોતાના પુરોહિત બૃહસ્પતિના પુત્ર કચ દ્વારા શુક્રાચાર્ય પાસેથી મેળવેલી.[૧૦૭] જૈમિનીયોપનિષદબ્રાહ્મણમાં જણાવ્યા પ્રમાણે, તે અસુરોના પણ પુરસ્કર્તા હતા.[૧૦૮] તૈત્તિરીયસંહિતામાં મળતી એક કથા અનુસાર, અગ્નિ દેવોનો દૂત છે અને ઉશના કાવ્ય (શુક્રાચાર્ય) અસુરોના કુલગુરુ તથા અધ્વર્યુ છે. તેઓ બન્ને પ્રજાપતિની પાસે ગયા. પ્રજાપતિએ ઉશના કાવ્યની તરફ પીઠ કરીને અગ્નિને નિયુકત કર્યો, જેથી દેવતાઓની જીત અને અસુરોનો પરાજય થયો.[૧૦૯] વાયુપુરાણ પ્રમાણે ઉશના, કાવ્ય અને શુક્ર એ એક જ વ્યકિતના જુદાં જુદાં નામો છે.[૧૧૦]

દૈત્યોનો રાજા વૃષપર્વા પુરાણોમાં ઘણો જ પ્રસિદ્ધ છે. તેની કન્યા શર્મિષ્ઠા ચન્દ્રવંશી રાજા યયાતિને પરણાવવામાં આવી હતી. દાનવોમાં કેશિ, તારક, નમુચિ, નરક, બાણ, વિપ્રચિતિ, શંબર ઇત્યાદિ મુખ્ય મનાય છે. પુરાણોમાં અસુર, રાક્ષસ, દાનવ તથા દૈત્ય જાતિઓનો સ્વતંત્ર નિર્દેશ મળે છે.[૧૧૧] પરંતુ આ ગ્રંથોમાં, એ બધી જાતિઓનું સ્વતંત્ર અસ્તિત્વ નષ્ટ થઈ જઈને, તેનાં જાતિગત નામો કોઈ પણ અનાર્ય, ધર્મવિહીન કે દુષ્ટ વ્યકિતના વિશેષણ તરીકે પણ પ્રયોજાયેલાં જોઈ શકાય છે. જેમકે, યાદવરાજા મધુ, જે વાસ્તવમાં પૂરુવંશીય યયાતિ તથા યદુનો વંશજ હતો; મથુરાનો રાજા કંસ પણ યદુવંશી રાજા હતો; જરાસંધ, જે વાસ્તવમાં મગધદેશનો ભરતવંશી રાજા હતો પણ આ બધા જ ઇતિહાસ તથા પુરાણગ્રંથોમાં રાક્ષસો કે અસુરો તરીકે વર્ણવાયેલા છે. એ જ રીતે બૌદ્ધો તથા જૈનોને તથા દક્ષિણ ભારતના દ્રવિડોને પણ પુરાણોમાં અસુરો તથા દૈત્યો કહેવામાં આવ્યા છે.[૧૧૨]

દૈનિક જીવનમાં મનુષ્યજાતિ પર ઉપકાર કરનાર આધિભૌતિક શકિતને પ્રાચીન સાહિત્યમાં 'દેવ' નામ આપવામાં આવ્યું, તેવી રીતે મનુષ્યોને ક્ષતિ પહોંચાડનારા દુષ્ટાત્માઓની કલ્પના પણ વિકસિત થઈ. એનાં જ વિભિન્ન રૂપો વૈદિક સાહિત્યમાં **असुर, रक्षस्, पिशाच** વગેરેમાં પ્રતીત થાય છે. આ રીતે એ બધી જાતિઓને મનુષ્યોને ત્રસ્ત કરનારા દુષ્ટ લોકો કહી શકાય. આ કલ્પનાનું પ્રારંભિક રૂપ ઇન્દ્ર અને વૃત્રાસુરના યુદ્ધમાં જોઈ શકાય છે. પછીથી એ જ કલ્પના ક્રમશઃ દેવો અને અસુરોના બે પરસ્પર વિરોધી તથા સંઘર્ષરત દળોના રૂપમાં વિકસિત થઈ. આ રીતે અસુરાદિ જાતિઓ મૂળભૂત રૂપે તો માનવજાતિઓ જ

હતી પણ મનુષ્યધર્મને અનુરૂપ કર્મોથી વિપરિત આચરણ કરીને સમગ્ર માનવજાતને નુકશાનકર્તા બનવાના કારણે તેઓ અસુર, દૈત્ય, દાનવાદિ તરીકે પ્રસિદ્ધ થયા.

વેદોમાં આવા ભાવોથી યુકત લોકોને માટે **'दस्यु'**, **'दास'**, **'द्रुह्'**, **'रक्षस्'**, **'रिप्'**, **'किमीदिन्'**, **'अत्र'** વગેરે શબ્દો પ્રયોજાયા છે. ઋગ્વેદમાં અનેક સ્થળોએ સ્પષ્ટતયા **'दस्यु'** શબ્દ 'અતિમાનવીય શત્રુઓ' ને માટે પ્રયોજાયેલ છે.[૧૧૩] આ દસ્યુઓ આર્યોના વિરોધીઓ છે અને દેવોની સહાયતાથી આર્યો એમને પરાજિત કરે છે.[૧૧૪] એમનું 'યજ્ઞ ન કરનાર', 'સંસ્કાર–વિહીન', 'વિચિત્ર વ્રતોમાં લિપ્ત', 'દેવોથી ઘૃણા કરનાર' વગેરેના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. વેદોમાં એમને માટે પ્રાપ્ત થતાં વિશેષણો આ પ્રમાણે છેઃ **'अ-कर्मन्'**,[૧૧૫] **'अ-देवयु'**,[૧૧૬] **'अ-ब्रह्मन्'**,[૧૧૭] **'अ-यज्वन्'**,[૧૧૮]**'अ-यजयु'**,[૧૧૯] **'अ-व्रत'**,[૧૨૦]**'अन्य-व्रत'**[૧૨૧] તથા **'देव-पीयु'**[૧૨૨]. ઋગ્વેદમાં પ્રાપ્ત થતાં ઈન્દ્ર તથા અગ્નિનાં **'दस्यु-हत्य'** તથા **'दस्यु-हन्'** જેવાં વિશેષણો એમની દસ્યુઓ સાથેની શત્રુતાનાં દ્યોતક છે.[૧૨૩] વી. એસ. આપ્ટે **'दस्यु'** શબ્દનો વૈદિક અર્થ, આ પ્રમાણે આપે છેઃ **"दुष्कर्मियों या राक्षसों का समूह, जो कि देवताओं के विद्रोही तथा मानव जाति के शत्रु थे और इन्द्र के द्वारा मारे गये ।"**[૧૨૪] મનુસ્મૃતિમાં આ શબ્દ 'જાતિબહિષ્કૃત'[૧૨૫] તથા 'ચોર' કે 'લુંટારો'[૧૨૬] ના અર્થોમાં પ્રયોજાયેલ છે.

**'दस्यु'** ની જેમ **'दास'** પણ ઋગ્વેદમાં કેટલાંક સ્થાનોએ મનુષ્યના દાનવી પ્રકૃતિના શત્રુઓના દ્યોતક છે.[૧૨૭] તો અનેક સ્થળોએ એ આર્યોના 'માનવશત્રુ' તરીકે પણ વર્ણવાયેલા છે.[૧૨૮] આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું આ અંગે કથન છે કે– **"आर्यो को दस्युओं के साथ भी युद्ध कर अपनी रक्षा करनी पडती थी । दस्यु तथा दास के विषय में विद्वानों में एक मत नहीं है । कतिपय विद्वान् इन्हें देवताओं का प्रतिद्वन्द्वी दैत्य ही मानते हैं, मनुष्य नहीं । कंई मंत्रों से तो ऐसा जान पडता है कि ये आर्य लोगों के मानवशत्रु के रूप में चित्रित किये गये हैं जिनके ऊपर विजय प्राप्त करने के लिए देवताओं से सतत प्रार्थना की गई हैं ।"**[૧૨૯] **'द्रुह्'** એમના પાશથી ઓળખાય છે. ઋગ્વેદ–૭/૫૯/૮માં કહ્યું છે કે, "એમના પાશ માણસ માટે જોખમકારક છે."[૧૩૦] વસિષ્ઠ એમની સામે રક્ષણ માટે દેવોને પ્રાર્થના કરે છે.[૧૩૧] જયારે દેવો માણસો પરનું પોતાનું રક્ષણ પાછું ખેંચી લે છે ત્યારે આ તkવો મનુષ્યના અનૃતનું સેવન કરે છે.[૧૩૨] આ **'द्रुह्'** નો નાશ કરવા માટે દેવોને વિનંતી કરવામાં આવે છે.[૧૩૩] **'रक्षस्'** નો ઉલ્લેખ વેદમાં જમીનની અંદર રહેનારાં તkવો તરીકે કરવામાં આવેલો છે. તેઓ જમીન પર પડેલી ફાટમાં કે ઊંડે દરમાં રહે છે, એથી એમનો નાશ કરવો મુશ્કેલ છે. ઈન્દ્ર અને સોમને પ્રાર્થના કરવામાં આવે છે કે, જમીનની નીચેથી તેમને બહાર કાઢો.[૧૩૪] તૈત્તિરીયબ્રાહ્મણમાં કહ્યું છે કે, વેદી માટેની જમીન તૈયાર કરતી વખતે યજમાને ઘાસ વગેરેનાં મૂળિયાં ખેંચી કાઢવા જોઈએ. કારણ કે, જે મૂળિયાં નીચે રહેલાં હોય, તા તેનાં માર્ગેથી **'रक्षस्'** ઉપર

આવે છે.[૧૩૫] આ તkવોનો સંબંધ રોગ સાથે સૂચવાયેલો છે.[૧૩૬] ઋષિ વસિષ્ઠ અગ્નિ, ઈન્દ્ર અને સોમને **'रक्षस्'** ના નાશ માટે પ્રાર્થના કરે છે.[૧૩૭] એક સ્થાને ઋષિ સ્પષ્ટતા કરે છે કે, એના સૂકતને **'रक्षस्'** સાથે કોઈ સંબંધ નથી.[૧૩૮] **'रिप्'** યજ્ઞના હવિને તથા વેદિને દૂષિત કરનારું તkવ છે.[૧૩૯] ઈન્દ્ર તો શું તેના અશ્વોની પણ સામે એઓ થઈ શકતા નહીં હોવાનો ઉલ્લેખ વેદમાં મળી આવે છે.[૧૪૦] **'रिपुः मर्तः'**,[૧૪૧] **'रिपुः सोमः'**,[૧૪૨] એમ **'रिपु'** વિશેષણ તરીકે વપરાય છે. એનો અર્થ **'रिप्'** નો ઉપયોગ કરનાર એવો કદાચ થઈ શકે. **'रिप्'=** (બગાડવું, દૂષિત કરવું) ધાતુમાંથી આ સ્ત્રીલિંગી શબ્દ નિષ્પન્ન થાય છે. **'किमीदिन्'** નો ઉલ્લેખ ઋગ્વેદમાં માત્ર બે જ વાર મળે છે.[૧૪૩] એઓ સ્તોતાઓનો દ્વેષ કરે છે, કાચું માંસ ખાય છે અને દેખાવમાં ભયંકર હોય છે.[૧૪૪] એઓ હમેશાં યુગલમાં ફરતા હોય છે.[૧૪૫]

ઋગ્વેદના સાતમા મંડળમાં **'अत्र'** નો ઉલ્લેખ આવે છે.(**परा शृणीत-मचितो न्योषतं हतं नुदेथां नि शिशीतमत्रिणः** ।।)[૧૪૬] તેઓ દુર્મતિ જેવાં પુરુષતત્ત્વો છે. ઈન્દ્ર–સોમને વિનંતી કરવામાં આવે છે કે, તેમને ખૂબ ઊંડે આગમાં એવી રીતે ફેંકી દે કે, તેમને ચીસ પાડવાનો પણ સમય ન મળે. આ **'अत्र'** નો પ્રયોગ કરનાર **'अत्रिन्'** કહેવાય છે. ઋગ્વેદ[૧૪૭] તથા અથર્વવેદ[૧૪૮] બન્નેમાં એક **'दुर्-णामन्'** નામના તkવ કે દાનવનો પણ ઉલ્લેખ છે. ત્યાં આ શબ્દ 'એક વ્યાધિ ઉત્પન્ન કરનાર દાનવ' અથવા 'સ્વયં વ્યાધિ'ના નામનો દ્યોતક છે. નિરુકતકાર આ શબ્દની 'કીટાણુ' ના અર્થમાં વ્યાખ્યા કરે છે[૧૪૯] અને આ વ્યાખ્યા રોગ ઉત્પન્ન કરનારાં કીટાણુઓના અસ્તિત્વના જ્ઞાન સંબંધી પ્રચલિત માન્યતાને અનુકૂળ છે. અથર્વવેદમાં આ શબ્દ **'दुर्णाम्नी'** એમ સ્ત્રીલિંગમાં પણ પ્રયોજાયેલ છે.[૧૫૦] જેનો અર્થ 'દાનવ–સ્ત્રી' પણ લઈ શકાય છે.

વેદમાં ઉલ્લેખાયેલાં આ દુષ્ટતત્ત્વોનો જેઓ ઉપયોગ કરે છે, તેમને માટે **यातुधान, यातुमत्, यातुमावत्, अत्रिन्, रक्षस्विन्** જેવા શબ્દો વપરાયા છે. અનૃત અને વિષયવાસના એ જ એમના પ્રાપ્તવ્ય ઉદ્દેશો છે. આથી જ એમને **अनृतदेव,**[૧૫૧] **शिश्नदेव,**[૧૫૨] વગેરે શબ્દોથી વર્ણવાય છે. તેઓ દ્રોહયુકત વાણી બોલવાથી, **द्रोधवाक्,**[૧૫૩] **दुःशंस,**[૧૫૪]**अघशंस,**[૧૫૫] વગેરે વિશેષણો વાપરેલાં છે. તેઓ દુષ્ટબુદ્ધિવાળાં છે, તેથી **ग्रथिन्,**[૧૫૬] **अशिव,**[૧૫૭]**वृजिन**[૧૫૮] કહેવાય છે. તેઓ વૈદિક શ્રદ્ધા રાખતા નથી અને યજ્ઞ કરતા નથી પણ એને બદલે દુષ્ટ તkવો પર આધાર રાખે છે, તેથી એમને **मूरदेवाः**[૧૫૯] કહ્યા છે. આ ઉપરાંત, એમને માટે **अनिन्द्रः,**[૧૬૦] **वरुणधृत्,**[૧૬૧] **अदेवयुः,**[૧૬૨]**श्रृतपा**[૧૬૩] વગેરે જેવાં અન્ય વિશેષણો પણ મળે છે. આના પરથી એવું ફલિત થાય છે કે, એવા દુષ્ટબુદ્ધિવાળાં તkવોના અનુયાયીઓની સંખ્યા પણ તત્કાલીન સમાજમાં ખાસ્સી મોટી હશે.

જો કે, વેદમાં દર્શાવવામાં આવેલાં આ દુષ્ટતkવો અને પૌરાણિક પરંપરામાં વર્ણવાયેલા દૈત્ય, દાનવાદિના ભાવ અને સ્વરૂપમાં ઘણો જ તફાવત છે. પરંતુ 'સત્ય–સદાચારાદિના વિરોધી, વિધ્વંસક અને પરપીડક'ના અર્થમાં એ બધા

સમાન જ છે. વેદનાં ખરાબ તત્વો પુરાણોમાં દેવોના વિરોધી એવા દાનવાદિના રૂપમાં કઈ રીતે વિકાસ પામ્યાં હશે, એ એક અન્ય સંશોધનનો વિષય છે. પરંતુ અહીં પ્રસ્તુત કેટલીક બાબતોના આધારે એ અંગે થોડી સ્પષ્ટતા થઈ શકે તેમ છે. જેમકે, **'दस्यु'** અંગે મેકડોનલ તથા કીથનું માનવું છે કે,– " **'दस्यु' शब्द ईरानी 'दन्हु', 'दक्यु' के समान है जो एक प्रांत का द्योतक है, और त्सिमर का विचार है कि इसका मूल अर्थ 'शत्रु' था जिससे ही ईरानीयोंने 'आक्रामक देश', 'विजित देश', 'प्रदेश' आदि आशय विकसित कर लिये, जब कि भारतीयों ने 'शत्रु' अर्थ सुरक्षित रखते हुए इसमें दानव शत्रुओं का आशय भी सम्मिलित कर लिया । रौथ का विचार है कि 'मानवशत्रु' का अर्थ देवों और दानवों के कलह का ही स्थानान्तरण है।**"[૧૬૪] ભાષાવૈજ્ઞાનિક વિકાસની દૃષ્ટિએ વિચારીએ તો, **'दस्यु'** જે ઈરાનીમાં **'दन्हु'** ના રૂપમાં વિકસ્યો, તે પુરાણોમાં **'दनु'**ના રૂપે વિકસીને **'दानव'** માં પરિણમ્યો હોવાની કલ્પના થઈ શકે. જેમકે, **दस्यु>दन्हु/दनु>दानव. 'दस्यु'** શબ્દનો ભારતીય પરંપરામા સુરક્ષિત રહેલ 'શત્રુ'અર્થ **'दानव'** માં 'દેવશત્રુ'ના અર્થમાં પરિણમ્યો હોઈ શકે. વેદનો અન્ય શબ્દ **'रक्षस्'** તો એના એ રૂપમાં જ પુરાણોમાં ઉતરી આવ્યો છે. પરંતુ ત્યાં તે એક જાતિ–વિશેષના અર્થમાં પરિણમીને રૂઢ થઈ ગયો છે. એ જ રીતે, ઋગ્વેદમાં 'અસુર' શબ્દ 'દેવતા' નો વાચક છે– **'असुरः पिता नः'**[૧૬૫], **'तद् देवस्य सवितुः असुरस्य प्रचेतसः'**[૧૬૬] તથા **'महद् विष्णोः (इन्द्रस्य) असुरस्य नाम'**[૧૬૭] વગેરે. ઈન્દ્ર, વરુણ, સવિતા, ઉષા વગેરે દેવતા 'અસુર' છે. 'અસુર' નો અર્થ છે– **'असु-विशिष्ट'** અર્થાત્, 'પ્રાણશકિતથી યુકત' અને **'असुरत्व'** નો અર્થ છે– 'બળ કે સામર્થ્ય'. સંભવતઃ પૌરાણિક યુગમાં એટલે કે વૈદિકયુગના પરવર્તી સમયમાં ઈન્દ્રાદિ દેવતાઓનું સામર્થ્ય, પ્રચાર–પ્રસાર ઘટતાં એમની સાથે જોડાયેલ સામર્થ્યાદિનો ભાવ વિપરિત અર્થને પામ્યો હશે. પુરાણોમાં ઈન્દ્રના અવમાનના અનેક પ્રસંગો વર્ણવવામાં આવ્યા છે. શ્રીકૃષ્ણ દ્વારા કરવામાં આવેલ ઈન્દ્રના ગર્વનું ખંડનનો શ્રીમદભાગવતપુરાણનો ઘણો જ જાણિતો પ્રસંગ આનું ઉદાહરણ છે. અગ્નિ, વરુણાદિ પણ ઉતરતી કોટિના દેવો તરીકે વર્ણવાયેલા છે. આ બધા કારણોને લીધે તથા પરવર્તી રામ, કૃષ્ણાદિ વીરનાયક–દેવોના ચરિત્રને વધારે ઉત્કૃષ્ટ દર્શાવવા માટે 'અસુર' શબ્દમાં રહેલ 'સામર્થ્ય'ના અર્થને અસુર–દૈત્ય–દાનવ સાથે જોડી દેવામાં આવ્યો હશે અને પછી એમના ઉપરનો આ વીરનાયક–દેવોનો વિજય દર્શાવીને એમને ઈન્દ્રાદિ દેવો કરતાં વિશેષ પ્રભાવશાળી કે સામર્થ્યવાન બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હશે. એ રીતે 'અસુર' શબ્દ દેવતાનો વાચક મટી જઈને દાનવાદિનો વાચક બની ગયો હોવાની સંભાવના છે.

આ રીતે અસુર–દૈત્ય–દાનવ–રાક્ષસાદિ શબ્દો એમના મૂળ અર્થોમાંથી વિકસીને, પરિવર્તન પામીને ભાવાર્થની દૃષ્ટિએ 'દેવોનો વિરોધી' એ અર્થને પામ્યા હશે.

## ૨:૩, દેવાસુરસંગ્રામોના મૂળસ્રોતો

**''वेदे सर्वं प्रतिष्ठितम्''** ની સામાન્ય માન્યતા આપણને આ વિષયમાં પણ વેદો સુધી ખેંચી જાય છે. વેદ–સંહિતાઓ અને પરવર્તી વૈદિક સાહિત્યમાં વર્ણવાયેલ તત્કાલીન સામાજિક પરિસ્થિતિઓનો ભાવબોધ, જુદી જુદી ગાથાઓ, આખ્યાયિકાઓ, પ્રસંગો વગેરે દ્વારા પ્રાપ્ત થતી માહિતીના આધારે, અહીં સૌ પ્રથમ 'સંગ્રામ' અને પછી 'દેવાસુરસંગ્રામ' ના મૂળ સ્રોતો અંગે છણાવટ કરવામાં આવશે.

**'युद्धस्य कथा रम्या'** – યુદ્ધની માત્ર કથા જ સુંદર હોય છે, તેનું પરિણામ ક્યારેય સારું નથી હોતું. યુદ્ધ કે સંગ્રામ કોઈ પણ રૂપમાં નિંદ્ય હોય છે. યુદ્ધને મહાભારતકાર કૂતરાઓની લડાઈની ઉપમા આપીને કહે છે કે,– '' (યુદ્ધમાં ધ્વજા ફરકાવવી, તે) પૂંછડી હલાવવી, (ઈર્ષ્યાપૂર્વક ઝેરી નજરે જોવું, તે) દાંતિયાં કરવાં, (પરનિંદા અને આત્મશ્લાઘા, તે) ઘુરકાટ–પ્રતિરાવ, (વ્યૂહરચના કરવી, તે) વિવર્તન અને (સિંહનાદ કરવો, તે) દાંત દેખાડીને ભસવું, એવાં (શ્વાનયુદ્ધનાં) લક્ષણો સાથે (માનવ) યુદ્ધ ચાલુ થાય છે. એ યુદ્ધમાં જેમ બળવાન કૂતરો નબળાનું માંસ ખાય છે, એ જ પ્રમાણે મનુષ્યોના યુદ્ધમાં બળવાન નબળાનું આમિષ–ધન ખાઈ જાય છે, એમાં જરાય ફેર પડતો નથી.''[૧૬૮]

આ છતાં, બુદ્ધિનો સ્વામી માનવી આદિકાળથી સંગ્રામો લડતો રહ્યો છે, કશાંની પ્રાપ્તિ કે કશાંની સિદ્ધિ માટે યુદ્ધો કરતો રહ્યો છે. જયાં સુધી મનુષ્ય પોતાની આજીવિકાને માટે શિકાર પર અવલંબિત હતો અને એક સ્થાનથી બીજા સ્થાન પર પોતાનો સરસામાન લઈને ભટકયા કરતો હતો ત્યાં સુધી તેનામાં સભ્યતાનો ઉદય થયો ન હતો. પરંતુ જયારે તે ખેતી કરીને પોતાનો જીવનનિર્વાહ કરવા લાગ્યો અને એક સ્થાને ઘર બનાવીને રહેવા લાગ્યો ત્યારે તેની ખરી ઉન્નતિ થઈ હોવાનું કહી શકાય. મનુષ્યની આ અવસ્થા જ સભ્યતાને જન્માવનારી ગણી શકાય. વૈદિક આર્યો આ અવસ્થામાં હતા.

ઋગ્વેદના અધ્યયનથી જાણવા મળે છે કે, સપ્તસિંધુના પ્રદેશના વૈદિક આર્યો નાની નાની ટોળીઓમાં નદીઓના કિનારે રહેતા હતા. એમના અલગ અલગ સમૂદાયો હોવા છતાં સભ્યતા એક હતી. કેમકે, એ બધા સમાન દેવતાઓની પૂજા–અર્ચના કરતા હતા, અગ્નિમાં હવન કરતા હતા તથા એક સરખું જ સામાજિક જીવન જીવતા હતા.

ઋગ્વેદ આવી ટોળીઓ કે જાતિઓની સંખ્યા પાંચ દર્શાવે છે. આ પાંચ જાતિઓને માટે ઋગ્વેદમાં **'पञ्चजनाः'**,[૧૬૯] **'पञ्चमानुषाः'**,[૧૭૦] **'पञ्चकृष्टयः'**,[૧૭૧] **'पञ्चक्षितयः'**,[૧૭૨] **'पञ्चचर्षण्यः'**,[૧૭૩] વગેરે શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ઋગ્વેદનાં લગભગ તમામ મંડળોમાં આ પાંચ જાતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૧૭૪] અથર્વવેદમાં એમનો ઉલ્લેખ **'पञ्चमानवाः'** શબ્દથી કરવામાં આવ્યો છે.[૧૭૫]

ઐતરેયબ્રાહ્મણ, આ **'पञ्चजनाः'** શબ્દનો અર્થ દેવતા, મનુષ્ય, ગન્ધર્વ અને અપ્સરા, સર્પો તથા પિતૃઓ કરે છે.[१७६] નિરુકતમાં આ શબ્દને સમજાવતાં બે અર્થો આપ્યા છે – કેટલાકને મતે ગંધર્વો, પિતૃઓ, દેવો, અસુરો અને રાક્ષસો એવો અર્થ છે, જયારેઔપમન્યવને મતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર એ ચાર વર્ણો ઉપરાંત નિષાદ, એમ પાંચનો અર્થ છે.[१७७] યાસ્કનો મત ઐતરેયને મળતો આવે છે. કેમકે, એમણે આ શબ્દમાં ગંધર્વ, દેવતા, પિતૃઓ, અસુરો તથા રાક્ષસોનો અર્થ સ્વીકાર્યો છે. પરંતુ આ તમામ અર્થગ્રહણોમાં એ ત્રુટિ રહેલી છે કે, **'पञ्चमानुषाः','पञ्चमानवाः'** જેવા શબ્દોમાં માત્ર મનુષ્યોની જ ગણના કરવી યોગ્ય ગણાશે. મનુષ્ય સિવાયના અન્યોને આમાં સમાવવા ઉચિત ગણાશે નહીં. ઉપરાંત ઋગ્વેદમાં સ્પષ્ટપણે આ પાંચ મનુષ્યો(જાતિઓ)ને સરસ્વતી નદીના તટવર્તી વિસ્તારમાં રહેનારા કહ્યા છે.[१७८] આ જાતિઓનો સોમ સાથેનો સંબંધ અને ઈન્દ્રને માટે **'पाञ्चजन्य'** (પંચજનો સાથે સંબદ્ધ) શબ્દનો પ્રયોગ,[१७९] એવું સિદ્ધ કરે છે કે, આ 'પંચજન' માં આર્યોનો જ સમાવેશ ઋગ્વેદના ઋષિઓને માન્ય છે. ઋગ્વેદના એક મંત્ર[१८०]માં એક સાથે નિર્દેશવામાં આવેલા યદુ, તુર્વશ, દ્રુહ્યુ, અનુ તથા પૂરુ, એ પાંચનો સંકેત આ 'પંચજન' શબ્દમાં હોવાનું કહી શકાય.[१८१] શતપથબ્રાહ્મણ[१८२] તથા ઐતરેય બ્રાહ્મણ[१८३]માં પાંચ જાતિઓને 'ભરતો'ની વિરોધી બતાવવામાં આવી છે. શતપથબ્રાહ્મણમાં અન્યત્ર આ સંખ્યા 'સાત'ની ગણાવેલ છે,[१८४] જેમાં 'કુરુ' તથા 'પાંચાલ' નો પણ સમાવેશ થયેલો છે. આ બન્ને જાતિઓ વિશે મેકડોનલ તથા કીથનું માનવું છે કે,–

**"वाजसनेयि संहिता के काण्व शाखा में राजसूय के समय प्रयुक्त एक स्थल[१८५] यह स्पष्ट करता है कि कुरु-पाञ्चाल दोनों का एक ही राजा था । साथ ही साथ शतपथ ब्राह्मण में इसका भी प्रमाण है कि पञ्चालों का प्राचीन नाम क्रिवि था ।[१८६] यह शब्द बहुत कुछ 'कुरु' का ही विभेद प्रतीत होता है और त्सिमर ठीक ही अनुमान करते हैं कि- 'कुरु' और 'क्रिवि' लोग मिलकर ही ऋग्वेद के 'वैकर्ण' थे ।"**[१८७]

આ બધી જાતિઓ ઉપરાંત પણ વૃચીવન્ત, દસ્યુ, દાસ, મત્સ્ય, ભૃગુ, ભલાનસ, અલિન, પકથ, વિષાણિન્, કવષ, પણિ, પારાવત તથા વૃષયાદિ અનેક જાતિઓ આર્યમંડળમાં નિવાસ કરતી હતી. પરંતુ એ બધામાં 'તૃત્સુ' જાતિના લોકો ઘણા જ પરાક્રમી, વીર તથા પુરુષાર્થી હતા. આ જાતિના લોકો પરુષ્ણી (રાવી)ના પૂર્વ કિનારે રહેતા હતા અને એમનો પ્રભાવ સપ્તસિંધુના પ્રદેશની તમામ જાતિઓ પર હતો. આ જાતિનો રાજા સુદાસ ઘણો જ પરાક્રમી હતો. એના પિતા કે પિતામહ દિવોદાસ પણ પોતાના સમયનો પ્રતાપી અને નામી રાજા હતો. આ 'તૃત્સુ' જાતિના લોકોની અધિક ઉન્નતિ જોઈને 'પંચજાતિ'ના લોકોને એમના પ્રત્યે ઘણો જ દ્વેષ રહેતો. ઋગ્વેદની આ બધી જાતિઓમાં પારસ્પરિક વિરોધની ભાવના પ્રબળપણે જોઈ શકાય છે. ઋગ્વેદના અનેક સૂકતોમાં એક

જાતિના પુરોહિત મંત્રો દ્વારા પોતાની જાતિનું પ્રભુત્વ અને અન્ય જાતિ પરના આધિપત્ય માટે સતત પ્રાર્થના કરતા જોવા મળે છે. આવા વિરોધને કારણે એ જાતિઓ વચ્ચે અવારનવાર સંઘર્ષો—સંગ્રામો થતા રહેતા. આવા સંગ્રામોમાં સૌથી મોટો અને ઘણી રીતે મહત્ત્વનો એવો, તૃત્સુ જાતિના રાજા સુદાસ અને અન્ય દસ રાજાઓ વચ્ચે થયેલો સંગ્રામ છે, જે 'દાસરાજ્ઞયુદ્ધ' તરીકે પ્રસિદ્ધ છે. સામાન્ય નાની નાની લડાઈઓ તો અનેક લડાતી અને ઋગ્વેદનાં અનેક સૂક્તોમાં કોઈકને કોઈક લડાઈનો ઉલ્લેખ મળે છે. કેટલાક મોટાં યુદ્ધોના ઉલ્લેખો પણ મળે છે. જેમ કે, પહેલા મંડળમાં પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે વીસ રાજાઓએ ભેગા મળીને ૬૦૦૯૯ યોદ્ધાઓના સૈન્ય સાથે સુશ્રવા પર હુમલો કરેલો અને એમનો પરાજય થયેલો.[૧૮૮] પરંતુ આવાં મહાસંગ્રામો પણ દાસરાજ્ઞયુદ્ધ સૌથી વધારે પ્રસિદ્ધ છે. એનું કારણ કદાચ એવું પણ હોઈ શકે કે, વસિષ્ઠ ઋષિ એમાંના એક પક્ષ સુદાસના પુરોહિત હતા અને એમણે યુદ્ધના વર્ણનના જે મંત્રો રચ્યા, તે આપણને ઉપલબ્ધ છે. બીજાં યુદ્ધો વધારે પ્રાચીન સમયનાં હોવાથી માત્ર પરંપરા દ્વારા જ એમનો ઉલ્લેખ મળી શકે છે; પરંતુ આ યુદ્ધ ઋગ્વેદ—મંત્રોના રચનાકાળ દરમ્યાન કે તરત પહેલાં લડાયું હોવાથી, ઋષિની સ્મૃતિ વધારે તાજી હોઈ શકે. દાસરાજ્ઞયુદ્ધના ઉલ્લેખો ઋગ્વેદના સાતમા મંડળનાં સૂક્તો— ૭/૧૮, ૭/૩૩ અને ૭/૮૩માં વિસ્તારથી છે. તૃત્સુઓ (ભરતો !)ના રાજા દિવોદાસે અનેક વિજયો મેળવ્યા હતા. તેનો પુત્ર સુદાસ પણ ઘણો જ મહત્ત્વાકાંક્ષી હતો અને સપ્તસિંધુની પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાઓમાં વિજય પ્રાપ્ત કરીને તેણે આર્યોનું એક મહા સામ્રાજ્ય સ્થાપવાનો પ્રયત્ન કરેલો. શ્રી એ. સી. દાસની માન્યતા પ્રમાણે વિશ્વામિત્ર તૃત્સુઓના પુરોહિત હતા અને એમની ઈચ્છા પણ નાનાં નાનાં સ્વતંત્ર રાજયોને બદલે એક વિશાળ આર્ય સામ્રાજય સ્થાપવાની હતી; પરંતુ વસિષ્ઠ સાથેની સ્પર્ધાને કારણે એણે તૃત્સુઓ સાથેનો સંબંધ છોડી દીધો અને ભરતોના પુરોહિત બન્યા. એટલું જ નહીં પણ એણે બીજા બધા રાજાઓને ઉશ્કેરીને સુદાસ વિરુદ્ધ એક સંઘ રચ્યો અને સુદાસ પર આક્રમણ કર્યું. બીજા બધા રાજાઓને પણ સુદાસ પ્રત્યે ઈર્ષ્યા તો હતી જ, કારણ કે સ્વાભાવિક રીતે જ પોતાની સ્વતંત્ર સત્તા ટકાવી રાખવાનો બધા જ પ્રયત્ન કરે. આને પરિણામે દાસરાજ્ઞયુદ્ધ થયું.[૧૮૯] શ્રી સી. વી. વૈદ્યના મતે, ભરતો સૂર્યવંશી આર્યો હતા અને યદુ, તુર્વશ, અનુ, દ્રુહ્યુ અને પૂરુ એ બધા ચન્દ્રવંશી રાજાઓ હતા. સુદાસ ભરતોનો રાજા હતો. સુદાસનું પાંચ ચંદ્રવંશી આર્યો અને પાંચ અનાર્ય જાતિઓ સાથેનું યુદ્ધ દાસરાજ્ઞયુદ્ધ તરીકે પ્રસિદ્ધ થયું. શ્રી વૈદ્ય ઋગ્વેદકાલીન ભરતોને મહાભારતકાલીન ભરતો કરતાં જુદા માને છે.[૧૯૦] શ્રી એ. ડી. શાસ્ત્રીના મતે સુદાસને શત્રુપક્ષે પૂરુ, અનુ, દ્રુહ્યુ, તુર્વશ અને યદુ એ પાંચ સમૂહો છે. આ પાંચ ઉપરાંત પક્થ, ભલાનસ, અલિન, વિષાણિન્ અને શિવ એ પાંચ જોડતાં દસની સંખ્યા થાય. આમ દાસરાજ્ઞયુદ્ધમાં આ બે પાંચ—પાંચના જૂથો સમજવા જોઈએ.[૧૯૧]

આશ્ચર્યકારક વાત એ છે કે, દાસરાજ્ઞયુદ્ધનો કોઈ ઉલ્લેખ પછીના વૈદિક કે અન્ય સાહિત્યમાં મળતો નથી. આ યુદ્ધ ઋગ્વેદકાળમાં એક ઘણી મહkવની ઘટના હતી. અહીં આર્યોના નાનાં નાનાં રજવાડાઓને એકચક્રી શાસન નીચે આણવાનો અને એ રીતે એક સામ્રાજય સ્થાપવાનો પ્રયત્ન એક બાજુ દેખાય છે તો બીજી બાજુ એક બળવાન શત્રુની સામે પોતપોતાના મતભેદો અને પરંપરાગત વૈમનસ્ય ભૂલીને આર્યો અને અનાર્યો એક થયા એ ઐતિહાસિક દષ્ટિએ અતિ મહkવની ઘટનાને પણ નિહાળી શકાય છે.

દાસરાજ્ઞયુદ્ધ સંસ્કૃત ભાષાના તમામ સાહિત્યમાં વર્ણવાયેલ પ્રાચીનતમ સંગ્રામ છે. અર્થાત્, જેના અંગે વિસ્તૃત સાહિત્યિક વર્ણન પ્રાપ્ત થાય છે, એવો તે વિશ્વનો પ્રથમ મહાસંગ્રામ હતો. આ સિવાયના અને આના કરતાંય પ્રાચીન કેટલાંક સંગ્રામો વિશે ઋગ્વેદમાંથી માહિતી પ્રાપ્ત થાય છે. પરંતુ તેના માત્ર ઉલ્લેખો જ મળી આવે છે. જેમ કે, ૭/૧૯/૩ માં પૌરુકુત્સિ ત્રસદસ્યુ માટે કહ્યું છે કે, (કોઈક) યુદ્ધમાં ઇન્દ્રે તેનું રક્ષણ કર્યું. સૃંજય જાતિના રાજા દેવવાતે વૃચીવન્ત તથા તુર્વશને એક સાથે એક મોટાં યુદ્ધમાં હરાવ્યા હતા, એવો ઉલ્લેખ ૬/૨૭/૭માં મળી આવે છે. ૬/૨૬/૬ અનુસાર દાસજાતિના એક બળવાન નેતા ચુમુરિનો રાજા દભીતિ સાથે તુમુલ સંગ્રામ થયો હતો, જેમાં એનો એના ૬૦,૦૦૦ અનુયાયીઓ સહિત રાજા દભીતિએ નાશ કર્યો હતો. અનુયાયીઓની સંખ્યાને આધારે એવું અનુમાન કરી શકાય છે કે, એ સંગ્રામ કેટલો ભયંકર હશે. પરવર્તી સંહિતા ગ્રંથો તેમજ અન્ય વૈદિક સાહિત્યમાં પણ અનેક સંગ્રામોના ઉલ્લેખો મળે છે. જેમ કે, જૈમિનીય બ્રાહ્મણમાં એવો ઉલ્લેખ છે કે, ભરતો સિંધુ નદીને તીરે હતા ત્યારે ઈક્ષ્વાકુઓએ એમને હરાવેલા[૧૯૨] વગેરે. વિસ્તાર અને વિષયાન્તરના ભયથી એ બધાના ઉલ્લેખો અહીં ટાળ્યા છે.

અહીં રજૂ કરવામાં આવેલી આ બધી ચર્ચા પાછળનો આશય એ છે કે, મનુષ્ય છેક આદિકાળથી યુદ્ધપ્રિય પ્રાણી રહ્યું છે. એનો ઉત્સાહ એને મહkવાકાંક્ષી બનાવે છે અને એ મહkવાકાંક્ષા એને દોરી જઈને મહાસંગ્રામોની આગમાં ધકેલી દે છે. કયારેક ખરાબ વાસનાઓ આમાં ઘીની આહુતિનું કાર્ય કરે છે. પોતાની મહkવાકાંક્ષાને સંતોષવા એ ગમે તે પ્રકારના કર્મો, સાધનો કે તkવોનો સહારો લે છે. સંઘર્ષોમાં રત એનું ભીરું મન અનેક પ્રકારની કલ્પનાઓની પાંખે ઉડવા લાગે છે તો કયારેક એ પોતાને અસહાય પરિસ્થિતિમાં અનુભવે છે અને એ કોઈક વિશિષ્ટ શકિતથી યુકત તkવનો સહારો ઝંખે છે. આવી બધી બાબતો અને ઉપર્યુકત 'સંગ્રામ'ના પ્રાચીન ઉલ્લેખો અને કારણોમાં જ પૌરાણિક દેવાસુરસંગ્રામોનાં બીજોને જોઈ શકાય.

પૌરાણિક દેવાસુરસંગ્રામોનો પ્રવાહ જયાંથી પ્રસૃત થયો છે, એનાં પાયામાં મુખ્યત્વે બે બાબતોને મૂકી શકાય– ૧. વૈદિક સમાજમાં પ્રવેશેલી દેવત્વની ભાવના તથા દેવોના અમાનુષી પરાક્રમોને વર્ણવતી ગાથાઓ, આખ્યાનો વગેરે

(જેને ટૂંકમાં 'દેવવાદ' કહી શકાય) અને ૨. અવતારવાદના સિદ્ધાંતનો ક્રમિક વિકાસ અને વિસ્તાર.

**૧. <u>દેવવાદ</u> :**

વેદમાં વિવિધ દેવતાઓનું વર્ણન તથા સ્તુતિઓ છે. એમનાં પરાક્રમોની ગાથા છે અને તેઓ પાસેથી ઐહિક કે પારલૌકિક સુખની કામના કરવામાં આવી છે. આ દેવતાઓ કોણ છે? તેઓનું સ્વરૂપ શું છે? તેમનું સર્જન કયાંથી કે કેવી રીતે થયું? વગેરે પ્રશ્નોના ઉત્તરો દેવવાદની સ્પષ્ટતા કરી આપે છે. સામાન્ય માન્યતા પ્રમાણે વેદના મોટા ભાગના દેવો પ્રકૃતિની ઘટનાનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રકૃતિના મન પર પ્રબળ છાપ ઉપજાવનાર પ્રસંગ પ્રત્યે અહોભાવથી અંજાઈને કે પ્રકૃતિના માનવબાળને ઉપયુકત તkવ પ્રત્યે કૃતજ્ઞતાના ભાવથી આકર્ષાઈને ઋગ્વેદમાં દેવોની સ્તુતિ કરવામાં આવી છે. પરિણામે પ્રકૃતિનાં તkવોનું માનવીકરણ દેવોની બાબતમાં થયું છે. આ સંદર્ભે વિન્ટરનિત્ઝનું વિધાન છે કે,–

"So the songs of Rigveda prove indisputably that the most prominent figures of mythology have proceeded from personifications of the most stiking natural phenomena."[૧૯૩]

અગ્નિ, સૂર્ય, ઉષા, રાત્રિ વગેરે વૈદિક દેવો આ પ્રકારના છે. યાસ્કાચાર્યે નિરુકતમાં દેવોના હાથપગ જેવાં અંગ–ઉપાંગો અને રથ કે આયુધ જેવાં ઉપકરણોની ચર્ચા કરી છે. માણસે પોતાનો દેવ પોતાના જેવો કલ્પ્યો, એટલું જ નહીં તેનામાં પોતાના કરતાં વિશેષ શકિતની સંભાવનાઓની પણ કલ્પના કરી છે. માનવની આ રમણીય અને ઉદાત્ત કલ્પનાના પરિણામે જ વૈદિક કે પ્રાક્–વૈદિકયુગમાં દેવવાદ કે દેવતાશાસ્ત્ર અસ્તિત્વમાં આવ્યું. કયાંક પ્રથમ મનુષ્યપણાની કલ્પના થાય અને તેમાંથી દેવત્વની સિદ્ધિ થતી જોવા મળે છે. જેમ કે, પ્રભાતે સૂર્યના આગમન પૂર્વે રૂમઝુમ પધારતી ઉષા, શ્વેત અને ચમકતું વસ્ત્ર સજીને આવતી યુવાન પ્રેમિકાની ઉપમા પામી છે.[૧૯૪] પછીથી તેનામાં દૈવીશકિતઓની સંભાવના આવી. એકવાર કોઈને દેવપદ પ્રાપ્ત થાય પછી તેનામાં દૈવીશકિતઓ આપોઆપ આવી જાય છે. તેનાં પરાક્રમો અને તેમાંય તેનાં વિશિષ્ટ પરાક્રમોની કથાઓ પણ વણાય જાય છે. તેનાં કાર્યોની કથાઓ વર્ણવવા અનેક ગાથાઓ રચાય જાય છે. ઈન્દ્ર માટે વૃત્રવધ આનું ઉદાહરણ છે. એ જ રીતે, કયાંક પ્રકૃતિની ઘટનાને આધારે કલ્પાયેલ દેવ સમય પસાર થતાં, નવાં જ સ્વરૂપ, સ્થાન કે માનને પામે છે. તેને દેવત્વ આપનારી મૂળ ઘટના પછીથી વિસરાય જાય છે. જેમ કે, વરુણદેવ પ્રારંભમાં સર્વવ્યાપી આકાશનું પ્રતિનિધિત્વ કરતા હતા, પછીથી તે નીતિમત્તાના દેવ બની ગયા અને તેના સાગરનિવાસને કારણે પુરાણોમાં 'જળદેવતા' તરીકે ઓળખાયા.

દેવોની પરાક્રમગાથાઓને વર્ણવવા માટે તેનું માનવીયકરણ અસ્તિત્વમાં આવ્યું. તે દુશ્મનને મારે માટે તેને હાથ જોઈએ કે ભકતને નિહાળે તે માટે આંખ. આમ એક પછી એક અંગોની કલ્પનાથી દેવોને નવાજવામાં આવ્યા.

દેવનાં જેવાં કાર્યો તેવાં તેનાં ઉપકરણો કે સાથીઓ પણ કલ્પાયાં. ઈન્દ્ર માટે વૃત્રને મારવા વજ્ર, વરુણ માટે પાપીને બાંધવા પાશ, કવચ, શિરસ્ત્રાણ કે વસ્ત્રો વગેરે. કોઈ ભકત પોતાના દેવને સર્વોપરી દર્શાવવા તેના સ્થાનની કલ્પના, સુંદરતા, મહત્તા વગેરે પણ વર્ણવે. જેમકે, વિષ્ણુના પરમ પદની વિભાવના પાછળથી વૈકુંઠ બની ગઈ છે. સામાન્યરીતે દરેક દેવમાં પ્રકાશ, સર્વજ્ઞતા, અમરતા, પવિત્રતા, ભકતોદ્ધારક શકિત, બૃદ્ધિમત્તા, કાર્યસાધકતા, દયા, શત્રુઓનું દમન વગેરે ગુણોનો અધ્યારોપ કરવામાં આવે છે.

દેવની અનેક શકિતઓમાં ભૌતિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિ આપવાની શકિતનો વેદમાં વારંવાર ઉલ્લેખ થયો છે. સ્તુતિથી પ્રસન્ન થયેલ દેવ માનવની આ પ્રકારની ઉન્નતિઓનો સાધક બને છે. ભૌતિક ઉન્નતિમાં ધન તેમજ રત્નોની પ્રાપ્તિ તથા શત્રુઓ પર વિજય મેળવવાને દેવ પાસે સહાયતાની માગણી કે શત્રુઓનો નાશ કરવાની ભાવના સવિશેષ રહેતી. આવી બાબતોમાં સહાય કરવાને સક્ષમ જે–તે દેવે પોતાની દૈવીશકિતઓથી પોતાના ભકતની માગણી કે ભાવનાને સંતોષી હોવાનાં અનેક ઉદાહરણો વૈદિક સાહિત્યમાંથી મળી આવે છે. આવી સહાય કરનારા દેવોમાં સૌથી આગળ ઈન્દ્રનું નામ છે. તે પોતાના પરાક્રમથી વિશ્વનું પ્રતિમાન બનેલ છે. તેનાં શકિતશાળી પરાક્રમો અને સહાયકપણા વિશે ડૉ. ગૌતમ પટેલનું વિધાન છે કે, – " ઈન્દ્રની બાબતમાં પરાક્રમની યશોગાથા સારો એવો વિસ્તાર પામી છે. તેણે વૃત્રને માર્યો, વલને હણ્યો, અહિને અન્યલોક ભેગો કર્યો, અનેક રાક્ષસોને સંહાર્યા, ધ્રુજતી ધરતીને સ્થિર કરી, ઊડતા પર્વતોની પાંખો કાપી નાખી, નદીઓને વહેતી કરી, દસ્યુઓનો નાશ કર્યો, પણિઓ વડે પકડાયેલી ગાયોને મુકત કરી, સૂર્યના રથનું એક ચક્ર ચોરી લીધું તેમજ યુદ્ધના મેદાનમાં અનેક ભકતોને, ઋષિ કે ઋષિના યજમાનને મદદ કરી. આ કારણથી જ તો યુદ્ધના મેદાનમાં સામસામે લડતી બન્ને સેનાઓ ઈન્દ્રની સહાયાર્થે પ્રાર્થના કરે છે. ઈન્દ્ર પ્રજાનો સાચો સહાયક છે."[૧૯૫]

ઈન્દ્ર આર્યોનો રાષ્ટ્રીય દેવતા છે. તેના ઉપરાંત અગ્નિ, વિષ્ણુ, અશ્વિનૌ, વરુણાદિ અન્ય દેવો પાસે પણ આ પ્રકારની સહાયની માગણી અને તેની પૂર્તિ થતી. દેવો તરફથી પ્રાપ્ત આગળ દર્શાવ્યા મુજબની સહાયતાને વર્ણવતાં, ઋગ્વેદમાંથી પ્રાપ્ત થતાં અને જેને દેવાસુરસંગ્રામના મૂળસ્રોત તરીકે ગણાવી શકાય, એવાં કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છેઃ

➢ ઋગ્વેદમાં કુત્સનો ઉલ્લેખ અનેકવાર આવે છે.[૧૯૬] જેમાં મોટે ભાગે તેણે ઈન્દ્રની સહાયથી 'શુષ્ણ' નો વધ કર્યો હોવાની વાત આવે છે. શુષ્ણનો ઉલ્લેખ ઋગ્વેદમાં લગભગ ૪૦ વાર આવે છે.[૧૯૭] એ એક દાનવ છે.[૧૯૮]

➢ શંબર અને ખાસ કરીને એના પહાડી કિલ્લાઓનો ઉલ્લેખ ઋગ્વેદમાં અનેક

સ્થાનોએ મળી આવે છે. તેની પાસે ૯૦,[૧૯૯] ૯૯[૨૦૦] કે ૧૦૦[૨૦૧] કિલ્લાઓ હતા. એ ઈન્દ્રનો મોટો શત્રુ હતો. અસુર હોવા ઉપરાંત, પોતાની શકિતથી મદાન્વિત બનેલો તે, સ્વયં પોતાને એક દેવતા સમજતો હતો.[૨૦૨] જી. એસ. ઘુર્યેના મતે શંબરનું ઋગ્વેદમાં દાસ અને દસ્યુ બન્ને તરીકે વર્ણન મળે છે.[૨૦૩] આચાર્ય બલદેવ ઉપાધ્યાયનો આ શંબર વિશે મત છે કે,– **"आर्यो में उसका प्रधान शत्रु राजा दिवोदास अतिथिग्व था जिसने अपने बाहुबल से तो नहीं, परन्तु इन्द्र की दैवी सहायता से उसके ऊपर अनेक बार विजय प्राप्त की ।"**[૨૦૪] ઋગ્વેદ, ૭/૯૯/૫માં ઈન્દ્ર અને વિષ્ણુએ શંબરના ૯૯ કિલ્લાઓ ભાંગી નાખ્યા, એમ જણાવ્યું છે. જેનાથી આ કાર્યમાં રાજા દિવોદાસને ઈન્દ્ર ઉપરાંત વિષ્ણુએ પણ સહાય કરી હોવાનું જણાય છે. ઋગ્વેદ, ૧/૧૧૨/૧૪ અનુસાર શંબરનો વધ કરવામાં ઈન્દ્રને મરુતો તથા અશ્વિની દેવોએ પણ મદદ કરી હતી.

➢ ચુમુરિ દાસોનો એક બળવાન રાજા હતો. રાજા (મ. મ. ચિત્રાવના મતે ઋષિ)[૨૦૫] દભીતિએ ઈન્દ્રની સહાયથી તેના મિત્ર ધુનિ અને ૬૦,૦૦૦ અનુયાયીઓ સહિત તેનો વધ કર્યો હતો.[૨૦૬] ઋગ્વેદમાં એક સ્થળે શંબર, પિપ્રુ, ધુનિ તથા શુષ્ણની સાથે તેનો ઈન્દ્ર દ્વારા પરાજિત થવાનો તથા તેના દુર્ગોને નષ્ટ કરાયાનો ઉલ્લેખ છે.[૨૦૭]

➢ ઋગ્વેદમાં રાજા વૈદથિન ઋજિશ્વનને પણ ઈન્દ્રે સહાય કરી હોવાના ઉલ્લેખો છે. તેના શત્રુ પિપ્રુને ઈન્દ્રે અનેકવાર પરાજિત કર્યો હતો.[૨૦૮] એ પિપ્રુ અનેક દુર્ગોનો સ્વામી હતો.[૨૦૯] ઋગ્વેદમાં એને દાસ[૨૧૦] તથા અસુર[૨૧૧] કહેલ છે. એનું 'કાળાં સંતાનોવાળા' તથા 'કાળી જાતિના લોકો' ના મિત્ર હોવાં અંગેનું વર્ણન થયેલું છે.[૨૧૨] રોથના મતે એ એક દાનવ હતો.[૨૧૩]

➢ પુરોહિત વસિષ્ઠની સ્તુતિથી અગ્નિએ પાણીમાં રહેનાર એક જરૂથ નામના રાક્ષસ[૨૧૪]નો નાશ કર્યો હતો.[૨૧૫] રોથના મતે આ પણ અગ્નિ દ્વારા પરાજિત એક દાનવ હતો.[૨૧૬] સાયણાચાર્ય પોતાના ભાષ્યમાં 'જરૂથ' શબ્દને આ પ્રમાણે સમજાવે છે – **"परुषशब्दकारिणं राक्षसम्"**,[૨૧૭] **"परुषभाषिणं जरणीयं वा रक्षोगणम्"**,[૨૧૮] અને **"एतन्नामानमसुरम्"**.[૨૧૯] અહીં તેઓને 'જરૂથ' નો અર્થ 'રાક્ષસ' તથા 'અસુર' બન્ને માન્ય છે.

➢ ઈન્દ્રના શત્રુ નમુચિ નામના રાક્ષસની કથા પણ રૂપકાત્મક રીતે ઋગ્વેદમાં વર્ણવાયેલી છે.[૨૨૦] ઈન્દ્રે જે અનેક અસુરોને મારી નાખ્યા હતા, તેમાંનો એક નમુચિ છે. આ કથા પ્રમાણે, ઈન્દ્રે સમુદ્રના ફીણથી તેની ડોક મરડીને મારી નાખેલો અથવા પાણીના ફીણથી એનું માથું કાપી નાખેલું.[૨૨૧] પાછળના સાહિત્યમાં એ

હિરણ્યકશિપુના સેનાપતિ તરીકે વર્ણવાયો છે.[૨૨૨] પાણિનિએ **'નમુચિ'** શબ્દને **'ન+મુચિ'** 'મુકત ન કરનાર' એ અર્થમાં સમજાવ્યો છે.[૨૨૩]

આ ઉપરાંત પણ આવી અનેક ગાથાઓ કે તેના ઉલ્લેખો વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે, જે દેવવાદની સાથે કે તેની વિરુદ્ધમાં તત્કાલીન સમાજમાં ઊભા થઈ રહેલા અસુરવાદના ક્રમિક વિકાસને પણ સૂચવે છે. 'પિશાચ' ના પ્રાપ્ત થતાં ઉલ્લેખો પરથી આ બાબતને સરળતાથી સમજી શકાય છે. ઋગ્વેદમાં આ શબ્દ **'પિશાચિ'** (માણસનું કાચું માંસ ખાનારી એક માનવીય જાતિ)ના રૂપે[૨૨૪] ફકત એક જ વાર પ્રયોજાયેલો છે.[૨૨૫] પરંતુ અથર્વવેદમાં દાનવોના રૂપમાં એનો ઉલ્લેખ અનેક વાર આવે છે.[૨૨૬] રાક્ષસો તથા અસુરોના સાથી અને દેવો, માનવો તથા પિતૃઓના વિરોધીઓનાં રૂપમાં એનો નિર્દેશ પરવર્તી વૈદિક સાહિત્યમાં અનેક સ્થાનોએ થયેલો છે.[૨૨૭] તેમનો રાક્ષસો તથા અસુરોના સાથી હોવાનો ઉલ્લેખ, રાક્ષસો અને અસુરોના પૈશાચીપણાની સાક્ષી પૂરે છે.

એવું જ વૃત્રની બાબતમાં બન્યું છે. ઋગ્વેદમાં તે અંધકારનું મૂર્ત રૂપ છે.[૨૨૮] યાસ્કે તેને 'મેઘ દૈત્ય' માન્યો છે, જે આકાશસ્થ જળને અવરોધે છે.[૨૨૯]જયારે તૈતિરીય સંહિતામાં તેને ત્વષ્ટ્રનો પુત્ર કહ્યો છે અને ઈન્દ્રે વિષ્ણુની સહાયથી તેની સાથે યુદ્ધ કરેલું.[૨૩૦] પરંતુ આ ગ્રંથમાં જ અન્યત્ર અગ્નિએ ઈન્દ્રને વૃત્રનો વધ કરવા સમર્થ બનાવ્યો હોવાનો ઉલ્લેખ છે.[૨૩૧] જયારે બ્રાહ્મણગ્રંથો પ્રમાણે, એકવાર અસુરોએ વેદ અને વેદવિદ્યાને હસ્તગત કરી લીધાં ત્યારે ઈન્દ્રે આ **વૃત્રાસુર**નો વધ કરીને વેદોને પાછા મેળવ્યા.[૨૩૨] મહાભારતમાં એને કૃતયુગનો એક અસુર કહ્યો છે અને તેને કશ્યપ તથા દિતિ (દનાયુ)નો પુત્ર કહેલ છે.[૨૩૩] જયારે પુરાણોમાં તો તે માત્ર અને સ્પષ્ટપણે અસુર, દૈત્ય કે દાનવ તરીકે જ વર્ણવાયેલો છે.[૨૩૪] (પુરાણોએ કશ્યપ અને દિતિ તથા કશ્યપ અને દનુની સંતતિને અનુક્રમે 'દૈત્ય' તથા 'દાનવ' તરીકે ઓળખાવેલ હોવાનું આપણે આગળ ઉપર નોંધ્યું જ છે.) દેવીભાગવત પ્રમાણે, બ્રહ્માએ પ્રસન્ન થઈને તેને વરદાન આપેલું કે, " આજથી તું અમર છે. તને લોહ કે કાષ્ઠ, સૂકું કે ભીંજાયેલું વગેરે કોઈ શસ્ત્રથી દિવસે કે રાત્રીના, દેવ, મનુષ્ય કે પશુ, કોઈ મારી શકશે નહીં."[૨૩૫] પદ્મપુરાણમાં તેને હિરણ્યાક્ષનો સેનાપતિ કહ્યો છે.[૨૩૬] પછીથી ઈન્દ્રે દધીચિ ઋષિના અસ્થિઓમાંથી બનેલ વજ્ર ઉપર સમુદ્રના ફીણ લગાવીને તેનો વધ કર્યો.[૨૩૭] પુરાણોમાં એ વાત જાણિતી જ છે કે, અહીં બ્રહ્માએ જે વરદાન વૃત્રને આપેલું છે, એવું વરદાન વાસ્તવમાં હિરણ્યકશિપુને આપેલું. આ હિરણ્યકશિપુ હિરણ્યાક્ષનો ભાઈ હોવાનું પણ પ્રસિદ્ધ જ છે. તેનો વધ વિષ્ણુએ નૃસિંહ અવતાર ધારણ કરીને પોતાના હાથના નહોર વડે કરેલો. આ બન્ને કથાઓ વચ્ચેનું કલ્પના–સામ્ય નોંધનીય છે. આ રીતે પરવર્તી પુરાણોમાં વર્ણવાયેલા દેવાસુરસંગ્રામો માંહેના એક હિરણ્યકશિપુ– દેવતાસંગ્રામનાં બીજ છેક, વૈદિક ઈન્દ્ર–વૃત્રયુદ્ધમાં જોઈ શકાય છે. નૃસિંહ અવતારની કલ્પનાનું મૂળ ઈન્દ્ર અને નમુચિના યુદ્ધમાં પણ જોઈ શકાય છે. સમુદ્રના ફેણથી ઈન્દ્રે તેનો વધ

કરેલો અને તે હિરણ્યકશિપુનો સેનાપતિ હોવાની વાત આપણે આગળ નોંધી જ છે.

આગળ કહેલ શંબરનું પણ સાહિત્યિક સ્વરૂપ પરવર્તી કાળમાં પરિવર્તન સાથે વિકસ્યું છે. પુરાણોમાં તે **શંબરાસુર** તો બની જ જાય છે, સાથે સાથે તેની બુદ્ધિ–પ્રતિભાની પણ નોંધ લેવાઈ છે. શ્રીમદભાગવતપુરાણમાં તેને કશ્યપ તથા દનુનો પુત્ર કહેલ છે.[૨૩૮] (એ દષ્ટિએ તે 'દાનવ' છે.) એ વૃત્રાસુરનો અનુયાયી હોવાથી ઈન્દ્ર–વૃત્રયુદ્ધમાં ઈન્દ્રે તેનો પણ વધ કરેલો.[૨૩૯] મૃત્યુ પૂર્વે તેણે ઈન્દ્રને 'બ્રાહ્મણમાહાત્મ્ય' સમજાવ્યું હતું.[૨૪૦] મહાભારતમાં યુધિષ્ઠિરે પોતાની વાતના સમર્થનમાં તેનાં અનેક ઉદ્ધરણોનો ઉપયોગ કર્યો છે.[૨૪૧] આ બધા ઉપરથી એમ લાગે છે કે, તે એક કુશળ રાજનીતિજ્ઞ તથા ગ્રંથકાર પણ હતો. યોગવાસિષ્ઠમાં તેની કથા 'બ્રાહ્મણત્વભાવ' નું તાત્ત્વિક પ્રતિપાદન કરવા માટે મૂકવામાં આવી છે.[૨૪૨] અન્યત્ર મહાભારત તથા પુરાણોમાં તેને કશ્યપ તથા દનુના પુત્ર હોવા ઉપરાંત, કંસનો અનુયાયી પણ કહ્યો છે.[૨૪૩] શ્રીમદભાગવતપુરાણના અન્ય બે ઉલ્લેખો મુજબ, તે દાનવરાજ હિરણ્યાક્ષનો પુત્ર હતો[૨૪૪] અને ઈન્દ્રબલિયુદ્ધમાં તેણે બલિના પક્ષે ભાગ લીધો હતો.[૨૪૫] બ્રહ્માંડપુરાણ અનુસાર, વિરોચનપુત્ર બલિની સાથે વામને તેને પણ પાતાળમાં ચાંપ્યો હતો.[૨૪૬]

આ પ્રમાણે, પરવર્તી પૌરાણિક સાહિત્યમાં વર્ણવાયેલા દેવાસુર–સંગ્રામોનાં મૂળ સ્રોતો વૈદિક યુગમાં પ્રસૃત થયેલા દેવવાદમાં જોઈ શકાય છે. અલબત્ત, દેવવાદના વિકાસની સાથે જેમ વિવિધ દેવોનાં સ્વરૂપ અને સ્થાનાદિમાં ક્રમિક અનેક ફેરફારો થયા છે, એવું જ અસુરો, દાનવો, દૈત્યો કે રાક્ષસોની બાબતમાં પણ બન્યું છે. બન્ને વચ્ચે તફાવત માત્ર એટલો જ છે કે, દેવોનું પ્રથમ દેવત્વ કલ્પવામાં આવ્યું અને પછી તેનું માનવીયકરણ થયું, જે વિશિષ્ટ શકિત, સ્વરૂપાદિ સાથે રૂઢ થયું; જયારે અસુરાદિ મૂળથી માનવો જ હતા અને પછી તેનું અસુરાદિપણું અસ્તિત્વમાં આવ્યું છે. અર્થાત્, જે માનવે સુપથ પર ચાલીને ઊર્ધ્વગમન કર્યું, તે દેવત્વને પામ્યો અને જેણે કુમાર્ગે ગતિ કરીને અધોગમન કર્યું, તે અસુરાદિ યોનિમાં પ્રવેશ્યો. અલબત્ત, સમય જતાં શકિતઓ તો બન્નેની વધી જ છે અને આથી જ, વૈદિકયુગમાં મૂળભૂત રીતે સ્થૂળ રૂપમાં થયેલાં યુદ્ધો પણ પુરાણોમાં ભવ્ય અને દિવ્ય રૂપમાં પરિવર્તિત થઈ ગયેલાં જોઈ શકાય છે. તેમની આ ભવ્યતા અને દિવ્યતાના મૂળમાં દેવવાદના ક્રમિક વિકાસનો પણ સિંહફાળો રહેલો છે.

## ૨.અવતારવાદ :

હિન્દુધર્મમાં અવતારવાદનું ઘણું જ મહત્ત્વ સ્વીકારાયું છે. પરમાત્માના વિભિન્ન અવતારો અને એનાં પ્રયોજનોની અનેકાનેક કથાઓ પુરાણોમાં વર્ણવાયેલી છે. અવતાર–તkવનું વિવેચન પુરાણોનો એક મહkવનો વર્ણ્ય–વિષય રહ્યો છે. **‘अवतार’** શબ્દની સિદ્ધિ **‘अव+तॄ’** ધાતુને **‘घञ्’** પ્રત્યય લગાડીને કરવામાં આવે છે.[૨૪૭] જેનો અર્થ ' કોઈક ઊંચા સ્થાનેથી નીચે ઉતરવાની ક્રિયા' થાય છે.

આના આધારે આચાર્ય બલદેવ ઉપાધ્યાય એક વિશિષ્ટ અર્થ તારવી આપે છે– **"किसी महनीय शक्तिसम्पन्न भगवान् या देवता का नीचे के लोक में ऊपर से उतरना तथा मानव या अमानव रूप का धारण करना ।"** અર્થાત્, 'કોઈક મહનીય શકિતથી યુકત ઈશ્વર કે દેવતાનું ઉપરના લોકમાંથી નીચેના લોકમાં કોઈક સાકારિત રૂપ ધારણ કરીને ઉતરવું, તે.'[૨૪૮] આવા જ અર્થમાં પુરાણોમાં **'आविर्भाव'**[૨૪૯]તથા **'प्रादुर्भाव'**[૨૫૦] જેવા શબ્દો પણ ઘણાં સ્થાનોએ પ્રયોજાયેલા છે.

પરમાત્મા કોઈ ચોકકસ પ્રયોજનથી સમયે સમયે પૃથ્વી પર સ્વયં કે પોતાના અંશરૂપે અવતાર ધારણ કરે છે. આવાં અનેક પ્રયોજનો માંહેનું સૌથી મહkત્વનું પ્રયોજન ધર્મની સ્થાપના અને અધર્મનો વિનાશ કરવાનું હોય છે. આ અંગે શ્રીમદભગવદગીતાના પ્રસિદ્ધ શ્લોકો–**"यदा यदा हि धर्मस्य.......।।"**[૨૫૧]માં જે વાત કહેવામાં આવી છે, તેનો પડઘો અનેક પુરાણોએ પણ પાડયો છે. જેમકે, દેવીભાગવતપુરાણમાં કહ્યું છે કે–

**"यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भूधर ।**
**अभ्युत्थानमधर्मस्य तदा वेषान् बिभर्म्यहम् ।।"**[૨૫૨]

વાયુપુરાણનું પણ વિધાન છે કે,–

**"जज्ञे पुनः पुनर्विष्णुर्यज्ञे च शिथिलः प्रभुः ।**
**कर्तुं धर्मव्यवस्थानमधर्मस्य च नाशनम् ।।"**[૨૫૩]

બ્રહ્મપુરાણ મુજબ, –

**"यदा यदा त्वधर्मस्य वृद्धिर्भवति भो द्विजाः ।**
**धर्मश्च ह्रासमभ्यति तदा देवो जनार्दनः ।।**
**अवतारं करोत्यत्र द्विधाकृत्वाऽऽत्मनस्तनुम् ।**
**सर्वदैव जगत्यर्थे स सर्वात्मा जगन्मयः ।।"**[૨૫૪]

બ્રહ્મપુરાણમાં જ અન્યત્ર પણ કહ્યું છે કે, –

**"स्वल्पांशेनावतीर्योर्व्यां धर्मस्य कुरुते स्थितिम् ।।"**[૨૫૫]

આ ઉપરાંત, મત્સ્યપુરાણ,[૨૫૬] હરિવંશપુરાણ,[૨૫૭] શ્રીમદભાગવત–પુરાણ[૨૫૮] ઈત્યાદિ પુરાણોમાં પણ આ અંગે ચર્ચા કરવામાં આવી છે, જેમાં ભગવાનના અવતારનું મૂળભૂત પ્રયોજન 'ધર્મનું સ્થાપન અને અધર્મનો નાશ' તથા 'સાધુજનોનું પરિત્રાણ અને દુષ્કૃતોનો વિનાશ' દર્શાવવામાં આવ્યું છે. અધર્મનું ઉત્થાન દુષ્ટોનો ઉત્કર્ષ થવાથી જ થાય છે. આવા સમયે ધર્મનું પુનઃ સ્થાપન કરવું અને એ રીતે સાધુજનોનું રક્ષણ કરવું જરૂરી બની જાય છે. આ કાર્ય દુષ્ટોનો સંહાર કરવાથી જ થાય છે. આ એ દુષ્ટો છે કે, જે આસુરી કે દાનવી કર્મો કરનારા છે. આથી અવતારવાદનાં મૂળ અસુરો કે દાનવાદિના હનનમાં રહેલાં હોવાનું કહી શકાય. એમને હણવાથી જ ધર્મપરાયણ એવા દેવાદિનું રક્ષણ સંભવિત બને છે. બ્રહ્મપુરાણમાં સ્પષ્ટપણે કહ્યું છે કે,–

"प्रोद्धतानसुरान् हन्ति धर्मव्युच्छित्तिकारिणः ।
पाति देवान् सगन्धर्वान् धर्मरक्षापरायणान् ।।"[૨૫૯]

પુરાણોમાં વર્ણવાયેલા દેવાસુરસંગ્રામોના મૂળમાં આ પ્રમાણે, અવતારવાદને પણ મૂકી શકાય છે. ઈશ્વરના અવતારો અને તેની લીલાઓનું વર્ણન કરવામાં પુરાણોનો મોટો ભાગ ખર્ચાયેલો છે. ઘણા ખરા દેવાસુરસંગ્રામો આ અવતારોના પ્રયોજનની સિદ્ધિ માટે કે તેની પૂર્વભૂમિકા રચવા માટે પુરાણોમાં વર્ણવાયા છે.

આ અવતારવાદ, એ માત્ર પુરાણોની જ નીપજ નથી; તેના વિશેષેના અનેક ઉલ્લેખો વૈદિક સાહિત્યમાંથી પણ પ્રાપ્ત થાય છે. સંહિતાઓ અને પરવર્તી બ્રાહ્મણાદિ ગ્રંથોમાં પણ અધર્મના નાશ માટે અને દુષ્ટોના સંહાર માટે અલૌકિક શકિતથી યુકત ઈન્દ્ર, વિષ્ણુ કે પ્રજાપતિએ અવતારો ધારણ કર્યા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. વૈદિક સાહિત્યમાં આવાં અનેક આખ્યાનો પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. આ અંગે આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું કથન છે કે,—

**"वैदिक साहित्य में - संहिता तथा ब्राह्मण में - प्रसंगवश अनेक आख्यान स्थान-स्थान पर विभिन्न देवताओं के स्वरूप- विवेचन के समय वर्णित हैं । इन आख्यानों का पर्याप्त उपबृंहण पुराणों में किया गया है । इन आख्यानों को दो श्रेणि में विभक्त किया जा सकता है- धार्मिक और लौकिक । धार्मिक आख्यानों के भीतर प्रजापति तथा विष्णु द्वारा अनेक रूपों के धारण करने की बात बहुशः उपवर्णित है, तो लौकिक आख्यानों में किसी विशिष्ट राजा का वृत्त, ऋषि का चरित्र या कोई अलौकिक लोकरंजन, प्रणय-कथा संक्षिप्त रूप में, कहीं प्रस्तुत रूप में विवृत्त है । इन समस्त आख्यानों के सूक्ष्म वैदिक संकेतों की पुराणोंने बडे ही वैशद्य के साथ व्याख्या की है ।"**[૨૬૦]

એમાંથી અહીં કેટલાંક એવાં ઉદ્ધરણો કે કથાઓનો જ માત્ર નિર્દેશ કરીશું કે, જેણે પુરાણોમાં વર્ણવાયેલા દેવાસુરસંગ્રામોના ઉદ્‌ભવ અને વિકાસને પોષ્યા છે;

'અવતાર' નો સૌથી પ્રાચીન ઉલ્લેખ ઋગ્વેદના તૃતીય[૨૬૧] તથા છઠ્ઠા[૨૬૨] મંડળમાંથી પ્રાપ્ત થાય છે, જયાં ઈન્દ્રને પોતાની 'માયા' દ્વારા અનેક રૂપોને ધારણ કરનાર કહ્યો છે. પ્રથમ મંડળ[૨૬૩]માં ઈન્દ્રે વૃષણસ્વની પુત્રીનું તથા આઠમા મંડળ[૨૬૪]માં શ્રૃંગવૃષના પુત્રનું રૂપ ધારણ કર્યું હોવાનું વર્ણવ્યું છે. આ બધા પરથી ઈન્દ્રે અવતારો ધારણ કર્યા હોવાનું ફલિત થાય છે. ઋગ્વેદમાં વર્ણવાયેલ અવતારવાદનાં આ બીજો પરવર્તી બ્રાહ્મણગ્રંથોમાં વિશેષ રૂપે વિકસ્યાં છે. શતપથબ્રાહ્મણમાં પ્રજાપતિએ મત્સ્યનો અવતાર ધારણ કર્યો હોવાનું કહ્યું છે.[૨૬૫] શતપથબ્રાહ્મણમાં જ પ્રજાપતિએ એક સ્થાને કૂર્મનો[૨૬૬] તો અન્યત્ર વરાહનો[૨૬૭] અવતાર ધારણ કર્યાનું સ્પષ્ટ વિધાન છે. પ્રજાપતિએ વરાહ—અવતાર ધારણ કર્યો હોવાની કથા તૈત્તિરીયબ્રાહ્મણ[૨૬૮]માં તથા કાઠકસંહિતા[૨૬૯]માં પણ મળી આવે છે. આ અવતાર વિશે રામાયણ[૨૭૦]માંય

નિર્દેશ મળી આવે છે તો મહાભારતમાં, બ્રહ્માએ મત્સ્યનો અવતાર લીધો હોવાનું કહ્યું છે;[૨૭૧] પરંતુ વૈદિકકાળમાં મોટાભાગના અવતારોનો સંબંધ પ્રજાપતિ સાથે જ જોવા મળે છે. પરવર્તી સમયમાં ભાગવતધર્મના ઉદયની સાથે વિષ્ણુનું પ્રાધાન્ય વધ્યું, પરિણામે આ બધા જ અવતારો વિષ્ણુના હોવાનું મનાયું. જોકે, વિષ્ણુના વામન—અવતાર વિશે કોઈ અસંદિગ્ધતા પ્રવર્તતી નથી. વિષ્ણુ છેક ઋગ્વેદકાળથી જ 'ઉરુગાય', 'ઉરુક્રમ' કે 'ત્રિવિક્રમ' તરીકે પ્રસિદ્ધ જ છે. ત્રણ ડગલાંમાં પૃથ્વીને માપી લેવાનું કાર્ય તેનું શૌર્યકર્મ મનાયું છે.[૨૭૨] શતપથબ્રાહ્મણમાં વિષ્ણુના વામનરૂપ ધારણ કર્યાની કથા ઘણી જ વિસ્તારથી વર્ણવાયેલી છે. આથી, વામનાવતારનો સંબંધ પ્રારંભથી જ વિષ્ણુની સાથે રહેલો છે જયારે વૈદિક સાહિત્યમાં વર્ણવાયેલા પ્રજાપતિની સાથે સંબદ્ધ અવતારોનું જોડાણ, વિષ્ણુના પ્રધાનદેવ તરીકે પ્રસ્થાપિત થવાની સાથે જ, તેની સાથે થઈ ગયું. આ અંગે શ્રી બલદેવ ઉપાધ્યાયનું વિધાન છે કે,—

**“अवतारवाद ब्राह्मण साहित्य में अवश्यमेव वर्तमान था, परन्तु न तो उस समय विष्णु का प्राधान्य था और न इन अवतारों की पूजा ही होती थी । भागवत सम्प्रदाय के उदय होने पर जब कृष्ण-बलराम की भक्ति उद्घोषित हुई तब अवतारवाद का उत्कर्ष सम्पन्न हुआ.............वैष्णव-आगमन के उदय होने पर वासुदेव कृष्ण का नारायण के साथ ऐक्य स्थापित हो गया और अवतारवाद के विकास का युग आ गया ।”**[૨૭૩]

પરવર્તી પુરાણાદિ સાહિત્યમાં આ કારણે જ અવતારોનો સંદર્ભ વિષ્ણુની સાથે રૂઢ થઈ ગયો છે. વિષ્ણુના બે,[૨૭૪] છ,[૨૭૫] દસ,[૨૭૬] તેર,[૨૭૭] વીસ,[૨૭૮] બાવીસ,[૨૭૯] ચોવીસ[૨૮૦] તથા અનેક[૨૮૧] અવતારો થયા હોવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જો કે, સામાન્ય રીતે આ અવતારોની સંખ્યા દસ જ હોવાનું માનવામાં આવે છે. પુરાણોમાં પણ દસ અવતારોનો ઉલ્લેખ જ વ્યાપક રૂપે મળે છે.[૨૮૨] પુરાણાદિમાં આ દસ અવતારોના ક્રમ અને નામ આ પ્રમાણે વર્ણવાયાં છે —

**“मत्स्यः कूर्मो वराहश्च नरसिंहोऽथ वामनः ।**
**रामो रामश्च कृष्णश्च बुद्धः कल्किश्च दश ।।”**[૨૮૩]

પૌરાણિક માન્યતાનુસાર, દેવો અને અસુરો વચ્ચે આમ તો અનેક યુદ્ધો થયાં છે; પરંતુ એ બધામાંથી નારસિંહાદિ કુલ બાર સંગ્રામો વધારે પ્રસિદ્ધ છે.[૨૮૪] આ બાર મહાસંગ્રામોમાંથી વરાહ, નારસિંહ, વામનાદિનું જોડાણ પુરાણોએ વિષ્ણુના વિભિન્ન અવતારો સાથે કર્યું છે. જેમકે,—

➢ ઋગ્વેદ પ્રમાણે, "વિષ્ણુએ સોમપાન કરીને એક સો મહિષો અને ક્ષીરપાકને ગ્રહણ કર્યાં, જે (વસ્તુતઃ) 'એમુષ' નામના વરાહની સંપત્તિ હતા. ઈન્દ્રે આ વરાહને પણ મારી નાખ્યો."[૨૮૫] અથર્વવેદમાં પણ ઉલ્લેખ છે કે,— **‘वाराहेण पृथिवीसंविदाना’**[૨૮૬] પરંતુ વરાહાવતારનો સ્પષ્ટ નિર્દેશ તૈત્તિરીય સંહિતા, તૈત્તિરીય બ્રાહ્મણ, તૈત્તિરીય આરણ્યક તથા શતપથબ્રાહ્મણમાં મળે છે. જયાં પ્રજાપતિએ

વરાહનું રૂપ ધારણ કર્યું હોવાના સંકેતો પ્રાપ્ત થાય છે. તૈત્તિરીયસંહિતામાં કહ્યું છે– "પહેલાં આ સમગ્ર વિશ્વમાં માત્ર જળ જ હતું. (પછી) પ્રજાપતિ વાયુનું રૂપ ગ્રહણ કરીને તેમાં વિચરણ કરવા લાગ્યા. ત્યાં (જળમાં) તેણે પૃથ્વીને જોઈ. તેને વરાહ બનીને બહાર કાઢી (શબ્દશઃ, હરણ કર્યું)."[૨૮૭]

તૈત્તિરીય બ્રાહ્મણ અનુસાર, "પ્રજાપતિએ વરાહનું રૂપ ધારણ કરીને જળમાં ડૂબકી લગાવી. તે પૃથ્વીને નીચેથી ઉપર લાવ્યા."[૨૮૮]

તૈત્તિરીયારણ્યક પ્રમાણે, "સો બાહુવાળા કાળા વરાહે (પૃથ્વીને) ઉપર ઉઠાવી."[૨૮૯]

શતપથબ્રાહ્મણ નોંધે છે કે,– "આ આટલી મોટી પૃથ્વી 'પ્રદેશ' માત્ર હતી, તે એમૂષને વરાહે મારી નાખ્યો. તે (વરાહ) આનો (પૃથ્વીનો) પતિ છે."[૨૯૦]

આ પ્રમાણે, વરાહાવતાર દ્વારા પૃથ્વીને જળમાંથી બહાર કાઢવાનું કાર્ય મૂળમાં પ્રજાપતિ સાથે જોડાયેલું છે. પ્રજાપતિનું આ એક વિશિષ્ટ કાર્ય છે; પરંતુ પુરાણોમાં તે વિષ્ણુનું કાર્ય બની જાય છે અને પ્રજાપતિના વરાહાવતારનું જોડાણ પણ વિષ્ણુના અવતારોમાં થઈ જાય છે.[૨૯૧] વૈદિક સાહિત્યનો 'એમૂષ' પુરાણોમાં 'હિરણ્યાક્ષ' બની જાય છે. વિષ્ણુએ વરાહ અવતાર ધારણ કરીને હિરણ્યાક્ષનો સંહાર કર્યો, તે પૂર્વે દેવો અને હિરણ્યાક્ષ વચ્ચે જે સંગ્રામ થયેલો, તે પુરાણોના બાર પ્રસિદ્ધ દેવાસુરસંગ્રામો પૈકિનો જ એક 'વારાહ' છે.

➢ પુરાણોમાં વર્ણવાયેલા દ્વાદશ દેવાસુરસંગ્રામોમાં 'નારસિંહસંગ્રામ'નું સ્થાન પ્રથમ છે.[૨૯૨] પુરાણો અનુસાર, હિરણ્યકશિપુ નામના એક રાક્ષસે પોતાના ભાઈ હિરણ્યાક્ષના મૃત્યુનો બદલો લેવા, બ્રહ્માના વિશિષ્ટ વરદાનના પ્રભાવથી દેવોને ત્રસ્ત કરીને ત્રિલોકીનું શાસન હસ્તગત કર્યું. એનાથી ત્રસ્ત થયેલા દેવાદિએ એનો નાશ કરવા વિષ્ણુને પ્રાર્થના કરી. એમની સ્તુતિથી પ્રસન્ન થયેલા વિષ્ણુએ 'નૃસિંહ' રૂપ ધારણ કરીને હિરણ્યકશિપુનો વધ કર્યો.[૨૯૩] વેદોમાંથી પ્રાપ્ત થતી નમુચિની અને આ હિરણ્યકશિપુની કથાઓ અનેક દૃષ્ટિએ સમાનતા ધરાવે છે, આથી મોટાભાગના આધુનિક વિદ્વાનોએ 'નૃસિંહાવતાર'નાં મૂળ વૈદિક નમુચિની કથામાં નિહાળ્યાં છે.[૨૯૪]

➢ વામનાવતારના સંદર્ભે તો સ્પષ્ટપણે કહી શકાય તેમ છે કે, તે મૂળભૂત રીતે જ વૈદિક છે અને ઋગ્વેદના વિષ્ણુ સંબંધી અનેક સૂક્તોમાં તેના સંકેતો રહેલા છે. વૈદિક વિષ્ણુના અનેક વિશિષ્ટ કાર્યોમાં ત્રણ ડગલાંમાં પૃથ્વીને માપી લેવાનું તેનું કાર્ય મુખ્ય ગણાય છે – **"इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् समूढमस्य पांसुरे ।"**[૨૯૫] વિષ્ણુને માટે 'વામન' શબ્દનો પ્રયોગ સૌ પ્રથમવાર શતપથબ્રાહ્મણમાંથી પ્રાપ્ત થાય છે – **"वामनो ह विष्णुरास ।"**[૨૯૬] શતપથબ્રાહ્મણમાં એ સ્થાને પ્રસ્તુત કથામાં માત્ર 'વામનાવતાર'નાં જ નહીં, પરંતુ એ અવતારના પ્રયોજનરૂપ

પ્રસ્તુત કથામાં માત્ર 'વામનાવતાર'નાં જ નહીં, પરંતુ એ અવતારના પ્રયોજનરૂપ દેવાસુરસંગ્રામ(બલિબંધન)નાં મૂળો પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે. સંક્ષેપમાં એ કથા આ પ્રમાણે છે :

"દેવ અને અસુર, બન્ને પ્રજાપતિનાં સંતાનો છે. એ બન્ને પરસ્પર વિવાદ કરવા લાગ્યા. એમાંથી ક્રુર સ્વભાવવાળા અસુરોએ દેવોને પરાજિત કર્યા. એમણે માન્યું કે આ સમસ્ત ભુવન અમારું જ છે, તેથી તેનું વિભાજન કરીને વહેંચી લઈએ અને તેના દ્વારા જીવનનિર્વાહ કરીએ. આ સાંભળીને દેવોએ વિચાર્યું કે, "જો અસુરો સમગ્ર પૃથ્વીનું વિભાજન કરીને વહેંચી લેશે તો આપણું શું થશે?" આથી તેઓ યજ્ઞરૂપી વિષ્ણુને પોતાના નેતા તરીકે આગળ કરીને અસુરો પાસે ગયા અને કહ્યું કે, " અમારા વિના પૃથ્વીનું વિભાજન ન કરો, અમારો પણ તેમાં ભાગ છે." આ સાંભળીને અસુરો અસૂયા કરવા લાગ્યા. એમણે કહ્યું કે, " જેટલાં સ્થાનને આ વિષ્ણુ વ્યાપ્ત કરી શકે તેટલી પૃથ્વી તમને આપી દેશું." વિષ્ણુ (કદમાં) વામન હતો, આથી દેવોએ એ વાતનો સ્વીકાર ન કર્યો, પરંતુ (પરાજિત હોવાથી) પરસ્પર કહેવા લાગ્યા કે, " અસુરોએ યજ્ઞ(ભૂમિ) જેટલી આ જે જમીન આપી છે, તે યોગ્ય જ છે અને ઘણી છે." ત્યારપછી, દેવોએ પૂર્વ દિશામાં વિષ્ણુને સ્થાપીને, તેને પૂર્વ દિશામાં ગાયત્રી, દક્ષિણમાં ત્રિષ્ટુપ્, પશ્ચિમમાં જગતી તથા ઉત્તર દિશામાં બૃહતી છંદ, એમ ચારે બાજુથી વિવિધ છંદો દ્વારા સુરક્ષિત બનાવ્યો. પૂર્વ દિશામાં અગ્નિનું સ્થાપન કર્યું અને તેની પૂજા—અર્ચના કરતાં કરતાં તેઓ ચારે બાજુ ઘૂમવા લાગ્યા. આ પ્રકારની અર્ચનાના પ્રભાવથી, એમણે સમસ્ત પૃથ્વીને પ્રાપ્ત કરી લીધી."[૨૯૭]

આ કથામાં, દેવો દ્વારા અસુરો પાસેથી સમસ્ત પૃથ્વી જીતાયેલી હોવાની માહિતી મળે છે અને એ કાર્યમાં સ્પષ્ટપણે વિષ્ણુનો જ હાથ હતો. ઋગ્વેદના ઉરુગાય વિષ્ણુના 'ત્રિવિક્રમ'ને અને શતપથબ્રાહ્મણની ઉપર્યુકત વામનકથાને જોડીને પુરાણોમાં વામનાવતારની કથા પ્રસ્તુત કરવામાં આવી છે. તફાવત માત્ર એટલો જ છે કે, શતપથબ્રાહ્મણમાં અસુરો પાસેથી ભૂમિને જીતવાની વાત છે જયારે પુરાણોમાં અસુરોના રાજા બલિ પાસેથી. આ રીતે, વૈદિક સાહિત્યમાં વામનાવતારનો માત્ર સંકેત જ નહીં પરંતુ વિસ્તૃત ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે, જે અન્ય અવતારોની જેમ આ અવતારને પણ વેદાનુકૂલ હોવાનું સિદ્ધ કરે છે. વૈદિક સાહિત્યમાં ઉલ્લેખિત પ્રજાપતિના અવતારોને વિષ્ણુના અવતારો તરીકે ગણાવીને વિષ્ણુનું મહkવ વધારવાનું કાર્ય મહદંશે વિષ્ણુ તથા ભાગવત જેવાં વૈષ્ણવ પુરાણોએ જ કર્યું છે. પૌરાણિક વિષ્ણુએ અનેક અવતારો ધારણ કરીને સમયે સમયે દેવોને અસુરોની વિરુદ્ધમાં થતાં સંગ્રામોમાં સહાય કરી છે.

આ પ્રમાણે, પૌરાણિક દેવાસુરસંગ્રામોના મૂળમાં 'દેવવાદ' તથા 'અવતારવાદ' મુખ્યત્વે રહેલા છે. સમયની સાથે ક્રમશઃ તત્તત્કાલીન સમાજમાં બદલાતી ગયેલી અને ક્રમિકપણે ઉત્કૃષ્ટ થતી ગયેલી દેવત્વની વિભાવનાએ

મનુષ્ય–મનુષ્ય વચ્ચેના સંઘર્ષોને તથા કેટલીક પ્રાકૃતિક ઘટનાઓને ભયાનક દેવાસુરસંગ્રામોનું પરિણામ બક્ષ્યું છે. આર્યો (દેવો) અને અનાર્યો (અસુરાદિ)વચ્ચેનો સંઘર્ષ તથા વૃત્ર–ઈન્દ્રયુદ્ધાદિ જેવી વૈદિકયુગીન પ્રાકૃતિક ઘટનાઓ જ પુરાણોમાં દેવાસુરસંગ્રામોના રૂપમાં પ્રસ્તુત થયેલી છે. સાત્ત્વિક વૃત્તિ ધરાવતા દેવોના પક્ષે પ્રત્યેક સમયનો સાહિત્યકાર સદાય રહ્યો છે. બીજી બાજુ તામસિક અને ક્રુર વૃત્તિના અસુરો– દૈત્યો– દાનવો–રાક્ષસાદિનો એમણે હમેશાં વિરોધ કર્યો છે. આથી, પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ તમામ દેવાસુરસંગ્રામોમાં મોટેભાગે અંતે તો દેવોનો જ વિજય દર્શાવવામાં આવ્યો છે. અવતારવાદનું મુખ્ય પ્રયોજન– **‘परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम्’**– ની સિદ્ધિ પણ આમાં જ તો રહેલી છે. એ અવતાર પછી પ્રજાપતિનો હોય કે ઈન્દ્ર, વિષ્ણુ અથવા અન્યનો હોય, પ્રયોજન તો મોટેભાગે એ એક જ હોય છે.

દેવાસુરસંગ્રામોના મૂળસ્રોતોમાં અન્ય એક બાબત 'ભાગબટાઈ' ને પણ ગણી શકાય. પુરાણોમાં વર્ણવવામાં આવ્યું છે, તે પ્રમાણે દેવો અને દાનવો એક જ પિતા કશ્યપ ઋષિના પુત્રો છે. મોટાભાગની માનવપ્રજાઓ આ ઋષિ દ્વારા જ વિસ્તરી હોવાના અનેક ઉલ્લેખો પુરાણોમાં પ્રસિદ્ધ જ છે. વૈદિક માન્યતાનુસાર પણ આ સમગ્ર વિશ્વ પ્રજાપતિ કે 'પુરુષ'નું સર્જન છે અને દેવ, મનુષ્યાદિ તમામ વર્ણો કે જાતિઓ તેનાથી જ ઉત્પન્ન થયેલી છે. દેવો અને દાનવાદિ આ 'પુરુષ' અથવા તો ઋષિ કશ્યપની આદિ સંતતિ છે. દેવાસુરસંગ્રામો મૂળભૂત રીતે એમની વચ્ચે અધિકાર–પ્રાપ્તિ માટે ખેલાયેલાં યુદ્ધો પણ છે. આગળ દર્શાવેલી શતપથબ્રાહ્મણની કથા આ 'ભાગબટાઈ' ના પ્રયોજનને પણ દેવાસુરસંગ્રામોના મૂળમાં સિદ્ધ કરે છે. દેવાસુરસંગ્રામોનું આ એક મહkવનું પ્રયોજન છે. પ્રસ્તુત કથા ઉપર્યુકત વૈદિક તેમજ પૌરાણિક માન્યતાઓને જોડનારી છે. દેવાસુરસંગ્રામોનું આ પણ એક મહkવનું પ્રયોજન છે, તેથી એ 'ભાગબટાઈ' ભૂમિની હોય કે અમૃતની, દેવાસુરસંગ્રામનું કારણ બની રહે છે.

આ પ્રમાણે, દેવાસુરસંગ્રામોમાંથી મોટાભાગનાનાં મૂળસ્રોતો કોઈને કોઈ રૂપે વૈદિક સાહિત્યમાં રહેલાં છે. પુરાણોમાં વેદોનું જ ઉપબૃંહણ થયેલું હોવાથી દેવાસુરસંગ્રામોનાં મૂળસ્રોતોને વેદો અને વૈદિક સાહિત્યમાં નિહાળવામાં જરાં પણ અતિશયોકિત કે અયોગ્યતા નથી.

******

## –: પાદટીપ :–

૧. શ્રીમદ્‌ભગવદ્ ગીતા, ૧૮/૩૦.
૨. એજન, ૧૮/૩૧.
૩. એજન, ૧૮/૩૨.
૪. શ્રીમદ્‌ભાગવતપુરાણ, તૃતીય સ્કંધ, અધ્યાય–૨૦.
૫. વિષ્ણુપુરાણ, પ્રથમ અંશ, અધ્યાય–૫.
૬. **'प्राचीन चरित्रकोश', पृ. २६०.**
૭. 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ', પૃ. ૩૭૪.
૮. તાંડ્ય બ્રાહ્મણ, ૧૮/૧૦/૫.
૯. મત્સ્યપુરાણ, ૧૯/૧૨–૧૪.
૧૦. **"सा ब्रह्मेति होवाच ब्रह्मणो वा एतद्विजये महीयध्वमिति ततो हैव विदाञ्चकार ब्रह्मेति ।"** કેનોપનિષદ, ૧/૪.
૧૧. **"एको देव इति प्राण इति स ब्रह्म त्यदित्याचक्षते ।।"** બૃહદારણ્યકોપનિષદ, ૩/૯/૯.
૧૨. એજન, ૫/૨/૧–૩.
૧૩. મત્સ્યપુરાણ, ૬/૩,૪,૫.
૧૪. **"सुराप्रतिग्रहात् देवाः सुरा इत्यभिविश्रुताः ।"** વાલ્મીકિકૃત્ રામાયણ.
૧૫. વી. એસ. આપ્ટે, **'संस्कृत-हिन्दी कोश'**, પૃ. ૮૩.
૧૬. **"आ नासत्या त्रिभिरेकादशैरिह देवेभिर्यातं मधुपेयमश्विना ।"** ઋગ્વેદ, ૧/૩૪/૧૧ તથા ૩/૬/૯, ૧/૪૫/૨, ૧/૧૩૯/૧૧ ૩/૯/૯ વગેરે.
૧૭. ઐતરેયબ્રાહ્મણ, ૨/૨૮.
૧૮. નિરુકત, ૭/૧૫.
૧૯. **"यत्काम ऋषिर्यस्यां देवतायामार्थपत्यमिच्छन् स्तुतिं प्रयुंक्ते तद्दैवतः स मन्त्रो भवति ।** નિરુકત, ૭/૧.
૨૦. **"त्यज्यमानद्रव्ये उद्देश्यविशेषो देवता । मन्त्रस्तुत्या च ।** સિદ્ધાંતકૌમુદી, 'અષ્ટાધ્યાયી' ના સૂત્ર ૨/૪/૨૪ ૫૨ની વૃત્તિ.
૨૧. **मैकडानल, 'वैदिक माइथौलोजी', पृ. १६१-१६७.**
૨૨. **"अथ यद् विषितो भवति तद् विष्णुर्भवति । विष्णुर्विशतेर्वा व्यश्नोतेर्वा ।" निरुक्त, १२/१६.**
૨૩. **"अग्निर्वै देवानामवमो विष्णुः परमः, तदन्तरेण सर्वा अन्या देवता ।" ऐतरेय ब्राह्मण, १/१.**
૨૪. **"शक्यते वक्तुं यः सदास्तीति केवलम् ।"** વિષ્ણુપુરાણ, ૧/૨/૧૧.

૨૫.“ सर्वत्रासौ समस्तं वसत्यत्रेति वै यतः ।
ततः स वासुदेवेति विद्वद्भिः परिपठ्यते ।।”
એજન, ૧/૨/૧૨.
૨૬. ઋગ્વેદ, ૧/૧૧૪, ૨/૩૩ તથા ૭/૪૬.
૨૭. જેમકે, તૈત્તિરીય સંહિતાનો ૧૬મો અધ્યાય વગેરે.
૨૮. શુકલ યજુર્વેદ, ૩૯/૮.
૨૯. અથર્વવેદ, ૧૧/૨/૧.
૩૦. એજન, ૧૧/૨/૯.
૩૧. “यो अग्नौ रुद्रो य अप्स्वन्त-
र्य ओषधीर्वीरुध आविवेश ।
य इमा विश्वा भुवनानि चाक्लृपे
तस्मै रुद्राय नमो अस्त्वग्नये ।।”
અથર્વવેદ, ૭/૮૩/૧.
૩૨. ઐતરેયબ્રાહ્મણ, ૩/૩/૩૩.
૩૩. છાન્દોગ્યોપનિષદ, ૩/૭/૪.
૩૪. બૃહદારણ્યકોપનિષદ, ૩/૯/૪.
૩૫. મૈત્રી ઉપનિષદ, ૬/૫.
૩૬. મહાનારાયણોપનિષદ, ૧૩/૨.
૩૭. નૃસિંહતાપની ઉપનિષદ, ૧/૨.
૩૮. શ્વેતાશ્વતરોપનિષદ, ૩/૪.
૩૯. “त्वमग्ने रुद्रोऽसुरो महो दिवस्त्वं शर्द्धोः मारुतं पृक्ष ईशिषे ।
त्वं वातैररुणैर्यासि शङ्गयस्त्वं पूषा विधतः पासि नु त्मना ।।”
ઋગ્વેદ, ૨/૧/૬.
૪૦. અથર્વવેદ, ૭/૮૩/૧.
૪૧. શતપથબ્રાહ્મણ, ૩/૧/૩/૧.
૪૨. ઋગ્વેદ, ૨/૩૩/૭.
૪૩. શ્વેતાશ્વતરોપનિષદ, ૩/૨.
૪૪. શિવપુરાણ, રુદ્રસંહિતા, ૯/૩૫.
૪૫. ઋગ્વેદ, મંડળ–૧૦, સૂકત–૧૨૧.
૪૬. શતપથબ્રાહ્મણ, ૧૧/૧/૬/૧૪.
૪૭. એજન, ૨/૨/૪/૧.
૪૮. મૈત્રાયણીસંહિતા, ૪/૨/૧૨.
૪૯. ઐતરેયબ્રાહ્મણ, ૩/૩૩; શતપથબ્રાહ્મણ, ૧/૭/૪/૧; પંચવિંશબ્રાહ્મણ, ૮/૨/૧૦.
૫૦. ઋગ્વેદ, ૧૦/૧૨૧/૧.
૫૧. મત્સ્યપુરાણ, અધ્યાય–૪.

૫૨. **“तल्लोकपद्मं स उ एव विष्णुः**
**प्रावीविशत्सर्वगुणावभासम् ।**
**तस्मिन् स्वयं वेदमयो विधाता**
**स्वयम्भूवं यं स्म वदन्ति सोऽभूत् ।।”**
શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૮/૧૫.
૫૩. શ્રીમદ્ભાગવતપુરાણ, અ. ૮,૯,૧૦ વગેરે; મત્સ્યપુરાણ, અ. ૩,૪,૫વગેરે; વિષ્ણુપુરાણ, અ. ૫,૬,૭,૮ વગેરે.
૫૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૭/૩/૨૬—૩૪.
૫૫. **“ त्वत्तः परं नापरमप्यनेजद्**
**एजच्च किञ्चित् व्यतिरिक्तमस्ति ।**
**विद्याः कलास्ते तनवश्च सर्वा**
**हिरण्यगर्भोऽसि बृहत् त्रिपृष्ठः ।।**
શ્રીમદ્ભાગવતપુરાણ, ૭/૩/૩૨.
૫૬. એજન, ૯/૩૭—૩૮.
૫૭. **‘पुराण विमर्श’, पृ. ४७६-७७.**
૫૮. શિવપુરાણ, રુદ્રસંહિતા, ૯/૫૫.
૫૯. વિષ્ણુપુરાણ, ૫/૩૩/૪૭—૪૮.
૬૦. વાયુપુરાણ, અધ્યાય—૨૪નું 'શિવસ્તવ'.
૬૧. પદ્મપુરાણ, પાતાલખંડ, ૨૮/૨૧.
૬૨. શિવપુરાણ, વાયવીય સંહિતા, પૂર્વભાગ, ૧૦/૬.
૬૩. શિવપુરાણ, વાયવીય સંહિતા, ઉત્તરખંડ, ૫/૭૫.
૬૪. અમરકોશ, સ્વર્ગવર્ગ,
૬૫. **“सिसृक्षोर्जधनात्पूर्वमसुरा जज्ञिरे ततः ।”**
વિષ્ણુપુરાણ, ૧/૫/૩૧.
૬૬. મત્સ્યપુરાણ, ૬/૭—૧૫.
૬૭. એજન, ૬/૧૬—૨૦.
૬૮. **“मैवं भो रक्ष्यतामेष येरुक्तं राक्षसास्तु ते ।”**
વિષ્ણુપુરાણ, ૧/૫/૪૩.
૬૯. તૈત્તિરીયસંહિતા, ૨/૪/૧.
૭૦. **(पर्श्वादिगण)**, અષ્ટાધ્યાયી, ૫/૩/૧૧૭.
૭૧. અષ્ટાધ્યાયી, ૪/૪/૧૨૩.
૭૨. ઋગ્વેદ, મંડળ ૮, સૂકત ૩૨.
૭૩. ઋગ્વેદ, મંડળ ૧૦, સૂકત ૬૭.
૭૪. ઋગ્વેદ, મંડળ ૧, સૂકત ૧, મંત્ર ૩૩.
૭૫. ઋગ્વેદ, મંડળ ૨, સૂકત ૧૪, મંત્ર ૫.

૭૬. ઋગ્વેદ, મંડળ ૬, સૂકત ૨૬.
૭૭. ઋગ્વેદ, મંડળ ૧૦, સૂકત ૭૬.
૭૮. ઋગ્વેદ, મંડળ ૨, સૂકત ૧૪, મંત્ર ૫.
૭૯. ઋગ્વેદ, મંડળ ૨, સૂકત ૧૫.
૮૦. ઋગ્વેદ, મંડળ ૨, સૂકત ૧૪.
૮૧. ઋગ્વેદ, મંડળ ૧૦, સૂકત ૧૩૮.
૮૨. ઋગ્વેદ, મંડળ ૨, સૂકત ૧૪, મંત્ર ૫.
૮૩. ઋગ્વેદ, મંડળ ૧૦, સૂકત ૬૭.
૮૪. ઋગ્વેદ, મંડળ ૭, સૂકત ૯૯.
૮૫. ઋગ્વેદ, મંડળ ૧૦, સૂકત ૮.
૮૬. ઋગ્વેદ, મંડળ ૮, સૂકત ૭૮.
૮૭. ઋગ્વેદ, મંડળ ૪, સૂકત ૧૬.
૮૮. ઋગ્વેદ, મંડળ ૮, સૂકત ૩૨.
૮૯. ઋગ્વેદ, મંડળ ૫, સૂકત ૪૦.
૯૦. **'प्राचीन चरित्रकोश', पृ. ७१३.**
૯૧. છાંદોગ્યોપનિષદ, ૮/૭.
૯૨. **'प्राचीन चरित्रकोश', पृ. ७१३.**
૯૩. ઋગ્વેદ, ૭/૧૦૪ અને ૧૦/૮૭.
૯૪. અથર્વવેદ, કાણ્ડ ૮, સૂકત ૬.
૯૫. એજન, કાણ્ડ ૧૯, સૂકત ૨૨.
૯૬. એજન, કાણ્ડ ૫, સૂકત ૨૨.
૯૭. ઋગ્વેદ, મંડળ ૭, સૂકત ૧૦૪.
૯૮. અથર્વવેદ, કાણ્ડ ૧૦, સૂકત ૧૬૨.
૯૯. ઋગ્વેદ, મંડળ ૧૦, સૂકત ૮૭.
૧૦૦. એજન, મંડળ ૭, સૂકત ૧૦૪.
૧૦૧. અથર્વવેદ, કાણ્ડ ૧૮, સૂકત ૨.
૧૦૨. વાયુપુરાણ, ૭૦/૫૧–૬૫.
૧૦૩. રામાયણ, ઉત્તરકાંડ, ૫૯/૫, ૧૪–૧૬, ૨૦.
૧૦૪. તૈત્તિરીયસંહિતા, ૨/૫/૮/૫; તાંડ્યબ્રાહ્મણ, ૭/૫/૨૦; સાંખ્યાયનશ્રૌતસૂત્ર, ૧૪/૨૭/૧ વગેરે.
૧૦૫. ઋગ્વેદ, ૧/૨૬/૧.
૧૦૬. દેવીભાગવત, ૪/૧૧.
૧૦૭. મત્સ્યપુરાણ, અ. ૨૫.
૧૦૮. જૈમિનીયોપનિષદબ્રાહ્મણ, ૨/૭/૨–૬.
૧૦૯. તૈત્તિરીયસંહિતા, ૨/૫/૮.

૧૧૦. વાયુપુરાણ, ૬૫/૭૫.
૧૧૧. મત્સ્યપુરાણ, ૨૫/૮, ૧૭, ૩૦, ૩૭; ૨૬/૧૭.
૧૧૨. બ્રહ્મપુરાણ, ૧૬૦/૧૩; વિષ્ણુપુરાણ, ૩/૧૭/૮–૯.
૧૧૩. ઋગ્વેદ, ૧/૩૪/૭; ૧/૧૦૦/૧૮; ૨/૧૩/૯.
૧૧૪. ઋગ્વેદ, ૧/૫૧/૮; ૧/૧૦૩/૩; ૧/૧૧૭/૨૧; ૨/૧૧/૧૮,૧૯; ૩/૩૪/૯; ૫/૭૦/૩; ૬/૧૮/૩; ૭/૫/૬; ૧૦/૪૯/૩ ૧૦/૮૩/૬.
૧૧૫. ઋગ્વેદ, ૧૦/૨૨/૮.
૧૧૬. ઋગ્વેદ, ૮/૭૦/૧૧.
૧૧૭. ઋગ્વેદ, ૪/૧૬/૯.
૧૧૮. ઋગ્વેદ, ૮/૭૦/૧૧.
૧૧૯. ઋગ્વેદ, ૭/૬/૩.
૧૨૦. ઋગ્વેદ, ૧/૫૧/૮; ૧/૧૭૫/૩; ૬/૧૪/૩; ૯/૪૧/૨;
૧૨૧. ઋગ્વેદ, ૮/૭૦/૧૧.
૧૨૨. અથર્વવેદ, ૧૨/૧/૩૭.
૧૨૩. ઋગ્વેદ, ૧/૫૧/૫, ૬; ૧/૧૦૩/૪; ૧૦/૯૫/૭; ૧૦/૯૯/૭; ૧૦/૧૦૫/૧૧ માં **'दस्यु-हत्य'** તથા **'दस्यु-हन्'** ઈન્દ્ર માટે– ઋગ્વેદ, ૧/૧૦૦/૧૨; ૬/૪૫/૨૪; ૮/૭૬/૧૧; ૮/૭૭/૩; ૧૦/૪૭/૪ અને અગ્નિ માટે– ઋગ્વેદ, ૬/૧૬/૧૫; ૮/૩૯/૮ ઈત્યાદિ.
૧૨૪. વી. એસ. આપ્ટે, **'संस्कृत-हिन्दी कोश'**, પૃ. ૪૫૨.
૧૨૫. મનુસ્મૃતિ, ૫/૧૩૧, ૧૦/૪૫.
૧૨૬. મનુસ્મૃતિ, ૭/૧૪૩.
૧૨૭. મૈકડોનલ, 'વૈદિક માઈથોલોજી', પૃ. ૧૫૭.
૧૨૮. ઋગ્વેદ, ૫/૩૪/૬; ૬/૨૨/૧૦; ૬/૩૩/૩; ૬/૬૦/૬; ૭/૮૩/૧; ૧૦/૩૮/૩; ૧૦/૬૯/૬; ૧૦/૮૩/૧ અને અથર્વવેદ, ૫/૧૧/૩.
૧૨૯. **'वैदिक साहित्य'**, **पृ. ४१२.**
૧૩૦. **''द्रुहः पाशान्प्रति स मुचीष्ट तपिष्ठेन हन्मना हन्तना तम् ।''**
ઋગ્વેદ, ૭/૫૯/૮.
૧૩૧. ઋગ્વેદ, ૭/૧૬/૮; ૭/૭૫/૧.
૧૩૨. એજન, ૭/૬૧/૫.
૧૩૩. **''प्रति स्मरेथां तुजयद्भिरेवैर्हतं द्रुहो रक्षसो भङ्गुरावतः ।**
**इन्द्रासोमा दुष्कृते मा सुगं भूद्यो नः कदा चिदभिदासति द्रुहा ।।''**
ઋગ્વેદ, ૭/૧૦૪/૭.
૧૩૪. એજન, ૭/૧૦૪/૧
૧૩૫. તૈત્તિરીયબ્રાહ્મણ, ૩/૨/૯/૧૦.
૧૩૬. ઋગ્વેદ, ૭/૩૮/૭.

૧૩૭. એજન, ૭/૧૫/૧૦; ૭/૩૮/૭; ૭/૧૦૪/૧, ૪, ૧૩, ૨૨, ૨૫.
૧૩૮. એજન, ૭/૮૫/૧.
૧૩૯. એજન, ૭/૬૦/૯; ૭/૧૦૪/૧૮.
૧૪૦. એજન, ૭/૩૨/૧૨.
૧૪૧. એજન, ૭/૬૫/૩.
૧૪૨. એજન, ૭/૧૦૪/૧૦.
૧૪૩. એજન, ૭/૧૦૪ અને ૧૦/૮૭.
૧૪૪. એજન, ૭/૧૦૪/૨.
૧૪૫. **"मा नो रक्षो अभि नड्यातुमावतामपोच्छतु मिथुना या किमीदिना ।"**
એજન, ૭/૧૦૪/૨૩.
૧૪૬. એજન, ૭/૧૦૪/૧.
૧૪૭. એજન, ૧૦/૧૬૨/૨.
૧૪૮. અથર્વવેદ, ૨/૫૨/૨; ૮/૬/૧; ૧૬/૬/૭; ૧૯/૩૬/૧.
૧૪૯. નિરુકત, ૬/૧૨.
૧૫૦. અથર્વવેદ, ૪/૧૭/૫ તથા ૧૯/૩૬/૬.
૧૫૧. **"यदि वाहमनृतदेव आस मोघं वा देवाँ अप्यूहे अग्ने ।"**
ઋગ્વેદ, ૭/૧૦૪/૧૪
૧૫૨. એજન, ૭/૨૧/૫.
૧૫૩. એજન, ૭/૧૦૪/૧૪.
૧૫૪. **"ताविद्दुःशंसं मर्त्यं दुर्विद्वांसं रक्षस्विनम् ।"**
એજન, ૭/૯૪/૧૨.
૧૫૫.એજન, ૭/૧૦૪/૨.
૧૫૬. એજન, ૭/૬/૩.
૧૫૭. એજન, ૭/૩૨/૨૭.
૧૫૮. એજન, ૭/૧૦૪/૧૩.
૧૫૯. એજન, ૭/૧૦૪/૨૪.
૧૬૦. એજન, ૭/૧૮/૧૬.
૧૬૧. **"अव वेदिं होत्राभिर्यजेत रिपः काश्चिद्वरुणध्रुतः सः ।"**
એજન, ૭/૬૦/૯.
૧૬૨. એજન, ૭/૯૭/૫.
૧૬૩. **"अर्ध वीरस्य शृतपामनिन्द्रं परा शर्धन्तं नुनुदे अभि क्षाम् ।"**
એજન, ૭/૧૮/૧૬.
૧૬૪. **'वैदिक इण्डेक्स', पृ. ३८६.**
૧૬૫. ઋગ્વેદ, ૫/૮૩/૬.
૧૬૬. એજન, ૪/૫૩/૧.
૧૬૭. એજન, ૩/૧૮/૪.
૧૬૮. **"लाङ्गुलचालनं क्ष्वेडः प्रतिरावो विवर्तनम् ।**
**दन्तदर्शनमारावस्ततो युद्धं प्रवर्तते ।।**
**तत्र यो बलवान्कृष्ण जित्वा सोऽत्ति तदामिषम् ।**
**एवमेव मनुष्येषु विशेषो नास्ति कश्चन ।।"**
મહાભારત, ૫/૭૦/૭૧–૭૨.

૧૬૯. ઋગ્વેદ, ૩/૩૭/૯.
૧૭૦. એજન, ૮/૯/૨.
૧૭૧. એજન, ૨/૨/૧૦; ૩/૫૩/૧૬.
૧૭૨. એજન, ૭/૭૫/૪; ૭/૭૯/૧.
૧૭૩. એજન, ૫/૮૬/૨; ૯/૧૦૧/૯.
૧૭૪. બીજા તથા ચોથા મંડળમાં એક–એકવાર, ૧,૫,૬,૭,૮માં મંડળોમાં બે–બેવાર, ૩ અને ૯માં ત્રણ–ત્રણવાર તથા ૧૦મા મંડળમાં ચારવાર. (**'वैदिक इण्डेक्स', पृ. ५२७**).
૧૭૫. અથર્વવેદ, ૩/૨૧/૫; ૩/૨૪/૩; ૧૨/૧/૧૫.
૧૭૬. ઐતરેયબ્રાહ્મણ, ૩/૩૧.
૧૭૭. **'गन्धर्वाः पितरो देवाः असुरा रक्षांसीत्येके । चत्वारो वर्णा निषादः पञ्चम इत्यौपमन्यवः ।''** નિરુકત, ૩/૮.
૧૭૮. ઋગ્વેદ, ૬/૬૧/૧૨.
૧૭૯. એજન, ૫/૩૨/૧૧.
૧૮૦. **'यदीन्द्राग्नी यदुषु तुर्वशेषु यद् द्रुह्युष्वनुषु पूरुषु स्थः । अतः परि वृषणावा हि यातमथा सोमस्य पिबतं सुतस्य ।।''** એજન, ૧/૧૦૮/૮.
૧૮૧. **आचार्य बलदेव उपाध्याय, 'वैदिक साहित्य और संस्कृति', पृ. ४०५.**
૧૮૨. શતપથબ્રાહ્મણ, ૧૩/૫/૪/૧૪.
૧૮૩. ઐતરેયબ્રાહ્મણ, ૮/૨૩.
૧૮૪. શતપથબ્રાહ્મણ, ૧૩/૫/૪/૨૩.
૧૮૫. શુકલ યજુર્વેદ, વાજસનેયી સંહિતા, ૧૧/૩/૩ તથા ઋગ્વેદ, ૭/૧૮/૧૧.
૧૮૬. શતપથબ્રાહ્મણ, ૧૩/૫/૪/૭.
૧૮૭. **'वैदिक इण्डेक्स', पृ. १८३-१८४.**
૧૮૮. ઋગ્વેદ, ૧/૫૩/૯, ૧૦.
૧૮૯. 'Ṛgvedic Culture', PP. 352-367.
૧૯૦. 'History of Sanskrit Literature - Sruti period, Section 1, PP. 108-113.
૧૯૧. 'વસિષ્ઠ ઋષિનું દર્શન', પૃ. ૮૯.
૧૯૨. જૈમિનીય બ્રાહ્મણ, ૨૦૪.
૧૯૩. M. Winternitz, 'History of Indian Literature', Vol. 1, PP. 65.
૧૯૪. ઋગ્વેદ, ૭/૭૭/૧–૨.
૧૯૫. 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ', પૃ. ૩૯૦.
૧૯૬. ઋગ્વેદ, ૧/૬૩/૩; ૪/૨૬/૧; ૫/૨૯/૪; ૬/૨૦/૫; ૭/૧૯/૨ વગેરે.

૧૯૭. અ. દે. શાસ્ત્રી, 'વસિષ્ઠ ઋષિનું દર્શન', પૃ. ૮૧.
૧૯૮. **म. म. सिद्धेश्वरशास्त्री चित्राव, 'प्राचीन चरित्रकोश', पृ. ६८०.**
૧૯૯. ઋગ્વેદ, ૧/૧૩૦/૭.
૨૦૦. એજન, ૭/૯૯/૫; ૨/૧૪/૬.
૨૦૧. એજન, ૨/૧૪/૬; ૭/૧૯/૫.
૨૦૨. **म. म. सिद्धेश्वरशास्त्री चित्राव, 'प्राचीन चरित्रकोश', पृ. ६४६.**
૨૦૩. 'Vedic India', PP. 204.
૨૦૪. **'वैदिक साहित्य', पृ. ४१४.**
૨૦૫. **'प्राचीन चरित्रकोश', पृ. २१४.**
૨૦૬. ઋગ્વેદ, ૧/૧૧૨/૨૩.
૨૦૭. એજન, ૬/૧૮/૮.
૨૦૮. એજન, ૧/૧૦૧/૧; ૫/૨૯/૧૧; ૮/૪૯/૧૦; ૧૦/૯૯/૧૧.
૨૦૯. એજન, ૧/૫૧/૫; ૬/૨૦/૭.
૨૧૦. એજન, ૮/૩૨/૨.
૨૧૧. એજન, ૧૦/૧૩૮/૩.
૨૧૨. એજન, ૧/૧૦૧/૧; ૪/૧૬/૧૩.
૨૧૩. **'वैदिक इण्डेक्स', पृ. ६०६ पर उद्धृत.**
૨૧૪. **'प्राचीन चरित्रकोश', पृ. २३१.**
૨૧૫. ઋગ્વેદ, ૭/૧/૭; ૭/૯/૬; ૧૦/૮૦/૩.
૨૧૬. **'वैदिक इण्डेक्स', पृ. ३१२ पर उद्धृत.**
૨૧૭. ઋગ્વેદ, ૭/૧/૭ પરનું સાયણ ભાષ્ય.
૨૧૮. ઋગ્વેદ, ૭/૯/૬ પરનું સાયણ ભાષ્ય.
૨૧૯. ઋગ્વેદ, ૧૦/૮૦/૩ પરનું સાયણ ભાષ્ય.
૨૨૦. ઋગ્વેદ, ૮/૧૪/૧૩.
૨૨૧. અ. દે. શાસ્ત્રી, 'વસિષ્ઠ ઋષિનું દર્શન', પૃ. ૮૨.
૨૨૨. **म.म. सिद्धेश्वरशास्त्री चित्राव, 'प्राचीन चरित्रकोश', पृ. ३४५.**
૨૨૩. અષ્ટાધ્યાયી, ૬/૩/૭૫.
૨૨૪. ઋગ્વેદ, ૧/૧૩૩/૫.
૨૨૫. **मैकडौनेल और कीथ, 'वैदिक इण्डेक्स', पृ. ६०७.**
૨૨૬. અથર્વવેદ, ૨/૧૮/૪; ૪/૨૦/૬–૯; ૪/૩૬/૪; ૪/૩૭/૧૦; ૫/૨૯/૪–૧૦; ૬/૩૨/૨; ૮/૨/૧૨; ૧૨/૧/૫૦.
૨૨૭. તૈત્તિરીય સંહિતા, ૨૪/૧/૧ તથા કાઠક સંહિતા, ૩૭/૧૪; ગોપથ બ્રાહ્મણ, ૧/૧/૧૦; આશ્વલાયન શ્રૌતસૂત્ર, ૧૦/૭/૬ વગેરે.
૨૨૮. **वी. एस. आप्टे, 'संस्कृत-हिन्दी कोश', पृ. ६७१.**

૨૨૯. નિરુકત, ૨/૧૬ પ્રમાણે, **म.म. सिद्धेश्वरशास्त्री चित्राव, 'प्राचीन चरित्रकोश', पृ. ८६६.**
૨૩૦. તૈતિરીય સંહિતા, ૨/૪/૧૨.
૨૩૧. એજન, ૨/૧/૪.
૨૩૨. શતપથબ્રાહ્મણ, ૧/૧/૩/૪; ૩/૧/૩/૧૨; ૪/૧/૩/૧; ૫/૫/૫/૧.
૨૩૩. **म.म. सिद्धेश्वरशास्त्री चित्राव, 'प्राचीन चरित्रकोश', पृ. ८६७.**
૨૩૪. દેવીભાગવત, ૬/૧/૬; પદ્મપુરાણ, ભૂમિખંડ, અ. ૨૫; શ્રીમદ્ભાગવતપુરાણ, સ્કંધ ૬, અ. ૯; બ્રહ્માંડપુરાણ, ૩/૬/૩૫–૩૭; પદ્મપુરાણ, પાતાલ ખંડ, અ. ૧૯; સ્કંદપુરાણ, ૧/૧/૧૬ વગેરે.
૨૩૫. દેવીભાગવત, ૬/૧/૭.
૨૩૬. પદ્મપુરાણ, ભૂમિખંડ, અ. ૭૩.
૨૩૭. દેવીભાગવત, ૬/૧/૬.
૨૩૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૧૦/૧૯.
૨૩૯. મહાભારત, સૌપ્તિકપર્વ, ૧૧/૨૨.
૨૪૦. મહાભારત, અનુશાસનપર્વ, ૩૬/૪–૧૧.
૨૪૧. મહાભારત, ઉદ્યોગપર્વ, ૭૨/૨૨.
૨૪૨. યોગવાસિષ્ઠ, ૪/૨૫.
૨૪૩. મહાભારત, અનુશાસનપર્વ, ૧૪/૨૮; વિષ્ણુપુરાણ, અંશ ૫, અ. ૨૭; શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૦/૩૬/૩૬; વગેરે.
૨૪૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૭/૨/૪.
૨૪૫. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૬/૩૧.
૨૪૬. બ્રહ્માંડપુરાણ, ૩/૪/૬.
૨૪૭. **'अवे तृस्त्रोर्धञ्'** અષ્ટાધ્યાયી સૂત્ર– ૩/૩/૧૨૦ અનુસાર.
૨૪૮. **आचार्य बलदेव उपाध्याय, 'पुराण विमर्श', पृ. १६३.**
૨૪૯. વિષ્ણુપુરાણ, ૧/૨૦/૧૪.
૨૫૦. **"सुप्त्वा युग सहस्रं स प्रादुर्भवति कार्यतः ।**
**पूर्णे युगसहस्रे तु देवदेवो जगत्पतिः ।।'**
હરિવંશપુરાણ, પ્રથમ ખંડ, ૪૧/૨૦.
૨૫૧. શ્રીમદ્ભગવદગીતા, ૪/૩,૪.
૨૫૨. દેવીભાગવત, ૭/૩૯.
૨૫૩. વાયુપુરાણ, ૯૮/૬૯.
૨૫૪. બ્રહ્મપુરાણ, ૭૨/૨,૩.
૨૫૫. એજન, ૭૨/૯.
૨૫૬. મત્સ્યપુરાણ, ૪૭/૩૪ તથા ૪૭/૨૩૫.
૨૫૭. હરિવંશપુરાણ, પ્રથમ ખંડ, ૪૧/૧૮–૨૦.

૨૫૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૦/૨૯/૧૪ તથા ૩/૨૪/૩૬.

૨૫૯. બ્રહ્મપુરાણ, ૭૧/૨૪.

૨૬૦. **आचार्य बलदेव उपाध्याय, 'पुराण विमर्श', पृ. २४७.**

૨૬૧. **"रूपं रूपं मघवा बोभवीति माया कृण्वानस्तन्वं परि स्वाम् ।"**
ઋગ્વેદ, ૩/૫૩/૮.

૨૬૨. **"रूपं रूपं प्रतिरूपो बभूव तदस्य रूपं प्रति चक्षणाय ।**
**इन्द्रो मायाभिः पुरुरूप ईयते युक्ता ह्यस्य हरयः शता दश ।।"**
ઋગ્વેદ, ૬/૪૭/૧૮.

૨૬૩. એજન, ૧/૫૧/૧૩.

૨૬૪. એજન, ૮/૧૭/૧૩.

૨૬૫. શતપથબ્રાહ્મણ, ૧/૮/૧/૧.

૨૬૬. એજન, ૭/૫/૧/૫.

૨૬૭. એજન, ૧૪/૧/૨/૧૧.

૨૬૮. તૈત્તિરીયબ્રાહ્મણ, ૧/૧/૩/૫.

૨૬૯. કાઠકસંહિતા, ૮/૨.

૨૭૦. રામાયણ, દ્વિતીયકાંડ, અ. ૧૧૦.

૨૭૧. મહાભારત, તૃતીય પર્વ, અ. ૧૮૭.

૨૭૨. **"य इदं दीर्घं प्रयतं सधस्थमेको विममे त्रिभिरित् पदेभिः ।"**
ઋગ્વેદ, ૧/૧૫૪/૩.

૨૭૩. **'पुराण विमर्श', पृ. १७२.**

૨૭૪. શ્રી બલદેવ ઉપાધ્યાય નોંધે છે કે, – **"अवतारवाद का मौलिक तथ्य भगवद् गीता की देन है, परन्तु गीता में दो ही अवतार निर्दिष्ट हैं– राम (रामः शस्त्रभृतामहम्) तथा कृष्ण (वृष्णीनां वासुदेवोऽस्मि) ।" पृ. १७३** તથા શ્રીમદ્ભગવદગીતા, ૧૦/૩૧ તથા ૩૭.

૨૭૫. મહાભારત, શાંતિપર્વ, ૩૩૯/૭૭–૧૦૨.

૨૭૬. મહાભારત, શાંતિપર્વ, ૩૩૯/૧૦૩–૧૦૪; વરાહપુરાણ, ૪/૨ તથા ૪૮/૧૭–૨૨; મત્સ્યપુરાણ, ૨૮૫/૬–૭; અગ્નિપુરાણ, ૨/૧૬ ઇત્યાદિ.

૨૭૭. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૦/૪૦/૧૭–૨૨.

૨૭૮. એજન, ૧૧/૪/૧૭–૨૨.

૨૭૯. એજન, પ્રથમ સ્કંધ, અ. ૩ અને અ. ૭.

૨૮૦. એજન, દ્વિતીય સ્કંધ, અ. ૭.

૨૮૧. **"अवतारा ह्यसंख्येया हरेः सत्त्वनिधेर्द्विजाः ।"**
શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૨૬ તેમજ
**"प्रादुर्भावसहस्राणि अतीतानि न संशयः ।**
**भूयश्चैव भविष्यन्तीत्येवमाह प्रजापतिः ।।"**
હરિવંશ, ૧/૪૧/૪૧.

૨૮૨. અગ્નિપુરાણ, ૨/૧૬; પદ્મપુરાણ, ૬/૪૩/૧૩–૧૫; નૃસિંહપુરાણ, અ. ૩૬; વરાહપુરાણ, ૪૮/૧૭–૨૨ તથા ૪/૨; મત્સ્યપુરાણ, ૨૮૫/૬–૭ વગેરે.

૨૮૩. પદ્મપુરાણ, ઉત્તરખંડ, ૨૫૭/૪૦–૪૨; લિંગપુરાણ, ૨/૪૮/૩૧–૩૨; વરાહપુરાણ, ૪/૨ તથા ૧૧૩/૪૨; મત્સ્યપુરાણ, ૨૮૫/૬–૭; ગરુડપુરાણ, ૧/૮૬/૧૦–૧૧, ૨/૨૦/૩૧–૩૨.

૨૮૪. મત્સ્યપુરાણ, ૪૬/૪૨–૭૩.

૨૮૫. '**विश्वेत् ता विष्णुराभरदुरुक्रमस्त्वेषितः ।**
**शतं महिषान् क्षीरपाकमोदनं वराहमिन्द्र एमुषम् ।।**'
ઋગ્વેદ, ૮/૭૭/૧૦.

૨૮૬. અથર્વવેદ, ૧૨/૧/૪૮.

૨૮૭. "**आपो वा इदमग्रे सलिलमासीत् । तस्मिन् प्रजापतिर्वायुर्भूत्वाऽचरत् । स इमामपश्यत् । तं वराहो भूत्वाऽहरत् ।**"
તૈત્તિરીય સંહિતા, ૭/૧/૫/૯.

૨૮૮. "**स वराहो रूपं कृत्वोपन्यमज्जत । स पृथ्वीमधः आर्च्छत् ।**"
તૈત્તિરીય બ્રાહ્મણ, ૧/૧/૬.

૨૮૯. "**उद्धृतासि वराहेण श्यामेन शतबाहुना ।**"
તૈત્તિરીયારણ્યક, ૧/૧/૩૦.

૨૯૦. "**इतीयती ह वा इयमग्रे पृथिव्यास प्रदेशमात्री तामेमूष इति वराह उज्जघान । सोऽस्याः पतिरिति ।**" શતપથબ્રાહ્મણ, ૧૪/૧/૨/૧૧.

૨૯૧. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૩/૩૫, વિષ્ણુપુરાણ, ૧/૪/૩૨–૩૬ ઇત્યાદિ.

૨૯૨. મત્સ્યપુરાણ, ૪૭/૪૨.

૨૯૩.શ્રીમદ્ભાગવતપુરાણ, સ્કંધ–૨, અ. ૭; લિંગપુરાણ, ૧/૯૪; પદ્મપુરાણ, ઉત્તર ખંડ, અ. ૨૩૮; મત્સ્યપુરાણ, ૪૭/૪૬; દેવીભાગવત, ૪/૧૬ વગેરે.

૨૯૪. મ.મ. સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ, 'પ્રાચીન ચરિત્રકોશ', પૃ. ૩૭૫; અ. દે. શાસ્ત્રી, 'વશિષ્ઠ ઋષિનું દર્શન', પૃ. ૮૨; આચાર્ય બલદેવ ઉપાધ્યાય, 'વૈદિક સાહિત્ય', પૃ. ૪૧૨ વગેરે.

૨૯૫. ઋગ્વેદ, ૧/૨૨/૧૭.

૨૮૬. શતપથબ્રાહ્મણ, ૧/૨/૫/૫.

૨૯૭. એજન, ૧/૨/૫/૧–૭.

******

# <u>પ્રકરણ– ૩,</u>

## ' પૌરાણિક મુખ્ય દ્વાદશદેવાસુરસંગ્રામો '


૩:૧, પ્રસ્તાવના

૩:૨, નૃસિંહસંગ્રામ

૩:૩, વામન–બલિબંધનસંગ્રામ

૩:૪, વારાહસંગ્રામ

૩:૫, અમૃતમંથનસંગ્રામ

૩:૬, તારકામયસંગ્રામ

૩:૭, આડિબકસંગ્રામ

૩:૮, ત્રિપુરસંગ્રામ

૩:૯, અંધકસંગ્રામ

૩:૧૦, વૃત્રઘાતકસંગ્રામ

૩:૧૧, ધાત્રસંગ્રામ

૩:૧૨, હાલાહલસંગ્રામ

૩:૧૩, કોલાહલસંગ્રામ

:: પાદટીપ ::

## ::પ્રકરણ–૩, પૌરાણિક દેવાસુરસંગ્રામો ::

### ૩:૧, પ્રસ્તાવના :

પુરાણો કથા–આખ્યાનોનો અખૂટ ભંડાર છે. એમાં અનેક ઐતિહાસિક, દાર્શનિક, ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ સામાજિક તથ્યોને રજૂ કરતી બાબતો કથા કે આખ્યાનોના સ્વરૂપે ભરેલી છે. સમાજની વૈચારિકતાને કે સ્વયં સામાજિકોને શુદ્ધ સત્યના માર્ગે વાળવા માટે આવાં આખ્યાનો પ્રતિકાત્મકરૂપે રજૂ થયેલાં છે. આવી કથાઓ કે આખ્યાનોમાં સુર અને અસુર, દેવ અને દાનવ વચ્ચેના સંઘર્ષોનાં વર્ણનો પુરાણોની નિજી વિશેષતા છે. છેક વૈદિકકાળથી ચાલી આવતી પરંપરમાંથી પ્રાપ્ત થયેલાં તે સંબંધી આખ્યાનો, દંતકથાઓ વગેરેને આત્મસાત્ કરીને પુરાણોએ પોતાની વિશિષ્ટ શૈલીમાં પ્રસ્તુત કર્યાં છે. પુરાણોની આ સંગ્રામ–ગાથાઓ સત્ય સામે અસત્યની, નીતિ સામે અનીતિની, ધર્મ સામે અધર્મની અને સદાચાર સામે દુરાચારની જીતની કથાઓ છે. દેવાસુરસંગ્રામો પૌરાણિક દષ્ટિએ, જેના પિતા એક છે પરંતુ માતાઓ ભિન્ન ભિન્ન છે, એવા સગા ભાઈઓની યુદ્ધકથાઓ છે, તેથી એક દષ્ટિએ, એ ભાઈ–ભાઈ વચ્ચે અધિકાર–પ્રાપ્તિને માટે ખેલાયેલાં યુદ્ધોની કથાઓ પણ છે. આવા સંગ્રામોનાં વર્ણનો દ્વારા પુરાણોએ એક સાથે અનેક ઉદ્દેશોને સિદ્ધ કર્યા છે. એક બાજુ તેઓ ભાઈઓ–ભાઈઓ વચ્ચેના કુસંપનાં દુષ્પરિણામોને રજૂ કરે છે તો બીજી બાજુ સત્ય અને સદાચારનાં સુફળોનું આસ્વાદન કરાવીને સમાજનું માર્ગદર્શન કરે છે. વળી અન્યત્ર, પોતાને અભિષ્ટ એવા કોઈ દેવ–વિશેષના મહિમાનું ગાન અને વિસ્તરણ પણ કરે છે. જયારે અસત્ય, અનીતિ, અધર્મ અને અનાચારની સત્તા અને પ્રભાવ વધવા લાગે છે, સ્વાર્થપરાયણ મહkવાકાંક્ષાઓ આકાશને અડકે છે અને યુગધર્મોનો અંત થવા લાગે છે ત્યારે આવા મહાસંગ્રામો જન્મે છે, જે લાખો જીવોના સંહારમાં પરિણમે છે અને પરમેશ્વરના કોઈ પણ રૂપને, તેને પોતાને કે તેના અંશને ભૂમિ પર અવતરણનું ઈજન પણ આપે છે.

પુરાણોમાં આમ તો દેવો અને દાનવાદિ વચ્ચે નાના–મોટા અનેક સંઘર્ષો કે સંગ્રામો ખેલાયા હોવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. દેવો અને દાનવાદિની શત્રુતા સદીઓ નહીં પણ યુગો જૂની કહાણી છે. પ્રત્યેક યુગમાં તેઓની વચ્ચે સંગ્રામો લડાયા હોવાનું સાક્ષ્ય પુરાણોમાંથી મળે છે. દેવાસુરસંગ્રામોમાં દેવોની વિરુદ્ધમાં અસુર, રાક્ષસ, દૈત્ય, દાનવ, પિશાચાદિ જોડાયા હતા. સ્કંદપુરાણાનુસાર, મહિષ નામનો એક અસુર બ્રહ્માના વરદાનના પ્રભાવથી ઉન્મત્ત બનીને દેવોને ત્રાસ આપવા લાગ્યો. દેવોની પ્રાર્થનાથી આદિમાયાએ રણાંગણમાં તેનો વધ કર્યો.[૧] મહિષાસુરાદિ સામેના આ યુદ્ધમાં દેવીએ ચંડ–મુંડ, શુંભ–નિશુંભ, રકતબીજાદિ મહાભયંકર અસુર–યોદ્ધાઓનો પણ વધ કર્યો.[૨] પદ્મપુરાણાનુસાર,

દેવોના નાશ માટે એક દુર્ગમ નામનો અસુર તપ કરી રહ્યો હતો. બ્રહ્માને પ્રસન્ન કરીને, તેના વરદાનના પ્રભાવથી તે અસુર દુર્ગમે ચારેય વેદોને ચોરી લીધા. આથી પૃથ્વી પર યજ્ઞ—યાગાદિ કાર્યો બંધ થયા. બ્રાહ્મણોની વિનંતીથી પ્રસન્ન થયેલાં દેવીએ એક મહાયુદ્ધમાં દુર્ગમનો વધ કરીને, તેણે ચોરેલા વેદોને મુકત કર્યા.[૩] પદ્મપુરાણની જ એક અન્ય કથા પ્રમાણે, પ્રાગ્જયોતિષપુરના રાજા નરકાસુરે ગંધર્વ, દેવતા તથા મનુષ્યોની સોળ હજાર એક સો કન્યાઓ તથા સાત અપ્સરાઓ, ત્વષ્ટાની સોળ વરસની કન્યા કશેરુ, ઈન્દ્રના હાથી ઐરાવત તથા અશ્વ ઉચ્ચૈઃશ્રવા અને દેવમાતા અદિતિનાં કુંડળોનું હરણ કરેલું. આ નરકાસુરનું વર્તન હમેશાં દેવ અને ઋષિઓની વિરુદ્ધનું રહેતું. આથી, દાશાર્હી સભામાં યાદવો સહિત બેઠેલા કૃષ્ણ પાસે સમસ્ત દેવમંડળ સહિત ઈન્દ્રે આવીને પાપી નરકાસુરનો વધ કરવાની પ્રાર્થના કરી. આથી, સત્યભામા તથા ઈન્દ્રાદિ દેવોને સાથે લઈને કૃષ્ણે પ્રાગ્જયોતિષપુર પર ચડાઈ કરી. નરકાસુરના પાંચ સેનાપતિઓ—હયગ્રીવ, નિશુંભ, પંચજન, વિરૂપાક્ષ તથા મુર, તેનું રક્ષણ કરતા હતા. મુરના દસ પુત્રો તથા અન્ય પ્રધાન રાક્ષસ તેના અંતઃપુરનું રક્ષણ કરતા હતા. તેના રાજયની સીમા પર મુર દૈત્યે બનાવેલા છ હજાર પાશ લગાવેલા હતા. ત્યારપછી પર્વતોના મોટા પત્થરોની વાડ બનાવવામાં આવી હતી. તેનું રક્ષણ નિશુંભ અને હયગ્રીવ કરતા હતા. નગરનું રક્ષણ વિરૂપાક્ષ તથા પંચજન વગેરે કરતા હતા. રાજયની સીમા પર મુરની ચતુરંગી સેનાએ કૃષ્ણ તથા દેવોનો સામનો કર્યો. કૃષ્ણે પાશોને કાપી નાખ્યા અને સેના સહિત મુરનો વધ કરીને રાજયની સીમામાં પ્રવેશ કર્યો. ત્યારપછી પર્વતોના પત્થરોના ઘેરાના રક્ષક નિશુંભ પર કૃષ્ણે હુમલો કર્યો. આ યુદ્ધમાં નિશુંભ, હયગ્રીવાદિ આઠ લાખ દાનવોનો વધ કરીને કૃષ્ણ આગળ વધ્યા. વિરૂપાક્ષ અને પંચજનાદિનો નાશ કરીને તેણે નગરમાં પ્રવેશ કર્યો. નગરમાં તેણે દૈત્યોની સાથે વિકટ યુદ્ધ કરવું પડયું. આ યુદ્ધમાં લક્ષાધિક દાનવોનો વધ કરીને કૃષ્ણ પાતાલ ગુફામાં ગયા. જયાં નરકાસુર રહેતો હતો. ત્યાં તેની સાથે યુદ્ધ કરીને પોતાના સુદર્શન ચક્ર વડે તેનું મસ્તક કાપી નાખ્યું અને બંદીગૃહમાં રાખવામાં આવેલી સ્ત્રીઓને મુકત કરી.[૪]

આ ઉપરાંત, પણ અનેક સંગ્રામો દેવો તથા અસુરાદિ વચ્ચે થયા હોવાના ઉલ્લેખો પુરાણોમાં સર્વત્ર મળી આવે છે. જેમકે, મધુ—કૈટભ તથા વિષ્ણુનો સંગ્રામ, વિષ્ણુ અને કાલનેમિનું યુદ્ધ, સ્કન્દ કાર્તિક – તારકાસુરસંગ્રામ, શ્રીકૃષ્ણ—બાણાસુર, યમ—ગ્રસન, કુબેર—જમ્ભાસુર, નિર્ઋતિ—કુજમ્ભ, રામ—રાવણ તથા શિવ, દેવી દુર્ગા, સૂર્ય, ગણેશાદિ દેવતાઓ દ્વારા અનેક અસુરોની વિરુદ્ધમાં કરવામાં આવેલા સંગ્રામો વગેરેનાં અનેક વર્ણનો પુરાણોમાં મળી આવે છે. દેવો તથા અસુરોના સંગ્રામોની કથાઓ વેદકાળથી માંડીને પુરાણકાળ સુધી અવિરતપણે પ્રાપ્ત થાય છે. દરેક યુગના સાહિત્યમાં આવા કોઈને કોઈ સંગ્રામના ઉલ્લેખો જોઈ શકાય છે. મત્સ્યાદિ પુરાણો અનુસાર, આવા અનેક સંગ્રામોમાંથી દેવો દ્વારા

કરવામાં આવેલા બાર સંગ્રામો વિશેષરૂપે પ્રસિદ્ધ છે. આ સંગ્રામોનાં ક્રમ અને નામો આ પ્રમાણે છેઃ

(૧) નારસિંહસંગ્રામ કે જેમાં વિષ્ણુ દ્વારા હિરણ્યકશિપુનો વધ કરવામાં આવેલ.

(૨) વામનસંગ્રામમાં ઈન્દ્રાદિ દેવતાઓનો સામનો અસુરાધિપતિ બલિની સાથે થયેલો, જેમાં બલિએ ઈન્દ્રાદિ દેવતાઓને હરાવીને સ્વર્ગનું રાજય તથા ઈન્દ્રપદ આંચકી લીધેલાં. અંતે વિષ્ણુએ વામન રૂપ ગ્રહણ કરીને, બલિ પાસેથી તે પુનઃ પ્રાપ્ત કરીને ઈન્દ્રને સોંપ્યું હતું.

(૩) વરાહસંગ્રામમાં વિષ્ણુએ હિરણ્યાક્ષનું હનન કરીને સમુદ્રનું દ્વૈધીકરણ કર્યું હતું.

(૪) અમૃતમંથનસંગ્રામમાં ઈન્દ્ર અને બલિનું યુદ્ધ થયેલું, જેમાં બલિનો પરાજય થયેલો.

(૫) તારકામયસંગ્રામમાં ઈન્દ્ર દ્વારા પ્રહ્લાદના પુત્ર વિરોચનનો વધ કરવામાં આવેલો.

(૬) આડિબકસંગ્રામમાં ઈન્દ્ર તથા આડિબકનું યુદ્ધ થયેલું.

(૭) ત્રૈપુરસંગ્રામમાં શંકર તથા ત્રિપુરાસુરનું યુદ્ધ થયેલું.

(૮) અંધક નામના સંગ્રામમાં શંકર તથા અસુર, પિશાચ અને દાનવોનું યુદ્ધ.

(૯) વૃત્રઘાતકમાં વૃત્રનો વધ.

(૧૦) ધાત્ર કે ધ્વજપાત નામના સંગ્રામમાં ઈન્દ્ર દ્વારા ધાત્રનો વધ.

(૧૧) હાલાહલ નામના સંગ્રામમાં ઈન્દ્ર તથા અસુરોનું યુદ્ધ.

(૧૨) કોલાહલ નામના સંગ્રામમાં ઈન્દ્ર તથા દાનવો અને દૈત્યોનું યુદ્ધ.[૫]

આ રીતે પુરાણોમાં સૌથી વધારે ભયંકર અને પ્રસિદ્ધ એવા આ બાર સંગ્રામો દર્શાવવામાં આવ્યા છે. મત્સ્યપુરાણમાં ઋષિઓએ આ સંગ્રામો વિશે દર્શાવેલી જિજ્ઞાસાને સંતોષવા સૂતજી આ બારેય સંગ્રામોનું વિગતે વર્ણન કરે છે.[૬] આ બારેય સંગ્રામોનાં મૂળમાં સૂત 'ભાગ—પ્રાપ્તિ' (**दायनिमित्तं**) ને દર્શાવે છે. આ સંગ્રામો શંડ અને મર્કના પૌરોહિત્યમાં થયેલા (**वराहाद्या दश द्वौ च शण्डामर्कान्तरे स्मृताः ।**).[૭] જેવી રીતે દેવોના પુરોહિત બૃહસ્પતિ હતા તેમ, શુક્રાચાર્ય અસુરાદિના પુરોહિત હતા. આ શુક્રાચાર્યના વંશમાંથી શંડ, મર્ક, ત્વષ્ટ્ર, વરુત્રિ, kવષ્ટ, ત્રિશિરસ, વિશ્વકર્મન્ વૃત્ર, વરુચિ વગેરે પ્રસિદ્ધ છે. એ બધા જ અસુરોના પુરોહિતો તથા ઈન્દ્રના શત્રુઓ હતા. એમાંથી શંડ અને મર્ક અસુરોને છોડીને દેવોના પક્ષમાં જતા રહેલા, પરિણામે શુક્રાચાર્યે તેમને બન્નેને શાપ આપેલો.[૮] એ બન્નેના ઉલ્લેખો વૈદિક સાહિત્યમાં 'ઋષિદ્વય' ના રૂપમાં પ્રાપ્ત થાય છે.[૯] એ ઉપરાંત, વૈદિક સાહિત્યમાં કેટલાક સ્થળોએ એમના સ્વતંત્ર નિર્દેશો પણ મળી આવે છે.[૧૦]આ બન્ને પુરોહિતોના કારણે જ 'શુક્રામંથિગ્રહ' ગ્રહણ કરવાની પદ્ધતિ પ્રસ્થાપિત થઈ હતી.[૧૧] એમના થકી અસુરોનો પક્ષ હમેશાં અજેય રહેતો હતો. આથી સોમની લાલચ આપીને દેવોએ એમને પોતાને પક્ષે લીધા, પરિણામે અસુરોનો પરાજય થયો. પછીથી

જયારે દેવોએ યજ્ઞનો પ્રારંભ કર્યો ત્યારે એ બન્ને સોમપ્રાપ્તિની આશાથી દેવો પાસે આવ્યા; પરંતુ દેવોએ એમની મશ્કરી કરીને દૂર ભગાડી દીધા.[૧૨]

પુરાણોમાં આ બન્નેને શુક્ર તથા ગોના ચાર પુત્રો માંહેના બે કહ્યા છે. એમના અન્ય બે ભાઈઓના નામો ત્વષ્ટૃ તથા વરત્રિન્ દર્શાવવામાં આવ્યાં છે. અસુરપક્ષને વિજય અપાવવા માટે થઈને શુક્રાચાર્યે આ બન્નેને અસુરોના મુખ્ય ગુરુ બનાવ્યા હતા; પરંતુ દેવોએ એમને સોમની લાલચ આપીને પોતાને પક્ષે કરી લીધા અને એ રીતે અસુરોને પરાજિત કરવાના કાર્યમાં દેવપક્ષ સફળ થયો.[૧૩] અસુરરાજ હિરણ્યકશિપુએ એમને પોતાના પુત્ર પ્રહ્લાદના ગુરુપદે નિયુકત કર્યા હતા પરંતુ એ કાર્ય પણ તેઓ યોગ્ય રીતે કરી શકયા ન હતા.[૧૪]

મત્સ્યપુરાણ તથા પદ્મપુરાણમાં દર્શાવવામાં આવેલા આ બાર દેવાસુરસંગ્રામોમાંથી કેટલાકનાં નામોમાં તફાવત જોવા મળે છે. જેમકે, પદ્મપુરાણમાં 'આડિબક'ના સ્થાને 'આજાવ' તથા 'ધાત્ર'ના સ્થાને 'ધ્વજપાત' નામો આપવામાં આવ્યા છે.[૧૫] આ મહાસંગ્રામોમાં દેવજાતિમાં ઈન્દ્ર, વિષ્ણુ તથા શંકરને પ્રમુખ દર્શાવવામાં આવ્યા છે જયારે મનુષ્ય તથા પિતૃઓને દેવોના મુખ્ય સહાયકો ગણાવ્યા છે. અસુરજાતિના સંઘમાં હિરણ્યકશ્યપુ, હિરણ્યાક્ષ, બલિ, પ્રહ્લાદ, વિરોચન, વૃત્ર, વિપ્રચિત્તિ તથા વૃષ વગેરે મુખ્ય હતા. એમના અનુયાયીઓમાં દાનવ, પિશાચ તથા દૈત્યજ્ઞાતિના લોકો હતા.

આ બધા જ સંગ્રામોનું આધ્યાત્મિક, સાંસ્કૃતિક તેમજ ઐતિહાસિક દષ્ટિએ ઘણું જ મહkવ રહેલું છે. તે પ્રત્યેક કોઈને કોઈ ઐતિહાસિક તથ્યને પ્રસ્તુત કરે છે. આંતરિક કે બાહ્ય પુરાવાઓના આધારે જો તેની સૂક્ષ્મતયા છણાવટ કરવામાં આવે તો તેમાં છૂપાયેલાં ઐતિહાસિક રહસ્યોનું ઉદ્‌ઘાટન થઈ શકે, સાથે સાથે તેમના આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક મૂલ્યોનો પરિચય પણ પ્રાપ્ત કરી શકાય. પુરાણોએ સાચવેલા આ અમૂલ્ય વારસાને આ દષ્ટિએ ઉજાગર (Highlight) કરવાનો અહીં પ્રયત્ન છે.

## ૩:૨, નૃસિંહસંગ્રામ

પુરાણોએ વર્ણવેલા મુખ્ય બાર દેવાસુરસંગ્રામોમાં આ સંગ્રામનો ક્રમ પ્રથમ છે (**प्रथमो नारसिंहस्तु**). આ સંગ્રામનો પ્રતિનાયક દૈત્યરાજ હિરણ્યકશિપુ છે. એને દૈત્યકુળનો આદિપુરુષ માનવામાં આવે છે.[૧૬] દૈત્યજાતિમાં ઉત્પન્ન થઈને ઇન્દ્રપદને પ્રાપ્ત કરનાર ત્રણ દૈત્યોમાં એ પ્રથમ હતો. અન્ય બે, પ્રહ્લાદ અને બલિ હતા.[૧૭] આ ત્રણ દૈત્ય–ઇન્દ્રો પછીથી ઇન્દ્રપદ હમેશાંને માટે દેવોના પક્ષે જતું રહેલું.[૧૮] એ કશ્યપ અને દિતિનો પુત્ર અને હિરણ્યાક્ષનો મોટો ભાઈ થતો હતો.[૧૯] એ બન્ને ભાઈઓ પૂર્વજન્મમાં જય અને વિજય નામના વિષ્ણુના બે પાર્ષદો (દ્વારપાળો) હતા અને સનકાદિ મુનિઓના શાપના કારણે દૈત્યત્વને પામ્યા હતા. આના સંદર્ભે શ્રીમદભાગવતપુરાણમાં એક કથા પ્રાપ્ત થાય છેઃ

**“एकदा ब्रह्मणः पुत्रा विष्णुर्लोकं यदृच्छया ।**
**सनन्दनादयो जग्मुश्चरन्तो भुवनत्रयम् ।।**
**पञ्चषड्ढायनार्भाभाः पूर्वेषामपि पूर्वजाः ।**
**दिग्वाससः शिशून् मत्वा द्वाः स्थौ तान् प्रत्यषेधताम् ।।**
**अशपन् कुपिता एवं युवां वासं न चार्हथः ।**
**रजस्तमोभ्यां रहिते पादमूले मधुद्विषः ।**
**पापिष्ठामासुरीं योनिं बालिशौ यातमाश्वतः ।।**
**एवं शप्तौ स्वभवनात् पतन्तौ तैः कृपालुभिः ।**
**प्रोक्तौ पुनर्जन्मभिर्वा त्रिभिर्लोकाय कल्पताम् ।।**
**जज्ञाते तौ दितेः पुत्रौ दैत्यदानववन्दितौ ।**
**हिरण्यकशिपुर्ज्येष्ठो हिरण्याक्षोऽनुजस्ततः ।।**
**हतो हिरण्यकशिपुर्हरिणा सिंहरूपिणा ।**
**हिरण्याक्षो धरोद्धारे बिभ्रता सौकरं वपुः ।।”**[૨૦]

અર્થાત્, 'એક દિવસ બ્રહ્માના પુત્ર સનન્દાદિ મુનિઓ ત્રણે લોકમાં ફરતા દૈવયોગે વિષ્ણુલોકમાં જઈ ચડયા. મરિચિ વગેરે પૂર્વકાળના ઋષિઓથી પણ પૂર્વે જન્મેલા હોવા છતાં તેઓ નિર્વસ્ત્ર તથા પાંચ કે છ જ વર્ષના જણાતા હતા, એથી એમને બાળકો માનીને બન્ને દ્વારપાળોએ અંદર પ્રવેશતા અટકાવ્યા. આથી, કોપ પામેલા એ કુમારોએ તેમને શાપ આપ્યોઃ "તમે બન્ને રજોગુણ તથા તમોગુણથી રહિત એવા વિષ્ણુ (મધુદ્વિષ)ના ચરણોમાં રહેવાને યોગ્ય નથી, માટે ઓ મુર્ખાઓ! તમે બન્ને અહીંથી જલદી અત્યંત પાપી અસુરજાતિમાં ચાલ્યા જાઓ." આ પ્રમાણે શાપ પામેલા, તેઓ બન્ને પોતાના (વૈકુંઠ) ધામમાંથી નીચે પડવા લાગ્યા, ત્યારે તે દયાળુઓએ ફરી કહ્યુંઃ "તમે બન્ને ત્રણ જન્મો પછી ફરીથી આ લોકમાં આવશો." પછી, એ બન્ને દૈત્યો તથા દાનવોથી વંદાયેલા દિતિના પુત્રો થયા. તેઓમાં મોટો હિરણ્યકશિપુ અને નાનો હિરણ્યાક્ષ હતો. હિરણ્યકશિપુને નૃસિંહરૂપ લઈને અને

હિરણ્યાક્ષને પૃથ્વીના ઉદ્ધાર સમયે વરાહરૂપ લઈને શ્રીહરિએ માર્યો હતો.' જય–વિજય નામના એ બન્ને દ્વારપાળોની કથા શ્રીમદ્ભાગવતપુરાણના તૃતીય સ્કંધના પંદરમા તથા સોળમા અધ્યાયોમાં વિસ્તારથી આપવામાં આવી છે.

આ નારસિંહ મહાસંગ્રામના મૂળમાં હિરણ્યાક્ષનું મૃત્યુ રહેલું છે. અર્થાત્, આ બાર મહાસંગ્રામોમાં તૃતીય ક્રમે દર્શાવવામાં આવેલ 'વારાહસંગ્રામ' ક્રમમાં પાછળ દર્શાવવામાં આવ્યો હોવા છતાં, સમયની દષ્ટિએ આ સંગ્રામથી પૂર્વે લડાયો હોવાનું સિદ્ધ થાય છે. શ્રીમદ્ભાગવતપુરાણના તૃતીય સ્કંધના ૧૭ થી ૧૯ સુધીના અધ્યાયોમાં એ મહાસંગ્રામની વિસ્તૃત વિગતો આપવામાં આવી છે. વરાહમૂર્તિ વિષ્ણુએ પોતાના ભાઈ હિરણ્યાક્ષનો વધ કર્યો, એટલે હિરણ્યકશિપુ રોષ અને શોકથી સંતાપ કરવા લાગ્યો. તે સમયે પ્રતિજ્ઞા કરતાં, ક્રોધથી ઘેરાઈ, હોઠ પીસીને ભયંકર દાઢો, ઉગ્ર દષ્ટિ અને ભ્રૂકુટિયુકત મુખવાળા તેણે ત્રિશૂળ ઉગામી સભામાં દૈત્યોને આ પ્રમાણે કહ્યું: "હે દાનવો! હે દૈત્યો! હે દ્વિમૂર્ધા! હે શંબર! હે શતબાહુ! હે હયગ્રીવ! હે નમુચિ! હે પાક! હે ઇલ્વલ! હે વિપ્રચિત્તિ! હે પુલોમા! અને હે શકુન વગેરે દૈત્યો! તમે મારું વચન સાંભળો, આપણા ક્ષુદ્ર શત્રુઓએ સર્વ તરફ સમાનદષ્ટિવાળા છતાં વિષ્ણુને ભજન વડે પોતાના પક્ષમાં લઈ, તેની પાસે શ્રેષ્ઠ હૃદયવાળા મારા વહાલા ભાઈનો નાશ કરાવ્યો છે. એ રીતે દેવોનો પક્ષ લઈ વિષ્ણુએ બધા પર સમાનભાવરૂપી પોતાનો સ્વભાવ છોડયો છે. તેણે માયાથી વરાહનું રૂપ લીધું હતું. પોતાનું ભજન કરનારને જ તે ભજે છે અને બાળકની પેઠે તેનું મન પણ અસ્થિર છે, માટે તે વિષ્ણુની ડોકને મારા આ ત્રિશૂળથી કાપીને તેના લોહીથી, લોહી જેને પ્રિય હતું એવા મારા ભાઈને તૃપ્ત કરીશ, ત્યારે જ તેના દુઃખથી હું છૂટીશ. કપટી કરણીવાળો વિષ્ણુ નાશ પામશે ત્યારે જેમ વનસ્પતિનાં મૂળ કપાઈ જતાં તેનાં ડાળાં સુકાઈ જાય છે, તેમ વિષ્ણુ જેના પ્રાણ છે એવા દેવતાઓ પોતાની મેળે જ નાશ પામશે."[૨૧]

આ પ્રમાણે, દેવોના ઉત્કર્ષના મૂળ હેતુરૂપ અને પોતાના ભાઈ હિરણ્યાક્ષનો વધ કરનાર વિષ્ણુના વધની તેણે પ્રતિજ્ઞા કરી. હિરણ્યકશિપુના ઉપર્યુકત શબ્દોમાં 'વિષ્ણુ પણ વધ્ય છે' નો ધ્વનિ સંભળાય છે. ઉપરાંત, આ ઘટના વિષ્ણુનું સર્વેશ્વરપણું કે પુરાણોમાં જોવા મળતું મુખ્યદેવપણું હજુ સુધી પ્રસ્થાપિત ન થયું હોવાનું પણ પ્રતિપાદિત કરે છે, જે તેની અતિપ્રાચીનતાને સૂચવે છે. અલબત્ત, આ બાબત વિષ્ણુના સર્વેશ્વરપણાને વિકસાવનારી પણ છે. પરવર્તી કાળમાં વિષ્ણુ  ગૌણ સ્થાનથી ઉપર ઉઠીને મુખ્ય દેવ બની જાય છે. એના એ મહિમાના મૂળમાં રહેલ અને પુરાણોએ વર્ણવેલ  કેટલીક મહત્ત્વની ઘટનાઓમાં આ ઘટના પણ એક છે. હિરણ્યકશિપુએ અહીં જેમને સંબોધન કરેલું છે તે નમુચિ, શંબર વગેરે દૈત્યો પણ વેદ–સંહિતાઓમાં સ્પષ્ટતયા ઉલ્લેખાયેલાં પાત્રો છે, જેનો પરિચય આપણે આ પહેલાના પ્રકરણમાં મેળવ્યો છે. એ બધા મહાપરાક્રમી નેતાઓ હતા. હિરણ્યકશિપુ એ બધાનો નાયક હોવાથી એની મહત્તાનું પણ અહીં

અનુમાન થઈ શકે છે. શંબર એટલો શકિતશાળી હતો કે, તે પોતાની જાતને દેવ જ માનતો હતો. તેના સો કિલ્લાઓને ઈન્દ્ર તથા વિષ્ણુએ ભાંગી નાખ્યા હતા.[૨૨]

પોતાના ભાઈના મૃત્યુનો બદલો લેવા અને વિષ્ણુ સહિત બધા જ દેવોને જીતી લેવા હિરણ્યકશિપુએ અતિ કઠિન તપશ્ચર્યા કરીને બ્રહ્માજી પાસેથી દુષ્પ્રાપ્ય વરદાનો મેળવેલાં, જેના થકી તેણે દેવો સામેના સંગ્રામમાં વિજય મેળવ્યો હતો. તેણે મેળવેલાં વરદાનોનો પૂર્વાપર સંદર્ભ અનેક દષ્ટિએ ઘણો જ મહkત્વનો છે. મત્સ્યપુરાણ પ્રમાણે એ વરદાનો આ પ્રમાણે હતાંઃ

**''न देवासुरगन्धर्वा न यक्षोरगराक्षसाः ।**
**न मानुषाः पिशाचा वा हन्युर्मां देवसत्तम ।।**
**ऋषयो वा न मां शापैः शपेयुः प्रपितामह ।**
**यदि मे भगवान्प्रीतो वर एव वृतो मया ।।**
**न चास्त्रेण न शस्त्रेण गिरिणा पादपेन च ।**
**न शुष्केण न चाऽऽर्द्रेण न दिवा न निशा तथा ।।**
**भवेयमहमेवार्कः सोमो वायुर्हुताशनः ।**
**सलिलं चान्तरिक्षं च नक्षत्राणि दिशो दश ।।**
**अहं क्रोधश्च कामश्च वरुणो वासवो यमः ।**
**धनदश्च धनाध्यक्षो यक्षः किंपुरुषाधिपः ।।''**

અર્થાત્, "હે દેવસત્તમ! દેવતા, અસુર, ગંધર્વ, યક્ષ, સર્પ, રાક્ષસ, મનુષ્ય તથા પિશાચમાંથી કોઈ મને મારી ન શકે. હે પ્રપિતામહ! ઋષિઓ મને શાપ ન આપી શકે. હે ભગવન્! આપ ખરેખર મારા પર પ્રસન્ન થયા હો તો હું આ વરદાન માગું છું કે, મારું મૃત્યુ અસ્ત્ર, શસ્ત્ર, પર્વત તથા વૃક્ષથી કે કોઈ સુકાયેલા અથવા ભીના પદાર્થથી તેમજ દિવસે કે રાત્રે ન થાઓ. હું જ સૂર્ય, ચન્દ્ર, વાયુ, અગ્નિ, જળ, આકાશ, નક્ષત્રો તથા દસેય દિશાઓ બની જાઉં, હું જ ક્રોધ, કામ, વરુણ, ઈન્દ્ર, યમ, કુબેર, યક્ષ તથા કિંપુરુષોનો અધિપતિ થાઉં."[૨૩]

શ્રીમદભાગવતપુરાણમાં આ વરદાનો આ પ્રમાણે વર્ણવ્યાં છેઃ

**'' यदि दास्यस्यभिमतान् वरान्मे वरदोत्तम ।**
**भूतेभ्यस्त्वद्विसृष्टेभ्यो मृत्युर्मा भून्मम प्रभो ।।**
**नान्तर्बहिर्दिवा नक्तमन्यस्मादपि चायुधैः ।**
**न भूमौ नाम्बरे मृत्युर्न नरैर्न मृगैरपि ।।**
**व्यसुभिर्वासुमद्भिर्वा सुरासुरमहोरगैः ।**
**अप्रतिद्वन्द्वतां युद्धे ऐकपत्यं च देहिनाम् ।।**
**सर्वेषां लोकपालानां महिमानं यथात्मनः ।**
**तपोयोगप्रभावाणां यत्र रिष्यति कर्हिचित् ।।''**

અર્થાત્, "હે વર આપનારાઓમાં ઉત્તમ! જો આપ મને ઈચ્છિત વર આપો છો, તો હે પ્રભો! આપે સર્જેલાં કોઈપણ પ્રાણીથી મારું મૃત્યુ ન થાઓ. આપે

ન સર્જેલા પદાર્થથી પણ અંદર, બહાર, દિવસે કે રાતે કોઈપણ હથિયારથી મારું મૃત્યુ ન થાઓ. ભૂમિ ઉપર કે આકાશમાં મનુષ્યથી કે પશુઓથી પ્રાણ વિનાના કે પ્રાણવાળાઓથી અને દેવો, અસુરો અથવા મોટા સર્પોથી પણ મારું મૃત્યુ ન થાઓ. યુદ્ધમાં અપ્રતિપક્ષપણું અને સર્વ પ્રાણીઓનું એકસ્વામીપણું આપ મને આપો. ઉપરાંત, સર્વ લોકપાલોના તથા આપના જેવો મહિમા મને આપો અને તપ તથા યોગના પ્રભાવવાળા પુરુષોનું, જે અણિમાદિ ઐશ્વર્ય કદી નાશ પામતું નથી, તે પણ મને આપો."[૨૪]

બ્રહ્મા પાસેથી પ્રાપ્ત થયેલાં આ વરદાનોને પરિણામે જ દેવજાતિ સિવાયના અન્ય–હિરણ્યકશિપુને સૌ પ્રથમ ઈન્દ્રપદની પ્રાપ્તિ થયેલી. તેને મળેલાં આ વરદાનોનાં મૂળ વેદોમાં પણ જોઈ શકાય છે. મૂળભૂત રીતે આ વરદાનો તેના એક સેનાપતિ નમુચિ (જેને, આ પ્રકરણમાં જ આગળ, વિષ્ણુના વિનાશની પ્રતિજ્ઞા લેતી વખતે હિરણ્યકશિપુ દ્વારા સંબોધવામાં આવેલો છે, તે)ને મળેલાં. મહાભારત પ્રમાણે, નમુચિની વાક્પટુતા તથા વિદ્વતાથી પ્રસન્ન થઈને ઈન્દ્રે તેને વરદાન આપેલું કે, "તું આર્દ્ર કે સુકાં કોઈપણ શસ્ત્રથી મૃત્યુ પામીશ નહીં." પરંતુ પછીથી ઈન્દ્રે જ સમુદ્રના ફેણથી તેનો શિરચ્છેદ કરેલો.[૨૫] તેનો આ પ્રકારનો વધ ઋગ્વેદમાં પણ વર્ણવાયેલો છે.[૨૬] પદ્મપુરાણમાં તેને હિરણ્યકશિપુનો સેનાપતિ કહ્યો છે. તેની સાથેના યુદ્ધમાં ઈન્દ્રે પોતાના ખડ્ગ વડે તેનું મસ્તક કાપીને તેનો વધ કરેલો.[૨૭] મહાભારતમાં તેને કશ્યપ અને દનુનો પુત્ર કહ્યો છે.[૨૮] મત્સ્યપુરાણમાં તેને કશ્યપ અને દનુના પુત્ર વિપ્રચિત્તિ અને હિરણ્યકશિપુની બહેન સિંહિકાનો પુત્ર કહ્યો છે.[૨૯] અર્થાત્, તે હિરણ્યકશિપુનો ભાણેજ થતો હતો. નમુચિ અને હિરણ્યકશિપુની આટલી નિકટતા અને ઉપલબ્ધ માહિતીઓની સેળ– ભેળ કરવાની પુરાણકારોની આદતના પરિણામે, નમુચિના સંદર્ભને હિરણ્યકશિપુની સાથે જોડી દેવામાં આવ્યો હોવાનું કહી શકાય. કેટલાક આધુનિક વિદ્વાનો, આ કારણે જ વેદ–સંહિતાઓમાં ઉલ્લેખાયેલી નમુચિ અને ઈન્દ્રના યુદ્ધની ઘટનામાં હિરણ્યકશિપુ અને નૃસિંહરૂપધારી વિષ્ણુના આ મહાસંગ્રામનાં અર્થાત્, નૃસિંહાવતારનાં મૂળ જૂએ છે.[૩૦]

અન્ય પુરાણોની અપેક્ષાએ મત્સ્યપુરાણમાં આ સંગ્રામની વિસ્તૃત અને કડીબદ્ધ  વિગતો પ્રાપ્ત થાય છે. વિષ્ણુપુરાણમાં માત્ર અછડતો ઉલ્લેખ જ છે,[૩૧] જયારે કે શ્રીમદ્ભાગવતપુરાણમાં તો વિષ્ણુના આ શૌર્યકર્મને અલગ સ્વરૂપમાં જ પ્રસ્તુત કરવામાં આવેલ છે. મત્સ્યપુરાણમાંથી પ્રાપ્ત થતી વિગતોમાં, જો પુરાણોની અતિશયોકિતપૂર્ણ શૈલીને ધ્યાનમાં ન લેવામાં આવે તો પ્રમાણમાં વાસ્તવિકતા વધારે જોવા મળે છે. મત્સ્યપુરાણકારે આ મહાસંગ્રામનું વિગતોથી સભર વર્ણન પ્રસ્તુત કર્યું છે.

વિષ્ણુ પ્રતિ દ્વેષ રાખનારા હિરણ્યકશિપુએ પોતાના સેવકોને આજ્ઞા કરી કે, "તમે બ્રાહ્મણો અને ક્ષત્રિયોથી વધેલી પૃથ્વી પર જાઓ અને ત્યાં તપ, યજ્ઞ, સ્વાધ્યાય, વ્રત તથા કરનારાઓનો નાશ કરો. જયાં જયાં બ્રાહ્મણો, ગાયો, વેદો

વર્ણો, આશ્રમો તથા યજ્ઞયાગાદિ ક્રિયાઓ હોય, તે તે દેશને સળગાવી નાખો અને વૃક્ષોને કાપી નાખો."[૩૨] તેના સેવકો પણ તેની આજ્ઞા આદરપૂર્વક મસ્તકથી સ્વીકારીને પ્રજાઓની હિંસા કરવા લાગ્યા. તેઓએ નગરો, ગામડાં, નેસડાં, બગીચા, ખેતરો, વાડીઓ, આશ્રમો, રત્નાદિની ખાણો, ખેડૂતોનાં રહેઠાણો, પહાડી ગામો, ભરવાડોનાં સ્થાનો તથા રાજધાનીઓને બાળી નાખ્યાં. કેટલાક દાનવોએ ખોદવાનાં સાધનોથી પુલોને, કિલ્લાઓને તથા દરવાજાઓને ખોદી નાખ્યા. કેટલાકે ફરશીઓ હાથમાં લઈ આજીવિકાનાં સાધન–વૃક્ષોને કાપી નાખ્યાં અને બીજાઓએ બળતાં ઉંબાડિયાઓથી પ્રજાઓનાં ઘરો બાળી નાખ્યાં.[૩૩]

મતસ્યપુરાણ નોંધે છે કે,–

**"लब्धमात्रे वरे चाथ सर्वाः सोऽबाधत प्रजाः ।**
**हिरण्यकशिपुर्दैत्यो वरदानेन दर्पितः ।।"**[૩૪]

વરદાનોના પ્રભાવથી મદાન્વિત બનેલા હિરણ્યકશિપુએ પ્રજાઓને અનેક પ્રકારના કષ્ટો આપવા શરૂ કર્યા. વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે,–

**"दितेः पुत्रो महावीर्यो हिरण्यकशिपुः पुरा ।**
**त्रैलोक्यं वशमानिन्ये ब्रह्मणो वरदर्पितः ।।"**[૩૫]

તે દૈત્યે બ્રહ્માના વરદાનથી ગર્વયુકત બનીને ત્રિલોકને વશ કરી લીધા. તેણે આશ્રમોમાં રહીને ઉત્તમ વ્રતોનું આચરણ કરતાં અને સત્ય તથા ધર્મની સેવામાં તત્પર મહાપુણ્યશાળી, ત્યાગી મુનિઓને અત્યંત અપમાનિત કર્યા અને ત્રિભુવનમાં વાસ કરનારા દેવતાઓને પરાજિત કરીને ત્રણેય લોકોને પોતાના વશમાં કરી લઈને સ્વર્ગલોકમાં રહેવા લાગ્યો. કાળથી પ્રેરાયેલા તેણે દૈત્યોને યજ્ઞભાગના અધિકારી બનાવી દીધા અને દેવતાઓને તેમાંથી બહિષ્કૃત કરી દીધા.[૩૬] તેના ત્રાસથી દેવતાઓ સ્વર્ગને છોડીને તથા મનુષ્યરૂપ ધારણ કરીને વનોમાં વિચરણ કરવા લાગ્યા.[૩૭] આથી, સૂર્ય, સાધ્ય, વિશ્વેદેવ, વસુ તથા ઈન્દ્ર સહિત સમસ્ત દેવગણ, યક્ષો, સિદ્ધો તથા મહર્ષિઓ શરણાગત વત્સલ ભગવાન વિષ્ણુ પાસે ગયા, ત્યારે વિષ્ણુએ એ દેવોને આશ્વાસન આપતાં કહ્યું કે,–

**" भयं त्यजध्वममरा अभयं वो ददाम्यहम् ।**
**तथैव त्रिदिवं देवाः प्रतिपद्यत मा चिरम् ।।**
**एषोऽहं सगणं दैत्यं वरदानेन दर्पितम् ।**
**अवध्यममरेन्द्राणां दानवेन्द्रं निहन्म्यहम् ।।"**

અર્થાત્, "હે દેવો! ભયનો ત્યાગ કરો. હું તમોને અભયદાન આપું છું. તમે શીઘ્ર જ સ્વર્ગની પુનઃ પ્રાપ્તિ કરશો. હું વરદાનથી ઉન્મત્ત બનેલ અને દેવતાઓના સ્વામીઓ દ્વારા અવધ્ય એ દાનવરાજને સૈન્ય સહિત હણીશ."[૩૮]

આ પ્રમાણે, દેવતાઓને આશ્વાસન આપીને વિદાય કર્યા પછી, વિષ્ણુએ મનમાં હિરણ્યકશિપુના વધનો સંકલ્પ કર્યો. તેમણે પોતાની સહાય માટે ૐકારનું ગ્રહણ કર્યું અને હિરણ્યકશિપુના નિવાસસ્થાન તરફ પ્રયાણ કર્યું. આ

સમયે તેમણે અર્ધું શરીર મનુષ્યનું અને અર્ધું શરીર સિંહનું ધારણ કર્યું હતું.[૩૯] વિષ્ણુના આ અદ્‌ભુત સ્વરૂપ વિશે મત્સ્યપુરાણમાં આટલી સંક્ષિપ્ત માહિતી જ મળે છે. પરંતુ શ્રીમદ્‌ભાગવતપુરાણમાં તેનાં વિશે વિસ્તૃત વર્ણન મળી આવે છે. તદનુસાર, આ નૃસિંહનું પ્રાગટ્ય+સ્તંભમાંથી થાય છે. થાંભલાની વચ્ચેથી નીકળતા એ પ્રાણીને જોઈને હિરણ્યકશિપુએ વિચાર કર્યોઃ "અહો! આ વિચિત્ર પ્રાણી કયું છે? આ પશુ નથી તેમ મનુષ્ય પણ નથી, આ તો મનુષ્ય અને સિંહનું મિશ્ર (નૃસિંહ) રૂપ છે.!"[૪૦] તે દૈત્ય આવો વિચાર કરતો હતો, તેવામાં તો એ નૃસિંહરૂપ (ભગવાન) તેની આગળ આવી ઊભા રહ્યા. એમનું એ નૃસિંહ–સ્વરૂપ ઘણું જ ભયંકર હતું; તેનાં નેત્રો તપેલા સુવર્ણ જેવા ઉગ્ર હતાં; ચળકતી જટા અને કેશવાળીને લીધે મુખ પ્રચંડ જણાતું હતું, દાઢો વિકરાળ હતી; જીભ તલવાર જેવી ચંચળ અને અસ્ત્રાની ધાર જેવી તીક્ષ્ણ હતી; મુખ ભ્રૂકુટિથી ભયંકર હતું, કાન સ્થિર અને ઊંચા હતા. મુખ અને નાક પર્વતની ગુફા પેઠે અદ્‌ભુત અને ફાડેલાં હતાં; તેનાં ગલોફાં ફાટેલાં હતાં અને તેથી તેના મુખનો વિસ્તાર છેક કાન સુધી પહોંચેલો હોઈ, તેનો દેખાવ ભયંકર જણાતો હતો. શરીર છેક આકાશ સુધી પહોંચ્યું હતું. ડોક ટૂંકી અને પુષ્ટ હતી; છાતી વિશાળ હતી; કેડ પાતળી હતી; શરીર ઉપર ચંદ્રના કિરણ જેવાં રૂંવાડાં છવાયાં હતાં; સેંકડો હાથ સર્વ દિશાઓમાં ફેલાયેલા હતા; નખ એ જ તેનાં આયુધ હતાં; તેની પાસે કોઈ જઈ શકતું ન હતું અને તે સ્વરૂપે પોતાનાં ઉત્તમ ચક્ર વગેરે આયુધોથી તથા બીજાં વજ્ર વગેરે આયુધોથી દૈત્ય અને દાનવોને નસાડી મૂક્યા હતા.[૪૧]

હવે શરૂ થાય છે, આ પ્રસિદ્ધ નારસિંહ મહાસંગ્રામ. શ્રીમદ્–ભાગવતપુરાણમાં આ સંગ્રામ માત્ર છ જ શ્લોકો (૭/૮/૨૪–૨૯)માં હિરણ્યકશિપુ અને નૃસિંહરૂપધારી ભગવાન વિષ્ણુની વચ્ચે થતો વર્ણવાયો છે. હિરણ્યકશિપુના સેવકો સાથેના યુદ્ધને તો ભાગવતકાર માત્ર એક જ શ્લોકમાં આ પ્રમાણે વર્ણવી દે છેઃ

**"नखाङ्कुरोत्पाटितहृत्सरोरुहं विसृज्य तस्यानुचरानुदायुधान् ।**
**अहन् समन्तान्नखशस्त्रपार्ष्णिभिर्दोर्दण्डयूथोऽनुपथान् सहस्रशः ।।"**[૪૨]

અર્થાત્, "નખરૂપી અંકુરોથી જેનું હૃદયકમળ ચીરી નાખ્યું હતું, એવા તે દૈત્યને ફેંકી દઈને અનેક બાહુઓવાળા તે (ભગવાન) દૈત્યના ઉગામેલા આયુધો–વાળા હજારો સેવકોને પોતાના નખો, શસ્ત્રો તથા પગની પાનીઓ વડે ચોતરફથી મારવા લાગ્યા."

પરંતુ મત્સ્યપુરાણકાર આ મહાસંગ્રામનું વિસ્તૃત વર્ણન કરે છે. નૃસિંહરૂપધારી વિષ્ણુ જ્યારે હિરણ્યકશિપુના નિવાસસ્થાન તરફ જાય છે ત્યારે તે તેની એક મહાન, દિવ્ય, ભવ્ય, અતિ વિસ્તરવાળી, અતિ રમણીય, મનને હરી લેનારી, તમામ પ્રકારની અભિલાષાઓથી યુકત અને શુભ મહાસભા અને તે સભાની વચ્ચે દબદબાપૂર્વક બેઠેલા હિરણ્યકશિપુને જૂએ છે. મત્સ્યપુરાણકાર

હિરણ્યકશિપુનો દબદબો અને સભાની ભવ્યતાનું સુંદર અને વિસ્તૃત વર્ણન એકાવન શ્લોકોમાં કરે છે.[43] આ વર્ણનથી, જો હિરણ્યકશિપુના દુષ્કર્મોને થોડીવાર વિસારે પાડી દેવામાં આવે તો, ઈન્દ્ર કરતાં જરાં પણ ઉતરતાં નહીં, એવા એક મહાન રાજવીનું ઓજસ્પૂર્ણ ચિત્ર આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. તેના દૈત્યત્વ પ્રત્યેની કટુતા જેટલી અન્ય પરવર્તી પુરાણકારોમાં જોવા મળે છે, તેટલી મત્સ્યપુરાણકારમાં જોવા મળતી નથી. તે મહદંશે હિરણ્યકશિપુને એક મહામાનવના રૂપમાં જ પ્રસ્તુત કરે છે. મત્સ્યપુરાણકારે કરેલું, તેની સભાનું ભવ્ય, દિવ્ય, સુંદર અને ઉદાત્ત વર્ણન, તેના શૌર્ય, ધૈર્ય, પ્રાજ્ઞતા, રસીકતા વગેરે ગુણોની વ્યંજના કરે છે. મહાભારતમાં વ્યાસે કરેલા, યુધિષ્ઠિરની સભાના વર્ણન કરતાં પણ કેટલીક બાબતોમાં આ વર્ણન ચડિયાતું સિદ્ધ થાય છે. નૃસિંહ ભગવાને જોયેલી હિરણ્ય–કશિપુની સભા કેવી હતી, તેનું વર્ણન મત્સ્યપુરાણકાર આ પ્રમાણે કરે છેઃ

"તે સભા, આકાશમધ્યે સો યોજન લાંબી અને પાંચ યોજન પહોળી, તમામ મનોરથોને પૂર્ણ કરનારી, વૃદ્ધત્વ, શોક અને કષ્ટોથી રહિત, ધૈર્યશીલ(**निष्प्रकम्पा**), કલ્યાણદાયિની, સુખકારી, સુંદર ભવન તથા અટારીઓથી યુકત(**वेश्महर्म्यवतीं रम्यां**), તેજથી દેદીપ્યમાન(**ज्वलन्तीमिव तेजसा**), વિશ્વકર્માએ બનાવેલી, દિવ્ય રત્નોથી યુકત ફળો તથા પુષ્પો આપનારાં વૃક્ષોથી સુશોભિત, સેંકડો વાદળી, પીળાં શ્વેત, શ્યામ તથા લાલ પુષ્પગુચ્છો અને મંજરીઓથી યુકત લતાઓથી શોભતી, શ્વેત વાદળાંઓની જેમ જાણે કે, જળથી સ્નાન કરતી હોય, તેવી લાગતી હતી(**सिताभ्रघनसंकाशा प्लवन्तीव व्यदृश्यत**). પ્રસ્ફૂટિત થતાં કિરણોથી ચમકતી, દિવ્ય સુગંધિઓથી મનોરમ, અતિશય આનંદ આપનારી, સુખ આપનારી અને દુઃખ ન આપનારી(**सुसुखा न च दुःखा**), અતિ શીતળતા કે અધિક ગરમીથી રહિત, તેમાં સ્થિત લોકોને ભૂખ, તરસ કે ગ્લાનિનો અનુભવ થતો ન હતો, રંગબેરંગી ચમકીલા પદાર્થોથી શોભતી, સ્તંભોના આધાર વગરની, તેની અનુપમ છટા સદાય ઝાંખી ન પડનારી અને ટકાઉ હતી; તે સભા ચન્દ્રમા, સૂર્ય તથા અગ્નિ કરતાં પણ વધારે તેજસ્વી અને સ્વયં પ્રકાશિત હતી; સ્વર્ગના પૃષ્ઠભાગમાં રહેલી અને પ્રકાશ ફેલાવતી, તે સૂર્યની જેમ દેદીપ્યમાન થતી હતી; દેવતાઓ કે મનુષ્યોનીની સાથે સંબદ્ધ તમામ મનોરથો, તેમાં પ્રચુરમાત્રામાં વિદ્યમાન હતા(**सर्वे च कामाः प्रचुरा ये दिव्या ये च मानुषाः**); ષડ્રસોથી યુકત વિવિધ પ્રકારના ભક્ષ્ય–ભોજ્યાદિ પદાર્થો, તેમાં કયારેય ખૂટતા ન હતા; તેમાં સજાવવામાં આવેલી પુષ્પમાળાઓ અતિઘટ્ટ, સુગંધદાર અને કયારેય ન કરમાનારી હતી, ત્યાંનાં વૃક્ષો સદાય પુષ્પો અને ફળોથી લદાયેલાં રહેતાં હતાં, ત્યાં ગરમીની ઋતુમાં શીતળ અને ઠંડી ઋતુમાં ગરમ જળ રહેતું હતું (**उष्णे शीतानि तोयानि शीते चोष्णानि सन्ति स्म**); તેમાં નદીઓ તથા તળાવોના કિનારે કોમળ પર્ણો તથા અંકુરોથી યુકત લતામંડપોથી ઢંકાયેલાં અને ફૂટેલી લાંબી ડાળીઓવાળાં તથા સુગંધી પુષ્પો તથા રસદાર ફળોથી લદાયેલાં અનેક પ્રકારનાં વૃક્ષોને, તે પ્રભુ નૃસિંહે જોયાં (**वृक्षान्बहुविधांस्तत्र मृगेन्द्रो**

**ददृशे प्रभुः**). ત્યાંના તળાવ પણ ન તો અત્યંત શીતલ કે ન અતિગરમ જળવાળાં હતાં. તેમાં સુગંધી નલિન, પુડરીક, શતપત્ર, પદ્મ, નીલકમલ તથા કુમુદ ખીલેલાં હતાં. હિરણ્યકશ્યપુની (તે) સભામાં ભગવાને (નૃસિંહે) બધાં જ તીર્થોને ઉપસ્થિત જોયાં(**अपश्यत्सर्वतीर्थानि सभायां तस्य स प्रभुः**).

અત્યંત સુંદર ધાર્તરાષ્ટ્ર, દર્શનીય રાજહંસ, કારણ્ડવ, સારસ, કુરર વગેરે સ્વચ્છ સ્ફટિકની શિલાઓના જેવી શુભ્ર તથા પીળા રંગની પાંખોવાળાં પક્ષીઓથી ત્યાંનાં સરોવરો શોભતાં હતાં. તે (સરોવરો) માં અનેક પ્રકારના હંસો તથા સારસોનો કલરવ સતત થતો હતો. તે (નૃસિંહ) ભગવાને પર્વતના અગ્રભાગ પર સુગંધી, મનોહારિણી, મોટી મોટી મંજરીઓને ધારણ કરનારી તથા અનેક પ્રકારના રંગબેરંગી પુષ્પોથી લદાયેલી લતાઓને જોઈ. કેતકી, અશોક, સરલ, પુન્નાગ, તિલક, અર્જુન, આમ્ર, કદમ્બ, પ્રસ્થપુષ્પ, બકુલ, ધવ, પ્રિયંગુ, પાટલ, સાલ, તાલ, તમાલ તથા મનોહર ચંપક (**सालास्तालास्तमालाश्च चम्काश्च मनोरमाः**), ચિત્રક, વરુણ, વત્સનાભ, ચંદન, ફણસ, લીંબડો, પીપળો, તિન્દુક, પારિજાત, લોધ્ર, મલ્લિકા, મદ્રદારુ, આંબલી, જાંબુ, વડલો, શૈલવાલુક, ખજુર, નાળિયેર, હરડે, વિભીતક, કાલીયક, દ્રુકાલ, હિંગુ, પારિયાત્રક, મન્દાર, કુન્દ, લકત, પતંગ, કુટજ, લાલ કુર્ટક, અંગુર, દાડમ, બિજોરું, છિતવાન, બિલી, સપ્તપર્ણી, મહુડો વગેરે અનેક પ્રકારના જંગલોમાં થનારાં અન્ય પુષ્પોથી લદાયેલાં વૃક્ષો તે સભામાં શોભતાં હતાં (**तथैवान्ये व्यराजन्त सभायां पुष्पिता द्रुमाः**). ત્યાં (તે વૃક્ષો પર) અત્યંત પ્રસન્ન થઈને જીવજીવક (Love-Bird) પક્ષીઓનાં યુગલો બેઠાં હતાં. ચકોર, કોયલ, શતપત્ર, મેના, મયૂર તથા લાલ, પીળા અને લોહિત વર્ણનાં અનેક પક્ષીઓથી તે વૃક્ષોની ડાળીઓ શોભતી હતી.

આ સભામાં બેઠેલો દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુ, તે સમયે, અનેક વિચિત્ર વસ્ત્રાભૂષણોથી શોભતો હતો. તે હજારો સ્ત્રીઓથી ઘેરાયેલો હતો, તેનાં આભૂષણો તથા વસ્ત્રોની શોભા નિરાળી હતી, અતિ મૂલ્યવાન મણિઓ અને રત્નોની કાંતિથી તેનાં કુંડળો શોભતાં હતાં, તેનું સિંહાસન દસ નલ્વ (એક નલ્વ એટલે ચારસો હસ્ત),[૪૪] સૂર્યના જેવું અતિ દિવ્ય વસ્ત્ર જેના પર બિછાવેલું હતું, તે (આસન) પર ઉજ્જ્વલ કુંડળોવાળો, (તે) દૈત્ય હિરણ્યકશિપુ બેઠો હતો(**हिरण्यकशिपु– दैत्य आस्ते ज्वलितकुण्डलः**)અત્યંત સુખકારી તથા સુગંધિત વાયુ વહેતો હતો. હજારો સેવકોનો સમૂહ તેની સેવામાં લાગેલો હતો. મુખ્ય—મુખ્ય ગંધર્વનો સમૂહ મનોહર તાલ તથા લયથી ગીત ગાઈ રહ્યો હતો. વિશ્વાચી, સહજન્યા, પ્રમલોચા, સૌરમેયી, સમિચી, પુંજકસ્થલી, મિશ્રકેશી, રમ્યા, ચિત્રલેખા, ચારુકેશી, મેનકા, ઉર્વશી તથા અન્ય હજારો સ્વર્ગલોકની નામાંકિત અને નિપુણ અપ્સરાઓ તે પ્રભાવશાળી અસુરપતિની સેવામાં ઉપસ્થિત હતી. સભાની વચ્ચે આસન પર બેઠેલા અદ્ભુત પરાક્રમવાળા તે મહાબાહુ હિરણ્યકશિપુની પરિચર્યામાં દિતિના પુત્રો કે, જે તમામ વિવિધ વરદાનો મેળવી ચૂકેલા હતા, તે હજારો દૈત્યોનો સમૂહ

તત્પર હતો. બલિ, વિરોચન, નરક, પૃથ્વીપુત્ર, પ્રહ્લાદ, વિપ્રચિતિ, ગવિષ્ઠ, સુનામા, પ્રમતિ, સુમતિ, ઘટોદર, મહાપાર્શ્વ, કુથન, પિઠર, વિશ્વરૂપ, સુરૂપ, સ્વબલ, દશગ્રીવ, વાલિ, મેઘવાસા, ઘટમુખ, અકંપન, પ્રજન, ઈન્દ્રતાપનાદિ અસુર ગણ ત્યા સદાય ઉપસ્થિત રહિને તેની સેવામાં તત્પર હતા. બધા જ દૈત્યો તથા દાનવોનો સમૂહ ઉજ્જ્વલ કુંડળો તથા સુંદર માળાઓથી શોભતા હતા, તે બધા જ વાક્પટુ તથા સર્વદા વ્રતમાં પરાયણ રહેનારા હતા, તે બધા જ શુરવીરો વરદાનો પ્રાપ્ત કરીને મૃત્યુથી પર થઈ ગયા હતા.(**सर्वे लब्धवराः शूराः सर्वे विगतमृत्यवः**) આ ઉપરાંત પણ અનેક દૈત્યો, તે મહાત્મા હિરણ્યકશિપુની ઉપાસના કરતા હતા(**उपासन्ति महात्मानं सर्वे दिव्यपरिच्छदाः**). દિવ્ય વસ્ત્રોથી સુશોભિત બનીને, ઈન્દ્ર સમાન શરીરવાળા, વિચિત્ર પ્રકારનાં કેયૂરોથી સુશોભિત બાહુઓવાળા, આભૂષણોથી ભૂષિત દિતિના પુત્રોનો સમૂહ ચારેબાજુથી તે(હિરણ્યકશિપુ)નું રક્ષણ કરતા હતા. તે દિવ્ય સભામાં પર્વતોના જેવી ભીષણ આકૃતિવાળા દૈત્યો, સુવર્ણના જેવાં કાંતિમાન શરીરોથી સૂર્યની જેમ શોભતા હતા. તે દૈત્યસિંહ મહાત્મા હિરણ્યકશિપુના જેવું ઐશ્વર્ય ન તો કયાંય સાંભળવામાં આવેલું કે ન તો જોવાયેલું, તેવું હતું(**न श्रुतं नैव दृष्टं हि हिरण्यकशिपोर्यथा । ऐश्वर्यं दैत्यसिंहस्य यथा तस्य महात्मनः ।।**). તે સભામાં સુવર્ણ તથા ચાંદીથી બનેલી રંગબેરંગી વેદી પર વિવિધ રત્નોથી જડેલી વીથિકાઓ વિચિત્ર રત્નોથી યુકત ઝરોખાઓથી શોભતી હતી. સૂર્યની કાંતિના જેવા તેજોમય, સુંદર સુવર્ણની બનેલી માળાઓથી સુશોભિત, સેવામાં તત્પર હજારો–હજારો દૈત્યોથી સેવાતા, તે દિતિના પુત્ર(હિરણ્યકશિપુ)ને, (તે સભામાં) તે મૃગાધિપે (ભગવાન નૃસિંહે) જોયો(**कनकविमलहारभूषिताङ्गं दितितनयं स मृगाधिपो ददर्श**). આ સભાવર્ણનથી મત્સ્યપુરાણકાર પરાભવપૂર્વેનો પ્રતિનાયકનો ઉત્કર્ષ વર્ણવે છે. આ પ્રકારના વર્ણન દ્વારા નાયકના વિજયને વધારે ભવ્ય અને મહાન સિદ્ધ કરી શકાય છે.

સુવર્ણના પવર્તના જેવા શોભતા અને અપૂર્વ શરીરધારી ભગવાન વિષ્ણુને સભા સમક્ષ ઉપસ્થિત થયેલા, તે દૈત્યે પોતાના પુત્ર પ્રહ્લાદ તથા અન્ય તમામ દૈત્યો, દાનવો તથા અસુરોની સાથે જોયા, એ સમયે પ્રહ્લાદ પોતાના પિતાને કહે છે કે,–

**“ महाबाहो महाराज दैत्यानामादिसम्भव ।**
**न श्रुतं न च नो दृष्टं नारसिंहमिदं वपुः ।।**
**अव्यक्तप्रभवं दिव्यं किमिदं रूपमागतम् ।**
**दैत्यान्तकरणं घोरं संशतीव मनो मम ।।”**[૪૫]

અર્થાત્, હે મહાબાહુ મહારાજ ! દૈત્યોના મૂળપુરુષ ! આવું 'નારસિંહ રૂપ' મેં, આ પહેલા કયારેય જોયું પણ નથી અને સાંભળ્યું પણ નથી. અવ્યકત ઉત્પત્તિ અને દિવ્ય સ્વરૂપવાળું આ કોણ અહીં આવ્યું છે. મારા મનમાં સંદેહ થઈ રહ્યો છે કે, (આ સ્વરૂપ) દૈત્યોનો અંત કરનારું છે."

અહીં, પોતાના પિતાને પ્રાપ્ત થયેલાં વરદાનોને યાદ કરીને પ્રહ્લાદનું મન, તે(હિરણ્યકશિપુ)ના અંત વિશેની શંકા કરી રહ્યું છે. એ સ્વરૂપની પાછળ રહેલા ભેદનો અહેસાસ તેનું મન પામી જાય છે. પ્રહ્લાદનાં આવાં વચનોને સાંભળીને તે પ્રભાવશાળી હિરણ્યકશિપુએ તમામ દાનવો તથા તેના ગણોને કહ્યું કે, "(તમે બધા) આ અપૂર્વ શરીરધારી મૃગેન્દ્રને પકડો અને (પકડાવામાં) જો કોઈ સંદેહ લાગે તો આ વન્યપશુનો વધ કરો."[૪૬]

હિરણ્યકશિપુની આજ્ઞાથી હર્ષિત થઈને તે બધાએ, મૃગેન્દ્રરૂપધારી તે ભગવાન વિષ્ણુ પર વિવિધ અસ્ત્રોનો પ્રયોગ કર્યો અને પોતપોતાના પરાક્રમથી તેને કષ્ટ પહોંચાડવાનો પ્રયત્ન કર્યો; પરંતુ તે મહાબલવાન નૃસિંહે મુખ ફાડેલા કાળના જેવી સિંહગર્જના કરીને, તે સભાનો ભંગ કર્યો. આથી, વ્યાકુળ બનેલા હિરણ્યકશિપુએ તે નૃસિંહ પર પોતાના અસ્ત્રોનો પ્રહાર કર્યો.

નૃસિંહ અને હિરણ્યકશિપુ વચ્ચેના આ 'નારસિંહસંગ્રામ'નું વર્ણન મત્સ્યપુરાણકાર આ પ્રમાણે કરે છેઃ

"હિરણ્યકશિપુએ બધા પ્રકારના શસ્ત્રોમાં શ્રેષ્ઠ અત્યંત દારુણ દંડ, ઘોર કાલચક્ર, શ્રેષ્ઠ વિષ્ણુચક્ર, ત્રણેયલોકોને સળગાવી નાખનારાં અત્યંત ઉગ્ર બ્રહ્માસ્ત્ર, વિચિત્ર વજ્ર, પુનઃ આર્દ્ર અને શુષ્ક એવા બે વજ્રો, અત્યંત ભયાનક અને રૌદ્ર શૂલ, કંકાલ તથા મૂસળ, મોહન, શોષણ, સંતાપન, વિલાપન, વાયવ્ય, મથન, કપાલ, કૈકર, ક્રૌંચ, બ્રહ્મશિર, કમ્પન, શાતન, ત્વાષ્ટ્ર, સુભૈરવ, સંવર્તન, અસિરત્ન, નન્દક, પ્રસ્વાપન, પ્રમથન વગેરે નામના અસ્ત્રોનો નૃસિંહ પર પ્રયોગ કર્યો. ઉપરાંત, તેણે કયારેય વિફલ ન જનારી શકિત, અત્યંત ક્ષુબ્ધ કરનાર કાલમુદ્ગર, મહાપરાક્રમ દેખાડનાર તપનાસ્ત્ર, શ્રેષ્ઠ માયાધરને પ્રિય એવું ગાંધર્વાસ્ત્ર, અતિ શ્રેષ્ઠ વારુણાસ્ત્ર, વિખ્યાત પાશુપતાસ્ત્ર, જેની ગતિ કયારેય રોકી શકાતી નથી, તે હયશિરા નામનું અસ્ત્ર, નારાયણ, ઐન્દ્ર તથા સાર્પ નામનાં અદ્ભુત અસ્ત્રો, કયારેય વિફલ ન જનારાં પૈશાચ, શામન, શોષદ અને અતિ વિક્રમી ભાવન, પ્રસ્થાપન તથા વિકમ્પન નામનાં અસ્ત્રોને હિરણ્યકશિપુએ ભગવાન નૃસિંહ પર એવી રીતે છોડયાં જેવી રીતે સળગતાં અગ્નિ ઉપર આહુતિ છોડવામાં આવે છે. અસ્ત્રોથી પ્રકાશમાન થતાં નૃસિંહ ભગવાનને, તે અસુરનાયક હિરણ્યકશિપુએ અસ્ત્રોથી એવી રીતે આવૃત્ત કરી દીધા હતા જેવી રીતે ગ્રીષ્મઋતુમાં સૂર્ય હિમાલયને પોતાનાં કિરણો વડે આવૃત્ત કરે છે.

ભગવાનના અમર્ષ રૂપી વાયુ વડે તપાવવામાં આવેલું દૈત્યનું સૈન્ય ક્ષણભર માટે મૈનાક પર્વતને ડૂબાડીને ક્ષુબ્ધ થઈ જનાર સમુદ્રની જેમ ક્ષુબ્ધ થઈ ગયું હતું. ત્યારપછી ભાલા, ફાંસી, તલવાર, ગદા, મૂસળ, વજ્ર, અગ્નિ સહિત અશનિ, મોટાં મોટાં વૃક્ષો, મુદ્ગર, ભિન્દિપાલ, શિલાઓ, ઉલૂખલ, પર્વત, સળગતી તોપો તથા દંડોથી યુદ્ધ થવા લાગ્યું. ઇન્દ્રની જેમ વજ્ર અને અશનિને ધારણ કરતો, હાથમાં ફાંસી લઈને, ચારેબાજુથી પ્રહાર કરવાને માટે ઉપર ઉઠાવેલા હાથવાળો તે

દાનવગણ, તે યુદ્ધભૂમિમાં ત્રણ મસ્તકોવાળા નાગપાશના જેવો દષ્ટિગોચર થતો હતો. તે બધા જ સુવર્ણથી બનેલી માળાઓથી અને પીળાં રેશમી વસ્ત્રોથી વિભૂષિત અંગોવાળા હતા. તે સમયે, તે બધા મોતીઓથી સુશોભિત વિશાળ પાંખોવાળા હંસોની જેમ શોભતા હતા. કેયૂર તથા વલયથી સુશોભિત, ઉત્કટ પરાક્રમશાલી અને વાયુના જેવા તેજસ્વી, તે દાનવોનાં મસ્તકો ચારેબાજુથી પ્રાતઃકાલીન સૂર્યનાં કિરણો સમાન કાન્તિમાન્ લાગતાં હતાં. ચારેબાજુથી પડતાં, દેદીપ્યમાન, અતિશય પ્રભાવશાલી, મહાન અસ્ત્રોના સમૂહો તથા મહાબલવાન રાક્ષસોથી ઘેરાયેલા નૃસિંહ ભગવાન, તે સમયે, એવી રીતે શોભાયમાન થતાં હતાં, જેવી રીતે નિરંતર વરસનારાં વાદળાં તથા ઘટાદાર વૃક્ષો દ્વારા કરવામાં આવેલા ઘોર અંધકારથી યુકત ગુફાઓવાળો પર્વત. એ મહાન અસ્ત્રોનો સમૂહ અને મહાબળવાન અસુરો વડે પ્રહાર કરવામાં આવેલ હોવા છતાં પણ, પ્રતાપશાળી ભગવાન નૃસિંહ, પ્રકૃતિથી જ ગંભીર હિમાલય પર્વત—ની જેમ રણભૂમિમાં વિચલિત ન થયા; પરંતુ અગ્નિના જેવા ઉગ્ર સ્વરૂપવાળા ભગવાન નૃસિંહથી ડરાવવામાં આવેલા, તે દૈત્યો, પ્રબળ વાયુની થપાટો વડે ક્ષુબ્ધ થનારા સમુદ્ર પર જેમ લહેરો દોડવા લાગે છે, તેમ વિચલિત થઈને ભાગવા લાગ્યા.

એ રણભૂમિમાં કેટલાક દાનવો ખરના આકારવાળા હતા, કેટલાકનાં મુખ ખર, મગર તથા સર્પના જેવાં હતાં, તો કેટલાકનાં મુખ મૃગ તથા શૂકરનાં જેવાં હતાં. કેટલાક પ્રાતઃકાલીન સૂર્યના જેવાં મુખવાળા હતા તો અન્ય અગ્નિસમાન મુખવાળા હતા. કેટલાક અર્ધચન્દ્રના જેવા મુખવાળા હતા તો કેટલાક પ્રજ્જ્વલિત અગ્નિના જેવા મુખવાળા હતા. કેટલાક હંસ તથા મરઘાંના જેવા મુખવાળા હતા તો કેટલાક કાગડા તથા ગીધનાં જેવાં મુખવાળા હતા. સિંહના જેવા ભયાનક મુખવાળા કેટલાક કોઈકને ખાઈ જવાની તાકમાં હતા. કેટલાક બે જીભવાળા, કેટલાક વક્ર મસ્તક અને ઉલ્કા તથા મહાગ્રાહના જેવા મુખવાળા અને ગર્વીલા હતા; પરંતુ યુદ્ધભૂમિમાં એ અસુરો વડે કરવામાં આવેલ બાણોની વૃષ્ટિઓથી પર્વત સમાન દઢ શરીરવાળા અને અવધ્ય ભગવાન નૃસિંહના દેહમાં જરાં પણ વ્યથા ન થઈ. ક્રોધિત થયેલા અને ફૂંફાડા મારતાં સર્પોના જેવા એ શ્રેષ્ઠ દાનવોએ એ જ રીતે ફરીથી અન્ય ઘોર અસ્ત્રો તેમની ઉપર ફેંક્યા; પરંતુ જયારે દાનવો દ્વારા છોડવામાં આવેલાં અત્યંત કઠોર બાણ, પર્વતમાં જેમ પતંગિયાં (ખદ્યોત) અદશ્ય થઈ જાય તેમ આકાશમાં જ પ્રકાશિત થઈને વિલીન થઈ ગયાં ત્યારે અત્યંત ક્રોધથી અભિભૂત થયેલા એ દાનવોએ ચારેબાજુથી અગ્નિની જેમ સળગતાં અને દિવ્ય પ્રભાવવાળાં ચક્રો, નૃસિંહ ઉપર છોડ્યાં. અહીં—તહીં ઉડતાં એ ચક્રોથી સમસ્ત આકાશમંડળ પ્રલયકાળ અહીં—તહીં ભ્રમણ કરતાં પ્રકાશમાન ચંદ્ર, સૂર્ય તથા ગ્રહોના જેવું લાગતું હતું. અગ્નિની જ્વાળાઓની જેમ પ્રકાશિત થતાં, તે બધાં ચક્રોને ભગવાન નૃસિંહ પોતાના મુખ વડે ગળી ગયા. તેનાં મુખમાં પ્રવિષ્ટ થતાં, તે ચક્રોના સમૂહો મહામેઘના ગર્ભમાં પ્રવેશતાં ચંદ્ર, સૂર્ય અને અન્યાન્ય ગ્રહોની જેમ શોભતા હતા. નૃસિંહે એ

ઘોર ચક્ર—સમૂહોને ગ્રસી જઈ, અતિ ઘોર ગર્જના કરી, પોતાના શૂલ વડે લાખો દૈત્યોને મોતને ઘાટ ઉતારી દીધા. ત્યારપછી, સહસ્ર સૂર્યોના પ્રકાશવાળા એમણે, અતુલ્ય પ્રતાપ અને પ્રભાવથી, એ દૈત્યો તથા દાનવોનાં તમામ આયુધોને નિષ્ફળ બનાવી, એ બધાને મારી નાખ્યા. મરી રહેલાં એમના આર્તનાદોથી આકાશમંડળ ભરાઈ ગયું. પછી, નૃસિંહ વડે પોતાના સૈન્યની એવી દશા થયેલી જોઈને, રોષથી સળગી ઉઠેલા તે દૈત્યરાજે, તુરંત જ શિવ પાસેથી પ્રાપ્ત કરેલ, ઉગ્ર શૂલને તેની (નૃસિંહની) પર છોડયું; પરંતુ તે નૃકેસરીએ, તે શૂલને ગળી જઈને પોતાના દારુણ નખો વડે ત્રણ લાખ અસુરોને વિદીર્ણ કરી નાખ્યા. પોતાના પરમ ત્રિશૂળને નિષ્ફળ ગયેલું જોઈને, તે અસુરેન્દ્રે અગ્નિની જ્વાળાઓથી યુકત પટ્ટિશ છોડયું, પરંતુ તે પટ્ટિશને, તે નરકેસરીએ આકાશમાં જ પોતાના હાથ વડે પકડી લઈને, તેના બળને નષ્ટ કરી દીધું. પોતાના એ શસ્ત્રને પણ નિષ્ફળ ગયેલું જોઈને હિરણ્યકશિપુએ અતિ પ્રભાવવાળી તથા અતિ કઠોર વિજળીની જેમ ચમકતી શકિતનો પ્રહાર નૃસિંહ પર કર્યો. એ પરમ તેજથી પ્રકાશિત શકિતને પોતાની તરફ આવતી જોઈને, ભગવાન નૃસિંહે પોતાના અતિ ભયંકર હુંકાર માત્રથી જ ભાંગી નાખી. ભગવાન દ્વારા ભગ્ન કરવામાં આવેલી, તે શકિત, આકાશમાંથી પૃથ્વી પર પડતી વખતે એવી શોભતી હતી, જાણે કે, અનેક ચિનગારીઓવાળી ઉલ્કા પૃથ્વી પર પડી રહી હોય!

ભગવાન નૃસિંહે પોતાના પરાક્રમને પ્રદર્શિત કરતાં, સુખપૂર્વક ગર્જના કરીને, એ દાનવ—સૈન્યને પોતાની સામેથી એવી રીતે હટાવી દીધું, જેવી રીતે વાયુ તણખલાંને હટાવી દે. આથી, એ દૈત્ય—સેનાપતિઓ આકાશમાં જઈને મોટા—મોટા પત્થરોની વર્ષા કરવા લાગ્યા, પરંતુ નૃસિંહની ઉપર પડીને જ્યારે એ પત્થરો તૂટીને વેરાઈ ગયા ત્યારે એ દાનવોએ પર્વતના શિખરોને, શત્રુઓને વશ કરનાર, તે નૃસિંહ પર એવી રીતે વરસાવવા માંડ્યાં, જાણે કે, જળની ધારા પર્વત પર પડતી હોય; પરંતુ આ પ્રમાણે, પત્થરોની વૃષ્ટિ કરીને પણ, એ દાનવો, જેમ મંદરાચલ પર્વતને સમુદ્ર વિચલિત નથી કરી શકતો, તેમ એ ભગવાન નૃસિંહને વિચલિત ન કરી શક્યા. દૈત્યોએ જ્યારે પત્થરોની વૃષ્ટિથી કોઈ લાભ થતો ન જોયો ત્યારે જળની વૃષ્ટિ કરી, જેનાથી ચારેબાજુથી મૂસળધાર વરસાદ વરસવા લાગ્યો. આકાશમાંથી પડતી વેગવાળી અને ત્રાંસી જળની ધારાઓએ ચારે તરફથી આકાશ અને દિશાઓના ખૂણાઓને ઘેરી લીધા. આકાશ અને પૃથ્વીને વ્યાપ્ત કરતી, એ જળધારાઓ, એ દેવાધિદેવને સ્પર્શી પણ ન શકી. આથી, એ દૈત્યોએ અગ્નિ તથા વાયુના વેગથી યુકત માયાને છોડી; પરંતુ અતિ દ્યુતિમાન સહસ્ર નેત્રોવાળા દેવરાજ ઈન્દ્રે વાદળાંઓથી અતિ ઘોર વૃષ્ટિ કરીને, એ અગ્નિને શાંત કરી દીધો. યુદ્ધભૂમિમાં એ માયાના પણ નિવારિત થઈ જવાથી, એ દૈત્યોએ ઘોર અંધકારયુકત માયાને છોડી. અંધકારને કારણે સમસ્ત જગત વ્યાપ્ત થઈ જવાથી, એ દૈત્યગણો વિવિધ અસ્ત્રો સાથે પુનઃ એ યુદ્ધભૂમિ પર યુદ્ધાર્થે આવ્યા. નૃસિંહ

ભગવાન એ સમયે પોતાના તેજથી દેદીપ્યમાન સૂર્યના જેવા લાગવા માંડ્યા. દાનવોએ રણમેદાનમાં એમની ત્રણ રેખાઓથી યુકત ભ્રૂકુટિને, લલાટમાં સ્થિત ત્રણ માર્ગોમાં વહેનારી અને ત્રિશૂલના આકારમાં અંકિત ગંગાની જેમ જોઈ. આ રીતે પોતાની તમામ માયાઓને વિફલ ગયેલી જોઈને, દિતિના પુત્રોનો તે સમૂહ, અત્યંત દુઃખી અને ચિંતિત થઈને હિરણ્યકશિપુના શરણે ગયો.

ત્યારબાદ, અત્યંત ક્રોધથી સળગતો, તે દૈત્યેન્દ્ર જયારે યુદ્ધભૂમિમાં આવ્યો ત્યારે સમસ્ત જગત જાણે કે, અંધકારમાં લીન થઈ ગયું; ઉત્પાત તથા ભયનો સંકેત કરનારા આવહ, પ્રવહ, વિવહ, ઉદાવહ, પરાવહ, સંવહ અને પરિવહ નામના અત્યંત બળવાન તેમજ પરાક્રમી વાયુઓ વહેવા લાગ્યા; જે ગ્રહો સમસ્ત લોકના અંતકાળે જ જોવા મળે છે, તે ગ્રહો, તે સમયે, આકાશમાં સુખપૂર્વક વિચરણ કરતાં જોવા મળ્યા; યોગ આવ્યો ન હોવા છતાં પણ નિશાચર રાહુગણ અમાર્ગે વિચરણ કરવા લાગ્યા;. રાત્રીના ગ્રહો તથા નક્ષત્રો સહિત શત્રુઓને વશ કરનાર ચંદ્રમા અને દિવસે સૂર્ય એકદમ મલીન થઈ ગયા; વિસ્તૃત આકાશમાં કાળા કબંધો દેખાવા લાગ્યા; ભૂમિ પર હોવા છતાં પણ અગ્નિદેવ ચિનગારીઓ છોડવા લાગ્યા અને આકાશમાં પણ સર્વત્ર વ્યાપ્ત હોય તેમ લાગવા માંડ્યું; ધૂમાડાની આકૃતિવાળા સાત સૂર્ય આકાશમંડળમાં ઉદય પામેલા દેખાયા અને આકાશમાં અવસ્થિત ચંદ્રમાના શિખર પર ગ્રહણ સ્થિત થયેલા દેખાયું; અગ્નિના જેવા તેજથી દેદીપ્યમાન શનિ અને મંગળ એક સાથે જ આકાશમાં જોવા મળ્યા; યુગાન્તના સૂચક અને એકદમ વિષમ પરિણામ આપનારા, એવા તમામ નક્ષત્રો, ધીમે ધીમે આકાશમંડળના શિખર પર આરોહિત થતા જોવા મળ્યા; રાહુથી ગ્રસાયેલ ચંદ્રમા સળગતી ઉલ્કાઓથી પીડિત થવા લાગ્યો; દેવતાઓનો પણ જે દેવતા છે, તે રુધિરની વર્ષા કરવા લાગ્યો; તે સમયે, આકાશમાંથી અતિ ઘોર અવાજ કરતી અને વિદ્યુતની જેમ ચમકતી ઉલ્કાઓ પૃથ્વી પર પડવા લાગી; તમામ દૈત્યોના વિનાશની સૂચના આપનારાં, બધાં જ વૃક્ષો અને લતાઓ અકાળે જ ફૂલવા અને ફળવા લાગ્યાં; દેવતાઓની મૂર્તિઓ આંખો ખોલ–બંધ કરવા લાગી, હસવા–રોવા લાગી, જોર જોરથી ચિલ્લાવા લાગી, ધૂમાડો કરવા લાગી અને સળગવા લાગી; આવા ઉત્પાત દ્વારા, તે આવનારા ઘોર ભયનો સંકેત કરવા લાગી. ગ્રામમાં ઉત્પન્ન થયેલાં પશુ–પક્ષીઓ, જંગલી પશુ–પક્ષીઓની સાથે અતિ ભયાનક યુદ્ધ કરવા લાગ્યા; નદીઓ ગંદા જળથી યુકત બનીને ઊલટી વહેવા લાગી; રકત અને ધૂમાડાથી વ્યાપ્ત થયેલી દિશાઓ ધૂંધળી બની; વાયુના પ્રબળ વહેણમાં પૂજાને યોગ્ય વનસ્પતિઓ તૂટવા લાગી; અપરાહ્નમાં સૂર્યના હોવા છતાં પણ જીવોના પડછાયા વિપરિત દિશામાં પડતા ન હતા; આ પ્રમાણે યુગાન્તના જેવા ભયપ્રદ, તે સમયમાં હિરણ્યકશિપુના ભવન, ખજાના અને શસ્ત્રાગાર પર શરાબની વર્ષા થઈ. અસુરોના વિનાશ અને દેવતાઓના વિજયના સૂચક અત્યંત ઘોર તથા ભયાનક અનેક પ્રકારના ઉત્પાતો, તે સમયે, ઘટવા લાગ્યા. આ ઉપરાંત પણ અનેક

ઉત્પાતો કાળની પ્રેરણા અને વિધિના વિધાનથી, જ્યારે દેખાવા લાગ્યા, ત્યારે મહાબલી દૈત્યરાજ હિરણ્યકશિપુ દ્વારા પૃથ્વીને કંપાવવાથી અમિત તેજસ્વી પર્વત તથા નાગોનો સમૂહ પડવા લાગ્યો. વિષની જ્વાળાઓથી યુકત મુખવાળા, ચાર મસ્તકોવાળા તથા પાંચ મસ્તકોવાળા સર્પો આગ ઓકવા લાગ્યા; વાસુકિ, તક્ષક, કર્કોટક, ધનંજય, એલામુખ, કાલિય, બલવાન, મહાપદ્મ, સહસ્ર ફેણવાળો અને પ્રભાવ–શાળી હેમતાલધ્વજ નામનો નાગ અને મહાભાગ્યશાળી અનંત શેષનાગ કે, જે મહામુશ્કેલીએ કંપિત થાય છે, એ સમયે, એ બધા કંપવા લાગ્યા; રણભૂમિમાં ક્રોધિત થયેલા હિરણ્યકશિપુએ તમામને વિકંપિત કરી દીધા. પૃથ્વી પર રહેનારા અને જળમાં નિવાસ કરનારા જીવો ઉદ્દીપ્ત થઈ ઉઠ્યા. પૂર્વકાળમાં ઉત્પન્ન થયેલ અને હોઠોને ચાવતો, તે દૈત્ય, વરાહ ભગવાનની જેમ શોભતો હતો. ભાગીરથી, કૌશિકી, યમુના, કાવેરી, કૃષ્ણવેણી, સુવેણા, ગોદાવરી, ચર્મણવતી, સિંધુ, અનેક નદીઓ તથા નદોનો સ્વામી, કમળોનું ઉત્પત્તિ–સ્થાન અને મણિના જેવા સ્વચ્છ જળવાળો શોણ નામનો નદ, સુંદર જળવાળી નર્મદા, વેત્રવતી, ગાયોના પ્રદેશમાં વહેનારી ગોમતી, પૂર્વ સરસ્વતી, મહી, કાલમહી, તમસા, પુષ્પવાહિની વગેરે બધી નદીઓ, જંબૂદ્વીપ, તમામ પ્રકારના રત્નોની ખાણોથી સુશોભિત રત્નતટ નામનો દ્વીપ, જંગલો તથા પર્વતોથી સુશોભિત લૌહિત્ય નામનો મહાનદ, વીરો તથા ઋષિઓનું ઉત્પત્તિ–સ્થાન કોશકરણ નામનો દેશ, મોટા મોટા ગ્રામોવાળા મગધ, મુંડ, શુંગ, સુહ્મ, મલ્લ, બલ્લ, કુરુ, વિદેહ, માલવ, કાશી, કૌસલ વગેરે બધા પ્રદેશો તથા જેને વિશ્વકર્માએ કૈલાસ પર્વતના શિખરના જેવા આકારવાળું બનાવેલું, તે વિનતાના પુત્ર ગરુડનું ભવન પણ તે દૈત્યેન્દ્રે પ્રકંપિત કરી નાખ્યું. અત્યંત ભયાનક લાલજળવાળા લૌહિત્ય સમુદ્રને, સો યોજન ઊંચાઈવાળો, સુવર્ણવેદીથી સુશોભિત, શોભાશાળી, મેઘોના સમૂહોથી સુસેવિત, સૂર્ય સમાન દેદીપ્યમાન તથા સાલ, તાલ, તમાલ અને કણેરના વૃક્ષોથી સુશોભિત ઉદય નામના પર્વતને, બધી જ ધાતુઓથી વિભૂષિત અયોમુખ પર્વતને, તમાલના વનોથી સુશોભિત અને સુગંધીઓથી યુકત મલયપર્વતને તથા સુરાષ્ટ્ર, વાહ્લીક, શૂરાભીર, ભોજ, પાંડય, વઙ્ગ, કલિંગ, તામ્રલિપ્ત, ઉણ્ડ્ર, પૌણ્ડ્ર, વામચૂડ તથા કેરલ દેશના નિવાસીઓને દેવતાઓ તથા અપ્સરાઓના સમૂહો સાથે, તે દૈત્યે, ક્ષુબ્ધ કરી નાખ્યા. એ જ રીતે, જ્યાં પ્રાચીનકાળમાં કોઈ જ જઈ શકતું ન હતું તથા જ્યાં સિદ્ધો અને ચારણોનો સમૂહ સર્વદા વિરાજમાન રહેતો હતો, તે અગત્સ્યનાં ભવનોને તથા જ્યાં અનેક પ્રકારના પક્ષીઓ કલરવ કરતા હતા, પ્રફૂલ્લિત થયેલાં મોટાં મોટાં વૃક્ષો વિદ્યમાન હતા, જ્યાં સુવર્ણમય પહાડોનાં શિખરો સુશોભિત હતાં, અપ્સરાઓનો સમૂહ જ્યાં સતત ક્રીડામાં રત રહેતો હતો, જે જોવામાં અતિ મનોહર લાગતો હતો અને સાગરનું ભેદન કરીને સૂર્ય તથા ચંદ્રને વિશ્રામ આપનારા, ગિરિપુષ્પિતક નામના પર્વતને; પોતાના ઉચ્ચ શિખરોથી આકાશનું ભેદન કરનાર, સૂર્ય અને ચંદ્રનાં કિરણોથી મનોહર અને તેજસ્વી, સમુદ્રની અપાર જળરાશી વડે ચારેબાજુથી ઘેરાયેલાં શિખરોથી શોભતા

અને સો યોજનના વિસ્તારમાં ફેલાયેલા વિદ્યુત્વાન્ પર્વતને, સર્પોના નિવાસસ્થાન અને અત્યંત દુર્ગમ એવા વિશાલાક્ષ નામના પર્વતને, જયાં અગત્સ્ય ઋષિનું વિશાલ અને સુંદર ભવન હતું, તે વૃષભ પર્વતને, ઘટાટોપ મેઘોના જેવો ગંભીર ધ્વનિ કરનાર, ગિરિશ્રેષ્ઠ મેઘને, જેમાં અન્ય સાંઠ પર્વતોનો સમાવેશ થાય છે, તે મધ્યાહ્નના સૂર્યના સમાન, મહાગિરિ સુમેરુને, બરફની શીલાઓથી ઢંકાયેલ મન્દર પર્વતને, જેની કંદરાઓમાં યક્ષો, રાક્ષસો અને ગંધર્વોનો સમૂહ નિત્ય નિવાસ કરે છે, તે મહાન પર્વત હેમગર્ભને, તથા હેમસખ, શૈલરાજ કૈલાસ, કુંજર, મહાસેન, પારિયાત્ર, ત્રિશ્રૃંગ, ઉશીરબિંદુ, ગિરિરાજ ચન્દ્રપ્રસ્થ, પ્રજાપતિગિરિ, પુષ્કર, દેવામ્ર, રેણુકગિરિ, સપ્તર્ષિઓનો ક્રૌંચ પર્વત, ધૂમ્રવર્ણ, ઋષ્યમૂક વગેરે બધા જ પર્વતોને, તે સમયે, તે દૈત્યે કંપાવી દીધા. તે દૈત્યે, સુવર્ણના કમળોથી ઢંકાયેલ વૈખાનસ સરોવરને, હંસો તથા કારણ્ડવ પક્ષીઓના કલરવોથી નિનાદિત માનસરોવરને અને અન્યાન્ય દેશો, ગ્રામો તથા સ્થાનોને, તે સમયે, તે દૈત્યેન્દ્રે કંપાવી દીધા. મહીપુત્ર કપિલ અને વ્યાઘ્રવાન પણ કંપી ઉઠ્યા; આકાશમાં વિચરણ કરનારા અને પાતાલમાં રહેનારા, સતીના પુત્ર તથા રુદ્રના ગણ મેઘોને અંકુશમાં રાખનારા ઊર્ધ્વગ અને ભીમવેગ પણ કંપવા લાગ્યા.

એ સમયે, ગદા તથા શૂલ ધારણ કરીને, વાદળોના સમૂહોના જેવી ભયાનક આકૃતિવાળા, કરાલ, તે દૈત્યેન્દ્ર હિરણ્યકશિપુએ જયારે મેઘસમૂહના જેવો ભયંકર અવાજ કરતાં—કરતાં અત્યંત વેગથી નૃસિંહ ભગવાન પર હુમલો કર્યો; ત્યારે યુદ્ધભૂમિમાં ૐકારની સહાયતા પ્રાપ્ત કરીને, તેણે પોતાના વિકરાળ અને તીક્ષ્ણ નખોથી વિદીર્ણ કરીને, તે (દૈત્ય) ને મારી નાખ્યો.

આ પ્રમાણે, તે દૈત્યના વિનષ્ટ થઈ જવાથી પૃથ્વી, કાળ, ચન્દ્રમા, આકાશ, ગ્રહ, સૂર્ય, બધી દિશાઓ, નદીઓ, પર્વતો, સમુદ્રો વગેરે બધાં જ અતિ પ્રસન્ન થયાં. તૂર્યનાદ થવા લાગ્યો, ગંધર્વો ગાયન અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, ચારેબાજુ સુગંધી વાયુ મંદગતિએ વહેવા લાગ્યો, બધે જ જયઘોષ થવા લાગ્યો, તપસ્વી ઋષિઓ તથા દેવતાઓ દિવ્ય નામોનું ઉચ્ચારણ કરીને, તે સનાતન ભગવાનની પ્રસન્ન ચિત્તે પ્રાર્થના કરવા લાગ્યા, બ્રહ્માએ સુંદર શબ્દોમાં તે નૃસિંહરૂપધારી ભગવાન વિષ્ણુની સ્તુતિ કરી. પ્રસન્ન થયેલા, તેમણે પોતાના નૃસિંહરૂપનો ત્યાગ કરીને, પોતાના અતિ તેજસ્વી, પુરાણ અને સનાતન સ્વરૂપને ધારણ કર્યું અને અવ્યકત પ્રકૃતિ, ગરુડધ્વજ, તે ભગવાન અતિ તેજોમય, શોભનીય અને આઠ ચક્રોવાળા સુંદર રથમાં આરૂઢ થઈને, પોતાના નિવાસસ્થાને—ક્ષીરસાગર તરફ ગયા.''[૪૭]

શ્રીમદ્ભાગવતપુરાણમાં નૃસિંહરૂપધારી વિષ્ણુ અને હિરણ્યકશિપુ વચ્ચેનું યુદ્ધ રણમેદાનમાં નહીં પણ હિરણ્યકશિપુના ભવનમાં જ લડાય છે. નૃસિંહરૂપધારી વિષ્ણુનું પ્રાગટ્ય પણ વિશિષ્ટરીતે થાય છે. પોતાના પુત્ર પ્રહ્લાદની પોતાના કટ્ટર શત્રુ વિષ્ણુમાં અનહદ પ્રીતિ જોઈને ક્રોધિત થયેલા હિરણ્યકશિપુએ

તે (પ્રહ્લાદ)ના નાશ માટે અનેક પ્રકારના ઉપાયો કરી જોયા; પરંતુ તે બધામાં નિષ્ફળ જવાથી પોતે સ્વયં તેનો વધ કરવા તૈયાર થાય છે. એ સમયે થયેલો પિતા–પુત્ર વચ્ચેનો સંવાદ,[૪૮] નૃસિંહના પ્રાગટ્યમાં કારણભૂત બને છે. હિરણ્યકશિપુ પ્રહ્લાદને પૂછે છે કે,–

**"क्रुद्धस्य यस्य कम्पन्ते त्रयो लोकाः सहेश्वराः ।**
**तस्य मेऽभीतवन्मूढ शासनं किम्बलोऽत्यगाः ।।"**

અર્થાત્, "જે (હિરણ્યકશિપુ) ના ક્રોધિત થવાથી, લોકપાલો સહિત ત્રણે લોક કંપી ઊઠે છે, તેવા, મારી આજ્ઞાનું ઓ મૂર્ખ ! કયા બળને આધારે (તે) નિર્ભયની પેઠે ઉલ્લંઘન કર્યું છે."

પ્રત્યુત્તરમાં પ્રહ્લાદ કહે છે કે,– "હે રાજન્ ! જેમણે ભૂતકાળનાં અને ભવિષ્યકાળનાં બ્રહ્માદિ તથા આ સ્થાવરજંગમ પ્રાણીઓને વશ કર્યા છે, તે પરમેશ્વર કેવળ મારા કે તમારા જ બળ સ્વરૂપ નથી, પણ બીજા સર્વ બળવાન પુરુષોના તે જ ભગવાન બળરૂપ છે, માટે તે પરમેશ્વરનું જ મને બળ છે."

હિરણ્યકશિપુ બોલ્યોઃ "ખરેખર, તું મરવા ઈચ્છે છે અને તેથી જ આવું બકે છે. ઓ મૂર્ખ ! જેઓ મરણની અણી પર આવેલા હોય તેઓની વાણી આ રીતે અસંબદ્ધ હોય છે. ઓ મંદ ભાગ્યવાળા ! તેં મારા વિના જગતનો ઈશ્વર કહ્યો, તે કયાં છે?" "તે સર્વ સ્થળે છે" એમ પ્રહ્લાદે કહ્યું, એટલે ફરી હિરણ્યકશિપુ બોલ્યોઃ "જો તે સર્વ સ્થળે છે, તો આ થાંભલામાં કેમ દેખાતો નથી?" ત્યારે પ્રહ્લાદ તે થાંભલામાં પણ ભગવાનને જોતો નમસ્કાર કરી બોલ્યોઃ "આ થાંભલામાં પણ ભગવાન દેખાય છે." પણ હિરણ્યકશિપુએ ન જોતાં ફરી કહ્યુંઃ

**"सोऽहं विकत्थमानस्य शिरः कायाद्धरामि ते ।**
**गोपायते हरिस्त्वाद्य यस्ते शरणमीप्सितम् ।।"**

અર્થાત્, "તુ ઘણું બકે છે, માટે (ઊભો રહે હમણાં જ) તારા મસ્તકને ધડથી જુદું કરું છું. (હું જોઉં છું કે) તારુ જે ઈચ્છિત શરણ હરિ છે, તે આજે તને (કેવી રીતે) બચાવે છે!"

આ પ્રમાણે ક્રોધથી દુષ્ટ વાકયો કહીને, હાથમાં તલવાર લઈ, પોતાના આસન ઉપરથી કૂદી મહાબળવાન તે અસુરે થાંભલામાં મુકકીનો પ્રહાર કર્યો, એટલે તે જ વખતે તે થાંભલામાં મહાભયંકર અવાજ થયો. જેને લીધે આ બ્રહ્માંડરૂપી કડાયું (**कटाहम्**)ફૂટી ગયું હોય તેમ લાગ્યું. પુત્રનો વધ કરવા ઈચ્છતો અને બળપૂર્વક પરાક્રમ કરતો હિરણ્યકશિપુ એ અદ્‌ભુત અવાજ સાંભળીને બધે જોવા લાગ્યો; પરંતુ કશું જણાયું નહીં. અને............

**"सत्यं विधातुं निजभृत्यभाषितं व्याप्तिं च भूतेष्वखिलेषु चात्मनः ।**
**अदृश्यतात्यद्भुतरूपमुद्वहन् स्तम्भे सभायां न मृगं न मानुषम् ।।**
**स सत्त्वमेनं परितोऽपि पश्यन् स्तम्भस्य मध्यादनु निर्जिहानम् ।"**

અર્થાત્, "તે સમયે પોતાના સેવક (પ્રહ્લાદ)નાં વચનને તથા પોતાનું

સમગ્ર ભૂતોમાં વ્યાપકપણું સત્ય કરવાને, નહીં પશુ કે નહીં મનુષ્ય, એવું અદ્ભુત સ્વરૂપ ધારણ કરતા ભગવાન સભાની વચ્ચે થાંભલામાં દેખાયા.''[૪૯]

અહીં પ્રસ્તુત શ્રીમદ્ભાગવતપુરાણકારના શબ્દો –"**सत्यं विधातुं निजभृत्यभाषितं**" અર્થાત્, 'પોતાના સેવકના વચનોને સાચા ઠેરવવા' માં શ્રીમદ્–ભગવદ્ગીતાના શબ્દો–"**कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।**" [૫૦]તથા "**तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।**"[૫૧]નો પ્રતિધ્વનિ સંભળાય છે.

દૈત્ય હિરણ્યકશિપુ (એ અવાજ સાંભળી) ચારે તરફ જોઈ રહ્યો હતો. તેણે થાંભલાની વચ્ચેથી નીકળતા એ વિચિત્ર પ્રાણીને જોઈ, વિચાર કર્યો કે, "અહો ! આ વિચિત્ર પ્રાણી કયું છે? આ પશુ નથી તેમ મનુષ્ય પણ નથી, આ તો મનુષ્ય અને સિંહનું મિશ્ર રૂપ છે!" દૈત્ય આવો વિચાર કરતો હતો, તેવામાં તો એ નૃસિંહરૂપ (ભગવાન) તેની આગળ આવીને ઊભા રહ્યા. આવા નૃસિંહસ્વરૂપને જોઈ તે દૈત્ય બોલી ઊઠ્યોઃ "મહામાયાવી હરિ(વિષ્ણુ)એ આવી રીતે મારો નાશ કરવા વિચાર કર્યો છે, પણ આવા ઉદ્યમ કરતા હરિથી મને શું થવાનું છે?"[૫૨] આમ બોલતો તે મહાન દૈત્ય હાથમાં ગદા લઈ ગર્જના કરતો નૃસિંહ ભગવાન સામે ધસ્યો. અહીં ભાગવતકાર નોંધે છે કે, "તે સમયે જેમ પતંગિયું અગ્નિમાં પડી અદૃશ્ય થાય, તેમ નૃસિંહભગવાનના તેજમાં પડી તે અસુર (જાણે કયાંય) અદૃશ્ય થયો હોય તેમ લાગતું હતું."[૫૩]

ત્યારપછી એ અસુરે નૃસિંહભગવાનની સામે ધસી ક્રોધથી મોટા વેગવાળી ગદા તેમને મારી. એટલે ગદાધર ભગવાને ગરુડ જેમ સર્પને પકડે તેમ ગદા પકડી પરાક્રમ કરતા તે અસુરને પકડયો, પણ રમત કરતા ગરુડના પંજામાંથી જેમ સર્પ નીકળી જાય, તેમ એ અસુર તે વેળા ક્રીડા કરતા ભગવાનના હાથમાંથી છટકી ગયો. એ સમયે વાદળાઓ પાછળ છૂપાયેલા અને જેઓનાં સ્થાનો હિરણ્યકશિપુએ છીનવી લીધાં હતાં, તે સર્વ દેવતાઓ અને લોકપાલો ભગવાનના હાથમાંથી છટકી ગયો, તેને અશુભ માનવા લાગ્યા. પછી ભગવાનના હાથમાંથી છૂટી તે અસુર પોતાના પરાક્રમથી ભગવાનને ભયમાં આવેલા માનવા લાગ્યો અને તેથી જ ફરી ઢાલ–તલવાર હાથમાં લઈ, યુદ્ધમાં થાક વિનાનો જણાતો તે અસુર ભગવાન સામે ગયો. એ વેળા તેનો વેગ બાજ પક્ષી જેવો હતો અને ઢાલ–તલવાર ફેરવી ઉપરનીચે એકધારો તે ઘૂમતો હતો. એવામાં શ્રીહરિએ ઊંચા સ્વરથી મહાઉગ્ર અટ્ટહાસ્ય કરી આંખો મીંચી મહાવેગથી તેને પકડયો. એટલે સર્પે પકડેલા ઊંદરની પેઠે ચોતરફ પછાડા મારતા, પકડાઈને આતુર થયેલા અને ઈન્દ્રના વજ્રથી પણ જેની ચામડી ચિરાઈ ન હતી, એવા દૈત્યને શ્રીહરિએ સભાનાં બારણાના ઊંબરામાં (નહીં અંદર કે નહીં બહાર) પોતાની સાથળ ઉપર પાડી (નહીં પૃથ્વી ઉપર કે નહીં આકાશમાં, નહીં જીવતા કે નહીં મરેલા) નખો વડે ગરુડ જેમ મહાઝેરી સર્પને ચીરી નાખે તેમ ચીરી નાખ્યો.(**द्वार्यूरू आपात्य ददार लीलया नखैर्यथाहिं गरुडो महाविषम् ।**)[૫૪] એ સમયે ભગવાન નૃસિંહનાં નેત્રો ક્રોધને લીધે

જોવાં મુશ્કેલ અને મહાભયંકર જણાતાં હતાં. ફાડેલા મુખના છેડાઓને પોતાની જીભથી તે ચાટતા હતા. તેમનું મુખ અને કેશવાળી લોહીનાં બિંદુઓથી છંટાઈને લાલચોળ થયાં હતાં. તેમના ગળામાં આંતરડાંની માળા આવી રહી હતી અને તેથી હાથીનો નાશ કરી જેવો સિંહ દેખાય તેવા તે દેખાતા હતા.[૫૫]

પછી નખરૂપી અંકુરોથી જેનું હૃદયકમળ ચીરી નાખ્યું હતું, એવા તે દૈત્યને ફેંકી દઈ, અનેક બાહુઓવાળા તે ભગવાન દૈત્યના ઉગામેલાં આયુધોવાળા હજારો સેવકોને પોતાના નખો, શસ્ત્રો તથા પગની પાનીઓ વડે ચોતરફથી મારવા લાગ્યા. એ વેળા તેમની કેશવાળીના ફટકા લાગવાથી ધકાયેલા મેઘો આકાશમાં વીખરાઈ ગયા. તેમની દૃષ્ટિથી હરાયેલી કાંતિવાળા સર્વ ગ્રહો નિસ્તેજ થયા, તેમના શ્વાસથી ફૂંકાયેલા સમુદ્રો ખળભળી ઊઠયા અને તેમની ગર્જનાથી ભયભીત બનેલા દિશાઓના હાથીઓ ચીસો પાડવા લાગ્યા. તેમની કેશવાળી અથડાવાથી ઊછળી પડેલાં વિમાનો વડે વ્યાપ્ત થયેલું આકાશ જાણે પોતાના સ્થાનથી ખસી ગયું હોય તેવું જણાતું હતું. પુથ્વી તેમના પગના પ્રહારથી જાણે અત્યંત પીડાઈ હતી. તેમના વેગથી પર્વતો પણ જાણે ઊડી જતા હતા અને તેમના તેજથી આકાશ અને દિશાઓ ઝાંખી થઈ હતી. પછી પોતાની સામે યુદ્ધ કરનાર જેણે જોયો ન હતો, એવા ભગવાન સભામાં ઉત્તમ રાજસિંહાસન પર બેઠા; પરંતુ સંપૂર્ણ પ્રકાશવાળા અને પ્રચંડ મુખવાળા તે પ્રભુની બીકથી કોઈ તેમની પાસે જઈ શકયું નહીં.[૫૬]

એ રીતે ત્રણે લોક પરના અતિ દુ:સહ રોગ સમાન (શબ્દશ: 'માથાના દુ:ખાવારૂપ'—**मस्तकज्वरं**)[૫૭] આદિદૈત્ય હિરણ્યકશિપુનો યુદ્ધમાં નાશ કર્યો, તે જાણી અત્યંત હર્ષને લીધે પ્રફુલ્લ મુખવાળી દેવાંગનાઓએ નૃસિંહ ભગવાન પર વારંવાર પુષ્પોની વૃષ્ટિ કરી અને તે ભગવાનના દર્શનની ઈચ્છાવાળા દેવોનાં વિમાનોની પંકિતઓથી આકાશ છવાઈ ગયું. દેવતાઓનાં ઢોલ તથા નગારાં વાગ્યાં ઉત્તમ ગંધર્વો ગાવા લાગ્યા અને સ્ત્રીઓ નાચવા લાગી. તે પછી બ્રહ્મા, ઈન્દ્ર, શંકર વગેરે દેવો, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, મોટાસર્પો, મનુઓ, પ્રજાપતિઓ, ગંધર્વો, અપ્સરાઓ, ચારણો, યક્ષો, કિંપુરુષો, વૈતાલો અને સુનંદ, કુમુદાદિ વિષ્ણુના પાર્ષદો વગેરે ત્યાં આવ્યા અને તીવ્ર તેજવાળા સિંહાસન ઉપર બેઠેલા તે નૃસિંહભગવાનથી થોડે દૂર ઊભા રહી, મસ્તક નમાવી, બે હાથ જોડીને જુદી જુદી સ્તુતિ કરવા લાગ્યા.[૫૮]

હિરણ્યકશિપુને અહીં 'આદિદૈત્ય' કહ્યો છે. હિરણ્યકશિપુના કશ્યપ, મરિચિ અને બ્રહ્મા આ ત્રણ પૂર્વપુરુષો હતા, પરંતુ દૈત્યવંશનું પ્રવર્તન કશ્યપ પછીથી થયેલું હોવાથી અને હિરણ્યકશિપુ કશ્યપ તથા દિતિનો પુત્ર હોવાથી તે દૈત્યવંશનો આદિપુરુષ છે. તેને 'હિરણ્યકશિપુ' એવું નામ કઈ રીતે પ્રાપ્ત થયું, તે અંગેની એક ચમત્કૃતિપૂર્ણ કથા પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. તદનુસાર, એકવાર કશ્યપઋષિએ અશ્વમેધયજ્ઞ કરેલો. એ યજ્ઞમાં મુખ્ય આચાર્યને માટે એક સુવર્ણનું આસન રાખવામાં આવેલ. તે સમયે કશ્યપની પત્ની દિતિ ગર્ભવતી હતી અને

દસહજાર વર્ષોથી ગર્ભને પોતાના પેટમાં પાળતી હતી. એકવાર યજ્ઞના સમયે તે યજ્ઞમંડપમાં પ્રવેશી અને આચાર્યને માટે રાખવામાં આવેલ સુવર્ણાસન પર ભૂલથી બેસી ગઈ. એ સમયે તેને એજ સુવર્ણાસન પર પ્રસુતિ થઈ તથા તેનું નવજાત શિશુ એ સુવર્ણાસન પર જ અધિષ્ઠિત થયું. આ પ્રમાણે જન્મથી જ સુવર્ણાસન પર અધિષ્ઠિત થયેલ હોવાના કારણે તેનું 'હિરણ્યકશિપુ' નામ પડયું.[૫૯] જો કે, શ્રીમદ્ભાગવતપુરાણના તૃતીય સ્કંધમાં તેના જન્મ–વિષયક જુદી જ કથા પ્રાપ્ત થાય છે. તદનુસાર, "પોતાના પતિ(કશ્યપ)ના કહેવા પ્રમાણે દિતિ **'अपत्यपरिशङ्किनी'** –સગર્ભા બની. સો વર્ષ પૂર્ણ થયેથી તેણે જોડકારૂપે બે પુત્રોને જન્મ આપ્યો. પ્રજાપતિ કશ્યપે તે બન્નેનાં હિરણ્યકશિપુ તથા હિરણ્યાક્ષ એવાં નામ પાડયાં. તેમાં કશ્યપના પોતાના શરીરથી જે પ્રથમ ઉત્પન્ન થયો તેનું નામ હિરણ્યકશિપુ રાખ્યું અને જેને દિતિએ પ્રથમ જન્મ આપ્યો હતો તે હિરણ્યાક્ષ નામે વિખ્યાત થયો."[૬૦] અહીં પ્રથમ જન્મ હિરણ્યાક્ષનો થયો હોવા છતાં હિરણ્યકશિપુ મોટો કેમ? એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. આ વિગત પર પ્રકાશ પાડતાં શ્રીમદ્ભાગવત પરની પોતાની ટીકામાં શ્રીધર નોંધે છે કે,– "ગર્ભાધાન સમયે યોનિપુષ્પમાં વીર્યનો પ્રવેશ થાય છે, ત્યારે જો તેના બે વિભાગ થઈ આગળ–પાછળ પ્રવેશ થાય છે તો જોડલું જન્મે છે. વીર્યના પ્રવેશ વખતે પિતા દ્વારા જે પ્રથમ દાખલ થયું હોય, તેનો જન્મ પહેલાં થાય છે. જેમ કોઈ સાંકડી શેરીમાં જે રથ પ્રથમ પ્રવેશ્યો હોય, તેનું પાછું એ જ માર્ગેથી સૌની પાછળ જ નીકળવું થાય છે. અને સૌની પાછળ પ્રવેશેલો રથ સૌની પહેલાં બહાર નીકળે છે, તે જ પ્રમાણે આ જોડલાંઓના સંબંધે સમજવાનું છે. 'પિંડસિદ્ધિ' નામના ગ્રંથમાં પણ કહ્યું છેઃ

**"यदा विशेद् द्विधाभूतं बीजं पुष्पं परिक्षरत् ।**
**द्वौ तदा भवतो गर्भौ सूतिदेशविपर्ययात् ।।"** આ શ્લોકનો આશય ઉપર કહ્યો તેવો જ થાય છે."[૬૧]

કશ્યપ અને દિતિની 'દૈત્ય–સંતતિ' માં હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ તથા વજ્રાંગ એ ત્રણ પુત્રો અને સિંહિકા નામની પુત્રીને મુખ્ય માનવામાં આવે છે. મોટાભાગના દૈત્યકુળો એમના જ પુત્ર–પૌત્રો દ્વારા ઉત્પન્ન થયેલાં છે.[૬૨] હિરણ્યકશિપુને ત્રણ પત્નીઓ હોવાના ઉલ્લેખો મળી આવે છેઃ ૧. જંભકન્યા કયાધુ[૬૩] ૨. ઉત્તાનપાદની કન્યા કલ્યાણી[૬૪] તથા ૩. કીર્તિ.[૬૫] તેની આ ત્રણ પત્નીઓથી આ પ્રમાણેના પુત્રો જન્મ્યા હતાઃ ૧. પ્રહ્લાદ, ૨. સંહ્લાદ, ૩. હ્લાદ, ૪. અનુહ્લાદ, ૫. શિબિ અને ૬. બાષ્કલ[૬૬] આ ઉપરાંત, તેને સિંહિકા,[૬૭] હરિણી અથવા રોહિણી,[૬૮] અને ભૃગુપત્ની દિવ્યા.[૬૯] મગધદેશનો સુવિખ્યાત રાજા જરાસંધ પણ એ હિરણ્યકશિપુના જ અંશથી ઉત્પન્ન થયો હતો.[૭૦]

આપણે આ જ પ્રબંધના આગળના ભાગમાં જોયું છે તેમ, વેદોમાંથી પ્રાપ્ત થતી નમુચિની કથા અને નૃસિંહની કથામાં ઘણી સમાનતા જોઈ શકાય છે. 'નૃસિંહાવતાર'નો ઉલ્લેખ તૈત્તિરીયારણ્યકમાં થયેલો છે.[૭૧] ઉપરાંત, 'નૃસિંહતાપિની'

નામનું એક ઉપનિષદ તથા 'નૃસિંહ' નામથી જ એક પુરાણ પણ પ્રાપ્ત થાય છે, જેમાં હિરણ્યકશિપુના પ્રાસાદના સ્તંભને તોડીને તેમાંથી નૃસિંહના પ્રગટ થવાની કથા પણ વર્ણવાયેલી છે.[૭૨] તેમજ પોતાના તીક્ષ્ણ નખો વડે, તે દૈત્યની છાતી ચીરી નાખીને તેનો વધ કર્યાની કથા ઘણાં પુરાણોમાં વર્ણવાયેલી છે.[૭૩] નૃસિંહાવતારની કથા લગભગ બધાં પુરાણોમાં આપવામાં આવેલી છે; પરંતુ હિરણ્યકશિપુએ પ્રહ્લાદ પર ગુજારેલા જુલમો અને નૃસિંહના સ્કંધમાંથી થયેલા પ્રાગટ્યનો નિર્દેશ ઘણાં પુરાણોમાં પ્રાપ્ત થતો નથી.[૭૪] બ્રહ્મપુરાણાનુસાર ગંગાનદીના ઉત્તર કિનારે હિરણ્યકશિપુનો વધ કરીને, તે નૃસિંહ દક્ષિણ ભારતમાં ગોદાવરીનદીના કિનારે ગયા, જયાં દંડકદેશના રાજા અંબર્યનો તેણે વધ કર્યો.[૭૫] આ પ્રમાણે, એક પછી એક વધ કરવાથી આવેશમાં આવેલા તે (નૃસિંહ) નો શિવે શરભનો અવતાર ધારણ કરીને વધ કર્યો.[૭૬]

આ પ્રમાણે, નારસિંહસંગ્રામ પુરાણોનો માન્ય વર્ણ્ય–વિષય રહ્યો છે. આ યુદ્ધ–પ્રસંગમાં વિષ્ણુનું માહાત્મ્ય તો જોઈ જ શકાય છે, સાથે સાથે હિરણ્યકશિપુ જેવા મહાન દૈત્યનું શ્રેષ્ઠ પ્રતિનાયકપણું પણ વ્યકત થાય છે. જો આદિકવિ વાલ્મીકિએ 'રામાયણ' ની રચના ન કરી હોત તો જેટલી પ્રસિદ્ધિ એક અસુર કે રાક્ષસના રૂપમાં રાવણને પ્રાપ્ત થઈ છે, તેથી વિશેષ પ્રસિદ્ધિ હિરણ્યકશિપુને પ્રાપ્ત થઈ હોત! તેનામાં પરાક્રમ, ઉત્સાહ, સાહસિકતા વગેરે જેવા માનવીય ગુણોનો અતિરેક જોઈ શકાય છે. સુર–અસુરત્વને કોરાણે મૂકીએ તો એ એક મહાન સમ્રાટ તરીકે પ્રતિસ્થાપિત થઈ શકે છે. પોતાના પક્ષે એ સાચો પણ છે. કેમ કે, એના ભાઈને વિષ્ણુએ મારી નાખ્યો હોવાથી[૭૭] સ્વાભાવિકપણે જ તેનો બદલો લેવા એ પ્રેરાય અને એ પણ એવો ભાઈ કે જે, એને અત્યંત પ્રિય હતો એટલું જ નહીં એનું પોતાનું પણ તે પ્રિય કરનારો હતો. શ્રીમદ્‌ભાગવતકારનું આ વિશે કથન છે કે,– ‘‘**हिरण्याक्षोऽनुजस्तस्य प्रियः प्रीतिकृदन्वहम् ।**’’ અર્થાત્, "તેનો નાનો ભાઈ હિરણ્યાક્ષ તેને પ્રિય હતો અને નિત્ય પ્રિય કરનારો હતો."[૭૮]

ઐતિહાસિકતાની દષ્ટિએ આ ઘટનાને મૂલવવામાં આવે તો આ એક પ્રાગૈતિહાસિક યુગની ઘટના ગણી શકાય. તૈત્તિરીય આરણ્યકાદિ વૈદિક સાહિત્યમાં આ ઘટનાનો ઉલ્લેખ હોવાથી, એ સાવ કપોળ કલ્પિત ઘટના તો નથી જ, એમ કહી શકાય. તેમાં પણ સત્યના ઘણા નહીં તો કેટલાક, અંશો જરૂર છૂપાયેલા હોઈ શકે છે. પ્રાચીનતમ યુગની માહિતી પ્રાપ્ત કરવામાં આ ઘટના સહાયક પુરવાર થઈ શકે તેમ છે. શ્રીમદ્‌ભાગવતપુરાણમાં આપવામાં આવેલી બાવીસ અવતારોની સૂચીમાં આ અવતારને ચૌદમો અવતાર ગણાવેલ છે.[૭૯] દેવીભાગવતમાં આ અવતાર ચોથા યુગમાં થયો હોવાનું કથન છે.[૮૦] ચોથો યુગ એટલે ચતુર્થ મન્વન્તર એમ સમજી શકાય. આ અને આવા અન્ય અનેક પુરાવાઓના આધારે તેનો તિથિ–નિર્ણય પણ શકય બને તેમ છે.

## ૩:૩, વામન—બલિબંધનસંગ્રામ

ભગવાન વિષ્ણુએ ધારણ કરેલા અનેક અવતારોમાં વામન—અવતાર એમણે એક વિશિષ્ટ હેતુથી ધારણ કરેલો હોવાના અનેક પુરાવાઓ પ્રત્યેક કાળના સંસ્કૃત સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. સામાન્યરીતે સજ્જનોનો ઉદ્ધાર અને દુર્જનોનો નાશ, એમનો અવતાર લેવા પાછળનો મુખ્ય હેતુ હોય છે; પરંતુ પુરાણોમાં તો બલિ, વિષ્ણુના એક પરમ ભકત તરીકે સ્થાન પામેલો હોવાથી, આ સંગ્રામમમાં વિષ્ણુની દેવો પ્રત્યેની પક્ષપાતી દષ્ટિ જ કારણભૂત હોવાનું માની શકાય. જો કે, વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થતી 'વામનકથા' કંઈક જુદું જ અને વાસ્તવિક કહી શકાય, એવું સૂચન પ્રસ્તુત કરે છે. પુરાણોએ વર્ણવેલા દ્વાદશદેવાસુરસંગ્રામોમાંથી જેના અધિક અને સ્પષ્ટપણે પ્રાચીનતમ સાહિત્યિક ઉલ્લેખો પ્રાપ્ત થતા હોય, એવા સંગ્રામોમાં 'વામન—બલિબંધનસંગ્રામ સૌથી મહત્વનો છે.

વામન અવતારની કલ્પનાનો અસ્પષ્ટ ઉલ્લેખ, છેક ઋગ્વેદમાં પણ મળી આવે છે. જેમાં, વિષ્ણુએ પોતાના ત્રણ ડગલાંમાં સમસ્ત પૃથ્વી, દ્યુલોક અને અંતરિક્ષને માપી લીધાનો નિર્દેશ છે.[૮૧] જો કે, ઋગ્વેદમાં વિષ્ણુને સ્વતંત્ર દેવતાના રૂપમાં નહી પણ સૂર્યના એક રૂપ તરીકે માનવામાં આવેલ છે અને એ જ સૂર્યરૂપી વિષ્ણુનું વર્ણન કરતાં, એના દ્વારા ત્રણ ડગલાંમાં પૃથ્વીને માપવાનો નિર્દેશ છે.[૮૨] વિષ્ણુનાં 'ત્રણ ડગલાં' અંગે સ્પષ્ટતા કરતાં નિરુકતમાં યાસ્કાચાર્યે શાકપૂણી અને ઔર્ણવાભ નામના બે વિદ્વાનોના મતો ઉદ્ધૃત કર્યા છે.[૮૩] જેમાં, શાકપૂણી અનુસાર પૃથ્વી, અંતરિક્ષ અને આકાશ તથા ઔર્ણવાભ અનુસાર સમારોહણ (ઉદયગિરિ), વિષ્ણુપદ (ખસ્વસ્તિક) અને ગયાશિરસ્ (અસ્તગિરિ) ને વિષ્ણુએ પોતાનાં ડગલાંઓ વડે વ્યાપી લીધાં હોવાની વાત છે. તૈત્તિરીયસંહિતામાં, વિષ્ણુએ પોતાના મિત્ર ઈન્દ્રનું ગયેલું રાજય પાછું મેળવી આપવા માટે પૃથ્વી પર અવતાર લીધો હોવાની કથા છે.[૮૪] વિષ્ણુના વામન—અવતારનો સર્વપ્રથમ નિર્દેશ પણ તૈત્તિરીયસંહિતામાં જ પ્રાપ્ત થાય છે. તદનુસાર, "એકવાર ત્રણેય લોકના સ્વામીત્વને માટે દેવો તથા અસુરો વચ્ચે સંગ્રામ થયો. એ સમયે વિષ્ણુએ પોતાના 'વામન—સ્વરૂપ' ની આહુતિ આપીને ત્રણે લોકોને જીતી લીધા."[૮૫] શતપથબ્રાહ્મણમાં વિષ્ણુના વામન—અવતારની કથા મળે છે; પરંતુ તે પુરાણોમાંથી મળતી કથા કરતાં થોડી ભિન્ન છે. ત્યાં દર્શાવ્યા પ્રમાણે, એકવાર દેવાસુરસંગ્રામમમાં પરાજીત થઈને દેવો નાસી ગયા. ત્યારપછી બધા અસુરો સમસ્ત પૃથ્વીની વહેંચણી કરવા લાગ્યા. એ સમયે વિષ્ણુના નેતૃત્વમાં દેવો અસુરો પાસે ગયા અને પૃથ્વીનો કેટલોક ભાગ એમને પણ આપવાને પ્રાર્થના કરવા લાગ્યા. તે સમયે, અસુરો વિષ્ણુનાં ત્રણ ડગલાં જેટલી જ ભૂમિ દેવોને આપવા તૈયાર થયા. પછી વામનરૂપધારી વિષ્ણુએ વિરાટરૂપ ધારણ કરીને ત્રણેય લોકોને વ્યાપી લીધા અને એ રીતે દેવોને ત્રણેય લોકોનું સામ્રાજય પુનઃ પ્રાપ્ત થયું. આ કથા શબ્દશઃ આ પ્રમાણે છેઃ

"દેવો અને અસુરો પ્રજાપતિનાં સંતાનો છે. એ લોકો પરસ્પર વિવાદ કરવા લાગ્યા. એમાંથી ઉષ્ણ સ્વભાવવાળા અસુરોથી જયારે દેવો પરાજિત થયા ત્યારે દારુણ સ્વભાવવાળા અસુરો એમ માનવા લાગ્યા કે આ સમસ્ત ભુવન અમારું જ છે. ॥૧॥

એમણે વિચાર કર્યો કે, સમસ્ત પૃથ્વીને વિભાજિત કરીને વહેંચી લઈએ તથા તેના દ્વારા જીવન નિર્વાહ ચલાવીએ. આમ વિચારીને એમણે વૃષભના ચર્મની એક પાતળી દોરી બનાવી અને પશ્ચિમથી માંડીને પૂર્વ સુધી તે (પૃથ્વી) ના ભાગ પાડવા તૈયાર થયા. ॥૨॥

અસુરો પૃથ્વીના ભાગ પાડી રહ્યા હોવાના સમાચાર દેવોએ સાંભળ્યા. દેવો વિચારીને કહેવા લાગ્યા કે, "ચાલો, આપણે પણ જયાં અસુરો પૃથ્વીનું વિભાજન કરે છે, ત્યાં જઈએ. જો આપણને તેમાંથી ભાગ નહીં મળે તો આપણું શું થશે? આપણો ગુજારો કેવી રીતે થશે?" પછી તેઓ યજ્ઞરૂપી વિષ્ણુને આગળ કરીને અસુરોના સ્થાન પર ગયા. ॥૩॥

દેવો બોલ્યા—"અમારો સમાવેશ કર્યા વગર પૃથ્વીની વહેંચણી ન કરો, અમારો પણ તેમાં ભાગ છે." આ સાંભળીને અસુરો અસૂયા કરવા લાગ્યા અને બોલ્યા કે, "જેટલા સ્થાન પર આ વિષ્ણુ સૂએ (વ્યાપ્ત કરી લે), એટલી પૃથ્વી તમને આપીશું." ॥૪॥

વિષ્ણુ વામન હતા, તેથી દેવોએ એ વાતનો સ્વીકાર ન કર્યો અને પરસ્પર કહેવા લાગ્યા, "અસુરોએ જે યજ્ઞ(ભૂમિ) જેટલી ભૂમિ, આપણને આપી છે, તે બરાબર છે." ॥૫॥

દેવોએ પૂર્વ દિશામાં વિષ્ણુને સ્થાપિત કરીને છંદો દ્વારા એમને આવૃત્ત કર્યા. પૂર્વદિશામાં ગાયત્રી છંદથી આવૃત્ત કર્યા, દક્ષિણમાં ત્રિષ્ટુપ છંદથી આવૃત્ત કર્યા, પશ્ચિમદિશામાં જગતી છંદથી અને ઉત્તરદિશામાં અનુષ્ટુપ છંદથી આવૃત્ત કર્યા. ॥૬॥

પૂર્વદિશામાં અગ્નિની સ્થાપના કરી અને તે(અગ્નિ)ની અર્ચના કરતાં કરતાં તેઓ ચારે તરફ ફરવા લાગ્યા. એ અર્ચનાના પ્રભાવથી એમણે સમગ્ર પૃથ્વીને વ્યાપ્ત કરી લીધા. ॥૭॥"[૮૬]

શતપથબ્રાહ્મણની આ કથામાં દેવોએ અસુરો પાસેથી સમસ્ત પૃથ્વીને જીતી લીધી હોવાનો સ્પષ્ટ નિર્દેશ છે. આ કાર્યમાં યજ્ઞરૂપી વિષ્ણુનો જ હાથ હતો. ઉપરાંત, સ્પષ્ટપણે વિષ્ણુ જ વામનરૂપમાં વર્ણવાયેલ છે. ઋગ્વેદના ઉરુગાય વિષ્ણુના 'ત્રિવિક્રમ' ને તથા શતપથબ્રાહ્મણના આ વામનાખ્યાનને એક સાથે જોડીને પુરાણોમાં વામનાવતારની વિસ્તૃત કથા પ્રસ્તુત થયેલી છે. તફાવત માત્ર એટલો જ છે કે, શતપથબ્રાહ્મણમાં અસુરો પાસેથી ભૂમિ જીતવાની વાત છે, જયારે પુરાણોમાં અસુરોના રાજા બલિ પાસેથી એક યાચક—બટુના રૂપમાં આ કાર્ય થાય છે; પરંતુ બન્ને આખ્યાનોમાં વિષ્ણુના માહાત્મ્યનું જ વર્ણન છે. પુરાણોએ ઋગ્વેદ

અને શતપથબ્રાહ્મણ બન્નેનો આધાર લઈને વામન–કથાને પોતાને અભીષ્ટ સ્વરૂપમાં આ પ્રમાણે પ્રસ્તુત કરી છેઃ "સ્વર્ગને જીતીને બલિ પોતે જ ઈન્દ્ર બની બેઠો અને દેવતાઓને હરાવીને સ્વર્ગમાંથી નસાડી મૂક્યા. દેવોની પ્રાર્થનાથી ભગવાને અદિતિના ગર્ભથી વામનરૂપે જન્મ લીધો. યજ્ઞ કરી રહેલા બલિ પાસે આવીને ત્રણ ડગલાં જમીન માગી. બલિના કુલગુરુ શુક્રાચાર્યે ના કહેવા છતાં બલિએ વામનની ઈચ્છા પૂર્ણ કરી. વામનરૂપ વિષ્ણુએ બે ડગલાંમાં જ પૃથ્વી અને સ્વર્ગને માપી લીધા અને ત્રીજું ડગલું બલિના મસ્તક પર રાખીને તેને પાતાળમાં ધકેલી દીધો."[૮૭] શ્રીમદ્ભાગવતપુરાણમાં નિર્દિષ્ટ આ કથા લગભગ બધાં જ પુરાણોમાં આ જ સ્વરૂપે પ્રસ્તુત થયેલી છે.[૮૮] અહીં નોંધનીય બાબત એ છે કે, શ્રીમદ્ભાગવતપુરાણ વામનને માટે મહદંશે વૈદિક વિશેષણોનો જ પ્રયોગ કરે છે. જેમ કે, વિષ્ણુને માતા અદિતિના ગર્ભમાં સ્થિત થયેલા જોઈ, બ્રહ્મા તેની સ્તુતિ કરતાં કહે છે :

**"जयोरुगाय भगवन्नुरुक्रम नमोऽस्तु ते ।**
**नमो ब्रह्मण्यदेवाय त्रिगुणाय नमो नमः ।।**
**नमस्ते पृश्निगर्भाय वेदगर्भाय वेधसे ।**
**त्रिनाभाय त्रिपृष्टाय शिपिविष्टाय विष्णवे ।।"**[૮૯]

અહીં પ્રસ્તુત 'ઉરુગાય', 'ઉરુક્રમ', 'પૃશ્નિગર્ભ', 'વેદગર્ભ', 'ત્રિનાભ', 'ત્રિપૃષ્ઠ', 'શિપિવિષ્ટ', 'બ્રહ્મણ્યદેવ' વગેરે જેવાં વિશેષણો સંપૂર્ણપણે વેદોનું જ અનુસરણ કરે છે.

શ્રીમદ્ભાગવતપુરાણમાં, આ કથા ૯ અધ્યાયોમાં, વિસ્તૃત રીતે આ પ્રમાણે વર્ણવાયેલી છેઃ[૯૦]

રાજા પરીક્ષિત શુકદેવજીને પ્રશ્ન કરે છે કે, "પોતે ઈશ્વર થઈ રાંકની જેમ શ્રીહરિએ, બલિરાજાની પાસે પૃથ્વીનાં ત્રણ પગલાં શા માટે માગ્યાં હતાં અને બલિરાજા પાસેથી ત્રણ લોક મેળવ્યા છતાં તેમણે તેને શા માટે બાંધ્યો હતો? ભગવાન યજ્ઞોના ઈશ્વર અને પૂર્ણ છે; છતાં તેમણે નિરપરાધી બલિરાજાને બાંધ્યો એ અમને મોટું આશ્ચર્ય લાગે છે, માટે એ જાણવા અમે ઈચ્છીએ છીએ."[૯૧]

આના પ્રત્યુત્તરમાં શુકદેવજી વિસ્તારથી વામન–અવતારની કથા કહે છે.

બલિરાજા દેવો સામેના યુદ્ધમાં પોતાની તમામ રાજ્યલક્ષ્મી હારી ગયો અને ઈન્દ્રે તેને પ્રાણરહિત કર્યો ત્યારે ભૃગુવંશી બ્રાહ્મણોએ તેને જીવિત કર્યો. ઉદાર મનવાળો તે બલિરાજા ભૃગુવંશી બ્રાહ્મણોનો શિષ્ય બની, એમને સર્વ પદાર્થો અર્પણ કરીને એમની સેવા કરતો હતો એટલે તેના પર પ્રસન્ન થયેલા મહાપ્રતાપી ભૃગુવંશી બ્રાહ્મણોએ સ્વર્ગ જીતવા ઈચ્છતા તે બલિરાજાનો વિધિપૂર્વક મહાભિષેકથી અભિષેક કર્યો અને તેની પાસે વિશ્વજિત્ યજ્ઞ કરાવ્યો. તે યજ્ઞમાં હવિષ દ્રવ્યોથી અગ્નિનું પૂજન કર્યું, એટલે તે અગ્નિમાંથી સોનાના પાટાઓથી જડેલો રથ, ઈન્દ્રના ઘોડાના જેવા રંગવાળા ઘોડા, સિંહના ચિહ્નથી શોભતી ધજા,

સુવર્ણથી જડેલું દિવ્ય ધનુષ્ય, અખૂટ બાણોથી ભરેલાં બે ભાથાં અને દિવ્ય બખ્તર વગેરે વસ્તુઓ પ્રકટ થઈ. વળી, બલિરાજાના દાદા પ્રહ્લાદે કદી કરમાય નહીં તેવા પુષ્પોવાળી એક માળા બલિરાજાને આપી અને શુક્રાચાર્યે શંખ આપ્યો. એમ બ્રાહ્મણોએ બલિરાજાને સર્વ યુદ્ધસામગ્રી મેળવી આપી અને તેઓએ જ તેની પાસે સ્વસ્વિાચન કરાવ્યું, એટલે બલિરાજાએ બ્રાહ્મણોને પ્રદક્ષિણા કરીને પ્રણામ કર્યા અને પ્રહ્લાદની આજ્ઞા માગી તેમને નમસ્કાર કર્યા. પછી મહારથી બલિરાજા ભૃગુઓએ અર્પણ કરયલા દિવ્ય રથમાં બેઠો. તે યજ્ઞકુંડમાં ઝળહળતા અગ્નિ જેવો શોભવા લાગ્યો. તે વેળા તેણે સુંદર માળા પહેરી હતી. બખ્તર, ધનુષ્ય, તલવાર તથા ભાથાંઓ પણ ધારણ કર્યાં હતાં. સુવર્ણના બાજુબંધ પહેરેલા હોવાથી તેના બાહુઓ શોભતા હતા અને તેના કાનમાં મકરાકાર કુંડળો ઝળકતાં હતાં. તેની આસપાસ પોતાની સમાન ઐશ્વર્ય, બળ તથા લક્ષ્મીવાળા અને દષ્ટિથી જાણે આકાશને પી જતા હોય તેમ જ દિશાઓને બાળી દેતા હોય તેવા પોતાના માંડલિકો તથા અસુર—સેનાપતિઓ વીંટળાઈ વળ્યા હતા. તે સમર્થ બલિરાજા અસુરોની મોટી સેનાને લઈ આકાશ તથા પૃથ્વીને જાણે કંપાવતો હોય, તેમ અત્યંત સમૃદ્ધિ—વાળી ઈન્દ્રની નગરી તરફ ગયો.[૯૨]

અસુર સેનાપતિ બલિરાજાએ ઈન્દ્રની તે નગરીને બહારથી સેના વડે ચોતરફ ઘેરી લીધી (**तां देवधानीं स वरूथिनीपतिर्बहिः समन्ताद् रुरुधे पृतन्यया** ।) અને ઈન્દ્રની સ્ત્રીઓને ભય ઉપજાવતાં તેણે આચાર્યે આપેલો શંખ વગાડયો. ઈન્દ્રે બલિરાજાનો તે મોટો ઉદ્યમ જાણ્યોઅને સર્વ દેવગણો સાથે બૃહસ્પતિ પાસે જઈ તેમને આ પ્રમાણે કહ્યુંઃ 'હે ભગવન્ ! આ મારા પૂર્વ વેરી બલિરાજાનો મોટો ઉદ્યમ છે. હું માનું છું કે, આ સમયે તે અસહ્ય છે, તો આપ કહો કે તે કયા તેજથી આવો બળવાન બન્યો છે? આ બલિરાજાને કોઈ પણ પુરુષ કોઈ પણ સ્થળેથી હાંકી કાઢવા સમર્થ નથી; કેમ કે સળગી ઉઠેલા પ્રલયકાળના અગ્નિની પેઠે (હમણાં) તે મુખથી આ જગતને જાણે પી જતો હોય, દશે દિશાઓને ચાટી જતો હોય તેમ જ દૃષ્ટિઓથી દિશાઓને બાળતો હોય તેવો જણાય છે. મારો શત્રુ આવો દુઃસહ થયો છે તેનું શું કારણ છે? તે આપ કહો. તેને આવું ઈન્દ્રિયસામર્થ્ય, અંતઃકરણનું સામર્થ્ય, દેહસામર્થ્ય તથા પ્રભાવ કયાંથી મળ્યાં કે જેને લીધે તેણે આવો મોટો ઉદ્યમ આરંભ્યો છે?"

ગુરુ બૃહસ્પતિ બોલ્યાઃ " હે ઈન્દ્ર ! આ શત્રુની ઉન્નતિનું કારણ હું જાણું છું. બ્રહ્મવેત્તા ભૃગુવંશી બ્રાહ્મણોએ પોતાના આ શિષ્યમાં તેજની વૃદ્ધિ કરી છે. આ વેળા ઈશ્વર શ્રીહરિ વિના તમારા જેવો બીજો કોઈ અથવા તમે પોતે પણ કાળની સામે મનુષ્યોની પેઠે આની આગળ ઊભા રહેવા સમર્થ નથી; માટે હમણાં તમે બધાં આ સ્વર્ગરૂપી સ્થાન છોડી કયાંક ચાલ્યા જાઓ અને જેનાથી શત્રુની પડતી થશે તે કાળની રાહ જુઓ. આ બલિને હમણાં બ્રાહ્મણોના બળને લીધે ઉત્તરોત્તર અધિક ફળ મળે છે અને તેનું પરાક્રમ પણ હમણાં મોટું છે; પરંતુ ભૃગુવંશી બ્રાહ્મણોનું જ

અપમાન કરી કુળપરિવાર સાથે તે નાશ પામશે." એ રીતે કાર્ય વસ્તુને બરાબર જાણતા પોતાના ગુરુ સાથે તે વખતનાં કાર્યોનો વિચાર કરી, ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા દેવો સ્વર્ગ છોડી જયાં ત્યાં ચાલ્યા ગયા. એ રીતે દેવો કયાંક છૂપાઈ ગયા એટલે વિરોચનના પુત્ર બલિરાજાએ દેવોની રાજધાનીમાં રહી ત્રણે જગતને વશ કર્યા. પછી શિષ્ય ઉપર પ્રેમ રાખનારા ભૃગુવંશી બ્રાહ્મણોએ વગતનો જય કરનારા અને પોતાને અનુસરનારા શિષ્ય બલિરાજા પાસે સો અશ્વમેધ યજ્ઞો કરાવ્યા. પછી એ યજ્ઞોના પ્રભાવથી ત્રણે ભુવનમાં ફેલાયેલી પોતાની કીર્તિને દશે દિશાઓમાં ફેલાવતો બલિરાજા ચન્દ્રમાની પેઠે શોભવા લાગ્યો અને મોટા મનવાળો તથા પોતાને કૃતકૃત્ય માનતો તે બ્રાહ્મણોએ અપાવેલી અતિ સમૃદ્ધ રાજયલક્ષ્મી ભોગવવા લાગ્યો."[૯૩]

આ પ્રમાણે પુત્રો નાસી ગયા અને દૈત્યોએ સ્વર્ગ પડાવી લીધું, ત્યારે દેવમાતા અદિતિ અનાથની પેઠે સંતાપ કરવા લાગી. એક સમયે કશ્યપઋષિ ઘણે લાંબે વખતે સમાધિમાંથી ઊઠી ઉત્સવ તથા આનંદથી રહિત અદિતિના આશ્રમમાં ગયા. અદિતિએ તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો એટલે કશ્યપઋષિએ ગરીબડા મોઢાવાળી પત્નીને 'પયોવ્રત' નામનું વ્રત કરવાની સલાહ આપતાં કહ્યું: "હે મંગળ સ્વરૂપ અદિતિ! તું બરાબર સંયમશીલ થઈ શ્રદ્ધાથી આ વ્રત કર, જેથી ભગવાન પ્રસન્ન થઈ તારા મનોરથો જલદી પૂરા કરશે."[૯૪]

પોતાના પતિના કહેવા પ્રમાણે અદિતિએ બાર દિવસ સુધી બરાબર સાવધાન રહી, તે વ્રત પૂર્ણ કર્યું અને ભગવાનની સુંદર સ્તુતિ કરી, એટલે કમળ જેવાં નેત્રોવાળા અને સર્વ પ્રાણીઓના આત્મા ભગવાને પ્રસન્ન થઈ, તેને આ પ્રમાણે કહ્યું: "હે દેવોની માતા! જેઓની રાજલક્ષ્મી શત્રુઓએ લઈ લીધી છે અને જેઓને પોતાના સ્થાનથી ભ્રષ્ટ કર્યા છે, તે પોતાના પુત્રોના સંબંધમાં તમે લાંબા કાળથી જે ઈચ્છા કરી છે તે મેં જાણી છે. તમે દુષ્ટ અને મદવાળા, તે મોટા અસુરોને યુદ્ધમાં જીતી જયલક્ષ્મી પામેલા પુત્રો સાથે રહેવા ઈચ્છો છો. અને ઇન્દ્ર જેઓમાં મોટો છે, એવા પોતાના પુત્રોએ યુદ્ધમાં મારેલા શત્રુઓની સ્ત્રીઓને મરેલા પતિઓની સમીપ આવી રડતી જોવા ઈચ્છો છો. તેમ જ યશલક્ષ્મી પાછી લાવી અત્યંત સમૃદ્ધિવાળા થયેલા પોતાના પુત્રોને સ્વર્ગમાં રહી રમતા જોવા ઈચ્છો છો. પણ હમણાં તે અસુરોના સેનાપતિઓ લગભગ ન જિતાય તેવા છે, એમ હું માનું છું; કારણ કે, જેઓને કાળ અનુકૂળ છે, તેવા બ્રાહ્મણો તેઓની રક્ષા કરે છે, માટે તેઓ સામે પરાક્રમ કરવું સુખદાયી નથી. તો પણ હે દેવી! તમે પુત્રોની રક્ષા માટે યથાયોગ્ય પયોવ્રત કરી મારું પૂજન અને સ્તુતિ કરેલ છે; માટે હું કશ્યપ ઋષિના તપમાં રહી મારા અંશથી તમારો પુત્ર બની તમારા પુત્રોની રક્ષા કરીશ."[૯૫]

ત્યારપછી, વાયુ જેમ લાકડાંમાં અગ્નિને સ્થાપે, તેમ તેમણે પોતાના મનને એકાગ્ર કરી, તપને લીધે ઘણા કાળથી એકઠા કરેલા વીર્યને અદિતિમાં સ્થાપ્યું. સમય જતાં જયારે તમામ નક્ષત્રો તથા ગ્રહો વગેરે ભગવાનના જન્મને અનુકૂળ હતા,

તેવા સમયે ભાદરવા સુદ બારસના દિવસે, અભિજીત નક્ષત્રમાં, સૂર્ય મધ્યાહ્નમાં હતો, ત્યારે ભગવાનનો જન્મ થયો. એ બારસ તિથિને વિદ્વાનો 'વિજયાદ્વાદશી' કહે છે.[૯૬] પછી અવ્યકત જ્ઞાનસ્વરૂપ શ્રીહરિએ કાંતિ, અલંકારો તથા આયુધોથી સ્પષ્ટ જે શરીર ધારણ કર્યું હતું, તે જ શરીરથી અદ્ભુત ચેષ્ટાવાળા એ ભગવાન કશ્યપ અને અદિતિના દેખતાં જ નટની પેઠે વામન બટુકના સ્વરૂપે થઈ ગયા. તે બટુક વામનને જોઈ, મહર્ષિઓ આનંદ પામ્યા. તેઓએ કશ્યપ પ્રજાપતિને આગળ કરી, તેના જાતકર્મ વગેરે સંસ્કારો કર્યા. પછી તે જગત્પતિનો ઉપનયન સંસ્કાર થયો ત્યારે સૂર્યદેવે ગાયત્રીનો ઉપદેશ કર્યો, બૃહસ્પતિએ જનોઈ આપ્યું, કશ્યપઋષિએ મુંજ—ઘાસનો કંદોરો, પૃથ્વીએ કાળું મૃગચર્મ, ઔષધિઓના પતિ ચન્દ્રમાએ દંડ અને માતા અદિતિએ કૌપિન આપ્યું. આકાશે છત્ર, બ્રહ્માએ કમંડલ, સપ્તર્ષિઓએ દર્ભ, સરસ્વતીએ જપમાળા, યક્ષરાજ કુબેરે ભિક્ષાપાત્ર અને અંબિકાદેવીએ તે બટુકને ભિક્ષા આપી. એમ સર્વથી સન્માન પામેલા તે સર્વશ્રેષ્ઠ બટુક બ્રહ્મર્ષિઓના સમૂહથી સુવાયેલી સભાને પોતાના બ્રહ્મતેજથી અત્યંત શોભાવવા લાગ્યા. પછી, તે બ્રાહ્મણ વામનજીએ ત્યાં સ્થાપેલા પ્રજ્જ્વલિત અગ્નિને પરિસમૂહન તથા પરિસ્તરણથી પૂજીને તેમાં સમિધોનો હોમ કર્યો.

તે પછી, બળવાન બલિરાજા ભૃગુવંશી બ્રાહ્મણોએ કરાવેલા અશ્વમેધ યજ્ઞો કરે છે, એમ સાંભળી સમગ્ર બળથી યુકત તે વામન ભગવાન પગલે પગલે ભારથી પૃથ્વીને નમાવતા ત્યાં ગયા. બલિરાજાના ભૃગુવંશી ઋત્વિજો નર્મદાના ઉત્તર કિનારે ભૃગુકચ્છ નામના ક્ષેત્રમાં બલ્લરાજા પાસે અશ્વમેધ મહાયજ્ઞ કરાવતા હતા. તેઓએ ઉદય પામેલા સૂર્ય જેવા તેજસ્વી વામનજીને ત્યાં જોયા. તે વખતે યજમાન બલિરાજા, ઋત્વિજો અને સભાસદો વામનજીના તેજથી નિસ્તેજ થયા અને વિચારવા લાગ્યા કે યજ્ઞનાં દર્શન કરવાની ઈચ્છાથી શું આ સૂર્ય, અગ્નિ કે સનત્કુમાર આવે છે? એમ ભૃગુવંશના બ્રાહ્મણો શિષ્યો સાથે અનેક પ્રકારના તર્કો કરતા હતા, તેવામાં, તે વામન ભગવાન દંડ, છત્ર અને જળ ભરેલા કમંડળને ધારણ કરતા અશ્વમેધના મંડપમાં દાખલ થયા. તેમણે મુંજ ઘાસનો કંદોરો પહેર્યો હતો, મૃગચર્મરૂપી ખેસ જનોઈની પેઠે શરીરે નાખ્યો હતો અને મસ્તક પર જટા ધારણ કરી હતી. તે વામનસ્વરૂપ બ્રાહ્મણને યજ્ઞમંડપમાં દાખલ થયેલા જોઈ, ભૃગુવંશી બ્રાહ્મણો તેમના તેજથી અંજાઈ ગયા. તેઓએ શિષ્યો સાથે ઊભા થઈ પાદ્ય, અર્ઘ્ય વગેરે આપી તેમનું સન્માન કર્યું. યજમાન બલિરાજાએ પણ દર્શન કરવા યોગ્ય, સુંદર તથા દર્શનીય અવયવોવાળા તે વામન ભગવાનને જોઈ, તેમને આસન આપ્યું અને 'સ્વાગતમ્' એમ અભિનંદન આપ્યા. તે બલિએ, આત્મારામ પુરુષના બન્ને ચરણો ધોઈ તેમની પૂજા કરીને આ પ્રમાણે કહ્યું: "હે બ્રહ્મન્! આપ ભલે પધાર્યા, અમે આપનું કયું કર્મ કરીએ? હે આર્ય! હું અપને બ્રહ્મર્ષિઓનું શરીર ધારણ કરનાર સાક્ષાત્ તપ જ માનું છું. આજે અમારા પિતૃઓ તૃપ્ત થયા, અમારું કુળ આજે પવિત્ર થયું અને આ યજ્ઞ આજે સારી રીતે સફળ થયો છે; કેમ કે, આપ

અમારે ઘેર પધાર્યા છો. ઓ બ્રાહ્મણપુત્ર! આજે આપની પધરામણીથી મારા અગ્નિઓમાં વિધિ પ્રમાણે ઉત્તમ હોમ થયો છે. આજે આપના ચરણ ધોયેલા જળ થી અમારાં પાપો નાશ પામ્યાં છે અને આપના નાજુક ચરણોથી આ ભૂમિ પવિત્ર થઈ છે. ઓ બટુક બ્રાહ્મણપુત્ર! તમારી જે ઈચ્છા હોય, તે તમે મારી પાસેથી માગી લો. તમે કંઈક માગવા ઈચ્છો છો એમ હું તર્ક કરું છું. હે મહાપૂજય બ્રાહ્મણ! ગાય, સોનું, યથેષ્ટ ભોગસાધનોવાળું ઉત્તમ ઘર, અન્ન, પાન, કન્યા, સમૃદ્ધિવાળાં ગામડાં, ઘોડા, હાથીઓ કે રથો, જે કંઈ તમારે જોઈએ તે માગી લો.''[૯૭]

બલિરાજાના આવાં વચનો સાંભળીને તે વામન ભગવાન બોલ્યાઃ ''હે રાજા! જેને પારલૌકિક ધર્મના વિષયમાં ભૃગુવંશી બ્રાહ્મણો તથા અત્યંત શાંત કુળવૃદ્ધ પ્રહ્લાદજી માન્ય છે, એવા તમારું આ વચન સત્ય હોઈ કુળને યોગ્ય, ધર્મયુકત અને યશ આપનારું છે. તમારા કુળમાં એવો કોઈ પણ નિઃસkવ કે દીન પુરુષ થયો નથી કે જેણે યાચક બ્રાહ્મણોને 'હું નહીં આપું' એમ કહ્યું હોય અથવા આપવાનું કબુલ કરી ન આપ્યું હોય!! વળી તમારા કુળમાં જેઓનું મન ઉદાર ન હોય અને ઉત્સાહરહિત હોય તેવા રાજાઓ થયા જ નથી કે, જેઓએ તીર્થક્ષેત્રમાં કે યુદ્ધમાં કોઈએ માગણી કરી હોય ત્યારે દાન આપવાની કે યુદ્ધ કરવાની ના કહી હોય! તમારા પિતા વિરોચન પ્રહ્લાદના પુત્ર હતા. તેઓ પણ બ્રાહ્મણો પર પ્રેમાળ હતા. એથી બ્રાહ્મોના વેશમાં આવેલા દેવોને 'આ બ્રાહ્મણો નથી પણ દેવો છે' એમ પોતે જાણવા છતાં તેઓની માગણીથી પોતાનું આયુષ્ય આપ્યું હતું. તમે પણ ગૃહસ્થી બ્રાહ્મણોએ પોતાના શૂરવીર પૂર્વજોએ તથા બીજા મોટી કીર્તિવાળા પુરુષોએ આચરેલા ધર્મો બરાબર પાળો છો. માટે હે દૈત્યેન્દ્ર! વર આપનારાઓમાં શ્રેષ્ઠ તમારી પાસેથી હું થોડી ભૂમિ માગું છું, તે એટલી કે મારા પગથી મપાયેલાં ત્રણ જ પગલાં. હે રાજન્! તમે જગતના ઈશ્વર અને મોટા દાતા છો, તો પણ તમારી પાસેથી હું બીજું કંઈ માગતો નથી; કેમ કે, પોતાને ઉપયોગ પૂરતી જ વસ્તુ રાખતો વિદ્વાન પાપમાં પડતો નથી.''[૯૮]

બલિરાજાએ કહ્યુંઃ અહો! આશ્ચર્ય! ઓ બ્રાહ્મણ બાળક! તમારી વાણી તો વૃદ્ધ પુરુષોને પણ માન્ય થાય તેવી છે; તો પણ તમે બાળક છો તેથી તમારી બુદ્ધિ અજ્ઞાનીઓ જેવી છે; તેથી જ તમે પોતાના સ્વાર્થને બરાબર સમજતા નથી. હું ત્રણે લોકનો એક માત્ર અધિપતિ છું અને મારી પાસે કોઈ બ્રાહ્મણ માગણી કરે તો એક દ્વીપ પણ આપી શકું છું; છતાં મને વચનોથી પ્રસન્ન કરી માત્ર ત્રણ જ પગલાં ભૂમિ જે માગે છે, તે બુદ્ધિહીન છે. હે બ્રહ્મચારી! જે મનુષ્ય એકવાર મારી પાસે કંઈક માગવા માટે આવી ગયો તેને પછી કદી બીજા કોઈની પાસે કંઈ પણ માગવાની જરૂર રહેતી નથી; માટે તમારી આજીવિકા ચાલે તેટલી ભૂમિ તમે મારી પાસેથી ખુશીથી લો.''[૯૯]

આના પ્રત્યુત્તરમાં વામન કહે છે કે,– ''હે રાજા! ત્રૈલોક્યમાં જેટલા અતિ પ્રિય વિષયો છે, તે બધાય મળે છતાં અજિતેન્દ્રિય મનુષ્યને તૃપ્ત કરી શકતા

નથી. જે મનુષ્ય ત્રણ પગલાં પૃથ્વીથી અસંતુષ્ટ રહે તેને નવ ખંડો સહિત આખા દ્વીપ વડે પણ તૃપ્ત કરી શકાય નહીં; કેમ કે, તેને એક દ્વીપ મળવાથી ફરી સાતે દ્વીપો માગવાની ઈચ્છા થાય છે. અમે સાંભળ્યું છે કે, પૃથુ, ગય વગેરે રાજાઓ સાત દ્વીપોના અધિપતિ હતા, છતાં તેઓની અર્થ તથા કામની તૃષ્ણા દૂર થઈ ન હતી. જે મનુષ્ય દૈવેચ્છાએ મળેલી વસ્તુથી સંતુષ્ટ રહે છે તે સુખી છે પણ અજિતેન્દ્રિય અને અસંતોષી મનુષ્યને ત્રણે લોક મળે તો પણ તે સુખી થતો નથી. પુરુષને અર્થ તથા કામનો આ અસંતોષ જ સંસારનું કારણ થાય છે અને દૈવેચ્છાએ મળેલી વસ્તુથી થતો સંતોષ મોક્ષદાતા થાય છે. દૈવેચ્છાએ મળેલી વસ્તુથી સંતુષ્ટ રહેતા બ્રાહ્મણનું તેજ વધે છે. પણ અસંતોષથી તો જળ વડે અગ્નિની પેઠે, તે બ્રહ્મતેજ શાંત થઈ જાય છે. માટે હે વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ! તમારી પાસેથી હું માત્ર ત્રણ પગલાં પૃથ્વી જ માગું છું''[૧૦૦]

વામનભગવાને આ પ્રમાણે કહ્યું એટલે હસતાં હસતાં ''**प्रतिगृह्यताम्**'' એમ કહી વામનભગવાનને પૃથ્વી આપવા જળપાત્ર હાથમાં લીધું. તે વેળા વિદ્વાનોમાં શ્રેષ્ઠ શુક્રાચાર્યે વિષ્ણુ ભગવાનની કર્તવ્યેચ્છા જાણી જઈ, વિષ્ણુને પૃથ્વી આપવા તૈયાર થયેલા પોતાના શિષ્યને કહ્યુંઃ ''ઓ રાજન્! આ અવિનાશી ભગવાન સાક્ષાત્ વિષ્ણુ છે. દેવોનું કાર્ય સાધવા કશ્યપથી અદિતિમાં તે જન્મ્યા છે. તે આ અનર્થ ન જાણીને પૃથ્વી આપવાની જે પ્રતિજ્ઞા કરી છે, તે ઠીક કર્યું નથી, એમ હું માનું છું. આ તો દૈત્યોને મહાન અન્યાય થવાનો પ્રસંગ આવ્યો છે. આ શ્રીહરિ માયા વડે બટુક બન્યા છે. તે તારું સ્થાન, ઐશ્વર્ય, લક્ષ્મી, તેજ અને પ્રખ્યાત યશ છીનવી લઈ ઈન્દ્રને આપી દેશે. આ ભગવાન જગત જેવડું શરીર કરી ત્રણ પગલાં વડે ત્રણે લોકને માપી લેશે. માટે ઓ મૂઢ! આ રીતે વિષ્ણુને બધું આપી દઈ તું તારી આજીવિકા કઈ રીતે ચલાવીશ?''[૧૦૧]

કુળના આચાર્ય શુક્રાચાર્યે આ પ્રમાણે કહ્યું ત્યારે ગૃહસ્થ બલિએ ક્ષણવાર ચૂપ રહી સાવધાન થઈ ગુરુને કહ્યું : ''આપ ભગવાને સત્ય કહ્યું છે. ગૃહસ્થોનો એ ધર્મ હોવો જોઈએ કે, જે અર્થ, કામ, યશ તથા આજીવિકાને કોઈ રીતે હરકત કરનાર ન થાય. પણ હું પ્રહ્લાદનો પૌત્ર થઈ 'આપીશ' એવી પ્રતિજ્ઞા કરીને ધુતારાની પેઠે ધનના લોભથી બ્રાહ્મણને શી રીતે ના પાડું?''[૧૦૨] ''માટે હું તો આ બટુકને તેનું ઈચ્છેલું આપીશ જ.''[૧૦૩]

આથી, પોતાના પ્રત્યે શ્રદ્ધારહિત થઈ પોતાની આજ્ઞા ન માનનારા અને સત્ય પ્રતિજ્ઞાવાળા તે મનસ્વી શિષ્ય (બલિરાજા) ને શુક્રાચાર્યે દૈવથી પ્રેરાઈને આવો શાપ આપ્યોઃ ''તું અજ્ઞાની છે છતાં પોતાને મહાપંડિત માને છે અને મારી ઉપેક્ષા કરી અભિમાની બની ગયો છે તથા મારી જ આજ્ઞા માનતો નથી, માટે થોડા સમયમાં તું રાજલક્ષ્મીથી ભ્રષ્ટ થઈશ.''[૧૦૪]

એમ ગુરુએ શાપ આપ્યો છતાં એ મહારાજા સત્યથી ડગ્યો નહીં. તેણે વામનજીની પૂજા કરી જળથી સંકલ્પ મૂકીને પૃથ્વીનું દાન કર્યું.[૧૦૫]

બીજી તરફ, યજ્ઞદિક્ષા લઈને બેઠેલા પોતાના સ્વામી બલિરાજા પાસેથી ત્રણ પગલાંને બહાને આખી પૃથ્વી પડાવી લીધેલી જોઈ અસુરો અત્યંત ક્રોધાવેશમાં આવી બોલી ઊઠ્યાઃ "આ વામન બ્રાહ્મણ નથી પણ માયાવીઓમાં શ્રેષ્ઠ ગણાતા વિષ્ણુ છે. તે બ્રાહ્મણવેશમાં ગુપ્ત રહી દેવોનું કાર્ય સાધવા ઈચ્છે છે. આ આપણા શત્રુએ બટુકનુ રૂપ લઈ, ત્રણ પગલાં પૃથ્વી માગીને 'યજ્ઞમાં કોઈને શિક્ષા નકરવી' એવી પ્રતિજ્ઞાવાળા આપણા સ્વામીનું બધું પડાવી લીધું છે. આપણા રાજા (બલિ) નિત્ય સત્યવ્રતધારી, બ્રાહ્મણભકત તથા દયાળુ હોઈ હમણાં તે યજ્ઞદિક્ષા લઈને બેઠા છે, તેથી તે અસત્ય ભાષણ કરી શકે તેમ નથી માટે આપણે જ આનો નાશ કરી નાખીએ, તે જ ધર્મ છે. તેમ કરવાથી આપણે આપણા રાજાની સેવા પણ કરી ગણાશે."[૧૦૬]

આમ કહી, બલિરાજાના સેવક અસુરોએ શસ્ત્રો હાથમા લીધાં અને તેઓ સર્વે ક્રોધે ભરાઈને, ત્રિશૂલો તથા પટ્ટિશો ધારણ કરી, બલિરાજાની ઈચ્છા ન હોવા છતાં વામનભગવાનને મારી નાખવા ધસ્યા. દૈત્યસેનાપતિઓને એમ ધસી આવતા જોઈને વિષ્ણુભગવાનના સેવકો હસ્યા અને તેમણે આયુધો ઉગામી દૈત્યોને અટકાવ્યા. નંદ, સુનંદ, જય, વિજય, પ્રબલ, બલ, કુમુદ, કુમુદાક્ષ, વિશ્વક્સેન, ગરુડ, જયંત, શ્રુતદેવ, પુષ્પદંત અને સાત્વત; એ બધા વિષ્ણુભગવાનના સેવકો દસ દસ હજાર હાથીઓ સમાન બળવાળા હોઈ, અસુરોની સેનાનો નાશ કરવા લાગ્યા. તે વેળા વિષ્ણુભગવાનના સેવકોથી નાશ પામતા પોતાના સેવકોને જોઈ બલિરાજાએ શુક્રચાર્યના શાપને યાદ કરી આવેશમાં આવેલા અસુરોને અટકાવ્યા. અને કહ્યું: "હે વિપ્રચિત્તિ! હે રાહુ! હે નેમિ! તમે મારું વચન સાંભળો. તમે લડો નહીં, પાછા ફરો. આ સમય આપણને અનુકૂળ નથી, હે દૈત્યો! જે કાળ સર્વ પ્રાણીઓને સુખ તથા દુઃખ આપવા સમર્થ છે, તેને પુરુષાર્થથી ઓળંગવા પુરુષ સમર્થ નથી. જે કાળ પહેલાં આપણને સુખ અને દેવોને દુઃખ આપતો હતો, તે જ કાળ ભગવાન આજે આપણાથી ઊલટો વર્તે છે. મનુષ્યબળથી, સલાહકારોથી, બુદ્ધિથી, કિલ્લાઓથી, મંત્રોથી, ઔષધિઓથી કે સામાદિ ઉપાયોથી કાળને ઓળંગી શકાતો નથી. તમે દૈવયોગે સમૃદ્ધિવાળા હતા ત્યારે વિષ્ણુના આ સેવકોને અનેકવાર જીત્યા છે, પણ તેઓ જ આજે સમય પલટાતાં યુદ્ધમાં આપણને જીતી ગર્જનાઓ કરે છે. આપણા ઉપર દૈવ પ્રસન્ન થશે, ત્યારે ફરી આપણે તેઓને જીતીશું, માટે આપણને અનુકૂળ હોય તેવા સમયની તમે રાહ જુઓ."[૧૦૭]

ત્યારપછી, તે (વામન) ભગવાને એક પગલાંથી બલિરાજાની પૃથ્વીને, શરીરથી આકાશને અને ભુજાઓથી સ્વર્ગને પણ માપી લીધું. પછી ત્રીજા પગલાં માટે બલિરાજાનું કંઈ પણ ન રહ્યું, ત્યારે ભગવાને તેને કહ્યું:

**“पदानि त्रिणि दत्तानि भूमेर्मह्यं त्वयासुर ।**
**द्वाभ्यां क्रान्ता मही सर्वा तृतीयमुपकल्पय ।।”**

અર્થાત્, "હે અસુર! તેં મને ત્રણ પગલાં પૃથ્વી આપી છે, તેમાંથી બે

પગલે મેં બધી ત્રિલોકી માપી લીધી છે, તો હવે ત્રીજું પગલું તૈયાર કર."[૧૦૮]

વામન ભગવાનનાં આવાં વચનો સાંભળીને બલિરાજાએ કહ્યું:

**"यद्युत्तमश्लोक भवान् ममेरितं वचो व्यलीकं सुरवर्य मन्यते ।**
**करोम्यृतं तन्न भवेत् प्रलम्भनं पदं तृतीयं कुरु शीर्ष्णि मे निजम् ।।"**

અર્થાત્, "હે ઉત્તમ કીર્તિવાળા દેવશ્રેષ્ઠ! મેં કહેલાં વચનને આપ અસત્ય માનો છો પણ હું તે વચનને સત્ય જ કરું છું, આપ પોતાનું ત્રીજું પગલું મારા મસ્તક પર મૂકો."[૧૦૯]

બલિરાજાનો આવો ભકિતભાવ જોઈને પ્રસન્ન થયેલા વામનરૂપ ભગવાન વિષ્ણુએ બલિરાજાને મુકત કરીને, તેને સુતલનું રાજય સોંપ્યું અને પોતે તેના દ્વારપાળ બનીને રહેવાનું વચન આપ્યું; ત્યારે શ્રીહરિ, બ્રહ્મા તથા શંકરને પ્રણામ કરી બંધનથી છૂટેલો બલિરાજા અસુરોની સાથે પ્રસન્ન થઈ સુતલમાં દાખલ થયો. આ પ્રમાણે, વામનભગવાને ઈન્દ્રને સ્વર્ગ પાછું લાવી આપી, અદિતિની કામના પૂર્ણ કરી અને પોતે ઉપેન્દ્ર બનીને આખા જગત ઉપર રાજય કર્યું હતું.[૧૧૦]

મત્સ્યપુરાણમાં આ કથાનો પ્રવાહ બે ધારામાં એક સાથે વહે છે. નૈમિષારણ્યમાં ઋષિઓ સૂતજીને આ કથા વિશે પ્રશ્ન કરે છે અને તેના પ્રત્યુત્તરમાં સૂતજી કહે છેઃ "હે ઋષિગણ! આ જ વૃત્તાંત વિશે પ્રાચીન સમયમાં જયારે દ્રૌપદી સાથેના સહવાસના નિયમનું ઉલ્લંઘન કરીને કરેલા પાપચરણના પ્રાયશ્ચિત માટે તીર્થયાત્રા કરી હતી, ત્યારે કુરુક્ષેત્રના વામનાયતનમાં અર્જુને તપસ્વી શૌનકને આ પ્રમાણે પૂછયું હતું."[૧૧૧] અર્જુનના પ્રશ્નના પ્રત્યુત્તરમાં શૌનક આ કથા કહે છે અને તેનું જ વર્ણન સૂતજી ઋષિઓ પાસે પણ કરી રહ્યા છે. કુલ ત્રણ અધ્યાયોમાં આ કથાને મત્સ્યપુરાણ વર્ણવે છે.[૧૧૨] શૌનક અર્જુનને કહે છે કે,—

**"पुरा निर्वासिते शक्रे सुरेषु विजितेषु च ।**
**चिन्तयामास देवानां जननी पुनरुद्भवम् ।।**
**अदितिर्देवमाता च परमं दुश्चरं तपः ।**
**तीव्रं चचार वर्षाणां सहस्रं पृथिवीपते ।।"**

અર્થાત્, "હે પૃથ્વીપતિ! પ્રાચીનકાળમાં જયારે દાનવોએ દેવોને પરાજિત કર્યા તથા ઈન્દ્ર પાસેથી તેનું પદ છીનવી લીધું, ત્યારે દેવતાઓની માતા અદિતિએ પોતાના પુત્રોની પુનઃ ઉન્નતિના વિષયમાં ચિંતા કરી, એક હજાર વર્ષો સુધી ઘોર તપસ્યા કરી."[૧૧૩]

એક હજાર વર્ષોની તપસ્યા બાદ અદિતિએ કરેલી સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવાને, તેની ઈચ્છા મુજબનું વરદાન માગવા કહ્યું; એટલે અદિતિએ આ પ્રમાણે કહ્યુંઃ "હે ભકતવત્સલ દેવ! જો આપ મારી ભકિતથી ખરેખર પ્રસન્ન થયા હો તો, મારો પુત્ર વાસવ, પુનઃ ત્રણે લોકનો સ્વામી બને! મહાન અસુરોએ છીનવી લીધેલું પોતાનું રાજય અને યજ્ઞભાગ આપના વરદાનથી મારો પુત્ર ફરીથી પાછાં મેળવે. હે કેશવ! મારા પુત્રનું છીનવાયેલું રાજય મને એટલું કષ્ટ

નથી આપતું; પરંતુ સાવકા પુત્રો દ્વારા છીનવી લેવામાં આવેલ મારા પુત્રોનો અધિકાર, મારા હૃદયને કષ્ટ આપે છે."[૧૧૪]

આના પ્રત્યુત્તરમાં શ્રીભગવાને કહ્યુંઃ "હે દેવિ! હું આપનું બધું જ ઈપ્સિત પૂર્ણ કરીશ તથા કશ્યપ દ્વારા તારા ગર્ભમાં મારા અંશથી જન્મ ધારણ કરીશ અને દેવતાઓના તમામ શત્રુઓનો નાશ કરીશ, માટે હે નંદિની! (ચિંતામાંથી) મુકત થાઓ."[૧૧૫]

આટલું કહીને ભગવાન તુરંત અંતર્ધાન થઈ ગયા. દેવતાઓની માતા અદિતિ પણ થોડા દિવસો પછી ગર્ભવતી બની. ભગવાન મધુસૂદનના ગર્ભવાસ અંગે મત્સ્યપુરાણકાર નોંધે છે કે,– "અદિતિ જે જે સ્થળેથી પસાર થતી હતી, તે તે સ્થાને ભારના કારણે પૃથ્વી નમી જતી હતી. એ ભગવાનના ગર્ભસ્થ થવાથી બધા જ દૈત્યોના તેજ સાવ મંદ પડી ગયા."[૧૧૬]

દૈત્યોને એ રીતે નિસ્તેજ થઈ ગયેલા જોઈને, બલિએ પોતાના પિતામહ પ્રહ્લાદને પૂછ્યું :

**"तात निस्तेजसो दैत्य निर्दग्धा इव वह्निना ।**
**किमेते सहसैवाद्य ब्रह्मदण्डहता इव ।।**
**अरिष्टं किं नु दैत्यानां किं कृत्या वैरिनिर्मिता ।**
**नाशायैषा समुद्भूता यया निस्तेजसोऽसुराः ।।"**

અર્થાત્, "હે તાત! બધા દૈત્યો અગ્નિથી બળેલા હોય તેમ નિસ્તેજ થઈ ગયા છે, એવું કયું કારણ છે કે, જેના કારણે આજે એકાએક જાણે કે બ્રહ્મદંડથી મારવામાં આવ્યા હોય, તેવા લાગે છે. શું આ દૈત્યો પર કોઈ અનિષ્ટ તો નથી આવી પડયું ને? કે પછી શત્રુઓ દ્વારા અમારા વિનાશને માટે કોઈ કૃત્યા છોડવામાં આવી છે? જેના પ્રભાવથી બધા તેજહીન થઈ ગયા છે."[૧૧૭]

દાનવરાજ બલિની આ વાત સાંભળીને ભગવાનના પરમ ભકત મહાત્મા પ્રહ્લાદે મનથી શ્રીહરિનું ચિંતન કર્યું અને યોગબળથી ધ્યાન દ્વારા ભગવાન વિષ્ણુ આ સમયે કયાં છે? તેની શોધ કરી. ધ્યાન દ્વારા પ્રહ્લાદે જેનામાં સાતેય લોકો વિરાજમાન હતા, એવા આદિ પ્રજાપતિ ભગવાન વિષ્ણુને અદિતિના ઉદરમાં જોયા. એક ક્ષણ પછી સ્વસ્થ થઈને તેણે પોતાના પુત્ર વિરોચનના પુત્ર બલિને કહ્યુંઃ

"હે વત્સ! જેનાથી તમારા તેજની હાનિ થઈ છે, તે કારણને મેં બરાબર જાણ્યું છે. હે મહાસુરેન્દ્ર! સમસ્ત સૃષ્ટિના ઉત્પત્તિકર્તા ભગવાન વિષ્ણુ પોતાની સોળેય કળાઓથી દેવતાઓની માતા અદિતિના ઉદરમાં પ્રવેશ્યા છે. એમણે જ પોતાના તેજથી તમારા બધાના શરીરોને નિસ્તેજ કરી દીધા છે."[૧૧૮]

આમ કહીને પ્રહ્લાદે શ્રીહરિનું માહાત્મ્ય કહી સંભળાવ્યું. પિતામહ પ્રહ્લાદના આવાં વચનો સાંભળીને બલિએ ગર્વભર્યા શબ્દોમાં કહ્યુંઃ "હે તાત! જેનાથી અમારા પર આ વિપત્તિ આવી પડી છે, તે આ હરિ વળી કોણ છે? મારી પાસે તો એ વાસુદેવ કરતાં પણ અધિક બળવાન સેંકડો દૈત્યો છે. વિપ્રચિત્તિ, શિબિ,

શંકુ, અયઃશંકુ, અયઃશિરા, અશ્વશિરા, ભઙ્ગકારી, મહાહનુ, પ્રતાપ, પ્રઘસ, શુંભ અને અતિ મુશ્કેલીથી જીતી શકાય એવો કુકર વગેરે શકિતશાળી દૈત્યો મારી સેનામાં છે. આ ઉપરાંત, અન્ય પણ સેંકડો દૈત્યો તથા દાનવો છે, જે મહાબળવાન, મહાન પરાક્રમી તથા સમસ્ત પૃથ્વીના ભારને ઉઠાવવાને સમર્થ છે, એ બધામાંથી કોઈ એકના અર્ધા પરાક્રમ જેટલો પણ કૃષ્ણ નથી."[૧૧૯]

દૈત્યપુંગવ પ્રહ્લાદ પોતાના પૌત્રની આવી દર્પોકિત સાંભળીને "ધિક્કાર છે, ધિક્કાર છે" એવું બોલીને, કહેવા લાગ્યો–

"મને લાગે છે કે, આ તમામ દાનવ તથા દૈત્યગણ વિનાશના મુખમાં જવાના છે. કેમ કે, તેઓને તારા જેવો અવિવેકી અને દુર્બુદ્ધિ રાજા મળ્યો છે. દેવાધિદેવ, મહાન તેજસ્વી અને અજન્મા ભગવાન વાસુદેવને, તારા જેવા પાપકર્મીને બાદ કરતાં અન્ય કોણ આવું કહી શકે? તેં જે દાનવો તથા દૈત્યોનાં નામો કહ્યાં છે, તે બધા મળીને ઉપરાંત, બ્રહ્મા સહિત સમસ્ત દેવગણ, સ્થાવર તથા જંગમ સંપૂર્ણ જગત, તું, હું અને પર્વતો, વૃક્ષો, સમુદ્રો, દ્વીપો સહિત તમામ લોકો પણ ભગવાન કેશવની સમાનતા નથી કરી શકતા. તારા જેવા અવિવેકી, વિનાશોન્મુખ, કુબુદ્ધિ, અજિતાત્મા, વૃદ્ધોના શાસનને ન માનનાર સિવાય આવી અવિવેકપૂર્ણ વાત બીજું કોણ કરી શકે? હું ખરેખર શોક કરવાને યોગ્ય છું કે, જેને ત્યાં તારા નીચ પિતા જેવો પુત્ર જન્મ્યો અને તેને ત્યાં તારા જેવો દેવાધિદેવનો નિંદક પુત્ર ઉત્પન્ન થયો. એ મહાત્મા કૃષ્ણથી વધીને આ સંસારમાં મારો અન્ય કોઈ પ્રિય વિષય નથી અને હે મુર્ખ! આ વાતને સંપૂર્ણ સંસાર જાણે છે પણ તું નથી જાણતો. ભગવાન કૃષ્ણ મને મારા પ્રાણોથી પણ પ્રિય છે, એ તું જાણતો હોવા છતાં એમની નિંદા કરીને તેં મારું અપમાન કર્યું છે. આથી હું તને શાપ આપું છું કે, 'તું રાજયભ્રષ્ટ થા, તારું પતન થાઓ."[૧૨૦]

દૈત્યપતિ બલિએ પિતામહનાં આવાં શાપવચનો સાંભળીને તેને વારંવાર પ્રણામ કરીને પ્રસન્ન કર્યા. ત્યારબાદ ભગવાન વામનનો જન્મ થયો. લોકપિતામહ બ્રહ્માએ તેનો જાતસંસ્કાર કરી, સ્તુતિ કરી. પ્રસન્ન થયેલા ભગવાન વામને કહ્યુંઃ **"यथा शक्राय दास्यामि त्रैलोक्यं हतकण्टकम् ।"** અર્થાત્, "શત્રુઓનો વિનાશ કરીને હું ઈન્દ્રને આ ત્રિલોકનું રાજય સમર્પિત કરીશ."[૧૨૧] ભગવાને જયારે આ પ્રમાણે કહ્યું ત્યારે, બ્રહ્માએ તેને કૃષ્ણમૃગચર્મ, બૃહસ્પતિએ યજ્ઞોપવિત, મહર્ષિ મરીચિએ પલાશદંડ, વસિષ્ઠે કમંડળ, અંગિરાએ દર્ભાસન તથા વેદ, પુલહે અક્ષસૂત્ર તથા પુલસ્ત્યે શ્વેત વસ્ત્રો આપ્યાં. આ પ્રમાણે જટા, દંડ, છત્ર, કમંડળ તથા દેવતાઓના તેજથી સંપન્ન બનીને વામનભગવાને બલિની યજ્ઞભૂમિ તરફ પ્રયાણ કર્યું. દૈત્યોના ગુરુ શુક્રાચાર્યે એમના આગમન પૂર્વે, એમના આવવાના હેતુને ધ્યાન દ્વારા જાણીને બલિને ચેતવ્યો; પરંતુ તેની તમામ દલિલોનું ખંડન કરીને બલિએ કહ્યું કે,– **"एतद्विदित्वा न गुरो दानविघ्नकरेण मे । त्वया भाव्यं जगन्नाथे गोविन्दे समुपस्थिते ।।"** અર્થાત્, "હે ગુરુ! આવું જાણીને

મારા યજ્ઞમાં (તે) જગન્નાથ ગોવિંદના ઉપસ્થિત થવાથી, આપ દાનકર્મમાં કોઈપણ પ્રકારનું વિઘ્ન ઉત્પન્ન ન કરશો.''[૧૨૨] બલિરાજા શુક્રાચાર્યને આવું કહી રહ્યા હતા, ત્યાં જ માયાથી વામનરૂપ ધારણ કરેલ ભગવાન ત્યાં પહોંચી ગયા. યજ્ઞમંડપમાં ઉપસ્થિત થયેલ તેમને જોઈને બધા જ અસુરસભાસદો એમના તેજથી નિષ્પ્રભ થઈને ક્ષોભિત થઈ ગયા. એ વિશાલ યજ્ઞમાં પધારેલા મુનિઓ ભગવાનનું નામ જપવા લાગ્યા, બલિએ તો પોતાનું સમસ્ત જીવન સફળ માન્યું. આખી સભા ક્ષુબ્ધ થઈ ગઈ, પરંતુ વિનીતભાવથી ઊભેલ બલિ અને મુનિવરોને જોઈને, તે ભગવાને યજમાન બલિ, તેના પુરોહિતો, યજ્ઞકર્મમાં ઉપસ્થિત અધિકારીઓ, દ્રવ્ય અને સંપત્તિ તથા યજ્ઞાગ્નિની ખૂબ જ પ્રશંસા કરી. વામન ભગવાનને અતિ પ્રસન્ન મુખે યજ્ઞમંડપમાં ઊભેલાં જોઈ, બધા 'સાધુ, સાધુ' કહેવા લાગ્યા. બલિ પણ, હાથમાં અર્ઘ્યનું જળ લઈને પુલકિત થઈને કહેવા લાગ્યોઃ

''સુવર્ણ તથા રત્નોનો સમૂહ, અસંખ્ય હાથી અને ઘોડાઓનો સમૂહ, સ્ત્રીઓ, વિવિધ પ્રકારના વસ્ત્રાલંકારો, અસંખ્ય ગામો અથવા મારું સર્વસ્વમાંથી આપને જે કોઈ વસ્તુની અભિલાષા હોય, તે મને કહો.''[૧૨૩]

દૈત્યપતિ બલિની આવી પ્રેમભરી વાતો સાંભળીને, હસીને વામનરૂપધારી ભગવાન બોલ્યાઃ

**''ममाग्निशरणार्थाय देहि राजन्पदत्रयम् ।**
**सुवर्णग्रामरत्नानि तदर्थिभ्यः प्रदीयताम् ।।''**

અર્થાત્, ''હે રાજન! સુવર્ણ, ગામ અને રત્નો તેના જે યાચકો હોય, તેને આપ, મને મારા અગ્નિની રક્ષાને માટે ત્રણ પગલાં ભૂમિ આપ.''[૧૨૪]

બલિએ કહ્યુંઃ ''હે પદધારીઓમાં શ્રેષ્ઠ! માત્ર ત્રણ પગલાંથી આપનું શું થશે? આપે તો લાખો પગલાંની માગણી કરવી જોઈએ.''[૧૨૫]

વામને કહ્યુંઃ ''હે દૈત્યપતિ! હું ધર્મબુદ્ધિથી એટલામાત્રથી જ કૃતાર્થ થઈ જઈશ. અન્ય યાચકોને આપ આપની ઈચ્છા મુજબ ધનાદિ અપો.''[૧૨૬]

વામનની આવી વાત સાંભળીને મહાબાહુ બલિએ વામનને ત્રણ પગલાં ભૂમિ આપવાનું સ્વીકાર્યું અને જેવું સંકલ્પનું જળ ભૂમિ પર પડયું કે તુરંત જ વામનભગવાન વિરાટરૂપમાં પરિવર્તિત થઈ ગયા. એ યજ્ઞપુરુષના સ્તનો તથા પડખાંઓમાં વેદોનો નિવાસ હતો, ઉદરમાં મહાયજ્ઞ, ઈષ્ટિઓ, પશુઓનાં બલિદાનો અને બ્રાહ્મણોની ક્રિયાઓ હતી. મહાબળવાન દૈત્યગણ ભગવાનના એ સર્વદેવમય શરીરને જોઈને અગ્નિમાં પતંગિયાની જેમ તેના પર તૂટી પડયાપ ત્યારે પરમાત્માએ એ તમામ અસુરોને પગના તળિયાથી અને હાથની હથેળીથી મસળી નાખ્યા અને હતું, તેના કરતાં પણ વિશાલ શરીર ધારણ કરીને શીઘ્ર જ આખી પૃથ્વીને તેમાં સમાવી લીધી. ભૂલોકમાં વધતાં ભગવાનના શરીરમાં ચન્દ્રમા અને સૂર્ય સ્તનોની વચ્ચે આવી ગયા અને તેનાથી પણ વિશાળ શરીર ધારણ કરતાં, તે બન્ને નાભિ પ્રદેશ તથા ઉરુભાગમાં આવી ગયા. તેનાથી પણ અધિક

ઉપર વધી રહેલાં ભગવાનના ઘૂંટણના મધ્યભાગમાં સૂર્ય તથા ચદ્રમા સ્થિત થયા.

આ પ્રમાણે, દેવતાઓના પાલનને માટે ભગવાને ત્રણે લોકોને જીતીને તથા અસુરપતિઓને મારીને, પુરંદરને ત્રણેય લોકોનું રાજય સોંપ્યું અને પૃથ્વીની નીચે સુતલ નામનો પાતાલલોક બલિને આપ્યો.[૧૨૭]

આ રીતે, મત્સ્યપુરાણ તથા શ્રીમદ્ભાગવતપુરાણમાં પ્રસ્તુત વામનકથાનો અભ્યાસ કરતાં જણાય છે કે, વામનરૂપધારી વિષ્ણુ અને વિરોચનપુત્ર બલિની વચ્ચે કોઈ જ ગણનાપાત્ર સંગ્રામ લડાયેલો નથી. છતાં, આ સંગ્રામ 'વામન–બલિબંધનસંગ્રામ' તરીકે ઓળખાય છે. વસ્તુતઃ 'સંગ્રામ' શબ્દ અહીં 'રાજયસત્તા પ્રાપ્ત કરવી' ના અર્થમાં પ્રયોજાયો હોય, તેમ જણાય છે. જો કે, આ પ્રસંગે કોઈ જ સંગ્રામ થયો ન હતો, એવું પણ નથી. આપણે આગળ જોયું તેમ, પોતાના સ્વામી બલિને માયાવી વિષ્ણુથી છેતરાયેલ જોઈને, વિપ્રચિતિ, રાહુ, નેમિ વગેરે બલિના સેવક–અસુરો અને નંદ, સુનંદ, જય, વિજય, બલ, પ્રબલ, કુમુદ, કુમુદાક્ષ, ગરુડ, જયંત, પુષ્પદંત, સાત્વત, વિશ્વક્સેન, શ્રુતદેવ વગેરે ભગવાન વિષ્ણુના સેવકો વચ્ચે યુદ્ધ લડાયું હોવાનો ઉલ્લેખ શ્રીમદ્ભાગવતપુરાણમાં છે; પરંતુ તે યુદ્ધમાં વિષ્ણુના પાર્ષદો જ એકદમ સરળતાથી વિજય પ્રાપ્ત કરી લે છે. જયારે કે, મત્સ્યપુરાણમાં એ બધા અસુરોને, વામન સ્વયં પોતાના પગ તેમજ હાથની હથેળીથી મસળી નાખે છે; પરંતુ કયાંય પણ વામન અને બલિ વચ્ચેના યુદ્ધનો ઉલ્લેખ નથી. બલિ સમગ્રતયા ભગવદ્ભકતના રૂપમાં પ્રસ્તુત થયેલો છે. અસુરો સાથેના યુદ્ધને કાયમ રાખી તથા તેના અધિપતિ બલિને ભગવાનનો ભકત ચિતરીને વિષ્ણુના માહાત્મ્યને વધારવાની પુરાણકારની યુકિત અહીં સુપેરે દષ્ટિગોચર થાય છે. વૈદિક સાહિત્યમાંથી પ્રાપ્ત થયેલી માહિતીને પુરાણકારે એ પ્રમાણે પોતાને અનુકૂળ બનાવીને પ્રસ્તુત કરી છે.

સમય–કાળની દષ્ટિએ 'બલિબંધન' ની ઘટના કૃતયુગથી પૂર્વકાળની હોવાનું જણાય છે. સ્કંદપુરાણ પ્રમાણે, બલિએ વામનને દાન આપ્યું, તે દિવસ કાર્તિકમાસની શુક્લ પ્રતિપદા (એકમ) નો દિવસ હતો અને એ દિવસને ચિરસ્મરણીય રાખવા માટે વામને બલિને વરદાન આપેલું કે, "આ દિવસ બલિપ્રતિપદા' તરીકે પ્રસિદ્ધ બનશે અને આ દિવસે લોકો તારી પૂજા કરશે."[૧૨૮]

આ અંગે મ.મ. સિદ્ધેશ્વરશાસ્ત્રી ચિત્રાવનું મંતવ્ય છે કે,–

**“विष्णु द्वारा बलि के ‘पातालबंधन’ की पुराणों में दी गयी कथा ऐतिहासिक एवं काफी प्राचीन प्रतीत होती है । पतंजलि के व्याकरण महाभाष्य में इस कथा का निर्देश प्राप्त हैं (पा. सूत्र, ३/१/२६) । पतंजलि के अनुसार बलि का पातालबंधन काफी प्राचीन काल में हुआ था ; फिर भी उसका निर्देश महाभाष्यकाल में ‘बलिम् बन्धयति’ इस वर्तमानकालीन रूप में किया जाता था ।”**[૧૨૯]

વાલ્મીકિ રામાયણમાં પણ બલિના પાતાલનિવાસની એક રોચક

કથા આપવામાં આવી છેઃ 'એકવાર લંકેશ્વર રાવણે બલિ પાસે આવીને કહ્યું, 'હું આપની મુકિતને માટે આવ્યો છું, તમે અમારી સહાયતા પ્રાપ્ત કરીને વિષ્ણુના બંધનોથી મુકત થઈ શકો છો. આ સાંભળીને બલિએ, દૂર પડેલા અને અગ્નિની માફક ચમકતા હિરણ્યકશિપુના કુંડળને ઉઠાવીને લાવવાનું રાવણને કહ્યું. રાવણે તે કુંડળને ઉઠાવવાનો ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ બેહોશ થઈને નીચે પડયો અને મુખમાંથી રકતધાર વહેવા લાગી. બલિએ તેને હોશમાં લાવીને, સમજાવતાં કહ્યુંઃ ''મારા પિતામહ હિરણ્યકશિપુ આ કુંડળ ધારણ કરતા હતા અને તેને તું ઉઠાવી પણ ન શકયો. મહાપરાક્રમી ભગવાન વિષ્ણુ દ્વારા જ મારા એ પિતામહનો વધ કરવામાં આવેલો, એ વિષ્ણુને તું કયા બળથી પડકારીને મને મુકત કરીશ. તે વિષ્ણુ પરમ શકિતમાન અને બધાના સ્વામી છે.'' આમ કહીને બલિએ તે (રાવણ) ને વિષ્ણુલીલાનું માહાત્મ્ય સંભળાવ્યું.[૧૩૦]

મહાભારત પ્રમાણે, રાજયભ્રષ્ટ થયા પછી બલિને ગર્દભયોનિની પ્રાપ્તિ થયેલી. તેણે બ્રાહ્મણોની સાથે ગર્વપૂર્ણ વર્તાવ કરેલો, પરિણામે લક્ષ્મીએ તેનો ત્યાગ કર્યો.[૧૩૧] મહાભારતમાં જ અન્યત્ર એવો નિર્દેશ પણ મળે છે કે, મૃત્યુ પછી બલિ વરુણની સભામાં અધિષ્ઠિત થયો.[૧૩૨]

'યોગવસિષ્ઠ' જેવા વેદાન્તના ગ્રંથમાં પણ અનાસકિતનું પતિપાદન કરવાને માટે બલિની કથા દષ્ટાંતરૂપે આપવામાં આવેલ છે.[૧૩૩]

સ્કંદપુરાણમાં બાષ્કલિ નામના એક દૈત્યની કથા આપવામાં આવેલી છે, જે બલિની કથા સાથે એકદમ મળતી આવે છે.[૧૩૪] આ જ પુરાણમાં બલિના પૂર્વજન્મની કથા પણ આપવામાં આવી છે, જે પ્રમાણે, પૂર્વજન્મમાં તે એક કિતવ હતો.[૧૩૫]

અન્ય પુરાણો પ્રમાણે, બલિપ્રતિપદાના દિવસે બલિની ઉપાસના કરવામાં આવે છે, તે સમયે નીચે પ્રમાણેની બલિસ્તુતિનો પાઠ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છેઃ

**“बलिराज नमस्तुभ्यं विरोचनसुत प्रभो ।**
**भविष्येन्द्रं सुराराते पूजेयं प्रतिगृह्यताम् ।।”**[૧૩૬]

મહાભારત અનુસાર, શ્રદ્ધારહિત અને દોષદષ્ટિથી કરવામાં આવેલ નિકૃષ્ટ પ્રકારના દાનનો સ્વામી બલિને માનવામાં આવે છે.[૧૩૭]

દેવીભાગવતમાં જણાવ્યા પ્રમાણે, કોઈપણ પ્રકારનું ધાર્મિકકર્મ દક્ષિણા આપ્યા સિવાય કરવામાં આવે તો, તે કર્મ દેવો સુધી ન પહોંચતા બલિ તેનો સ્વામી બની જાય છે. એ જ રીતે, શ્રદ્ધારહિત દાન, અધમ બ્રાહ્મણ દ્વારા કરવામાં આવેલો યજ્ઞ, અપવિત્ર પુરુષનું પૂજન, અશ્રોત્રીય દ્વારા કરવામાં આવેલ શ્રાદ્ધકર્મ, શૂદ્ર સ્ત્રીની સાથે સંબંધ રાખનાર બ્રાહ્મણને આપવામાં આવેલ દ્રવ્યદાન, શ્રદ્ધારહિત શિષ્ય દ્વારા કરવામાં આવેલી ગુરુસેવા વગેરે ધર્મકૃત્યોનું ફળ ઉપાસકને નહીં પણ બલિને પ્રાપ્ત થાય છે.[૧૩૮]

દૈત્યરાજ બલિ મહાન તkવજ્ઞાની હતો. તkવજ્ઞાનીના રૂપમાં તેના અનેક સંવાદો મહાભારતમાંથી પ્રાપ્ત થાય છે. રાજા પોતાની રાજલક્ષ્મી કઈ રીતે ખોઈ બેસે છે, તે અંગે તેનો તથા ઈન્દ્રનો સંવાદ;[૧૩૯] તેના પિતામહ પ્રહ્લાદ સાથેનો 'ક્ષમા શ્રેષ્ઠ કે તેજ શ્રેષ્ઠ' વિષયક સંવાદ[૧૪૦] તથા દૈત્યગુરુ શુક્રાચાર્યની સાથેનો ઉપાસનામાં પુષ્પ તથા ધૂપદીપ સંબંધી સંવાદ.[૧૪૧]

બલિરાજાને બે પત્નીઓ હોવાના ઉલ્લેખો મળે છેઃ (૧) વિંધ્યાવલી[૧૪૨] તથા (૨) અશના કે જેનાથી તેને બાણ વગેરે સો પુત્રો જન્મ્યા હતા.[૧૪૩] શ્રીમદ્–ભાગવતપુરાણમાં તેને કોટરા નામની એક અન્ય પત્ની હોવાનો પણ ઉલ્લેખ છે.[૧૪૪] બલિના સો પુત્રોમાં સહસ્રબાહુ બાણ, કુંભનાભ, કુષ્માંડ, મુર, દય, ભોજ, કુશિ, ગર્દભાક્ષ વગેરે પ્રસિદ્ધ હતા[૧૪૫] મહાભારતમાં કેવળ બલિપુત્ર બાણનો જ નિર્દેશ મળી આવે છે.[૧૪૬] પુરાણોમાં બલિની શકુની, પૂતના વગેરે કન્યાઓના ઉલ્લેખ પણ મળી આવે છે.[૧૪૭] શ્રીમદ્ભાગવતપુરાણ[૧૪૮] તથા વામનપુરાણ[૧૪૯] જેવાં પુરાણોમાં તથા મહાભારતમાં તેની માતાનું નામ 'દેવી' આપવામાં આવ્યું છે, જયારે કે, સ્કંદપુરાણમાં તેની માતાનું નામ 'સુરુચિ' દર્શાવેલ છે.[૧૫૦]

બલિ દૈત્યોનો રાજા હતો.[૧૫૧] દૈત્યરાજ હોવા છતાં પણ તે અત્યંત આદર્શ, સkવશીલ અને પરમ વિષ્ણુભકત સમ્રાટ હતો.[૧૫૨] દૈત્યો તથા તેના રાજાઓને પુરાણો, રામાયણ તથા મહાભારતાદિમાં મહદંશે અસંસ્કૃત, જંગલી અને અતિક્રુરના રૂપમાં ચિતરવામાં આવે છે. પરંતુ બલિ, બાણ અને ગયાસુર– આ ત્રણ દૈત્યસમ્રાટો પરમ વિષ્ણુભકત કે શિવભકતના રૂપમાં નિર્દિષ્ટ થયેલા છે અને તે છતાં દેવોએ એમની સાથે ક્રૂરતાભર્યો વ્યવહાર કર્યો હતો. એટલું જ નહીં, અંતે અત્યંત ઘૃણાસ્પદ રીતે તેનો નાશ કર્યો હતો. આથી એમ કહી શકાય કે, દેવો અને દૈત્યોનો પ્રાચીન વિરોધ કેવળ સત્ અને અસત્ વચ્ચેનો જ વિરોધ ન હતો; પરંતુ બે વિભિન્ન જાતિના લોકોનો સંઘર્ષ હતો, જેના પરિણામ સ્વરૂપે બલિ, બાણાસુર અને ગયાસુર જેવા દૈત્યસમ્રાટોનો ફકત પોતાના વિપક્ષમાં હોવાથી જ દેવોએ નાશ કર્યો હતો. 'બલિબંધન–સંગ્રામ' આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

## ૩:૪, વારાહસંગ્રામ

વરાહ—અવતારનો અસ્પષ્ટ નિર્દેશ વૈદિક સાહિત્યમાં ઘણી જગ્યાએ પ્રાપ્ત થાય છે; પરંતુ ત્યાં એક પણ સ્થાને વરાહ—અવતાર વિષ્ણુનો હોવા વિશે કહ્યું નથી. ઋગ્વેદમાં ઇન્દ્ર દ્વારા વરાહનો વધ કરવામાં આવ્યો હોવાની વાત કહી છે.[૧૫૩] તૈત્તિરીયસંહિતામાં પ્રજાપતિએ વરાહનું રૂપ લીધું હોવાનો નિર્દેશ છે. પૃથ્વીની ઉત્પત્તિની પૂર્વે પ્રજાપતિ વાયુનું રૂપ ધારણ કરીને અંતરીક્ષમાં ફરી રહ્યા હતા, તે સમયે તેમણે સાહજિકરૂપે જ જળમાં ડૂબેલી પૃથ્વીને જોઈને વરાહનું રૂપ ધારણ કરી, જળમાં પ્રવેશ કર્યો અને ડૂબેલી પૃથ્વીને ઉપર ઉઠાવી. ત્યારપછી, તેણે પૃથ્વીને લૂછીને સાફ કરી અને તેમાં દેવ, મનુષ્યાદિનું નિર્માણ કર્યું.[૧૫૪] તૈત્તિરીય—બ્રાહ્મણમાં આ કથા થોડી અલગ રીતે પ્રસ્તુત થયેલી છે. તદનુસાર, બ્રહ્માના નાભિકમળના નીચલા ભાગમાં સ્થિત કીચડને પ્રજાપતિ વરાહનું રૂપ ધારણ કરીને ક્ષીરસાગરમાંથી ઉપર લાવ્યા અને તેને બ્રહ્માના નાભિકમળની પાંખડીઓ પર પાથરી દીધો. સમય જતાં એ કીચડે જ પૃથ્વીનું રૂપ ધારણ કર્યું.[૧૫૫]

પુરાણોમાં નિર્દિષ્ટ વિષ્ણુના અવતારો મહદંશે 'વરાહાવતાર' થી જ પ્રારંભાય છે. વિષ્ણુનો આ અવતાર વારાહકલ્પના પ્રારંભમાં થયો હોવાનું વાયુપુરાણ નોંધે છે.[૧૫૬] પુરાણગ્રંથો અનુસાર, હિરણ્યાક્ષ નામનો એક અસુર પૃથ્વીનું હરણ કરીને તેને પાતાલલોકમાં લઈ ગયેલો. એ સમયે વિષ્ણુએ વરાહનું રૂપ ધારણ કરીને, પોતાના એક જ દાંતથી પૃથ્વીને ઉપર ઉઠાવીને, તેને સમુદ્રની બહાર કાઢેલ અને તેની સ્થાપના શેષનાગના મસ્તક પર કરી. ત્યારપછી તેણે હિરણ્યાક્ષનો પણ વધ કરેલો.[૧૫૭] જે સ્થાને વરાહે પૃથ્વીનો ઉદ્ધાર કરેલો, તે સ્થાનને 'વારાહતીર્થ' કહે છે.[૧૫૮] વરાહપુરાણાનુસાર, આ 'વરાહક્ષેત્ર' કે 'કોકામુખક્ષેત્ર' બંગાળમાં ત્રિવેણી નદીના તટ પર આવેલ નાથપૂરગ્રામની પાસે આવેલ છે.[૧૫૯] હિરણ્યાક્ષના વધ પછી વિષ્ણુએ તેનું વિધિપૂર્વક શ્રાદ્ધ પણ કર્યું હોવાનું મહાભારત નોંધે છે.[૧૬૦] વિષ્ણુના દસ અવતારોમાંથી મત્સ્ય, કૂર્મ અને વરાહને 'દિવ્ય' અર્થાત્, માનવજાતિની ઉત્પત્તિ પૂર્વેના માનવામાં આવે છે. વિષ્ણુના માનુષી અવતારો અર્ધમનુષ્ય—નૃસિંહથી અને વામનથી પ્રારંભાય છે. આનાથી એવું પ્રતીત થાય છે કે, મત્સ્ય, કૂર્મ અને વરાહ અવતાર પૃથ્વીની એ અવસ્થામાં ઉત્પન્ન થયેલા કે જયારે પૃથ્વી પર કોઈપણ મનુષ્યપ્રાણીનું અસ્તિત્વ ન હતું. પ્રાણીજાતિની ઉત્ક્રાંતિની દષ્ટિએ પણ મત્સ્ય, કૂર્મ અને વરાહનો ક્રમ ઉચિત જણાય છે. કેમકે, પ્રાણીશાસ્ત્ર અનુસાર, સૃષ્ટિમાં સર્વપ્રથમ જલચરપ્રાણી (મત્સ્ય) ઉત્પન્ન થયેલાં અને ત્યારપછી ક્રમશઃ જમીન પર ઘસાઈને ચાલનારાં (કૂર્મ) તથા સ્તનોવાળાં (વરાહ) અને અંતે મનુષ્યજાતિનું નિર્માણ થયું. આ પ્રમાણે, પુરાણોમાં નિર્દિષ્ટ વિષ્ણુના દૈવી અવતારો પ્રાણીજાતિની ઉત્ક્રાંતિનાં ક્રમશઃ વિકસિત થનારાં રૂપો પ્રતીત થાય છે.

પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ, પ્રાણીજાતિની ઉત્પત્તિની પૂર્વે સમગ્ર સૃષ્ટિ જળમય હતી, જેનાં કીચડમાં સર્વપ્રથમ પ્રાણીજાતિની ઉત્પત્તિ થઈ. તદનુસાર જોઈએ તો, પ્રજાપતિએ વરાહનું રૂપ ધારણ કરીને સમુદ્રનો બધો જ કીચડ પાણીમાંથી બહાર કાઢયો અને એ જ કીચડમાંથી પહેલાં પૃથ્વીનું અને પછી પૃથ્વીની પ્રાણીસૃષ્ટિનું સર્જન કર્યું. તૈત્તિરીયબ્રાહ્મણમાં નિર્દિષ્ટ કલ્પના ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિએ સુયોગ્ય પ્રતીત થાય છે.

વૈદિક સાહિત્યમાં સર્વત્ર બ્રહ્માને સૃષ્ટિનું સર્જન કરનાર દેવતા માનવામાં આવેલ છે, જેનું સ્થાન બ્રાહ્મણ અને પુરાણોમાં ક્રમશઃ પ્રજાપતિ અને વિષ્ણુએ લીધેલ છે. આ કારણે જ બ્રાહ્મણ અને પુરાણગ્રંથોમાં વરાહને ક્રમશઃ પ્રજાપતિ અને વિષ્ણુનો અવતાર કહેલ છે.

શ્રીમદ્‌ભાગવતપુરાણ પ્રજાપતિ અને વિષ્ણુનું સુંદર સંમિશ્રણ કરે છે. તે (સ્કંધ—૩, અ. ૧૩) માં વર્ણવાયેલી કથા અનુસાર, સૃષ્ટિના પ્રારંભે સૌપ્રથમ જયારે સ્વાયંભુવ મનુ અને શતરૂપા ઉત્પન્ન થયાં ત્યારે તેમણે બે હાથ જોડી, પ્રણામ કરીને બ્રહ્માને કહ્યુંઃ

**“आदेशेऽहं भगवतो वर्तेयामीवसूदन ।**
**स्थानं त्विहानुजानीहि प्रजानां मम च प्रभो ।।**
**यदोकः सर्वसkवानां मही मग्ना महाम्भसि ।**
**अस्या उद्धरणे यत्नो देव देव्या विधीयताम् ।।”**

અર્થાત્, "હે પાપોનો નાશ કરનારા પ્રભુ! હું આપની આજ્ઞામાં જ વર્તીશ, પણ પ્રજાઓ અને મારા માટે અહીં કોઈ સ્થાનની તમે આજ્ઞા કરો; કારણ કે, પ્રાણીમાત્રનું નિવાસસ્થાન પૃથ્વી તો આ મહાન જળમાં ડૂબેલી છે. હે દેવ! એ પૃથ્વીદેવીનો ઉદ્ધાર કરવા તમે પ્રયત્ન કરો."[૧૬૧]

ત્યારપછી, બ્રહ્માએ પૃથ્વીને તે પ્રમાણે જળમાં ડૂબેલી જોઈ ઘણા કાળ સુધી બુદ્ધિથી વિચાર કર્યોઃ "હું આ પૃથ્વીને જળમાંથી કેવી રીતે બહાર કાઢીશ? હું સૃષ્ટિરચના કરતો હતો ત્યાં તો પાણીએ ડૂબાડેલી પૃથ્વી છેક રસાતળમાં ગઈ છે; તો પરમાત્માએ સૃષ્ટિરચનામાં જોડેલા અમારે આ વિષયમાં શું કરવું જોઈએ? જેમના હૃદયમાંથી હું થયો છું, તે પરમેશ્વર જ એને મેળવી આપે."[૧૬૨]

બ્રહ્મા એવો વિચાર કરતા હતા ત્યાં તો તેમની નાસિકાના છિદ્રમાંથી એક ભૂંડનું બચ્ચું નીકળ્યું. તે પ્રથમ અંગૂઠા જેવડું દેખાયું અને ક્ષણવારમાં તો બ્રહ્મદેવના દેખતાં જ આકાશમાં પહોંચીને હાથીના જેવડું વધ્યું, એ મોટું આશ્ચર્ય હતું. મરીચિ વગેરે બ્રાહ્મણો, સનકાદિ કુમારો અને સ્વાયંભુવ મનુ સાથે બ્રહ્મા ભૂંડનું એ સ્વરૂપ જોઈને અનેક પ્રકારના તર્ક કરવા લાગ્યા, 'અહો! આ આશ્ચર્ય છે કે, મારા નાકમાંથી નીકળેલું અને ભૂંડના આકારવાળું આ કયું દિવ્ય પ્રાણી ઊભું છે? પ્રથમ તો એ અંગૂઠાના ટેરવા જેવડું દેખાયું હતું અને પછી ક્ષણવારમાં પર્વતની મોટી શિલા જેવડું વધ્યું છે! શું આ મારા મનને ખેદ ઉપજાવતા ભગવાન યજ્ઞમૂર્તિ

છે? બ્રહ્મા પુત્રો સાથે એમ વિચારતા હતા, તેવામાં તો મોટા પર્વત જેવડા તે યજ્ઞ–પુરુષે ગર્જના કરી. જન, તપ તથા સત્યલોકમાં વસનારા તે મુનિઓ પોતાના ખેદનો નાશ કરનાર એ માયામય ભૂંડની ગર્જના સાંભળી ત્રણ પવિત્ર વેદો વડે તેમની સ્તુતિ કરવા લાગ્યા. જેમની મૂર્તિની વેદો પણ સ્તુતિ કરે છે, એવા તે વરાહમૂર્તિ ભગવાન પોતાના ગુણાનુવાદવાળાં તેમનાં વેદવચનો સાંભળી, દેવોના ઉદય માટે ફરી મોટી ગર્જના કરી મોટા હાથી જેવી લીલા કરતા જળમાં પેઠા. તે વેળા જેમણે પૂંછડું ઊંચું કર્યું હતું, આકાશમાં ગતિ કરતા, કઠોર શરીરવાળા, પોતાની ખાંધ પર રહેલા વાળને ધુણાવતા, જેમનાં રૂંવાડાં અને ચામડી ખરસટ હતાં, ખરીઓ વડે વાદળાં વિખેરતા, દષ્ટિરૂપ પ્રકાશવાળા, અતિશય ધોળી દાઢોવાળા અને પૃથ્વીનો ઉદ્ધાર કરનારા તે વરાહ ભગવાન શોભતા હતા. જોકે તે યજ્ઞના અંગરૂપ જ હતા, છતાં તે વખતે વરાહના સ્વરૂપમાં હોઈ, પૃથ્વીના માર્ગને ભૂંડની જેમ નાસિકા વડે સૂંઘતા હતા. પછી તે સ્તુતિ કરતા બ્રાહ્મણો પ્રત્યે સૌમ્ય દષ્ટિથી જોઈ, તેમણે જળમાં પ્રવેશ કર્યો. તે સમયે વજ્રમય પર્વત જેવા અંગવાળા તે ભગવાનના જળમાં પડવાના વેગથી સમુદ્રનો મધ્યભાગ ચિરાઈ ગયો અને તેથી સમુદ્ર જાણે પીડા પામ્યો હોય તેમ મોટા તરંગોરૂપી ભુજાઓ પહોળી કરી બૂમો પાડતો 'હે યજ્ઞેશ્વર! મારું રક્ષણ કરો' એમ પોકારતો હતા. એટલામાં યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન કે જે પ્રલયકાળે જળમાં શયન કરે છે, તે અસ્ત્રા જેવી તીક્ષ્ણ ખરીઓથી તે અપાર જળને કાપતા છેક રસાતળમાં ગયા. ત્યાં સર્વ જીવોની આધારભૂત અને પ્રલયકાળે જેને પોતાના ઉદરમાં ધારણ કરી હતી, તે પૃથ્વીને તેમણે જોઈ. પછી જળમાં ડૂબેલી તે પૃથ્વીને પોતાની દાઢો વડે ઊંચકી લઈને તે ભગવાન રસાતળમાંથી જ્યારે આવતા હતા, ત્યારે અત્યંત શોભતા હતા. એ સમયે તે જળની અંદર અસહ્ય પરાક્રમવાળો હિરણ્યાક્ષ દૈત્ય હાથમાં ગદા લઈ ધસી આવ્યો અને તેમને રોકવા પ્રયત્ન કરવા લાગ્યો. એટલે ચક્રની પેઠે પ્રજવલિત તીવ્ર ક્રોધવાળા ભગવાને સિંહ જેમ હાથીને મારે તેમ લીલામાત્રમાં તેને મારી નાખ્યો. એ સમયે જેમ મોટો હાથી પહાડની ગેરુવાળી ભૂમિને દંતશૂળથી ચીરતાં લાલ ગંડસ્થળવાળો તથા મુખવાળો થાય, તેમ વરાહ ભગવાનનાં ગંડસ્થળ તથા મુખ પણ એ દૈત્યના લોહિરૂપી કાદવથી ખરડાયેલાં હતાં (લાલ થયાં હતાં). પછી, શ્યામ રંગવાળા અને દાંતના અગ્રભાગ પર હાથીની લીલા પ્રમાણે પૃથ્વીને ઊંચકી રહેલા તે ભગવાનને જોઈ, બ્રહ્માદિ ઋષિઓ બે હાથ જોડી વેદવાકયોથી તેમની સ્તુતિ કરવા લાગ્યા.[૧૬૩] આમ, સર્વરક્ષક એ પરમાત્માએ પોતાની ખરીઓથી સ્તંભિત થયેલાં જળ પર પૃથ્વીને સ્થાપી.[૧૬૪] અને એ રીતે–

**"स इत्थं भगवानुर्वी विष्वक्सेनः प्रजापतिः ।**
**रसाया लीलयोन्नीतामप्सु न्यस्य ययौ हरिः ।।"**

અર્થાત્, "આ રીતે પ્રજાઓના પતિ ભગવાન શ્રીહરિ એમ લીલામાત્રમાં રસાતળમાંથી આણેલી પૃથ્વીને જળ ઉપર સ્થાપી ત્યાંથી પોતાના

ધામમાં પધાર્યા.''[૧૬૫]

અહીં પ્રયોજાયેલ **'प्रजापतिः'** અને **'हरिः'** શબ્દો વિશેષ નોંધનીય છે. શ્રીમદ્‌ભાગવતપુરાણકારે, કેટલી સુંદરતા અને સરળતાથી 'પ્રજાપતિ' અને 'વિષ્ણુ'નું ઐક્ય પ્રસ્થાપિત કરી દીધું છે!

જોકે, શ્રીમદ્‌ભાગવતપુરાણમાં તો આ કથા હજુ પણ આગળ ઘણી વિસ્તારથી રજૂ થયેલી છે. તૃતીય સ્કંધના ચૌદમા અધ્યાયમાં સંધ્યોપાસના કરી રહેલા કશ્યપ પાસે કામને વશ બનેલી દિતિની અકાળ કામ–યાચના, તેની હઠના કારણે વિવશ બનેલ કશ્યપે તેની સાથે કરેલો સમાગમ, કામપૂર્તિ થયા પછી દિતિને ''હે અમંગળ સ્ત્રી! તારું ચિત્ત અપવિત્ર હોવાથી, સંધ્યાસમયરૂપી દોષથી, મારી આજ્ઞા ન પાળવાથી રુદ્રના અનુચર દેવોનો તે મોટો અપરાધ કર્યો છે; તેથી હે ઉગ્ર સ્ત્રી! તારા ઉદરમાંના બે પુત્રો (હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ) મહા નીચ તથા અમંગળરૂપ થશે અને લોકપાલો સહિત ત્રણે લોકને વારંવાર રડાવશે. તેઓ નિરપરાધી ગરીબ પ્રાણીઓનો નાશ કરશે, સ્ત્રીઓને પાતિવ્રત્ય ધર્મથી ભ્રષ્ટ કરવા લાગશે અને તેથી મહાત્મા પુરુષો તેઓ પર કોપશે, ત્યારે લોકલનું રક્ષણ કરનારા વિશ્વેશ્વર ભગવાન ક્રોધાયમાન થઈ, અવતાર લઈને ઇન્દ્ર જેમ પર્વતોનો નાશ કરે, તેમ તારા બન્ને પુત્રોનો નાશ કરશે.'' એવો કશ્યપે આપેલો શાપ વગેરે વર્ણવાયેલ છે.

તેના પછીના પંદરમા અધ્યાયમાં સનત્કુમારો દ્વારા તેમને વૈકુંઠમાં પ્રવેશતાં અટકાવનારા જય અને વિજય નામના દ્વારપાળોના શાપની કથા, હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના જન્મની પૂર્વભૂમિકારૂપ આપવામાં આવી છે.

સોળમા અધ્યાયમાં શ્રીહરિએ સનકાદિ કુમારોનું કરેલું સાંત્વન અને તેઓની જય–વિજય પર કૃપા.

સત્તરમા અધ્યાયમાં હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુનો જન્મ અને દિગ્વિજયમાં હિરણ્યાક્ષનો અદ્‌ભુત પ્રભાવ વર્ણવાયેલ છે.

અઢારમો અધ્યાય ઘણો મહkવનો છે. કેમકે, તેમાં હિરણ્યાક્ષ અને વરાહરૂપ ધારણ કરનાર વિષ્ણુનો ભયંકર સંગ્રામ વર્ણવાયેલો છે. દિગ્વિજયમાં તમામ દેવોને હરાવીને નસાડી મૂકનાર અને પોતાની સાથે યુદ્ધ કરનાર સમોવડિયાની શોધ કરતાં હિરણ્યાક્ષને વરુણે ભગવાન વિષ્ણુ સાથે યુદ્ધ કરવાની સલાહ આપી. આથી, તે દૈત્ય નારદ પાસેથી તે ભગવાન વિષ્ણુની ગતિ જાણી ઉતાવળો રસાતળમાં દાખલ થયો. ત્યાં પોતાની દાઢના અગ્રભાગથી પૃથ્વીને ધારણ કરી ઉપરના ભાગમાં લઈ જતા અને લાલ શોભાવાળાં નેત્રો વડે હિરણ્યાક્ષની કાંતિ હરતા શ્રીહરિને જોયા ને પછી મશ્કરીમાં જ તે હસ્યો અને ભગવાનને કહેવા લાગ્યોઃ ''અરે ઓ અજ્ઞાની! આ પૃથ્વી મૂકી દે. આ પૃથ્વી તો બ્રહ્માએ રસાતળવાસી અમને અર્પણ કરી છે. તું અહીં આવ. ઓ ભૂંડનો આકાર ધારણ કરનાર અધમ દેવ! મારા દેખતાં તું આ પૃથ્વીની સાથે ક્ષેમકુશળ જઈ

શકીશ નહીં. ઓ મૂઢ! આજે તારો નાશ કરી હું મારા સંબંધીઓનો શોક દૂર કરીશ. મારા હાથે છૂટેલી આ ગદા વડે તારું માથું ભાંગી જશે અને તું મરણ પામીશ એટલે જે ઋષિઓ અને દેવો તને બલિદાન આપે છે, તેઓ સર્વે મૂળરહિત થઈ, પોતાની મેળે જ આ જગતમાં હયાત નહીં રહે.''[૧૬૬]

આ પ્રમાણે, શત્રુ હિરણ્યાક્ષનાં વચનોરૂપી શસ્ત્રોથી પીડા પામતાં, તે ભગવાન દાઢ ઉપર રહેલી પૃથ્વીને ભયભીત થયેલી જોઈને, તે કડવા વાક્યોની પીડા સહન કરતા જેમ ઝૂડથી પીડાયેલો હાથી હાથણી સાથે નીકળે તેમ જળમાંથી બહાર નીકળ્યા, એટલે સુવર્ણ જેવા પીળા કેશવાળો અને વિકરાળ દાઢોવાળો તે દૈત્ય મગરમચ્છ જેમ હાથીની પાછળ દોડે તેમ ભગવાનની પાછળ દોડયો અને વજ્ર જેવી ગર્જના કરી કહેવા લાગ્યોઃ ''નિર્લજ્જ! નીચ પુરુષો એટલા બધા બેશરમ હોય છે કે, તેઓને નિંદાનો ભય ન હોવાથી રણમાંથી નાસી જવું તે પણ અયોગ્ય લાગતું નથી.''[૧૬૭]

પછી, તે વરાહ ભગવાને જળની સપાટી ઉપર પૃથ્વીને સ્થાપીને, તેમાં પોતાની આધારશકિત મૂકી. એ સમયે શત્રુ હિરણ્યાક્ષના દેખતાં બ્રહ્મા વરાહ ભગવાનની સ્તુતિ કરતા હતા અને દેવો પુષ્પવૃષ્ટિથી તેમને ઢાંકી દેતા હતા. પછી પ્રચંડ કોપવાળા ભગવાને ખડખડાટ હસી પાછળ પડેલા સુવર્ણના અલંકારવાળા, મોટી ગદાવાળા, સુવર્ણનું વિચિત્ર બખતર ધારણ કરનારા અને દુષ્ટ વચનોથી મર્મસ્થાનોને વારંવાર પીડતા તે દૈત્યને કહ્યુંઃ

''ઓ અમંગળ! તું કહે છે તે સત્ય છે. ખરેખર અમે જળમાં ફરનાર ભૂંડ છીએ પણ તારા જેવા કૂતરાઓને શોધીએ છીએ. વીરપુરુષો, મૃત્યુપાશથી બંધાયેલા તારી તેં પોતે કરેલી આત્મશ્લાઘાને ગ્રહણ કરતા નથી. આ અમે તો રસાતળવાસીઓની થાપણરૂપ પૃથ્વીને હરી જનારા નિર્લજ્જ છીએ અને ગદા વડે તેં અમને નસાડી મૂકયા છે. તો પણ યુદ્ધમાં માંડ માંડ તારી સામે ઊભા છીએ; કેમકે, બળવાન સાથે વેર કરી કયાં જઈએ? તું પાયદળ સૈનિકોના નાયકોમાં અગ્રેસર હોઈ વિચાર કર્યા વિના તરત જ અમારા અમંગળ માટે યત્ન કર અને અમને મારી પોતાના સંબંધીઓનાં શોકનાં આંસુ લૂછી નાખ; કેમકે, જે પોતાની પ્રતિજ્ઞા પાળતો નથી, તે અસભ્ય છે.''

એ પ્રમાણે ભગવાને ખૂબ તિરસ્કાર કર્યો અને રોષથી અત્યૃત હાંસી કરી એટલે રમાડાતા મોટા સર્પની જેમ, તે દૈત્ય ઉગ્ર ક્રોધ પામ્યો. તે અસહનશીલ બની શ્વાસોચ્છ્વાસ છોડવા લાગ્યો. તેની ઈન્દ્રિયો ક્રોધથી સળગી ઊઠી અને તેણે બળથી શ્રીહરિની પાસે જઈ તેમને ગદા મારી. પણ ભગવાને યોગારૂઢ પુરુષ જેમ મૃત્યુને ચુકાવી દે, તેમ શત્રુએ છાતી પર છોડેલી ગદમનો વેગ આડા ખસી જઈ ચુકાવી દીધો. એટલે તે દૈત્ય ફરી પોતાની ગદા લઈ વારંવાર ભમાવવા લાગ્યો. ત્યારે ક્રોધાયમાન થયેલા શ્રીહરિ ક્રોધથી હોઠ પીસી તેની સામે દોડયા. પ્રભુએ પોતાના શત્રુની જમણી ભ્રૂકુટિ પર ગદા મારી, પણ ગદાયુદ્ધમાં કુશળ હિરણ્યાક્ષે

વચમાંથી જ પોતાની ગદા વડે તે ગદાને પોતાની પાસે આવ્યા પહેલાં જ મારી હઠાવી. એ રીતે હિરણ્યાક્ષ અને શ્રીહરિ અત્યંત આવેશમાં આવી જય મેળવવાની ઈચ્છાથી મોટી ગદાઓ વડે એકબીજાન. મારવા લાગ્યા. એમ પરસ્પર સ્પર્ધા કરતા, તીક્ષ્ણ ગદાના પ્રહારોથી ઘાયલ અંગોવાળા, ઘાવમાં ઝરતાં લોહીની ગંધથી અત્યંત વધેલા ક્રોધવાળા અને જય મેળવવાની ઈચ્છાથી તરેહ તરેહના પેંતરાઓથી ઘૂમતા એ બન્નેનું તે પૃથ્વી માટેનું યુદ્ધ ગાય માટે લડતા બે આખલાઓના જેવું શોભતું હતું. પૃથ્વી માટે શત્રુ બનેલા તે દૈત્યનું અને માયાથી વરાહ શરીર સ્વીકારનારા મહાત્મા શ્રીયજ્ઞમૂર્તિ ભગવાનનું તે યુદ્ધ જોવાની ઈચ્છાથી બ્રહ્મા ઋષિઓ સાથે ત્યાં આવ્યા. હજારો ઋષિઓના નાયક તે બ્રહ્માએ દૈત્યને શૂરાતનમાં આવેલો, નિર્ભય, વેરનો બદલો લેતો અને અજિત પરાક્રમવાળો જોઈ આદિવરાહ નારાયણ ભગવાનને કહ્યુંઃ

"હે દેવ! આ અસુર આપના ચરણમૂળને શરણે આવેલા દેવોનો, બ્રાહ્મણોનો, ગાયોનો તથા નિરપરાધી પ્રાણીઓનો અપરાધ કરનાર, ભય ઉપજાવનાર અને દુષ્ટ કર્મો કરનાર છે. મારી પાસેથી તેણે વરદાન મેળવેલું હોવાથી પોતાની બરાબરી કરે એવા શત્રુથી રહિત થઈ શત્રુની શોધ કરતો આ સર્વ લોકમાં કંટકરૂપે ભમે છે. માટે હે દેવ! માયાવી, ગર્વિષ્ઠ, નિરંકુશ અને મહાદુષ્ટ આ અસુરને જેમ કોઈ બાળક પૂંછડું ખેંચવા વગેરેથી કોપેલા સર્પને રમાડે તેમ ન રમાડો. હે અચ્યુત! આ દારુણ દૈત્ય પોતાની સંધ્યાવેળા પામી પાછો વૃદ્ધિ પામે તે પહેલાં જ તમે પોતાની માયાનો આશ્રય કરી આ દૈત્યનો નાશ કરો. હે પ્રભો! લોકોનો વિનાશ કરનારી અતિ ઘોર આ સંધ્યાવેળા થવા આવી છે, તો હે સર્વાત્મન્! તમે દેવોનો વિજય કરો. હમણાં જ આ અભિજિત નામના નક્ષત્રનો યોગ જવાની તૈયારીમાં છે; માટે સત્વર આપના ભકત એવા અમારું કલ્યાણ કરવા આ દુર્જય દૈત્યનો નાશ કરો. ઠીક થયું કે આ દૈત્ય પોતાના મૃત્યુરૂપે થયેલા આપની સામે પોતાની મેળે જ આવ્યો છે! માટે યુદ્ધમાં પરાક્રમ કરી આને મારીને લોકોને સુખી કરો."[૧૬૯]

ત્યારપછી, બ્રહ્મદેવનું નિષ્કપટ અમૃતમય વચન સાંભળી ભગવાન ખૂબ હસ્યા અને પછી તે વચનને પ્રેમયુકત કટાક્ષ વડે માન્ય કર્યું. બ્રહ્માની નાસિકામાંથી ઉત્પન્ન થયેલી તે વરાહમૂર્તિએ પોતાની સામે નિર્ભય થઈ ઘૂમતા શત્રુ હિરણ્યાક્ષને પોતે એકદમ ઉછળી જડબામાં ગદા મારી. પરંતુ હિરણ્યાક્ષે ગદા વડે ભગવાનની ગદા પર પ્રહાર કર્યો કે, જેથી તે ગદા ભગવાનના હાથમાંથી છૂટી જઈ ઘૂમરી ખાઈ પૃથ્વી પર પડી અને દૈત્યનું પરાક્રમ દીપી નીકળ્યું. એ આશ્ચર્ય જેવું બન્યું હતુ. એ સમયે તે દૈત્યને તક મળી હતી, છતાં તેણે ધર્મયુદ્ધને માન આપી આયુધરહિત થયેલા ભગવાન ઉપર પ્રહાર કર્યો નહીં, પણ ભગવાનને કોપાવવા લાગ્યો. ભગવાનના હાથમાંથી ગદા પડી ગઈ ત્યારે સર્વ સ્થળે હાહાકાર થયો. પછી ભગવાને નિઃશસ્ત્ર ઉપર પ્રહાર ન કરવારૂપી તે દૈત્યના ધર્મયુદ્ધની પ્રશંસા કરી,

પોતાના સુદર્શનચક્રને યાદ કર્યું. એ સમયે જેમનું ચક્ર પણ જેમનાથી ગભરાયું હતું એવા ભગવાન પોતાના પાર્ષદ તે અધમ દિતિપુત્ર સામે યુદ્ધ કરતા હતા. ત્યારે ત્યાં તેમના પ્રભાવને ન જાણતાં આકાશચારી દેવોની આવી જાતજાતની વાણી સંભળ ાવા લાગી; 'તમારું કલ્યાણ થાઓ, તમે આ દૈત્યનો વધ કરો.'[૧૭૦] પેલો દૈત્ય ચક્ર ધારણ કરનારા અને કમળની પાંખડી સમાન નેત્રવાળા ભગવાનને આગળ ઊભેલા જોઈ ક્રોધથી ચંચળ ઈન્દ્રિયોવાળો થઈ ફૂંફાડા નાખતો પોતાના હોઠ પીસવા લાગ્યો અને વિકરાળ દાઢોવાળા તે દૈત્યે નેત્રો વડે જાણે બાળી નાખતો હોય તેમ ભગવાન સામે જોઈ કૂદીને "હવે તું મૂઓ જ છે"[૧૭૧] એમ કહી, ગદા વડે ભગવાન ઉપર પ્રહાર કર્યો. ભગવાન યજ્ઞવરાહે વાયુ સમાન વેગવાળી તે ગદાને શત્રુના દેખતાં ડાબા પગથી લાત મારીને રમત માત્રમાં પૃથ્વી પર પાડી નાખીને કહ્યું: "હથિયાર લે અને ઉદ્યમ કર; કેમકે તું મને જીતવા ઈચ્છે છે."[૧૭૨] ભગવાને એમ કહ્યું ત્યારે ફરી તે દૈત્યે ગદા ઉઠાવી પ્રહાર કર્યો અને અત્યંત ગર્જના કરી. ભગવાને તે ગદાને સામે આવતી જોઈ તેની સામે ઊભા રહી, ગરુડ જેમ આવેલી નાગણને પકડી લે, તેમ રમતમાં પકડી લીધી. એ રીતે પોતાનો પુરુષાર્થ નાશ પામ્યો, એટલે તે મહાન અસુર ગર્વરહિત અને નિસ્તેજ થયો, ત્યારે શ્રીહરિએ તેને ગદા આપવા માંડી; પરંતુ તેણે તે લેવાની ઈચ્છા ન કરી. પછી જેમ બ્રાહ્મણોને ઉદ્દેશી અભિચાર કર્મ કરતો કોઈ મનુષ્ય હોમવાના દ્રવ્યને લે તેમ, તે દૈત્યે વરાહસ્વરૂપ ધરનારા યજ્ઞભગવાન સામે મારવા માટે ત્રણ શિખાઓવાળું ત્રિશૂળ ઉઠાવ્યું, કે જે બળતા અગ્નિની પેઠે બીજાને ગળી જવા આતુર હતું. મહાન દૈત્ય યોદ્ધાએ ભગવાન સામે ફેંકેલું એ ઉત્કટ કાંતિવાળું ત્રિશૂળ આકાશમાં ઝળહળતું હતું. તેને જેમ ગરુડે તજેલા પીછાંને ઈન્દ્રે વજ્ર વડે કાપી નાખ્યું હતું, તેમ ભગવાને તીક્ષ્ણધારવાળા ચક્ર વડે કાપી નાખ્યું. પોતાના ત્રિશૂળને ભગવાનના ચક્રે એ રીતે કાપી નાખ્યું ત્યારે તે અસુરનો રોષ એકદમ વધ્યો. તેણે ભગવાનની સામે આવી લક્ષ્મીના રહેઠાણરૂપ તેમની વિશાળ છાતીમાં કઠોર મૂઠી મારી અને ગર્જના કરી ત્યાંથી અદશ્ય થયો. તેના પ્રહારથી ભગવાન આદિવરાહ પુષ્પમાળાથી મારેલા હાથીની પેઠે જરા પણ ડગ્યા નહીં. પછી તે દૈત્યે યોગમાયાના અધીશ્વર શ્રીહરિ ઉપર અનેક પ્રકારની માયા રચવા માંડી. જેને જોઈ ત્રાસ પામેલી પ્રજાઓ જગતનો પ્રલય માનવા લાગી. તે સમયે ધૂળનું અંધારું ફેલાવતો પ્રચંડ પવન ફૂંકાવા લાગ્યો અને ગોફણોમાંથી ફેંકાતા હોય તેમ દિશાઓમાંથી પથ્થરો પડવા લાગ્યા. વીજળીઓ સાથે ગર્જના કરતા વાદળાંનાં ટોળાંથી આકાશમાં નક્ષત્રોનો સમૂહ દેખાતો બંધ થયો અને તે વાદળાંમાંથી પરુ, લોહી, વાળ, વિષ્ઠા, મૂત્ર તથા હાડકાં વારંવાર વરસવા લાગ્યાં. પર્વતો જાતજાતનાં હથિયારો ફેંકતા હોય તેવા દેખાયા અને ત્રિશૂળવાળીને છૂટા વાળવાળી નગ્ન રાક્ષસીઓ સર્વ તરફ દેખાવા લાગી. વળી અનેક યક્ષો, રાક્ષસો, પાળાઓ, ઘોડેસવારો, રથીઓ તથા હાથીસવારો હાથમાં હથિયારો લઈ, 'મારો, કાપો' એવી મહાભયંકર વાણી બોલવા લાગ્યા. એ વેળા યજ્ઞમૂર્તિ ભગવાને પ્રકટ

થયેલી, તે આસુરી માયાઓનો નાશ કરવા પ્રિય સુદર્શન ચક્ર છોડયું, કે તે જ સમયે દિતિના હૃદયમાં કંપારી છૂટી. તેને સ્વમીનું વચન યાદ આવ્યું અને તેનાં સ્તનોમાંથી લોહી વહેવા લાગ્યું. પેલો દૈત્ય પોતાની માયાઓ નાશ પામી એટલે ફરી ભગવાન પાસે આવી ક્રોધથી તેમને બાહુપાશમાં પીસી નાખવા પ્રયત્ન કરવા લાગ્યો, પણ ભગવાનને ભૂજાઓની બહાર જ રહેલા તેણે જોયા, પછી વજ્ર જેવી બળવાન મૂઠીઓથી ભગવાનને તે મારવા લાગ્યો, એટલે ઈન્દ્ર જેમ વૃત્રાસુરને મારે તેમ ભગવાને તેના કાનના મૂળ ભાગમાં મૂઠી મારી. જગતને જીતનારા ભગવાને એ રીતે સહેજ જ પ્રહાર કર્યો, એટલામાં તો તેનું શરીર ચોતરફ ભમવા લાગ્યું. નેત્રો બહાર નીકળી પડયાં, હાથપગ તથા મસ્તકના વાળ વીખરાઈ ગયા અને વાયુએ ઉખેડી નાખેલા વૃક્ષની પેઠે તે નિષ્પ્રાણ થઈને ધરણી પર પડયો. મરીને પડવા છતાં એ દૈત્યનું તેજ હજું ઝાંખુ પડયું ન હતું. તેને જોઈ એ વેળા ત્યાં આવેલા બ્રહ્માદિ દેવો તે વિકરાળ દાઢોવાળાને પીસેલા હોઠોવાળા અસુરની પ્રશંસા કરતાં કહેવા લાગ્યાઃ

"અહો! આવા અલભ્ય મૃત્યુને કોણ પામે? જેની મીથ્યા માયારૂપ ઉપાધિથી છૂટવા માટે યોગીઓ એકાંતમાં યોગસમાધિથી જેમનું ધ્યાન કરે છે, તે ભગવાનના ચરણથી હણાયેલા આ શ્રેષ્ઠ દૈત્યે તેમનું મુખ જોતાં જોતાં શરીર છોડયું છે."[૧૭૩]

એ પ્રમાણે, અસહ્ય પરાક્રમવાળા હિરણ્યાક્ષનો નાશ કરી બ્રહ્માદિ દેવોથી સ્તવાયેલા આદિવરાહ શ્રીહરિ પોતાના વૈકુંઠલોકમાં ગયા.

મત્સ્યપુરાણ, આ કથાને માત્ર બે જ –૨૪૭ તથા ૨૪૮– અધ્યાયોમાં વર્ણવે છે. અર્જુનની જિજ્ઞાસાને સંતોષવા શૌનક આ કથાને પ્રસ્તુત કરે છેઃ

**''एतत्ते कथयिष्यामि पुराणं ब्रह्मसंमितम् ।**
**महावराहचरितं कृष्णष्याद्भुतकर्मणः ।।**
**यथा नारायणो राजन्वाराहं वपुरास्थितः ।**
**दंष्ट्रया गां समुद्रस्थामुज्जहारारिमर्दनः ।।**
**छन्दोगीर्भिरुदाराभिः श्रुतिभिः समलंकृतः ।**
**मनः प्रसन्नतां कृत्वा निबोध विजयाधुना ।।''**

અર્થાત્, "હે રાજન્! અદ્ભુતકર્મા ભગવાન કૃષ્ણનું પુરાણોમાં વર્ણવાયેલું બ્રહ્મસંમિત મહાવારાહચરિત, હું(શૌનક) આપ(અર્જુન)ને કહીશ. જે રીતે ભગવાન વિષ્ણુએ વરાહરૂપ ધારણ કર્યું, જે રીતે એ શત્રુમર્દને સમુદ્રમાં રહેલી પૃથ્વીનો પોતાની એક જ દાઢથી ઉદ્ધાર કર્યો અને જે રીતે સુકોમળ અને લલિત વેદોકિતઓથી છંદોમાં એમનું સ્તવન કરવામાં આવ્યું, તે હું આપને કહું છું, તમે પ્રસન્નચિત્ત બનીને સાંભળો."[૧૭૪]

પરંતુ, સાથે સાથે અહીં શૌનક એક ચેતવણી પણ આપે છે, કે–

**''इदं पुराणं परमं पुण्यं वैदेश्च संमितम् ।**
**नानाश्रुतिसमायुक्तं नास्तिकाय न कीर्तयेत् ।।''**

અર્થાત્, "(પરંતુ) આ અતિ પ્રાચીન, પરમ પવિત્ર, વેદો તથા શાસ્ત્રોને માન્ય તથા અનેક શ્રુતિઓથી અનુમોદિત મહાવારાહચરિત નાસ્તિકની સામે ન કહેવું જોઈએ."[૧૭૫]

તો પછી કોને કહેવું જોઈએ? તો કહે છે કે,–

**"पुराणं वेदमखिलं सांख्यं योगं च वेद यः ।**
**कार्त्स्न्येन विधिना प्रोक्तं सोऽस्यार्थं वेदयिष्यति ।।"**

અર્થાત્, "જે સંપૂર્ણ પુરાણને, વેદને, સાંખ્યને અને યોગને વિધિપૂર્વક જાણે છે, એ જ આનો અર્થ પામી શકશે."[૧૭૬]

પ્રારંભમાં સૃષ્ટિના સર્જન અને વિસર્જન અંગેની સંક્ષિપ્ત માહિતી આપીને, શૌનક, એક વૈદિક સંદર્ભ સાથે આ કથાનો પ્રારંભ કરે છે. એ સંદર્ભ આ પ્રમાણે છેઃ

**"जगदण्डमिदं पूर्वमासीद्दिव्यं हिरण्मयम् ।**
**प्रजापतेरियं मूर्तिरितीयं वैदिकी श्रुतिः ।।"**

અર્થાત્, "આ (ચરાચર) જગત પૂર્વે હિરણ્મય દિવ્ય અણ્ડના રૂપમાં હતું, એ અણ્ડ જ પ્રજાપતિની મૂર્તિ છે– એવી વેદની શ્રુતિ (વચન) છે."[૧૭૭]

કથાને આગળ ચલાવતાં શૌનક કહે છે કે,–

"લોકસૃષ્ટિની કામનાથી જે અણ્ડને ભગવાને પૂર્વકાલમાં ઉત્પન્ન કર્યું હતું, તે સમયે, તેમાંથી નિઃસૃત જળથી કાંચન(સુમેરુ)પર્વત બન્યો અને એ રીતે, સહસ્રો પર્વતોના વિસ્તારને લીધે પૃથ્વી વિષમા (ઊંચી–નીચી, ઉબડખાબડ) બની ગઈ. પૃથ્વીતલ પર યોજનો સુધી ફેલાયેલા એ પર્વતોના સમૂહ અને તેના અપાર ભારથી પીડિત પૃથ્વી વ્યથિત થઈ ગઈ. નારાયણમાંથી ઉત્પન્ન થયેલ, તે સુવર્ણમય તેજને ધારણ કરવામાં અસમર્થ બનેલી, પૃથ્વી, નીચેની તરફ (રસાતલમાં) સરકવા લાગી."[૧૭૮]

આ પ્રમાણે, નીચેની તરફ સરકી રહેલી પૃથ્વીએ પોતાનો ઉદ્ધાર કરવા ભગવાનની એક સુંદર સ્તોત્ર દ્વારા સ્તુતિ કરી.[૧૭૯] પૃથ્વીની એ રમ્ય પ્રાર્થના સાંભળીને ધનુષ્ય તથા ચક્રને ધારણ કરનાર, તે વિષ્ણુ અતિ પ્રસન્ન થયા અને કહ્યુંઃ

"હે મહાદેવિ! તારા આ પરમ મધુર ઉત્તમ સ્તોત્રનો જે પાઠ કરશે, તે કદિ પરાભવ નહીં પામે. હે કલ્યાણિ! ધરણી! તું જરાં પણ ડર નહીં અને મારી સન્મુખ જ શાંતિને ધારણ કર તથા જો, હમણાં જ હું તને તારા અભિષ્ટ સ્થાને પહોંચાડું છું."[૧૮૦]

પૃથ્વીને આ પ્રમાણે કહીને, તે મહાત્માએ (ભગવાને) મનમાં વિચાર્યું કે,–**"किं नु रूपमहं कृत्वा उद्धरेयं धरामिमाम् ।"** અર્થાત્, "હું કયું રૂપ ધારણ કરીને આ ધરાનો ઉદ્ધાર કરું!"[૧૮૧] આમ વિચારતાં તેમણે મનમાં દિવ્યરૂપનું ચિંતન કર્યું અને જલક્રીડાની ઈચ્છાથી તેમણે વરાહ (ભૂંડ)નું રૂપ ધારણ કર્યું. એમનું એ શરીર સો યોજનોમાં વિસ્તરેલું અને તેનાથી બેગણું ઊંચું હતું, કાળા વાદળાંઓના

જેવી એની કાંતિ હતી, મેઘોના ગડગડાટ જેવો તેનો ઘુરઘુરાટ હતો. એમના અંગો પહાડોના જેવા ભયાનક અને સુદઢ હતાં, વીજળી અને અગ્નિની જેમ ચમકતા અને શ્વેત વર્ણના એના દાંતનો અગ્રભાગ અતિ તીક્ષ્ણ હતો. સૂર્યના જેવા અનુપમ તેજથી એનું શરીર અત્યંત શોભતું હતું. એના ખભા અતિ પુષ્ટ અને વિશાળ હતા, બળથી ઉન્મત્ત બનેલા સિંહના જેવી તેની ગતિ હતી, કટિપ્રદેશ ઘણો જ પુષ્ટ અને ઊંચો હતો, જોવામાં એ વૃષભનાં લક્ષણોથી યુકત લાગતું હતું. આ પ્રમાણે વિશાળ અને ભયાનક સ્વરૂપને ધારણ કરીને અજિત ભગવાન વિષ્ણુએ રસાતલમાં પ્રવેશ કર્યો. એ બ્રહ્મશીર્ષ મહાતપસ્વી ભગવાન વિષ્ણુના ચારેય વેદ ચરણો હતાં, યજ્ઞો દાંત હતા અને યજ્ઞોના સ્તંભો દાઢ હતા, યજ્ઞકુંડ એનું મુખ હતું, અગ્નિ જીભ, કુશ (દર્ભ) રુંવાટી, દિવસ અને રાત નેત્ર, ષડ્‌વેદાંગો કર્ણનાં આભૂષણો, આજ્ય નાસિકા અને સામવેદના ઉચ્ચસ્વરો એના ધ્વનિઓ હતા. એ ભગવાન સત્ય તથા ધર્મથી મુકત, શ્રીસંપન્ન હતા. કર્મ અને વિક્રમ એનો સત્કાર કરી રહ્યાં હતાં. પ્રાયશ્ચિત એના વિશાળ અને ભયાનક નખ હતા, પશુઓ એના સાથળ અને યજ્ઞ જ એની આકૃતિ હતી. ઉદ્‌ગીથ દ્વારા કરવામાં આવતો હવન એનું લિંગ, યજ્ઞનું મહાફળ બીજ અને વેદી ઔષધિઓ હતી. વાયુ અસ્થિઓ, સોમરસ રુધિર, હવિ સુગંધી હતી. એ ભગવાન સ્વયં હવ્ય અને કવ્યનો વિભાગ કરનાર હતા. દક્ષિણા એનું હૃદય હતું, એ પરમ યોગી હતા, મહાન યજ્ઞોથી એ મુકત અને સ્વયં મહાન હતા. ઉપાકર્મ એના હોઠના છેડા હતા, સમસ્ત વેદ એના ગમનનો માર્ગ, ગોપનીય ઉપનિષદો એનું આસન, છાયા જ એની પત્ની હતી અને એ મણિના શિખરની જેમ ઊંચે ઉઠેલા દેખાતા હતા. રસાતલમાં ગયેલી અને પ્રાચીનકાળમાં મનથી ધારણ કરાયેલી, તે પૃથ્વીને, એ વરાહભગવાને લોકની હિતકામનાથી ઉપર ઉઠાવી. એ રીતે ધારણ કરાયેલી તે પૃથ્વીને લાવીને તેનાં સ્થાને છોડી. એમના દ્વારા ધારણ કરાવાથી શાંતિને પ્રાપ્ત થયેલી, તે દેવી પૃથ્વીએ, એ કલ્યાણકારી ભગવાનને નમસ્કાર કર્યા."[૧૮૨] શૌનક કહે છે કે,–

**"एवं यज्ञवराहेण भूत्वा भूतहितार्थिना ।**
**उद्धृता पृथिवी देवी सागराम्बुगता पुरा ।।"**

અર્થાત્, "આ પ્રમાણે, પ્રાચીનકાળમાં સમુદ્રના જળમાં નિમગ્ન પૃથ્વીનો, જીવોનું કલ્યાણ કરનાર ભગવાને યજ્ઞવરાહનું રૂપ ધારણ કરીને ઉદ્ધાર કર્યો હતો."[૧૮૩]

આ પ્રમાણે, મત્સ્યપુરાણમાં વર્ણવાયેલી વરાહાવતારની આ કથામાં દૈત્ય હિરણ્યાક્ષનો નામોલ્લેખ પણ જોવા મળતો નથી. ઉપરાંત, મત્સ્યપુરાણકારે પ્રયોજેલું 'યજ્ઞવરાહ'નું રૂપક આ કથાને પૌરાણિક કરતાં વૈદિક વધારે સિદ્ધ કરે છે. આ અંગે આચાર્ય બલદેવ ઉપાધ્યાયનું પણ માનવું છે કે,–

**"इस स्थल पर वराह 'यज्ञवराह' के रूप में चित्रित किया गया है अर्थात् यज्ञ में जितने साधन तथा अंग स्रुव, चमस आदि प्रयुक्त किये जाते**

**है उन सबका प्रतीकरूप वराह के देह में विद्यमान था । वराह का यज्ञवराह के रूप में चित्रण स्पष्टतः वैदिकत्व की छाप को स्पष्ट कर रहा है ।''**[१८४]

મત્સ્યપુરાણ શ્રીમદ્‌ભાગવતપુરાણ કરતાં સમયની દૃષ્ટિએ ઘણું જ પ્રાચીન પુરાણ છે, તેથી સ્વાભાવિકપણે જ તેનાં પર વૈદિક સાહિત્યનો પ્રભાવ વધારે હોય. આથી એમ કહી શકાય કે, વરાહાવતારની કથા મૂળભૂતરીતે કોઈક વૈદિક ઘટના જ હશે; પરંતુ પરવર્તી પુરાણકારોએ, એમાં ચમત્કૃતિ લાવવા માટે હિરણ્યાક્ષના યુદ્ધ અને વધની કથાનું સંમિશ્રણ કર્યું છે. પુરાણકાળમાં વિષ્ણુના ઐશ્વર્ય અને મહિમાને વિસ્તૃત કરવામાં આ કથા ઘણું જ બળ પૂરું પાડે છે. વૈદિક સાહિત્યમાં પ્રજાપતિના અવતાર તરીકે વર્ણવાયેલો 'વરાહાવતાર' આ કારણે જ તો વિષ્ણુનો અવતાર બની ગયેલ છે.

પદ્મપુરાણ અનુસાર, હિરણ્યાક્ષ અત્યંત પરાક્રમી હતો અને તેણે દેવોને ખૂબ જ ત્રસ્ત કર્યા હતા. અંતે તેના ભયથી બધા જ દેવો ભાગી છૂટયા. પછીથી વિષ્ણુએ તેની સાથે યુદ્ધ આરંભ્યું. આ યુદ્ધમાં પ્રારંભથી જ વિષ્ણુનો વિજય થવા લાગ્યો, એથી તે(હિરણ્યાક્ષ) પૃથ્વીને લઈને ભાગી ગયો, પરંતુ વિષ્ણુએ તેનો પીછો કરીને તથા વરાહ રૂપ ધારણ કરીને તેનો વધ કર્યો.[૧૮૫]

આમ, આ વારાહ–હિરણ્યાક્ષસંગ્રામની કલ્પના પૌરાણિક વધારે છે. પુરાણોએ આ સંગ્રામની કથાને ઘણી જ વિસ્તારથી વર્ણવી છે. હિરણ્યાક્ષના દેવો સાથેના સંગ્રામ અને તેમાં દેવોના પરાજયના પરિણામ સ્વરૂપ વિષ્ણુ અને હિરણ્યાક્ષ વચ્ચે સંગ્રામ થાય છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ, વળી આ સંગ્રમના મૂળમાં વિષ્ણુના જય અને વિજય નામના બે પાર્ષદોને સનકાદિ મુનિઓ તરફથી પ્રાપ્ત થયેલા શાપ અને એ શાપમાંથી એ બન્નેમાંથી એકને મુકત કરવાનું કારણ દર્શાવે છે. હિરણ્યાક્ષ પૂર્વજન્મનો વિષ્ણુનો એ પાર્ષદ જ હતો અને તેનો ઉદ્ધાર કરવા માટે વિષ્ણુએ વરાહાવતાર ધારણ કર્યો હતો, એમ તેનું માનવું છે. એ રીતે, વરાહાવતારની સંકલ્પના પુરાણોમાં માત્ર વિષ્ણુ સાથે જ જોડાયેલી જોઈ શકાય છે. જે વરાહ–હિરણ્યાક્ષસંગ્રામને પણ પૌરાણિક જ સિદ્ધ કરે છે.

## ૩:૫, અમૃતમંથનસંગ્રામ

સમુદ્ર(અમૃત)મંથનની ઘટના મહદંશે પૌરાણિક આખ્યાન જ છે. શ્રીમદ્ભાગવતપુરાણ,[૧૮૬] મત્સ્યપુરાણ,[૧૮૭] સ્કંદપુરાણ[૧૮૮] તથા પદ્મપુરાણ[૧૮૯]માં આ કથા વિસ્તારથી રજુ થયેલી છે. વિષ્ણુપુરાણમાં પણ તેનો સંક્ષિપ્ત ઉલ્લેખ મળી આવે છે.[૧૯૦] 'અમૃતમંથનસંગ્રામ'ની ઘટનાનો સાર આ પ્રમાણે છેઃ

" એકવાર દૈત્યરાજ બલિ ઈન્દ્રની તમામ સંપત્તિનું હરણ કરી, તેને પોતાના સ્વર્ગમાં લઈ જતો હતો, ત્યારે રસ્તામાં તે લક્ષ્મી સમુદ્રમાં પડી ગઈ. એને બહાર કાઢવા માટે વિષ્ણુએ સમુદ્રમંથનનો પ્રસ્તાવ દેવો સમક્ષ મૂકયો. સમુદ્રમંથનમાં બલિનો સહયોગ પ્રાપ્ત કરવા માટે બધા જ દેવતા, બલિના શરણે ગયા. બલિએ તેમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને દેવો તથા દૈત્યોએ મળીને સમુદ્રમંથનનો પ્રારંભ કર્યો. બલિએ ગુમાવેલી સંપત્તિને પુનઃ પ્રાપ્ત કરવાનું કારણ દેવો માટે ફકત દેખાવ પૂરતું જ હતું, એમનો વાસ્તવિક ઉદ્દેશ તો મંથન દ્વારા અમૃતની પ્રાપ્તિ કરીને દેવાસુરસંગ્રામમાં વિજય મેળવવાનો હતો. દૈત્યોની પાસે મૃતસંજીવનીવિદ્યા હતી, જેના કારણે યુદ્ધમાં મૃત્યુ પામેલા દૈત્યો પુનઃ જીવિત થઈ શકતા હતા. દેવોની પાસે એવી કોઈ વિદ્યા ન હોવાથી, તેઓ યુદ્ધમાં પરાજિત થતા હતા. આથી જ દેવોએ સમુદ્રમંથનનું આયોજન કર્યું અને તેમાં દૈત્યોનો સહયોગ પ્રાપ્ત કર્યો. એ મંથનથી સૌપ્રથમ 'કાલકૂટ' નામનું વિષ નીકળ્યું, જેનું પ્રાશન શિવે કર્યું. પછી 'અલક્ષ્મી' નામની ભયાનક સ્ત્રી નીકળી, જેનો વિવાહ વિષ્ણુના કહેવાથી ઉદ્દાલક નામના મુનિ સાથે કરવામાં આવ્યો. ત્યારપછી ઐરાવત નામનો હાથી, ઉચ્ચૈઃશ્રવસ્ નામનો અશ્વ, ધન્વંતરિ, પારિજાત, કામધેનુ, અપ્સરા તથા લક્ષ્મી વગેરે રત્નો નીકળ્યાં અને પછી ચંદ્ર તથા છેલ્લે અમૃત નીકળ્યું.

સમુદ્રમંથન તો થયું પણ દૈત્યોને કશું ન મળ્યું. એથી એમણે સંગઠિત થઈને દૈવો પર ચઢાઈ કરી. દેવો અને દૈત્યોના એ ભિષણ સંગ્રામમાં બલિએ પોતાની રાક્ષસી માયાથી ઈન્દ્ર સામે એવું યુદ્ધ કર્યું કે, ઈન્દ્રનો પરાજય લગભગ નિશ્ચિત થઈ ગયો. ઈન્દ્રની એવી દયનીય સ્થિતિ જોઈને, ભગવાન વિષ્ણુએ પ્રકટ થઈને બલિની માયાજાળને કાપી નાખી. આ સંગ્રામમાં બલિ ઈન્દ્રના વજ્ર દ્વારા મરાયો. મૃત્યુ પછી નારદજીની આજ્ઞાનુસાર તેના મૃતશરીરને અસ્તાચલ લઈ જવામાં આવ્યું, જ્યાં શુક્રાચાર્યના સ્પર્શ તથા મંત્રથી તે (બલિ) પુનર્જીવિત થયો."

સમુદ્રમંથનની આ કથા વિષ્ણુના કૂર્માવતાર સાથે જોડાયેલી છે. શ્રીમદ્ભાગવતપુરાણમાં કહ્યું છે કે,–

**"पयोधिं येन निर्मथ्य सुराणां साधिता सुधा ।**
**भ्रममाणोऽम्भसि धृतः कूर्मरूपेण मन्दरः ।।"**

અર્થાત્, "એ ભગવાને સમુદ્રને મથી, દેવોને અમૃત કાઢી આપ્યું હતું અને (સમુદ્રમંથનસમયે) જળમાં ભમતા મંદરાચલ પર્વતને પોતે કાચબાના સ્વરૂપથી

ધારણ કર્યો હતો.''[૧૯૧]

શ્રીમદ્‌ભાગવતપુરાણમાં શુકદેવજીના મુખેથી રજુ થયેલી સમુદ્રમંથનની કથા અને તેના પરિણામસ્વરૂપ લડાયેલ દેવાસુરસંગ્રામનું વર્ણન આ પ્રમાણે છેઃ

''જે સમયે યુદ્ધમાં અસુરોએ દેવોને તીક્ષ્ણ હથિયારોથી મારવા માંડયા ત્યારે અનેક દેવો પ્રાણરહિત થઈ ઢળી પડયા હતા, જેઓ કયારેય ઊભા જ થયા ન હતા. દુર્વાસાઋષિના શાપથી ઈન્દ્ર સહિત ત્રણે લોકો લક્ષ્મીરહિત થયા હતા, ત્યારે યજ્ઞયાગાદિ સર્વક્રિયાઓ નાશ પામી હતી. એ બધું જોઈ ઈન્દ્ર, વરુણ વગેરે દેવો વિચાર કરવા લાગ્યા પણ કોઈ નિશ્ચય કરી શકયા નહીં. પછી તેઓ મેરુ પર્વતના શિખર પર બ્રહ્માની સભામાં ગયા અને ત્યાં બ્રહ્માને પ્રણામ કરી બધું જણાવ્યું. બ્રહ્માએ ઈન્દ્ર, વાયુ વગેરે દેવોને નિઃસkવ તથા નિસ્તેજ જોઈને એકાગ્ર મનથી પરમેશ્વરનું સ્મરણ કરી, પ્રફુલ્લ મુખે દેવોને કહ્યુંઃ ''આપણે બધા તે અવિનાશી ભગવાનના શરણે જ જઈએ.''[૧૯૨] એમ કહી, બ્રહ્મા સર્વે દેવોની સાથે ભગવાનના નીજધામ વૈકુંઠલોકમાં ગયા. ત્યાં જઈ, બ્રહ્માએ વેદવાણીથી ભગવાનની સ્તુતિ કરી. એમની સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવાન એમની સમક્ષ પ્રકટ થયા. દેવોના હૃદયની વાતને જાણી લઈને, એમણે કહ્યુંઃ ''હે દેવો! તમે અહીંથી જાઓ અને પ્રથમ તો એ દૈત્યો તથા દાનવો સાથે સંધિ કરો; કારણ કે, હમણાં તે દૈત્યો અને દાનવો ઉપર કાળની કૃપા છે, માટે જયાં સુધી તમારો અભ્યુદય ન થાય ત્યાં સુધી તમે તેમની સાથે સંધિ કરો. એ દૈત્યો સાથે મળીને તમે, જેને પીવાથી મૃત્યુથી ઘેરાયેલ પ્રાણી પણ અમર થાય છે, તે અમૃત ઉત્પન્ન કરવા જલદી પ્રયત્ન કરો. હે દેવો! બધા વેલા, ઘાંસ, લતાઓ તથા ઔષધિઓને સમુદ્રમાં નાખી મંદરાચલ પર્વતનો રવૈયો અને વાસુકિ નાગને નેતરું કરી, આળસ છોડી મારી સહાયથી સમુદ્રમંથન કરો. તમારા એ કાર્યમાં દૈત્યોને તો કેવળ પરિશ્રમ જ પડશે; ફળ તો તમને જ મળશે. હે દેવો! તે અસુરો જે કંઈ ઈચ્છા કરે તેમાં તમે સંમતિ આપજો.''[૧૯૩]

દેવોને એ પ્રમાણે કહી, તે ભગવાન તેઓના દેખતાં જ અદશ્ય થયા. પછી બ્રહ્મા અને શંકર તે ભગવાનને નમસ્કાર કરી, પોતપોતાના ધામમાં ગયા અને દેવતાઓ બલિરાજા પાસે ગયા. દેવતાઓ શત્રુઓ હતા, છતાં તેઓ યુદ્ધ માટે તૈયાર થઈને આવ્યા ન હતા, તો પણ પોતાના સેનાપતિઓને તેમની સાથે યુદ્ધ કરવા તૈયાર થયેલા જોઈને યશસ્વી બલિરાજાએ તેઓને અટકાવ્યા. મહાબુદ્ધિમાન ઈન્દ્રે બલિરાજાને શાંત પાડી ભગવાન પુરુષોત્તમ પાસેથી પોતે જે શીખ્યો હતો, તે સર્વ સમુદ્રમંથન સંબંધી વૃત્તાંત તેને કહ્યો. એટલે દૈત્ય બલિરાજાને તથા બીજા જે અસુર રાજાઓ શંભર, અરિષ્ટનેમિ વગેરે ત્યાં હતા, તેઓને તેમજ બીજા પણ ત્રિપુરવાસી દાનવોને તે ગમ્યું. પછી પરસ્પર ઠરાવ કરી, જેઓએ મિત્રતા કરી હતી, એવા દેવો, દૈત્યો તથા દાનવોએ અમૃત માટે મોટો ઉદ્યમ કર્યો. તેઓ શકિતવાળા, ભૂંગળ જેવી લાબી ભુજાઓવાળા અન. મદોન્મત્ત હતા, તેથી બળથી મંદરાચલ પર્વતને ઉપાડી ગર્જના કરતા સમુદ્ર તરફ તેને લઈ જવા લાગ્યા પણ

ઈન્દ્ર તથા બલિરાજા આદિ દેવો અને દૈત્યો ઘણે દૂર સુધી તે પર્વતનો ભાર ઉપાડવાથી થાકી જઈ આગળ ઉપાડી જવા અસમર્થ થયા અને થાકને વશ થઈ માર્ગમાં જ તે પર્વતને પડતો મૂકયો. એ વેળા ત્યાં પડતા તે સોનાના પર્વતે અનેક દેવો તથા દૈત્યોને મોટા ભારથી ચગદી નાખ્યા. એ રીતે જેઓના બાહુઓ, સાથળો તથા ડોક ભાંગી ગયાં હતાં, એવા તે દેવ–દૈત્યોનાં મન પણ ઉત્સાહરહિત થયાં. તે જાણી ભગવાન વિષ્ણુ ત્યાં પ્રકટ થયા અને પર્વતના પડવાથી ચગદાયેલા દેવ તથા દાનવોને કૃપાદષ્ટિથી જોઈને જિવાડયા અને તેમને પ્રથમના જેવા થાક અને ઘા વગરના કર્યા. પછી એક હાથે રમતમાં પર્વતને ગરુડ ઉપર ચડાવી પોતે પણ તેના પર બિરાજી દેવો તથા અસુરો સાથે ક્ષીરસમુદ્ર પર ગયા, ત્યાં કાંધ ઉપરથી પર્વતને ઉતારી, જળ પાસે તેને મૂકીને પક્ષીરાજ ગરુડ શ્રીહરિની રજા મળવાથી ગયો.

ત્યારપછી, એ દેવો અને દૈત્યો નાગરાજ વાસુકિને અમૃતનો ભાગ આપવાનું ઠરાવી, તેને નેતરાં તરીકે મંદરાચળ પર્વત પર વીંટી અમૃત માટે હર્ષયુકત અને સાવધાન થઈ, સમુદ્રને મથવા લાગ્યા. તે સમયે શ્રીહરિએ પ્રથમ તે સર્પનું મુખ ખેંચવા માટે લીધું, એટલે દેવોએ પણ મુખ જ પકડયું. દૈત્યોના આગેવાનોએ ભગવાનના એ વર્તનને ઠીક ન માન્યું, તેઓ બોલી ઊઠયાઃ "અમે સર્પનું અમંગળ અંગ (પૂંછડુ) પકડીશું નહીં; કેમ કે, અમે વેદાધ્યયન અને શાસ્ત્રજ્ઞાનથી યુકત અને જન્મ તથા કર્મોથી પ્રખ્યાત છીએ"[૧૯] એમ કહી દૈત્યો મૌન ઊભા રહ્યા. તે જોઈ પુરુષોત્તમ ભગવાને હસીને પૂંછડું પકડયું. એ રીતે પોતપોતાના સ્થાનને વહેંચીને તે દેવો તથા દૈત્યોએ ઘણા પ્રયત્નપૂર્વક અમૃત માટે સમુદ્રને મથવા માંડયો ત્યારે તે બળવાન દેવદૈત્યોએ પકડયો હોવા છતાં મંદરાચળ પર્વત નિરાધાર અને ભારે હોવાથી જળમાં પેસી ગયો. એ રીતે મહાબળવાન દૈવે તેમના પુરુષાર્થનો નાશ કર્યો ત્યારે એ દેવો અને દૈત્યો મનમાં ઘણો ખેદ પામ્યા. તેઓના મુખની કાંતિ ઝાંખી થઈ ગઈ. તે સમયે દૈવે કરેલું તે વિઘ્ન જોઈ, અનંત પરાક્રમી અને સત્યસંકલ્પવાળા ઈશ્વરે મહાઅદ્ભુત કાચબાનું શરીર ધારણ કરી જળમાં પ્રવેશ કર્યો અને મંદરાચલ પર્વતને પોતાની પીઠ ઉપર લઈ પાછો ઊંચે આણ્યો. એમ કુલાચાર પર્વતને પાછો ઉપર આવેલો જોઈ ફરી દેવો તથા દૈત્યો સમુદ્રને મથવા લાગ્યા. તે સમયે બીજો મોટો બેટ હોય તેવું કાચબાનું શરીર ધારણ કરનાર ભગવાને મંદરાચળ પર્વતને એક લાખ યોજનવાળી પોતાની પીઠ પર ધરી રાખ્યો. મોટા દેવો અને અસુરો પોતાના બાહુના પરાક્રમથી તે પર્વતને ધ્રુજાવી ભગવાનની પીઠ ઉપર ફેરવતા હતા; તો પણ અમાપ તે આદિ ભગવાન કચ્છપ પોતાની પીઠ પર ફરતા તે પર્વતને ધારણ કરી તેના ફરવાને શરીર ઉપર ખણવારૂપે જ માનતા હતા.

આ પ્રમાણે, મથવાથી પ્રથમ 'હળાહળ' નામનું મહાઉગ્ર ઝેર નીકળ્યું, જેને પ્રાણીઓનું કલ્યાણ કરનાર મહાદેવજી પી ગયા. એનાથી પ્રસન્ન થયેલા દેવો તથા દાનવો વેગથી સમુદ્રમંથન કરવા લાગ્યા, એટલે તેમાંથી ક્રમશઃ કામધેનુ ગાય,

ઉચ્ચૈઃશ્રવા ઘોડો, ઐરાવત હાથી, કૌસ્તુભ મણિ, પારિજાત વૃક્ષ, અપ્સરાઓ, લક્ષ્મીદેવી તથા વારુણીદેવી ઉત્પન્ન થઈ. પછી અમૃતની ઈચ્છાવાળા દેવો તથ દૈત્યો સમુદ્રને મથવા લાગ્યા, એટલે તેમાંથી એક પરમ અદ્‌ભુત પુરુષ ઉત્પન્ન થયો. તે પુરુષે ખભા પર અમૃતથી ભરેલો કુંભ ધારણ કર્યો હતો. અમૃતથી પૂર્ણ ભરેલા કળશને જોઈ, બધા અસુરો તે કળશને બળથી લઈ ગયા. એ રીતે અમૃતના પાત્રને દૈત્યો લઈ જવા લાગ્યા ત્યારે મનમાં ખેદ પામેલા દેવો શ્રીહરિના શરણે ગયા. દેવોની દીનતા જોઈ ભગવાને કહ્યુંઃ ''તમે ખેદ કરો મા, હું મારી મોહિની–માયાથી દૈત્યોમાં અંદરોઅંદર કજિયો ઊભો કરી, તમારું કાર્ય સાધીશ.''[૧૯૫] પછી ભગવાન વિષ્ણુએ વર્ણવવાને અશકય એવું પરમ અદ્‌ભુત સ્ત્રીસ્વરૂપ ધારણ કર્યું. તે સમયે પરસ્પર સ્નેહ ભૂલી માંહોમાંહે તિરસ્કાર કરતા લૂંટારાઓની પેઠે અમૃતના પાત્રને ઝૂટવતા હતા, તેવામાં ત્યાં આવતી અદ્‌ભુત સ્ત્રીને જોઈને, તેના રૂપથી મોહિત થયેલા તે કામાતુર દૈત્યો તે સ્ત્રીને કહેવા લાગ્યાઃ ''હે માનવાળી સ્ત્રી! અમે પરસ્પર સંબંધીઓ છીએ, છતાં આ એક વસ્તુ માટે પરસ્પર સ્પર્ધા કરતા વેર બાંધી રહ્યા છીએ; તો હે સુંદર મધ્યભાગવાળી! તું અમારું કલ્યાણ કર, અમારો કજિયો દૂર કરી અમને સુખી કર. અમે કશ્યપના પુત્રો ભાઈઓ છીએ. અમે બધાએ સમુદ્રમંથનમાં સરખો જ પુરુષાર્થ કર્યો છે, તો તું અમારામાં કજિયો ન થાય એ રીતે ન્યાય પ્રમાણે આ વસ્તુ વહેંચી આપ.''[૧૯૬] એ રીતે દૈત્યોએ માયાથી સ્ત્રીનું શરીર ધારણ કરનાર શ્રીહરિની પ્રાર્થના કરી, એટલે તેમણે ખૂબ હસીને સુંદર કટાક્ષોથી જોતાં આ પ્રમાણે કહ્યુંઃ ''હે કશ્યપના પુત્રો! હું વેશ્યા છું, તમે મારામાં વિશ્વાસ કેમ કરો છો? પંડિત પુરુષ સ્ત્રીઓનો કદી વિશ્વાસ કરતો નથી. હે દૈત્યો! કૂતરાં અને વ્યભિચારિણી સ્ત્રીઓ હમેશાં નવું નવું શોધે છે, માટે તેઓની મિત્રતાને વિદ્વાનો અસ્થિર કહે છે.''[૧૯૭]

એમ તે મોહિનીનાં છળવચનોથી મનમાં વિશ્વાસ પામેલા તે અસુરો ગંભીરભાવથી હસવા લાગ્યા અને અમૃતનું પાત્ર તેઓએ તેને આપી દીધું. પછી અસુરોને અમૃત આપવું તે સર્પોને દૂધ આપવા જેવું અઘટિત છે, એમ માની ભગવાને જાતિથી ક્રૂર તે અસુરોને અમૃત ન વહેંચ્યું. ભગવાને દેવો તથા દૈત્યોને જુદી જુદી પંકિતઓમાં બેસાડયા અને બહુમાન તથા પ્રિય વાકયો વગેરેથી દૈત્યોને ઠગી, હાથમાં અમૃતનો કળશ લઈ, દૂર બેઠા હતા છતાં દેવોને વૃદ્ધાવસ્થા તથા મૃત્યુને હણનારું અમૃત પાયું.

આ રીતે, પોતાના ભકત દેવોને અમૃત પીવડાવી, તેઓનું કાર્ય સાધી ભગવાન સર્વ પ્રાણીઓના દેખતાં ગરુડ પર બેસી સ્વધામ પધાર્યા.''[૧૯૮]અહીં 'સમુદ્ર–અમૃતમંથન' ની કથા પૂર્ણ થાય છે અને મોહિનીથી છેતરાવાને કારણે ક્રોધિત થયેલા અસુરો અને દેવોના સંગ્રામનું વર્ણન શરું થાય છે.

શત્રુઓની ઉત્તમ સમૃદ્ધિ જોઈ દાનવો તે સહન ન કરી શકયા અને હથિયારો ઉગામી દેવો સામે ધસી ગયા. એથી અમૃત પીવાથી વૃદ્ધિ પામેલા અને

ભગવાનનાં ચરણોનો આશ્રય કરનારા સર્વ દેવગણો શસ્ત્રો લઈ, દૈત્યો સામે યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે સમુદ્રના કિનારા પર 'દૈવાસુરસંગ્રામ' કે 'અમૃત–મંથનસંગ્રામ' નામે ઉગ્ર યુદ્ધ થયું, જે મહાભયંકર અને રોમાંચજનક હતું. શ્રીમદ્ભાગવતપુરાણમાં એ યુદ્ધની ભયંકરતાનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.[૧૯૯]

એ યુદ્ધમાં તે શત્રુઓ ક્રોધવ્યાપ્ત મનવાળા થઈ, તલવારો તથા બાણો વગેરે અનેક હથિયારો લઈ સામસામા આવી જઈ એકબીજાને મારવા લાગ્યા. એ વેળા શંખ, વાજાં, મૃદંગો, ભેરીઓ તથા ડમરુંઓનો અને ગર્જના કરતા હાથીઓ, ઘોડા, રથ તથા પાળાઓનો મોટો કોલાહલ થઈ રહ્યો. એ યુદ્ધમાં રથીઓ રથીઓ સાથે, પાળાઓ પાળાઓ સાથે, ઘોડાઓ ઘોડાઓ સાથે તથા હાથીઓ હાથીઓ સાથે લડવા લાગ્યા. કેટલાક યોદ્ધાઓ ઊંટો પર, કેટલાક હાથીઓ પર, કેટલાક ગધેડાઓ પર અને બીજા કેટલાક ધોળા મૃગો, રીંછો, વાઘો તથા સિંહો પર બેસી લડતા હતા. વળી બીજા કેટલાક ગીધડાં, કંકપક્ષી, બગલાં, બાજપક્ષી, ભાસપક્ષી, તિમિંગલ નામના જળચર, અષ્ટપદો, પાડા, ગેંડા, ગાયો, બળદો, રોઝ, અરુણ નામનાં જંગલી પશુઓ, શિયાળો, ઉંદરો, કાચંડા, સસલાં, મનુષ્યો, બોકડા, કાળાં મૃગો, હંસો, ભૂંડો તથા બીજાં જળચર, સ્થળચર, ખેચર, અને ભયંકર શરીરવાળાં પ્રાણીઓ પર બેસી બંને સૈન્યોમાં આગળ દાખલ થયા. રંગબેરંગી ધજાઓનાં વસ્ત્રોથી, ધોળાં નિર્મળ છત્રોથી, મહાકિંમતી હીરાદાંડીવાળા વીંજણાઓથી, મોરપીંછના ચામરોથી, વાયુમાં ફરકતાં ઉત્તરીય વસ્ત્રોથી, પાઘડીઓથી ઝળકતાં બખ્તરોથી, અલંકારોથી અને સૂર્યકિરણો વડે અત્યંત ચળકતાં ઉજ્જ્વળ શસ્ત્રોથી તે દેવદાનવ યોદ્ધાઓની બંને સેનાઓ જળચર જીવોની પંકિતઓ વડે જેમ બે સમુદ્ર શોભે તેમ શોભતી હતી. એ યુદ્ધમાં વિરોચનનો પુત્ર બલિરાજા અસુરોનો સેનાપતિ હતો. તે મયદાનવે બનાવેલા વહાયસ નામના શ્રેષ્ઠ વિમાનમાં બેઠો હતો. તે વિમાન ઈચ્છાનુસાર જનારું, બધી લડાયક સામગ્રીથી ભરપૂર, સર્વને આશ્ચર્યમય, કોઈના પણ તર્કમાં ન આવનારું અને અવર્ણનીય હતું. તે થોડીવાર દેખાતું તો થોડીવાર દેખાતું ન હતું. એ વિમાનમાં બેઠેલો તે સર્વ સેનાપતિઓથી વિંટળાયેલો હતો. તેની બંને બાજુ ચામરો ઢોળાતાં હતાં અને તેના મસ્તક પર ઉત્તમ છત્ર ધર્યું હતું. તે વેળા ઉદયાચળના શિખર પર રહેલા ચંદ્રની પેઠે તે શોભતો હતો. એ બલિરાજાની ચારે તરફ પોતપતાનાં વાહનો પર બેસી અસુરટોળાંઓના નાયક અસુરો ગોઠવાયા હતા અને જેઓને અમૃતનો ભાગ મળ્યો ન હતો પણ ફકત મહેનતમાં જ ભાગ મળ્યો હતો, તેવા અનેક નમુચિ, શંબર, બાણાસુર, વિપ્રચિત્તિ, અધોમુખ, દ્વિમૂર્ધા, કાલનાભ, પ્રહેતિ, હેતિ, ઇલ્વલ, શકુનિ, ભૂતસંતાપ, વજ્રદંષ્ટ્રા, વિરોચન, હયગ્રીવ, શંકુ, શિરા, કપિલ, મેઘદુંદુભિ, તારકાસુર, ચક્રદક, શુંભ, નિશુંભ, જંભ, ઉત્કલ, અરિષ્ટ, અરિષ્ટનેમિ, મય, ત્રિપુરાસુર, પૌલોમ, કાલેય તથા નિવાતકવચ વગેરે દેવોને જીતનારા સર્વ દૈત્યો રણને મોખરે આવી ઊભા

હતા. તેઓ સિંહ જેવી ગર્જનાઓ કરતા હતા અને મોટા ધ્વનિવાળા શંખો વગાડતા હતા. આ પ્રમાણે શત્રુઓને ગર્વિષ્ઠ જોઈ દેવરાજ ઈન્દ્ર અત્યંત કોપી ઊઠયો. તે ઐરાવત નામના દિગ્ગજ ઉપર બેઠો હતો, જેથી ઝરણાંઓને ઝરતા ઉદયાચલ પર્વત ઉપર જેમ સૂર્ય શોભે તેમ શોભતો હતો. તેની ચારેબાજુ અનેક જાતનાં વાહનો, ધજાઓ તથા હથિયારો ધારણ કરનારા લોકપાલ, વાયુ, અગ્નિ તથા વરુણ વગેરે દેવો પોતપોતાના ગણો સાથે ગોઠવાયા હતા. પછી તે દેવો અને અસુરો સામસામા ધસી જઈને પરસ્પર મર્મવચનોથી તિરસ્કાર કરવા લાગ્યા અને એકબીજાને નામો વડે બોલાવી મોખરે આવી દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા, જેમાં બલિરાજા ઈન્દ્ર સાથે, કાર્તિકસ્વામી તારકાસુર સાથે, વરુણદેવ હેતિ સાથે, મિત્રદેવ પ્રહેતિ સાથે, યમદેવ કાલનાભ સાથે, વિશ્વકર્મા મયદાનવ સાથે, શંબરાસુર ત્વષ્ટાદેવ સાથે, વિરોચન સવિતા સાથે, નમુચિ અપરાજિત સાથે, અશ્વિનીકુમારો વૃષપર્વા સાથે, સૂર્યદેવ જેમાં બાણાસુર મોટો હતો તે બલિરાજાના સો પુત્રો સાથે, ચંદ્ર રાહુ સાથે, વાયુ પુલોમા સાથે, મહાબળવાન દેવી શુંભ તથા નિશુંભ સાથે, મહાદેવજી જંભાસુર સાથે, અગ્નિ મહિષાસુર સાથે, ઈલ્વલ તથા વાતાપિ બ્રહ્માના પુત્ર વસિષ્ઠ આદિ ઋષિઓ સાથે, દુર્મર્ષ કામદેવ સાથે, ઉત્કલ માતૃકાઓ સાથે, બૃહસ્પતિ શુક્રાચાર્ય સાથે શનિદેવ નરકાસુર સાથે, મરુદ્ગણો નિવાતકવચો સાથે, વસુ નામના દેવો કાલેયો સાથે, વિશ્વેદેવો પૌલોમો સાથ તથા રુદ્રો ક્રોધવશ નામના અસુરો સાથે યુદ્ધ કરવા લાગ્યા.

આ પ્રમાણે, મોટા મોટા અસુરો તથા દેવો ત્યાં એકઠા થઈ દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા અને સામસામા આવી જઈ વિજય મેળવવાની ઈચ્છાથી તીક્ષ્ણ બાણો, તલવારો તથા તોમરો વડે બળથી એકબીજાને મારવા લાગ્યા. તેઓ ભુશુંડીઓ, ચક્રો, ગદાઓ, બેધારી તલવારો, પટ્ટિશો, શકિતઓ, ઊંબાડિયાં, ગોફણો, ફરશીઓ, ભાલા, ભૂંગળો, મુદ્ગરો તથા ભિંદીપાલ નામનાં શસ્ત્રો વડે એકબીજાના મસ્તકો કાપવા લાગ્યા. વળી, હાથીઓ, ઘોડાઓ, રથો, પાળાઓ અને ઘોડેસવારો સહિત બીજા ઘોડાઓ તે યુદ્ધમાં અનેક પ્રકારે કપાયા કે જેના બાહુઓ, સાથળો, ડોકાં અને પગ છિન્નભિન્ન થયા અને ધજાઓ, ધનુષ્યો, બખ્તરો તથા આભૂષણો પણ તૂટી ગયાં. એ દેવો તથા દાનવોના પગના પ્રહારરથી અને રથોનાં પૈડાંથી રણભૂમિના પણ ભુક્કા ઊડી ગયા, જેથી એટલી બધી ઉગ્ર ધૂળ ઊડી કે જેણે તે સમયે દિશાઓને, આકાશને તથા સૂર્યને પણ ઢાંકી દીધો; પરંતુ લોહિના છંટકાવથી રણભૂમિ તરબોળ થતી હતી, તેથી તે ધૂળ ઊડતી બંધ થતી હતી. વળી, તે ભૂમિ મુકુટ તથા કુંડળો વિનાનાં થયેલાં, ક્રોધાવેશવાળી દષ્ટિવાળાં અને પીસેલા હોઠવાળાં મસ્તકોથી અલંકારો અને હથિયારો સહિત મોટી ભુજાઓથી તેમ જ હાથીના જેવી સાથળોથી અત્યંત છવાઈ જઈ શોભતી હતી. ત્યાં પડી રહેલાં પોતાનાં મસ્તકોનાં નેત્રોથી યુદ્ધમાં આસપાસ ધ્રૂજતા યોદ્ધાઓને જોઈ તે યોદ્ધાનાં ધડો હાથમાં રહેલાં શસ્ત્રો ઉગામીને ઊઠવા લાગ્યાં. તે યુદ્ધમાં બલિરાજાએ ઈન્દ્રને દસ, ઐરાવત

હાથીને ત્રણ, ચાર ઘોડાઓને ચાર તથા તેના મહાવતને એક બાણ માર્યું પણ ઝડપદાર પરાક્રમવાળા ઈન્દ્રે સામેથી તેટલા જ ભાલાં મારી, સામે ધસી આવતાં તે બાણોને હસતો હોય તેમ વચ્ચેથી જ કાપી નાખ્યાં. ઈન્દ્રનું તે ઉત્તમ કાર્ય જોઈ બલિરાજા તે સહન કરી શકયો નહીં. તેણે મોટા ઊંબાડિયા જેવી બળતી શકિત હાથમાં લીધી, પણ ઈન્દ્રે બલિના હાથમાં જ તે શકિત કાપી નાખી. પછી બલિએ ત્રિશૂળ, ભાલું, તોમર તથા બેધારી તલવાર વગેરે જે જે શસ્ત્ર લીધાં, તે તે સર્વ સમર્થ ઈન્દ્રે કાપી નાખ્યાં.

ત્યારપછી, બલિએ અદશ્ય થઈ આસુરી માયા ઉત્પન્ન કરી, એટલે દેવોના સૈન્ય પર પર્વત પ્રગટ થયો. એ પર્વત ઉપરથી દાવાનળથી બળતાં ઝાડ અને શત્રુઓનાં સૈન્યનો ચૂરો કરતી તીક્ષ્ણ અણિયાળી શિલાઓ પડવા લાગી, તેમ જ અજગરો, સર્પો, વીંછીઓ, સિંહો, વાઘો તથા કચરી નાખતા મોટા હાથીઓ ધસી આવ્યા. વળી, હાથમાં ત્રિશૂળ ધારણ કરતી નગ્ન અને 'કાપો, ચીરી નાખો' એમ બોલતી, સેંકડો રાક્ષસીઓ તથા રાક્ષસોનાં ટોળાં ચડી આવ્યાં. પછી, ગંભીર અને તીક્ષ્ણ શબ્દો કરતા મોટા મેઘો આકાશમાં પ્રકટ થયા અને વાયુઓથી સામસામા અથડાઈને ગાજતા અંગારા વરસાવવા લાગ્યા. ઉપરાંત, દૈત્ય બલિએ મહાન અગ્નિ ઉત્પન્ન કર્યો, જે વાયુની સહાય લઈ પ્રલયકાળના અગ્નિ જેવો અતિ ઉગ્ર બની દેવોની સેનાને બાળવા લાગ્યો. સમુદ્ર ચારેતરફથી મર્યાદાને ઓળંગતો દેખાયો, જે પ્રચંડ વાયુથી ઉછળતા તરંગો અને ઘૂમરીઓને લીધે ભયંકર લાગતો હતો. એમ મહામાયાવી અને અલક્ષ્ય ગતિથી ભયંકર દૈત્યોએ માયાઓ સર્જી, ત્યારે દેવોના સૈનિકો ગભરાયા. ઈન્દ્રાદિ દેવો પણ તે માયાઓનો સામનો કરવાનું જાણી શકયા નહીં, ત્યારે તેઓએ જગતનું કલ્યાણ કરનાર ભગવાનનું ધ્યાન કર્યું, એટલે ભગવાન ત્યાં પ્રકટ થયા. તે સમયે ભગવાને પોતાના ચરણપલ્લવ ગરુડના ખભા ઉપર મૂકયા હતા, પીળું પીતાંબર પહેર્યું હતું, તેમના નેત્રો નવાં કમળ જેવાં હતાં. આઠ ભુજાઓમાં આઠ આયુધો તેમપે ધર્યાં હતાં અને દેદીપ્યમાન લક્ષ્મીજી, કૌસ્તુભમણિ, મહાકિંમતી મુકુટ તથા કુંડળો ધારણ કર્યાં હતાં. આવા ભગવાન ત્યાં દેખાયા અને રણભૂમિમાં તેમણે પ્રવેશ કર્યો કે તરત જ, સર્વથી મોટા એ દેવના મહિમા વડે જેમ જાગતાં સ્વપ્ન દૂર થાય તેમ અસુરોના કૂટકર્મની માયા નાશ પામી; કેમ કે શ્રીહરિનું સ્મરણ જ સર્વ આપત્તિઓમાંથી છોડાવનારું છે, તો પછી તેમનો પ્રત્યક્ષ પ્રવેશ સર્વ આપત્તિઓમાંથી છોડાવે એમાં શું કહેવાનું હોય? શ્રીગરુડવાહન ભગવાનને એમ યુદ્ધક્ષેત્રમાં જોઈ, સિંહ પર બેઠેલા કાલનેમિ અસુરે ત્રિશૂળ ફેરવીને ભગવાન સામે ફેંકયું; એટલે ગરુડના મસ્તક પર પડતાં પહેલાં જ તે ત્રિશૂળને રમતમાત્રમાં ત્રૈલોકયપતિ ભગવાને ઝીલી લઈ, તે જ ત્રિશૂળથી કાલનેમિને તેના વાહન સાથે મારી નાખ્યો. પછી માલી અને સુમાલી નામના મહાબળવાન અસુરો ભગવાન સામે યુદ્ધ માટે ધસ્યા, પણ ભગવાને સુદર્શનચક્રથી તેઓનાં મસ્તકો છેદી નાખ્યાં. તેવામાં માલ્યવાન અસુરે ગરુડને તીક્ષ્ણ ગદા મારી

અને ગર્જના કરી, ત્યારે ભગવાને સુદર્શનચક્રથી તેનું પણ મસ્તક છેદી નાખ્યું.

પછી, તે પરમ પુરુષ પરમેશ્વરની પરમ કૃપાને લીધે દેવો ભાનમાં આવ્યા અને ઈન્દ્ર, વાયુ વગેરે જે અસુરોએ પોતાને માર્યા હતા તેમને યુદ્ધમાં અત્યંત મારવા લાગ્યા. ભગવાન ઈન્દ્રે બલિરાજા ઉપર ક્રોધાયમાન થઈ વજ્ર ઉગામ્યું, ત્યારે પ્રજાઓ હાહાકાર કરવા લાગી. હાથમાં વજ્રવાળા ઈન્દ્રે રણમાં ઘૂમતા અને સારી રીતે સજ્જ થઈ આગળ ઊભેલા શૂરા બલિને તિરસ્કારી કહ્યુંઃ "અલ્યા મૂઢ! જેમ નટ નજર બાંધી અજ્ઞાનીઓને જીતી તેઓનાં ધન હરી લે છે, તેમ માયાઓ રચી અમને માયાના અધિપતિઓને જીતવા ઈચ્છે છે? તારા જેવા જેઓ માયાઓ વડે ઊંચે ચડવા અને સ્વર્ગને ઓળંગી જવા ઈચ્છે છે, તે અજ્ઞાની લૂંટારાઓને હું પહેલાં રસાતળ સ્થાનથી પણ નીચે ધકેલી દઉં છું. ઓ મંદબુદ્ધિવાળા! તું દુષ્ટ માયાઓ ધારણ કરે છે; પરંતુ આજે સો ધારવાળા આ વજ્રથી હું તારું મસ્તક કાપી નાખીશ. તારે તારા સંબંધીઓની સાથે જે પરાક્રમ કરવું હોય તે કરી લે." ઈન્દ્રના આમ કહેવાથી, વીરોનું મર્દન કરનાર, તે બલિએ પણ એવા જ શબ્દોથી ઈન્દ્રનો તિરસ્કાર કરીને તિરસ્કારનાં વચનોથી હણાયેલા ઈન્દ્ર પર કાન સુધી ખેંચેલાં નારાચ બાણોથી ફરીથી પ્રહાર કર્યો. એ પ્રમાણે સત્યવાદીશત્રુએ દેવ ઈન્દ્રનો પરાભવ કર્યો એટલે અંકુશ મારેલા હાથીની પેઠે તે શત્રુનો તિરસ્કાર સહન ન કરી શકયો. શત્રુઓનું મર્દન કરનારા તે ઈન્દ્રે બલિરાજાને અમોઘ વજ્ર માર્યું, એટલે કપાયેલી પાંખોવાળા પર્વતની પેઠે તે વિમાન સાથે પૃથ્વી પર પડયો. એ પ્રમાણે મિત્ર બલિને પડેલો જોઈ બલિનો મિત્ર જંભાસુર મરાયેલા મિત્રની પણ મિત્રતા જાળવવા ઈન્દ્ર સામે ધસ્યો. મહાબળવાન તે જંભાસુર સિંહ પર બેસી ઈન્દ્રની પાસે પહોંચ્યો અને વેગથી ગદા ઉગામી ઈન્દ્રના કંઠના મૂળમાં મારી અને હાથીને પણ માર્યો. ઈન્દ્રનો હાથી ગદાના તે મારથી અત્યંત વિહ્વળ થયો અને જમીન પર ગોઠણભેર થઈ અત્યંત બેભાન થયો. પછી માતલિ સારથિએ એક હજાર ઘોડાઓ જોડેલો રથ ઈન્દ્ર આગળ હાજર કર્યો એટલે ઈન્દ્ર હાથી છોડીને રથ ઉપર બેઠો. દાનવશ્રેષ્ઠ જંભાસુરે માતલિ સારથિના તે કર્મની પ્રશંસા કરી અને પછી યુદ્ધમાં હસતાં હસતાં બળબળતું ત્રિશૂળ માતલિને પણ માર્યું. માતલિએ ધૈર્ય ધારણ કરી અતિદુઃસહ તે પીડા સહન કરી. પછી, ઈન્દ્રે અતિક્રોધાયમાન થઈ વજ્ર વડે જંભાસુરનું મસ્તક કાપી નાખ્યું.

નારદઋષિ પાસેથી જંભાસુરને મરણ પામેલો જાણી, તેના સંબંધીઓ નમુચિ, બલ અને પાક નામના અસુરો ઉતાવળા ત્યાં આવ્યા. તેઓ કઠોર વચનો વડે ઈન્દ્રના મર્મસ્થાનો વીંધતા મેઘો જેમ પર્વતો ઉપર જળધારાઓ વરસાવે, તેમ તેના પર બાણો વરસાવવા લાગ્યા. તેમાં બલ નામનો દૈત્ય ઝડપદાર હાથવાળો હતો. તેણે એક હજાર ઘોડાઓને એકીસાથે વીંધી નાખ્યા. પાક દૈત્યે એકી વખતે બસો બાણો છોડીને માતલિ સારથિને તથા જુદા જુદા અવયવો સહિત રથને વીંધી નાખ્યા. તે એનું કર્મ યુદ્ધમાં આશ્ચર્યકારક થયું. નમુચિએ પણ સોનાની અણિવાળાં

પંદર મોટાં બાણો ઈન્દ્રને મારી જળથી ભરેલા મેઘની પેઠે યુદ્ધમાં ગર્જના કરી. તે અસુરોએ મેઘ જેમ વર્ષાકાળના સૂર્યને ઢાંકી દે તેમ ઈન્દ્રને તેના રથ તથા સારથિ સાથે બાણોના ઢગથી ઢાંકી દીધો. એ રીતે ઈન્દ્ર બાણોના આચ્છાદનથી દેખાતો બંધ થયો ત્યારે તેને ન દેખતાં દેવગણો અનુયાયીઓ સાથે નાયકથી રહિત થયા અને તેથી શત્રુસૈન્યે તેઓને જીતી લીધા. એટલે સમુદ્રમાં વહાણો ભાંગતાં વેપારીઓ અતિશય વિહ્વળ થાય તેમ વિહ્વળ થઈ તેઓ બૂમો પાડવા લાગ્યા; તેવામાં ઈન્દ્ર ઘોડા, રથ, ધજા તથા સારથિ સાથે તે બાણો વડે બંધાયેલા પિંજરામાંથી બહાર નીકળ્યો અને રાત્રિના અંતે પોતાના તેજથી જેમ સૂર્ય શોભે તેમ પોતાના પ્રકાશથી દિશાઓ, આકાશ તથા પૃથ્વીને પ્રકાશિત કરતો શોભવા લાગ્યો. પછી, વજ્રધારી ઈન્દ્રે રણમાં પોતાની સેનાને શત્રુઓથી પીડાતી જોઈ, શત્રુનો નાશ કરવા ક્રોધથી વજ્ર ઉગામ્યું. આઠધારવાળા તે વજ્ર વડે સર્વને ભય ઉપજાવતાં ઈન્દ્રે બલ તથા પાક બંને દૈત્યોનાં મસ્તકો તેઓના સંબંધીઓનાં દેખતાં જ ઉડાવી દીધાં.

એમ તે બંને દૈત્યોનો નાશ થયેલો જોઈ, નમુચિ શોક, અદેખાઈ તથા ક્રોધથી વ્યાપ્ત થયો. તેણે ઈન્દ્રનો નાશ કરવાની ઈચ્છાથી મોટો ઉદ્યમ કરવા માંડયો અને લટકતી ઘંટડીઓવાળું લોઢાનું સુવર્ણભૂષિત ત્રિશૂળ હાથમાં લઈ 'હવે તું મૂઓ છે' એમ ક્રોધથી ગર્જના કરતો તે ધસ્યો. તેણે સિંહની પેઠે ગર્જના કરી ઈન્દ્ર ઉપર તે ત્રિશૂળ ફેંકયું પણ આકાશમાર્ગે આવતા અત્યંત વેગવાળા તે ત્રિશૂળના ઈન્દ્રે બાણો મારી હજારો ટુકડા કરી નાખ્યા અને પછી તો ક્રોધાયમાન થઈ ઈન્દ્રે નમુચિનું મસ્તક કાપી નાખવા તેની ડોક પર વજ્ર માર્યું. ઈન્દ્રે પોતાનામાં જેટલું બળ હતું તેટલા બળથી વજ્રનો પ્રહાર કર્યો અને જે વજ્રે મહાવીર્યવાન વૃત્રાસુરને પણ ચીરી નાખ્યો હતો, તે બળવાન વજ્ર પણ તે અસુરની ચામડીને ચીરી શકયું નહીં અને ઊલટી તેની ડોકની ચામડીથી બૂઠું થયું, એથી ઈન્દ્રને અત્યંત આશ્ચર્ય થયું. એ રીતે વજ્ર પાછું પડયું ત્યારે ઈન્દ્ર શત્રુથી ડરવા લાગ્યો. તેણે મનમાં ખેદ કરવા માંડયો કે દૈવયોગે લોકોને મોહ ઉપજાવે તેવું આ શું થયું? પૂર્વે પ્રજાઓના નાશ માટેની પોતાની પાંખોથી ઊડીને પૃથ્વી પર પડતા અને ભારથી અંદર ઘૂસી જતા પર્વતોની પાંખોને પણ મારા જે વજ્રે કાપી હતી અને જે વજ્ર ત્વષ્ટાના સારમય તપરૂપ વૃત્રાસુરને તથા સર્વ અસ્ત્રોથી જેઓની ચામડી ઘવાતી ન હતી તેવા બીજા બળવાન અસુરોને પણ ચીરી નાખ્યા છે, તે વજ્રને આજે મેં આ ક્ષુદ્ર અસુર ઉપર છોડયું; છતાં આજે બ્રાહ્મણ (દધીચિ ઋષિ) ના સામર્થ્યરૂપ તે નિષ્ફળ નિવડયું છે, માટે નકામી લાકડી જેવા આ વજ્રને હું નહીં સ્વીકારું, એમ ઈન્દ્ર ખેદ કરતો હતો ત્યારે તેને આકાશવાણીએ કહ્યુંઃ "આ દાનવને સૂકા કે લીલા પદાર્થોથી મારી શકાશે નહીં, કેમ કે લીલા કે સૂકા પદાર્થોથી તારું મૃત્યુ નહીં થાય, એવું મેં તેને વરદાન આપેલું છે, માટે હે ઈન્દ્ર! તારા આ શત્રુનો નાશ કરવા માટે તારે કોઈ બીજો ઉપાય વિચારવો." એમ તે આકાશવાણી સાંભળી ઈન્દ્રે ખૂબ એકાગ્ર ચિત્તે વિચારકર્યો. તેવામાં નહીં સૂકું કે નહીં લીલું સમુદ્રનું ફીણ શત્રુનો નાશ કરવાના

ઉપાય તરીકે તેને દેખાયું; એટલે નહીં સૂકા કે નહીં લીલા તે ફીણથી ઇન્દ્રે નમુચિનું મસ્તક કાપી નાખ્યું ત્યારે મુનિગણો તેની સ્તુતિ કરીને તેના પર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. વિશ્વાવસુ તથા પરાવસુ નામના મુખ્ય ગંધર્વો તેનાં ગુણગાન ગાવા લાગ્યા; દેવોનાં નગારાં વાગવા લાગ્યાં અને નર્તકીઓ હર્ષપૂર્વક નૃત્ય કરવા લાગી. બીજી તરફ વાયુ, અગ્નિ તથા વરુણાદિ અન્ય દેવો પણ કેસરી સિંહો જેમ મૃગને મારે તેમ અસ્ત્રોના સમૂહથી શત્રુઓનો સંહાર કરવા લાગ્યા. એ રીતે દાનવોનો સંહાર થતો જોઈ બ્રહ્માએ દેવર્ષિ નારદને દેવો પાસે મોકલ્યા, એટલે તેમણે દેવોને આ પ્રમાણે કહી અટકાવ્યાઃ

"હે દેવો! તમોએ ભગવાન નારાયણની પૂજાઓનો આશ્રય કરી અમૃત મેળવ્યું છે અને સંપત્તિથી સમૃદ્ધ પણ થયા છો; માટે બધા લડાઈ બંધ કરો."[૨૦૦]

નારદજીના એ વચનને માન આપી દેવોએ ક્રોધના આવેશને વશ કર્યો અને પછી ગુણગાન ગાતા અનુચરો સાથે બધા દેવો સ્વર્ગમાં ગયા. બીજી તરફ રણમાં જેઓ બચ્યા હતા, તે અસુરો પણ નારદજીની સંમતિથી મરણ પામેલા બલિરાજાને લઈ અસ્તાચલ પર્વત પાસે ગયા. જેઓના અવયવો નાશ પામ્યા ન હતા તથા જેઓનાં ડોકાં હયાત હતાં, તે સઘળા અસુરોને શુક્રાચાર્યે પોતાની સંજીવની વિદ્યાથી સજીવન કર્યા. બલિરાજા પણ શુક્રાચાર્યનો સ્પર્શ થતાં જ ફરી ઇન્દ્રિયસ્મૃતિ પામ્યો અને પોતે પરાજય પામ્યો હતો, છતાં લોકતkવને જાણતો હોવાથી તેણે મનમાં ખેદ ન કર્યો.

આ પ્રમાણે, શ્રીમદ્‌ભાગવતપુરાણમાં 'અમૃતમંથન' ની કથા અને સંગ્રામનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. શ્રીમદ્‌ભાગવતપુરાણ આ કથા સાથે 'મોહિની–કથા' ને પણ વિસ્તારથી વર્ણવે છે, જે વિષ્ણુના મહિમાને વધારવામાં પૂરક બને છે. આમ તો અમૃતમંથનની સમગ્ર કથા જ વિષ્ણુના મહિમાને વધારવાના ઉદ્દેશથી પુરાણકારે પ્રસ્તુત કરી હોય તેમ લાગે છે. દેવરાજ ઇન્દ્ર પણ અહીં ગૌણ બની જાય છે. નમુચિ દૈત્યના વધના વર્ણનમાં તેનું વજ્ર પણ કુંઠિત થઈ જતું વર્ણવેલ છે. તેની દિવ્યતા અને ભવ્યતા કેવળ ભગવાન વિષ્ણુને જ આભારી છે.ભગવાન વિષ્ણુનો મહિમા અહીં શિવ તથા બ્રહ્મા કરતાં પણ વધારે દર્શાવીને, તેનું સર્વેશ્વરપણું સિદ્ધ કરવામાં આવ્યું છે. વિષ્ણુનો કૂર્માવતાર પણ આ કથા જોડે જ સંલગ્ન છે. બલિરાજાના ભકત–સ્વરૂપને પણ ભાગવતકારે આંચ આવવા દીધી નથી.

મત્સ્યપુરાણમાં પણ આ કથા અમૃતમંથન અને સંગ્રામ, એમ બે વિભાગમાં જોઈ શકાય છે. દેવતાઓને કઈ રીતે અમૃતત્વ પ્રાપ્ત થયું? એવા પ્રશ્નના ઉત્તરમાં સૂતપુરાણી આ કથા કહે છે. કથાની રજુઆતમાં મત્સ્યપુરાણકારનો દષ્ટિકોણ સમન્વયાત્મક રહ્યો છે. ઋષિઓ પૂછે છે કે,– "તપ, કર્મ અથવા કયા દેવતાની કૃપાથી દેવતાઓને અમરત્વની પ્રાપ્તિ થઈ હતી?"[૨૦૧] આ પ્રશ્નના

ઉત્તરમાં તે નોંધે છે કે,–

**"यत्र नारायणो देवो महादेवश्च शूलधृक् ।**
**तत्रामरत्वे सर्वेषां सहायौ तत्र तौ स्मृतौ ।।"**

અર્થાત્, "એ અમરત્વની પ્રાપ્તિના કાર્યમાં ભગવાન નારાયણ (વિષ્ણુ) અને ત્રિશૂલધારી મહાદેવ(શિવ), એમ બન્ને બધા(દેવતાઓ)ની સહાયમાં હતા, એમ કહેવાય છે."[૨૦૨]

અહીં, વિષ્ણુ તથા શિવ–બન્નેનો મહિમા કરેલો જોઈ શકાય છે. મત્સ્યપુરાણમાં પણ શ્રીમદ્‌ભાગવતપુરાણની જેમ 'અમૃતમંથન'ની કથાની પશ્ચાદ્‌ભૂમાં દેવાસુરસંગ્રામ અને તેનું પરિણામ જ રહેલું છે. પ્રાચીનકાળમાં દેવાસુરસંગ્રામમાં, દેવતાઓ દ્વારા મારી નાખવામાં આવેલા સેંકડો રાક્ષસોને ભૃગુનંદન શુક્રાચાર્ય મૃતસંજીવનીવિદ્યાના પ્રભાવથી પુનર્જીવિત કરી દેતા હતા અને તે દૈત્યો એ પ્રમાણે, જાણે કે સૂઈને ઉઠયા હોય એમ ઊભા થઈને ફરીથી લડવા લાગતા હતા. આ સંજીવનીવિદ્યા અન્ય કોઈ યક્ષ, રાક્ષસ, નાગ, ઋષિ, મુનિ કે દેવતા પાસે ન હતી. સ્વયં બ્રહ્મા અને વિષ્ણુ પણ આ વિદ્યાથી અજ્ઞાત હતા. સંયોગવશાત્ લડાયેલા એ દેવાસુરમહાસંગ્રામમાં, દેવતાઓ દ્વારા મારી નખાયેલા સેંકડો દૈત્યોને શુક્રાચાર્ય દ્વારા પુનર્જીવિત થતા અને સેંકડો–સહસ્રોની સંખ્યામાં દેવોને મરેલા જોઈ, ઇન્દ્ર તથા બૃહસ્પતિ અને તમામ દેવગણ ચિંતાથી વ્યાકુળ બની, વિષાદને પામ્યા. તેઓને એ પ્રમાણે ચિંતિત જોઈ, સુમેરુ પર્વતના પૃષ્ઠભાગમાં સ્થિત એ દેવોને જગત્પતિ બ્રહ્માએ કહ્યુંઃ

"હે દેવો! તમે મારી વાત સાંભળીને તેને અનુરૂપ ઉપાયોને વિચારો. આ સમયે તમે દૈત્યો સાથે મૈત્રી જોડો અને અમૃતપ્રાપ્તિનો ઉદ્યોગ કરતાં સમુદ્રમંથન કરો. આ મંથનકાર્યમાં મંદરાચલને મંથનદંડ, શેષનાગને નેતરું અને દાનવેન્દ્ર બલિને થોડા સમય પૂરતો અધ્યક્ષ બનાવો. પાતલલોકમાં વિરાજમાન અવ્યય કૂર્મરૂપધારી ભગવાન વિષ્ણુ તથા મંદરાચલને પ્રાર્થના કરો અને મંથનનો પ્રારંભ કરો."[૨૦૩]

આ પ્રમાણેનાં બ્રહ્માનાં વચનો સાંભળી અને કઈ રીતે સમુદ્રનું મંથન કરવું, તેનો વિધિ તેમની પાસેથી જાણીને બધા દેવતાઓ દાનવોના નિવાસસ્થાને ગયા અને દૈત્યેન્દ્ર બલિને કહ્યું કે,–

"હે બલિરાજા! હવે વિરોધ રહેવા દો. કેમ કે, આજથી માંડીને અમે આપના સેવકો છીએ. કૃપા કરીને અમૃતની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરો. હે દૈત્યરાજ! આપની સહાયતાથી સમુદ્રમંથન કરીને પ્રાપ્ત કરેલા અમૃતથી આપણે બધા અમર બની જઈશું. આપની કૃપાથી જ અમારી આ અભિલાષા પૂર્ણ બનશે, એમાં કોઈ સંદેહ નથી."[૨૦૪]

દેવતાઓના આવા વિનયભર્યા શબ્દોને સાંભળીને દૈત્યેન્દ્ર બલિ અત્યંત સંતુષ્ટ થયો અને એમને અભયવચન કહીને, સહાયને માટે ક્રમશઃ મંદરાચલ, કૂર્મ

અને શેષને એમની સાથે રહીને પ્રાર્થના કરી. પછી જ્યારે શેષે લીલામાત્રમાં મંદરાચલને ઉપાડીને ક્ષીરસાગરમાં મૂક્યો ત્યારે કૂર્મ તેના અધોભાગમાં આવીને સ્થિત થયા. પરંતુ સમુદ્રમંથન પ્રારંભ થતાં, દેવો અને દાનવો મળીને પણ નિરાધાર હોવાના કારણે મંદરાલને સમુદ્રમાં ઘુમાવી ન શક્યા, તો બલિને સાથે લઈને બધા ભગવાન નારાયણ પાસે ગયા. એમની સ્તુતિથી પ્રસન્ન થઈને, એ ભગવાને સુંદર કંદરાઓથી સુશોભિત અમૃતના મંથનદંડ, તે મંદરાચળને પોતાના બન્ને હાથોથી પકડી રાખ્યો. આ પ્રમાણે જય જયકાર કરતાં બધા દેવો અને દૈત્યોએ મળીને સો દિવ્યવર્ષો સુધી સમુદ્રનું મંથન કર્યું; પરંતુ કશું જ પ્રાપ્ત ન થયું ત્યારે તેઓ બધા નિરુત્સાહિત થઈ ગયા. દેવરાજ ઈન્દ્ર દ્વારા મેઘરૂપ ધારણ કરીને કરવામાં આવેલ શીતલ જલવર્ષા પણ એમના થાકને દૂર ન કરી શકી ત્યારે બ્રહ્માજી એમને પ્રોત્સાહિત કરતાં વારંવાર કહેવા લાગ્યાઃ ''અરે !મંથન કરો, મંથન કરો. કેમ કે, ઉદ્યમીને જ હંમેશા અપાર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.''[૨૦૫] બ્રહ્મા દ્વારા આ પ્રમાણે પ્રોત્સાહિત કરાતાં દેવ–દાનવો પુનઃ દત્તચિત્ત બનીને સમુદ્રમંથન કરવા લાગ્યા.

તદનન્તર, સહસ્ર યોજનના વિસ્તારવાળા તે મંદરાચળ દ્વારા મંથન થતું હોવાથી તેનાં શિખરો પરથી સેંકડો હાથીઓના સમૂહો, શૂકર તથા શરભાદિ જીવગણ, લાખો કૂતરાંઓ તથા ફળો અને પુષ્પોથી લદાયેલાં અનેક વૃક્ષો સમુદ્રમાં સરી પડયાં. એ ફળોના સારભાગથી અને પુષ્પો તથા ઔષધિઓના રસના કારણે ક્ષીરસાગરનું જળ દહીંના રૂપમાં ફેરવાઈ ગયું. તદુપરાંત, સમુદ્રમાં પડેલાં એ હજારો જીવોનું ચૂર્ણ થઈ જવાથી, એમના રકત તથા ચરબીના મિશ્રણથી તે જળ મદિરા જેવું બની ગયું. એ વારુણીની ગંધથી દેવો તથા દાનવો પ્રસન્ન થયા અને તેના આસ્વાદનથી તેઓને પુનઃ બળની પ્રપ્તિ થઈ અને અતિ વેગથી મંથન કરવા લાગ્યા. જેથી, સેંકડો મેઘો એકસાથે ગરજતા હોય, તેવો ધ્વનિ સંભળાવા લાગ્યો. એ વિશાળ મંદરાચલનો આઘાત થવાથી સેંકડો–સહસ્રોની સંખ્યામાં જલચરો વિનષ્ટ થઈ ગયાં. એ પર્વતે પાતાલલોકના અનેક પ્રકારના નિવાસીઓનો વિનાશ કરી નાખ્યો. મંથનના કારણે મંદરાચલ પર ઉગેલાં મોટાં મોટાં વૃક્ષોના સમૂહો પરસ્પર સંઘર્ષણ પામવાથી, તૂટીને તેની ઉપર રહેલાં પક્ષીઓની સાથે જ સમુદ્રમાં પડવા લાગ્યાં. એ વૃક્ષોના ઘર્ષણથી ઉત્પન્ન થયેલ અગ્નિની જવાળાઓથી મંદરાચલ વિજળીથી યુકત કાળાં વાદળ જેવો દેખાવા લાગ્યો. અગ્નિના ભયથી પાણીમાંથી નીકળીને ભાગી રહેલા સિંહો તથા હાથીઓને તથા વિવિધ પ્રકારે મરેલાં જીવોને પણ તે અગ્નિએ બાળીને ભસ્મ કરી નાખ્યાં. જ્યારે ઈન્દ્રે વાદળાંઓ વરસાવીને તે અગ્નિને શાંત કરી દીધો ત્યારે તે પર્વત પરથી ગરમ થઈને બહાર આવેલા વિવિધ પ્રકારના રસો સમુદ્રમાં આવીને પડવા લાગ્યા. મોટાં મોટાં વૃક્ષોના નિર્યાસો (ગુંદ) તથા વિવિધ ઔષધિઓના રસો સમુદ્રના જળમાં આવીને મળવા લાગ્યા.

અહીં મત્સ્યપુરાણકાર નોંધે છે કે,– ''એ અમૃત સમાન ગુણકારી રસો તથા સમુદ્રના દૂધ જેવા જળથી જ, સુવર્ણની જેમ ચમકતા દેવો અમરત્વને

પામ્યા.''[૨૦૬] અમૃતનો એક અર્થ 'સાર—તkવ' પણ થાય છે, જે આ સંદર્ભને ધ્યાને લેતાં યોગ્ય હોય તેમ જણાય છે. મંથનક્રિયા દરમ્યાન સમુદ્રના જળમાં ભળેલા અનેક પ્રકારના ફળો, પુષ્પો, ઔષધિઓ તથા નિર્યાસો આદિના રસોનું મથીત—સારરૂપ તkવ જ 'અમૃત' છે, તેવું મત્સ્યપુરાણના આ વર્ણનથી ફલિત થાય છે. અહીં પુરાણકારનું વાસ્તવવાદી વલણ પણ સ્પષ્ટ થાય છે.

સમુદ્રમંથન દ્વારા પ્રાપ્ત થયેલાં રત્નોના ઉત્પત્તિ—ક્રમમાં શ્રીમદ્—ભાગવતપુરાણ કરતાં અહીં ભિન્નતા જોવા મળે છે. અહીં સૌપ્રથમ ચન્દ્ર અને ત્યારબાદ ક્રમથી લક્ષ્મી, સુરા, પીતાશ્વ, કૌસ્તુભમણિ, પારિજાત અને વિષની ઉત્પત્તિ દર્શાવી છે. કાલકૂટ વિષની ભયંકરતા તથા શિવજી દ્વારા તેનાં પાનના વર્ણનમાં પુરાણકારે એક આખો અધ્યાય—૨૫૦ ફાળવ્યો છે. ફરીથી સમુદ્રને મથવાથી તેમાંથી આયુર્વેદના કર્તા ધન્વન્તરિ નીકળ્યા. ત્યારપછી મદિરા અને પછી અમૃત બહાર આવ્યું. ત્યારબાદ, બધા જીવોના ભયને દૂર કરનારી કામધેનુ દેખાઈ, ત્યારપછી છત્ર, કુંડળો વગેરે નીકળ્યા. મત્સ્યપુરાણકારે અહીં માહિતીઓને સેળભેળ કરીને પ્રસ્તુત કરી છે.

'અમૃતમંથનસંગ્રામ'નું કારણ 'અમૃતપ્રાપ્તિ' છે. સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલાં બધાં રત્નોની જ્યારે વહેંચણી થઈ ચૂકી, ત્યારે ધન્વન્તરિ ઊભા થયા. એમના હાથમાં અમૃતથી ભરેલું એક શ્વેતવર્ણનું કમંડળ હતું. તે(અમૃત)ને જોઈને દાનવોના સમૂહમાં 'એ મારું છે, એ મારું છે' એવો મહાન કોલાહલ મચી ગયો, ત્યારે ભગવાન વિષ્ણુએ મોહિની માયાનો આશરો લીધો અને એક સુંદર સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરીને દાનવોની સમક્ષ ઉપસ્થિત થયા. એ મૂર્ખાઓ(અસુરો)એ તે અમૃતને મોહિનીના હાથમાં સોંપી દીધું અને એ સુંદર સ્ત્રીને માટે બધા દૈત્ય—દાનવો અનુરકત ચિત્તવાળા બનીને વિવિધ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રોને ધારણ કરી, એક સામટા દેવતાઓની સાથે યુદ્ધને માટે દોડી આવ્યા. એ સમયે દેવતાઓએ તે યુદ્ધ દરમ્યાન જ ભગવાન વિષ્ણુ પાસેથી લઈ—લઈને અમૃતનું પાન કરી લીધું. ત્યારબાદ, ભગવાન વિષ્ણુએ પોતાનું સ્ત્રીરૂપ ત્યજીને પોતાના વિકરાળ શસ્ત્રાસ્ત્રોથી દાનવોને પ્રકંપિત કરી મૂકયા. અતિ વિસ્તૃત અને તીક્ષ્ણ ભાલાઓ સહસ્રોની સંખ્યામાં ચારેબાજુથી દૈત્યોની સેના પર પડવા લાગ્યાં. ભગવાનના ચક્રથી છિન્ન—ભિન્ન અંગોવાળા રાક્ષસોનાં મુખોમાંથી રુધિરની ધારાઓ વહેવા લાગી. તલવાર, શકિત તથા ગદાના અસહનીય આઘાતોથી, તેઓ પૃથ્વી પર ઢળી પડયા. એ યુદ્ધમાં અતિ દારુણ પટ્ટિશો વડે તેઓનાં મસ્તકો કાપી નાખવામાં આવ્યાં. તપાવેલા સુવર્ણના જેવાં પુષ્પોથી સુશોભિત રાક્ષસોનાં મસ્તકો પ્રચુર માત્રામાં કપાઈ—કપાઈને જમીન પર પડવા લાગ્યાં. લોહિથી ભિંજાયેલાં અંગોવાળા અને મારી નાખવામાં આવેલા મોટા મોટા રાક્ષસોનાં શરીરો યુદ્ધભૂમિમાં ગેરુથી રંગેલાં પર્વતોનાં શિખરોની જેમ સૂતેલાં માલુમ પડતાં હતાં. એકબીજાંને મારતાં, તે સંગ્રામભૂમિમાં સૂર્ય લોહિત વર્ણનો દેખાવા લાગ્યો અર્થાત્ સાંજ પડી ગઈ. અંધારું થઈ જવાથી, લોઢાનાં બનેલાં

પરિઘોથી કેટલાક લોકો પરસ્પર પ્રહાર કરવા લાગ્યા, એકબીજાની એકદમ નજીક હોવાથી કેટલાક મુષ્ટિયુદ્ધ કરવા લાગ્યા. આ પ્રમાણે એકબીજાને મારતાં, તે લોકોના અવાજો આકાશને સ્પર્શતા હતા. 'કાપો, મારો, દોડો, ઢાળી દો, આગળ વધો' એ પ્રકારના અતિ ઘોર અને દારુણ શબ્દો ચારેબાજુથી સંભળાતા હતા. આવા અતિતુમુલ તથા પરમ ભયાનક મહાયુદ્ધના શરૂ થવાથી, એ સમયે યુદ્ધભૂમિ પર નર–નારાયણ દેવ ઉપસ્થિત થયા. દૈત્યસૂદન ભગવાન નારાયણે નરના હાથમાં દિવ્ય ધનુષ્યને જોઈને સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું. સ્મરવાની સાથે જ આકાશમંડલમાંથી અમિત્રોનો નાશ કરનારું, પરમ તેજોમય, મહાભયાનક તથા અસહ્ય પરાક્રમવાળું સુદર્શન ચક્ર નીચે ઉતર્યું. તેનું પ્રભામંડળ સૂર્યના જેવા તેજથી દેદીપ્યમાન હતું. સળગતાં અગ્નિના જેવા વિકરાળ અને અતિ ભયંકર, તે સુદર્શન ચક્રને આકાશમાંથી ઉતરતાંની સાથે જ, હાથીની સૂંઢના જેવા વિશાળ બાહુઓવાળા ભગવાન અચ્યુતે, તેને પોતાના હાથમાં ધારણ કર્યું અને તે અતિ ઉગ્ર પ્રભાવાળું, દાનવ તથા દૈત્યોના કૂળનું સંહારક, સળગતાં અગ્નિના જેવું દેદીપ્યમાન, શત્રઓનાં નગરોનો વિધ્વંસ કરનાર અને સંવર્તક નામના પ્રલયાગ્નિના જેવા તેજસ્વી સુદર્શન ચક્રને અતિ ઉગ્રભાવથી વેગપૂર્વક શત્રુઓ પર છોડી દીધું. એ ભીષણ ચક્ર વારંવાર શત્રુઓ પર પ્રહાર કરવા લાગ્યું. યુદ્ધભૂમિમાં પુરુષોત્તમ વડે છોડાયેલ, તે સુદર્શન ચક્રે હજારોની સંખ્યામાં દૈત્યોનું વિદારણ કરી નાખ્યું. કયાંક તેણે વાયુથી પ્રદીપ્ત થયેલા અગ્નિની જેમ શત્રુઓની વાહિનીઓને ભસ્મ કરી નાખી તો કયાંક એ અસુરોના સમૂહોને બળપૂર્વક કાપી નાખ્યા. ભગવાનના હાથોથી પ્રેરિત તે સુદર્શન ચક્રે વારંવાર આકાશમાં તથા પૃથ્વી પર પિશાચની જેમ રકતપાન કર્યું. નિર્ભયચિત્ત અસુરોએ પણ પર્વતો વડે દેવતાઓની સેનાને વિનષ્ટ કરી નાખી.

હજારોની સંખ્યામાં રહેલા, તે મહાબળવાન અસુરસમૂહો પણ મેઘોના જેવા કાંતિમાન દેખાતા હતા. તે સમયે તેઓ આકાશમંડળની જેમ વિશાળ થઈ રહ્યા હતા. અનેક પ્રકારના વિચિત્ર વાદળાંઓની જેવાં રૂપો ધારણ કરનારા, તે રાક્ષસસમૂહો પણ અતિ ભયંકર બની ગયા. જેનાં શિખરો છિન્નભિન્ન થઈ ગયાં હતાં તથા જે વૃક્ષો સહિત હતા, તે, રાક્ષસો દ્વારા ફેંકવામાં આવેલા વિશાળ પર્વતો એકબીજા સાથે અથડાઈને અવાજ કરતાં ઝડપથી એકબીજા પર પડવા લાગ્યા. એ પર્વતોના પડવાથી પર્વતો તથા વનો સહિત સંપૂર્ણ પૃથ્વી કંપાયમાન થઈ ઊઠી તથા ચારેબાજુ થયેલા આઘાતોને કારણે છિન્નભિન્ન થઈ ગઈ.

આ પ્રમાણે, યુદ્ધસ્થળમાં તે બન્ને સૈન્યોના પરસ્પર ઘાત–પ્રતિઘાતો થવા લાગ્યા અને દેવતાઓની સેનામાં ઘણો જ આતંક છવાઈ ગયો, ત્યારે નર ભગવાને સુંદર, સુવર્ણજડિત આભૂષણોથી ભૂષિત અગ્રભાગવાળાં પોતાનાં તીક્ષ્ણ બાણોથી વાયુના માર્ગને પણ અવરોધી નાખ્યો અને નાનાં બાણોથી પર્વતોનાં શિખરોને ભાંગી નાખ્યાં. દેવતાઓ દ્વારા તાડિત કરવામાં આવેલા મોટા મોટા દૈત્યયોદ્ધાઓ ભયના માર્યા પૃથ્વીમાં, સમુદ્રના ખારાં જળમાં અથવા તો જયાં કયાંય

પણ આશરો મળ્યો ત્યાં પ્રવેશી ગયા. સળગતાં અગ્નિના જેવું ભીષણ અને અત્યંત કુપિત થઈને તથા આકાશમાં રહીને પ્રહાર કરનારું સુદર્શન ચક્ર શાંત થઈ ગયું અને દેવતાઓએ વિજય પ્રાપ્ત કર્યો. ત્યારપછી, યોગ્યરીતે પૂજા કરીને મંદરાચલને, તેના પોતાના સ્થાને સ્થાપિત કરવામાં આવ્યો અને બધી દિશાઓ તથા આકાશમાં ફેલાયેલા જલધરો પણ જ્યાંથી આવ્યા હતા, ત્યાં ચાલ્યા ગયા. દેવતાઓ એ પ્રમાણે અમૃતની રક્ષા કરીને આનંદ પામ્યા અને તે (અમૃત) ના બાકી બચેલા ભાગને બળવાન દેવતાઓની સાથે ભગવાનને સોંપી દેવામાં આવ્યો.

આમ, મત્સ્યપુરાણકાર યુદ્ધવર્ણનમાં પણ વાસ્તવિકતા લાવી શકયા છે. શ્રીમદ્ભાગવતપુરાણમાં કરવામાં આવેલાં આ મહાસંગ્રામના વર્ણન કરતાં મત્સ્યપુરાણકારે કરેલું વર્ણન વધારે પ્રભાવોત્પાદક તથા સજીવ છે.

વિષ્ણુપુરાણમાં આ અમૃતમંથનની સમગ્રકથાને માત્ર એક જ અધ્યાયમાં પ્રસ્તુત કરવામાં આવી છે.[૨૦૭] સમુદ્રમંથનની પાછળનો હેતુ પણ અલગ દર્શાવવામાં આવ્યો છે. દુર્વાસાના શાપના પ્રભાવથી ત્રિલોકીને છોડીને સમુદ્રમાં સમાઈ ગયેલી લક્ષ્મીની પુનઃપ્રાપ્તિ, સમુદ્રમંથનનો મુખ્ય હેતુ છે. શ્રીહીન તથા સkત્વહીન થયેલા દેવતાઓ પર દાનવો તથા દૈત્યોએ ચડાઈ કરીને દેવતાઓને પરાજિત કર્યા. હારેલા દેવતાઓ અગ્નિને આગળ કરીને બ્રહ્માજીના શરણે ગયા. બ્રહ્માએ તેઓને દૈત્યનાશક અને શરણાગતવત્સલ ભગવાન વિષ્ણુના શરણે જવાનું કહ્યું. સંપૂર્ણ દેવગણને એ પ્રમાણે કહીને, લોકપિતામહ બ્રહ્માજી પણ તેઓની સાથે ક્ષીરસાગરના ઉત્તરી તટ પર ગયા. ત્યાં પહોંચીને બ્રહ્માજીએ સમસ્ત દેવગણ તથા દેવર્ષિઓની સાથે શ્રીવિષ્ણુ ભગવાનની મંગલમય વાકયોમાં સ્તુતિ કરી. તેઓની સ્તુતિ સાંભળીને પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુ, તેઓની સમક્ષ પ્રગટ થઈને બોલ્યાઃ

**“तेजसो भवतां देवाः करिष्याम्युपबृंहणम् ।**
**वदाम्यहं यत्क्रियतां भवद्भिस्तदिदं सुराः ।।”**

"હે દેવગણ! હું તમારા પ્રભાવને ફરીથી વધારીશ, અત્યારે તમે હું જે પ્રમાણે કહું, તેમ કરો."[૨૦૮]ત્યારપછી, તે ભગવાને દેવોને દૈત્યો સાથે સંધિ કરી લઈને સમુદ્રમંથનનું સૂચન કર્યું અને પોતાની યુકિતથી સમુદ્રમંથન દ્વારા પ્રાપ્ત થયેલું અમૃત, કેવળ દેવોને જ પ્રાપ્ત થશે, તેમ કહ્યુંઃ

**“तथा चाहं करिष्यामि ते यथा त्रिदशद्विषः ।**
**न प्राप्स्यन्त्यमृतं देवाः केवलं क्लेशभागिनः ।।”** [૨૦૯]

વિષ્ણુ ભગવાને જયારે એવું કહ્યું ત્યારે બધા દેવતાઓ દૈત્યોની સાથે સંધિ કરીને અમૃતની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવા લાગ્યા. દેવ, દાનવ તથા દૈત્યોએ વિવિધ પ્રકારની ઔષધિઓ લાવીને, તેને શરદઋતુની નિર્મલ કાંતિવાળા ક્ષીરસાગરના જળમાં પધરાવી અને મંદરાચલનો રવૈયો અને વાસુકિનાગનું નેતરું બનાવી અત્યંત વેગથી મંથન કરવાનું શરૂ કર્યું. ભગવાને જે તરફ વાસુકિનું પૂંછડું

હતું, તે તરફ દેવતાઓને અને જે તરફ મુખ હતું, તે તરફ દૈત્યોને નિયુકત કર્યા. મહાતેજસ્વી વાસુકિનાગના મુખમાંથી નીકળતાં નિશ્વાસાગ્નિથી દાઝીને બધા દૈત્યો નિસ્તેજ થઈ ગયા અને એ જ શ્વાસવાયુથી વિક્ષિપ્ત થયેલા મેઘોના પૂંછડાંની તરફ વરસતાં રહેવાથી દેવતાઓની શકિત વધી ગઈ. ભગવાન સ્વયં કૂર્મરૂપ ધારણ કરીને ક્ષીરસાગરમાં ઘૂમી રહેલા મંદરાચલના આધાર બન્યા અને એ જ ચક્ર–ગદાધર ભગવાન પોતાના અન્ય રૂપથી દેવતાઓમાં અને અન્ય એક રૂપથી દૈત્યોમાં મળીને નાગરાજને ખેંચવા લાગ્યા તથા પોતાના એક અન્ય વિશાળ અને અદશ્ય રૂપથી તેમણે પર્વતને ઉપરથી દબાવી રાખ્યો હતો. ભગવાન શ્રીહરિ પોતાના તેજથી નાગરાજ વાસુકિમાં બળનો સંચાર કરતા હતા અને અન્ય તેજથી તે દેવતાઓની શકિત વધારતા હતા.

આ પ્રમાણે દેવો અને દાનવો દ્વારા ક્ષીરસાગરને મથવાથી પહેલા કામધેનુ ઉત્પન્ન થઈ. ત્યારપછી, વારુણીદેવી પ્રગટ થઈ. પુનઃ મંથન કરવાથી ક્રમશઃ કલ્પવૃક્ષ, અપ્સરાઓ તથા ચન્દ્રમા ઉત્પન્ન થયા. ચન્દ્રમાનો શિવજીએ સ્વીકાર કર્યો અને પછી મંથન કરવાથી સમુદ્રમાંથી નિકળેલા વિષને નાગોએ ગ્રહણ કર્યું. ત્યારબાદ, શ્વેતવસ્ત્રધારી ધન્વન્તરિ હાથમાં અમૃતનું કમંડળ ભરીને પ્રગટ થયા અને તેના પછી વિકસિત કમળ પર વિરાજમાન, સ્ફુટકાંતિમયી શ્રીલક્ષ્મીદેવી હાથમાં કમળ–પુષ્પ ધારણ કરીને ક્ષીરસાગરમાંથી પ્રગટ થઈ. એ સમયે મહર્ષિગણ અતિપ્રસન્નતાપૂર્વક શ્રીસૂકત દ્વારા તેની સ્તુતિ કરવા લાગ્યો તથા વિશ્વાવસુ આદિ ગંધર્વો તેની સન્મુખ ગાન અને ધૃતાચી વગેરે અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. તેને સ્નાન કરાવવા માટે ગંગાદિ નદીઓ સ્વયં ઉપસ્થિત થઈ અને દિગ્ગજોએ સુવર્ણકુંભમાં ભરેલાં તેનાં નિર્મલ જળથી સર્વલોકમહેશ્વરી શ્રીલક્ષ્મીદેવીને સ્નાન કરાવ્યું. ક્ષીરસાગરે મૂર્તિમંત બનીને તેને વિકસિત કમલ–પુષ્પોની માળા આપી તથા વિશ્વકર્માએ તેનાં અંગોપાંગોમાં વિવિધ આભૂષણો પહેરાવ્યા. આ પ્રમાણે, દિવ્ય માળા અને વસ્ત્રો ધારણ કરીને, દિવ્ય જળથી સ્નાન કરીને તથા દિવ્ય આભૂષણોથી વિભૂષિત થઈને શ્રીલક્ષ્મીદેવી બધાના દેખતાં જ શ્રીવિષ્ણુ ભગવાનના વક્ષઃસ્થલમાં વિરાજમાન થઈ અને શ્રીહરિના વક્ષઃસ્થલમાં વિરાજમાન શ્રીલક્ષ્મીજીના દર્શન કરીને દેવતાઓને અત્યંત પ્રસન્નતા થઈ.

લક્ષ્મીજીથી ત્યજાવાને કારણે, ભગવાન વિષ્ણુના વિરોધી વિપ્રચિત્તિ આદિ દૈત્યો અત્યંત વ્યાકુળ થયા અને તે મહાબળવાન દૈત્યોએ ધન્વન્તરિના હાથમાંથી, તે અમૃતથી ભરેલું કમંડળ છીનવી લીધું. આથી, સ્ત્રીરૂપધારી ભગવાન વિષ્ણુએ પોતાની માયાથી દાનવોને મોહિત કરીને, તે કમંડળ લઈને દેવતાઓને આપી દીધું.. ઇન્દ્રાદિ દેવો તે અમૃતને પી ગયા, જેથી દૈત્યો અત્યંત તીક્ષ્ણ ખડ્ગાદિ લઈને તેઓ પર તૂટી પડયા; પરંતુ અમૃતપાનના કારણે બળવાન થયેલા દેવતાઓ દ્વારા મારી–કાપી નખાયેલી દૈત્યોની સંપૂર્ણ સેના, દિશા–વિદિશાઓમાં ભાગી છૂટી, તો કેટલીક પાતાળમાં છૂપાઈ ગઈ. ત્યારપછી, દેવતાઓ પ્રસન્નતાપૂર્વક

શંખ–ચક્ર–ગદાધારી ભગવાનને પ્રણામ કરીને પહેલાની જેમ સ્વર્ગમાં શાસન કરવા લાગ્યા. ત્રિલોકી પુનઃ શ્રીસમ્પન્ન થઈ અને દેવતાઓમાં શ્રેષ્ઠ ઈન્દ્ર પણ ફરીથી શ્રીમાન બન્યા રાજસિંહાસન પર આરૂઢ થઈને તેણે લક્ષ્મીજીની એક સુંદર સ્તોત્ર દ્વારા સ્તુતિ કરી. તેના સ્તોત્રથી પ્રસન્ન થયેલી લક્ષ્મીદેવીએ, ઈન્દ્રને વરદાન આપ્યું કે,–

**"त्रैलोक्यं त्रिदशश्रेष्ठ न सन्त्यक्ष्यामि वासव ।**
**दत्तो वरो मया यस्ते स्तोत्राराधनतुष्टया ।।"**

અર્થાત્, "હે દેવશ્રેષ્ઠ ઈન્દ્ર! તારા સ્તોત્રથી પ્રસન્ન થયેલી હું તને વરદાન આપું છું કે, હું આ ત્રિલોકીને કયારેય ત્યજીશ નહીં."[૨૧૦]

આ પ્રમાણે, વિષ્ણુપુરાણમાં અમૃતમંથનની કથા અને તે સમયે લડાયેલ સંગ્રામનું અત્યંત સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે. સમુદ્રમંથન કરવા પાછળનો મૂળ ઉદ્દેશ અમૃતપ્રાપ્તિ નહીં પણ લક્ષ્મીની પુનઃપ્રાપ્તિ છે. રત્નોની ઉત્પત્તિના ક્રમમાં પણ પુરાણકારે ફેરફાર કરીને, લક્ષ્મીની ઉત્પત્તિ છેલ્લે દર્શાવી છે. દૈત્યરાજ બલિનો તો ઉલ્લેખ પણ નથી. ઉપરાંત, શ્રીમદ્ભાગવતપુરાણ કરતાં અહીં ઈન્દ્રનું મહkવ પણ વધારે છે. અહીં આપવામાં આવેલી માહિતી સંક્ષિપ્ત હોવા છતાં એકદમ સરળ અને સ્પષ્ટ છે.

ત્રણે પુરાણોમાંથી પ્રાપ્ત થતી માહિતીઓ પરથી જાણી શકાય છે કે, સમુદ્રમંથનની આ ઘટના ચાક્ષુષમન્વન્તરમાં ઘટેલી, જે સમયે મંત્રદ્રુમ નામનો ઈન્દ્ર સ્વર્ગમાં રાજય કરતો હતો.[૨૧૧] પદ્મપુરાણાનુસાર, સમુદ્રમંથન એકાદશીના દિવસે શરૂ થઈને દ્વાદશીના દિવસે પૂર્ણ થયેલું. એકાદશીના દિવસે મંથનથી સૌપ્રથમ 'કાલકૂટ' નામનું વિષ ઉત્પન્ન થયું, જેનું શંકરે પ્રાશન કરેલું. ત્યારપછી અલક્ષ્મી નામની ભયાનક સ્ત્રી ઉત્પન્ન થઈ, જેનો વિવાહ વિષ્ણુએ ઉદ્દાલક નામના ઋષિ સાથે કરાવ્યો. ત્યારબાદ, ઐરાવત હાથી, ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ, ધન્વંતરિ, પારિજાતક, કામધેનુ તથા અપ્સરાઓની ઉત્પત્તિ થઈ. દ્વાદશીના દિવસે લક્ષ્મીની ઉત્પત્તિ થઈ, જેનો વિષ્ણુએ સ્વીકાર કર્યો અને ત્યારપછી ચન્દ્રમા તથા અમૃત ઉત્પન્ન થયા તથા અમૃતથી જ તુલસીની ઉત્પત્તિ થઈ.[૨૧૨] આમ, પદ્મપુરાણાનુસાર સમુદ્રમંથન ફકત બે જ દિવસ ચાલેલું જયારે કે, મત્સ્યપુરાણ પ્રમાણે, સો દિવ્ય વર્ષો સુધી મંથનનું કાર્ય થયેલું હોવાનું આપણે આગળ નોંધયું છે.

પુરાણાધારિત ઐતિહાસિક ક્રમની દષ્ટિએ જોતાં જણાય છે કે, સમુદ્રમંથન બાદ લડવામાં આવેલો 'અમૃતમંથનસંગ્રામ', દેવો અને દાનવો વચ્ચે લડાયેલા મહાસંગ્રામોમાં કદાચ છેલ્લા ક્રમનો હશે. કેમકે, સમુદ્રમંથનથી પ્રાપ્ત થયેલા અમૃતનું પાન કરીને અમર બનેલા દેવોનો પરાજય અશકય જણાય છે. ઉપરાંત, દૈત્યોમાં થયેલા ત્રણ ઈન્દ્રોમાં બલિ છેલ્લો છે અને આ સંગ્રામનો તે મુખ્ય પ્રતિપક્ષી પણ છે અને સગ્રામ બાદ તેને અનુયાયીઓ સહિત રસાતળમાં મોકલી દેવામાં આવ્યો છે. તેથી, પૃથ્વી(?) પર દૈત્યોનુ સામ્રાજય લગભગ સમાપ્ત થઈ ગયું

ગણાય, છતાં તે સંપૂર્ણ નામશેષ થઈ ગયું હોવાનું કહી શકાય નહીં. કેમ કે, દિતિપુત્રોમાંથી બાણાસુરાદિની અન્ય શાખાઓ તો તે સમયે પ્રવર્તમાન હતી જ.

મત્સ્યપુરાણમાં એક સ્થાને જણાવ્યું છે તે પ્રમાણે, અમૃતમંથનસંગ્રામ દરમ્યાન દૈત્યોનું આધિપત્ય બલિ પાસે નહીં પરંતુ પ્રહ્લાદ પાસે હતું અને આ સંગ્રામમાં ઈન્દ્રે તેને પરાજિત કર્યો હતોઃ

**''प्रह्लादो निर्जितो युद्धे इन्द्रेणामृतमन्थने ।''** [૨૧૩]

પરંતુ, પ્રહ્લાદે વૃદ્ધાવસ્થા તથા પુત્ર વિરોચનના મૃત્યુને કારણે રાજ્ય પોતાના પૌત્ર બલિને સોંપ્યું હતું. બલિબંધનસંગ્રામ પૂર્વે પ્રહ્લાદે બલિને આપેલા શાપાદિ વિશે આપણે આ જ પ્રબંધમાં આગળ નોંધ્યું છે. તેથી, પ્રહ્લાદ અમૃતમંથનસંગ્રામના સમયે બલિની સાથે જ રહેતો હોવાથી બલિનો પરાજય પ્રહ્લાદનો જ પરાજય ગણીને કદાચ મત્સ્યપુરાણકારે ઉપરોકત વિધાન પ્રસ્તુત કર્યું હોવાનું કહી શકાય.

આમ, અમૃતમંથનસંગ્રામ પુરાણોમાં વર્ણવાયેલા દ્વાદશ દેવાસુર–સંગ્રામોમાંનો એક મહત્વનો અને ખોફનાક સંગ્રામ છે. પુરાણોમાં આ સંગ્રામ ઘણો જ પ્રસિદ્ધિ પામ્યો છે. આ એક જ સંગ્રામ એવો છે કે, જેમાં દેવો તથા દૈત્યોનું પ્રથમ ગઠબંધન થયેલું જોઈ શકાય છે. આ સંગ્રામ પૂર્વે બન્ને પક્ષો સાથે મળીને સહકારની ભાવનાથી સમુદ્રમંથનનું કાર્ય કરતાં જોઈ શકાય છે.

## ૩:૬, તારકામયસંગ્રામ

આ સંગ્રામ, પૂર્વોકત 'બલિબંધન સંગ્રામથી પૂર્વે લડાયો હોવા છતાં વર્ણનની બાબતમાં પુરાણોમાં ઘણું જ અલ્પ સ્થાન પામ્યો છે. આ સંગ્રામના 'તારકામય' નામ વિશે કશું સ્પષ્ટપણે કહી શકાય તેમ નથી; પરંતુ મત્સ્યપુરાણે તેને– **'संग्रामः पञ्चमश्चैव संजातस्तारकामयः ।'** [૨૧૪] કહીને તેના 'તારકામય' નામનું સૂચન કર્યું છે. આ સંગ્રામમાં તારકાસુરે પણ ભાગ લીધો હોવાનું મત્સ્યપુરાણકાર જણાવે છે – **"तारमुत्क्रोशविस्तारं सर्वं हेममयं रथम् ।"**(૧૭૩/૯), પરંતુ તારકાસુરે કરેલા યુદ્ધ વિશે કશી માહિતી એ સ્થાને પ્રાપ્ત થતી નથી. એમ તો પ્રહ્લાદપુત્ર વિરોચને પણ મય, હયગ્રીવાદિ અન્ય દાનવોની સાથે આ સંગ્રામમાં ભાગ લીધો હોવાનું પણ મત્સ્યપુરાણકાર વર્ણવે છે : **'विरोचनस्तु संक्रुद्धो गदापाणिरवस्थितः । प्रमुखे तस्य सैन्यस्य दीप्तशृंग इवाचलः ।।'** (૧૭૩/૧૪)

સંભવતઃ દેવરાજ ઈન્દ્ર અને પ્રહ્લાદપુત્ર વિરોચન વચ્ચે પણ આ સંગ્રામ લડાયેલો હોઈ શકે છે. પ્રહ્લાદ પછી સ્વાભાવિકપણે જ, વિરોચન દૈત્યોનો અધિપતિ બન્યો હતો. મહાભારત અનુસાર, સપ્તપાતાલોમાંથી પાંચમા પાતાલમાં તેનું સામ્રાજય હતું.[૨૧૫] પુરાણોમાં પ્રસિદ્ધ 'પૃથુ–ગોદોહનપ્રસંગ' ના સમયે જયારે અસુરોએ ગોરૂપા પૃથ્વીમાંથી લોહમય પાત્રમાં ઈન્દ્રને પીડા આપનારી માયાનું દોહન કર્યું, ત્યારે આ વિરોચન વત્સ (વાછરડો) તથા માયાનું પ્રવર્તન કરનાર દ્વિમૂર્ધા દોગ્ધા બન્યા હતા.[૨૧૬] પુરાણોમાં પ્રહ્લાદ તથા બલિરાજાનું ભગવદ્‌ભકતનાં રૂપમાં વર્ણન થયેલું છે; પરંતુ તે બન્નેની વચ્ચેનો–અર્થાત્, પ્રહ્લાદનો પુત્ર અને બલિનો પિતા–વિરોચન અધમ પ્રકૃતિનો તથા દેવોનો વિરોધી–દૈત્ય હશે, તેમ લાગે છે. મત્સ્યપુરાણમાં વામનાવતારના પ્રસંગે પ્રહ્લાદ પોતાના પૌત્ર બલિને વિષ્ણુની નિંદા કરવાના ગુન્હાસર શાપ આપે છે, ત્યારે તેના ઉદ્‌ગારો–

**"शोच्योऽहं यस्य मे गेहे जातस्तव पिताऽधमः ।**
**यस्य त्वमीदृशः पुत्रो देवदेवस्य निन्दकः ।।"**[૨૧૭]– પરથી આ બાબત જાણવા મળે છે. પુત્ર વિરોચનનો જન્મ પ્રહ્લાદને માટે શોક કરવા યોગ્ય જ હશે, જેથી તે સ્વયં, તે(વિરોચન)ને 'અધમ' કહે છે.

મહાભારતમાં વિરોચન સંબંધી એક કથા પ્રાપ્ત થાય છે. તદનુસાર, એકવાર કેશિની નામની એક અપ્રતિમ લાવણ્યવાળી રાજકન્યાને, તેના સ્વયંવરમાં પ્રાપ્ત કરવા માટે, વિરોચન અને અંગિરાઋષિનો પુત્ર સુધન્વા વિવાદ કરવા લાગ્યા, ત્યારે કેશિનીએ તે બન્નેને કહ્યું: "તમારા બન્નેનેમાંથી, જે પોતાને શ્રેષ્ઠ સાબિત કરશે, તેની સાથે હું વિવાહ કરીશ." શ્રેષ્ઠતાના સંદર્ભે વિરોચન અને સુધન્વા વચ્ચે ઘણો જ વાદવિવાદ થયો, પરંતુ કોઈ નિર્ણય ન આવતાં, 'જે શ્રેષ્ઠ સાબિત થશે, તેનો બીજાના પ્રાણો પર પણ અધિકાર થશે' એમ નક્કિ કરીને, તે બન્ને વિરોચનના પિતા અસુરરાજ પ્રહ્લાદ પાસે ગયા. અસુરરાજ પ્રહ્લાદ પણ,

જયારે તે બન્નેની શ્રેષ્ઠતા અંગે કોઈ નિર્ણય ન આપી શકયો ત્યારે તેણે (પ્રહ્લાદે) કશ્યપઋષિની સલાહ લીધી અને તેમના કથનાનુસાર, તેણે પોતાના પુત્ર વિરોચન કરતાં સુધન્વાને શ્રેષ્ઠ દર્શાવીને, તેને કહ્યું કે,"તું વિરોચનના પ્રાણોનો અધિકારી છે અને તેનું જીવન તારા હાથમાં છે." સુધન્વા પ્રહ્લાદની આવી અપત્યનિરપેક્ષ ન્યાયપ્રિયતા જોઈને ઘણો જ પ્રસન્ન થયો અને વિરોચનનું જીવન, તેને પરત કર્યું તથા શતાયુ થવાના આશીર્વાદ પણ આપ્યા.[૨૧૮]

છાંદોગ્યોપનિષદમાં ઈન્દ્ર તથા વિરોચનની આત્મજ્ઞાન સંબંધી એક કથા મળી આવે છે. તદનુસાર, એકવાર, દેવો તેમજ અસુરો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છથી પ્રજાપતિ પાસે ગયા. એમના પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રજાપતિએ તેઓને કહ્યું કે, "પૃથ્વીના નિષ્પાપ, અજર, અમર, અકામ તથા સંકલ્પરહિત આદ્ય તkવને 'આત્મા' કહે છે." ત્યારપછી, એ આત્માના સત્યસ્વરૂપનું જ્ઞાન મેળવવાના હેતુથી દેવોએ ઈન્દ્રને તથા અસુરોએ વિરોચનને, પ્રજાપતિની પાસે શિષ્યના રૂપમાં મોકલ્યા. બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિને માટે ઈન્દ્ર તથા વિરોચન બત્રીસ વરસ સુધી પ્રજાપતિને ત્યાં રહ્યા છતાં પણ, પ્રજાપતિએ તેઓને બ્રહ્મજ્ઞાન ન આપ્યું અને તે બન્નેની પરીક્ષા લેવાના હેતુથી તેમને અસત્ય કહ્યું કે,–"આંખોમાં, પાણીમાં, દર્પણમાં આપણું જે પ્રતિબિંબ દેખાય છે, તે જ આત્મા છે." પ્રજાપતિના એ અસત્ય વચનને સત્ય માનીને વિરોચને ઉત્તમ સ્નાન કર્યું તેમજ ઉત્કૃષ્ટ વસ્ત્રો તથા અલંકારો ધારણ કરીને, પોતાના પડછાયાને પાણીમાં જોયો. ત્યારપછી, એ પડછાયાને જ આત્મા માનીને તેનો પ્રચાર તેણે પોતાના અનુયાયીઓમાં કર્યો.[૨૧૯]

મહાભારત તથા છાંદોગ્યોપનિષદની આ કથાઓ પરથી વિરોચનના સ્વભાવ તેમજ દેવોના પ્રતિસ્પર્ધી કે વિરોધી હોવાનું સ્પષ્ટ થાય છે. મત્સ્યપુરાણમાં પણ, તે ઈન્દ્રનો વિરોધી હોવાનું પ્રમાણ પ્રાપ્ત થાય છે. મત્સ્યપુરાણકાર પોતાનો મત આપતાં નોંધે છે કે,–

**"प्रह्लादो निर्जितो युद्धे इन्द्रेणामृतमन्थने ।**
**विरोचनस्तु प्राह्लादिर्नित्यमिन्द्रवधोद्यतः ।।"**

અર્થાત્, "અમૃતમંથનના પ્રસંગે ઈન્દ્રે પ્રહ્લાદને પરાજિત કરેલો, જેનાથી (અપમાનિત થઈને) પ્રહ્લાદપુત્ર વિરોચન હંમેશાં ઈન્દ્રનો વધ કરવા માટે પ્રયત્ન કરતો હતો."[૨૨૦]

તદુપરાંત,

**"अशक्नुवन्स देवानां सर्वे सोढुं सदैवतम् ।।"**

અર્થાત્, "તે દેવતાઓના ઉત્કર્ષને સહી શકતો ન હતો."[૨૨૧] તેથી ઈન્દ્રે તેનો 'તારકામયસંગ્રામ' માં વધ કર્યો (**इन्द्रेणैव तु विक्रम्य निहतस्तारकामये**) હોવાના ઉલ્લેખો મત્સ્યપુરાણ,[૨૨૨]બ્રહ્માંડપુરાણ,[૨૨૩]પદ્મપુરાણ,[૨૨૪]તથા મહાભારત[૨૨૫] માં મળી આવે છે.

ગણેશપુરાણ વળી, તેના મૃત્યુના સંદર્ભે એક કલ્પનારમ્ય કથા પ્રસ્તુત

કરે છે. તદનુસાર, સૂર્યની કૃપાથી તેને એક મુકુટની પ્રાપ્તિ થયેલી. તે(મુકુટ)ની સાથે એવી શરત જોડાયેલી હતી કે, જ્યાં સુધી તે વિરોચનના મસ્તક પર હોય ત્યાં સુધી તે(વિરોચન)નું મૃત્યુ ન થાય કે કોઈ તેને મારી ન શકે, પરંતુ જો કોઈ અન્ય વ્યક્તિ તે મુકુટને હસ્તગત કરી લે, તો તે(વિરોચન)નું તુરંત જ મૃત્યુ થઈ જાય. સમય જતાં, તેના દ્વારા દેવોને અત્યધિક ત્રાસ અપાતો જોઈને શ્રીવિષ્ણુએ એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરીને, તેને પોતાની મોહજાળમાં ફસાવ્યો અને તેના મુકુટને પડાવી લીધો. પરિણામે વિરોચનનું તત્કાળ મૃત્યુ થયું.[૨૨૬]

નારદપુરાણ પણ આ સંદર્ભે જરા જુદી વાત વર્ણવે છે. તદનુસાર, શ્રીવિષ્ણુએ બ્રાહ્મણનો વેશ ધારણ કરીને પ્રથમ તેની ધર્મનિષ્ઠ પત્ની વિશાલાક્ષીની બુદ્ધિને ભ્રષ્ટ કરી અને કપટથી તે(વિરોચન)નો વધ કર્યો.[૨૨૭]

નારદપુરાણ વિરોચનને વિશાલાક્ષી તથા દેવી નામની બે પત્નીઓ હોવાનું નોંધે છે.[૨૨૮] જેમાંથી દેવીને પ્રસિદ્ધ બલિ નામનો પુત્ર થયો હોવાનું મહાભારતમાં નોંધાયું છે.[૨૨૯] પરંતુ, શ્રીમદ્‌ભાગવત તથા વિષ્ણુપુરાણ પ્રમાણે, દેવી તેની માતાનું નામ છે.[૨૩૦] તેને એક યશોધરા નામની કન્યા હોવાનું પણ પુરાણોમાં નોંધાયેલું છે.[૨૩૧]

વાયુપુરાણ પ્રમાણે, તેને કુંભ, નિકુંભ, આયુષ્માન, શિબિ તથા બાષ્કલિ નામના પાંચ ભાઈઓ અને વિરોચના નામની એક બહેન પણ હતી,[૨૩૨] જેનો વિવાહ શ્રીમદ્‌ભાગવતપુરાણાનુસાર, ત્વષ્ટાની સાથે થયો હતો અને તેને વિરજ નામનો અતિ પ્રસિદ્ધ પુત્ર થયો હતો.[૨૩૩]

આમ, આ સંગ્રામના પ્રતિનાયક વિરોચન વિષયક ઉપરોક્ત માહિતી વિવિધ પુરાણો વગેરેમાંથી પ્રાપ્ત થાય છે; પરંતુ વિરોચન અને ઈન્દ્ર વચ્ચે થયેલા 'તારકામયસંગ્રામ' વિશે વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થતી નથી. શ્રીમદ્‌ભાગવતપુરાણ, વિષ્ણુપુરાણ કે મત્સ્યપુરાણ ત્રણે પુરાણોમાં પણ, વિરોચન વિષયક કેવળ સંક્ષિપ્ત ઉલ્લેખો જ માત્ર પ્રાપ્ત થાય છે.

જો કે, મત્સ્યપુરાણના ૨૭૨–૨૭૬ સુધીના અધ્યાયોમાં આ સંગ્રામ વિષયક, આ પ્રમાણે માહિતી પ્રાપ્ત થાય છેઃ

"સત્યુગમાં વિખ્યાત વૃત્રાસુરનું મૃત્યુ થતાં, ત્રૈલોક્ય વિખ્યાત તાકામયસંગ્રામ થયો હતો. જેમાં સંગ્રામમાં કઠિનતાપૂર્વક જીતી શકાય તેવા, ભયાનક દાનવોએ દેવતાઓ, યક્ષો, સર્પો વગેરેના સમૂહોનો ઘોર સંહાર કર્યો. યુદ્ધભૂમિમાં એ રીતે દૈત્યો દ્વારા મારવામાં આવેલા દેવો, યુદ્ધથી વિમુખ બનીને, મનથી પોતાના રક્ષક ભગવાન નારાયણના શરણે ગયા. એ સમયે પોતાના વિરાટ સ્વરૂપ સાથે ભગવાન નારાયણ ત્યાં પ્રગટ થયા. દેવાધિદેવ ભગવાન વિષ્ણુએ દેવતાઓની કરુણાપૂર્ણ વાણી સાંભળીને, તેઓને પુનઃ યુદ્ધ કરવા કહ્યું અને તે યુદ્ધમાં દેવોનો વિજય થશે, એવું આશ્વાસન આપીને તેઓને અભય પ્રદાન કર્યું.

આ પ્રમાણે, તે સમયે ભગવાન વિષ્ણુનાં અભયવચનોને સાંભળીને,

દૈત્યો તથા દાનવોએ પણ યુદ્ધમાં વિજય–પ્રાપ્તિને માટે વિપુલ પ્રયત્નો કર્યા. મયદાનવ, તારકાસુર, વિરોચન, હયગ્રીવ, વરાહ, , ખર, ત્વષ્ટા, વિપ્રચિતિ દાનવનો પુત્ર શ્વેત, બલિપુત્ર અરિષ્ટ, કિશોર, યણ, લમ્બ, સ્વર્ભાનુ, હંસ તથા અન્ય અસુરો રથ, સિંહ, વાઘ, હાથી, વારાહ, ઊંટ, રીંછ તથા ગધેડાદિ પર સવાર થઈને તેમજ કેટલાયે ભયાનક અસુરો પગપાળા યુદ્ધભૂમિ પર આવી પહોંચ્યા.

આ પ્રમાણે યુદ્ધભૂમિમાં ઉપસ્થિત, એ દાનવગણ શિલા, મૂસળ, ગદા તથા ભયંકર પરિઘાદિ હથિયારોને ધારણ કરીને દેવતાઓને ધમકીઓ આપવા લાગ્યા અને ફાંસી, ભાલા, તોમર, અંકુશ, પટ્ટિશ, તોપ, શતધાર તથા મુદ્ગરાદિ શસ્ત્રાસ્ત્રોથી યુદ્ધક્રીડા કરવા લાગ્યા. મોટી મોટી શિલાઓ, પર્વતનાં શિખરો તથા લોઢાના બનેલા ચક્રો લઈને મોટા મોટા દૈત્યો સેનામાં ઘુમવા લાગ્યા. અદ્ભુત પરાક્રમશાળી સહસ્રો દૈત્યોથી યુકત વાયુ, અગ્નિ, પર્વત તથા વાદળાંઓના જેવી તે દૈત્યોની સેના, તે રણભૂમિમાં યુદ્ધ કરવાની પ્રબળ ઈચ્છાથી પાગલોના જેવી દેખાવા લાગી.

પ્રતિપક્ષે આદિત્યગણ, વસુગણ, રુદ્રગણ, મહાબલવાન અશ્વિની–કુમારો વગેરેએ પણ પોતપોતાની સેનાને લઈને કવચ ધારણ કર્યાં. બધાથી આગળ લોકોનું પાલન કરનાર, સહસ્રનેત્ર, પુરુહૂત, સમસ્ત દેવતાઓના સ્વામી ઈન્દ્ર સુરગજ ઐરાવત પર આરૂઢ થયા. હજારોની સંખ્યામાં દેવતાઓ, ગંધર્વો તથા યક્ષગણો તેની પાછળ ચાલતા હતા. અત્યંત શોભારૂપ બ્રહ્મર્ષિઓ તેની સ્તુતિ કરી રહ્યા હતા. સ્વર્ગલોકમાં ઈન્દ્રના યુદ્ધાર્થે સજ્જિત થવાથી, દેવતાઓ તૂરીઓ વગાડવા લાગ્યા, સેંકડો સુંદર અપ્સરાઓ નૃત્ય કરવા લાગી. કાલ (મૃત્યુ) સહિત યમરાજા પોતાનો દંડ અને મુદ્ગર ઉઠાવીને દેવતાઓની સેનામાં, પોતાના ભિષણ નાદથી દૈત્યોને ભયભીત કરતાં વિરાજમાન થયા. ચાર સમુદ્રો તથા પોતાની જિહ્વાને લપલપાવતા સર્પોથી યુકત વરુણદેવ, શંખ તથા મોતીઓથી જડિત વિજાયઠથી સુશોભિત જળમય શરીર ધારણ કરતાં, ચન્દ્રમાનાં કિરણો જેવા શ્વેતવર્ણના ઘોડાઓ પર સવાર થઈને, કાલપાશ તથા પીળાવર્ણનાં વસ્ત્રો ધારણ કરી, હજારો લીલાઓ કરતાં દેવતાઓની સેનાના મધ્યભાગમાં અવસ્થિત થયા. એ જ રીતે યક્ષો, ગુહ્યકો તથા રાક્ષસોની સેના સાથે ધનાધિપતિ કુબેર પણ હાથમાં ગદા લઈને દેવતાઓના પક્ષે પુષ્પક વિમાનમાં બેસીને હાજર થયા. એ યુદ્ધભૂમિની પૂર્વદિશામાં ઈન્દ્ર, પશ્ચિમદિશામાં વરુણ, ઉત્તરદિશામાં કુબેર અને દક્ષિણદિશામાં યમરાજા અવસ્થિત થયા. એ ચારેય દિશાઓના મહાબલશાળી લોકપાલગણ, ચારેય દિશાઓમાં સ્થિત રહીને, પોતપોતાની દિશાઓમાં સ્વયં પોતાની રક્ષા કરતાં કરતાં દેવસેનાની રક્ષા પણ કરવા લાગ્યા. અતિ શોભાથી જાજ્વલ્યમાન, અતિદ્રુતગામી સાત અશ્વોના રથ પર આરૂઢ થઈને, સુમેરુપર્વતની પ્રદક્ષિણા કરનાર, ઉદય તેમજ અસ્ત બંને અચલો પર જનાર, પરમ તેજથી દેદીપ્યમાન, સહસ્રો કિરણોથી યુકત, ભગવાન આદિત્ય રણભૂમિમાં ભ્રમણ કરવા લાગ્યા.

ચન્દ્રમા શ્વેત ઘોડાઓથી જોડાયેલ રથ પર શીતળ કિરણોથી યુકત થઈને, પોતાની કાંતિથી જગતને આનંદિત કરતાં નક્ષત્રો તથા ગ્રહોના સમૂહોથી યુકત થઈને યુદ્ધભૂમિ પર આવ્યા. જે બધા જીવોના પ્રાણરૂપ છે, જે સાતેય ધાતુઓમાં પ્રાપ્ત થાય છે, ત્રણે લોકોને ધારણ તથા ત્રણે લોકોમાં વિચરણ કરનાર, જે અતિ સામર્થ્યશાળી છે, સાત પ્રકારના સ્વરોથી પ્રાપ્ત થઈને જે વાણી દ્વારા નિત્ય ઉદિત થાય છે, જેને લોકો બધાં ભૂતોમાં ઉત્તમ, આકાશગામી, શીઘ્રગામી તથા શબ્દોના ઉતપત્તિકર્તા કહે છે, તે વાયુદેવ, પોતાના તેજથી યુદ્ધભૂમિમાં ઉદ્ભૂત થઈને દૈત્યસમૂહોને વ્યથિત કરતાં વાદળાઓની સાથે દૈત્યોની પ્રતિકૂળદિશામાં વાવા લાગ્યા. તે સમયે, મરુતો ગંધર્વો અને વિદ્યાધરોના સમૂહો સાથે, મ્યાનરહિત હોવાથી સર્પોના જેવી વિકરાળ લાગતી શ્વેતવર્ણની તલવારો વડે ક્રીડા કરવા લાગ્યા. મોટા મોટા સર્પોના સ્વામીઓ તીવ્ર અને જલમય વીષની ધારાને છોડતાં, રણભૂમિમાં ફાડેલાં મુખોવાળા બાણોની અવિરત ધારાઓની જેમ આકાશમાં વિચરણ કરવા લાગ્યા. જે હૃષીકેશ, પદ્મનાભ તથા ત્રિવિક્રમના નામથી પ્રસિદ્ધ છે, જે યુગાન્તમાં કૃષ્ણવર્ણનું શરીર ધારણ કરીને સમસ્ત જગતનો વિનાશ કરે છે, તે શત્રુસંહારક ભગવાન ગદાધરે રણભૂમિમાં દેવતાઓના શત્રુઓનો વિનાશ કરનાર અને જે પોતાના અનુપમ તેજથી ઉદયાચળમાંથી ઉગતાં સૂર્યના જેવા દેદીપ્યમાન સુદર્શનચક્રને તથા ડાબા હાથે બધા જ અસુરોનો વિનાશ કરનારી વિશાળ, કાળાવર્ણની ગદાને ધારણ કરી. પોતાની અન્ય તેજસ્વી ભુજાઓથી મહાબલી ગરુડધ્વજ શાર્ઙ્ગધનુષ્ય વગેરેને ધારણ કરી, પવનથી પણ વધારે વેગવાન, ગગનમંડળને ક્ષુબ્ધ કરનાર, આકાશગામી, ખગરાજ, દેવાસુરસંગ્રામમાં અનેકવાર અતિશય પરાક્રમ દર્શાવનાર, પ્રલયકાલીન ઈન્દ્રધનુષ્યોથી યુકત બે મેઘોના જેવી પાંખોવાળા અરુણના અનુજ ગરુડ પર આરૂઢ થઈને યુદ્ધભૂમિમાં આવી પહોંચ્યા.

આ પ્રમાણે, જયારે કુબેરથી યુકત, સૂર્યપુત્ર યમરાજથી સુશોભિત, દ્વિજરાજ ગરુડથી સમન્વિત, દેવરાજ ઈન્દ્રથી રક્ષિત, ચન્દ્રમાની કાંતિથી વિભૂષિત દેવતાઓની એ વિશાળ સેના યુદ્ધને માટે રણભૂમિમાં ઉપસ્થિત થઈ, ત્યારે બૃહસ્પતિએ દેવતાઓને માટે 'કલ્યાણ થાઓ' એવું સ્વસ્તિવાચન કર્યું. એ જ રીતે શુક્રાચાર્યે દૈત્યોની સેનામાં સ્વસ્તિવાચન કર્યું.

ત્યારપછી, ઉપસ્થિત દેવતાઓ તથા દૈત્યોની વિશાળ સેનાઓ વચ્ચે અત્યંત તુમુલ યુદ્ધ શરૂ થયું. અનેક પ્રકારના શસ્ત્રાસ્ત્રોથી લદાયેલા અને યુદ્ધ કરતાં દેવો તથા દાનવો પર્વતોની સાથે પર્વતો લડતા હોય, તેવા લાગી રહ્યા હતા. અલગ અલગ ચાલતા રથો, પ્રેરિત કરાયેલા હાથીઓ, આકાશ મંડળમાં વીંજાતી તલવારો, ચારેબાજુથી ફેંકાતાં મૂસળો, સૂસવાટા કરતાં બાણો, ટંકારયુકત ધનુષ્યો તથા શત્રુઓ પર ફેંકાતાં મુદ્ગરોથી ભયંકર, તે દેવદાનવોના યુદ્ધે, મહાપ્રલયની જેમ સમસ્ત જગતને ત્રાસયુકત બનાવી દીધું. તે રણભૂમિમાં દાનવો, હાથથી છોડવામાં આવેલાં પરિઘો તથા ઉપરથી છોવામાં આવેલા પર્વતો વડે ઈન્દ્રાદિ

દેવતાઓને ઘાયલ કરવા લાગ્યા. વિજયની ઈચ્છાવાળા, બળવાન દાનવોથી ઘાયલ થઈ રહેલાં દેવતાઓ અતિ વિષાદયુકત થઈને ચિંતા કરવા લાગ્યા. એ દિતિપુત્રોના અસ્ત્રો તથા શૂલો દ્વારા અતિ ઘાયલ, પરિઘો દ્વારા છિન્ન–ભિન્ન મસ્તકોવાળા, કપાયેલી છાતીવાળા દેવતાઓના ઘાવોમાંથી રકતની અવિરત ધારાઓ વહેવા લાગી. અસુરો દ્વારા ઘાયલ કરવામાં આવેલા દેવો કંઈ પણ કરી શકવાને અશકિતમાન બન્યા. દૈત્યો દ્વારા દેવતાઓની સેના અસ્તપ્રાયઃ કરી દેવામાં આવી. દેવતાઓના બધા સૈનિકો પ્રાણરહિત દેખાવા લાગ્યા. તેઓનાં હથિયારોના તમામ પ્રયત્નો પણ નિષ્ફળ જવા લાગ્યા ત્યારે અનેક નેત્રોવાળા ઈન્દ્રે પોતાના વજ્રથી દૈત્યોના ધનુષ્યોમાંથી છૂટેલાં વિકરાળ બાણોને કાપતાં, દૈત્યોની સેનામાં પ્રવેશ કર્યો અને મોટા મોટા દાનવોનો સંહાર કરીને પોતાના તામસાસ્ત્રના પ્રયોગથી દૈત્યોની તે વિશાળ સેનાને અંધકારમાં વિલીન કરી દીધી. એ પ્રમાણે, ઈન્દ્રના અદ્ભુત પરાક્રમથી ઘનઘોર અંધકારમાં છૂપાયેલા તે દાનવો પરસ્પર એકબીજાને જોવા તથા જાણવાને અસમર્થ બન્યા, ત્યાં સુધી કે દેવતાઓના વાહનોને પણ ન ઓળખી શકયા.

ઈન્દ્રના પ્રયત્નથી અસુરોની માયાથી છૂટેલા દેવો પ્રયત્નપૂર્વક અંધકારમાં વિલીન, તે પરાક્રમી દાનવોનાં શરીરોને કાપવા લાગ્યા, જેથી અંધકારમાં વિલીન, હોશ–હવાશરહિત તથા દેવતાઓ વડે હતાહત થયેલા, તે દૈત્યો તૂટેલી પાંખોવાળા પર્વતોની જેમ જમીન પર પડવા લાગ્યા. તે સમયે મયદાનવે ઈન્દ્રની તે તામસી માયાને દૂર કરનાર મહાભયાનક ઔર્વ નામના અગ્નિથી ઉત્પન્ન થનારી પોતાની માયાની રચના કરી. મય દ્વારા રચવામાં આવેલી એ ભીષણ માયાએ બધા દેવતાઓને સળગાવવાનું શરુ કર્યું અને દાનવો સૂર્યના જેવા તેજસ્વી શરીર ધારણ કરીને પુનઃ યુદ્ધને માટે ઉભા થયા. તે ઔર્વીમાયાના પ્રભાવથી સળગતા દેવતાઓ ઈન્દ્ર તથા શીતલ કિરણોવાળા અને જલપ્રદ ચન્દ્રમાના શરણે ગયા. વરુણની સલાહથી ઈન્દ્રે વરુણના સહાયક તરીકે રહેવા ચન્દ્રને આદેશ કર્યો. તારાપતિ ચંદ્રે જળના સ્વામી વરુણની સાથે રહીને માંગલિક જળનું વર્ષણ કરીને દેવતાઓની સેનાના બધા જ સૈનિકોના દાહને શાંત કર્યો. તેના હિમ યુકત કિરણોથી છૂટેલી તુષારોની વૃષ્ટિ અને વરુણના પાશે એ દૈત્યોના સમુહોને આચ્છાદિત કરી નાખ્યા.

યુદ્ધભૂમિમાં પાશ અને હિમના હથિયારોનો પ્રયોગ કરનારા તે બંને જળના સ્વામીઓ જળના વેગથી અત્યંત ક્ષુબ્ધ બનેલા બે મહાસમુદ્રની જેમ વિચરણ કરવા લાગ્યા. આ પ્રમાણે તે બંને દ્વારા જળમાં ડૂબાડવામાં આવેલી દાનવોની તે સેના પ્રલયકાલીન સંવર્તક નામના મેઘોથી આપ્લાવિત જગતના જેવી દેખાવા લાગી. યુદ્ધભૂમિમાં લડતાં તે બંને દેવતાઓ એ દૈત્યેન્દ્ર દ્વારા વિનિર્મિત માયાને શાંત કરી દીધી. યુદ્ધમાં ચંદ્રનાં શિતળ કિરણો દ્વારા તથા વરુણના પાશો દ્વારા બાંધવામાં આવેલા દૈત્યો મસ્તક રહીત બનીને પર્વતો જેવા લાગવા માડયાં. આના

પ્રત્યુત્તરરૂપે મય દાનવે પાર્વતીમાયાનો પ્રયોગ દેવોની સેના પર કર્યો તે માયા શિલાઓ તથા વૃક્ષોની વૃષ્ટિ દ્વારા દેવતાઓનો સંહાર કરવા લાગી, તેના પ્રભાવથી ચંદ્ર તથા વરુણની માયા શમી ગઈ. એ પાર્વતીમાયાના પભાવથી, તે મયદાનવે લોઢાના વિવિધ અસ્ત્રો તથા તલવારોથી દેવતાઓના સમૂહોને આચ્છાદિત કરીને, પૃથ્વીને પત્થરો, અસ્ત્રો, વૃક્ષો તથા પર્વતોની વર્ષા દ્વારા પર્વતોની જેમ દુર્ગમ બનાવી દીધી. કેટલાક દેવતાઓ પત્થરો દ્વારા મારી નાખવામાં આવ્યા, કેટલાક શિલાઓથી દબાઈ ગયા અને કેટલાક વૃક્ષોથી છૂપાઈ ગયા. તે સમયે, ગદાધર ભગવાન વિષ્ણુ સિવાય તમામ દેવતાઓના ધનુષ્યો તૂટી ગયાં તથા અન્ય તમામ હથિયારો નકામા બની ગયાં, ત્યારે કાળની મહિમાને જાણનાર, તે ભગવાનની આજ્ઞાથી વાયુ તથા અગ્નિએ મયની તે માયાને પોતાનામાં ખેંચવાનો પ્રારંભ કર્યો. તે મહાયુદ્ધમાં અતિ વેગવાન અને પૂર્ણ વૃદ્ધિને પ્રાપ્ત કરનાર તે બન્ને દેવતાઓના પ્રભાવથી, તે પર્વતની માયા ભસ્મસાત્ થઈને એકદમ નષ્ટ થઈ ગઈ, તેમજ તે વાયુ અગ્નિની સાથે અને અગ્નિ વાયુની સાથે મળીને દૈત્યોની સેનાને સળગાવવા લાગ્યા.

યુદ્ધભૂમિમાં આગળ આગળ વાયુદેવ દોડવા લાગ્યા અને અગ્નિ તેમની પાછળ, પછી આગળ અગ્નિ અને પાછળ વાયુ, એમ તે બન્ને દેવો સમરભૂમિમાં ક્રીડા કરવા લાગ્યા. સળગી રહેલી દૈત્યોની સેના જયાં ત્યાં નાસવા લાગી. તેઓનાં વિમાનો ચારે તરફ નીચે પડવા લાગ્યા. દૈત્યોના શરીરો પ્રથમ વાયુથી જકડાઈ ગયાં અને પછી અગ્નિથી સળગી ગયાં.

આમ, દૈત્યોની માયા બધી બાજુથી સમાપ્ત થઈ થઈ, દૈત્યો નિષ્પ્રયત્ન બન્યા, ત્રૈલોક્યનાં બંધનો છૂટી ગયાં, દેવતાઓ પ્રસન્ન થઈને 'સાધુ' 'સાધુ' કહેતાં શોર મચાવવા લાગ્યા. સહસ્રનેત્ર ઈન્દ્રની સેના જીતી ગઈ અને દૈત્યોનો પરાજય થયો. બધી દિશાઓ સ્વચ્છ બની અને ધર્મનો વિસ્તાર થયો. પાપકર્મોનો અભાવ થયો, દૈવતાઓ પ્રમુદિત થયા અને બધા જ લોકો સદ્ધર્મમાં અને પોતપોતાના આશ્રમોમાં પ્રવૃત્ત થયા. રાજાઓ પ્રજાના રક્ષણમાં તત્પર બનીને શોભવા લાગ્યા."

આ પ્રમાણે, મત્સ્યપુરાણમાં વર્ણવવામાં આવેલા આ તારકામય–સંગ્રામમાં ન તો તારકાસુરના યુદ્ધની વાત છે કે ન તો વિરોચનના. મત્સ્યપુરાણ, આ સંગ્રામના પ્રતિનાયક તરીકે મયદાનવને રજુ કરે છે. પરંતુ આ સંગ્રામમાં કોઈપણ મુખ્ય દાનવનો વધ થયો હોવાનું વર્ણન મળતું નથી. જો કે, મત્સ્યપુરાણે આ સંગ્રામને બે વિભાગમાં વિભાજિત કર્યો હોય, તેવું તેના અધ્યયનથી લાગે છે. જેમાં પૂર્વાર્ધમાં માત્ર દૈત્યોનો પરાજય થયો હોવાની જ માહિતી પ્રાપ્ત થાય છે. જો પછીના તુરંતના જ ૧૭૭ તથા ૧૭૮મા અધ્યાયોની કાલનેમિ–વિષ્ણુના યુદ્ધની કથાને આની સાથે જોડી દઈ અને તેને આ મહાસંગ્રામનો ઉત્તરાર્ધ માની લેવામાં આવે, તો મહાભયંકર અને પરાક્રમી દાનવ કાલનેમિને આ યુદ્ધનો પ્રતિનાયક ગણવો પડે તેમ છે.

સંભવતઃ આ સંગ્રામ કુમાર સ્કંદના જન્મ પૂર્વે લડાયેલ મહાભીષણ સંગ્રામ, કે જે દેવતાઓના પરાજયમાં પરિણમ્યો હતો, તે હોવો જોઈએ. મત્સ્યપુરાણકાર એ સંગ્રામનું વર્ણન અધ્યાય ૧૪૭–૧૫૩ માં કરે છે. એ સંગ્રામમાં મય, મહિષાસુર, શુંભ, નિશુંભ, ગ્રસન, કાલનેમિ, કુજમ્ભ, જમ્ભાસુર, મથન અને એ બધાનો નાયક તારકાસુર જેવા અનેક મુખ્ય અને પ્રસિદ્ધ દૈત્યોએ ભાગ લીધો હોવાનું અને તેઓએ દેવો સામે કરેલ ભીષણ યુદ્ધનું વર્ણન પુરાણકાર કરે છે; પરંતુ એ બધા જ અધ્યાયોની પુષ્પિકામાં 'તારકાસુરોપાખ્યાને અમુક નામનો અધ્યાય સંપૂર્ણ' એમ લખ્યું છે. જયારે તારકામયસંગ્રામના નામથી અધ્યાય ૧૭૨–૧૭૭ ની પુષ્પિકા રજુ થયેલી છે. એ છએ અધ્યાયોના અંતે 'ઈતિ શ્રીમાત્સ્યે મહાપુરાણે તારકામયસંગ્રામે/યુદ્ધે અમુક ક્રમાંકિતઃ અધ્યાયઃ'' એવું લખેલ છે. તેથી ખરેખર તારકામયસંગ્રામ કયો તે સ્પષ્ટ થઈ શકતું નથી.

આમ, આ સંગ્રામ વિષયક અનેક રહસ્યોને મત્સ્યપુરાણકારે ઉદ્‌ઘાટિત કર્યાં નથી.

## ૩:૭, આડિબકસંગ્રામ

મત્સ્યપુરાણના ૧૫૬મા અધ્યાયમાં આડિ નામના એક દૈત્યની કથા આપવામાં આવી છે. તેના પરથી એમ કહી શકાય તેમ છે કે, આ સંગ્રામ જાતિગત નહીં પણ વ્યકિતગત ધોરણે લડાયો છે. અંધકાસુરનો પુત્ર અને બકનો ભાઈ આડિ પોતાના પિતા અંધકનો શિવે વધ કરેલો હોવાથી, શિવ સાથે દ્વેષ રાખતો હતો, પરિણામે તેનો સાવ સામાન્ય રીતે, શિવજી દ્વારા વધ કરવામાં આવ્યો હતો. જો કે, પુરાણોની માહિતી પ્રસ્તુત કરવાની અનેક મર્યાદાઓનાં અહીં પણ દર્શન થાય છે. જેમ કે, બાર દેવાસુરસંગ્રામોમાં આ સંગ્રામને છઠ્ઠો સંગ્રામ ગણવામાં આવ્યો છે. જયારે કે, આડિબકના પિતા અંધકાસુર અને શિવ વચ્ચે થયેલા 'અંધક' નામના સંગ્રામને આઠમો ગણાવવામાં આવ્યો છે.(**अन्धकाख्योऽष्टमः**) અહીં જોવા મળતો કાલવ્યુત્પન્નદોષ, માહિતી પ્રસ્તુત કરવાની બાબતમાં પુરાણો દ્વારા અવારનવાર આચરવામાં આવ્યો છે.

પદ્મપુરાણમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર, પોતાના પિતા અંધકનો વધ શિવે કરેલો હોવાથી, બદલો લેવાના ઉદ્દેશથી આડિએ, બ્રહ્માજીને પ્રસન્ન કરીને માત્ર રૂપાંતરની અવસ્થામાં જ મૃત્યુ થવાનું વરદાન પ્રાપ્ત કર્યું. વરદાન પ્રાપ્ત કરીને તુરંત જ તે કૈલાસ પહોંચ્યો. દ્વારપાળ વીરભદ્ર કે વીરક તેને રોકે નહીં, તે માટે, સર્પનું રૂપ ધારણ કરીને, ચોરીછૂપીથી તેણે શિવના આશ્રમમાં પ્રવેશ કર્યો. અંદર જઈને પોતાના સર્પરૂપનો ત્યાગ કરીને, તેણે પાર્વતીનું રૂપ ધારણ કર્યું અને શંકરની સામે ગયો. શંકરે તેના કપટને જાણીને તથા રૂપ–પરિવર્તનને જોઈને, તત્કાલ તેનો વધ કરી નાખ્યો.[૨૩૪] અહીં સ્વાભાવિકપણે જ પાર્વતીનું રૂપ ધારણ કરેલા આડિનો, એ જ રૂપમાં શિવે વધ કરેલો હોવાથી, આડિ અને શિવના યુદ્ધની કલ્પના થઈ શકતી નથી.

જો કે, વાયુપુરાણમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર, આ 'આડિબકસંગ્રામ' ઈન્દ્ર અને આડિબક વચ્ચે થયો હતો અને શશાદવિકુક્ષિના પુત્ર કકુત્સ્થ દ્વારા આડિબકનો વધ કરવામાં આવ્યો હતો. ઈન્દ્ર જયારે આડિબક સાથે યુદ્ધ કરી રહ્યો હતો, ત્યારે કકુત્સ્થે ઈન્દ્રને વૃષભ બનાવી, તેના પર આરોહણ કરીને આડિબકસંગ્રામમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. શશાદપુત્રને આ કારણે જ 'કકુત્સ્થ' ઉપાધિ પ્રાપ્ત થઈ હતી.[૨૩૫]

વસિષ્ઠ અને વિશ્વામિત્રનો ઝગડો તો પુરાણોમાં પ્રસિદ્ધ જ છે. માર્કણ્ડેયપુરાણ, આ ઘટનાને આધારે, આડિબક વિષયક સાવ જુદી જ વાત કરે છેઃ ''હરિશ્ચન્દ્રને વિશ્વામિત્ર દ્વારા આપવામાં આવેલા દુઃખને જોઈને, વસિષ્ઠે વિશ્વા–મિત્રને પક્ષીયોનિમાં જન્મવાનો શાપ આપ્યો. સામે વિશ્વામિત્રે પણ એવો જ શાપ આપ્યો. પક્ષીયોનિમાં પણ બંને યુદ્ધ કરતા રહ્યા. અંતે, બ્રહ્માજીએ વચ્ચે પડીને બંનેના સંઘર્ષનો અંત આણ્યો. એ બન્ને પક્ષીઓ (વસિષ્ઠ અને વિશ્વામિત્ર) જ

આડિ અને બક તરીકે પ્રસિદ્ધ છે.''[૨૩૬]

શ્રીમદ્ભાગવતપુરાણમાં, શ્રીકૃષ્ણે કરેલા બકાસુરના વધની કથા આપવામાં આવી છે;[૨૩૭] પરંતુ પછીના જ અધ્યાયમાં, બકાસુરના નાના ભાઈ તરીકે, કંસ દ્વારા પ્રેષિત અઘાસુરનો ઉલ્લેખ છે. પોતાના ભાઈ (બક) તથા બહેન (બકી–પુતના) ના વધનો બદલો લેવા, તે મોટા અજગરનું રૂપ લઈને શ્રીકૃષ્ણનો વધ કરવા આવ્યો હતો.[૨૩૮] તેનો વધ પણ શ્રીકૃષ્ણે જ કરેલો હોવાની કથા ત્યાં આપવામાં આવી છે.[૨૩૯]

બ્રહ્મવૈવર્તપુરાણ અનુસાર, બકાસુર પૂર્વજન્મમાં સહોત્ર નામનો ગંધર્વ હતો. તે વિષ્ણુભકત હતો અને દુર્વાસા ઋષિના આશ્રમમાં રહીને વિષ્ણુ–પ્રાપ્તિ માટે તપ કરતો હતો. એકવાર વિષ્ણુની પૂજાને માટે પાર્વતીના સરોવરમાં કમળ તોડવાના અપરાધમાં શાપ પામ્યો હતો. પરંતુ તેની સાચી નિષ્ઠા જોઈને શિવજીએ તેને કહેલું કે, ''હવે પછીના જન્મમાં તને, તે ભગવાનનાં દર્શન થશે અને તેના હાથે જ તારી મુકિત થશે.''[૨૪૦]

એક બકાસુરનો ઉલ્લેખ મહાભારતમાં પણ છે. તે નરભક્ષી હતો અને યમુના નદીના કિનારે આવેલા વેત્રવનની એક ગુફામાં રહેતો હતો. એકચક્રા નગરી અને તેના જનપદ પર તેનું શાસન ચાલતું હતું. અલંબુસ અને કિર્મીર તેના ભાઈઓ હતા.[૨૪૧] લાક્ષાગૃહમાંથી બચી નીકળીને પાંડવોએ, તે એકચક્રા નગરીમાં જયારે એક ગરીબ બ્રાહ્મણને ત્યાં વાસ કર્યો હતો, ત્યારે તે નરભક્ષીનો, ભીમે વધ કર્યો હોવાની ઘણી જ પ્રસિદ્ધ કથા પણ મહાભારતમાં આપવામાં આવી છે.[૨૪૨]

આ પ્રમાણે, આડિ અને બક વિષયક વિવિધ કથાઓ મહાભારત તથા પુરાણોમાંથી મળી આવે છે, જેનાથી આ આડિબકસંગ્રામ વિશે કશું સ્પષ્ટપણે કહી શકાય તેમ નથી. જો કે, વાયુપુરાણ આડિબકસંગ્રામની વિગતો નોંધે છે, પણ ત્યાં આ સંગ્રામ ઈન્દ્ર અને આડિબક વચ્ચે થયો હોવાનું આપણે આગળ નોંધ્યું જ છે. જયારે કે, મત્સ્યપુરાણનો સંદર્ભ જોતાં, આ સંગ્રામ શિવ અને આડિબક વચ્ચે થયો હોવાનું જણાય છે; પરંતુ સંપૂર્ણ મત્સ્યપુરાણમાં અન્ય સંગ્રામોની જેમ આ સંગ્રામ વિશે કશું વિગતે વર્ણન પ્રાપ્ત થતું નથી. માત્ર, આડિના વધની સામાન્ય કથા જ આપવામાં આવી છે. હા, આ કથામાં જ તેણે બધા દેવોને જીત્યા હોવાનો ઉલ્લેખ જરૂર મળે છે.[૨૪૩]

મત્સ્યપુરાણમાંથી પ્રાપ્ત થતી અંધકપુત્ર આડિના વધની કથા, સંક્ષેપમાં આ પ્રમાણે છેઃ

''એકવાર, પાર્વતીના શ્યામવર્ણને લઈને શિવ અને પાર્વતી વચ્ચે વિવાદ થયો. શિવે પાર્વતીના શ્યામવર્ણની ઘણી જ નિંદા કરી. આથી ક્રોધિત થઈને પાર્વતી, પોતાના પુત્ર ગણેશ અને વિરભદ્રને શિવની સેવા અને ચોકીમાં મૂકી, ગૌરવર્ણની પ્રાપ્ત્યર્થે તપ કરવા, આકાશમાર્ગે પોતાના પિતાના ઉદ્યાનમાં જતી રહી. જયાં તેણે તમામ આભૂષણોનો પરિત્યાગ કરીને વલ્કલ ધારણ કર્યું તથા

નિરાહાર રહીને તપસ્યામાં લીન બની.

આ પ્રમાણે, પાર્વતીને શિવથી દૂર થયેલી જોઈને, નિરંતર શિવનો છિદ્રાન્વેષી અંધકનો પુત્ર અને બકાસુરનો ભાઈ આડિ નામનો દૈત્ય, પોતાના પિતાના વધને યાદ કરીને તથા યુદ્ધમાં બધા દેવતાઓને હરાવીને, ત્રિપુરહન્તા શિવના નગરમાં આવી પહોંચ્યો. ત્યાં આવીને તેણે દ્વાર પર વીરકને ઊભેલ જોઈને, તેણે પૂર્વકાળમાં બ્રહ્માએ આપેલા વરદાનને યાદ કર્યું. શંકર દ્વારા દેવદ્રોહી અંધકને મારી નાખવામાં આવ્યો હોવાથી, આડિએ અતિ દારુણ તપ કર્યું હતું, ત્યારે તેના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માએ તેની પાસે આવીને તેને કહ્યું હતુંઃ **"किमाडे दानवश्रेष्ठ तपसा प्राप्तुमिच्छसि ।"**[૨૪૪] અર્થાત્, "હે દાનવશ્રેષ્ઠ આડિ! તું તપસ્યા દ્વારા શું પ્રાપ્ત કરવા ઈચ્છે છે?" એ સમયે, તે દૈત્યે બ્રહ્માને કહ્યું હતું કે,– **"ब्रह्माणमाह दैत्यस्तु निर्मृत्युत्वमहं वृणे ।"**[૨૪૫] અર્થાત્, "હું અમરત્વ ઈચ્છું છું." ત્યારે બ્રહ્માએ કહ્યું હતું કે, "હે દાનવ! આ સૃષ્ટિમાં કોઈપણ મનુષ્ય મૃત્યુરહિત નથી. શરીરધારીને કોઈને કોઈ રીતે મૃત્યુ પ્રાપ્ત થાય જ છે." બ્રહ્મા દ્વારા આ પ્રમાણે કહેવાવાથી, તે દૈત્યસિંહ આડિએ પદ્મયોનિ બ્રહ્માને કહ્યું હતું કે,–

**"रूपस्य परिवर्तो मे यदा स्यात्पद्मसम्भव ।**
**तदा मृत्युर्मम भवेदन्यथा त्वमरो ह्यहम् ।।"**[૨૪૬]

અર્થાત્, "હે પદ્મસંભવ! જ્યારે મારા રૂપનું પરિવર્તન થયેલું હોય ત્યારે જ મારું મૃત્યુ થાય, અન્યથા હું અમર જ રહું."

તેના દ્વારા, આ પ્રમાણે કહેવાવાથી, કમલયોનિ બ્રહ્માએ પ્રસન્ન થઈને તેને કહ્યું હતું કે,– "એમ થાઓ, જ્યારે તારા રૂપનું પરિવર્તન થયેલું હશે, ત્યારે જ તારું મૃત્યુ થશે, નહીંતર નહીં થાય."

બ્રહ્માએ આ પ્રમાણે કહ્યું, ત્યારે તે મહાબલિ દૈત્યપુત્ર આડિ પોતાને અમર માનવા લાગ્યો અને પોતાના પિતાના મૃત્યુનો બદલો લેવા કૈલાશ પર્વત પર જ્યાં શિવનું નિવાસસ્થાન છે, ત્યાં પહોંચ્યો, પરંતુ ત્યા પાર્વતી દ્વારા નિયુકત વીરકનો પહેરો જોઈને તે સમયે, તે પોતાના મૃત્યુના એ ઉપાયને યાદ કરીને, સર્પનું રૂપ ધારણ કરીને એક દરમાં પ્રવેશી ગયો. પછી, તે પરમ દુર્જય દાનવ ગણેશ્વર વીરકની નજરથી પોતાની જાતને બચાવીને, તેનાથી અલક્ષિતપણે ભગવાન શંકર પાસે પહોંચી ગયો.

ત્યારપછી, મોહિત ચિત્તવાળા, તે દૈત્ય આડિએ શંકરને છેતરવાની ઈચ્છાથી સર્પનું રૂપ ત્યજીને, પાર્વતીનું રૂપ ધારણ કર્યું. તેણે માયાનો આશ્રય લઈને પાર્વતીનું એવું અકલ્પનીય તથા મનોહર રૂપ ધારણ કર્યું હતું કે, જે બધા જ અવયવોથી પરિપૂર્ણ તથા તમામ લક્ષણોથી યુકત હતું. પછી, તે દૈત્ય મુખમાં વજ્રના જેવા કઠોર અને તીક્ષ્ણ અગ્રભાગવાળા દાંતોનું નિર્માણ કરીને મૂર્ખતાવશ શંકરના વધને માટે પ્રયત્નશીલ બન્યો.

તદનન્તર, તે પાપી દૈત્ય સુંદર રૂપ અને ચિત્ર–વિચિત્ર આભૂષણો

તથા વસ્ત્રોથી વિભૂષિત થઈને, ઉમાનું રૂપ ધારણ કરીને શિવજીની પાસે ગયો. તેને જોઈને ભગવાન શંકર પ્રસન્ન થયા. તે અસુરને, તેમણે પાર્વતી જ સમજીને તેને આલિંગન આપીને પુછયું– "હે ગિરિજા! હવે મારા પ્રત્યે તારો સાધુભાવ છે ને? બનાવટી તો નથી ને? હે સુંદરી! એમ લાગે છે કે, તું મારા અભિપ્રાયને બરાબર સમજીને જ અહીં આવી છો, તારા વગર હું ત્રિલોકીને શૂન્ય માનતો હતો. હવે જયારે તું અહીં આવી જ ગઈ છે તો તે તારા માટે ઉચિત જ છે."

શિવજીએ જયારે આવું કહયું ત્યારે દાનવેન્દ્ર આડિ ધીમેથી હસ્યો, તે શિવ દ્વારા પાર્વતીના શરીરમાં લક્ષિત કરવામાં આવેલા ચિહ્નને જાણતો ન હતો. તે ધીમેથી બોલ્યો– "હે પતિદેવ! આપના અતુલ્ય પતિ–પ્રેમની પ્રાપ્તિના અભિપ્રાયથી હું તપસ્યા કરવા ગઈ હતી, પરંતુ તેમાં મારું મન લાગ્યું નહીં, આથી ફરીથી આપની પાસે પરત આવી છું." તેણે જયારે એવું કહ્યું ત્યારે શિવજીના મનમાં શંકા ઉત્પન્ન થઈ, પરંતુ તેને જાહેર ન કરતાં, હસીને કહ્યું– " હે સૂક્ષ્માંગી! તું તો મારા પર ગુસ્સે થઈને તપસ્યા કરવા ગઈ હતી ને? ઉપરાંત, તું સ્વભાવથી કઠોર પ્રતિજ્ઞાવાળી છો, તો પછી મનોરથોને સિદ્ધ કર્યા વગર પરત કેમ આવી? આનાથી મને સંદેહ થાય છે." આમ કહીને, તે (શિવ) પાર્વતીના તે લક્ષણનું સ્મરણ કરવા લાગ્યા, જે તેમણે પાર્વતીના શરીરના ડાબા ભાગમાં કેશને વાળીને પદ્મના રૂપમાં બનાવ્યું હતું; પરંતુ તે તેમને જોવા મળ્યું નહીં, ત્યારે તે સમજી ગયા કે, આ દાનવી માયા છે. આથી તેમણે પોતાના આકારને છૂપાવી, જનનેન્દ્રિયમાં વજાસ્ત્રને અભિમંત્રિત કરીને તે દૈત્યને મારી નાખ્યો."[૨૪૭]

આ પ્રમાણે, મત્સ્યપુરાણમાં આડિદૈત્યના વધની સામાન્યરૂપે આપવામાં આવેલી કથામાં, કોઈ ભયંકર સંગ્રામની કલ્પના કરી શકાતી નથી. શિવે તેનો રૂપપરિવર્તિતાવસ્થામાં અને આલિંગનપૂર્વક વધ કર્યો હોવાથી દ્વંદ્વયુદ્ધની પણ સંભાવના જોઈ શકાતી નથી; પરંતુ બ્રહ્મા પાસેથી વરદાન પ્રાપ્ત કરીને અમર જેવા બનેલા આડિદૈત્યે, કૈલાસ પર શિવનો વધ કરવા જતાં પહેલાં દેવોને યુદ્ધમાં હરાવ્યા હોવાના તથા વાયુપુરાણમાં થયેલા ઉલ્લેખ પરથી, દેવો અને દૈત્યો વચ્ચે આ 'આડિબકસંગ્રામ' ચોકકસપણે લડાયો હોવાની માહિતી મળે છે. જો કે, શ્રીમદ્ભાગવતપુરાણ, વિષ્ણુપુરાણ કે મત્સ્યપુરાણ ત્રણમાંથી એકમાં પણ તેનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થતું નથી.

## ૩:૮, ત્રિપુરસંગ્રામ

જે સંગ્રામના કારણે શિવ–શંકરને 'ત્રિપુરારિ', 'ત્રિપુરાન્તક', 'ત્રિપુરઘ્ન' કે 'પુરારિ' જેવી ઉપાધિની પ્રાપ્તિ થઈ, તે આ 'ત્રિપુરસંગ્રામ', ખાસ કરીને શૈવ પુરાણોનો એક મહત્ત્વનો વર્ણ્યવિષય રહ્યો છે. 'ત્રિપુર'–શબ્દનો સામાન્ય અર્થ 'ત્રણ પુરો કે નગરો' એવો થાય છે; પરંતુ સિદ્ધેશ્વરશાસ્ત્રી ચિત્રાવ, તેનો અર્થ–'એક અસુરસંઘ' એવો દર્શાવે છે.[૨૪૮] આ સંગ્રામની સામાન્ય કથા આ પ્રમાણે છેઃ 'મયાસુરે બ્રહ્માજીની કૃપાથી ત્રણ દુર્જય નગરોનું નિર્માણ કર્યું, જે ક્રમશઃ લોહ, રજત અને સુવર્ણનાં બનેલાં હતાં. એ નગરોની રચના કર્યા બાદ, તેમનું આધિપત્ય તારકાસુરના ત્રણ પુત્રો– તારાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલીને સોંપ્યું. જેથી, એ ત્રણ અસુરો 'ત્રિપુર' નામથી વિખ્યાત થયા. નગરોનું નિર્માણ કરીને મયાસુરે, એ, જ્યારે આ ત્રિપુરો (તારકાસુરના પુત્રો) ને સોંપેલાં ત્યારે તેણે સૂચના આપેલી કે, તમારે દેવોને ત્રસ્ત કરવા નહીં કે તેઓનો અનાદર પણ કરવો નહીં.' પરંતુ પછીથી વિપરિતબુદ્ધિ બનીને, ત્રિપુરો (તારકાસુરના પુત્રો) અધર્માચરણ કરવા લાગ્યા. આથી, શિવના હાથે એમનો નાશ થયો.'[૨૪૯]

મહાભારત પ્રમાણે, એ મયાસુર, દાનવોનો સર્વશ્રેષ્ઠ શિલ્પી અને દાનવનરેશ નમુચિનો ભાઈ હતો. કશ્યપ ઋષિના દનુ નામની પત્નીથી ઉત્પન્ન થયેલા પુત્રોમાં, તે તથા નમુચિ મુખ્ય હતા.[૨૫૦] રામાયણમાં તેને દિતિનો પુત્ર કહેલ છે;[૨૫૧] પરંતુ રામાયણનું એ કથન, ઐતિહાસિક પ્રતીત થતું નથી. પુરાણોમાં નમુચિ નામના બે વ્યકિતઓનું વર્ણન મળે છે. એમાંથી એક દાનવ હતો અને બીજો તેર સૈંહિકેયો માંહેનો એક હતો. મય, દાનવ નમુચિનો ભાઈ હતો. હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુના સમયે, જે દૈત્યો તથા દાનવોનો દેવોની સાથે સંગ્રામ થયેલો, તેમાં એ દૈત્યોના પક્ષે હતો, એવું મહાભારતકાર નોંધે છે.[૨૫૨] મત્સ્યપુરાણમાં, તે મયને અસુર કહેલ છે–**'मयो नाम महामायो मायानां जनकोऽसुरः ।'**[૨૫૩] પરંતુ તે 'સુર(દેવ) નહીં, તે અસુર' ના અર્થમાં હોય, તેમ લાગે છે. કેમ કે, મત્સ્યપુરાણમાં અને એ જ સ્થાને, આગળ ઉપર–**'पितामहवचः श्रुत्वा तदैवं दानवो मयः ।'**[૨૫૪] એમ કહેલ છે, જે તેને દાનવ તરીકે સિદ્ધ કરે છે. તે મહામાયાવી અને પ્રસિદ્ધ વાસ્તુશાસ્ત્રજ્ઞ હતો. મત્સ્યપુરાણમાં ગણાવવામાં આવેલા પ્રસિદ્ધ અઢાર વાસ્તુ–શાસ્ત્રોપદેશકોમાં મયનું નામ પણ આપવામાં આવેલું છે.[૨૫૫] ત્રિપુરસંગ્રામ થવામાં, આ મયદાનવ દ્વારા નિર્માણ પામેલાં નગરો જ કારણભૂત બનેલાં છે.

મત્સ્યપુરાણ, આ ત્રિપુરસંગ્રામનું અથેતિ અને અગિયાર અધ્યાયો–(અ. ૧૨૯–૧૪૦) માં વિસ્તૃત વર્ણન આપે છે. પરમ માયાવી મય નામના દાનવે દેવો સામેના યુદ્ધમાં હારી જતાં, દેવોને હરાવવાની ઈચ્છાથી ઘોર તપસ્યાનો પ્રારંભ કર્યો. તેને તપ કરતો જોઈને અન્ય બે વિદ્યુન્માલી અને તારકાસુર નામના દાનવોએ પણ, એ જ ઉદ્દેશથી તપમાં તેની સાથે થયા. તેઓના ઘોર તપના

પ્રભાવથી સમસ્ત જગત કાંપી ઉઠયું, ચારેબાજુ ઉદાસી છવાઈ ગઈ અને બધાના સ્વરો મંદ પડી ગયા.[૨૫૬] ઘોર તપમાં લીન એ ત્રણે દાનવો રૂપી અગ્નિઓથી સમગ્ર સંસારને સળગતો જોઈને, જગત્સ્રષ્ટા ભગવાન બ્રહ્મા તેઓની સમક્ષ પ્રગટ થયા. અતિ સાહસી તે ત્રણે દાનવોએ પ્રગટ થયેલા, તે બ્રહ્માની તુરંત વંદના કરી. તપસ્યાના પ્રભાવથી સૂર્ય જેવા પ્રભાવશાળી લાગતા, તે દાનવોને જોઈને પ્રસન્નમુખ તેમજ વિસ્મિત નેત્રવાળા, તે બ્રહ્મા બોલ્યાઃ

**"वरदोऽहं हि वो वत्सास्तपस्तोषित आगतः ।**
**व्रियतामीप्सितं यच्च साभिलाषं तदुच्यताम् ।।"**

અર્થાત્, "હે વત્સો! તમારી તપસ્યાથી સંતુષ્ટ થઈને, વરદાન આપવાની ઈચ્છાવાળો, હું અહીં આવ્યો છું. તમોને જે ઈચ્છનીય હોય, તે અભિલાષાપૂર્વક કહો."[૨૫૭]

પ્રસન્ન થયેલા પિતામહ બ્રહ્માને, એ પ્રમાણે બોલતાં જોઈને, હર્ષથી ખીલેલાં નેત્રોવાળા વિશ્વકર્મા મયે કહ્યુંઃ

"હે દેવ! પૂર્વે થયેલા તારકામયસંગ્રામમાં દૈત્યોને દેવતાઓ દ્વારા હરાવવામાં આવેલા. જેમાં, કેટલાકને વિવિધ અસ્ત્રોથી ઘાયલ કરી દેવામાં આવેલા તો કેટલાકને મારી નાખવામાં આવેલા. દેવતાઓના વેરના ભયથી, અમને જગતભરમાં કોઈ શરણ આપનારું ન મળ્યું કે અમે ન તો એ પણ વિચારી શકયા કે, અમારું કઈ રીતે કલ્યાણ થશે. આ પ્રમાણે, દેવતાઓથી પરાજિત થઈને, હું મારા તપના પ્રભાવથી તથા આપની ભકિતના મહિમાથી, એક એવા દુર્ગનું નિર્માણ કરવા ઈચ્છું છું, જે દેવતાઓ દ્વારા દુર્લંઘનીય હોય. હે કૃતિઓમાં શ્રેષ્ઠ! મારા દ્વારા બનાવવામાં આવેલ, તે ત્રિપુર નામના દુર્ગમાં ભૂમિ પર ઉત્પન્ન થનારાં, જળમાં જન્મનારાં, મુનિઓ દ્વારા આપવામાં આવેલા શાપો, દેવતાઓનાં શસ્ત્રો વગેરે ન પ્રવેશી શકે."[૨૫૮]

તેનાં આવાં વચનો સાંભળીને, બ્રહ્માએ તેને હસતાં હસતાં કહ્યુંઃ "હે દાનવ મય! અસત્કર્મ કરનારા તારા જેવા રાક્ષસને, બધા પ્રકારના અમરત્વનો ભાવ કે કર્મ નથી મળી શકતું. આથી, તું તૃણથી દુર્ગ બનાવી શકે છે."[૨૫૯]

પિતામહનું આવું કથન સાંભળીને, તે મય દાનવે હાથ જોડીને બ્રહ્માને કહ્યુંઃ "હે પદ્મયોનિ! જો આપ સર્વથા અવધ્યત્વનું વરદાન ન આપી શકતા હો તો, એવું વરદાન આપો કે, ભગવાન શંકર પોતાના એકવારના વારથી જ, તે દુર્ગને સળગાવી શકે અને યુદ્ધમાં કેવળ તે જ અમને હરાવી શકે, અન્ય કોઈથી પણ અમારો વધ ન થઈ શકે."[૨૬૦]

મયની એ વાત સાંભળીને બ્રહ્મા પણ 'અસ્તુ' કહીને, અંતર્ધાન થઈ ગયા. મયે પણ પોતાના મનથી લોહમય, રજતમય અને સુવર્ણમય એમ એક ઉપર એક, ત્રણ પુરની સંકલ્પના કરી. આ રીતે, ત્રણ પુરોનો સમૂહ એટલે 'ત્રિપુર', એવો નિર્દેશ પુરાણકાર અહીં કરે છે–**'एवं त्रिभिः पुरैर्युक्तं त्रिपुरं तद्भविष्यति ।'**[૨૬૧] એ

ત્રણ પુરમાંથી જે લોહમય પુર હતું, તેનું આધિપત્ય તારકાસુરને સોંપવામાં આવ્યું. રજતમય પુરનો અધ્યક્ષ વિદ્યુન્માલી બન્યો અને સુવર્ણમય પુરનો અધિપતિ સ્વયં મય બન્યો. આ ત્રિપુરની રચના અને સમૃદ્ધિનું વર્ણન પુરાણકાર, આશરે બે અધ્યાયોમાં વિસ્તારથી કરે છે.

ત્યારપછી સમય જતાં, ત્રિપુરમાં અલક્ષ્મી (દારિદ્ર્ય), અસૂયા, તૃષ્ણા, બુભુક્ષા, કલિ તથા કલહે જેમ દુર્બળ શરીરમાં રોગ પ્રવેશે તેમ, એ ત્રિપુરનિવાસી રાક્ષસોનાં શરીરમાં એક સાથે પ્રવેશ કર્યો. દૈવયોગે વિનષ્ટ થયેલા તે દાનવો, ત્યારથી સત્ય અને ધર્માચરણને છોડીને અતિ નિંદનીય કાર્યો કરવા લાગ્યા. અહીં પુરાણકાર નોંધે છે કે, –

**"विध्वस्तदेवायतनाश्रमं च संभग्नदेवद्विजपूजकं तु ।**
**जगद्‌बभूवामरराजदुष्टैरभिद्रुतं सस्यमिवालिवृन्दैः ।"** [૨૬૨]

દેવોના શત્રુ એ દાનવોએ, તીડોનો સમૂહ જેમ ઊભા પાકને તેમ, સંપૂર્ણ જગતને છિન્ન ભિન્ન કરી નાખ્યું. દુરાત્મા, શીલહીન તથા દુષ્ટ એ ત્રિપુરવાસીઓએ જયારે સમસ્ત લોકો તથા તપસ્વીઓના તપોવનોને નષ્ટ કરી નાખ્યા તેમજ આકાશમાં પ્રસરી રહેલા તેઓના ભિષણ શબ્દોને સાંભળીને ત્રણેય લોકો ભયથી વિમૂઢ બની ગયા અને સંપૂર્ણ સંસાર જાણે કે, અંધકારમાં ડૂબી ગયો તથા ભયના માર્યાં જીવ–જંતુઓ ચારેબાજુ ભાગવા લાગ્યા ત્યારે આદિત્યો, વસુઓ, સાધ્યો, પિતૃઓ અને મરુતોના સમૂહો ભયથી આક્રાંત થઈ સંસારના પ્રપિતામહ બ્રહ્માજીના શરણે ગયા અને તેમને ફરિયાદ કરતાં કહેવા લાગ્યા,

" હે નિષ્પાપ પિતામહ! આપના વરદાનથી સુરક્ષિત થઈને ત્રિપુરમાં રહેનારા દાનવો અમને તથા અમારા અનુચરોને પીડી રહ્યા છે. આથી, તેઓને વશમાં કરો. હે અનઘ! તેઓના ભયથી ભાગી રહેલા અમે અમારા પુત્રો તથા સ્ત્રીઓનાં નામો પણ ભૂલી ગયા છીએ. લોભ તથા મોહથી આંધળા બનેલા અસુરો દેવતાઓનાં તમામ ગૃહોને તોડી રહ્યા છે અને તપસ્વીઓના આશ્રમોને નષ્ટ કરતાં અહીંતહીં ઘૂમી રહ્યા છે. હે દેવ! જો આવી અવસ્થામાં આપ અમારી તુરંત જ રક્ષા નહીં કરો તો નકકી તેઓના દમનથી સંપૂર્ણ જગત મનુષ્ય તથા દેવતાઓથી રહિત બની જશે."[૨૬૩]

બ્રહ્માએ કહ્યું: "હે પરમ બુદ્ધિમાન દેવગણ! મયને મેં જે વરદાન આપેલું, તેનો અંતિમ સમય આવી પહોંચ્યો છે. તેઓનું તે નિવાસસ્થાન, ત્રિપુર તો એક જ બાણથી નષ્ટ થઈ શકે તેમ છે, તેના માટે બાણવૃષ્ટિ કરવાની જરૂર નથી. તે ત્રણે પુરોનું વિષ્કમ્ભ–સ્થાન સો સો યોજનોથી નિર્મિત છે અને શિવના એક જ બાણથી તેનો નાશ થઈ શકે તેમ છે. તેથી, તમે બધા શિવજી પાસે જાઓ અને તેમને એમ કરવા માટે પ્રાર્થના કરો."[૨૬૪]

બ્રહ્માજીની આજ્ઞા થતાં ઈન્દ્રાદિ દેવતાઓ શિવ પાસે જઈને તેમની સ્તુતિ કરવા લાગ્યા. તેઓની સ્તુતિથી પ્રસન્ન થયેલા શિવે, દેવોનું વિગત જાણી,

તેઓને આશ્વાસન આપતાં કહેવા લાગ્યાઃ

"હે દેવગણ! આપનું કષ્ટ દૂર થશે. હું તે ત્રિપુરનો વિધ્વંસ કરીશ. તમે લોકો એક સર્વસાધનસંપન્ન રથ મને આપો."[૨૬૫]

દિગમ્બર શિવના કહેવા પ્રમાણેનો તમામ દેવો, વિદ્યાઓ વગેરે દ્વારા સંનિવેષ્ઠિત કરાયેલો એક ભવ્ય અને મહાન રથ તૈયાર કરવામાં આવ્યો અને છ ઋતુઓવાળા સંવત્સરનું ધનુષ્ય બનાવવામાં આવ્યું. તે ધનુષ્યની દઢ પ્રત્યંચા કયારેય વૃદ્ધ ન થનારી અંબિકા બની. ભગવાન રુદ્ર સ્વયં કાલ સ્વરૂપ છે. તે કાળને જ લોકો સંવત્સર તરીકે જાણતા હોવાથી, ભગવતી પાર્વતી કાલરાત્રી રૂપે તે મહાન ધનુષ્યની કયારેય જૂની ન થનારી પણછ બન્યા. ભગવાન ત્રિનેત્ર શંકરે જે બાણથી સંધિઓની સાથે, તે મહાન ત્રિપુરનો વિધ્વંસ કર્યો હતો, તે શ્રેષ્ઠ બાણ વિષ્ણુ, ચન્દ્રમા તથા અગ્નિના સંયુકત તેજથી બનેલું હતું. તે બાણના અગ્રભાગમાં અગ્નિનો, ફળામાં અંધકારનો નાશ કરનાર ચન્દ્રમાનો તથા સમસ્ત બાણમાં સુદર્શનધારી વિષ્ણુનો તેજરાશિ વિદ્યમાન હતો. તે બાણને અતિ ભિષણ પ્રભાવકારી બનાવવા તથા તેના તેજને અત્યંત ઉગ્ર બનાવવા માટે નાગરાજ વાસુકિએ તેના પર પ્રચુર માત્રામાં વિષનું વમન કર્યું. આ પ્રમાણે તૈયાર થયેલ એ બાણને, દેવતાઓએ દૈવી પ્રભાવથી યુકત રથમાં મૂકીને શિવજીને તેની સોંપણી કરી. શિવે તે સર્વોત્તમ રથને જોઈને દેવતાઓની ખૂબ પ્રશંસા કરી અને કહ્યું કે, "હે દેવગણ! તમોએ જે પ્રમાણેનો રથ મારા માટે પ્રસ્તુત કર્યો છે, તે રથની મર્યાદાને અનુકૂળ એક સારથી પણ શીઘ્ર જ તૈયાર કરો."[૨૬૬]

દેવાધિદેવ શંકરે જયારે એવું કહ્યું ત્યારે દેવતાઓ એકદમ ચિંતામગ્ન બનીને વિચારવા લાગ્યા કે, 'હવે આ કાર્ય કઈ રીતે સંપન્ન બનશે. મહાદેવના સમાન તો કેવળ ભગવાન વિષ્ણુ જ છે અને તેના સિવાય અન્ય કોઈ દેવતા શિવના સારથી બનવાને યોગ્ય નથી. પરંતુ તે (વિષ્ણુ) તો પુરવિધ્વંસક બાણના અગ્રભાગમાં અવસ્થિત છે.' ઈન્દ્રાદિ દેવોને આ પ્રમાણે ચિંતાતુર જોઈને બ્રહ્મા સારથી બનવા તૈયાર થયા.

ત્યારપછી, હાથમાં ચાબુક લઈને સારથી બનેલા બ્રહ્માને જોઈને ગંધર્વો સહિત દેવતાઓએ પ્રસન્ન મનથી સિંહનાદ કર્યો. વિશ્વેશ ભગવાન શંકરે પિતામહ બ્રહ્માને રથ પર બેઠેલા જોઈને **'सदृशः सूतः'** એમ કહીને રથ પર આરોહણ કર્યું. દેવતાઓએ જયજયકાર કર્યો. વરદાયી સ્વયંભૂ બ્રહ્માએ ૐકાર રૂપ ચાબુકને હાથમાં લઈને મંત્રોચ્ચારણ કરીને, વેગપૂર્વક તે રથને ચલાવ્યો. રથની ધ્વજાને અત્યધિક ઊંચી કરવામાં નિપુણ નંદીએ, તે રથના સર્વોત્તમ ધ્વજદંડ પર શિવની આજ્ઞાથી પોતાનું આસન જમાવ્યું. સૂર્યના જેવા તેજસ્વી, ભૃગુપુત્ર શુક્ર તથા અંગિરાના પુત્ર બૃહસ્પતિએ હાથમાં દંડ ધારણ કરીને, તે રથના બન્ને પૈડાંઓ પર રુદ્રની હિતકામનાની ઈચ્છાથી નિવાસ કર્યો. શત્રુઓનો વિનાશ કરવામાં દક્ષ અનંત ભગવાન શેષનાગ હાથમાં બાણ ધારણ કરીને, રથની તથા

બ્રહ્માજીના આસનની રક્ષા કરવામાં નિયુક્ત થયા. યમરાજ પોતાના અત્યંત દારુણ મહિષ પર, ધનપતિ કુબેર સર્પ પર, દેવરાજ પોતાના વાહન ઐરાવત પર, વરદાયક કાર્તિકેય મયૂર પર ચઢીને, તે યુગોપમ રથની રક્ષા કરવા લાગ્યા. અગ્નિના જેવા વિકરાળ વર્ણવાળા અને જ્વાલામુખી જેવા ભિષણ પ્રમથગણ, તે રથની પાછળ પાછળ એવી રીતે ચાલવા લાગ્યા, જેમ સમુદ્રમાં મગરમચ્છોનો સમૂહ તરતો હોય. ભરદ્વાજાદિ ઋષિઓએ શંકરની સ્તુતિ કરીને તેમને પ્રસન્ન કર્યા. સુવર્ણગિરિના જેવો તે રથ આકાશમાર્ગમાં અવસ્થિત, તે ત્રિપુરની તરફ પાંખોધારી પર્વતની જેમ ચાલવા લાગ્યો. મહાવૃષભ નંદીશ્વર ઈશ્વરના સ્વર જેવો ભીષણ અવાજ કરવા લાગ્યા, બ્રાહ્મણો જયજયકાર કરવા લાગ્યા અને ઘોડાઓ હણહણવા લાગ્યા.

એ સમયે, નારદમુનિએ રણભૂમિ પરથી ઉડીને, તે ત્રિપુરની તરફ પ્રયાણ કર્યું. તે સમયે ત્રિપુરમાં ભિષણ ઉત્પાતો તથા અપશુકનો થતા હતા. ત્રિપુરેશ્વર મયે નારદનું અર્ધ્ય, મધુપર્ક તથા પાદ્યાદિથી પૂજન અને સ્વાગત કર્યું. તપસ્વી નારદ મયની પૂજાને અંગિકાર કરી સુવર્ણાસન પર વિરાજિત થયા, એટલે મયે તેમને ત્રિપુરમાં થતાં ઉત્પાતો તથા અપશુકનો વિશે પૂછયું ત્યારે ધર્મની સમજણ આપીને નારદે કહ્યુંઃ

"તું આ બધા ઉન્મત્ત દાનવોની સાથે અધર્મના રથ પર આરૂઢ થઈને દેવતાઓના અપકારીઓની સહાયતા કરી રહ્યો છે. તેં જે કહ્યાં, તે બધા અપશુકનો આ દાનવોના વિનાશનાં સૂચક છે. ભગવાન રુદ્ર સંપૂર્ણ લોકમય રથ પર આરૂઢ થઈને તને, આ અસુરોને તથા ત્રિપુરને નષ્ટ કરવા આવી રહ્યા છે. તેથી, હે દાનવ! તું તારા પુત્રો તથા દાનવોને સાથે લઈને, તે શાશ્વત અને મહા તેજસ્વી ભગવાન શંકરના શરણમાં જા."[૨૬૭]

આ પ્રમાણે, દેવર્ષિ નારદ દાનવોને આવી રહેલા મહાભયની સૂચના આપીને પુનઃ શંકર પાસે પાછા આવી ગયા. નારદના ગયા પછી, મયે પોતાના મનમાં, આવી રહેલા યુદ્ધ અંગેનો વિચાર કરીને, તે બધા દાનવોને કહ્યુંઃ

"દાનવગણ! તમે શૂરવીર છો, આ દેવતાઓ સાથે અવશ્ય યુદ્ધ કરો, ભય ન પામો. એમને જીતીને આપણે દેવતાઓની સભાના સભાસદો બની જઈશું અને ઈન્દ્ર સહિત સમસ્ત દેવતાઓને મારીને, સમસ્ત લોકોનો ઉપભોગ કરીશું. તમે યુદ્ધને માટે સજ્જ બનીને, હાથોમાં વિવિધ હથિયારો તથા કવચાદિને ધારણ કરીને, દુર્ગની ઉપર અથવા અટારીઓમાં પહોંચી જાઓ. તમે બધા આ ત્રણે પુરોમાં પોતપોતાનાં યોગ્ય સ્થાનોએ જઈને બેસી જાઓ, નહીંતર દેવો આ પુરો પર આક્રમણ કરી અને બચીને ચાલ્યા જશે. આકાશમાર્ગે ચાલનારા, તે દેવતાઓને તમે ઓળખો છો. તેઓને પ્રયત્નપૂર્વક રોકો અને પોતાનાં તીક્ષ્ણ બાણોથી તેઓને ઘાયલ કરો."[૨૬૮]

મયદાનવે દેવરૂપી આક્રમણકારી હાથીઓના નિવારણને માટે, આ

પ્રકારની સૂચનાઓ દાનવોને આપીને, સ્ત્રીઓની ચિંતા અને વ્યાકુળતાથી યુકત બની, ત્રિપુરમાં પ્રવેશ કર્યો. પોતાના ભવનમાં જઈને, તેણે શુભ્ર રજતના જેવા પવિત્રમૂર્તિ, કામાદિના શત્રુ, અંધકાસુરના ઉન્મૂલક, દક્ષના શરીરના વિનાશક ભગવાન શંકરની મનોહર સ્તોત્રોથી પૂજા કરીને સર્વતોભાવેન એમનું શરણ ગ્રહણ કર્યું. શિવે પણ અભયપદની કામના રાખનારા તે દૈત્યને, તેને અભિમત વરદાન આપ્યું. જેનાથી તે દાનવપતિ અધિક નિડર બન્યો.

ઈલાવૃત્ત વર્ષમાં દેવસેના સહિત સ્થિત શિવે ઈન્દ્રને કહ્યુંઃ

''દેવરાજ! અહીંથી તારા શત્રુઓનું ત્રિપુર સામે દેખાય છે. એ વાત જાણિતી જ છે કે, આ ત્રિપુર અગ્નિની જેમ શત્રુઓને પરમ દુઃખ આપનારું છે. તેમાં કાળાં વાદળાંઓની જેવી ભીષણ આકૃતિવાળા દાનવો દેખાઈ રહ્યા છે. તે બધા કુંડળ તથા કિરીટ ધારણ કરીને પ્રાકારો, ગોપુરો, અટ્ટારીઓ તથા કક્ષો પર મોટા મોટા પર્વતોની જેમ વિરાજિત થયેલા છે. કેટલાક વિકરાળ મુખવાળા, વિજયની ઈચ્છાથી હથિયારો ધારણ કરીને, ત્રિપુરની બહાર નીકળી રહ્યા છે. જેથી, તું એ મહાન દાનવોને દેવો તથા મારા ગણો સાથે રહીને હણી નાખ. હું મારા આ અનુપમ રથ પર બેસીને તમારા વિજયની કામનાથી, તે ત્રિપુરનાં છિદ્રોને શોધીશ. હે ઈન્દ્ર! જ્યારે પુષ્ય નક્ષત્રના યોગ પર ત્રણે પુરો પરસ્પર એક સ્થાને મળશે ત્યારે હું મારા એક જ બાણથી આ ત્રિપુરને બાળી નાખીશ.''[૨૬૯]

શિવજીની આ વાત સાંભળીને દેવરાજ ઈન્દ્રે સિંહના જેવી ભિષણ ગર્જના કરતા દેવો તથા શિવના પ્રમથગણો સહિતની પોતાની સેનાને લઈને ત્રિપુરને જીતવાની ઈચ્છાથી પ્રયાણ કર્યું. એમના ભિષણ અવાજને સાંભળીને યુદ્ધની લાલસાથી, દાનવો હથિયારો લઈને ત્રિપુરની બહાર નીકળવા લાગ્યા. સૌપ્રથમ તારકાસુરના પુરમાં રહેનારા તારકના અનુયાયી દાનવો, પોતાના પુરમાંથી જેમ ક્રુદ્ધ સર્પ પોતાના દરમાંથી બહાર નીકળે, તેમ નીકળ્યા અને આકાશમાં સ્થિત એ ગણેશ્વરો તથા દેવતાઓની સન્મુખ આવી ગયા. રૂપવાન દાનવગણ બિલાડા, મૃગ તથા અન્ય પ્રકારના ભયાનક મુખવાળા શિવના પાર્ષદોને જોઈને મોટેથી હસવા લાગ્યા.

ત્યારપછી, ભયાનક તથા મોટાં મોટાં અને ભીષણ ટંકાર કરતાં ધનુષ્યોને ધારણ કરીને, તેઓ પ્રાણસંહારક બાણો દ્વારા એકબીજાની સેનાને આઘાત કરવા લાગ્યા. મૂસળના જેવી વિશાળ ભુજાઓ દ્વારા ખેંચાયેલાં ધનુષ્યોમાંથી છૂટેલાં બાણો જેવી રીતે તળાવમાં પક્ષી પ્રવેશે વીરોના કવચોમાં એવી રીતે પ્રવેશવા લાગ્યા. દાનવગણો શિવના ગણોને 'અરે હવે તો તું મર્યો જ છે, અમારા હાથમાંથી છટકીને કયાં જઈશ, હમણાં જ અમે તમોને મારી નાખશું, ભાગો નહીં, પાછા ફરો' જેવાં વચનો કહીને, પોતાના તીક્ષ્ણ બાણોથી એમનું ભેદન કરવા લાગ્યા. સિંહના જેવા બળશાળી અને વિકરાળ નેત્રોવાળા શિવના ગણો પણ પર્વતના ખંડો, વૃક્ષો તથા મોટી મોટી શિલાઓ દ્વારા દૈત્યો તથા દાનવોનો સંહાર

કરવા લાગ્યા. મોટા મોટા અસુરો ધનુષ્યોને ખેંચીને બાણોની ઝડી વરસાવી રહ્યા હતા. એ બાણોથી અતિશય ઘાયલ થયેલા પ્રમથગણોનાં શરીરોમાંથી, જાણે કે, પર્વતમાંથી સુવર્ણ નીકળતું હોય, તેમ રુધિરની ધારાઓ વહેતી હતી. શિવગણો દ્વારા ફેંકવામાં આવેલી શિલાઓ, વૃક્ષો, વજ્રો, શૂલો, છરીઓ તથા કુહાડીઓથી ઘાયલ થયેલા દાનવો એવી રીતે ચૂર્ણ થઈ જતા હતા જેવી રીતે પથ્થરના ટૂકડાના પડવાથી કાચ ચૂર્ણ થઈ જાય. દૈત્યગણો 'તારકાસુરની જીત થઈ રહી છે' એમ બોલતા હતા તો ગણેશ્વરો 'ઇન્દ્ર તથા રુદ્રની જીત થઈ રહી છે' એવું રાડો પાડી પાડીને કહેતા હતા. કપાયેલાં હાથો, મસ્તકો તથા માંસ અને રકતથી ભરાયેલી, તે રણભૂમિ અતિશય ભયાવહ લાગતી હતી. અનેક શસ્ત્રાસ્ત્રોને ધારણ કરેલા દાનવો તથા પ્રમથો એકાએક ઉછળીને તાડની ઊંચાઈ જેટલા આકાશમાં પહોંચી જતા હતા અને પુનઃ ઘાયલ થઈને નીચે પડતા હતા. આકાશમાં વિચરણ કરનારા સિદ્ધો, અપ્સરાઓ તથા ચારણો યોદ્ધાઓના ઘાયલ થવાથી 'ઘણું સારું' એમ કહીને બૂમો પાડતા હતા.

શિવના ગણો ત્રણ ભાગોમાં વિભકત થઈને યુદ્ધ કરી રહ્યા હતા. રણભૂમિમાં બળવાન વિદ્યુન્માલી તથા મય વૃક્ષની જેમ નિર્ભય બનીને યુદ્ધ કરી રહ્યા હતા. પર્વતના જેવી શોભાવાળા વિદ્યુન્માલીએ અતિ ભયાનક મૂસળથી નંદિકેશ્વર પર પ્રહાર કર્યો. દાનવરાજ વિદ્યુન્માલીના એ પ્રહારથી ઘાયલ થઈને નંદિકેશ્વર એવી રીતે ચકકર ખાઈ રહ્યા હતા, જેવી રીતે પૂર્વે મધુ દ્વારા તાડિત થયેલા ભગવાન વિષ્ણુ ચકકર ખાતા હતા. તે યુદ્ધભૂમિમાં ઘાયલ થઈને પાછા ફરેલા નંદિકેશ્વરને જોઈને વિખ્યાત પરાક્રમી ઘંટાકર્ણ, શંકુકર્ણ તથા મહાકાલ નામના શિવના મુખ્ય ગણોએ એકસાથે મળીને વિદ્યુન્માલી પર આક્રમણ કર્યું. વિદ્યુન્માલીએ પોતાનાં કઠોર બાણોથી, તે ગણોને અતિ ઘાયલ કરીને શ્રાવણ માસમાં ગર્જના કરતાં મેઘની જેમ ગર્જના કરી. તેના એ ભયંકર અવાજથી નંદિકેશ્વરે મૂર્ચ્છા ત્યાગીને, વિદ્યુન્માલી પર ફરીથી આક્રમણ કર્યું. શિવ પાસેથી પ્રાપ્ત થયેલા પ્રજવલિત અગ્નિના જેવા દેદીપ્યમાન વજ્ર વડે તેમણે વજ્રના જેવા પુષ્ટ શરીરવાળા તે દાનવપતિ પર પ્રહાર કર્યો. નંદિકેશ્વરના હાથમાંથી છૂટેલું અને મોતીઓની માળાઓથી સુશોભિત તે ભીષણ વજ્ર, તે દાનવની છાતી પર પડયું. વજ્રના જેવા શરીરવાળો તે દૈત્ય, વજ્રથી ઘાયલ થઈને એવી રીતે જમીન પર પડયો જેવી રીતે ઇન્દ્ર દ્વારા વજ્રથી તાડિત થયેલો પર્વત પડે. આ રીતે પોતાના પક્ષને આનંદ આપનાર વિદ્યુન્માલીનો નંદિકેશ્વર દ્વારા વધ થયેલો જોઈને દાનવો વિલાપ કરવા લાગ્યા જયારે શિવના ગણો અતિશય ઉત્સાહિત થઈને દોડા–દોડી કરવા લાગ્યા. અસુરગણ વિદ્યુન્માલીના મરાવાથી, ક્રોધ તથા અમર્ષવાળા બનીને વૃક્ષો તથા પહાડોની અતિશય વર્ષા કરવા લાગ્યા. એનાથી ઘાયલ થયેલા ગણેશ્વરો કિંકર્તવ્યમૂઢ બની ગયા.

ત્યારપછી, અસુરનાયક તારકાસુરે રણભૂમિમાં પ્રવેશ કર્યો. તે સમયે

મસ્તક, હાથ તથા પગરહિત તેમજ વિવિધ પ્રકારના શસ્ત્રોથી ઘાયલ થયેલા મુખવાળા શિવના ગણો મંત્ર દ્વારા વિવશ કરવામાં આવેલા સર્પના જેવા દેખાતા હતા. માયાવી મય દ્વારા ઘાયલ કરવામાં આવેલા ગણો પિંજરામાં બંધ કરવામાં આવેલા પક્ષીની જેમ ફફડતા હતા. અસુરપતિ તારકાસુરે પોતાનાં બાણો વડે તમામ દેવસેનાને જેમ સૂકાં કાષ્ઠને અગ્નિ સળગાવે તેમ સળગાવવા માંડી. આ પ્રમાણે તારકાસુરનાં બાણો અને મયની માયાથી શિવના ગણો એકદમ મોહિત અને વિહ્વળ થઈ ગયા. એમની એવી દશા જોઈને તથા દાનવોને ગરજતાં જોઈને દેવતાઓના મોટા મોટા અધિપતિઓએ ગણોની રક્ષાને માટે હથિયાર ધારણ કરીને યુદ્ધભૂમિમાં એકસાથે પ્રવેશ કર્યો. ગદા ધારણ કરીને યમરાજ, વરુણ, ભાસ્કર, એક કરોડ દેવતાઓની સાથે અશ્વિનીકુમાર અને શ્વેત હાથી પર સવાર, વજ્ર ધારણ કરેલ સ્વયં દેવરાજ ઈન્દ્ર, ચન્દ્ર, પોતાના પુત્ર શનૈશ્ચર સાથે સૂર્ય, અન્તક સહિત મહાદ્યુતિમાન ત્રિનેત્રધારી શિવ વગેરે દેવોએ ક્રોધિત થઈને જેમ મત્ત હાથી વનમાં પ્રવેશે તેમ શત્રુની સેનામાં પ્રવેશ કર્યો. એમના પ્રવેશથી શત્રુઓની સેના એવી રીતે નાસવા લાગી, જેમ નિર્જન વનમાં સિંહને જોઈને ગાયો નાસે. પોતાના ભીષણ બાણોથી પીડીને, શિવના પાર્ષદોએ દૈત્યોને છિન્ન ભિન્ન કરી નાખ્યા. જેમ રાત્રીના ગાઢ અંધકારને ચંદ્ર દૂર કરે, તેમ રણભૂમિમાં શિવની કૃપાથી દૈત્યોનાં અંધકારરૂપી શસ્ત્રોનો પ્રભાવ દૂર થઈ ગયો. દિકપાલો, લોકપાલો તથા ગણેશ્વરોએ સિંહના જેવી ઘોર ગર્જના કરી. યુદ્ધમાં દૈત્યો ગણો દ્વારા વિંધાયેલાં અંગોવાળા તથા હાથ, પગ અને મસ્તકરહિત થઈને જમીન પર પડવા લાગ્યા. ઈન્દ્રે પોતાના વજ્ર દ્વારા, કાર્તિકેયે પોતાની શકિત વડે, ધર્મરાજે પોતાના ભયાનક દંડ વડે, વરુણે પાશ વડે, કુબેરે અતિ પ્રભાવયુકત ત્રિશૂલ વડે તે દૈત્યોનો ઘોર સંહાર કર્યો.

ત્યારબાદ, મયે દેવતાઓના રક્ષક કાર્તિકેયને પોતાના બાણોથી ઘાયલ કરીને તારકાસુરને કહ્યું:

"હે દૈત્ય! હવે હું ભિષણ પ્રહાર કરતો કરતો દૈત્યોની શ્રેશ્ઠ સેના લઈને ત્રિપુરમાં પ્રવેશ કરવા ઈચ્છું છું, ત્યાં થોડો સમય વિશ્રામ કરી, નવી શકિતથી સંપન્ન બનીને અહીં આવનારા દેવોની સાથે, અનુચરો સહિત પુનઃ સંગ્રામ કરીશું. શસ્ત્રોના વાગવાથી આપણે બધા વિકૃત અંગોવાળા બન્યા છીએ. બધાના હથિયાર, ધ્વજા, કવચ તથા વાહનાદિ છિન્ન ભિન્ન થઈ ગયા છે."[૨૭૦]

મયનાં આવાં વચનો સાંભળીને તારકાસુરે આકાશમાર્ગે સૈન્ય સહિત તુરંત જ પોતાના પુરમાં પ્રવેશ કર્યો. મયની પાછળ દોડતી, તેની સેનાને ભાગી જતી જોઈને, તેની પાછળ દોડતી શિવની સેનામાં શંખ, દુંદુભિ તથા નગારાઓની સાથે સિંહનાદ થવા લાગ્યો. માયાવી દાનવરાજ મય દેવતાઓ પર પ્રહાર કરતો કરતો તુરંત જ પોતાના પુરમાં પ્રવેશી ગયો. ત્રિપુરમાં ભાગીને આવેલી પોતાની સેનાને જોઈને, ચિંતાના કારણે દીર્ઘ શ્વાસો મૂકતાં, તે સેનાના આગેવાનો સાથે

ચિંતન કરવા લાગ્યો કે,–

"જેની સામે યુદ્ધ કરવામાં સ્વયં ઈન્દ્ર પણ ભય પામતો હતો, તે વિદ્યુન્માલી પણ યુદ્ધમાં મરાયો, આપણા આ દુર્ગના જેવો દુર્ગ સમગ્ર ત્રિલોકીમાં કયાંય નથી, તેની પણ આજે કાલવશ આવી દશા થઈ છે, આથી નિશ્ચિત છે કે, વિનાશ આવી પડે, ત્યારે અજેય એવો દુર્ગ પણ આપણી રક્ષ નથી કરી શકતો. જયારે સ્વયં કાલ જ આપણી ઉપર ક્રોધિત છે, ત્યારે હવે આપણું રક્ષણ કઈ રીતે થશે? પરાક્રમી તથા અસાધ્ય એવા તે મહાકાલની ક્રૂરતા સામે આપણો કયો ઉદ્યોગ સફળ બનશે? હું દેવરાજ ઈન્દ્ર કે યમથી પણ ડરતો નથી કે ન તો કુબેર તથા વરુણનો મને ભય છે, પરંતુ આ બધા દેવતાઓના સ્વામી મહાદેવ જ આપણા ભયનું કારણ બની રહ્યા છે, તેને જીતવા મુશ્કેલ છે. મારા ઐશ્વર્યનું જે કંઈ પરિણામ છે, મારું પ્રભુત્વ–પ્રાપ્તિનું જે કંઈ ફળ છે, તેને હું આજે તમામ વીરો તથા સામંતોની સામે પ્રસ્તુત કરીશ. હું એક અમૃતજળથી ભરેલ વાવડીનું નિર્માણ કરીશ અને તેમાં એવી સર્વશ્રેશ્ઠ ઔષધિઓનું સંમિશ્રણ કરીશ કે, જેના સેવનથી આપણા બધા જ દાનવ–સૈનિકો ફરીથી જીવિત થશે."[૨૭૧]

આ પ્રમાણે બધાને કહીને માયાવીઓમાં શ્રેષ્ઠ અને બળવાન, તે માયાસુરે, પોતાની માયાથી એક સુંદર વાવડીનું નિર્માણ કર્યું અને તેમાં સૌપ્રથમ વિદ્યુન્માલીના શબને સ્નાન કરાવ્યું. મહાબલશાળી, દેવતાઓનો પરમ શત્રુ વિદ્યુન્માલી, તે સ્નાનથી જેમ હવનનો અગ્નિ, હોમવામાં આવેલી આહુતિથી એકદમ પ્રદીપ્ત થઈ ઉઠે, તેમ તુરંત જ ઊભો થયો અને મયની પાસે જઈને હાથ જોડી, પ્રણામ કરીને કહેવા લાગ્યોઃ

"રુદ્ર તથા પ્રમથગણોથી વિંટળાયેલો, તે નંદિશ્વર કયાં છે? એ શત્રુઓનો સંહાર કરવા જ આપણે યુદ્ધ કરીશું. આપણી હવે આ શરીર પર દયા કેવી? એ રુદ્રને અહીંથી નસાડીને આપણે સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરી શકીશું અથવા યુદ્ધમાં હણાઈને યમરાજના ગ્રાસ બનીશું."[૨૭૨]

વિદ્યુન્માલીની આવી જોશભરી વાણી સાંભળીને મહાસુર મય અતિ પ્રસન્નપૂર્વક આંખોમાં અશ્રુઓ સાથે તેને ગળે મળ્યો અને જે કાંઈ ઘટયું હતું, તેની તેને માહિતી આપી. મયે સર્જેલી ચમત્કારપૂર્ણ વાવડીના નિર્માણથી ઉત્સાહિત બનેલા સેનાનાયકોએ સેનાઓને પ્રોત્સાહિત કરી. સૈનિકો પણ ક્ષુબ્ધ થયેલા સમુદ્રની જેમ ભયાનક ભેરી વગેરે રણવાદ્યો વગાડતાં વારંવાર ભીષણ ગર્જના કરવા લાગ્યા. રણભેરીનો કઠોર અવાજ સાંભળીને યુદ્ધ કરવાની ઈચ્છાવાળા દાનવો ત્રિપુરથી નીચે ઉતરી પડયા. મણિઓથી અલંકૃત, લોહ, રજત અને સુવર્ણથી બનેલાં કુંડળોથી વિભૂષિત, ભયાનક મુગટ ધારણ કરેલા, દેદીપ્યમાન અગ્નિના જેવી કાંતિવાળા, દૃઢ પરાક્રમશીલ, વિવિધ હથિયારોને ધારણ કરેલા, હાથો ઊંચા કરીને ભયંકર ગર્જનાઓ કરતાં, સિંહના જેવા ભયરહિત, સરોવરના જેવા ગંભીર, સૂર્યના જેવા તેજસ્વી અને વૃક્ષની જેમ સ્થિર રહેનારા, તે દૈત્યો યુદ્ધભૂમિમાં

પ્રમથોને ભયભિત કરવા લાગ્યા, પરંતુ શિવના ગણો પણ ઉત્સાહિત બનીને વારંવાર મારવાની ઈચ્છાથી, તે દૈત્યો પર પ્રહાર કરવા લાગ્યા. એ સમયે પ્રમથગણ નંદિકેશ્વરની તથ દૈત્યો તારકાસુરની અધ્યક્ષતામાં પરસ્પર યુદ્ધ કરતા હતા. તેઓ ચંદ્રની જેમ ચમકતી તલવારો, અગ્નિના જેવાં વિકરાળ પીળા વર્ણનાં ત્રિશૂલો તથા કઠોર આઘાત કરનારાં બાણોથી એકબીજા પર પ્રહાર કરી રહ્યા હતા. લક્ષ્યો પર પડતાં બાણો અને તલવારોનું દશ્ય આકાશમાંથી પડી રહેલી ઉલ્કાઓનો આભાસ કરાવતું હતું. સુવર્ણમાંથી બનાવેલાં કુંડલો તથા ઉત્કૃષ્ટ મુગટોથી વિભૂષિત વીરોનાં મસ્તકોનો સમૂહ પ્રલયકાળે ધસી પડેલી મોટી મોટી શિલાઓ તથા શિખરોની જેમ ચારેબાજુ વિખરાયેલો પડયો હતો. પરશુ વગેરે શસ્ત્રો તથા તલવારો અને મૂસળોના પ્રહારથી કપાયેલા અને ફાટી પડેલા, તે દૈત્યો અને પ્રમથો મોટા મોટા હાથીઓની જેમ પૃથ્વી પર મરેલા પડયા હતા. તુરંત જ પ્રસન્ન થઈને ભયંકર ગર્જના કરનારા શિવના ગણો ભયંકર રીતે હસતાં યુદ્ધ કરતા હતા. યુદ્ધભૂમિમાં કેટલાક શિવના ગણો દાનવોના મૂસળ—પ્રહારોથી ઘવાઈને મુખમાંથી રકતનું વમન કરતા હતા. પ્રમથો દ્વારા ફેંકવામાં આવેલાં બાણો, વૃક્ષો તથા પર્વતોની મોટી મોટી શિલાઓના ભયાનક આઘાતથી, તે સંગ્રામમાં અનેક દૈત્યવીરો મોતને શરણ થયા હતા. મારી નાખવામાં આવેલા તે દૈત્યોને અન્ય મોટા મોટા રાક્ષસો, મયની આજ્ઞાથી ત્રિપુરમાં બનાવવામાં આવેલી વાવડીમાં નાખી રહ્યા હતા. તેમાં પડતાંની સાથે જ, તે બધા દૈત્યો પુનઃ સજીવન થઈ ઉઠતા હતા. વાવડીમાંથી પ્રાણોને પુનઃ પ્રાપ્ત કરનારા, તે અનેક દાનવો તથા દૈત્યો ભીષણ સિંહનાદ કરતા, ફરીથી યુદ્ધને માટે દોડવા લાગ્યા અને જઈને અન્ય દાનવોને કહેવા લાગ્યા કે, "અરે દાનવો! દોડો અને શિવના આ ગણોને પકડો, બેઠા છો શું? મરવાનો હવે કોઈ ડર નથી. કેમ કે, મૃત્યુ પછી પણ તે વાવડી આપણને પુનઃ જીવિત કરી દેશે." ગ્રહોના જેવા તેજસ્વી પ્રમથોમાં અગ્રણી શંકુકર્ણ નામના ગણે, દાનવોને આવી વાતો કરતા સાંભળીને, તુરંત જ ભગવાન શંકરને તેનું નિવેદન કર્યું. ત્યાં તો ભયંકર નેત્રોવાળો તારકાસુર ભીષણ સિંહની જેમ મુખ ફાડીને અતિ ક્રોધિત થઈને મહાદેવના રથની સામે દોડયો. તે સમયે ત્રિપુરમાં ભયાનક ભેરી તથા શંખનો નાદ થયો. દેવાધિદેવ શંકરને રથમાં અને અન્ય દેવતાઓને તેની આસપાસ ઊભેલા જોઈને અન્ય દાનવો પણ ત્રિપુરમાંથી બહાર નીકળવા લાગ્યા. દાનવોની એવી કુચેષ્ટા જોઈને ભગવાન રુદ્ર તથા બ્રહ્માજી અત્યંત ક્ષોભિત થયા. અતિક્ષુબ્ધ દેવશ્રેષ્ઠ શિવ તથા બ્રહ્માથી યુકત, તે સુંદર રથ એકદમ નિરર્થક અને અવસન્ન થઈ ગયો. એ પ્રમાણે ત્રૈલોક્યાત્મક એ સુંદર રથને નિરર્થક અને નિશ્ચલતાને પ્રાપ્ત કરતો જોઈને, મહાશય સ્વયંભૂ બ્રહ્માએ તેનો ઉદ્ધાર કરવાની ચેષ્ટા કરી. પીતામ્બરધારી ભગવાન વિષ્ણુએ બાણમાંથી બહાર આવીને, એક અદ્ભુત વૃષભનું રૂપ ધારણ કરીને, તે રથને ગ્રહણ કર્યો. તે વૃષભધારી વિષ્ણુએ પોતાનાં વિશાળ શીંગડાઓથી, તે ત્રિલોકમય રથનું પકડીને એવી રીતે ઉદ્વહન કર્યું,

જેવી રીતે સંકટમાં પડેલા પરિવારને ગૃહપતિ બહાર કાઢે. એ ઘટનાને જોઈને પાંખોવાળા પર્વતના જેવો વિશાળકાય દાનવરાજ તારકાસુર, બ્રહ્મજીની તરફ અત્યંત વેગથી દોડયો અને તેમને ભીષણ આઘાતથી ઘાયલ કરીને નીચે પાડી દીધા. તારકાસુર દ્વારા અભિહત બ્રહ્મા હાથમાં રહેલા ચાબુકને રથની ઊંધ પર મૂકીને, મુખથી વારંવાર શ્વાસો ખેંચતાં અતિશય વેદનાથી પીડાવા માંડયા. તાકાસુરનું એવું પરાક્રમ જોઈને, દાનવો તથા દૈત્યોએ તેના તરફ સમ્માન પ્રકટ કરવા માટે ભિષણ ગર્જના કરી.

ત્યારપછી, સુદર્શન ચક્રધારી, વૃષભરૂપધારી તથા મહાદેવ દ્વારા પૂજિત ભગવાન વિષ્ણુએ દિતિના પુત્રોની સેનાનો વિનાશ કરીને, ત્રિપુરમાં પ્રવેશ કર્યો તથા અમૃતમય જળથી પૂર્ણ તે વાવડીનાં સમગ્ર જળને પી જઈને, પુનઃ બાણમાં પ્રવેશી ગયા. તે સમયે ભયાનક મુખવાળા શિવના ગણો દ્વારા મારી નાખવામાં આવેલા અસુરોના રુધિરની નદીઓ રણભૂમિમાં વહેવા લાગી શિવના ગણો દ્વારા કરવામાં આવેલા ભિષણ આક્રમણથી તાકાસુર, વિદ્યુન્માલી તથા મય નામના દાનવનાયકો બાણોથી પીડિત અને ત્રસ્ત થઈને જાણે કે, શરીરમાંથી પ્રાણો જતાં રહ્યાં હોય, તેમ આગળ ન વધી શકયા અને શિવના ગણો દ્વારા કાપી નાખવામાં આવેલાં અંગોવાળા, તે દેવતાઓના શત્રુઓ ભયભીત થઈને, જેના પ્રવેશદ્વાર તથા દિવાલોને શિવના ગણોએ તોડી નાખી હતી, એવા ત્રિપુરમાં પુનઃ પ્રવેશી ગયા; પરંતુ દુર્ગમાં જતાં જ વાવડી અંગેના સમાચાર જાણી બધા વધારે મુંજાયા. મયે પોતાનો વિનાશ નજીક આવેલો જાણ્યો. તેણે પોતાના સેનાપતિઓને સમુદ્રમાં રહીને, એકવાર ફરીથી દેવતાઓ સાથે યુદ્ધ કરવાનો આદેશ આપીને, તે બધા દાનવો તથા ત્રિપુર સહિત પોતાની માયા દ્વારા સમુદ્રમાં પ્રવેશી ગયો. ભગવાન શિવે આ વાત જાણી, બ્રહ્માને પોતાનો રથ પણ એ સ્થળે લઈ લેવા કહ્યું. બધા દેવતાઓએ પણ રથને ચારેબાજુથી ઘેરી લઈ તથા હથિયારો ધારણ કરીને પશ્ચિમ સમુદ્ર તરફ પ્રસ્થાન કર્યું. ત્રિપુરવાસીઓ દેવતાઓને સમુદ્ર સુધી પણ આવેલા જોઈને ક્ષુભિત થયા, પરંતુ દેવતાઓનાં વાદ્યોના અવાજો સાંભળીને, તેઓ પણ અનેક પ્રકારનાં વાદ્યો વગાડતાં ગર્જના કરવા લાગ્યા. તે સમયે, એકબીજા ઉપર અતિશય ક્રોધ કરીને અતિશય પરાક્રમશાળી, અસુરો તથા દેવતાઓની સેનાઓ પરસ્પર સંહારમાં પ્રવૃત્ત થઈને યુદ્ધ કરવા લાગી. બન્ને બાજુથી ભયંકર અવાજો થતા હતા, વીરોનાં શરીરોનો વિનાશ થઈ રહ્યો હતો, ભીષણ પ્રહારના અવાજો સ્પષ્ટપણે સંભળાતા હતા. જેમ કેટલાયે સૂર્યો એકસાથે આકાશમાંથી પડી રહ્યા હોય, ભયંકર અગ્નિ પ્રજ્જ્વલિત થઈ ઉઠ્યો હોય, મોટા મોટા હાથીઓ એકસાથે ગરજતા હોય, અનેક પક્ષીઓ અતિશય વેગપૂર્વક દોડીદોડીને યુદ્ધ કરી રહ્યા હોય, પર્વતોના સમૂહો કંપી રહ્યા હોય, ભયાનક ઝંઝાવાત ફૂંકાઈ રહ્યો હોય તથા સમુદ્રમાં અતિશય વિશાળ અને ઊંચી લહેરો ઉઠી ઉઠીને પછડાતી હોય, તેવું લાગતું હતું. જેમ પહાડોનો આઘાત લાગવા છતાં પણ વજ્ર જરાં પણ વિચલિત ન

થાય, તેમ ભીષણ હથિયારોના ઘા વાગવા છતાં પણ નિશ્ચલ રહીને, તે વીરો પરસ્પર યુદ્ધ કરતા હતા. ધનુષ્યોના ખેંચાવાથી જેમ, મહાપ્રલયના સમયે વાયુઓ દ્વારા પ્રેરિત મેઘોના સમૂહો ગરજી રહ્યા હોય, તેવો ભયંકર અવાજ થઈ રહ્યો હતો. યુદ્ધભૂમિમાં તે દાનવ તથા દેવવીરો 'ડરો નહીં, અરે, કયાં ભાગી રહ્યો છે, હવે તો તું મર્યો જ સમજ, જલદીથી મારો, હું અહીં ઊભો છું, મારી સમક્ષ આવીને પરાક્રમ દેખાડ, પકડો, કાપી નાખો, તોડી નાખો, ખાઈ જાઓ, મારી નાખો' વગેરે જેવા શબ્દો, એ વીરો એકબીજા પ્રતિ ચિલ્લાઈ ચિલ્લાઈને કહેતા હતા અને યમરાજના નગર તરફ પ્રયાણ કરતા હતા. કેટલાક વીરોને તલવારથી તો કેટલાકને પરશુથી કાપી નાખવામાં આવ્યા હતા, કેટલાક મુદ્‌ગર દ્વારા ચૂર્ણ કરી નાખવામાં હતા તો કેટલાક હાથના મારથી ઘાયલ થયા હતા, કેટલાકને પટ્ટિશો દ્વારા મારી નાખવામાં આવ્યા હતા તો કેટલાકને શૂલો દ્વારા ચીરી નાખવામાં આવ્યા હતા. શરીરમાં પ્રવેશેલાં બાણોના કારણે, તે દાનવો વૃક્ષો સહિતના પર્વતો જેવા લાગતા હતા અને એ રીતે ઘાયલ થયેલા, તેઓ સમુદ્રમાં પડી રહ્યા હતા. નિષ્પ્રાણ તથા પાશ વગેરેથી બંધાયેલાં અંગોવાળા, તે દેવશત્રુઓના પડવાથી સમુદ્રમાં જળયુકત મેઘોની ગર્જનાના જેવો અવાજ થઈ રહ્યો હતો. એ અવાજને સાંભળીને તથા પડી રહેલા રાક્ષસોના રકતનું પાન કરીને, સમુદ્રમાં રહેનારાં મગર, ગ્રાહ, નાક, તિમિ, તિમિંગિલ વગેરે જંતુઓ, આનંદથી ઘૂમતાં અને એકબીજા સાથે લડતાં, મહાસમુદ્રને વિક્ષુબ્ધ કરી રહ્યા હતા. જળમાં રહેનારાં ગ્રાહાદિ મોટાં મોટાં જળચરો અન્ય નાનાં નાનાં જળચરોને દૂર ભગાડી મૂકીને રથ, હથિયાર, અશ્વ, વસ્ત્ર તથા આભૂષણાદિ સહિત, સમુદ્રમાં પડેલા તે રાક્ષસોનું ભક્ષણ કરી રહ્યા હતા. આકાશમાં જે પ્રકારનું યુદ્ધ દેવો તથા દાનવો વચ્ચે થઈ રહ્યું હતું, એવું જ યુદ્ધ જળમાં જળચરો વચ્ચે થઈ રહ્યું હતું. જેવી રીતે ફાટેલાં—તૂટેલાં અંગોવાળા શિવના પ્રમથગણો તથા અસુરો એકબીજા પર પ્રહાર કરી રહ્યા હતા, તેવી જ રીતે જળચરો પણ એબીજાના શરીરને કાપીને ખાતાં હતાં. દેવતાઓ તથા દાનવોનાં મુખો તથા ઘામાંથી તથા તિમિ અને નાકોનાં અંગોમાંથી નીકળનારા રકતથી આખા સમુદ્રનું જળ, મૂહુર્તમાત્રમાં લાલ થઈ ગયું.

તે ત્રિપુરના પૂર્વદ્વાર પર દેવરાજ ઇન્દ્ર અતિપરાક્રમી દેવતાઓની વિશાળ સેનાના સહયોગથી રાક્ષસોની સેનાનો અવરોધ તથા વિનાશ કરી રહ્યા હતા. ઉત્તરદિશા તરફના દ્વાર પર, ઉદયકાલીન સૂર્યના જેવી કાંતિવાળા શિવના મોટા પુત્ર સ્કન્દે, જેમ અસ્તકાલીન સૂર્ય અસ્તાચળના શિખર પર આરોહિત થાય તેમ આરોહણ કર્યું હતું. યમ તથા કુબેરે પોતપોતાના દંડ તથા પાશોને ધારણ કરીને પશ્ચિમદિશાના દ્વારને અવરોધ્યું હતું તથા દક્ષિણદ્વાર સર્વશ્રેષ્ઠ દેવરથ પર સવાર ત્રિનેત્રધારી સ્વયં શિવ દ્વારા અવરુદ્ધ હતું. ત્રિપુરના સુવર્ણનિર્મિત રાજપ્રાસાદને પ્રવેશદ્વાર સહિત જેમ ગ્રહો તથા નક્ષત્રોને મેઘ આવૃત્ત કરી લે, તેમ પત્થરો વરસાવતાં શિવના પાર્ષદો દ્વારા ઘેરી લેવામાં આવ્યો હતો. પ્રલયકાલીન

મેઘો જેવા લાગતા શિવના ગણો ત્રિપુરના, પર્વતોની શ્રેણી જેવી ઉચ્ચ વેદીઓથી યુકત મહેલોને ઉપાડી ઉપાડીને ગર્જના કરતાં સમુદ્રમાં ફેંકી રહ્યા હતા. તે મહેલોમાંથી 'હે સ્વામી, હે પિતા, હાય બેટા, અરે ભાઈ, હે પ્રિયે, હે કાન્તે!' જેવા અનેક પ્રકારના કરુણાભર્યા શબ્દો સંભળાતા હતા. નષ્ટ કરવામાં આવેલાં, તે ગૃહોમાં સ્ત્રીઓ અનેક પ્રકારના અનાર્યોચિત શબ્દો બોલી રહી હતી. બન્ને બાજુના યોદ્ધાઓ અતિ દઢ વૈરભાવથી ઘોરયુદ્ધ કરતા હતા, જેમાં દેવો તથા દાનવોના એકબીજાને મારવાથી, મર્દન કરવાથી તથા ભાગવાથી જાણે કે, અનેક સમુદ્રો એકસાથે ગરજી રહ્યા હોય, તેવો કોલાહલ મચી ગયો હતો. સ્ફટિક તથા સુવર્ણની ઈંટોમાંથી બનાવવામાં આવેલા ત્રિપુરના રાજમાર્ગો રકતભર્યા કીચડથી ભરાઈ ગયા. તે મહાભયાનક સંગ્રામમાં, જેના પરથી સુખપૂર્વક પસાર થઈ શકાતું હતું, તેવા માર્ગો એક મુહૂર્તમાત્રમાં દૈત્યો તથા દાનવોનાં કપાયેલાં મસ્તકો, પગો તથા હાથોથી અવરોધાઈને ભયંકર લાગવા માંડયા. તે સમયે અત્યંત ક્રોધે ભરાયેલો તારકાસુર હાથમાં વૃક્ષો તથા પર્વતોને લઈને, પુરમાંથી બહાર નીકળીને યુદ્ધભૂમિમાં આવ્યો. અતુલ પરાક્રમશાળી તે તારકાસુરે ખાઈની ઉપરની તરફ રહેલા શિવગણોનો વિનાશ કરી નાખ્યો અને અતિશય ગર્વની સાથે પુરની બહાર નીકળીને, તેણે ગર્જના કરી, પરંતુ તે જ ક્ષણે, પુરના દક્ષિણ દ્વારે સ્થિત શિવ દ્વારા તેને ત્યાં જ રોકી દેવામાં આવ્યો. એ પ્રકારે લાંબા સમય સુધી રોકી રાખવામાં આવેલા, મોટા પર્વત જેવા ભીષણ આકારવાળા તથા મદોન્મત્ત હાથી જેવા બળવાન, તે દૈત્યરાજે પોતાના હાથથી શિવના રથને પકડવાનો પ્રયત્ન કર્યો. તેની એ કુચેષ્ટાને જોઈને શિવ, બ્રહ્મા તથા શેષનાગે તેના પર અત્યંત ક્રોધે ભરાઈને, તેની અંગ–સંધિઓને ભેદીને અતિશય ઘોર ગર્જના કરી. નંદિકેશ્ર્વરે પણ તે દૈત્યને આગળ વધતો અટકાવ્યો અને તેના શરીરને પોતાના પરશુથી કાપી નાખ્યું; પરંતુ પરશુથી ઘાયલ થવા છતાં પણ, તે પોતાની તલવાર કાઢીને નંદીની સામે વેગપૂર્વક દોડયો. તેથી ક્રોધપૂર્વક ગર્જના કરતાં નંદીએ, યજ્ઞોપવિતથી તેના ટૂકડા કરી નાખ્યા. શિવના ગણો તારકાસુરના નિધનથી હર્ષઘોષ કરવા લાગ્યા.

હવે, યુદ્ધનું નેતૃત્વ સ્વયં ત્રિપુરાધિશ્ર્વર મયે સંભાળ્યું. તેણે વિદ્યુન્માલી તથા શેષ બચેલી અસુરસેનાની સહાયથી શિવના ગણોનો સંહાર કરવાનું શરૂ કર્યું. જે જે માર્ગેથી વિદ્યુન્માલી અને મય પસાર થતા હતા, તે તે માર્ગ ઉપર લડનારા શિવના ગણો દેખાતા બંધ થયા. તેઓનું એવું યુદ્ધ જોઈને યમરાજ તથા વરુણના મૃદંગની સાથે અનેક પ્રકારના ઢોલ, ડિમડિમ, ધનુષ્યની પ્રત્યંચા વગેરેના અવાજો કરતાં તથા હથેળી વગાડતાં અને સિંહનાદ કરતાં બધા દેવતાઓ શિવની બાજુમાં જઈને ઊભા રહ્યા. તે સમયે શિવ, પોતાના એક પગને અશ્ર્વરૂપધારી ઋગ્વેદની પીઠ પર તેમજ બીજાને પોતાના વાહન વૃષભની પીઠ પર તથા ત્રિપુરને પોતાની દષ્ટિની સામે રાખી, ધનુષ્ય પર બાણ ચડાવીને તૈયાર થઈ ગયા અને ત્રિપુરના વિનાશકાળ એવા પુષ્યયોગની પ્રતિક્ષા કરવા લાગ્યા. મયે પણ પોતાના

સૈનિકો સમક્ષ ત્રિપુરના નાશના એ રહસ્યને ખોલીને, તેમને કોઈપણ પ્રકારે શિવને ત્રિપુરથી દૂર રાખવાની આજ્ઞા કરી. તે દૈત્યવીરો પણ–

**"कल्पं स्थास्यति वा खस्थं त्रिपुरं शास्वतं ध्रुवम् ।**
**अदैवतमदैत्यं वा लोकं द्रक्ष्यन्ति मानवाः ।।"**

અર્થાત્, "કાં તો એક કલ્પપર્યંત આપણું ત્રિપુર, નિશ્ચલ બનીને આકાશમાં સ્થિર રહેશે અને કાં તો મનુષ્યો, આ જગતને દેવો અથવા દાનવો વગરનું જોશે."[૨૭૩] – એમ કહીને અતિ પ્રસન્ન થયા તથા અંતિમવાર કામક્રીડા કરવાને પ્રવૃત્ત થયા. સંપૂર્ણ રાત્રિ વિકસિત ચંદ્રના સથવારે વિવિધ પ્રકારની કામક્રીડાઓમાં પસાર કરી.

ત્યારપછી, ત્રિપુરમાંથી સૂર્યના અશ્વોની ખરીઓના આઘાતથી ક્ષીણ થયેલી ચાંદની, રણભૂમિમાં પરાજય પ્રાપ્ત કરનારા દેવોના શત્રુઓના વિનાશની જાણે કે સૂચના આપતી, પશ્ચિમદિશામાં પહોંચી અને બીજીબાજુ શંકરના અશ્વો ત્રિપુરની તરફ ઉન્મુખ થયા. સૂર્યોદય થતાંની સાથે જ, સંપૂર્ણ દેવસેના મહાપ્રલયકાળે ઘૂઘવતા સમુદ્રોની જેમ ગર્જનાઓ કરવા લાગી અને હજાર નેત્રોવાળા દેવરાજ ઈન્દ્ર, કુબેર તથા વરુણને સાથે લઈને ભગવાન શિવે ત્રિપુરની તરફ પ્રસ્થાન કર્યું. અનેક પ્રકારના રૂપધારી શિવના ગણો પણ વિવિધ વાદ્યો વગાડતાં તથા મોટી ગર્જનાઓ કરતાં ત્રિપુરની તરફ ચાલવા લાગ્યા. અસુરો પણ પટ્ટિશ, પરશુ, શૂલ, દંડ, ધનુષબાણ, વજ્ર તથા મોટા મોટા મૂસળો અને લાલ નેત્રોને ધારણ કરી, એકદમ ઝડપથી દોડીને ઈન્દ્ર પર, જેમ વર્ષાઋતુમાં કાળા ડિબાંગ વાદળાઓ મૂશળધાર વરસે તેમ, પ્રહાર કરવા લાગ્યા; પરંતુ મરવાનો સંકલ્પ કરનારા, બળહીન અને વિજયની આશા છોડી ચૂકેલા અસુરોની તે સેનાનાં બધાં જ અંગો નિર્બળ લાગી રહ્યાં હતાં. વાદળાઓ જેવા ભીષણ શરીરવાળા, યુદ્ધ કરવામાં પ્રવીણ, ચન્દ્રની જેમ ચળકતાં, અગ્નિના જેવા ભયંકર અને હથિયારો ધારણ કરલા એ રાક્ષસો, યુદ્ધમાં અત્યંત ક્રોધપૂર્વક દેવો તથા પ્રમથગણોનાં અંગોને છેદી રહ્યા હતા. તે સમરભૂમિમાં પરસ્પર ક્રોધિત થયેલા, એ સુરાસુર વીરો એકબીજા સાથે ગદા, તોમર, મૂસળ, પરશ્વ, વજ્ર, ત્રિશૂલ, પટ્ટિશ, પરશુ, પર્વતનાં શિખરો અને મોટી મોટી શિલાઓ વગેરે જેવાં આયુધોથી યુદ્ધ કરી રહ્યા હતા. જેવી રીતે, હાથીઓના યુદ્ધમાં નાનાં નાનાં જંતુઓનો વિનાશ થાય તેવી રીતે, તે યુદ્ધમાં દેવતાઓ તથા અસુરોના સમૂહો દ્વારા સમુદ્રનાં જંતુઓનો વિનાશ થવા લાગ્યો.

ત્યારપછી, વિદ્યુતની માળા જેવા વિદ્યુન્માલીએ, મેઘમાળાની જેમ ગર્જના કરતાં, નંદીકેશ્વર પર હુમલો કર્યો. સૂર્ય સમાન તેજસ્વી મુખવાળા નંદીકેશ્વરને બોલવામાં પ્રવીણ, તે દૈત્યે કહ્યુંઃ

**"युद्धाकाङ्क्षि तु बलवान्विद्युन्माल्यहमागतः ।**
**यदि त्विदानीं मे जीवन्मुच्यसे नन्दिकेश्वर ।।"**

અર્થાત્, "નંદીકેશ્વર! આ બળવાન વિદ્યુન્માલી (ખરેખર) યુદ્ધની ઈચ્છાથી તારી સામે આવ્યો છે, હવે તું જીવતો રહે તો મને કહેજે."[૨૭૪]

તેના પ્રત્યુત્તરમાં નંદીકેશ્વરે કહ્યું:

**"न विद्युन्मालिहननं वचोभिर्युधि दानव ।"**

અર્થાત્, "હે દાનવ! યુદ્ધમાં વાતો કરવાથી વિનાશ થતો નથી."[૨૭૫]

આ પ્રમાણે વાતો કરતાં તે બન્નેએ એકબીજાને, જેમ સૂર્ય વાદળોનું ભેદન કરે, તેમ ભેદી નાખ્યા. વિદ્યુન્માલી વડે છોડવામાં આવેલું બાણ નંદીકેશ્વરના વક્ષઃસ્થલમાં ઘૂસી જઈને રકતપાત કરવા લાગ્યું. એ દારુણ પ્રહારથી અતિશય ક્રોધે ભરાઈને, નંદીએ પોતાના હાથોથી એક વૃક્ષ ઉપાડીને, હાથીની જેમ તે દૈત્ય પર ફેંકયું. નંદી દ્વારા ફેંકવામાં આવેલું, તે વૃક્ષ વાયુવેગે પુષ્પહીન થઈને, ઘોર અવાજ કરતું, જયારે વિદ્યુન્માલીનાં બાણોથી છિન્ન ભિન્ન થઈને જમીન પર પડયું, ત્યારે ગર્જના કરતાં, પોતાના બળવાન હાથોને ઉપર ઉપાડીને, જેમ કોઈ ભેંસને મારવા હાથી દોડે તેમ, તે ક્રૂર દૈત્યરાજનો વિનાશ કરવા, નંદીએ દોટ મૂકી. વેગપૂર્વક પોતાની સામે ધસી રહેલા, નંદીને જોઈને વિદ્યુન્માલીએ સો બાણો વડે તેને આચ્છાદિત કરી દીધો. જેથી, તેનું આખું શરીર બાણોથી વ્યાપ્ત થઈ ગયું. નંદીએ પણ તે દૈત્ય પાસે પહોંચીને, તેના રથને હાથોથી પકડી, ઘૂમાવીને અત્યંત વેગપૂર્વક ઉપરની તરફ ફેંકયો. અશ્વોરહિત બનેલો અને આકાશમાં પહોંચેલો તે રથ, તૂટેલા મસ્તકવાળા વિદ્યુન્માલી સહિત નીચે પડીને વેરણછેરણ થઈ ગયો; પરંતુ માયાના પ્રભાવથી, તે દૈત્ય પુનઃ રથમાંથી બહાર નીકળ્યો અને એક શકિત વડે નંદી પર પ્રહાર કર્યો. રકતથી ખરડાયેલા અને પ્રમથોના અધિપતિ નંદીએ, તે શકિતથી પોતાની જાતને બચાવીને, તે જ શકિતનો વળતો પ્રહાર વિદ્યુન્માલી પર કર્યો. જેથી, તે દૈત્યનું કવચ ભેદાઈ ગયું, હૃદય ફાટી ગયું અને વજ્રથી વિદીર્ણ કરવામાં આવેલા વૃક્ષની જેમ, તે મૃત્યુ પામીને પૃથ્વી પર પડયો.

નંદી દ્વારા વિદ્યુન્માલીનો વધ થતાં મયાસુરે શિવગણોનો સંહાર કરવો શરૂ કર્યો. તે સમયે, શૂલથી એકદમ ફાટી ગયેલા હૃદયવાળા, ગદાથી ટૂટેલા મસ્તકવાળા અને બાણો વડે અતિશય ઘાયલ કરવામાં આવેલા શિવના ગણો, નીચે સમુદ્રમાં પડવા લાગ્યા ત્યારે ગદાધારી યમરાજ, ધનપતિ કુબેર, નંદિકેશ્વર તથા ષડાનન કાર્તિકેયે ઉત્તમ શસ્ત્રાસ્ત્રો દ્વારા, વિકટ યુદ્ધ કરી રહેલા અસુરનાયક મય ઉપર ભીષણ પ્રહારો કરવા શરૂ કર્યા. સામા પક્ષે મયે પણ તુરંત જ, પોતાનાં બાણો વડે ઈન્દ્રને ઘાયલ કરીને તથા યમરાજ અને કુબેરને વિંધીને મેઘના જેવી ભયંકર ગર્જના કરી. અતિવેગવાન અને પરાક્રમશાળી દાનવગણ દેવતાઓનાં બાણો તથા શિવના ગણો વડે ઘાયલ થઈને ત્રિપુરમાં ઘૂસવા લાગ્યો. દૈત્યોના એ પ્રકારે છૂપાઈ જવાથી, શિવની સેનામાં શંખ, ઢોલ, ભેરી વગેરેના ગંભીર અવાજો તથા વીરોના સિંહનાદો થવા લાગ્યા, જે વજ્રના જેવા કઠોર અને દાનવોના પરાજયના સૂચક હતા.

ત્યારપછી, દૈત્યરાજ મયનાં એ વિખ્યાત ત્રિપુરોનો વિનાશક પુષ્યયોગ આવી પહોંચ્યો. એ સમયે, તે ત્રણે પુરો પરસ્પર સંયુકત બન્યાં. પુષ્યયોગને આવી પહોંચેલો જાણી, ભગવાન શિવે પણ ત્રણે દેવતાઓથી યુકત પોતાના બાણને ત્રણ લક્ષ્યો પર વિભકત કરીને છોડયું. શિવના ધનુષ્યમાંથી છૂટેલાં તે બાણે સમસ્ત આકાશમંડળને રકતવર્ણું કરી દીધું. શિવના બાણથી તે ત્રિપુર પાંદડાંઓથી બનાવેલી ઝૂંપડીની જેમ સળગવા લાગ્યાં. મંદરાચલ, કૈલાશાદિનાં શિખરોના જેવા ઝરુખાઓ, ઊંચી ઊંચી અનેક ધ્વજાઓ, સુવર્ણ તથા ચાંદીનાં તોરણો વગેરેથી યુકત દૈત્યોનાં હજારો ભવનો અગ્નિની જવાળાઓથી ગ્રસ્ત થવાં લાગ્યાં. મનોહર રાજપ્રાસાદોના અગ્રભાગોમાં, વનોમાં, બગીચાઓમાં, આકાશમંડળમાં તથા મોટા મોટા ઝરોખાઓમાં બેઠેલી અને પોતાના પતિઓ દ્વારા ખોળામાં છૂપાવી દેવાયેલી તેમજ રમણમાં પ્રવૃત્ત, એ દાનવેન્દ્રોની સ્ત્રીઓ અનાથોની જેમ અગ્નિ વડે સળગાવવા માંડી. કોઈ પોતાના પતિદેવોને છોડીને અન્યત્ર ન જતાં, તેની સન્મુખ જ અગ્નિમાં લીન થઈ ગઈ. કમળના જેવાં સુંદર નેત્રોવાળી કોઈ સુંદરી, આંખોમાં આંસુ સાથે હાથ જોડીને અગ્નિદેવને પ્રાર્થના કરી રહી હતી કે, "હે અગ્નિદેવ! હું તો પરસ્ત્રી છું, તમે સમસ્ત જગતના ધર્માધર્મના સાક્ષી છો, તેથી મને સ્પર્શ કરવો તમારા માટે યોગ્ય નથી.[૨૭૬] એક દાનવસ્ત્રી, ખોળામાં પોતાના પુત્રને લઈને અગ્નિને કહી રહી હતીઃ "હે હુતાસન! મેં આ મારા બાળકને ઘણી જ મુશ્કેલીઓ વેઠીને મેળવ્યો છે, હે કાર્તિકવલ્લભ! તમે આ મારા પ્રાણપ્રિય પુત્રરત્નને ન સળગાવો."[૨૭૭] કેટલીક દૈત્યસ્ત્રીઓએ પોતાના પ્રિયતમને છોડીને, સ્વયં અગ્નિની જવાળાઓથી અતિશય પીડિત થવા લાગી અને પોતાનાં આભૂષણો તથા વસ્ત્રોને હાથોથી ખેંચતી સમુદ્રમાં પડવા લાગી. આ પ્રમાણે, ત્રિપુરમાં અગ્નિની જવાળાઓથી પ્રપીડિત દૈત્યોની સ્ત્રીઓ "હે તાત! હે પુત્ર! હે સ્વામી! હે માત! હે માતુલ!"વગેરે આર્તનાદો કરતી, ભસ્મ થવાના ભયથી કાંપવા લાગી. જેમ શીતઋતુમાં ઝાંકળ સરોવરનાં કમળપુષ્પોને નષ્ટ કરી નાખે તેમ, તે ભીષણ અગ્નિએ કમળ સમાન મનોહર નેત્રો તથા મુખોવાળી ત્રિપુરનિવાસિની દૈત્યાંગનાઓને વિનષ્ટ કરી નાખી. તે સમયે, આખા ત્રિપુરમાં શિવના બાણથી ઉત્પન્ન થયેલ, તે ભીષણ અગ્નિની લપેટોથી ભયાકુળ બનેલી, એ અતિ કોમલાંગી દૈત્યસ્ત્રીઓના આમ–તેમ ભાગવાથી, એમની કરધનીની ઘૂઘરીઓયુકત સેરો તથા નૂપુરોના ધ્વનિથી મિશ્રિત એમના ચિલ્લાવાનો વિચિત્ર અવાજ થઈ રહ્યો હતો. ત્રિપુરમાં તે સમયે, અર્ધચંદ્રાકાર વેદિઓ સહિત સળગેલાં, ઉપરના હર્મ્યોના સળગી જવાથી છિન્ન–ભિન્ન થયેલાં તથા તોરણવિહીન થઈને સળગી રહેલાં ગૃહોના સમૂહો જાણે કે, રક્ષાને માટે સમુદ્રમાં ધડાધડ પડી રહ્યા હતા. ઊંચા પ્રવેશદ્વારવાળું તથા અન્ય રાજપ્રાસાદો કરતાં મોટું, એવું રાજભવન, સળગી રહેલાં આજુબાજુનાં અન્ય ભવનોની સાથે જ ઘોર શબ્દ કરતું સમુદ્રમાં જઈ પડયું. જે સુંદર તથા મહાન ત્રિપુર હજારો શિખરોથી યુકત પર્વતરાજની જેમ શોભતું હતું, તે અગ્નિમાં

છોડવામાં આવેલા બલિની જેમ શેષવત્ બની ગયું.

શિવના બાણથી સળગીને ડૂબી ગયેલા, તે ત્રિપુરને જોઈને, દેવતાઓએ પિતામહ બ્રહ્મા તથા શિવની પ્રશંસા કરી. સહસ્ર નેત્રોવાળા ઈન્દ્રે શિવની વિશેષ પૂજા કરી. ઈન્દ્ર દ્વારા પૂજિત રુદ્રની ત્યાં ઉપસ્થિત અન્ય દેવતાઓએ પણ સ્તુતિ કરી અને પોતપોતાનાં ધનુષ્યાદિ શસ્ત્રોને ખભા પર ધારણ કરીને, સંસારના જીવોને સંતોષ પ્રદાન કરવાનો અવકાશ આપીને, પોતપોતાના દિવ્યરથો પર સવાર થઈને સ્વસ્થાને પ્રયાણ કર્યું.

આ પ્રમાણે, મત્સ્યપુરાણમાં આ સંગ્રામનું વિગતવાર વર્ણન પ્રાપ્ત થાય છે. આ વર્ણનને વાંચવાથી પુરાણકારે જાણે કે, આ વર્ણન સાક્ષીભાવે કર્યું હોય તેમ લાગે છે. સંગ્રામ અંગેની માહિતી પ્રચુરમાત્રામાં આપીને પુરાણકારે ઉમદા કાર્ય કર્યું છે. વિગતોના પ્રસ્તુતીકરણમાં પુરાણકારની સૂક્ષ્મદષ્ટિનાં દર્શન થાય છે.

શ્રીમદ્ભાગવતપુરાણ, આ ત્રિપુર–સંગ્રામની વિગતો એકદમ સંક્ષેપમાં આપે છે.[૨૭૮] મૂલતઃ આ સંગ્રામ વિશેની માહિતી, નારદમુનિ રાજા યુધિષ્ઠિરને આપે છે. હિરણ્યકશિપુના સંહારની કથા વિગતે વર્ણવીને પુરાણકારે શ્રીકૃષ્ણનું યશોગાન પણ કર્યું છે અને એ જ ક્રમમાં નારદમુનિ દ્વારા ઉચ્ચારાયેલા શબ્દો–

**"स एष भगवान्राजन्व्यतनोद् विहतं यशः ।**
**पुरा रुद्रस्य देवस्य मयेनानन्तमायिना ।।"**[२७९] અર્થાત્, "હે રાજન્! તે જ આ ભગવાને પૂર્વે અનંત માયાવાળા મયદાનવે નાશ કરેલા રુદ્રદેવના યશને ફેલાવ્યો હતો."– વિશે જિજ્ઞાસા કરતાં યુધિષ્ઠિરે પૂછેલું કે–

**"कस्मिन् कर्मणि देवस्य मयोऽहञ्जगदीशितुः ।**
**यथा चोपचिता कीर्तिः कृष्णेनानेन कथ्यताम् ।।"**[२८०] અર્થાત્, "કયા કર્મમાં મયદાનવે જગદીશ્વર શંકરની કીર્તિનો નાશ કર્યો હતો અને આ શ્રીકૃષ્ણે ફરી તેમની કીર્તિ કેવી રીતે ફેલાવી હતી, તે મને કહો."

આના પ્રત્યુત્તરમાં નારદજી નીચે પ્રમાણેની વિગતો પ્રસ્તુત કરે છેઃ

"આ શ્રીકૃષ્ણે દેવોને બળવાન કર્યા ત્યારે તેઓએ અસુરોને જીત્યા હતા, જેથી તે અસુરો માયાવીઓના મહાન આચાર્ય મયદાનવને શરણે ગયા. તે સમયે સમર્થ મયદાનવે સોનાનું, રૂપાનું અને લોઢાનું એમ ત્રણ પુરો (નગરો) બનાવી અસુરોને આપ્યાં હતાં. તે નગરો કયારે જતાં, કયારે આવતાં અને તેઓમાં કઈ કઈ વસ્તુઓ હતી, એ કોઈ જાણતું ન હતું. હે રાજા! એ ત્રણે નગરોનો આશ્રય કરી અસુરના સેનાપતિઓ પૂર્વેનું વેર યાદ કરતા લોકપાલો સહિત ત્રણે લોકનો નાશ કરવા લાગ્યા. પછી લોકપાલો સહિત સર્વ લોકો શંકરને શરણે જઈ તેમને પ્રાર્થના કરવા લાગ્યાઃ

"હે વ્યાપક દેવ! ત્રણ નગર (ત્રિપુર)માં રહેતા અસુરો અમારો નાશ કરે છે માટે આપના ભકત અમારું આપ રક્ષણ કરો."[૨૮૧]

તે સાંભળી ભગવાન શંકરે કૃપા કરી દેવોને કહ્યું: "તમે ડરશો મા." પછી ધનુષ્યમાં મંત્રેલું બાણ સાંધી તે પ્રભુએ પેલાં ત્રણ નગરો તરફ છોડયું. એટલે સૂર્યમાંથી જેમ કિરણસમૂહ નીકળે તેમ એ બાણમાંથી અગ્નિવર્ણાં અનેક બાણો નીકળ્યાં જેથી તે નગરો દેખાતાં બંધ થઈ ગયાં. તેમાં વસતા સર્વ અસુરો તે બાણોથી વીંધાઈ પ્રાણરહિત થઈ પૃથ્વી પર પડયા, પણ મહાયોગી પેલો મયદાનવ મરણ પામેલા તે તે સર્વ અસુરોને લાવી લાવી, એક કૂવાના અમૃતરસમાં નાખવા લાગ્યો; એટલે તે સિદ્ધ અમૃતરસનો સ્પર્શ થતાં જ તે મરેલા અસુરો વજ્ર જેવાં દૃઢ શરીરવાળા અને મહા બળવાન થઈ મેઘમંડળને ચીરનાર વીજળીઓના અગ્નિઓની પેઠે જીવતા થઈ ઉઠવા લાગ્યા. તે જોઈ ભગવાન શંકરનો સંકલ્પ ભાંગી પડયો અને મનમાં તે ઉદાસ થયા. ત્યારે ભગવાન વિષ્ણુએ આવો એક ઉપાય કર્યો. બ્રહ્મા તે સમયે વાછરડો થયા અને આ વિષ્ણુ પોતે ગાય થયા. પછી બપોરના વખતે પેલાં ત્રણ નગરોમાં પ્રવેશ કરી ત્યાં રહેલા પેલા અમૃતરસના કૂવામાંથી અમૃત પી ગયા. એ વેળા અસુરો તે જોતા હતા પણ તેઓને અત્યંત મોહિત થઈ તેમણે અટકાવ્યા ન હતા. મહાયોગી મયદાનવે એ જાણી દૈવની તે ગતિનો વિચાર કરી શોકરહિત થઈ, શોકથી પીડાતા અમૃતરસના રક્ષકોને કહ્યું:

**'દેવોઽસુરો નરોઽન્યો વા નેશ્વરોઽસ્તીહ કશ્ચન ।**
**આત્મનોઽન્યસ્ય વા દિષ્ટં દૈવેનાપોહિતું દ્વયો ।।''**

અર્થાત્, "દેવ, અસુર, મનુષ્ય કે બીજો કોઈ પણ આ જગતમાં પોતાના, બીજાના કે બંનેના સંબંધી દૈવે નિર્માણ કરેલું દૂર કરવા સમર્થ નથી."[૨૮૨]

પછી આ વિષ્ણુ ભગવાને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, સમૃદ્ધિ, તપ, વિદ્યા તથા ક્રિયા વગેરે પોતાની શકિતઓ વડે શંકરને રથ, સારથિ, ધજા, ઘોડા, મનુષ્ય, બખ્તર તથા બાણ વગેરે (જે કંઈ યુદ્ધનાં સાધન જોઈતાં હતાં તે) તૈયાર કરી આપ્યાં હતાં, તેથી શંકરે અભિજિત મુહૂર્તમાં (બપોરે) બરાબર તૈયાર થઈ, રથમાં બેસી, ધનુષ્ય તથા બાણ લીધાં અને ધનુષ્યમાં બાણ સાંધી, તે વડે હે રાજા! તોડવાં મુશ્કેલ તે ત્રણે નગરોને બાળી નાખ્યાં. એ સમયે સ્વર્ગમાં દુંદુભિ વાગ્યાં અને સેંકડો વિમાનોથી ભીડ કરતા દેવો, ઋષિઓ, પિતૃઓ તથા સિદ્ધેશ્વરોએ 'આપનો જય થાઓ' એમ કહી પુષ્પવૃષ્ટિ કરી અને હર્ષ પામેલી અપ્સરાઓએ નૃત્ય કર્યાં. એ રીતે હે રાજા! ભગવાન શંકરે ત્રણે નગરોને બાળી બ્રહ્મા વગેરેથી સ્તુતિ કરાતા પોતાના ધામમાં પધાર્યા. આ શ્રી હરિ પોતાની માયા વડે મનુષ્યલોકનું અનુકરણ કરે છે. સર્વના આત્મા છે અને જગતના ગુરુ છે. તેમનાં પરાક્રમોને ઋષિઓએ એ પ્રમાણે ગાયાં છે કે જે લોકોને પવિત્ર કરી રહ્યાં છે."[૨૮૩]

શ્રીમદ્ભાગવતપુરાણમાં આ પ્રમાણે, અતિ સંક્ષેપમાં જ આ સંગ્રામની કથા વર્ણવી છે. કથાવર્ણનનો મુખ્ય આશય પણ શ્રીકૃષ્ણના મહિમાને જ વર્ણવવાનો જોઈ શકાય છે. શ્રીમદ્ભાગવતપુરાણ વૈષ્ણવપુરાણ હોવાથી, શિવનું માહાત્મ્ય વર્ણવતી આ યુદ્ધકથાનું વર્ણન સ્વાભાવિકપણે જ વિશેષ સ્થાન ન પામે. ઉપરાંત

સમગ્ર કથામાં વિષ્ણુનું જ મહkવ હોય, તેવી છાપ ઉપસે છે. સ્વયં શિવ પણ જયારે લાચાર બની જાય છે ત્યારે અંતિમ ઉપાય તરીકે વિષ્ણુ કાર્યને પાર પાડતા જોઈ શકાય છે.

અન્ય પુરાણોમાં પદ્મપુરાણ પણ આ કથાને વર્ણવે છે.[૨૮૪] ત્યાં અસુરોને અમર કરનારા અમૃતકુંડો કે મત્સ્યપુરાણ પ્રમાણે 'અમૃતની વાવડી' નાં જળનું પ્રાશન, બધા દેવતાઓએ સાથે મળીને તથા ગાયનું રૂપ ધારણ કરીને કર્યું હોવાનું વર્ણવ્યું છે. શિવે ત્રિપુરનું દહન કર્યું હોવાની વિગત સમાનપણે મળે છે, પરંતુ આ કથાના સંદર્ભે, પદ્મપુરાણ એક વિશેષ વિગત આપે છે કે, ત્રિપુરસંગ્રામના સમયે શિવના શરીરમાંથી જે ધર્મબિંદુઓ ઉદ્ભવીને પૃથ્વી પર પડયાં, તેમાંથી જ રુદ્રાક્ષનો ઉદ્ભવ થયો છે.[૨૮૫] લિંગપુરાણમાં ત્રિપુરના અધિશ્વરોનાં નામો તારાક્ષ, કમલાક્ષ તથા વિદ્યુન્માલી કહ્યાં છે અને એ ત્રણેય તારકાસુરના પુત્રો છે. મયાસુરે બ્રહ્માજીની કૃપાથી ત્રણ પુરોની રચના કરીને, એમને સોંપ્યાં હતાં.[૨૮૬] મહાભારત પ્રમાણે, ત્રિપુરોમાં ધાર્મિકતા હોવાથી તેમની ઉપર વિજયપ્રાપ્તિ અશકય હતી. તેથી, વિષ્ણુએ બુદ્ધનું રૂપ ધારણ કરીને, અસુરોનાં એ પુરોને ધર્મરહિત બનાવ્યાં અને પછીથી દેવોએ યુદ્ધનો આરંભ કર્યો હોવાની વિગત મળે છે.[૨૮૭] શિવપુરાણની રુદ્રસંહિતા પણ આ વાતને જ અનુસરે છે, પરંતુ તે માત્ર, વિષ્ણુએ જ એ અધર્માચરણ ફેલાવ્યું હોવાનું કહે છે. જોકે, તેણે બુદ્ધનું રૂપ ધારણ કર્યું હોવા અંગે ત્યાં કશો ઉલ્લેખ નથી.

આ પ્રમાણે, ત્રિપુરસંગ્રામ પણ વર્ણનની બાબતમાં પુરાણોમાં ઘણું સ્થાન પામ્યો છે. આ સંગ્રામ શિવ સાથે સંલગ્ન હોવાથી, વૈષ્ણવપુરાણો કરતાં શૈવપુરાણોમાં તેનું વિશેષ મહkવ જોવા મળે છે.

## ૩:૯, અંધકસંગ્રામ

મત્સ્યપુરાણાનુસાર, દ્વાદસદેવાસુરસંગ્રામોમાં 'અંધકસંગ્રામ'ને આઠમો કહ્યો છે. આ સંગ્રામ આડિબકસંગ્રામની પૂર્વે લડાયો હોવા છતાં ક્રમમાં પાછળ દર્શાવ્યો છે. પુરાણોમાંથી મળતી માહિતી પ્રમાણે, અંધક શિવનો ગણ હોવાથી અને તેની તથા શિવ વચ્ચે આ સંગ્રામ લડાયો હોવાથી મત્સ્યપુરાણ સિવાય શ્રીમદ્‌ભાગવતપુરાણ તથા વિષ્ણુપુરાણ જેવાં વૈષ્ણવપુરાણોમાં તેનું વિસ્તૃત વર્ણન મળતું નથી. મત્સ્યપુરાણ પણ માત્ર અડધા જ અધ્યાયમાં તેની વિગતો આપે છે, જે આ પ્રમાણે છેઃ

"પ્રાચીનકાળમાં કાજળના સમૂહ જેવો ભયાનક અંધક નામનો એક દૈત્ય હતો, તે અદ્વિતીય શકિતઓવાળો હોવાને કારણે દેવતાઓ પણ તેનો વધ કરી શકયા નહીં કે તેને જીતી શકયા નહીં. તે દૈત્યે, એકવાર પાર્વતીની સાથે ક્રીડા કરતા ભગવાન શંકરને જોઈને, પાર્વતીનું હરણ કરવાની ઈચ્છા કરી, ત્યારે શંકરની સાથે તેનો ઘોર સંગ્રામ થયો. અવન્તી પ્રદેશમાં આવેલ મહાકાલ નામના વનમાં એ ઘોર સંગ્રામ થયો હતો. એ ભયાનક યુદ્ધમાં અંધક દ્વારા અત્યંત પીડિત થયેલા શિવે અતિ ભયાનક પાશુપતાસ્ત્રનો પ્રયોગ કર્યો. રુદ્રના બાણના ભયાનક આઘાતને કારણે અંધકના શરીરમાંથી જે રકતપાત થયો, તેનાથી સેંકડો–સહસ્રોની સંખ્યામાં અંધકોની ઉત્પત્તિ થઈ. એ ટલું જ નહીં, એ તમામ અંધકોના રકતમાંથી પણ અત્યંત ભયાનક દેખાવવાળા અનેકાનેક અંધકો જન્મ્યા. આ પ્રમાણે, ઉત્પન્ન થયેલા અંધકોથી આખું જગત વ્યાપ્ત થઈ ગયું. વધી રહેલા તે માયાવી અંધકોને જોઈને, શિવે તેઓના રકતનું પાન કરનારી અનેક માતૃકાઓની સૃષ્ટિ કરી. (આ સ્થળે મત્સ્યપુરાણ, આવી માહેશ્વરી, બ્રાહ્મી, કૌમારી, સૌપર્ણી, શિવા, દૂતી, ચામુંડાદિ ૧૯૫ માતૃકાઓનાં નામો આપે છે અને– **"एताश्चान्याश्च देवेशः सोऽसृजन्मातरस्तदा ।"**[૨૮૯]કહીને અન્ય પણ અનેક માતૃકાઓનું સર્જન થયું હોવાનું સૂચન કરે છે.) આ અંધકોના રકતનું પાન કરનારી માતૃકાઓ ઉત્પન્ન થતાંની સાથે જ રકતપાન કરવા લાગી; પરંતુ અંધકોની સંખ્યા એટલી વિશાળ હતી કે, તમામ માતૃકાઓ તેઓના રકતપાનથી તૃપ્ત થઈ ગઈ છતાં ઘણી સંખ્યામાં અંધકો શેષ બચી ગયા. જેથી, અંધકોની સંખ્યા પુનઃ વધવા લાગી. એ તમામ અંધકોએ સાથે મળીને શિવ પર હુમલો કર્યો. તેથી મહાદેવ અત્યંત વ્યાકુળ થઈ ઉઠયા. પરિણામે, વ્યગ્ર ચિત્તવાળા, તે અજન્મા અને સર્વવ્યાપી વિષ્ણુના શરણે ગયા. શંકરની આવી દયનીય દશા જોઈને, ભગવાન વિષ્ણુએ પણ એક શુષ્કરેવતી નામની દેવીનું સર્જન કર્યું, જે ક્ષણમાત્રમાં એ બધા અંધકોનાં રકતને પી ગઈ. તે દેવી, જેમ જેમ એ અંધકોના રકતનું પાન કરતી જતી હતી તેમ તેમ તે વધારે સૂકાતી જતી હતી. શુષ્કરેવતી દ્વારા અંધકોના રકતનું પાન કરાવાથી, શિવે બાકી બચેલા તમામ અંધકોને વિનષ્ટ કરી નાખ્યા. આખરે, ત્રિલોકને ધારણ કરનાર

ભગવાન શિવે અત્યંત પરાક્રમથી અને વેગપૂર્વક, એઓમાં જે મુખ્ય અંધક હતો તેને પકડીને, તેની સામે પોતાનું ત્રિશૂળ ધરી દીધું. આથી, હારેલા તે અસુર અંધકે શિવજીની સ્તુતિ કરી. એ મુખ્ય અંધક મહાબળવાન હતો, તેની ઉપર પ્રસન્ન થઈને શિવે તેને હંમેશને માટે પોતાની પાસે રાખી લીધો અને તેને ગણેશ્વરના પદ પર નિયુકત કર્યો.''[૨૮૯]

શિવ અને અંધકાસુર વચ્ચે આ સંગ્રામ લડાયેલો હોવાથી સ્વાભાવિકપણે જ વૈષ્ણવપુરાણોમાં તેનું વિગતે વર્ણન ન મળે; પરંતુ લિંગપુરાણ તથા સ્કંદપુરાણાદિ શૈવપુરાણોમાં તેનું વિસ્તૃત વર્ણન મળે છે.

સ્કંદપુરાણાનુસાર, અંધકાસુર કશ્યપ અને દિતિનો પુત્ર હતો. તે અત્યંત પરાક્રમી હતો. તેણે ઉગ્ર તપસ્યા કરીને, શિવ તથા વિષ્ણુ સિવાયના બધા જ દેવતાઓને જીતવાનું વરદાન શંકર પાસેથી મેળવ્યું હતું. વરદાનથી શકિતશાળી બનેલા તેણે સશસ્ત્ર સેના સાથે અમરવતીમાં પ્રવેશ કર્યો હતો અને ઈન્દ્રની સાથે યુદ્ધ કર્યું હતું. પરાજય પામીને ઈન્દ્ર તેના શરણમાં આવ્યો હતો. ત્યારપછી, ઈન્દ્રનો ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ, અપ્સરાઓ તથા ઈન્દ્રાણીને લઈને, તે જયારે પાછો ફરી રહ્યો હતો ત્યારે બધા જ દેવતાઓએ સાથે મળીને તેની સાથે યુદ્ધ કર્યું હતું, પરંતુ તેમાં દેવતાઓનો પરાભવ થયો હતો.

દેવોને જીતીને અંધકાસુર પાતાલમાં રહેવા લાગ્યો. અંતે દેવતાઓના કહેવાથી વિષ્ણુએ તેની સાથે યુદ્ધ કર્યું. એ યુદ્ધમાં વિષ્ણુએ તેને પરાજિત કર્યો. આથી અંધકાસુરે વિષ્ણુની સ્તુતિ કરી તથા શંકરની સાથેના યુદ્ધમાં મદદ કરવાનું વરદાન માગ્યું. એથી, વિષ્ણુએ તેને કૈલાશ પર્વતને હલાવવાનું કહ્યું. અંધકાસુરે તે પ્રમાણે કરતાં, તેની અને શિવની વચ્ચે યુદ્ધ આરંભાયું. આ યુદ્ધમાં તેણે શિવને મૂર્ચ્છિત કરી દીધા, પરંતુ થોડી જ ક્ષણોમાં શિવ સભાન બનતા, પુનઃ યુદ્ધ શરૂ થયું. એ યુદ્ધમાં અંધકાસુરનાં પ્રત્યેક રકતબિંદુમાંથી અંધકો ઉત્પન્ન થવા લાગ્યા. તે સમયે શિવે ચામુંડાનું સ્મરણ કરતાં, તેણે બધાં જ રકતનું પાન કર્યું. નવા અંધકોનું સર્જન બંધ થતાં, અંધકાસુરે શિવને પ્રાર્થના કરી અને શંકરે પણ તેનું ભૃંગીશ નામ રાખીને તેની શિવગણોમાં સ્થાપના કરી.[૨૯૦]

સ્કંદપુરાણમાં જ, અંધકાસુર અને આ સંગ્રામ વિષયક અન્ય વિગતો પણ મળે છે. તદનુસાર, અંધકાસુર ઉજ્જૈનમાં રાજ કરતો હતો. ઈન્દ્રની પ્રાર્થનાથી શિવે તેની સાથે યુદ્ધ કર્યું. એ યુદ્ધમાં પોતાનો પરાભભવ થઈ રહ્યો છે, તેમ જાણીને તે દૈત્યે, માયા દ્વારા અંધકાર ઉત્પન્ન કરીને દેવતાઓનું હરણ કર્યું. અંતે નરાદિત્ય દ્વારા ફેલાવવામાં આવેલા પ્રકાશની મદદથી શિવે તેનો વધ કર્યો.[૨૯૧]

લિંગપુરાણમાં અંધકાસુર વિશે થોડી અલગ વિગત મળે છે. ત્યાં તેને પાર્વતીના ધર્મબિંદુઓથી ઉત્પન્ન થયો હોવાનું કહ્યું છે. દૈત્ય હિરણ્યાક્ષ પુત્રપ્રાપ્તિ માટે તપ કરી રહ્યો હતો ત્યારે શંકરે તેને આ પુત્ર આપ્યો હતો.[૨૯૨]

પદ્મપુરાણ પણ તેને હિરણ્યાક્ષના પુત્ર તરીકે વર્ણવે છે. હિરણ્યાક્ષ

તથા હિરણ્યકશિપુના મૃત્યુ પછી, અંધકાસુરે દૈત્યોનું આધિપત્ય સંભાળ્યું હતું. સમય જતાં, પાર્વતીના હરણની યોજના તેણે બનાવી. પરિણામે, અવંતી દેશના મહાકાલવનમાં તેની અને શંકરની વચ્ચે યુદ્ધ થયું. એ યુદ્ધમાં અંધકાસુરના પ્રત્યેક રકતબિંદુમાંથી તેના જેવા જ અંધકો ઉત્પન્ન થવા લાગતા, અંધકોથી આખું જગત ભરાઈ ગયું. એ બધા અંધકોના નાશ માટે શિવે માતૃકાઓનું સર્જન કર્યું અને એમને અંધકોના રકતનું પાન કરવાનું કહ્યું. પરંતુ તે બધી માતૃકાઓ રકતપાન કરવાથી તૃપ્ત થઈ ગઈ, તેથી પુનઃ અનેક અંધકો ઉત્પન્ન થવા લાગ્યા. એ યુદ્ધમાં અંધકાસુરે શિવના અજગવ નામના ધનુષ્યને પણ હરી લીધું. એટલું જ નહીં, તેણે શંકર પાસે પાર્વતીની સ્પષ્ટપણે માગણી કરી. તેથી, તેની અને શિવની વચ્ચે પુનઃ યુદ્ધ મંડાયું. આ યુદ્ધમાં, શુક્રાચાર્ય મૃતસંજીવનીવિદ્યાથી મૃત અસુરોને પુનર્જીવિત કરી દેતા હોવાથી, તેઓની શકિત ઓછી થતી ન હતી. પરિણામે, શિવ શુક્રાચાર્યને ગળી ગયા અને અંધકને ગણાધિપત્ય આપીને સંતુષ્ટ કર્યો અને તેનું ભૃંગીરીટી નામકરણ કરવામાં આવ્યું.[૨૯૩]

દેવીભાગવતપુરાણમાં તેને મહિષાસુરની સેનાનો એક મુખ્ય અસુર ગણાવવામાં આવ્યો છે. દેવોની સાથે થયેલા મહિષાસુરસંગ્રામમાં વિષ્ણુની સાથે તેનું લગાતાર પચાસ વર્ષો સુધી યુદ્ધ થતું રહેલું. અંતે વિષ્ણુએ પોતાની ગદાના પ્રહારથી તેને મૂર્ચ્છિત કરી દીધેલો.[૨૯૪]

વાયુપુરાણમાં પણ આ સંગ્રામની વિગતો મળી આવે છે.[૨૯૫]

આ પ્રમાણે, આ સંગ્રામ દેવો અને અસુરો વચ્ચે લડાયો હોવા છતાં શિવનો વ્યકિતગત સંગ્રામ હોવાનું વધારે પ્રતીત થાય છે. આ એક એવો સંગ્રામ છે કે, જેમાં અનેક ગુનાઓ કરેલા હોવા છતાં, પ્રતિનાયકનો વધ નથી થતો. ઊલટું, તેની સાથે સંધિ કરી, તેને ગણાધિશ્ર્વર બનાવીને દેવોના પક્ષે વાળી લેવામાં આવે છે. આ બાબત અંધકાસુરના અતિપરાક્રમશાળીપણાને સૂચિત કરે છે.

## ૩:૧૦, વૃત્રઘાતકસંગ્રામ

ઈન્દ્ર તથા વૃત્ર વચ્ચેના યુદ્ધની અનેક કથાઓ પુરાણાદિમાં પ્રાપ્ત થાય છે. જેમાં પોતાના પરાક્રમથી નહીં, પરંતુ છળ–કપટથી ઈન્દ્રે તેનો વધ કર્યો હોવાના નિર્દેશો મળે છે. પદ્મપુરાણ તથા સ્કન્દપુરાણાનુસાર, વૃત્રે યુદ્ધમાં ઈન્દ્રને હરાવીને તેનું ઈન્દ્રપદ આંચકી લીધેલું. એથી, ઈન્દ્રે રંભા નામની અપ્સરા દ્વારા વૃત્રને શરાબનું પાન કરાવ્યું અને શરાબના નશાની અવસ્થામાં, તે જયારે સમુદ્રના કિનારે સૂતો હતો ત્યારે તેની સાથે સંધિ કરીને, અર્ધું ઈન્દ્રપદ પુનઃ પ્રાપ્ત કર્યું.[૨૯૬] સમય જતાં, જયારે તે અસાવધાન અવસ્થામાં હતો ત્યારે ઈન્દ્રે તેના પર હુમલો કર્યો અને દધીચિ ઋષિનાં અસ્થિઓથી બનાવવામાં આવેલ વજ્ર પર સમુદ્રના ફીણ લગાવીને, તેના વડે ઈન્દ્રે તેનો સંધ્યાકાળે વધ કર્યો અને એ રીતે બ્રહ્મા દ્વારા વૃત્રને આપવામાં આવેલ વરદાનનું પણ પાલન કર્યું.[૨૯૭]

છેક, વેદ–સંહિતાઓથી લઈને અનેક પુરાણગ્રંથો સુધી ઈન્દ્ર–વૃત્રકથા બહુવિધ વિસ્તરેલી છે. વૃત્રની માતાનું નામ 'દાનુ' હતું. આ 'દાનુ' શબ્દ ઋગ્વેદમાં 'જલધારા'ના અર્થમાં પ્રયોજાયેલો છે[૨૯૮] અને આ શબ્દનું જ પુલ્લિંગ રૂપ 'દાનવ' માતૃકનામથી વુત્ર કે સર્પને માટે, ઔર્ણવાભ નામના દૈત્યને માટે તથા ઈન્દ્ર દ્વારા મારી નાખવામાં આવેલા સાત દૈત્યોને માટે પ્રયોજવામાં આવેલ છે.[૨૯૯] વૃત્રનું સ્વરૂપ સર્પ જેવું માનવામાં આવેલ હોવાથી તેને હાથ–પગ નથી.[૩૦૦] જો કે, તેના મસ્તક તથા જડબાંનો નિર્દેશ ઋગ્વેદમાં મળી આવે છે.[૩૦૧] તે સર્પની જેમ ફૂંફાડા મારે છે[૩૦૨] તથા ગર્જના, વિદ્યુત અને ઝંઝાવાત તેને આધિન છે.[૩૦૩] પર્વતના એક શિખર પર તેનું ગુપ્ત નિવાસસ્થાન હતું,[૩૦૪] એ નિવાસસ્થાનમાં જ ઈન્દ્રે જળ ધારાઓ છોડીને વૃત્રનો વધ કર્યો હતો[૩૦૫] અને અત્યંત ઊંચાઈએથી તેને નીચે ફેંકયો હતો.[૩૦૬] તેના નવ્વાણુ દુર્ગોનો ઈન્દ્રે તેના વધના સમયે નાશ કર્યો હતો.[૩૦૭]

ઋગ્વેદમાં વૃત્રનાં અનેક પરાક્રમોના ઉલ્લેખો મળી આવે છે. જેમકે, જળધારાઓને રોકવી,[૩૦૮] ગાયોનું હરણ કરવું,[૩૦૯] સૂર્યોદયને રોકવો,[૩૧૦] મેઘોને પોતાના ઉદરમાં છૂપાવી દેવા[૩૧૧] વગેરે. જો કે, ઋગ્વેદમાં આ જ બધાં પરાક્રમો વૃત્ર ઉપરાંત શંબર, બલ, અહિ વગેરે દાનવોનાં નામે પણ નિર્દેશિત છે. વૃત્રનો વધ કરવા માટે દેવોએ ઈન્દ્રને પ્રાર્થના કરી હતી.[૩૧૨] ઈન્દ્ર તથા વૃત્રનું યુદ્ધ ત્રિકકુદ પર્વત પર થયું હતું. ઈન્દ્રે તેનો વધ કર્યો અને તેના દ્વારા બાંધી દેવામાં આવેલા મેઘોને મુકત કરીને, તેનાં જ જળમાં તે(વૃત્ર)ને ડૂબાડી દીધો.[૩૧૩]

ઋગ્વેદમાં **'वृत्र'** શબ્દનું બહુવચન **'वृत्राणि'** પણ મળી આવે છે. જેનાથી એવું પ્રતીત થાય છે કે, **'वृत्र'** સામૂહિક નામના રૂપમાં વૃત્ર સિવાય અન્ય અસુરોને માટે પણ પ્રયુકત થતો હતો. એવા અનેક અસુરોનાં નામો ઋગ્વેદમાંથી પ્રાપ્ત થાય છે.[૩૧૪] દધીચિ ઋષિનાં અસ્થિઓમાંથી બનેલ અસ્ત્રની સહાયતાથી ઈન્દ્રે નવ્વાણુ વૃત્રોનો વધ કર્યો હતો.[૩૧૫]

તૈત્તિરીયસંહિતામાં વૃત્રને ત્વષ્ટાનો પુત્ર કહેલ છે તથા તેની જન્મકથા આ પ્રમાણે આપવામાં આવી છેઃ

"એકવાર ત્વષ્ટાએ યજ્ઞ કર્યો અને યજ્ઞમાં સિદ્ધ કરવામાં આવેલો સોમ, તેણે બધા દેવતાઓને આપ્યો; પરંતુ પોતાના પુત્ર વિશ્વરૂપનો વધ કરનાર ઈન્દ્રને ન આપ્યો. ઈન્દ્રના ભાગનો સોમ તેણે અગ્નિમાં નાખી દીધો, જેનાથી વૃત્રનો જન્મ થયો. મોટો થતાં તેણે સમસ્ત સંસારને ત્રસ્ત કરવાનું શરૂ કર્યું. તેના ભયથી વિષ્ણુએ પોતાને ત્રણ ભાગોમાં વિભકત કરીને ત્રણ સ્થાને છૂપાવી દીધા. ઈન્દ્રે વિષ્ણુની સહાયતાથી તેને વધારે વધવા ન દીધો અને પોતાના ઉદરમાં સમાવી લીધો; પરંતુ ત્યાં પણ તેણે ભૂખનું રૂપ ધારણ કરીને સમગ્ર સૃષ્ટિને ત્રસ્ત કરવાનું ફરીથી શરૂ કર્યું."[૩૧૬]

ઈન્દ્ર દ્વારા તેના વધની પણ એક કથા તૈત્તિરીયસંહિતામાં આપેલી છેઃ "વૃત્રે વિદેહ દેશની ગાયોનું નિર્માણ કર્યું. જેમાં એક કાળી ડોકવાળો બળદ પણ હતો. ઈન્દ્રે તે બળદનો અગ્નિમાં હોમ કર્યો. જેથી પ્રસન્ન થઈને અગ્નિએ ઈન્દ્રને વૃત્રના વધને માટે સમર્થ બનાવ્યો."[૩૧૭]

શતપથબ્રાહ્મણમાં વૃત્ર તથા ઈન્દ્રને ક્રમશઃ ચંદ્ર અને સૂર્યની ઉપમા આપવામાં આવી છે. જેવી રીતે અમાસના દિવસે સૂર્ય ચન્દ્રને ગળી જાય છે, તેવી રીતે ઈન્દ્રે વૃત્રને ડૂબાડી દીધાનો નિર્દેશ ત્યાં પ્રાપ્ત થાય છે. એકવાર અસુરોએ વેદ તથા વેદવિદ્યા હસ્તગત કરી લીધી, જેના કારણે સંપૂર્ણ દેવપક્ષ બલહીન બન્યો. આગળ જતાં, ઈન્દ્રે વિશ્વકર્માના પુત્ર વૃત્ર પાસેથી ત્રણે વેદોને જીતી લીધા અને વૃત્રનો વધ કર્યો.[૩૧૮]

મહાભારતમાં તેને કૃતયુગનો એક અસુર કહેવામાં આવ્યો છે અને તેની માતાનું નામ દિતિ તથા પિતાનું નામ કશ્યપ દર્શાવવામાં આવ્યું છે. દિતિના બલ નામના પુત્રનો ઈન્દ્રે વધ કર્યો. જેથી ક્રોધિત થઈને દિતિએ ઈન્દ્રનો વધ કરનારા પુત્રની કશ્યપ પાસે માગણી કરી. કશ્યપે પોતાની જટા ઝાટકીને અગ્નિમાં હોમ કર્યો. એ અગ્નિથી જ અજસ્રકાય વૃત્રનું નિર્માણ થયું.[૩૧૯]

શ્રીમદ્‌ભાગવતપુરાણમાં તેને ત્વષ્ટાનો પુત્ર કહેવામાં આવ્યો છે. જેનું તેણે પોતાના પુત્ર વિશ્વરૂપના વધનો ઈન્દ્ર સામે બદલો લેવા માટે નિર્માણ કર્યું હતું.[૩૨૦] બ્રહ્માંડપુરાણમાં તેની માતાનું નામ અનાયુષા આપવામાં આવ્યું છે.[૩૨૧] દેવીભાગવતપુરાણાનુસાર, પોતાના પિતાની આજ્ઞાથી વૃત્રે બ્રહ્માજીની કઠોર તપસ્યા કરી. જેથી પ્રસન્ન થઈને બ્રહ્માજીએ તેને વરદાન આપ્યું કે, " આજથી તું અમર થઈશ તેમજ લોહ તથા કાષ્ઠ, ભીનું તથા સૂકું વગેરે કોઈ પણ અસ્ત્રથી દિવસે કે રાત્રે તારું મૃત્યુ થશે નહીં."[૩૨૨] આગળ જતાં, તેણે આ વરદનના પ્રભાવથી જ ઈન્દ્રને પરાસ્ત કરીને ઈન્દ્રપદ મેળવ્યું હતું.[૩૨૩] પદ્મપુરાણમાં તેને બ્રાહ્મણ તથા વિષ્ણુનો પરમ ભકત કહેલ છે. જેથી ઈન્દ્ર–વૃત્રયુદ્ધમાં વિષ્ણુએ ગુપ્તરીતે ઈન્દ્રની સહાય કરી હતી. તે બ્રાહ્મણ હોવાથી, તેના વધને કારણે ઈન્દ્રને

બ્રહ્મહત્યાનો દોષ લાગ્યો હતો.[૩૨૪] શ્રીમદ્ભાગવતપુરાણાનુસાર, પૂર્વજન્મમાં તે ચિત્રકેતુ નામનો વિષ્ણુભકત રાજા હતો[૩૨૫] મૃત્યુની પૂર્વે તેણે ઈન્દ્રને ભાગવતધર્મનો ઉપદેશ આપ્યો હતો. સનત્કુમારો પાસેથી તેને યોગજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. જેથી તેને મૃત્યુ પછી સદ્ગતિ પ્રાપ્ત થઈ હતી.[૩૨૬]

બ્રહ્માંડપુરાણમાં તેના વંશનું વિસ્તૃત વર્ણન આપવામાં આવ્યું છે.[૩૨૭] પદ્મપુરાણાનુસાર, તે અસુરાધિપતિ હિરણ્યાક્ષનો સેનાપતિ હતો. ઈન્દ્ર–હિરણ્યાક્ષ યુદ્ધમાં ઈન્દ્રે તેની શિખા પકડીને તલવારથી તેનો વધ કર્યો હતો.[૩૨૮]

મત્સ્યપુરાણ, શ્રીમદ્ભાગવતપુરાણ તથા વિષ્ણુપુરાણમાંથી કેવળ શ્રીમદ્ભાગવતપુરાણમાં જ આ સંગ્રામનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. મત્સ્યપુરાણમાં તેનો કેવળ નામોલ્લેખ જ છે. જયારે કે, વિષ્ણુપુરાણમાં તો તે પણ નથી. શ્રીમદ્ભાગવતપુરાણમાં આ યુદ્ધકથાને આ પ્રમાણે વર્ણવવામાં આવી છેઃ

"એક સમયે ત્રણે જગતના ઐશ્વર્યનો મદ થવાથી સન્માર્ગ તજનારો ઈન્દ્ર સભામાં સિંહાસન પર બેઠો હતો. એ વખતે દેવોના અને પોતાના મહાન આચાર્ય બૃહસ્પતિ સભામાં આવવા છતાં ઈન્દ્રે તેમની સામે ઊભા થઈ, આસન વગેરે આપીને તેમનો સત્કાર કર્યો નહીં. એટલું જ નહીં, મુનિઓમાં શ્રેષ્ઠ અને દેવો તથા અસુરોથી નમાતા બૃહસ્પતિને સભામાં જોવા છતાં ઈન્દ્ર આસન પરથી જરાં સરખો ખસ્યો પણ નહીં. ત્યારે અંગિરાના મહાસમર્થ પુત્ર બૃહસ્પતિ સભામાંથી એકદમ નીકળી જઈને ચૂપચાપ પોતાના ઘેર આવતા રહ્યા. કેમકે, લક્ષ્મીના મદથી જે વિકાર થાય છે, તેને તે જાણતા હતા. પછી તે જ વખતે ઈન્દ્રે પોતાની મેળે જાણ્યું કે, પોતે ગુરુનું અપમાન કર્યું છે. માટે હમણાં જ જઈને મારે તેમના ચરણોમાં મસ્તક નમાવી ક્ષમા માગવી જોઈએ. ઈન્દ્ર આવો વિચાર કરતો હતો ત્યારે ભગવાન બૃહસ્પતિ ઈન્દ્રના તે વિચારને જાણી લઈને પોતાની સર્વોત્કૃષ્ટ માયા વડે ઘેરથી પણ અંતર્ધાન થયા. ઐશ્વર્યથી શોભતા ઈન્દ્રે ગુરુને શોધી કાઢવા ચારે તરફ શોધ કરાવી, પણ પત્તો લાગ્યો નહીં.

બીજી તરફ મદોન્મત્ત અસુરોએ એ વાત સાંભળીને શુક્રાચાર્યના મતનો આશ્રય કરી હથિયારો ઉગામી દેવો સામે યુદ્ધ કરવાનો પ્રારંભ કર્યો અને તીક્ષ્ણ બાણોનો મારો ચલાવી દેવોના મસ્તકો, સાથળો તથા બાહુઓ છિન્નભિન્ન કરી નાખ્યાં, એટલે દેવતાઓ ઈન્દ્રને સાથે લઈ નમ્ર મસ્તકે બ્રહ્માજીને શરણે ગયા.

બ્રહ્મા બોલ્યાઃ "હે દેવો! તમોએ ઐશ્વર્યથી છકી જઈને બ્રહ્મનિષ્ઠ અને જિતેન્દ્રિય બ્રાહ્મણ બૃહસ્પતિનું સન્માન ન કર્યું. હે દેવો! તમે અત્યંત સમૃદ્ધિવાળા છો અને તમારા શત્રુઓ અત્યંત નિર્બળ હોવા છતાં તમારો એ શત્રુઓથી આ રીતે પરાભવ થયો, તે તમારી એ અનીતિનું જ ફળ છે. હે ઈન્દ્ર! તારા શત્રુ દૈત્યો ગુરુના અપમાનથી અત્યંત દુર્બળ થયા હતા, પણ હમણાં ભકિતથી ગુરુ શુક્રાચાર્યને સેવી ફરી કેવા બળવાન થયા છે તે તું જો. તેઓ શુક્રાચાર્યને ઈશ્વરરૂપે સ્વીકારી મારા સ્થાનને પણ પડાવી લે, તો સ્વર્ગને તો કેમ જ ગણે? કેમકે તેઓના ગુપ્ત વિચારો

કોઈ રીતે ફોડી શકાતા નથી અને શુક્રાચાર્યનું શિક્ષણ એ જ તેઓનો પરમ પુરુષાર્થ છે. જેઓ પર બ્રાહ્મણો, ગાયો અને ભગવાનની કૃપા હોય તેવા રાજાઓનું કદી અમંગળ થતું નથી. માટે તમે જલદી બ્રાહ્મણ વિશ્વરૂપને સેવો કે જે તપસ્વી, જિતેન્દ્રિય અને ત્વષ્ટાનો પુત્ર છે. તેનો તમે સત્કાર કરશો તો તે તમારાં કાર્યો કરશે."

બ્રહ્માનાં એ વચનોને સાંભળી, જેનો સંતાપ દૂર થયો હતો, તે દેવો ત્વષ્ટાના પુત્ર ઋષિ વિશ્વરૂપ પાસે જઈ, પોતાના પૌરોહિત્યપદને સ્વીકારવાની પ્રાર્થના કરી, જેનો વિશ્વરૂપે વિવેકપૂર્વક સ્વીકાર કર્યો. મહાતપસ્વી વિશ્વરૂપે તેમનું પુરોહિતપણું સ્વીકાર્યું અને પરમ એકાગ્રતાપૂર્વક તે કરવા માંડયું; મહાસમર્થ વિશ્વરૂપે દેવોના શત્રુઓની લક્ષ્મીનું શુક્રાચાર્ય વિદ્યા વડે રક્ષણ કરતા હતા, તો પણ તે લક્ષ્મી પોતાની વૈષ્ણવીવિદ્યાથી તેમની પાસેથી પડાવી લઈને ઇન્દ્રને આપી. ઉદારબુદ્ધિવાળા વિશ્વરૂપે એ વૈષ્ણવીવિદ્યા પણ ઇન્દ્રને આપી, જેથી રક્ષણ પામેલા ઇન્દ્રે સમર્થ બની અસુરોની સેના જીતી.

દેવોના પુરોહિતપદને મેળવનાર, તે વિશ્વરૂપને ત્રણ મસ્તકો હતાં. તેમાનું એક સોમ પીનારું, બીજું મદિરા પીનારું અને ત્રીજું ખાનારું હતું. દેવતાઓ જેના વડિલો હતા, એવો તે વિશ્વરૂપ યજ્ઞમાં દેવોના પ્રત્યક્ષ ભાગને ઉચ્ચ સ્વરે વિનયપૂર્વક જાહેર કરતો. તે જ વિશ્વરૂપ દેવોનું યજન કરતો ત્યારે ગુપ્ત રીતે અસુરોને પણ યજ્ઞભાગ આપતો; કારણકે પોતાનું મોસાળપક્ષ અસુરોમાં હોવાથી માતાના સ્નેહને વશ થઈ અસુરોને તે અનુસરતો. દેવોનું એ અપમાન અને ધર્મમાં એવું કપટ જાણી ઇન્દ્રે ભયભીત બની ક્રોધથી વિશ્વરૂપનાં મસ્તકો એકદમ કાપી નાખ્યાં. એ રીતે પોતાનો પુત્ર વિશ્વરૂપ ઇન્દ્રથી મૃત્યુ પામ્યો, તે પછી તેના પિતા ત્વષ્ટાએ ઇન્દ્રનો નાશ કરવા અને તેનો શત્રુ ઉત્પન્ન કરવા "હે ઇન્દ્રશત્રો! તું વૃદ્ધિ પામ અને શત્રુનો જલદી નાશ કર" એ આશયનો મંત્રોચ્ચાર કરી અગ્નિમાં હોમ કર્યો, એટલે દક્ષિણાગ્નિમાંથી ઘોર દેખાવનો પુરુષ ઉત્પન્ન થયો. તે પુરુષ પ્રલયકાળે ઉત્પન્ન થનાર કાળ જેવો હતો, અને ફેંકેલું બાણ જેટલો પ્રદેશ દૂર જાય તેટલો તે દરરોજ વધતો હતો. તેનો વર્ણ બળેલા પહાડ જેવો શ્યામ હતો. તેની કાંતિ સંધ્યાકાળના વાદળસમૂહ જેવી હતી. તેની ચોટલી, દાઢી તથા મૂછ તપાવેલા તાંબા જેવા હતાં અને તેનાં નેત્રો બપોરના સૂર્ય જેવા ઉગ્ર હતાં. પોતાના ઝળહળતા ત્રિશૂળ પર આકાશ અને પૃથ્વીને જાણે પરોવતો હોય તેવો જણાઈને તે નાચતો હતો, મોટી ગર્જનાઓ કરતો હતો, પગ વડે ધરણીને ધ્રુજાવતો હતો અને જાણે પર્વતની ગંભીર ગુફા હોય તથા આકાશને જાણે પી જતું હોય, નક્ષત્રોને જીભ વડે ચાટતું હોય અને ત્રણ ભુવનને ગળી જતું હોય એવા મોટા ભયંકર દાઢોવાળા મુખથી તે વારંવાર બગાસાં ખાતો હતો. આવા તે પુરુષને જોઈ સર્વ લોકો ભયભીત થઈ દસે દિશાઓમાં નાસવા લાગ્યા. એ પ્રમાણે ત્વષ્ટાએ ઉત્પન્ન કરેલા તે પુરુષમૂર્તિ ધારણ કરનાર અંધકારે તે વેળા સમગ્ર લોકને આવૃત્ત કરી દીધા,

તેથી અત્યંત ભયંકર તે પાપી 'વૃત્ર' એવા નામથી જગતમાં કહેવાયો. મોટા દેવો પોતાના સમુદાયોની સાથે તેની સામે ધસી પોતપોતાનાં દિવ્ય અસ્ત્રો તથા શસ્ત્રોના સમૂહનો તેના પર મારો ચલાવવા લાગ્યા; પણ તે સર્વ અસ્ત્ર–શસ્ત્રને ગળી જવા લાગ્યો. આથી તે સર્વે દેવો વિસ્મય પામ્યા, ખિન્ન થયા અને નિસ્તેજ થયા, પછી તેઓએ એકાગ્ર થઈ અંતર્યામી આદિપુરુષની સ્તુતિ કરી. તેઓની સ્તુતિથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ કહ્યું: ''હે ઈન્દ્ર! તમારું કલ્યાણ થાઓ. તમે મહર્ષિ દધીચિ પાસે જાઓ અને વિદ્યા તથ તપથી બળવાન એવા તેમના શરીરની માગણી કરો. વિલંબ ન કરો. તેમના શરીરનાં હાડકાંમાંથી વિશ્વકર્મા એક ઉત્તમ આયુધ બનાવશે. જે આયુધથી તું મારા તેજ વડે વૃદ્ધિ પામી વૃત્રાસુરનું મસ્તક કાપીશ. એ રીતે તે અસુર હણાશે એટલે તમે ફરી તમારા તેજને, અસ્ત્રોને, આયુધોને તથા સંપત્તિઓને પામશો.''

ભગવાનના કહેવા પ્રમાણે, દેવોએ અથર્વવેદને જાણનારા મહર્ષિ દધીચિ પાસે તેમના શરીરની માગણી કરી. દધીચિ ઋષિએ પણ સંસારના કલ્યાણને માટે, પ્રસન્નતાપૂર્વક યોગબળથી શરીર ત્યાગીને દેવોને સોંપ્યું. પછી ભગવાનના તેજથી યુકત થઈ બળવાન બનેલા ઈન્દ્રે દધીચિઋષિનાં હાડકાંમાંથી વિશ્વકર્માની મદદથી બનાવેલા વજ્રને ધારણ કરી, ઐરાવત હાથી પર બેસી અને સર્વ દેવતાઓથી વીંટળાઈ અસુરસૈન્યોના સેનાપતિઓથી વીંટાયેલા વૃત્રાસુરને કાપી નાખવા તેની સામે બળપૂર્વક ચડાઈ કરી. પછી પહેલા ચાર યુગોમાંના ત્રેતાયુગના પ્રારંભે નર્મદા નદીને કિનારે દેવતાઓનું અસુરો સાથે મહાભયંકર યુદ્ધ થયું. રુદ્રો, વસુઓ, આદિત્યો, અગ્નિઓ, અશ્વિનીકુમારો, પિતૃઓ, વાયુઓ, ઋભુઓ, સાધ્યો તથા વિશ્વેદેવો સાથે વજ્ર ધારણ કરતા દેવપતિ ઈન્દ્રને પોતાની શોભા વડે પ્રકાશતો જોઈ, વૃત્રાસુર વગેરે દૈત્યો યુદ્ધમાં તેને સહન કરી શકયા નહીં. નમુચિ, શંબર, અનર્વા, દ્વિમૂર્ધા, ઋષભ, અંબર, હયગ્રીવ, શંકુશિરા, વિપ્રચિત્તિ, અયોમુખ, પુલોમા, વૃષપર્વા, પ્રહેતિ, હેતિ, ઉત્કલ અને બીજા દૈત્યો, દાનવો, યક્ષો તથા સુમાલી અને માલી વગેરે હજારો રાક્ષસોએ સુવર્ણના સાજ સજી મૃત્યુ પણ જેની સામે ન થઈ શકે એવી ઈન્દ્રની સેનાના અગ્રભાગને આગળ વધતો અટકાવ્યો. પછી તે ઉદ્ધ અસુરો લગારે ગભરાયા વિના સિંહ જેવો શબ્દ કરી સામે ગર્જના કરવા લાગ્યા અને ગદાઓ, પરિઘો, બાણો, ભાલાઓ, મુદ્ગરો, તોમરો, ત્રિશૂલો, ફરશીઓ, તલવારો, શતઘ્નીઓ તથા ભુશુંડીઓ વગેરે શસ્ત્રો અને અસ્ત્રોના દેવો ઉપર ચારે તરફથી વરસાદ વરસાવવા લાગ્યા. એ સમયે આકાશમાં વાદળથી જેમ નક્ષત્રો દેખાતાં બંધ થાય છે, તેમ ચોતરફથી ઉપરાઉપરી પડતાં બાણોના સમુદાયથી દેવતાઓ એવા ઢંકાઈ ગયા હતા કે જેથી દેખાયા પણ નહીં; પરંતુ તે શસ્ત્રો તથા અસ્ત્રોની વૃષ્ટિના સમૂહો દેવો સુધી પહોંચતા પણ ન હતા. કારણ કે ઝડપદાર હાથવાળા દેવો આકાશમાં જ વચ્ચેથી તેઓના હજારો ટુકડા કરી નાખતા હતા. આ રીતે યુદ્ધ કરતાં અસુરોની પાસે અસ્ત્રો તથા શસ્ત્રોનો જથ્થો ખૂટ્યો

એટલે તેઓએ દેવોના સૈન્ય ઉપર પર્વતોનાં શિખરો, વૃક્ષો તથા પથ્થરોનો વરસાદ વરસાવવા માંડયો, પણ દેવોએ પ્રથમની પેઠે તેઓને પણ કાપી નાખ્યા. એ રીતે શસ્ત્રો તથા અસ્ત્રોના સમૂહો, વૃક્ષો, પથ્થરો તથા અનેક પર્વતોનાં શિખરોથી પણ ઈન્દ્રના સૈનિકોને ઘાયલ ન થયેલા અને ક્ષેમકુશળ જોઈ, વૃત્રાસુર જેઓનો સ્વામી હતો એવા તે અસુરો ત્રાસ પામ્યા. તે દેવગણો ઉપર દૈત્યોએ જે જે પ્રયાસો કર્યા તે સર્વે નિષ્ફળ ગયેલા જોઈ અસુરોનો ગર્વ યુદ્ધમાં નાશ પામ્યો, કેમકે તેઓનું ધૈર્ય દેવોએ હર્યું હતું, જેથી તેઓએ પોતાના સ્વામીને યુદ્ધને મોખરે છોડી નાસી જવા લાગ્યા, એટલે મનસ્વી અને વીર વૃત્રાસુરે પોતાના અનુયાયી અસુરોને એમ નાસતા જોઈ તેમજ તીવ્ર ભયથી પલાયન કરી ગયેલા સૈન્યમાં ભંગાણ પડી ગયેલું જોઈ, ખડખડાટ હસીને કહ્યુંઃ "હે અસુરવીરો! તમે મારું વચન સાંભળો. જન્મેલા પ્રાણીનું મૃત્યુ તો અવશ્ય છે જ. તે મૃત્યુનો આ જગતમાં કોઈ પ્રકારે ઉપાય થઈ શકયો નથી. તો મૃત્યુથી આ લોકમાં યશ અને સ્વર્ગલોક જો મળતો હોય તો કયો પુરુષ તે ઉત્તમ મૃત્યુને ન સ્વીકારે? આ જગતમાં બે મૃત્યુ શાસ્ત્રમાં દુર્લભ માન્યાં છેઃ એક તો બ્રહ્મધારણાથી શરીર તજવું તે અને બીજું રણભૂમિમાં મોખરે જઈ પાછી પાની કર્યા વિના શરીર છોડવું તે છે."

પરંતુ પોતાના સ્વામીનું તે ધર્મવચન ભયથી ત્રાસ પામેલા અને બેભાન થઈ નાસવા તૈયાર થયેલા અસુરોએ ન જ માન્યું. કાળ જેઓને અનુકૂળ હતો એવા દેવોએ અનાથની પેઠે નસાડાતી અસુરોની સેનાને છિન્નભિન્ન થતી જોઈ અસુરોમાં શ્રેષ્ઠ ઈન્દ્રશત્રુ વૃત્રાસુર અત્યંત ક્રોધિત થયો. તેણે તે સહન ન કરી દેવોને પોતાના બળથી અટકાવી તિરસ્કાર કરી આ પ્રમાણે કહ્યુંઃ "અરે ઓ! યુદ્ધમાંથી નાસતા આ દૈત્યોને પાછળથી તમે મારો છો તેથી શું ફળ મળવાનું છે? ભયભીતનો વધ કરવો, એ પોતાને શૂરવીર માનનારાઓને વખાણવા યોગ્ય કે સ્વર્ગ આપનાર પણ નથી. ઓ ક્ષુદ્ર દેવો! તમને જો યુદ્ધ કરવાની શ્રદ્ધા હોય, તમારામાં ધૈર્ય હોય અને તમને વિષયસુખની જો ઈચ્છા ન હોય તો ક્ષણવાર મારી સામે ઊભા રહો." એમ કહી ક્રોધાયમાન થયેલા મહાબળવાન વૃત્રાસુરે શરીરથી શત્રુ દેવગણોને ભયભીત કરી મોટી ગર્જના કરી, જેથી લોકો બેભાન થયા અને સર્વે દેવગણો પણ વૃત્રાસુરની તે ગર્જનાથી જાણે વજ્રથી હણાયા હોય તેમ મૂર્છિત થઈ ધરણી પર ઢળી પડયા. પછી જેમ મદોન્મત્ત હાથી ઘાસના વનને ખૂંદે તેમ રણરંગથી મદોન્મત્ત બનેલો વૃત્રાસુર ત્રિશૂળ ઉગામી પૃથ્વીને કંપાવતો, આંખો મીંચીને આતુર થઈ પડેલા દેવોના સૈન્યને બંને પગ વડે બળથી ખૂંદવા લાગ્યો. તે વજ્રધારી ઈન્દ્ર પણ જોઈને સહન કરી શકયો નહીં. તેણે સામેથી ધસી આવતા પોતાના શત્રુ સામે એક મોટી ગદા ફેંકી, પણ વૃત્રાસુરે, સામી આવતી તે અતિ દુઃસહ ગદાને રમત માત્રમાં ડાબા હાથથી પકડી લીધી અત્યંત કોપેલા તે મહાપ્રતાપી ઈન્દ્રશત્રુએ મોટી ગર્જના કરીને તે જ ગદાથી ઈન્દ્રના વાહન ઐરાવતને ગંડસ્થળમાં મારી. વૃત્રાસુરની એ ગદા લાગતાં ઐરાવત હાથી વજ્ર વડે મારેલા પર્વતની

પેઠે ઘૂમરીઓ ખાવા લાગ્યો અને તેનું મોઢું પણ ભાંગી ગયું, જેથી તેને એટલી વેદના થઈ કે લોહીને ઓકતો તે ઈન્દ્રની સાથે સાત ધનુષ્ય પાછો હઠી ગયો. એ રીતે જેનું વાહન ઐરાવત ઘવાયો હતો અને તેથી જેનું ચિત્ત વ્યગ્ર બન્યું હતું, એવા ઈન્દ્ર પર મહાત્મા વૃત્રાસુરે ફરી ગદા ન મારી; એટલે ઈન્દ્રે અમૃત ઝરતા પોતાના હાથના સ્પર્શથી ઘવાયેલા હાથીની પીડા દૂર કરી યુદ્ધમાં ઊભો રહ્યો. એ રીતે યુદ્ધની ઈચ્છાથી સામે ઊભેલા વજ્ર ધારણ કરતા અને પોતાના ભાઈ વિશ્વરૂપનો વધ કરનાર શત્રુ, તે ઈન્દ્રને જોઈ, વુત્રાસુરને તેનું તે હત્યારૂપ ક્રૂર કર્મ યાદ આવ્યું અને તેથી શોક અને મોહથી વ્યાકુળ બની હસતાં હસતાં તેણે કહ્યું. "બ્રાહ્મણોનો ઘાત કરનાર, ગુરુની હત્યા કરનાર અને મારા ભાઈનો નાશ કરનાર તું મારો શત્રુ આજે મારી સામે જે ઊભો છે, તે ઠીક થયું. ઓ મહાપાપી! સારું થયું કે તું મારી સામે આવ્યો; કારણ કે આજે હું તારા પથ્થર જેવા કઠોર હૃદયને ચીરી નાખીને જલદીથી જ ભાઈના ઋણમાંથી મુકત થઈશ. મારો મોટો ભાઈ આત્મજ્ઞાની, બ્રાહ્મણ, તારો ગુરુ, પાપરહિત અને યજ્ઞદીક્ષિત હતો. જેમ સ્વર્ગની ઈચ્છાવાળો નિર્દય યાજ્ઞિક પશુનું મસ્તક કાપે તેમ સ્વર્ગની ઈચ્છાવાળા તે નિર્દયે વિશ્વાસ આપી તેનાં ત્રણે મસ્તકો કાપ્યાં છે. તેથી જ તું લજજા, લક્ષ્મી, દયા તથા કીર્તિથી ભ્રષ્ટ છે અને પોતાના કર્મને લીધે રાક્ષસોને પણ નિંદવા યોગ્ય છે; માટે મારા ત્રિશૂળથી ચિરાયેલા શરીરવાળા અને મહાકષ્ટ વડે મરેલા તને અગ્નિનો સ્પર્શ નથતાં ગીધડાંઓ ખાઈ જશે. વળી બીજા પણ જે મૂર્ખાઓ ઘાતકી એવા તારી પાછળ પોતાનાં શસ્ત્રો ઉગામી આ યુદ્ધમાં મને પ્રહાર કરવા જો તૈયાર થશે તો તેઓનાં પણ ગળાં આ તીક્ષ્ણ ત્રિશૂળથી છેદી તે વડે ગણો સહિત ભૈરવાદિ દેવોની હું પૂજા કરીશ. અથવા હે વીર ઈન્દ્ર! તું પોતે જ આ યુદ્ધમાં મને વજ્ર વડે મારો. મારું મસ્તક જો કાપીશ તો હું પણ મારાં કર્મબંધનોથી છૂટશ અને શિયાળ વગેરે પ્રાણીઓને મારા શરીરનું બલિદાન કરી મનસ્વીઓની ચરણરજ પામીશ. ઓ દેવોના રાજા! હું તારો શત્રુ તારી સામે જ ઊભો છું, છતાં તું તારું અમોઘ વજ્ર મારા ઉપર કેમ ફેંકતો નથી? જેમ ગદા નિષ્ફળ ગઈ તેમ વજ્ર નિષ્ફળ નહીં થાય."

એ પ્રમાણે, યુદ્ધમાં પોતાના શરીરને ત્યજવા ઈચ્છતો અને વિજય કરતાં મૃત્યુને જ શ્રેષ્ઠ માનનારો વૃત્રાસુર હાથમાં ત્રિશૂળ લઈ, જેમ પ્રલયકાળના જળમાં કૈટભ દૈત્ય મહાપુરુષ શ્રીવિષ્ણુ સામે ધસ્યો હતો તેમ ઈન્દ્ર સામે ધસ્યો. પછી પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણ શિખાવાળા ત્રિશૂળને ભમાવી તે વીર અસુર રાજાએ બળથી ઈન્દ્ર સામે ફેંકયું અને "ઓ પાપી! હવે તું મરવાનો છે," એમ ક્રોધથી ગર્જના કરી કહ્યું. તેણે ફુંકેલું એ ત્રિશૂળ આકાશમાં આવતું હતું ત્યારે તે ચાલતા સૂર્ય જેવું અને અંગારા જેવું મુશ્કેલીએ જોવાય તેવું હતું. તેને જોઈને જરાં પણ ગભરાયા વિના ઈન્દ્રે સો આરાવાળા વજ્રથી તેને કાપી નાખ્યું અને સર્પરાજના શરીર જેવા વૃત્રાસુરના જમણા હાથને પણ કાપી નાખ્યો. એ રીતે હાથ કપાયો એટલે અત્યંત આવેશમાં આવેલા વૃત્રાસુરે વજ્ર ધરતાં ઈન્દ્રની સમીપ જઈ તેને

તથા તેના હાથી ઐરાવતની હડપચીમાં મોટી ભોગળનો પ્રહાર કર્યો, જેથી ઇન્દ્રના હાથમાંથી વજ્ર પડી ગયું. વૃત્રાસુરનું એ કર્મ અતિ અદ્‌ભુત હતું. તેની દેવો, અસુરો, ચારણો તથા સિદ્ધોનાં ટોળાં પ્રશંસા કરવા લાગ્યાં અને ઇન્દ્રનું સંકટ જોઈ હાહાકાર કરવા લાગ્યાં. શત્રુની સમક્ષ એ રીતે પોતાના હાથમાંથી વજ્ર પડી ગયું એથી ઇન્દ્ર શરમાઈ ગયો. તેણે તે વજ્ર લીધું નહીં એટલે વૃત્રાસુર તેને કહેવા લાગ્યોઃ "તું તારું વજ્ર લઈ પોતાના શત્રુને મારી નાખ. આ ખેદ કરવાનો વખત નથી. હે ઇન્દ્ર! તું મારા તરફ જો, હું યુદ્ધમાં હાર્યો છું, મારાં આયુધો અને એક હાથ પણ કપાયો છે, છતાં તારા પ્રાણ લેવાની ઈચ્છાથી યથાશકિત પ્રયાસ કરું છું, પણ તારી પેઠે ખેદ કરતો નથી. આ યુદ્ધ એક જાતનો જુગાર જ છે. આમાં પ્રાણ શરત છે, બાણો પાસાં છે અને વાહનો ખાનાં છે. એમાં કોનો જય કે કોનો પરાજય થશે એ કોઈ જાણતું નથી."

વૃત્રાસુરનું એ નિષ્કપટ વચન સાંભળી ઇન્દ્ર તેની પ્રશંસા કરવા લાગ્યો અને વજ્ર લઈ આશ્ચર્યરહિત થઈ હસીને તેને કહેવા લાગ્યોઃ "અહો, હે દાનવ! તું સિદ્ધ છે, કારણ કે તારી આવી બુદ્ધિ છે. સર્વના આત્મા અને મિત્ર જગતના ઈશ્વરને તેં સર્વ પ્રકારે સેવ્યા છે. ખરેખર તું લોકોને મોહ પમાડનારી વિષ્ણુભગવાનની માયાને તર્યો છે, કારણકે તું આસુરીભાવ છોઠી મહાપુરુષપણું પામ્યો છે. ખરેખર! આ મોટું આશ્ચર્ય છે કે તું રજોગુણી પ્રકૃતિવાળો હોવા છતાં તને સkવમય ભગવાન વાસુદેવમાં આવી દઢ બૃદ્ધિ થઈ છે! જેને મોક્ષના અધીશ્વર ભગવાન શ્રીહરિમાં ભકિત હોય અને જે સચ્ચિદાનંદરૂપી અમૃતના સમુદ્રમાં રમતો હોય, તેને ક્ષુદ્ર ખાડાના જળ જેવાં સ્વર્ગાદિનું શું પ્રયોજન હોય!"

આમ, ધર્મ જાણવાની ઈચ્છાથી પરસ્પર એમ કહેતા તે બંને મહાપરાક્રમી અને યુદ્ધક્ષેત્રના નાયક ઇન્દ્ર તથા વૃત્રાસુર ફરી યુદ્ધ કરવા લાગ્યા. શત્રુઓને દમનાર વૃત્રાસુરે લોખંડની ભયંકર ભોગળ ડાબે હાથે ભમાવીને ઇન્દ્ર સામે ફેંકી, પણ ઇન્દ્રે વૃત્રાસુરની તે ભોગળને તથા હાથીની સૂંઢ જેવા તેના ડાબા હાથને સલ આરાવાળા વજ્રથી એકીસાથે કાપી નાખ્યાં. એ રીતે મૂળમાંથી કપાયેલા બે હાથમાંથી લોહી ઝરતો તે અસુર ઇન્દ્રે પ્રહાર કરેલો અને કપાયેલી પાંખોવાળો પર્વત જેમ આકાશમાંથી પડયો હોય તેમ શોભતો હતો. પછી તે દૈત્ય પોતાના નીચલા જડબાને આકાશમાં રાખી આકાશ જેવા ગંભીર મુખથી સર્પ જેવી ઉગ્ર જીભથી અને કાળ સરખી દાઢોથી જાણે ત્રણે જગતને ગળી જવા તૈયાર થયો હોય, તેમ ઘણું મોટું શરીર ધારણ કરી બળપૂર્વક પર્વતો ફેંકવા લાગ્યો. તે જાણે પગે ચાલતો પર્વત હોય તેમ પોતાના પગ વડે પૃથ્વીને ચૂર્ણ કરતો ઇન્દ્ર સામે ધસી જઈ વાહન સાથે તેને ગળી ગયો. જેમ મહાબળવાન અને મહાપરાક્રમી અજગર હાથીને ગળી જાય તેમ વૃત્રાસુર ઇન્દ્રને ગળી ગયો, તે જોઈ પ્રજાપતિઓ અને મહર્ષિઓ સહિત દેવતાઓ " અરેરે! બહુ જ ભૂંડુ થયું" એમ ખેદ કરતાં બૂમો પાડવા લાગ્યા. ઇન્દ્ર એ પ્રમાણે અસુરરાજાથી ગળી જવાયો છતાં તેના પેટની

અંદર જઈ મરણ પામ્યો નહીં, કારણ કે તે મહાપુરુષ શ્રીનારાયણરૂપી કવચથી અને યોગમાયાના બળથી સુરક્ષિત હતો. પછી મહાસમર્થ ઈન્દ્ર તેના પેટને ચીરી બહાર નીકળ્યો અને જેમ પર્વતના શિખરને કાપે તેમ તેણે શત્રુના મસ્તકને બળથી કાપી નાખ્યું. એ સમયે શીઘ્ર વેગવાળા ઈન્દ્રના વજ્રે વૃત્રાસુરને મારવા માટે ચારે તરફ ઘૂમીને તેની ડોકને કાપવા માંડી અને ત્રણસોને સાઠ દિવસે તે ડોક કાપી. એ વખતે આકાશમાં દુંદુભિ વાગ્યાં, મહર્ષિઓના સંઘો સાથે ગંધર્વો તથા સિદ્ધો ગર્જના કરી રહ્યા અને વૃત્રાસુરનો વધ કરનાર ઈન્દ્રના પરાક્રમને પ્રકટ કરતા વેદમંત્રોથી ઈન્દ્રની સ્તુતિ કરતા પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. વૃત્રાસુર એ રીતે મરાયો ત્યારે ઈન્દ્ર સિવાય તમામ લોકપાલો સાથે તરત જ સંતાપરહિત અને શાંત ઈન્દ્રિયોવાળા થયા. પછી તે દેવો, ઋષિઓ, પિતૃઓ, બીજાં સર્વ પ્રાણીઓ, દૈત્યો, દેવોના અનુચરો તથા બ્રહ્મા, શંકર અને ઈન્દ્ર વગેરે પોતપોતાને સ્થાને ગયા.''[૩૨૯]

શ્રીમદ્‌ભાગવતપુરાણના છઠ્ઠા સ્કંધના ૧૪ થી ૧૭ સુધીના અધ્યાયમાં વૃત્રાસુરના પૂર્વ જન્મનું કથાનક વર્ણવાયું છે. તદનુસાર, વૃત્રાસુર પૂર્વજન્મમાં શૂરસેન નામના દેશનો પ્રખ્યાત, પરાક્રમી, વિષ્ણુભકત અને ચક્રવર્તી રાજા હતો. પુત્રમરણના શોકને કારણે, તે નારદ તથા અંગિરામુનિ પાસેથી તkવોપદેશ પામ્યો હતો. એક સમયે પાર્વતીને ખોળામાં બેસાડેલા અને સિદ્ધો, મુનિઓ તથા ચારણોથી વીંટળાયેલા શંકરને જોઈ હાંસી કરતા, પાર્વતીના મુખથી અસુરયોનિને પ્રાપ્ત કરવાનો શાપ પામ્યો. તેણે પાર્વતીના શાપને મસ્તક વડે સ્વીકાર્યો અને દાનવયોનિનો આશ્રય લઈ ત્વષ્ટાથી દક્ષિણાગ્નિમાં ઉત્પન્ન થયો અને વૃત્રાસુર નામે પ્રખ્યાત થઈ, અસુરજન્મમાં પણ શાસ્ત્રજ્ઞાન અને અપરોક્ષજ્ઞાનથી યુકત હતો.

આ પ્રમાણે, શ્રીમદ્‌ભાગવતપુરાણકારે ઈન્દ્ર–વૃત્રાસુરસંગ્રામને સવિસ્તર વર્ણવ્યો છે. જો કે વૈદિક સાહિત્યમાં વર્ણવાયેલ આ સંગ્રામકથા કરતાં ભાગવતકારે ઘણા જ સૂચિત ફેરફારો કર્યા છે. આ યુદ્ધકથાના નાયક ઈન્દ્રના વૈદિક સ્વરૂપને બદલે, અહીં પુરાણકારે તેના પૌરાણિક સ્વરૂપને વધુ પોષ્યું છે.

## ૩:૧૧, ધાત્રસંગ્રામ

આ સંગ્રામનો પ્રતિનાયક ધાત્ર એક વીર યોદ્ધો હતો. 'વાર્ત' તેનું નામાંતર હોવાનું, સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ જણાવે છે.[૩૩૦] દ્વાદશ દેવાસુરસંગ્રામો વિષે જયાં નોંધવામાં આવ્યું છે, તે સ્થળોએ[૩૩૧] આ સંગ્રામ વિષયક કશી વિસ્તૃત માહિતી પ્રાપ્ત થતી નથી. મત્સ્યપુરાણ પ્રમાણે, દ્વાદશદેવાસુરસંગ્રામોમાં આ દસમો સંગ્રામ છે. પદ્મપુરાણમાં આને **'ध्वजश्च दशमः'** કહેલ છે.[૩૩૨] અર્થાત્, આ સંગ્રામનાં 'ધાત્ર' ઉપરાંત 'ધ્વજ' કે 'ધ્વજપાત્' જેવાં અન્ય નામો પણ પ્રાપ્ત થાય છે. આ ધ્વજ કે ધાત્ર કશ્યપ તથા દનુનો પુત્ર અને વિપ્રચિત્તિનો ભાઈ હતો. વિપ્રચિત્તિ વિશે નોંધતાં સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવ જણાવે છે કે– **''इसके भाइयों में ध्वज नामक असुर प्रमुख था ।''** [૩૩૩] મત્સ્યપુરાણ, દનુ અને કશ્યપના સંયોગથી સો પુત્રો જન્મ્યા હોવાનું જણાવે છે, જેમાં વિપ્રચિત્તિ મુખ્ય હતો. એ ઉપરાંત, દ્વિમૂર્ધા, શકુનિ, શંકુશિરોધર, અયોમુખ, શંબર, કપિશ, વામન, મારીચિ, મેઘવાન્, ઈરાગર્ભશિરા, વિદ્રાવણ, કેતુ, કેતુવીર્ય, શતહ્રદ, ઈન્દ્રજિત્, સપ્તજિત્, વજ્રનાભ, એકચક્ર, મહાબાહુ, વજ્રાક્ષ, તારક, અસિલોમા, પુલોમા, બિન્દુ, મહાસુર બાણ, સ્વર્ભાનુ વગેરે પુત્રો થયા.[૩૩૪] આ બધામાં ધ્વજનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. જો કે કશ્યપ અને દનુના એક પુત્રનું નામ 'કેતુ' હોવાનું જણાય છે[૩૩૫] અને આ કેતુના સમાનાર્થી તરીકે 'ધ્વજ' ને ગણી શકાય છે. પ્રસ્તુત સંગ્રામમાં ઈન્દ્રે તેનો વધ કર્યો હતો.

સામાન્યરીતે, આ બારદેવાસુરસગ્રામો દિતિ અને અદિતિના પુત્રો વચ્ચે મુખ્યત્વે લડાયા હોય, તેમ લાગે છે. કશ્યપપત્ની દનુનાં સંતાનો તો માત્ર દૈત્યોના સહાયકો તરીકે જ પ્રતીત થાય છે.

આ સંગ્રામની પૂર્વે થઈ ગયેલા નવ દેવાસુરસંગ્રામોમાં મુખ્ય–મુખ્ય તમામ દૈત્યો અને દાનવો હણાઈ ચૂકયા હતા. તેથી, એકમાત્ર વિપ્રચિત્તિને બાદ કરતાં, એ તમામ દૈત્ય–મહાવીરોના સમાન અતિ બલશાલી, શૂરવીર, શસ્ત્રવિદ્યામાં પ્રવીણ, મહા ઓજસ્વી તથા માયાયુદ્ધનો જાણકાર એક પણ દૈત્ય કે દાનવ બાકી બચ્યો ન હતો. અંતિમ ત્રણ દેવાસુરસંગ્રામોના વર્ણન પરથી આવું અનુમાન કરી શકાય છે. ઉપરાંત, એવી કલ્પના પણ કરી શકાય છે કે, આ દસમો ધાત્રસંગ્રામ, અગિયારમો હાલાહલસંગ્રામ અને બારમો કોલાહલસંગ્રામ માત્ર બાકી બચેલા દૈત્યો, દાનવો તથા અસુરોના કુળોના સંપૂર્ણ ઉચ્છેદન માટે જ લડાયા હશે. સંભવતઃ આ ત્રણે સંગ્રામો એક જ મહાસંગ્રામના ત્રણ વિભાગો હશે, જેમાં યુદ્ધમાં દૈત્યોના સહાયક બનનારા દાનવો તથા બાકી બચેલા દૈત્યોનો સંહાર કરવામાં આવ્યો હશે. અંતિમ કોલાહલસંગ્રામના સંદર્ભે મત્સ્યપુરાણકાર નોંધે છે કે, **''ततो विनाशिताः सर्वे येऽवध्या वज्रपाणिना ।''** અર્થાત્, ''જે ઈન્દ્ર દ્વારા અવધ્ય હતા, તે બધાનો (રાજા રજિ વડે) વધ કરવામાં આવ્યો.''[૩૩૬] એથી પણ એ વાતને પુષ્ટિ મળે છે.

## ૩:૧૨, હાલાહલસંગ્રામ

દેવાસુરસંગ્રામોમાં આ અગિયારમો સંગ્રામ છે. આ સંગ્રામમાં દૈત્યો પક્ષે વિપ્રચિતિ નાયક હતો. કશ્યપ તથા દનુના સો પુત્રોમાં તે મુખ્ય હતો.[૩૩૭] મહાભારતમાં દનુના પુત્રોની સંખ્યા ચોત્રીસ બતાવી છે.[૩૩૮] શ્રીમદ્ભાગવતપુરાણમાં એ સંખ્યા એકસઠની છે અને એમાંથી મુખ્ય અઢારનાં નામો આપવામાં આવ્યાં છે, જેમાં વિપ્રચિત્તિ પણ એક છે.[૩૩૯] દનુપુત્રોમાં આ વિપ્રચિત્તિ સૌથી વધારે બલશાલી અને પરાક્રમી તથા દીર્ઘજીવી હતો. તેણે વૃત્રાસુર તથા હિરણ્યકશિપુ દ્વારા ઈન્દ્રની સામે કરવામાં આવેલા યુદ્ધોમાં દૈત્યપક્ષે રહીને ભાગ લીધો હતો.[૩૪૦] બલિ વૈરોચન તથા ઈન્દ્રના યુદ્ધમાં પણ તે સહભાગી થયો હતો. વામન દ્વારા કરવામાં આવેલ 'બલિબંધન' ના સમયે, તે વામનની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો હતો.[૩૪૧] દેવો અને અસુરો દ્વારા કરવામાં આવેલ અમૃતમંથન–પ્રસંગે પણ તે ઉપસ્થિત હતો.[૩૪૨] તે હિરણ્યકશિપુની બહેન સિંહિકાને પરણ્યો હતો, જેનાથી તેને એક સો એક પુત્રો થયા હતા.[૩૪૩] મત્સ્યપુરાણાનુસાર, તેને તેર પુત્રો હતા.[૩૪૪] વિષ્ણુપુરાણમાં તે સંખ્યા બાર દર્શાવી છે. સિંહિકાના પુત્રો હોવાથી એ બધા સૈંહિકેય તરીકે ઓળખાતા હતા– **'सिंहिकायामथोत्पन्ना विप्रचित्तेः सुतास्तथा ।'** [૩૪૫]

આ હાલાહલસંગ્રામનો પ્રતિનાયક એ વિપ્રચિત્તિ જ હતો. આ સંગ્રામમાં અનેક અસુરોનો સંહાર થયો હતો. આ યુદ્ધમાં વિષ્ણુની સહાયતા મેળવીને ઈન્દ્રે અસુરગણોની સાથે દાનવરાજ વિપ્રચિત્તિને મૃત્યુના સંકટમાં મૂકી દીધો હતો. આ યુદ્ધમાં માયાવી અને યોગ જાણનાર વિપ્રચિત્તિએ ઈન્દ્રથી બચવા માટે ધ્વજનું રૂપ ધારણ કર્યું હતું. સંભવતઃ તેણે ધાત્રસંગ્રામમાં મૃત્યુ પામનાર ધ્વજનું રૂપ, ઈન્દ્રને મોહ ઉપજાવવા માટે ધારણ કર્યું હશે. મત્સ્યપુરાણકાર નોંધે છે કે–

**''तदा विष्णुसहायेन महेन्द्रेण निवर्तितः ।**
**हतो ध्वजे महेन्द्रेण मायाच्छन्नस्तु योगवित् ।**
**ध्वजलक्षणमाविश्य विप्रचित्तिः सहानुजः ।।''**[૩૪૬]

આ પ્રમાણે, ઈન્દ્ર દ્વારા જયારે ધ્વજનો વધ કરવામાં આવ્યો, ત્યારે યોગને જાણનાર, તે વિપ્રચિત્તિએ માયાનો આશ્રય લઈને ધ્વજનું રૂપ ધારણ કર્યું; પરંતુ ધ્વજના લક્ષણમાં રહેલા તેનો, મહેન્દ્રે ભાઈઓ સહિત નાશ કર્યો.

આ સંગ્રામનું મહkત્વ એ છે કે, વિપ્રચિત્તિનો આ સંગ્રામમાં વધ થતાં, દૈત્યો તથા દાનવોના લગભગ તમામ બલવાન અને પ્રતાપી મહાવીરો નામશેષ થઈ ચૂકયા હતા, જેથી એમના પક્ષે દેવોની વિરુદ્ધમાં સક્ષમ નેતાગીરી પૂરી પાડી શકે, તેવા દૈત્ય કે દાનવનો અભાવ સર્જાયો હતો. દૈત્યો અને દાનવોમાં દૈત્યો વધારે શકિતશાળી હોવાનું આ સંગ્રામોના આધારે જાણી શકાય છે. કેમ કે, પ્રારંભના મુખ્ય અને અતિ ભયંકર દેવાસુરસંગ્રામો દૈત્યોની અધ્યક્ષતામાં જ લડાયા હતા. દાનવો તો તેમાં માત્ર સહાયક જ હતા. જો કે, ત્રિપુરસંગ્રામના સમયે દાનવોની શકિત અને સત્તા વધી હોય તેમ જણાય છે. ત્રિપુરસંગ્રામની આગેવાની લેનાર મય દાનવ હતો.

## ૩:૧૩, કોલાહલસંગ્રામ

આ અંતિમ સંગ્રામ ઈન્દ્ર અને દૈત્યો તથા દાનવો વચ્ચે લડાયો હોવાનું અને તેમાં મહેન્દ્રનો વિજય થયો હોવાનું મત્સ્યપુરાણનું કથન છે–

**''दैत्यांश्च दानवांश्चैव संयतान्किल संयुतान् ।**
**जयन्कोलाहले सर्वान्दैवैः परिवृत्तो वृषा ।।''** [૩૪૫]

ઈન્દ્રે, આ સંગ્રામમાં દૈત્યો તથા દાનવો પર વિજય મેળવ્યો, તે કારણે ઉત્સાહમાં આવીને દેવોએ જયજયકારનો કોલાહલ મચાવી દીધો હોવાથી, આ સંગ્રામ 'કોલાહલ' નામથી ઓળખાયો હોવાનું અનુમાન અહીં કરી શકાય છે. વાયુપુરાણમાં આ સંગ્રામ કોલાહલ નામના પર્વત પર લડાયો હોવાનો નિર્દેશ પ્રાપ્ત થતો હોવાથી,[૩૪૬] તે કારણે પણ આ સંગ્રામ 'કોલાહલસંગ્રામ' તરીકે પ્રસિદ્ધ થયો હોઈ શકે. જો કે, વાયુપુરાણમાં તે સ્થાને આ સંગ્રામ, તે સમયે ઈન્દ્રપદ પર આસન્ન પુરુરવાના પૌત્ર રાજા રજિના નાયકપણા નીચે લડાયો હોવાનો અને દેવતાઓની સહાયથી રજિએ તેમાં વિજય પ્રાપ્ત કર્યો હોવાનો નિર્દેશ પણ છે. તેથી ઈન્દ્રની અનુપસ્થિતિ કે અશકિતમાન અવસ્થામાં પણ આ સંગ્રામમાં દેવોએ વિજય મેળવ્યો, એ દેવોએ કરેલા અત્યંત કોલાહલનું એક મનોવૈજ્ઞાનિક કારણ હોઈ શકે છે. આ અંતિમ મહાસંગ્રામમાં વિજય પ્રાપ્ત થવાથી અને સેંકડો વર્ષોથી થઈ રહેલા સંઘર્ષના અંતથી ઉત્સાહિત થયેલા દેવોએ સ્વાભાવિકપણે જ કોલાહલ કર્યો હશે.

આ રાજા રજિ, પ્રતિષ્ઠાનપુરના પ્રસિદ્ધ ચન્દ્રવંશી રાજા પુરુરવાના પુત્ર આયુનો પુત્ર હતો.[૩૪૭] મહાભારત અનુસાર, તેની માતાનું નામ પ્રભા હતું અને તે દાનવ રાજા સ્વર્ભાનુની કન્યા હતી. તેના અન્ય ચાર ભાઈઓનાં નામો અનુક્રમે નહુષ, ક્ષત્રવૃદ્ધ, રંભ તથા અનેનસ્ (વિપાપ્મા) હતાં, જે પણ ઈતિહાસપ્રસિદ્ધ રાજાઓ છે.[૩૪૮] તેના સો પુત્રો 'રાજેય' તરીકે ઓળખાતા હતા (**रजेः पुत्रशतं जज्ञे राजेयमिति विश्रुतम्**)[૩૪૯] અને તેનો નાશ સ્વયં ઈન્દ્રે કર્યો હોવાની કથા અનેક પુરાણોમાં વર્ણવાયેલી છે.[૩૫૦] રાજા રજિ પોતે એક પરમ પ્રતાપી અને શૂરવીર રાજા હતો અને યુદ્ધમાં તે જેના પક્ષે રહેતો તેને વિજય પ્રાપ્ત કરાવતો હતો. વાયુપુરાણમાં તેને વિષ્ણુનો અવતાર કહેવામાં આવેલ છે.[૩૫૧] મત્સ્યપુરાણ, તે વિષ્ણુનો પરમ ભકત હોવાનું જણાવે છે.[૩૫૨] મત્સ્યપુરાણ આગળ નોંધે છે કે–

"તેની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન વિષ્ણુએ, તેને અનેક વરદાનો આપ્યાં હતાં, જેના પ્રભાવથી રજિ, પોતાના સમયના અનેક દેવ, અસુર તથા મનુષ્ય રાજાઓનો વિજેતા બન્યો હતો. એકવાર, દેવતાઓ તથા દાનવો વચ્ચે, જે ત્રણસો વરસથી ભીષણ યુદ્ધ થઈ રહ્યું હતું, તેમાં પ્રહ્લાદ તથા ઈન્દ્ર લડી રહ્યા હતા. પરંતુ એટલા સમય પછી પણ કોઈ વિજયી થઈ શકયું ન હતું. અંતે, દેવો તથા દાનવો બંને પક્ષવાળાઓએ બ્રહ્માને પૂછ્યું કે–**''अनयोर्विजयी कः स्यात् ?''** અર્થાત્, "આ બન્નેમાંથી કોણ વિજયી થશે?" ત્યારે તેના પ્રત્યુત્તરમાં બ્રહ્માએ કહ્યું

કે–**''રજિર્યત્રેતિ''** અર્થાત્, ''રાજા રજિ જે પક્ષમાં હશે, તે વિજયી થશે.'' બ્રહ્માની એ વાત સાંભળીને રાક્ષસોએ પોતાના પક્ષના વિજય માટે રાજા રજિને પ્રાર્થના કરી કે, ''તમે અમારા સહાયક થાઓ'' રાજાએ કહ્યું– ''જો હું તમારો રાજા થાઉં, તો પૂરતી સહાયતા કરું.'' રાક્ષસોએ તેના એ પ્રસ્તાવનો સ્વીકાર ન કર્યો, પરંતુ દેવતાઓએ સ્વીકાર કર્યો અને કહ્યું કે–**''स्वामी भव त्वमस्माकं संग्रामे नाशय द्विषः ।''** અર્થાત્, ''તું અમારો સ્વામી થા અને સંગ્રામમાં શત્રુઓનો નાશ કર.'' આ રીતે, રજિના દેવપક્ષના સહાયક બનવાથી, એ તમામ દૈત્યો મરાયા કે જેનો અત્યાર સુધી વધ થઈ શકયો ન હતો. રજિના આ કાર્યથી સંતુષ્ટ થઈને સ્વયં ઇન્દ્રે તેના પુત્ર બનવાનું સ્વીકાર્યું. ઇન્દ્રના એ કાર્યથી રજિએ પુનઃ તમામ રાજકારભાર ઇન્દ્રને સુપ્રત કર્યો અને પોતે તપસ્યાને માટે વનમાં પ્રસ્થાન કર્યું. આથી રજિના તપસ્વી અને બળવાન પુત્રોએ, બળપૂર્વક ઇન્દ્રના ધન, સંપત્તિ તથા યજ્ઞમાં મળતા ભાગને પડાવી લીધા. રજિપુત્રો દ્વારા પદરહિત થયેલા અતિ દીન અને દુઃખી ઇન્દ્રે પોતાના ગુરુ બૃહસ્પતિ પાસે જઈને કહ્યું– ''હે ગુરુદેવ! રજિના પુત્રોએ મને બહુ જ સતાવ્યો છે. મારું સામ્રાજય છીનવી લીધું, યજ્ઞાદિ કાર્યોમાંથી પણ મારો ભાગ લઈ લીધો. હું એકદમ હારી ગયો છું. હે બૃહસ્પતિ! મને પુનઃ રાજયપ્રાપ્તિ થાય, તે માટે કંઈક ઉપાય કરો.'' ઇન્દ્રની એ વિનીત પ્રાર્થનાથી દેવગુરુ બૃહસ્પતિએ ગ્રહશાંતિ વગેરે પુષ્ટિદાયક કર્મોથી ઇન્દ્રને અતિશય બળવાન તથા સાહસી બનાવ્યો, જેથી ઇન્દ્રે રજિના પુત્રો પાસે જઈને તેઓને મોહિત કરી દીધા અને વેદની અમોઘ શકિતને જાણીને, તેઓને વિનાશના માર્ગે જવા માટે જૈનધર્માવલંબી બનાવીને ત્રણે વેદો દ્વારા પ્રશસ્ત સનાતન ધર્મથી ભ્રષ્ટ કર્યા અને એ રીતે તેઓને વેદોકત ધર્મથી બહિષ્કૃત હેતુવાદી માનીને પોતાના વજ્રથી તેઓને મારી નાખ્યા.''[૩૫૩]

શ્રીમદ્ભાગવતપુરાણમાં પણ આ કથા અતિ સંક્ષિપ્તરૂપે આ પ્રમાણે વર્ણવાયેલી છેઃ

''આયુના પુત્ર રજિને અમાપ બળવાળા પાંચસો પુત્રો હતા. એકવાર દેવોએ રજિને પ્રાર્થના કરેલી, તેથી તેણે દૈત્યોનો નાશ કરી ઇન્દ્રને સ્વર્ગ સોંપ્યું હતું; પરંતુ ઇન્દ્રે પ્રહ્લાદ વગેરે શત્રુઓથી ભય પામી, રજિના બન્ને ચરણોનો સ્પર્શ કરી, સ્વર્ગનું રાજય તેને પાછું આપીને પોતાનું શરીર પણ અર્પણ કર્યું હતું. પછી પિતા રજિ મરણ પામ્યો એટલે ઇન્દ્રે તેના પુત્રો પાસે સ્વર્ગની માગણી કરી; પણ તેઓએ ઇન્દ્રને સ્વર્ગ આપ્યું નહીં અને યજ્ઞના ભાગો પણ પોતે લેવા માંડયા. તેથી તેઓની બુદ્ધિ ભ્રષ્ટ કરવા ગુરુ બૃહસ્પતિએ અભિચાર મંત્રથી અગ્નિમાં હોમ કર્યો કે તરત જ ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલા રજિના બધા જ પુત્રોને ઇન્દ્રે મારી નાખ્યા.''[૩૫૪]

આ પ્રમાણે, શ્રીમદ્ભાગવતપુરાણ તથા મત્સ્યપુરાણમાંથી પ્રાપ્ત થતી, આ સંગ્રામની અતિ સંક્ષિપ્ત વિગતોને અધારે એમ જાણી શકાય છે કે, દ્વાદશ દેવાસુરસંગ્રામોમાંથી આ એકમાત્ર સંગ્રામ એવો છે કે, જેમાં કોઈ દેવવિશેષને બદલે એક મનુષ્ય દ્વારા દેવોને વિજયની પ્રાપ્તિ થઈ હોય. વાયુપુરાણ[૩૫૫] વગેરેમાં

રાજા રજિની આ સંગ્રામકથા ઘણી જ વિસ્તારથી વર્ણવવામાં આવી છે. આ સંગ્રામની પ્રાપ્ત થતી વિગતોના આધારે કહી શકાય કે, પ્રાચીન સમયમાં મનુષ્યજાતિ પણ દેવજાતિ કે અસુરજાતિના જેટલી જ પ્રભાવશાળી, બળવાન તેમજ પરાક્રમી હતી. એટલું જ નહીં, દેવો કે દાનવોમાંથી કોઈપણને યુદ્ધમાં વિજેતા બનવા માટે એકમાત્ર ઉપાય તરીકે સહાયક બની શકે, એટલી શકિતમાન પણ હતી. સામાન્યતઃ પુરાણોએ દેવોની અપેક્ષાએ માનવોને મહદંશે ઘણા જ નિમ્ન કક્ષાના નિરૂપ્યા છે; પરંતુ સાથે સાથે ઘણા એવા અપવાદો પણ વર્ણવ્યા છે કે જેમની આગળ દેવતાઓએ પણ ઝૂકવું પડયું હોય અને સહાયતા યાચવી પડી હોય. પ્રસ્તુત સંગ્રામકથા એ બાબતનું એક સુંદર ઉદાહરણ છે.

શ્રીમદ્‌ભાગવતપુરાણ વૈષ્ણવપુરાણ હોવાથી તેમાં સ્વાભાવિકપણે જ ભગવાન વિષ્ણુ અને તેમના અનેક ભકતોની પ્રશંસા કરી છે અને તેમાં પ્રહ્લાદ જેવા દૈત્યપુત્રનો પણ સમાવેશ થઈ જાય છે. વિષ્ણુના મહાન ભકતોમાં પ્રહ્લાદનું નામ પ્રથમ પંકિતમાં રહેલું છે. મત્સ્યપુરાણે અનેક સ્થળોએ તેને દેવોનો શત્રુ અને તેઓની સામે લડાઈ કરતો હોવાની વિગતો નોંધી છે;[૩૫૬] પરંતુ શ્રીમદ્‌ભાગવતપુરાણમાં મહદંશે આવું બનવા પામેલ નથી. તેથી તેમાં વર્ણવાયેલ આ કથાની એક મહkવની વિશેષતા એ કહી શકાય કે, ત્યાં શ્રીમદ્‌ભાગવતપુરાણકારે અતિ સ્પષ્ટપણે પ્રહ્લાદને ઈન્દ્રનો શત્રુ કહ્યો છે. જેમકે–"**आत्मानमर्पयामास प्रह्लादाद्यरिशंकितः** ।"[૩૫૭] અહીં પ્રહ્લાદને આ પ્રમાણે રજૂ કરવાનું કારણ ભાગવતકારની માનસિકતાની ચાડી ખાતું હોય, તેમ જણાય છે. ઈન્દ્ર પ્રત્યે તેને ઘણી જ હીન ભાવના હોવાના અનેક ઉદાહરણો શ્રીમદ્‌ભાગવતપુરાણમાંથી પ્રાપ્ત છે. તે ઈન્દ્રને વિષ્ણુ તથા વિષ્ણુ– ભકતોના વિરોધી તરીકે જ વર્ણવે છે.

## —: પાદટીપ :—

૦૧. સ્કંદપુરાણ, ૧/૨/૬૫.
૦૨. સ્કંદપુરાણ, ૫/૧/૩૮; દેવીભાગવત, ૫/૨૭–૨૯; માર્કણ્ડેયપુરાણ, અ. ૮૪,૮૫,૮૬ વગેરે; વાયુપુરાણ, અ. ૫૫. ઈત્યાદિ.
૦૩. પદ્મપુરાણ, સ્વર્ગખંડ, અ. ૨૮; દેવીભાગવત, ૭/૨૮.
૦૪. પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૨૮૮.
૦૫. **'नामतस्तु समासेन श्रृणु तेषां विवक्षतः ।**
**प्रथमो नारसिंहस्तु द्वितीयश्चापि वामनः ।।**
**तृतीयस्तु वराहश्च चतुर्थोऽमृतमंथनः ।**
**संग्रामः पञ्चमश्चैव संजातस्तारकामयः ।।**
**षष्ठो ह्याडीवकाख्यस्तु सप्तमस्त्रैपुरस्तथा ।**
**अन्धकाख्योऽष्टमस्तेषां नवमो वृत्रघातकः ।।**
**धात्रश्च दशमश्चैव ततो हालाहलः स्मृतः ।**
**प्रथितो द्वादशस्तेषां घोरः कोलाहलस्तथा ।।**
મત્સ્યપુરાણ, ૪૭/૪૨–૪૫.
ઉપરાંત, પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૧૩/૧૮૩–૧૯૬.
૦૬. **"कथं देवासुरकृते व्यापारं प्राप्तवान् स्वतः ।**
**देवासुरं यथा वृत्तं तन्नः प्रब्रूहि पृच्छताम् ।।"**
મત્સ્યપુરાણ, ૪૭/૪૦.
૦૭. મત્સ્યપુરાણ, ૪૭/૪૨.
૦૮. **म.म. सिद्धेश्वर शास्त्री चित्राव, 'प्राचीन चरित्रकोश', पृ. ३०३.**
૦૯. તૈત્તિરીયસંહિતા, ૬/૪/૧૦/૧; મૈત્રાયણીસંહિતા, ૪/૬/૩; તૈત્તિરીયબ્રાહ્મણ, ૧/૧/૧/૫; શતપથબ્રાહ્મણ, ૪/૨/૧/૪–૬.
૧૦. વાજસનેયીસંહિતા, ૭/૨/૧૨,૧૩,૧૬,૧૭.
૧૧. તૈત્તિરીયસંહિતા, ૬/૪/૧૦.
૧૨. તૈત્તિરીયસંહિતા, ૬/૪/૧૦; તૈત્તિરીયબ્રાહ્મણ, ૧/૧/૧.
૧૩. વાયુપુરાણ, ૯૮/૬૨–૬૭; મત્સ્યપુરાણ, ૪૭/૫૪; બ્રહ્માંડપુરાણ, ૩/૭૨,૭૩.
૧૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૭/૫/૧.
૧૫. મત્સ્યપુરાણ, ૪૭/૪૪; પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૧૩/૧૮૭.
૧૬. **'पुरा कृतयुगे विप्रा हिरण्यकशिपुः प्रभुः ।**
**दैत्यानामादिपुरुषश्चकार स महत्तपः ।।'**
મત્સ્યપુરાણ, ૧૬૧/૨.
૧૭. **'इन्द्रत्वमकरोद्दैत्यः स चासीत्सविता स्वयम् ।**
વિષ્ણુપુરાણ, ૧/૧૭/૩; વાયુપુરાણ, ૯૭/૮૭–૯૧.

૧૮. નારદપુરાણ, પૂર્વ. અ. ૨૧.
૧૯. ‘‘दितिः पुत्रद्वयं लेभे कश्यपादिति नः श्रुतम् ।।
हिरण्यकशिपुं चैव हिरण्याक्षं तथैव च ।’’
મત્સ્યપુરાણ, ૬/૭–૮
૨૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૧/૩૫–૩૯.
૨૧. એજન, ૭/૨/૧–૯.
૨૨. ઋગ્વેદ, ૨/૧૪/૬ તથા ૭/૯૯/૫.
૨૩. મત્સ્યપુરાણ, ૧૬૧/૧૧–૧૫.
૨૪. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૩/૩૫–૩૮
૨૫. મહાભારત, શલ્યપર્વ, ૪૨/૨૯–૩૨.
૨૬. ઋગ્વેદ, ૮/૧૪/૧૩.
૨૭. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૬૯.
૨૮. મહાભારત, આદિપર્વ, ૫૯/૨૨.
૨૯. મત્સ્યપુરાણ, ૬/૨૫–૨૮.
૩૦. ‘‘पौराणिक नृसिंह अवतार की कल्पना का मूल, इंद्र एवं नमुचि के युद्ध में ही है ।’’ म.म. सिद्धेश्वर शास्त्री चित्राव, ‘प्राचीन चरित्रकोश’, पृ. ३४५.
૩૧. વિષ્ણુપુરાણ, ૧/૨૦/૩૨.
૩૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૨/૧૦–૧૨.
૩૩. એજન, ૭/૨/૧૩–૧૬.
૩૪. મત્સ્યપુરાણ, ૧૬૧/૨૪.
૩૫. વિષ્ણુપુરાણ, ૧/૧૭/૨.
૩૬. મત્સ્યપુરાણ, ૧૬૧/૨૫–૨૭.
૩૭. ‘‘देवाः स्वर्ग परित्यज्य तत्रासान्मुनिसत्तम ।
विचेरुरवनौ सर्वे बिभ्राणा मानुषीं तनुम् ।।’’
વિષ્ણુપુરાણ, ૧/૧૭/૫.
૩૮. મત્સ્યપુરાણ, ૧૬૧/૩૨–૩૩.
૩૯. ‘साहाय्यं च महाबाहुरोंकारं गृह्य सत्वरम् ।
हिरण्यकशिपुस्थानं जगाम हरिरीश्वरः ।।
नरस्य कृत्वाऽर्धतनुं सिंहस्यऽर्धतनुं तथा ।
नारसिंहेन वपुषा पाणिं संस्पृश्य पाणिना ।।’’
મત્સ્યપુરાણ, ૧૬૧/૩૬–૩૭.
૪૦. ‘स sk्वमेनं परितोऽपि पश्यन् स्तम्भस्य मध्यादनु निर्जिहानम् ।
नायं मृगो नापि नरो विचित्रमहो किमेतन्नृमृगेन्द्ररूपम् ।।’
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૧૯.

४१. 'मीमांसमानस्य समुत्थितोऽग्रतो नृसिंहरूपस्तदलं भयानकम् ।
प्रतप्तचामीकरचण्डलोचनं स्फुरत्सटाकेसरजृम्भिताननम् ।।
करालदंष्ट्रं करवालचञ्चलक्षुरान्तजिह्वं भ्रुकुटीमुखोल्बणम् ।
स्तब्धोर्ध्वकर्णं गिरिकन्दराद्भुतव्यात्तास्यनासं हनुभेदभीषणम् ।।
दिविस्पृशत्कायमदीर्घपीवरग्रीवोरुवक्षःस्थलमल्पमध्यम् ।
चन्द्रांशुगौरैश्छुरितं तनूरुहैर्विष्वग्भुजानीकशतं नखायुधम् ।।
दुरासदं सर्वनिजेतरायुधप्रवेकविद्रावितदैत्यदानवम् ।'

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૨૦–૨૩.

૪૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૩૧.

૪૩. મત્સ્યપુરાણ, ૧૬૧/૩૮–૮૯.

૪૪. 'સંસ્કૃત–હિન્દીકોશ', વી. એસ. આપ્ટે, પૃ. ૫૧૩.

૪૫. મત્સ્યપુરાણ, ૧૬૨/૪–૫.

૪૬. ''प्रह्लादस्य वचः श्रुत्वा हिरण्यकशिपुः प्रभुः ।
उवाच दानवान्सर्वान्गणांश्च स गणाधिपः ।।
मृगेन्द्रो गृह्यतामेष अपूर्वा तनुमास्थितः ।
यदि वा संशयः कश्चिद्वध्यतां वनगोचरः ।।''

મત્સ્યપુરાણ, ૧૬૨/૧૪–૧૫.

૪૭. મત્સ્યપુરાણ, અધ્યાય–૧૬૩.

૪૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૩–૧૪.

૪૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૧૮–૧૯.

૫૦. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, ૯/૩૧.

૫૧. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, ૧૨/૭.

૫૨. ''प्रायेण मेऽयं हरिणोरुमायिना वधः स्मृतोऽनेन समुद्यतेन किम् ।।''

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૨૩.

૫૩. ''अलक्षितोऽग्नौ पतितः पतङ्गमो यथा नृसिंहौजसि सोऽसुरस्तदा ।।''

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૨૪.

૫૪. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૨૯.

૫૫. ''संरम्भदुष्प्रेक्ष्यकराललोचनो व्यात्ताननान्तं विलिहन्स्वजिह्वया ।
असृग्लवाक्तारुणकेसराननो यथान्त्रमाली द्विपहत्यया हरिः ।।''

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૩૦.

૫૬. ''अलक्षितद्वैरथमत्यमर्षणं प्रचण्डवक्त्रं न बभाज कश्चन ।।''

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૩૪.

૫૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૩૫.

૫૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૭/૮/૩૫–૫૬.

૫૯. બ્રહ્માંડપુરાણ, ૩/૫/૭–૧૨; વાયુપુરાણ, ૬૭/૫૯ વગેરે.

૬૦. ‘‘**दितिस्तु भर्तुरादेशादपत्यपरिशङ्किनी ।**
**पूर्णे वर्षशते साध्वी पुत्रौ प्रसुषुवे यमौ ।।**’’
શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૭/૨ તથા
‘‘**प्रजापतिर्नाम तयोरकार्षीद् यः प्राक् स्वदेहाद् यमयोरजायत ।**
**तं वै हिरण्यकशिपुं विदुः प्रजा यं तं हिरण्याक्षमसूत साग्रतः ।।**’’
શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૭/૧૮.

૬૧. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૭/૧૮ પરની શ્રીધરીટીકા.

૬૨. વાયુપુરાણ, ૬૭/૫૦ તથા બ્રહ્માંડપુરાણ, ૩/૫/૩.

૬૩. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૧૮/૧૨.

૬૪. પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૨૩૮.

૬૫. વાલ્મીકિરામાયણ, સુંદરકાંડ, ૨૦/૨૮.

૬૬. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૧૮/૧૩; વિષ્ણુપુરાણ, ૧/૧૭/૧૪૦; હરિવંશપુરાણ, ૧/૩; વાયુપુરાણ, ૬૭/૭૦; મહાભારત, આદિપર્વ, ૫૯/૧૮ વગેરે.

૬૭. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૧૮/૧૩; બ્રહ્માંડપુરાણ, ૩/૫/૩૩; વાયુપુરાણ, ૬૭/૭૦; મહાભારત, આદિપર્વ, ૫૯/૧૭.

૬૮. મહાભારત, વનપર્વ, ૨૧૧/૧૮.

૬૯. વાયુપુરાણ, ૬૫/૭૩, ૬૭/૬૭; બ્રહ્માંડપુરાણ, ૩/૧/૭૪.

૭૦. મહાભારત, આદિપર્વ, ૬૧/૫.

૭૧. ‘‘**वज्रनखाय विद्महे तीक्ष्णदंष्ट्राय धीमहि तन्नो नारसिंहः प्रचोदयात् ।**’’
તૈત્તિરીય આરણ્યક, પ્રપાઠક–૧૦, અનુવાક–૧.

૭૨. નૃસિંહપુરાણ, ૪૪/૧૬.

૭૩. શ્રીમદ્ભાગવતપુરાણ, ૨/૭/૧૪; હરિવંશપુરાણ, ૧/૪૧ તથા ૩૯/૭૧; લિંગપુરાણ, ૧/૯૪; મત્સ્યપુરાણ, ૪૭/૪૬; તથા પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૨૩૮ અગ્નિપુરાણ, ૪/૩–૫, ૨૭૬/૧૦, ૨૭૬/૧૩ વગેરે.

૭૪. હરિવંશપુરાણ, ૩/૪૧–૪૭; મત્સ્યપુરાણ, ૧૬૧–૧૬૪; બ્રહ્માંડપુરાણ, ૩/૫ તથા વાયુપુરાણ, ૩૮/૬૬ વગેરે.

૭૫. બ્રહ્મપુરાણ, અ. ૧૪૯.

૭૬. લિંગપુરાણ, ૧/૯૫.

૭૭. શ્રીમદ્ભાગવતપુરાણ, સ્કંધ–૩, અધ્યાય– ૧૭ થી ૧૯.

૭૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૭/૨૦.

૭૯. ‘‘**चतुर्दशं नारसिंहं बिभ्रद्दैत्येन्द्रमूर्जितम् ।**
**ददार करजैर्वक्षस्येरकां कटकृद्यथा ।।**’’શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૧૮.

૮૦. દેવીભાગવતપુરાણ, ૪/૧૬.

૮૧. ‘‘**इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् ।**
**समळहमस्य पांसुरे ।।**’’ ઋગ્વેદ, ૧/૨૨/૧૭.
૮૨. **‘प्राचीन चरित्रकोश’, पृ. ८२५.**
૮૩. નિરુક્ત, ૧૨/૧૯.
૮૪. તૈત્તિરીયસંહિતા, ૨/૪/૧૨/૨.
૮૫. એજન, ૨/૧/૩/૩.
૮૬. શતપથબ્રાહ્મણ, ૧/૨/૫/૧–૭.
૮૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, સ્કંધ ૮, અધ્યાય ૧૭–૨૩.
૮૮. વામનપુરાણ,૩૧; સ્કંદપુરાણ, ૧/૧/૧૮–૧૯; મત્સ્યપુરાણ, ૨૪૪–૨૪૮; શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૫–૨૩; બ્રહ્માંડપુરાણ, ૩/૭ વગેરે.
૮૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૭/૨૫–૨૬.
૯૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૫–૨૩.
૯૧. ‘‘**बलेः पदत्रयं भूमेः कस्माद्धरिरयाचत ।**
**भूतेश्वरः कृपणवल्लब्धार्थोऽपि बबन्ध तम् ।।**
**एतद् वेदितुमिच्छामो महत् कौतुहलं हि नः ।**
**यज्ञेश्वरस्य पूर्णस्य बन्धनं चाप्यनागसः ।।**’’
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૫/૧–૨.
૯૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૫/૩–૧૧.
૯૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૫/૨૩–૩૬.
૯૪. ‘‘**तस्मादेतद् व्रतं भद्रे प्रयता श्रद्धया चर ।**
**भगवान्परितुष्टस्ते वरानाशु विधास्यति ।।**’’
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૬/૬૨.
૯૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૭/૧૨–૨૦.
૯૬. ‘‘**श्रोण्यां श्रवणद्वादश्यां मुहूर्तेऽभिजिति प्रभुः ।**
**सर्वे नक्षत्रताराद्याश्चक्रुस्तज्जन्म दक्षिणम् ।।**
**द्वादश्यां सवितातिष्ठन्मध्यंदिनगतो नृपः ।**
**विजया नाम सा प्रोक्ता यस्यां जन्म विदुर्हरेः ।।**’’
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૮/૫–૬.
૯૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૮/૭–૩૨.
૯૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૯/૨–૧૭.
૯૯. એજન, ૮/૧૯/૧૮–૨૦.
૧૦૦. એજન, ૮/૧૯/૨૧–૨૭.
૧૦૧. એજન, ૮/૧૯/૩૦–૩૩.
૧૦૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૨૦/૨–૩.
૧૦૩. ‘‘**ततो बटोरस्य ददामि वाञ्छितम् ।**’’ એજન, ૮/૨૦/૧૦.

૧૦૪. ''एवमश्रद्धितं शिष्यमनादेशकरं गुरुः ।
शशाप दैवप्रहितः सत्यसन्धं मनस्विनम् ।।
दृढं पण्डितमान्यज्ञः स्तब्धोऽस्यस्मदुपेक्षया ।
मच्छासनातिगो यस्त्वमचिराद् भ्रश्यसे श्रियः ।।''

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૨૦/૧૪–૧૫.

૧૦૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૨૦/૧૬.

૧૦૬. ''महीं सर्वां हृतां दृष्ट्वा त्रिपदव्याजयाञ्चया ।
ऊचुः स्वभर्तुरसुरा दीक्षितस्यात्यमर्षिता ।।
न वा अयं ब्रह्मबन्धुर्विष्णुर्मायाविनां वरः ।
द्विजरूपप्रतिच्छन्नो देवकार्यं चिकीर्षति ।।
अनेन याचमानेन शत्रुणा बटुरूपिणा ।
सर्वस्वं नो हृतं भर्तुर्न्यस्तदण्डस्य बर्हिषि ।।
सत्यव्रतस्य सततं दीक्षितस्य विशेषतः ।
नानृतं भाषितुं शक्यं ब्रह्मण्यस्य दयावतः ।।
तस्मादस्य वधो धर्मो भर्तुः शुश्रूणं च नः ।
इत्यायुधानि जगृहुर्बलेरनुचरासुराः ।।''

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૨૧/૯–૧૩.

૧૦૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૨૧/૧૯–૨૪.

૧૦૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૨૧/૨૯. ૧૦૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૨૨/૨.

૧૧૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૨૩/૩–૫.

૧૧૧. ''एतदेव पुरा पृष्टः कुरुक्षेत्रे तपोधनः ।
शौनकस्तीर्थयात्रायां वामनायतने पुरा ।।
यदा समयभेदित्वं द्रौपद्याः पार्थिवं प्रति ।
अर्जुनेन कृतं तत्र तीर्थयात्रां तदा ययौ ।।
धर्मक्षेत्रे कुरुक्षेत्रे वामनायतने स्थितः ।
दृष्ट्वा स वामनं तत्र अर्जुनो वाक्यमब्रवीत् ।।''

મત્સ્યપુરાણ, ૨૪૪/૩–૫.

૧૧૨. મત્સ્યપુરાણ, અ. ૨૪૪–૨૪૬.

૧૧૩. મત્સ્યપુરાણ, ૨૪૪/૮–૯.

૧૧૪. મત્સ્યપુરાણ, ૨૪૪/૩૮–૪૦.

૧૧૫. ''कृतः प्रसादो हि मया तव देवि यथेप्सितः ।
स्वांशेन चैव ते गर्भे संभविष्यामि कश्यपात् ।।
तव गर्भसमुद्भूतस्ततस्ते ये सुरारयः ।
तानहं निहनिष्यामि निवृत्ता भव नन्दिनी ।।''

એજન, ૨૪૪/૪૧–૪૨.

૧૧૬. ''यतो यतोऽदितिर्याति ददाति ललितं पदम् ।
ततस्ततः क्षितिः खेदान्ननाम वसुधाधिप ।।
दैत्यानामथ सर्वेषां गर्भस्थे मधुसूदने ।
बभूव तेजसां हानिर्यथेक्तं परमेष्ठिना ।।''
મત્સ્યપુરાણ, ૨૪૪/૫૧—૫૨.
૧૧૭. એજન, ૨૪૫/૨—૩.
૧૧૮. એજન, ૨૪૫/૧૬.
૧૧૯. એજન, ૨૪૫/૧૬—૧૭.
૧૨૦. ''तात कोऽयं हरिर्नाम यतो नो भयमागतम् ।
सन्ति मे शतशो दैत्या वासुदेवबलाधिका ।।''
એજન, ૨૪૫/૩૦.
૧૨૧. એજન, ૨૪૫/૮૩.
૧૨૨. એજન, ૨૪૬/૩૬.
૧૨૩. એજન, ૨૪૬/૪૫—૪૬.
૧૨૪. એજન, ૨૪૬/૪૮.
૧૨૫. ''त्रिभिः प्रयोजनं किं ते पादैः पदवतां वर ।
शतं शतसहस्राणां पदानां मार्गतां भवान् ।।'' એજન, ૨૪૬/૪૯.
૧૨૬. ''धर्मबुद्ध्या दैत्यपते कृतकृत्योऽस्मि तावता ।
अन्येषामर्थिनां वित्तमिहितं दास्यते भवान् ।।'' એજન, ૨૪૬/૫૦.
૧૨૭. એજન, ૨૪૬/૬૭—૭૦.
૧૨૮. સ્કંદપુરાણ, ૨/૪/૧૦.
૧૨૯. 'प्रावीन चरित्रकोश', पृ. ५००.
૧૩૦. વાલ્મીકિ રામાયણ, ઉત્તરકાંડ, સર્ગ—૧.
૧૩૧. મહાભારત, શાંતિપર્વ, ૨૧૬/૨૧૮.
૧૩૨. મહાભારત, સભાપર્વ, ૯/૧૨.
૧૩૩. યોગવાસિષ્ઠ, ૫/૨૨/૨૯.
૧૩૪. સ્કંદપુરાણ, ૭/૨/૧૩.
૧૩૫. એજન, ૧/૧/૧૮.
૧૩૬. ભવિષ્યોત્તરપુરાણ, ૧૪૦/૫૪; પદ્મપુરાણ, ઉ. ૧૩૪/૫૩.
૧૩૭. મહાભારત, અનુશાસનપર્વ, ૯૦/૨૦.
૧૩૮. દેવીભાગવત, ૯/૪૫.
૧૩૯. મહાભારત, શાંતિપર્વ, અ. ૨૧૬.
૧૪૦. મહાભારત, વનપર્વ, અ. ૨૯.
૧૪૧. મહાભારત, અનુશાસનપર્વ, અ. ૯૮.
૧૪૨. શ્રીમદ્ભાગવતપુરાણ, ૮/૨૦/૧૭ તથા મત્સ્યપુરાણ, ૧૮૭/૪૦.

૧૪૩. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૧૮/૧૭ તથા વિષ્ણુપુરાણ, ૧/૨૧/૨.
૧૪૪. શ્રીમદ્ભાગવતપુરાણ, ૧૦/૬૩/૨૦.
૧૪૫. વાયુપુરાણ, ૬૭/૮૨–૮૩.
૧૪૬. મહાભારત, આદિપર્વ, ૫૯/૨૦
૧૪૭. વાયુપુરાણ, ૬૭/૮૨–૮૩ તથા બ્રહ્માંડપુરાણ, ૩/૫/૪૨–૪૪.
૧૪૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૧૮/૧૬ તથા ૬/૮/૧૩.
૧૪૯. વામનપુરાણ, ૨૩/૭૭.
૧૫૦. સ્કંદપુરાણ, ૧/૧/૧૮.
૧૫૧. વામનપુરાણ, અ. ૨૩.
૧૫૨. બ્રહ્મપુરાણ, અ. ૭૩; કૂર્મપુરાણ, ૧/૧૭; વામનપુરાણ, અ. ૭૭–૯૨.
૧૫૩. ઋગ્વેદ, ૧૦/૯૯/૬.
૧૫૪. તૈત્તિરીયસંહિતા, ૭/૧/૫/૧.
૧૫૫. તૈત્તિરીયબ્રાહ્મણ, ૧/૧/૩.
૧૫૬. વાયુપુરાણ, ૨૩/૧૦૦–૧૦૯.
૧૫૭. મત્સ્યપુરાણ, ૪૭/૪૭ તથા અ. ૨૪૭–૨૪૯; શ્રીમદ્ભાગવતપુરાણ, ૧/૩/૭, ૨/૭/૧ તથા તૃતીય સ્કંધ, અ. ૧૩–૧૯; લિંગપુરાણ, ૧/૯૪; વાયુપુરાણ, ૯૭/૭; હરિવંશપુરાણ, ૧/૪૧; પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૧૬૯ તથા ૨૩૭.
૧૫૮. મહાભારત, વનપર્વ, ૮૧/૧૫; પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૧૪૦.
૧૫૯. વરાહપુરાણ, અધ્યાય–૧૪૦.
૧૬૦. મહાભારત, શાંતિપર્વ, ૩૩૩/૧૨–૧૭.
૧૬૧. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૩/૧૪–૧૫.
૧૬૨. એજન, ૩/૧૩/૧૭.
૧૬૩. એજન, ૩/૧૩/૧૮–૩૩.
૧૬૪. એજન, ૩/૧૩/૪૬.
૧૬૫. એજન, ૩/૧૩/૪૭.
૧૬૬. એજન, ૩/૧૮/૩–૫.
૧૬૭. એજન, ૩/૧૮/૭.
૧૬૮. એજન, ૩/૧૮/૧૦–૧૨.
૧૬૯. એજન, ૩/૧૮/૨૨–૨૮.
૧૭૦. **“चित्रा वाचोऽतद्विदां खेचराणां तत्रास्मासन् स्वस्ति तेऽमुं जहीति ।”** એજન, ૩/૧૯/૬.
૧૭૧. **“अभिप्लुत्य स्वगदया हतोऽसीत्याहनद्धरिम् ।”** એજન, ૩/૧૯/૮.
૧૭૨. **“आह चायुधमाधत्स्व घटस्व त्वं जिगीषसि ।”** એજન, ૩/૧૯/૧૦.

१७३. ''**अजादयो वीक्ष्य शशंसुरागता अहो इमां को नु लभेत संस्थितिम् ।।**
**यं योगिनो योगसमाधिना रहो ध्यायन्ति लिंगादसतो मुमुक्षया ।**
**तस्यैष दैत्यऋषभः पदाहतो मुखं प्रपश्यंस्तनुमुत्ससर्ज ह ।।''**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૩/૧૯/૨૭–૨૮.
૧૭૪. મત્સ્યપુરાણ, ૨૪૭/૫–૬.
૧૭૫. એજન, ૨૪૭/૮.
૧૭૬. એજન, ૨૪૭/૯.
૧૭૭. એજન, ૨૪૮/૧.
૧૭૮. એજન, ૨૪૮/૫–૯.
૧૭૯. એજન, ૨૪૮/૧૨–૫૬.
૧૮૦. ''**अब्रवीच्च महादेवि माधवीयं स्तवोत्तमम् ।**
**धारयिष्यति यो मर्त्यो नास्ति तस्य पराभवः ।।**
**मा भैर्धरणि कल्याणि शान्तिं व्रज ममाग्रतः ।**
**एष त्वामुचितं स्थानं प्रापयामि मनीषितम् ।।''**
મત્સ્યપુરાણ, ૨૪૮/૫૭ તથા ૬૧.
૧૮૧. એજન, ૨૪૮/૬૨.
૧૮૨. એજન, ૨૪૮/૬૩–૭૬.
૧૮૩. એજન, ૨૪૮/૭૭.
૧૮૪. **'पुराण विमर्श', पृ. १८२.**
૧૮૫. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૭૫.
૧૮૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ, સ્કંધ–૮, અ. ૬–૧૧.
૧૮૭. મત્સ્યપુરાણ, અ. ૨૪૯–૨૫૧.
૧૮૮. સ્કંદપુરાણ, માહેશ્વરખંડ, અ. ૧.
૧૮૯. પદ્મપુરાણ, સ્વર્ગખંડ, અ. ૩૯–૪૦.
૧૯૦. વિષ્ણુપુરાણ, ૧/૯/૧૧૦–૧૧૧.
૧૯૧. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૫/૧૦.
૧૯૨. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૫/૨૧.
૧૯૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૬/૧૮–૨૪.
૧૯૪. ''**न गृह्णीमो वयं पुच्छमहेरङ्गममङ्गलम् ।।**
**स्वाध्यायश्रुतसम्पन्नाः प्रख्याता जन्मकर्मभिः ।''**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૭/૩–૪.
૧૯૫. ''**मा खिद्यत मिथोऽर्थं वः साधयिष्ये स्वमायया ।''**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૮/૩૭.
૧૯૬. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૯/૧–૭.

૧૯૭. ''कथं कश्यपदायादाः पुंश्चल्यां मयि सङ्गताः ।
विश्वासं पण्डितो जातु कामिनीषु न याति हि ।।
सालावृकाणां स्त्रीणां च स्वैरिणीनां सुरद्विषः ।
सख्यान्याहुरनित्यानि नूत्नं नूत्नं विचिन्वताम् ।।''
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૯/૯–૧૦.

૧૯૮. શ્રીમદ્‌ભાગવતપુરાણ, સ્કંધ–૮, અ. ૬–૯.

૧૯૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ, સ્કંધ–૮, અ. ૧૦–૧૧.

૨૦૦. ''भवद्भिरमृतं प्राप्तं नारायणभुजाश्रयैः ।
श्रिया समेधिताः सर्व उपारमत विग्रहात् ।।''
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૮/૧૧/૪૪.

૨૦૧. ''कथं देवा गताः पूर्वममरत्वं विचक्षणाः ।
तपसा कर्मणा वाऽपि प्रसादात्कस्य तेजसा ।।''
મત્સ્યપુરાણ, ૨૪૯/૨.

૨૦૨. મત્સ્યપુરાણ, ૨૪૯/૩.

૨૦૩. મત્સ્યપુરાણ, ૨૪૯/૧૩–૧૬.

૨૦૪. મત્સ્યપુરાણ, ૨૪૯/૧૭–૧૯.

૨૦૫. ''मथ्यतां मथ्यतां सिन्धुरित्युवाच पुनः पुनः ।
अवश्यमुद्योगवतां श्रीरपारा भवेत्सदा ।।''
મત્સ્યપુરાણ, ૨૪૯/૫૭.

૨૦૬. ''तेषाममृतवीर्याणां रसानां पयसैव च ।
अमरत्वं सुरा जग्मुः कांचनच्छविसंनिभाः ।।''
મત્સ્યપુરાણ, ૨૪૯/૭૭.

૨૦૭. વિષ્ણુપુરાણ, પ્રથમ અંશ, અ.–૯.

૨૦૮. વિષ્ણુપુરાણ, ૧/૯/૭૬.

૨૦૯. વિષ્ણુપુરાણ, ૧/૯/૮૧.

૨૧૦. વિષ્ણુપુરાણ, ૧/૯/૧૩૮.

૨૧૧. શ્રીમદ્‌ભાગવતપુરાણ, સ્કંધ–૮, અ.–૮;
મત્સ્યપુરાણ, અ. ૨૫૦ તથા
વિષ્ણુપુરાણ, પ્રથમ અંશ, અ.–૯.

૨૧૨. પદ્મપુરાણ, બ્રહ્માખંડ, ૯/૧૦.

૨૧૩. મત્સ્યપુરાણ, ૪૭/૪૮.

૨૧૪. મત્સ્યપુરાણ, ૪૭/૪૩.

૨૧૫. મહાભારત, દ્રોણપર્વ, પ્રથમ પરિચ્છેદ, પંક્તિ–૮૦૨.

૨૧૬. ''असुरैरपि दुग्धेयमायसे शक्रपीडिनीम् ।।
पात्रे मायामभूद्वत्सः प्राह्लादिस्तु विरोचनः ।

**दोग्धाद्रिमूर्धा तत्राऽऽसीन्माया येन प्रवर्तिता ।।''**

મત્સ્યપુરાણ, ૧૦/૨૦–૨૧

૨૧૭. મત્સ્યપુરાણ, ૨૪૫/૪૧.

૨૧૮. મહાભારત, સભાપર્વ, ૬૧/૫૮–૭૯.

૨૧૯. છાંદોગ્યોપનિષદ, ૮/૭/૨ તથા ૮/૯/૨.

૨૨૦. મત્સ્યપુરાણ, ૪૭/૪૮.

૨૨૧. મત્સ્યપુરાણ, ૪૭/૪૯.

૨૨૨. ''**इन्द्रेणैव तु विक्रम्य निहतस्तारकामये ।**''

મત્સ્યપુરાણ, ૪૭/૪૯.

૨૨૩. બ્રહ્માંડપુરાણ, ૨/૨૦/૩૫.

૨૨૪. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૧૩.

૨૨૫. મહાભારત, શાંતિપર્વ, ૯૯/૪૮.

૨૨૬. ગણેશપુરાણ, ૨/૨૯.

૨૨૭. નારદપુરાણ, ઉત્તરભાગ, અ.૩૨.

૨૨૮. નારદપુરાણ, ઉત્તરભાગ, અ.૩૨.

૨૨૯. મહાભારત, આદિપર્વ, ૫૯/૧૯–૨૦.

૨૩૦. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૬/૧૮/૧૬ તથા વિષ્ણુપુરાણ, ૧/૨૧/૧.

૨૩૧. બ્રહ્માંડપુરાણ, ૩/૧/૮૬.

૨૩૨. વાયુપુરાણ, ૮૪/૧૯.

૨૩૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૫/૧૫/૧૫.

૨૩૪. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૪૧/૪૫–૭૨.

૨૩૫. વાયુપુરાણ, ૮૮/૨૫.

૨૩૬. માર્કણ્ડેયપુરાણ, અ. ૯.

૨૩૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૧૧/૪૧–૫૩.

૨૩૮. ''**दृष्ट्वार्भकान् कृष्णमुखानघासुरः कंसानुशिष्टः स बकीबकानुजः ।**
**अयं तु मे सोदरनाशकृत्तयोर्द्वयोर्ममैनं सबलं हनिष्ये ।।**''

શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૧૨/૧૪.

૨૩૯. એજન, ૧૦/૧૨/૧૧–૩૬.

૨૪૦. બ્રહ્મવૈવર્તપુરાણ, ૪/૧૬.

૨૪૧. મહાભારત, આદિપર્વ, ૧૪૮/૩–૮.

૨૪૨. મહાભારત, આદિપર્વ, ૫૫/૨૦, ૧૪૪–૧૫૨.

૨૪૩. ''**देवान् सर्वान् विजित्याजौ बकभ्राता रणोत्कटः ।**
**आडिनामान्तरप्रेक्षी सततं चन्द्रमौलिनः ।।**''

મત્સ્યપુરાણ, ૧૫૬/૧૨.

૨૪૪. મત્સ્યપુરાણ, ૧૫૬/૧૫.

૨૪૫. મત્સ્યપુરાણ, ૧૫૬/૧૬.
૨૪૬. મત્સ્યપુરાણ, ૧૫૬/૧૮–૧૯.
૨૪૭. મત્સ્યપુરાણ, અ. ૧૫૬.
૨૪૮. **प्राचीन चरित्रकोश, पृ. २५२.**
૨૪૯. લિંગપુરાણ, અ. ૧૭૧.
૨૫૦. મહાભારત, આદિપર્વ, ૨૧૮/૩૯.
૨૫૧. વાલ્મીકિ રામાયણ, ઉત્તરકાંડ, ૧૨/૩.
૨૫૨. મહાભારત, સભાપર્વ, ૫૧/૭.
૨૫૩. મત્સ્યપુરાણ, ૧૨૯/૩.
૨૫૪. એજન, ૧૨૯/૨૩.
૨૫૫. એજન, ૨૫૨/૨–૪.
૨૫૬. **'तेषां तपःप्रभावेण प्रभावविधुतं यथा ।**
**निष्प्रभं तु जगत्सर्व मन्दमेवाभिभाषितम् ।।'**
મત્સ્યપુરાણ, ૧૨૯/૧૦–૧૧.
૨૫૭. મત્સ્યપુરાણ, ૧૨૯/૧૪–૧૫.
૨૫૮. એજન, ૧૨૯/૧૬–૨૧.
૨૫૯. એજન, ૧૨૯/૨૨–૨૩.
૨૬૦. એજન, ૧૨૯/૨૪–૨૫.
૨૬૧. એજન, ૧૨૯/૩૪.
૨૬૨. એજન, ૧૩૧/૫૦.
૨૬૩. એજન, ૧૩૨/૪–૯.
૨૬૪. એજન, ૧૩૨/૧૬.
૨૬૫. એજન, ૧૩૩/૧૫.
૨૬૬. **''यादृशोऽयं रथः क्लृप्तो युष्माभिर्मम सत्तमाः ।**
**ईदृयो रथसंपत्या यन्ता शीघ्रं विधीयताम् ।।''**
મત્સ્યપુરાણ, ૧૩૩/૪૭.
૨૬૭. એજન, ૧૩૪/૧૭–૨૪.
૨૬૮. એજન, ૧૩૪/૨૬–૩૦.
૨૬૯. એજન, ૧૩૫/૬–૧૨.
૨૭૦. એજન, ૧૩૫/૮૦–૮૧.
૨૭૧. એજન, ૧૩૬/૨–૧૦.
૨૭૨. એજન, ૧૩૬/૧૯–૨૦.
૨૭૩. એજન, ૧૩૯/૧૨.
૨૭૪. એજન, ૧૪૦/૨૦.
૨૭૫. એજન, ૧૪૦/૨૧.

૨૭૬. "हव्यवाहन भार्याऽहं परस्य परतापन ।
धर्मसाक्षी त्रिलोकस्य न मां स्प्रष्टुमिहार्हसि ।।"
મત્સ્યપુરાણ, ૧૪૦/૬૧.
૨૭૭. એજન, ૧૪૦/૬૩–૬૪.
૨૭૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૭/૧૦/૫૧–૭૧.
૨૭૯. એજન, ૭/૧૦/૫૧.
૨૮૦. એજન, ૭/૧૦/૫૨.
૨૮૧. એજન, ૭/૧૦/૫૬–૫૭.
૨૮૨. એજન, ૭/૧૦/૬૪–૬૫.
૨૮૩. એજન, ૭/૧૦/૫૩–૭૧.
૨૮૪. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અધ્યાય ૧૩.
૨૮૫. એજન, અધ્યાય ૫૯.
૨૮૬. લિંગપુરાણ, અધ્યાય ૧૭૦–૧૭૨.
૨૮૭. મહાભારત, અનુશાસનપર્વ, ૨૬૫/૩૧.
૨૮૮. મત્સ્યપુરાણ, ૧૭૯/૩૨.
૨૮૯. મત્સ્યપુરાણ, ૧૭૯/૧–૪૦.
૨૯૦. સ્કંદપુરાણ, અવંતીખંડ, અધ્યાય ૩.
૨૯૧. એજન, અધ્યાય ૨.
૨૯૨. લિંગપુરાણ, ૧/૯૪.
૨૯૩. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અધ્યાય ૪૬.
૨૯૪. દેવીભાગવતપુરાણ, ૫/૬.
૨૯૫. વાયુપુરાણ, ૯૭/૮૧–૮૪.
૨૯૬. પદ્મપુરાણ, ભૂમિખંડ, અધ્યાય ૨૫; સ્કંદપુરાણ, ૧/૧/૧૬.
૨૯૭. દેવીભાગવતપુરાણ, ૬/૧/૬; પદ્મપુરાણ, ભૂમિખંડ, અ. ૨૪; શ્રીમદ્–ભાગવતપુરાણ, સ્કંધ ૬, અધ્યાય ૯.
૨૯૮. ઋગ્વેદ, પ્રથમ મંડલ, સૂકત ૩૨.
૨૯૯. ઋગ્વેદ, દ્વિતીય મંડલ, સૂકત ૧૧ તથા ૧૨; ૧/૧૨૦/૬.
૩૦૦. એજન, ૩/૩૦/૮.
૩૦૧. એજન, ૧/૫૨/૧૦; ૮/૬/૬; ૮/૭૩/૨.
૩૦૨. એજન, ૮/૮૫/૪.
૩૦૩. એજન, પ્રથમ મંડળ, સૂકત ૮૦.
૩૦૪. એજન, ૧/૩૨/૮૦.
૩૦૫. એજન, આઠમું મંડળ, સૂકત ૩.
૩૦૬. એજન, સાતમું મંડળ, સૂકત ૧૯; દસમું મંડળ, સૂકત ૮૯.
૩૦૭. એજન, એજન, સાતમું મંડળ, સૂકત ૧૯; દસમું મંડળ, સૂકત ૮૯.

૩૦૮. ઋગ્વેદ, ૨/૧૫/૬.
૩૦૯. એજન, ૨/૧૯/૩.
૩૧૦. એજન, ૪/૧૯/૮.
૩૧૧. એજન, પ્રથમ મંડળ, સૂકત ૫૭.
૩૧૨. ઋગ્વેદ, ૩/૪૯/૧; ૪/૧૯/૧.
૩૧૩. ઋગ્વેદ, તૃતીય મંડળ, સૂકત ૪૩.
૩૧૪. એજન, સાતમું મંડળ, સૂકત ૧૯.
૩૧૫. એજન, પ્રથમ મંડળ, સૂકત ૮૪.
૩૧૬. તૈત્તિરીયસંહિતા, ૨/૪/૧૨.
૩૧૭. એજન, ૨/૧/૪.
૩૧૮. શતપથબ્રાહ્મણ, ૧/૧/૩/૪; ૩/૧/૩/૧૨; ૪/૧/૩/૧; ૫/૫/૫/૧.
૩૧૯. મહાભારત, ઉદ્યોગપર્વ, અધ્યાય ૯.
૩૨૦. શ્રીમદ્ભાગવતપુરાણ, છઠ્ઠો સ્કંધ, અધ્યાય ૯–૧૨.
૩૨૧. બ્રહ્માંડપુરાણ, ૩/૬/૩૫.
૩૨૨. દેવીભાગવતપુરાણ, ૬/૧/૭.
૩૨૩. વાલ્મીકિ રામાયણ, ઉત્તરકાંડ, અધ્યાય ૮૪–૮૬.
૩૨૪. પદ્મપુરાણ, ભૂમિખંડ, અધ્યાય ૨૫.
૩૨૫. શ્રીમદ્ભાગવતપુરાણ, સ્કંધ ૬, અધ્યાય ૧૪.
૩૨૬. મહાભારત, શાંતિપર્વ, અધ્યાય ૨૮૧.
૩૨૭. બ્રહ્માંડપુરાણ, ૩/૬/૩૫–૩૭.
૩૨૮. પદ્મપુરાણ, ભૂમિખંડ, અધ્યાય ૭૩.
૩૨૯. શ્રીમદ્ભાગવતપુરાણ, છઠ્ઠો સ્કંધ, અધ્યાય ૬ થી ૧૩.
૩૩૦. **'प्राचीन चरित्रकोश', पृ. ३२३.**
૩૩૧. મત્સ્યપુરાણ, ૪૭/૪૨–૭૩ તથા પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૧૩/૧૮૦–૧૯૬
૩૩૨. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૧૩/૧૮૨.
૩૩૩. **'प्राचीन चरित्रकोश', पृ. ८५३.**
૩૩૪. મત્સ્યપુરાણ, ૬/૧૬–૨૦.
૩૩૫. મત્સ્યપુરાણ, ૬/૧૮.
૩૩૬. એજન, ૨૪/૪૧.
૩૩૭. **'दनुः पुत्रशतं लेभे कश्यपाद् बलदर्पितम् ।
विप्रचित्तिः प्रधानोऽभूद् येषां मध्ये महाबलः ।।'** એજન, ૬/૧૬.
૩૩૮. મહાભારત, આદિપર્વ, ૫૯/૨૧.
૩૩૯. શ્રીમદ્ભાગવતપુરાણ, ૬/૬/૩૧.
૩૪૦. મહાભારત, સભાપર્વ, ૫૧/૭.

૩૪૧. મહાભારત, સભાપર્વ, ૨૧/૩૩૭.
૩૪૨. મત્સ્યપુરાણ, ૨૪૫/૩૧.
૩૪૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૬/૬/૩૭.
૩૪૪. મત્સ્યપુરાણ, ૬/૨૫–૨૬.
૩૪૫. વિષ્ણુપુરાણ, ૧/૨૧/૧૦–૧૧
૩૪૬. મત્સ્યપુરાણ, ૪૭/૫૨.
૩૪૭. મત્સ્યપુરાણ, ૪૭/૫૩.
૩૪૮. વાયુપુરાણ, ૯૯/૮૬.
૩૪૯. **''यः पुरुरवसः पुत्र आयुस्तस्या भवन् सूताः ।**
**नहुषः क्षत्रवृद्धश्च रजी रम्भश्च वीर्यवान् ।।''**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૯/૧૭/૧.
૩૫૦. મહાભારત, આદિપર્વ, ૭૦/૨૩.
૩૫૧. મત્સ્યપુરાણ, ૨૪/૩૫.
૩૫૨. વાયુપુરાણ, ૯૨/૭૬–૧૦૦; બ્રહ્મપુરાણ, અધ્યાય ૧૧; હરિવંશપુરાણ, ૧/૨૮; મત્સ્યપુરાણ, ૨૪/૩૪–૪૯, શ્રીમદ્‌ભાગવતપુરાણ, સ્કંધ ૯, અધ્યાય ૧૭ વગેરે.
૩૫૩. વાયુપુરાણ, ૯૯/૮૬.
૩૫૪. **''रजीराराधयामास नारायणमकल्मषम् ।''** મત્સ્યપુરાણ, ૨૪/૩૬.
૩૫૫. વાયુપુરાણ, અધ્યાય ૯૨ થી ૯૯.
૩૫૬. મત્સ્યપુરાણ, ૨૪/૩૭–૪૯.
૩૫૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૯/૧૭/૧૨–૧૬.

******

# <u>પ્રકરણ– ૪,</u>

# ' પુરાણોમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો '

૪:૧, પ્રસ્તાવના
૪:૨, મત્સ્યપુરાણમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો
૪:૩, શ્રીમદ્ભાગવતપુરાણમાં નિરૂપિત અન્ય
દેવાસુરસંગ્રામો
૪:૪, વિષ્ણુપુરાણમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો
:: પાદટીપ ::

## ૪:૧, પ્રસ્તાવના

દેવો અને દાનવો–દૈત્યો–અસુરો વચ્ચેના સંગ્રામો પુરાણોનો મહત્ત્વનો વર્ણ્યવિષય રહ્યો છે. શાંતિ અત્યંત મહત્ત્વની બાબત છે, પરંતુ યુદ્ધનું પણ એક પ્રકારનું પોતાનું મહત્ત્વ છે, સવાલ માત્ર એટલો જ છે કે, એ યુદ્ધ કયા હેતુથી લડાય છે? ડૉ. આનંદશંકર ધ્રુવ લખે છે કે,–

"જે વીર પુરુષો રુધિરની તૃષ્ણાથી નહિ પણ સ્વદેશ ખાતર રણયજ્ઞમાં પ્રાણ હોમે છે, તેઓને ધન્ય હો ! એમની ઉજ્જ્વલ કીર્તિ જગતને પાવન કરનારી છે, સ્વાર્થત્યાગનો ઉપદેશ આપી સર્વાત્મભાવ તરફ દોરનારી છે. તથાપિ એમના પવિત્ર યશને જરા પણ ન્યૂન દર્શાવ્યા વિના, આપણે કહી શકીશું કે આ સ્થૂલ રણસંગ્રામ કરતાં અનેક ઘણો વિકટ એવો સૂક્ષ્મ રણસંગ્રામ મનુષ્યહૃદયમાં વારંવાર ચાલ્યાં કરે છે, અને તે સ્હેલાઈથી દૃષ્ટિગોચર થતો નથી."[૧]

મનુષ્યની સ્વાર્થપરાયણતાના પરિણામે વહેવડાવવામાં આવતી રુધિરની નદીઓને ક્યારેય પ્રશંનીય ન જ ગણી શકાય. પુરાણોમાં વર્ણવાયેલા દેવાસુરસંગ્રામો મૂલતઃ આ બાબતના જ દ્યોતક છે. જો કે, આ સંગ્રામો માત્ર સ્વાર્થસિદ્ધિ માટે જ લડાયા હોવાનું કહી શકાતું નથી, પરંતુ તેઓ તામસીવૃત્તિઓ સામે થતાં સાત્ત્વિકવૃત્તિઓના યુદ્ધ અને વિજયના પ્રતીકો પણ છે અને એ કારણે જ તે બધા, પુરાણોના વર્ણ્યવિષયો બનવા પામ્યા છે.

પુરાણોમાં દેવો અને દાનવાદિઓ વચ્ચે મુખ્ય બાર દેવાસુરસંગ્રામો ઉપરાંત, પણ આવા અનેક સંગ્રામોનાં વર્ણનો પ્રાપ્ત થાય છે, જે મુખ્યત્વે કોઈ દેવ કે દેવીવિશેષના માહાત્મ્યને દર્શાવવા કે કોઈ અન્ય કારણથી વર્ણવાયા છે. આવા અનેક સંગ્રામો દેવો તથા અસુરાદિ વચ્ચે થયા હોવાના ઉલ્લેખો પુરાણોમાં સર્વત્ર મળી આવે છે. જેમકે, મધુ–કૈટભ તથા વિષ્ણુનો સંગ્રામ, વિષ્ણુ અને કાલનેમિનું યુદ્ધ, કુમારસ્કન્દ–તારકાસુરસંગ્રામ, શ્રીકૃષ્ણ–બાણાસુર, યમ–ગ્રસન, કુબેર–જૃમ્ભાસુર, નિર્ઋતિ–કુજૃમ્ભ, રામ–રાવણ તથા શિવ, દેવી દુર્ગા, સૂર્ય, ગણેશાદિ દેવતાઓ દ્વારા અનેક અસુરોની વિરુદ્ધમાં કરવામાં આવેલા સંગ્રામો વગેરેનાં અનેક વર્ણનો પુરાણોમાંથી મળી આવે છે. દેવો તથા અસુરોના સંગ્રામોની કથાઓ વેદકાળથી માંડીને પુરાણકાળ સુધી અવિરતપણે પ્રાપ્ત થાય છે. દરેક યુગના સાહિત્યમાં આવા કોઈને કોઈ સંગ્રામના ઉલ્લેખો જોઈ શકાય છે. પુરાણોમાં નિર્દિષ્ટ એવા કેટલાક મહત્ત્વના સંગ્રામો આ પ્રમાણે છેઃ

### ◆ દેવી દુર્ગા–મહિષાસુરસંગ્રામ :

મુખ્ય દ્વાદશદેવાસુરસંગ્રામો સિવાયનો, આ સૌથી ભયંકર દેવાસુરસંગ્રામ હતો. મહિષ નામનો રાક્ષસ બ્રહ્માના વરદાનથી ઉન્મત્ત બનીને દેવોને ત્રાસ આપવા લાગ્યો. દેવોની પ્રાર્થનાથી આદિ–માયાએ સંગ્રામમાં, તે

ભયંકર મહિષાસુરનો તેના અનેક અનુયાયીઓ સહિત વધ કર્યો.

પુરાણોમાં 'દેવી'ને અત્યંત પ્રભાવશાળી દેવતાના રૂપમાં વર્ણવવામાં અવેલી છે. એથી કોઈ પણ પ્રકારના સંકટના સમયે દેવો તથા મનુષ્યો તેના શરણે જઈને સંકટમુકત થાય છે. સ્કંદપુરાણ, માર્કંડેયપુરાણ, કાલિકાપુરાણ, દેવીભાગવતપુરાણ, પદ્મપુરાણ વગેરેમાં દેવીના પરાક્રમોની અનેક કથાઓ વર્ણવવામાં આવી છે. 'કાલિકાપુરાણ' તથા 'દેવીભાગવતપુરાણ' જેવા ગ્રંથો તો માત્ર દેવીના માહાત્મ્યને દર્શાવવા માટે જ લખાયા છે. માર્કંડેયપુરાણમાં દેવીના માહાત્મ્યને દર્શાવવા માટે 'સપ્તશતી' નામના ઉપાખ્યાનની રચના કરવામાં આવી છે. તે ઉપાખ્યાનને 'દુર્ગાસપ્તશતી' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉપાખ્યાનમાં દેવોની પ્રાર્થનાથી દેવીએ મહિષાસુર સાથે સંગ્રામ કરીને તેનો વધ કર્યાનું વર્ણન છે.[૨]

મહિષાસુર મયાસુર તથા રંભાનો પુત્ર હતો. તેનો પિતા મહિષાસુર શિવનો મોટો ભકત હતો. પોતાના તપથી તેણે શિવને પ્રસન્ન કરીને વરદાન માગ્યું કે, 'હે પ્રભુ ! હું નિઃસંતાન છું, મારે એક પણ પુત્ર નથી. એથી મારી ઈચ્છા છે કે તમે મારા પુત્ર બનો." શંકરે 'તથાસ્તુ' કહ્યું. એક દિવસ માર્ગ પરથી પસાર થતાં, રંભાસુરે ચિત્રવર્ણની એક સુંદર મહિષી જોઈ, ત્યારે તેણે તેમાં પોતાનું વીર્ય સ્થાપિત કર્યું. જેથી કાળક્રમે શંકરાંશનું બળ લઈને મહિષાસુર ઉત્પન્ન થયો. તેણે તપથી બ્રહ્માને પ્રસન્ન કરીને વરદાન પ્રાપ્ત કર્યું કે, તેનું મૃત્યુ કોઈ મનુષ્યના હાથે ન થાય. પછીથી, બ્રહ્મા પાસેથી વરદાન પ્રાપ્ત કરીને, તેણે ત્રણે લોકોને કષ્ટ આપવાનું શરૂ કર્યું. દેવો સાથે યુદ્ધ કરીને ઇન્દ્ર પાસેથી સ્વર્ગનું રાજય પડાવી લીધું અને ચોમેર હાહાકાર મચાવી દીધો ત્યારે દેવોની પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા દેવીએ, અષ્ટાદશ– ભુજાવાળું રૂપ ધારણ કરીને મહિષાસુર સાથેના સંગ્રામમાં તેનો વધ કર્યો.[૩]

દેવી અને મહિષાસુરના યુદ્ધ વિષયક સ્કન્દપુરાણમાં જરા જુદી વાત કહી છે. તદનુસાર, એકવાર શિકાર કરતાં કરતાં તે (મહિષાસુર), જયાં પાર્વતી તપશ્ચર્યા કરી રહી હતી ત્યાં (અરુણાચલપર્વત) પર ગયો. પાર્વતીના સૌંદર્યને જોઈને, તે તેના પર મોહિત થઈ ગયો અને એક વૃદ્ધ અતિથિનું રૂપ ધારણ કરીને, પાર્વતી પાસે જઈને, તેને તપશ્ચર્યાનું કારણ પૂછ્યું. પાર્વતીએ કહ્યું કે, 'હું પરમ બલવાન ભગવાન શંકરનું વરણ કરવા ઈચ્છું છું અને તેથી તપ કરી રહી છું.' એ સાંભળીને મહિષાસુરે કહ્યું કે, 'હું પણ બળવાન છું અને ઈચ્છું છું કે, તું મારું વરણ કર.' ત્યારે પાર્વતીએ તેને યુદ્ધને માટે લલકારતાં, પોતાના બળનું પ્રદર્શન કરવા કહ્યું. મહિષાસુરે પાર્વતી સાથે ઘોર યુદ્ધ કર્યું પણ અંતે તે માર્યો ગયો.[૪]

મહાભારતમાં તેને શિવ પાસેથી વરદાન મળ્યું હોવાની વાત છે.[૫] એકવાર તેણે દેવતાઓને પરાસ્ત કરીને રુદ્રના રથ પર પણ આક્રમણ કર્યું હતું.[૬] મહાભારત અનુસાર કુમાર સ્કંદે તેનો વધ કર્યો હતો.[૭] મહિષાસુરનો વધ કરવાને

કારણે જ દેવીને 'મહિષાસુરમર્દિની' કહેવામાં આવે છે.[૮]

◆ **<u>દેવી કાલિકા તથા શુંભ–નિશુંભસંગ્રામ :</u>**

શુંભ અને નિશુંભ પાતાલલોકમાં રહેનારા રાક્ષસો હતા. બન્ને સગા ભાઈઓ હતા. તેઓના આશ્રિતોમાં ચંડ–મુંડ, રકતબીજ, ધૂમ્રલોચન વગેરે મુખ્ય હતા. બ્રહ્માએ તેઓને વરદાન આપ્યું હતું કે, સૃષ્ટિના કોઈ પણ પુરુષ વડે તેનો વધ નહીં થાય. એ વરદાનને કારણે તેઓ અત્યંત ઉન્મત્ત બન્યા હતા. પોતાના ગુરુ ભૃગુની સલાહથી તેઓ પતાતાલ પર રાજય કરતા હતા. જેમાં શુંભ રાજા અને નિશુંભ અમાત્ય હતો. અંતે કાલિકાદેવીએ તેઓનો પરિવારના બધા જ રાક્ષસોની સાથે વધ કર્યો હતો. એ સમયે અત્યંત ઘોર સંગ્રામ દેવ–દેવી અને શુંભ–નિશુંભના સૈન્યો વચ્ચે થયો હતો.[૯]

દેવ–દેવીઓ અને શુંભ–નિશુંભ વચ્ચે લડાયેલો આ સંગ્રામ ઘણો ભયંકર હતો. શુંભ–નિશુંભનો વધ કરવા માટે દેવી કાલિકાએ એક સુંદર સ્ત્રીનું રૂપ લીધું હતું. એ સુંદર સ્ત્રીને વશ કરવા માટે શુંભ–નિશુંભે ચંડ–મુંડ નામના પોતાના બે સેનાપતિ રાક્ષસોને મોકલ્યા, પરંતુ દેવીએ તે બન્ને રાક્ષસોનો વધ કર્યો. તેના એ કાર્યથી જ, તેને 'ચામુંડા' નામ પ્રાપ્ત થયું.[૧૦]

શુંભ–નિશુંભના પક્ષમાં રકતબીજ નામનો એક અન્ય અસુર પણ હતો. બ્રહ્મદેવના વરદાનના પ્રભાવથી તેનાં રુધિરના જેટલા બિંદુઓ નીચે પડતા, તેમાંથી એટલા જ રાક્ષસો ઉત્પન્ન થતા હતા. એ કારણે, તે યુદ્ધમાં અજય બન્યો હતો. આ યુદ્ધમાં તેણે દેવીને ઘણી જ ઉદ્દંડતાથી કહ્યું કે, 'તું શુંભ–નિશુંભની પત્ની બની જા, નહીતર, આ યુદ્ધમાં તારો પરાજય નિશ્ચિત છે.' પછી દેવીએ ભયંકર રૂપ ધારણ કરીને, એક પણ ટીપું જમીન પર ન પડે, તે રીતે તેના રુધિરનું પ્રાશન કર્યું અને એ રીતે દેવીએ તેનો અને તેનામાંથી ઉત્પન્ન થનારા તમામ રાક્ષસોનો સંપૂર્ણ નાશ કર્યો.[૧૧] ત્યારપછી દેવીએ ધૂમ્રલોચનાદિ અન્ય દૈત્યોનો નાશ કરીને શુંભ–નિશુંભનો પણ વધ કર્યો અને એ રીતે, એ મહાભયંકર યુદ્ધમાં, તે દેવીએ વિજય મેળવીને દેવોને પણ અભય પ્રદાન કર્યું.

માર્કણ્ડેયપુરાણમાં 'દેવીમાહાત્મ્ય'માં દેવીનો નિર્દેશ 'દુર્ગા' નામથી કરવામાં આવ્યો છે અને તેને કાલી, લક્ષ્મી તથા સરસ્વતીનો અવતાર કહેવામાં આવેલ છે. દુર્ગમ નામના અસુરનો વધ કરવાના કારણે તેને 'દુર્ગા' નામ પ્રાપ્ત થયેલું છે. દેવોના નાશને માટે દુર્ગમે તપશ્ચર્યા કરી, બ્રહ્મા પાસેથી વરદાન મેળવેલ હતું અને એ વરદાનના પ્રભાવથી તેણે દેવો સામેના યુદ્ધમાં વિજય મેળવ્યો હતો. વરદાનના પ્રભાવથી જ તેણે પૃથ્વી પરથી ચારે વેદોને ચોરી લીધા હતા. તેના એ કાર્યથી યજ્ઞયાગાદિ કર્મો બંધ થયા, પરિણામે પૃથ્વી પર અનેક ઉત્પાતો સર્જાવા લાગ્યા. બ્રાહ્મણોની વિનંતીને કારણે દેવીએ શતનેત્રવાળું રૂપ ધારણ કરીને દુર્ગમ સાથે યુદ્ધ કર્યું અને તેનો વધ કરીને વેદોને મુકત કર્યા.[૧૨]

◆ **શિવ–જાલંધરસંગ્રામ :**

જાલંધર નામનો એક દૈત્ય કે જે ગંગા તથા સમુદ્રનો પુત્ર હતો.[૧૩] તે જાલંધર દેશમાં રહેતો હતો.[૧૪] તે એક મહાન શાસ્ત્રવેત્તા હતો અને શુક્રાચાર્યના પ્રસાદથી જ તેને મૃતસંજીવનીવિદ્યા પણ પ્રાપ્ત થઈ હતી.[૧૫] શુક્રાચાર્યની સહાયથી તે પૃથ્વીનું શાસન કરતો હતો. તેનું રાજ્ય પાતાલ તથા સ્વર્ગલોકમાં પણ હતું. તે સર્વથા અજેય હતો. તેણે ઈન્દ્રાદિ દેવતાઓને જીતીને સ્વર્ગ પર કબજો કર્યો હતો.[૧૬] તેનો વધ માત્ર શંકર જ કરી શકે, તેવું વરદાન તેને બ્રહ્માએ આપ્યું હતું.[૧૭]

નારદે એકવાર તેની પાસે આવીને પાર્વતીના સૌંદર્યની પ્રશંસા કરી. તેનાથી લોભાઈને તેણે પાર્વતીને લાવવા માટે રાહુને મોકલ્યો. રાહુએ કૈલાસ પર્વત પર જઈ શિવ પાસે પાર્વતીની માગણી કરી. પરિણામે, શિવ અને રાહુ વચ્ચે યુદ્ધ થયું. શિવે રાહુને ભગાડી મૂકયો. આથી જાલંધર તથા શિવ વચ્ચે ઘમાસાણ યુદ્ધ થયું. શસ્ત્રયુદ્ધ પછી માયાયુદ્ધ મંડાયું. માયાના આશ્રયે જાલંધર શિવનું રૂપ લઈને પાર્વતી પાસે ગયો, પરંતુ પાર્વતીએ તેને સખીની મદદથી ઓળખી કાઢયો. તેટલામાં ચંડ અને મુંડ દ્વારા મોકલાયેલા રકતલોચન નામના દૂતના મુખેથી પોતાની પત્ની વૃંદાના પાતીવ્રત્યનો વિષ્ણુએ કરેલ ભંગના સમાચાર સાંભળીને, તે ત્યાંથી પુનઃ સંગ્રામભૂમિ પર ગયો. વિષ્ણુ પણ તાપસનું રૂપ લઈને જાલંધરની પત્ની વૃંદા પાસે તેના સતીત્વનો ભંગ કરવાના હેતુથી ગયા હતા. દુઃસ્વપ્નથી દુઃખી થઈને વનમાં ગયેલી વૃંદાને તેણે પોતાની માયાથી સર્જેલા રાક્ષસના હાથમાંથી છોડાવી. વૃંદા વિષ્ણુમાયાને ન જાણી શકી. ચિત્રશાળામાં જાલંધર–રૂપધારી વિષ્ણુ સાથે વિલાસ ભોગવ્યા પછી વૃંદાને તેની જાણ થતા, તેણે વિષ્ણુને શાપ આપ્યો કે, 'તમારી સ્ત્રીઓનું પણ કોઈ હરણ કરી જશે.' એટલું કહીને વૃંદાએ યોગબળથી પોતાના દેહનો ત્યાગ કર્યો. તેની સખીએ તેના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. આથી ગુસ્સે થયેલા જાલંધરે બમણા જોશથી દેવો પર હુમલો કર્યો, પરંતુ સતી વૃંદાના સતીત્વના પીઠબળને ગુમાવી બેઠેલા જાલંધરને માટે, તે યુદ્ધ અંતિમ બની રહ્યું. શિવે તેનું મસ્તક કાપીને સમુદ્રમાં પધરાવી દીધું.[૧૮]

જાલંધરે પોતાના પરાક્રમથી ત્રણે લોકને જીતી લીધેલા. દેવો પાસેથી સ્વર્ગનું રાજ્ય પણ ઝૂંટવી લીધેલું. તેથી આ મહાસંગ્રામમાં બધા દેવોએ પણ શિવને સહાય કરી હતી. પદ્મપુરાણના ઉત્તરખંડમાં પાંચમા અધ્યાયમાં દેવસેના અને જાલંધરની દૈત્યસેના વચ્ચે થયેલા ભયંકર યુદ્ધનું વિસ્તૃત વર્ણન છે. ત્યાં જ છઠ્ઠા અધ્યાયમાં ઈન્દ્ર અને જાલંધરના સેનાપતિ બલના યુદ્ધનું અને ઈન્દ્રે કરેલ બલ–વધનું વર્ણન છે. જયારે કે, સાતમા અધ્યાયમાં જાલંધર દ્વારા કરાયેલ ઈન્દ્રના પરાભવનું તથા વિષ્ણુએ કરેલ જાલંધરની સેનાના વિનાશનું અને જાલંધર તથા વિષ્ણુના સંગ્રામનું, જાલંધરના બાણપ્રહારથી વિષ્ણુને પ્રાપ્ત થયેલ મૂર્ચ્છાનું અને લક્ષ્મીની પ્રેરણાથી જાલંધરને વિષ્ણુ પાસેથી વરપ્રાપ્તિનું વર્ણન છે. પછીના અધ્યાય ૯ થી ૧૮ એમ કુલ ૧૦ અધ્યાયોમાં શિવ અને જાલંધરના સંગ્રામનું વિસ્તૃત વર્ણન છે.

◆ **વિનાયક ગણેશ તથા નરાંતક–દેવાંતકસંગ્રામ :**

નરાંતક તથા દેવાંતક અસુરરાજ રુદ્રકેતુના પુત્રો હતા. તેની માતાનું નામ શારદા હતું. નરાંતક તથા દેવાંતક ઘણા જ પરાક્રમી હતા. તેઓના પરાક્રમથી ખુશ થઈને નારદે તેઓને 'પંચાક્ષરી મહાવિદ્યા' નો ઉપદેશ કર્યો હતો. પછીથી તે બન્નેએ પોતાના દુષ્કૃત્યોથી સમસ્ત ત્રૈલોક્યને ત્રસ્ત કરી મૂક્યું હતું. પોતાની અમાપ શક્તિથી તેણે દેવોને પણ જીતી લીધા હતા. તેઓના ત્રાસથી દુઃખી થયેલા દેવોએ શિવપુત્ર ગણેશને પોતાના દુઃખને દૂર કરવા પ્રાર્થના કરી.

દેવોની પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા ગણપતિએ નરાંતક તથા દેવાંતકનો વધ કરવા માટે કશ્યપગૃહે જન્મ લીધો અને વિનાયક તરીકે પ્રસિદ્ધ થયા. આ વિનાયકના હાથે પોતાનો વિનાશ થશે, એ જાણીને તેના નાશને માટે, તે બન્નેએ ઘણા જ પ્રયત્નો કર્યા, પરંતુ તેમાં તેઓ નિષ્ફળ ગયા. અંતે વિનાયક સાથેના યુદ્ધમાં તે બન્નેનો વિનાયક દ્વારા વધ કરવામાં આવ્યો.[૧૯]

ગણપતિએ અન્ય પણ એક સિંદૂર નામના અસુરનો વધ કર્યો હતો. ગણપતિ મારો નાશ કરશે, એવી જાણ થતાં જ સિંદૂરાસુરે તે બાળ ગણેશને નર્મદા નદીમાં ફેંકી દીધેલ, પરંતુ તેનાથી બચી જઈને ગણપતિએ તેનો વિનાશ કર્યો હતો. સિંદૂરાસુરનો વધ કરીને ગણપતિએ તેના રુધિરનો પોતાના શરીર પર લેપ કર્યો હતો અને પછી, ઘૃષ્ણેશ્વર પાસે સિંદુરવાડમાં પોતાનો અવતાર સમાપ્ત કર્યો હતો.[૨૦] કૃષ્ણના બાલચરિત્રની જેમ ગણપતિનું પણ બાલચરિત્ર છે. પોતાની બાળલીલાઓમાં તેણે અનેક અસુરોનો વધ કર્યો હતો.[૨૧]

◆ **રામ–રાવણસંગ્રામ :**

ભારતીય સાહિત્યેતિહાસના અત્યંત પ્રસિદ્ધ પાત્ર રામને પુરાણોમાં શ્રી વિષ્ણુનો સાતમો અવતાર કહેવામાં આવેલ છે. વાલ્મીકિ રામાયણમાં તેને અનેકવાર શ્રીવિષ્ણુની સાથે સરખાવવામાં આવેલ છે.[૨૨] એક સ્થાને તો સ્પષ્ટપણે તેને શ્રીવિષ્ણુના અવતાર કહેલ છે.[૨૩] પરશુરામ જામદગ્ન્યની પ્રતિજ્ઞાને કારણે, સમગ્ર ક્ષત્રિય સમાજ જયારે હતપ્રભ અને નિર્વીર્ય બની ગયો હતો, તે સમયે આદર્શ ક્ષત્રિય વ્યક્તિ તથા રાજાનું આચરણ કેવું હોય, તેનો વસ્તુપાઠ રામે ક્ષત્રિયોની સામે રાખ્યો હતો. રાવણ જેવા રાક્ષસોનાં આક્રમણોને કારણે, જયારે માત્ર દક્ષિણ ભારત જ નહીં, પરંતુ ગંગાઘાટીનો પ્રદેશ પણ ભયભીત બન્યો હતો, તે સમયે રામે પોતાના પરાક્રમથી એ તમામ પ્રદેશને ભયમુકત કર્યો હતો અને એ રીતે કેવળ ઉત્તર ભારતમાં જ નહીં, પરંતુ દક્ષિણ ભારતમાં પણ આર્ય સંસ્કૃતિની સ્થાપના કરી. આ પ્રમાણે, રામ દ્વારા કરવામાં આવેલું તે કાર્ય, અદ્વિતીય ઐતિહાસિક મહkવ ધરાવે છે.

આધુનિકોના મત પ્રમાણે, ઈ.સ. પૂર્વે ૨૩૫૦ થી ૧૯૫૦ સુધીનો સમય, ભારતીય ઈતિહાસમાં અયોધ્યાના રઘુવંશી રાજાઓનો સમય માનવામાં

આવે છે. જેમાં રામ દાશરથિનો સમય આશરે ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૯૫૦ નો માનવામાં આવે છે.[૨૪] પરંતુ ભારતીય પરંપરા અનુસાર, રામનો જન્મ વૈવસ્વત મન્વન્તરના ચોવીસમા ત્રેતાયુગમાં થયો હતો.[૨૫]

વનવાસ દરમ્યાન, શરભંગઋષિના આશ્રમથી સુતીક્ષ્ણઋષિના આશ્રમ તરફ જતાં, રામે રસ્તામાં રાક્ષસો દ્વારા મારી નાખવામાં આવેલા તપસ્વીઓના અસ્થિઓનો વિશાળ ઢગલો જોયો. એથી તેણે ત્યાં રહેતા ઋષિઓને આશ્વાસન આપતાં અને પ્રતિજ્ઞા લેતાં કહ્યું કે, "હું હવે અહીં જ રહીને રાક્ષસોથી આપનું રક્ષણ કરીશ."[૨૬] રામની એ પ્રતિજ્ઞાને કારણે જ દણ્ડકારણ્યનિવાસી રાક્ષસોની સાથે તેને શત્રુતા થઈ અને સીતાહરણ, રાવણ સાથે યુદ્ધ વગેરે અનેક વિપત્તિઓ આવી પડી. રામે રાવણ અને તેના અનુયાયીઓ ઉપરાંત મારીચ, સુબાહુ, કબંધાદિ અન્ય પણ અનેક રાક્ષસોનો સંહાર કર્યો હતો.

રામ–રાવણના યુદ્ધનું કથાનક એકદમ પ્રસિદ્ધ જ છે. રાવણ દ્વારા હરણ કરીને લઈ જવાયેલી પોતાની પત્ની સીતાની પુનઃપ્રાપ્તિ માટે રામે રાવણ સાથે આ મહાયુદ્ધ કરેલું. આ એક ભયંકર સંગ્રામ હતો. મહામહોપાધ્યાય સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવના મત પ્રમાણે –

**“राम एवं रावण का युद्ध कुल ८७ दिनों तक चलता रहा, उनमें से पंद्रह दिन कोई युद्ध न हुआ था, जिस कारण राम-रावण का प्रत्यक्ष युद्ध ७२ दिनों तक हुआ प्रतीत हो ता है । यह युद्ध माघ शुद्ध द्वितीया को शुरु हुआ, एवं वैशाख कृष्ण द्वादशी के दिन रावणवध से समाप्त हुआ ।”**[૨૭]

રામ–રાવણનું યુદ્ધ એક દષ્ટિએ મનુષ્ય–મનુષ્ય વચ્ચેનું જ યુદ્ધ હતું, પરંતુ પુરાણોમાં સર્વત્ર રામને વિષ્ણુના અંશાવતાર અને રાવણને રાક્ષસના રૂપમાં વર્ણવેલ હોવાથી, તેમજ આ યુદ્ધમાં દેવોએ પણ રીંછ અને વાનરોનાં રૂપો લઈને ભાગ લીધો હતો.[૨૮] તેથી આ પણ એક પ્રકારનો દેવાસુરસંગ્રામ જ ગણી શકાય. ઉપરાંત, રાવણે ઈન્દ્રાદિ તમામ દેવતાઓને યુદ્ધમાં હરાવીને તેમની સત્તાઓ છીનવી લીધી હતી.[૨૯] તેથી, દેવોએ પણ આ યુદ્ધમાં રામને સહાય કરી હતી.[૩૦]

રામ–રાવણયુદ્ધનું વર્ણન કે ઉલ્લેખો અનેક પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. જેમાં બ્રહ્મપુરાણ અ. ૨૧૩, બ્રહ્માંડપુરાણ, ઉપોદ્‌ઘાતપાદ, અ. ૮, વાયુપુરાણ, અ. ૭૦, હરિવંશપુરાણ, અ. ૧, મત્સ્યપુરાણ, અ. ૪૭, શ્રીમદ્‌ભાગવતપુરાણ, અ. ૧૦–૧૨ વગેરે. પદ્મપુરાણનો તો સંપૂર્ણ પાતાલખંડ ૧૧૭ અધ્યાયોમાં વિસ્તારથી રામ–રાવણનો જન્મવૃત્તાંત, રાવણનો ત્રિલોકીને સંતાપ, રામનું બાલચરિત, વિશ્વામિત્ર પાસેથી શસ્ત્રવિદ્યાનું જ્ઞાન, તાટકાવધ, અહલ્યોદ્ધાર, રામવિવાહ, શત્રુઘ્નદિગ્વિજય, રામને વનવાસ–પ્રાપ્તિ, રામનો દંડકારણ્યનિવાસ, શૂર્પણખાપ્રસંગ, સીતાહરણ, સુગ્રીવમૈત્રી, સીતાશોધ, હનુમન્પરાક્રમ, લંકાગમન, વિભિષણમૈત્રી, કુંભકર્ણાદિનો વધ, રામ–રાવણયુદ્ધ અને રાવણનો વધ વગેરે સંપૂર્ણ રામકથાને વર્ણવે છે.

◆ **ઈન્દ્ર–ઈન્દ્રજિતસંગ્રામ :**

ઈન્દ્રજિત લંકાના રાજા રાવણ અને મંદોદરીનો જયેષ્ઠ પુત્ર હતો. તેનું સાચું નામ તો મેઘનાદ હતું. તેણે જન્મતાની સાથે જ મેઘના જેવી ગર્જના કરી હતી, તેથી તેનું નામ મેઘનાદ પડયું હતું; પરંતુ તેણે યુદ્ધમાં ઈન્દ્રને જીત્યો હોવાથી, તે ઈન્દ્રજિત્ તરીકે ઓળખાતો હતો.[31] મેઘનાદ સ્વભાવથી જ ભયંકર હતો. યુવાન થતાંની સાથે જ તેણે શુક્રાચાર્યની સહાયથી નિકુંભિલામાં અશ્વમેધ, અગ્નિષ્ટોમ, બહુસુવર્ણક, રાજસૂય, ગોમેધ, વૈષ્ણવ તથા માહેશ્વર જેવા સાત મહાયજ્ઞો કર્યા હતા. તેનાથી શિવ તરફથી તેને દિવ્યરથ, ધનુષ્યબાણ, શસ્ત્ર, તામસી માયા વગેરે પ્રાપ્ત થયાં હતાં. તેણે અન્ય યજ્ઞો કરવાનો પણ નિશ્ચય કર્યો હતો, પરંતુ રાવણ દેવતાઓથી દ્વેષ કરતો હતો, તેથી દેવતાઓને વધારે હવિર્ભાગ આપવાનું તેણે ઈષ્ટ ન માન્યું અને વધારે યજ્ઞો કરવાનું માંડી વાળ્યું.[32]

એકવાર, જયારે દેવતાઓને જીતવા રાવણ સ્વર્ગલોકમાં ગયો હતો. ત્યાં તેના માતામહનો વધ થયો અને તેના પરાજયના ચિહ્નો દેખાવા લાગ્યા ત્યારે મેઘનાદે આગળ વધીને યુદ્ધ કર્યું. પ્રથમ તો તેણે ઈન્દ્રપુત્ર જયંતને હરાવ્યો અને ઈન્દ્રને શસ્ત્રાસ્ત્રોથી જર્જરિત કરી, તેને બાંધી દીધો અને લંકા લઈ આવ્યો. બધા દેવતાઓ બ્રહ્માજીને સાથે રાખીને લંકા ગયા તથા મેઘનાદને ઈન્દ્રને છોડી દેવા કહ્યું. ઈન્દ્રને છોડવાના બદલામાં મેઘનાદે અમરત્વની માગણી કરી, પરંતુ એ અશકય હોવાથી બ્રહ્માએ તેને બીજું કશું માગવાનું કહ્યું, ત્યારે તેણે માગ્યું કે, તે જયારે પણ અગ્નિમાં હવન કરે ત્યારે અગ્નિમાંથી અશ્વ સહિત દિવ્યરથ નીકળે અને જયાં સુધી એ દિવ્યરથ પર તે આરૂઢ રહે ત્યાં સુધી તે વિજયી અને અમર રહે. બ્રહ્માએ તે પ્રમાણેનું વરદાન આપીને ઈન્દ્રને મુકત કરાવીને લઈ ગયા અને ઈન્દ્રપદ પર સ્થાપિત કર્યો.[33]

આ ઉપરાંત પણ અનેક સંગ્રામોના ઉલ્લેખો પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. જેમ કે, મધુકૈટભ–વિષ્ણુયુદ્ધ, વિષ્ણુ–કાલનેમિસંગ્રામ, કૃષ્ણ–બાણાસુરસંગ્રામ, કૃષ્ણ અને કંસ તથા જરાસંધાદિના સંગ્રામો ઈન્દ્ર–વજ્રાંગયુદ્ધ, તારકાસુર–કુમારયુદ્ધ, દેવ–દાનવોનો લોમહર્ષકસંગ્રામ વગેરે. આ બધા સંગ્રામો મત્સ્યપુરાણ, શ્રીમદ્ભાગવતપુરાણ તથા વિષ્ણુપુરાણમાં વર્ણવાયેલા હોવાથી અહીં તેનું વર્ણન કરવું અસ્થાને છે.

## ૪:૨, મત્સ્યપુરાણમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો

વિષય–વૈવિધ્યની દષ્ટિએ મત્સ્યપુરાણ શ્રેષ્ઠ છે. તે સાંપ્રદાયિક વર્ગીકરણની દષ્ટિએ શૈવપુરાણ હોવા છતાં તેમાં વિષ્ણુ, બ્રહ્મા, શકિત, સૂર્યાદિ દેવોના માહાત્મ્યો પણ ઉચિતમાત્રામાં વર્ણવવામાં આવ્યાં છે. એ તમામ દૈવી–શકિતઓના ચમત્કારપૂર્ણ કાર્યોની નોંધ મત્સ્યપુરાણકારે લીધી છે. આસુરી–શકિતઓને નાથીને, સમસ્ત જીવોના કલ્યાર્થે સુખ તથા શાંતિને સ્થાપવાને એ તમામે દર્શાવેલા સરાહનીય પરાક્રમોને જેમ અન્ય પુરાણોએ વર્ણવ્યાં છે, તેમ મત્સ્યપુરાણે પણ નિરૂપ્યાં છે. દ્વાદશદેવાસુરસંગ્રામોમાંથી મોટાભાગના સંગ્રામોનું વિસ્તૃત તથા બાકીનાઓનું કાં તો સંક્ષિપ્ત વર્ણન કર્યું છે, કાં તો તેનો માત્ર ઉલ્લેખ કર્યો છે. પરંતુ એ દ્વાદશદેવાસુરસંગ્રામો ઉપરાંત પણ અન્ય ઘણા સંગ્રામોનું વર્ણન મત્સ્યપુરાણમાંથી પ્રાપ્ત થાય છે. જેમ કે, મધુકૈટભ–વિષ્ણુસંગ્રામ, વિષ્ણુ–કાલનેમિસંગ્રામ, તારકાસુર–કુમારસંગ્રામ, લોમહર્ષકસંગ્રામ, વજ્રાંગ–ઈન્દ્રસંગ્રામ વગેરે.

આ બધા સંગ્રામોનું વર્ણન મત્સ્યપુરાણકારે આ પ્રમાણે કર્યું છેઃ

### ◆ મધુકૈટભ–વિષ્ણુસંગ્રામ :

મત્સ્યપુરાણમાં 'પદ્મોદ્ભવ' ના પ્રસંગનું વર્ણન કરતાં પુરાણકારે 'મધુકૈટભવધ' નામના ૧૭૦મા અધ્યાયમાં આ કથા વર્ણવેલી છે. સૃષ્ટિના પ્રારંભમાં પદ્મભૂ બ્રહ્માનું સર્જન કર્યા પછી, સ્વયંભૂ નારાયણ યોગનિદ્રામાં પોઢી ગયા ત્યારે તપસ્યામાં વિઘ્ન સ્વરૂપ રજોગુણમય અને તમોગુણમય મધુ અને કૈટભ નામના બે અસુરો એક જ સમયે ઉત્પન્ન થયા. રજોગુણ અને તમોગુણમાંથી ઉત્પન્ન થયેલા તે બન્ને મહાબળવાન વિઘ્નકારી રાક્ષસો, તે મહાસમુદ્રમાં રહીને સમસ્ત જગતને ક્ષુબ્ધ કરવા લાગ્યા. તે સમયે તે બન્ને દૈત્યોએ લાલ રંગના દિવ્ય વસ્ત્રો ધારણ કરેલા હતા. તેઓના આગળના દાંત અત્યંત ઉજ્જ્વલ હોવાથી ચમકી રહ્યા હતા. તેઓએ કવચ તથા કુંડળ ધારણ કરેલા હતા. તે બન્ને ઉજ્જ્વલ કેયૂર અને વલયોથી સુશોભિત હતા. તેઓની વિશાળ આંખો એકદમ લાલ હતી. વક્ષઃથલ દૃઢ હતા, ભુજાઓ વિશાળ હતી અને આકૃતિ જોવામાં વિશાળ મહાગિરિના જેવી હતી. તે સમયે તે બન્ને ચાલતાં પર્વતના જેવા લાગતા હતા. તેઓનાં મુખ નવિન મેઘના જેવા શ્યામ વર્ણનાં તથા સૂર્યના જેવાં તેજસ્વી હતાં. વિદ્યુત્‌ના જેવી આભાવાળા અને હાથના અગ્રભાગમાં ગદા ધારણ કરવાથી અત્યંત ભિષણ લાગતા હતા. તેઓ બંને ડગલાઓ ભરતા તો જાણે કે સમુદ્રને ઉછાળતા હોય તેવા માલુમ પડતા હતા અને તેથી શયન કરી રહેલ ભગવાન વિષ્ણુને કંપિત કરી રહ્યા હતા. આ પ્રમાણે મહા સમુદ્રમાં ભમી રહેલા તે બંને એ કમળમાં વિરાજમાન અને યોગીઓમાં શ્રેષ્ઠ તથા ભગવાન નારાયણની આજ્ઞાથી માનસીક સંકલ્પ દ્વારા સમસ્ત પ્રજાઓની

અને દેવતાઓ, ઋષિઓ તેમજ અસુરોની સૃષ્ટિ કરી રહેલા ચતુર્મુખ બ્રહ્માને જોયા. તે અસુરનાયકોએ તેમની પાસે જઈને અત્યંત ક્રોધથી વ્યાકુળ નયનોથી કહ્યું– "ઓ ચારભુજાવાળા, શ્વેત રંગની પાઘડી બાંધેલા અને કમળની વચ્ચે નિવાસ કરનાર તું કોણ છે? અજ્ઞાનપૂર્વક યોગની આરાધના કરતો શાંત ચિત્તે કેમ બેઠો છે? અહીં આવ, અમારા બંને સાથે યુદ્ધ કર, આ મહાન સમુદ્રના સ્વામીઓ એવા અમારા બંને પાસે તું એક નગણ્ય વ્યકિત છો. અહીં તું કયાંથી આવી પડયો? તું શું કરે છે અને કોણે તને આ કામમાં નિયુકત કર્યો છે? તારી સૃષ્ટિ કોણે કરી છે? તારી રક્ષા કોણ કરે છે અને તારું નામ શું છે?"[૩૪]

બ્રહ્માએ કહ્યું કે, "સહસ્ર નેત્રોવાળા તથા જેને લોકમાં 'એક' કહેવામાં આવે છે, તે ભગવાન નારાયણ. પરંતુ તમે બે છો, તેથી તમારાં બન્નેનાં નામ અને કર્મો જાણવા માગું છું."[૩૫]

બ્રહ્માનો આવો પ્રત્યુત્તર સાંભળીને તે બન્નેએ કહ્યું, "અરે મહામતિ, અમારા બન્નેથી વધીને આ વિશ્વમાં કોઈ નથી. અમે બન્નેએ રજોગુણ તથા તમોગુણથી સમસ્ત વિશ્વને આવૃત્ત કરી લીધું છે. અમે બન્ને રજોગુણ તથા તમોગુણથી સંયુકત છીએ. ઋષિઓ અમારો પાર નથી પામી શકતા. ધર્મ અને શીલને છૂપાવનારા અમે બન્ને, સમસ્ત દેહધારીઓમાંથી કોઈનાથી પણ પરાજય પામનારા નથી. પ્રત્યેક યુગમાં અમે બન્ને જ લોકોનું વહન કરીએ છીએ. અમારા બન્ને માટે જ અર્થ, કામ, યજ્ઞ અને સ્વર્ગનું વિધાન થયેલું છે. જયાં જયાં આનંદ અને સુખ, લક્ષ્મી અને યજ્ઞ તથા પ્રાણીઓના મનમાં જેટલી અભિલાષાઓ છે, તે બધું અમારા બન્નેનું જ સમજવા યોગ્ય છે."[૩૬]

બ્રહ્માએ કહ્યું– "યોગના યત્નથી મેં પૂર્વકાળમાં યોગની આરાધના કરી હતી અને તે કારણે જ હું સkવગુણને પ્રાપ્ત કરી શકયો છું. જે આ જગતમાં સર્વશ્રેષ્ઠ છે, મતિમાન છે, જેની સંજ્ઞા જ 'યોગ' છે, જે વાસ્તવમાં સkવરૂપ જ છે, જે જગતના સૃષ્ટિકર્તા છે, તેમનામાંથી જ સkવગુણયુકત તથા રજોગુણમય અને તમોગુણમય જીવોની ઉત્પત્તિ થાય છે અને તે દેવ જ તમારા બન્નેનો વિનાશ કરવાને સમર્થ છે."[૩૭]

બ્રહ્મા હજુ તો આવા શબ્દો બોલી જ રહ્યા હતાં ત્યાં જ ભગવાન વિષ્ણુએ સુતાં સુતાં જ પોતાની માયાથી પોતાની ભુજાઓને અનેક યોજન સુધી વિસ્તારી, જેથી એ લાંબી ભુજાઓના વિસ્તરવાથી ખેંચાયેલા, તે બન્ને દૈત્યો અહીં તહીં ભટકતા મોટા પક્ષીના જેવા દેખાવા લાગ્યા. ત્યારપછી, તે બન્ને દૈત્યો સર્વદા એકરૂપમાં રહેનાર, હૃષીકેશ, પદ્મનાભ, ભગવાન વિષ્ણુની પાસે જઈને, પ્રણામ કરતાં બોલ્યા– 'હે દેવ! વિશ્વને ઉત્પન્ન કરનાર! પુરુષોત્તમ! અમે બન્ને એકમાત્ર આપને જ જાણીએ છીએ. તમે અમારી રક્ષા કરો. આપ જ અમારા કલ્યાણરૂપ છો. આપનું દર્શન કયારેય કોઈને પણ વિફળ નથી જતું. આપને અમે શાશ્વત જાણીએ છીએ અને એથી જ આપના દર્શનાર્થે અમે બન્ને અહી આવ્યા છીએ. હે

શત્રુઓને વશ કરનાર દેવ! અમે આપની પાસે એક વરદાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા છીએ. હે યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરનાર આપનું દર્શન કયારેય નિષ્ફળ નથી જતું."[૩૮]

તે બન્ને દૈત્યોની એ વાત સાંભળીને શ્રી ભગવાને કહ્યું કે, "હે દાનવોમાં શ્રેષ્ઠ બન્ને અસુરો! કયા પ્રયોજનની સિદ્ધિ માટે તમે વરદાન માગવા ઈચ્છો છો? તમારા બન્નેનું આયુષ્ય તો સમાપ્ત થઈ ગયું છે. શું હજુ પણ જીવિત રહેવા માગો છો?"[૩૯]

મધુકૈટભે કહ્યું, "હે મહાવ્રતશાલી દેવ! જે સ્થાન પર કયારેય પણ કોઈ જ ન મર્યું હોય, ત્યાં આપના હાથે અમારા બન્નેના મૃત્યુની અમે અભિલાષા રાખીએ છીએ."[૪૦]

શ્રી ભગવાને કહ્યું કે, "તમે બન્ને દૈત્યોની ઉત્પત્તિ ભવિષ્યમાં નિશ્ચિતપણે શ્રેષ્ઠ શકિતશાળીઓના રૂપમાં થશે, એમાં કોઈ જ સંદેહ નથી. આવો હું તમારી અભિલાષાને પૂર્ણ કરું છું."[૪૧] એ પ્રમાણે તે બન્ને દૈત્યોને વરદાન આપીને, વિશ્વમાં શ્રેષ્ઠ, સુરોત્તમ, સનાતન, ભગવાન વિષ્ણુએ, રજોગુણ તથા તમોગુણમય, તે દૈત્યોના જોડાંને, પોતાની જાંઘોના મૂળ ભાગ પર રાખીને મારી નાખ્યા.

આ પ્રમાણે, વિષ્ણુએ કરેલ મધુ–કૈટભ સાથેના સંગ્રામ અને તે બન્નેના વધની કથાને મત્સ્યપુરાણકારે પ્રસ્તુત કરેલ છે. જો કે, આ કથાને રજુ કરવામાં પુરાણકારે પુરો એક આખો અધ્યાય ખર્ચી નાખ્યો છે. પરંતુ તે છતાં, અન્ય પુરાણોની અપેક્ષાએ વિષ્ણુ અને મધુકૈટભના યુદ્ધ વિષયક અહીં ઘણું જ સંક્ષિપ્ત વર્ણન છે. મધુકૈટભના ચરિત્રવર્ણનમાં પણ ઘણી જ શાલીનતા તથા સરલતાનાં દર્શન થાય છે. બન્ને દૈત્યો માત્ર આકૃતિથી જ ભયંકર જણાય છે, તેઓની વાણી અને વર્તનમાં દૈત્યસહજ દુષ્ટતાનું પ્રમાણ ઘણું જ ઓછું વર્ણવાયું છે. આની સામે વાયુપુરાણની કથામાં તે બન્નેનું દૈત્યત્વ વધારે પ્રગટ થતું જોઈ શકાય છે. વાયુપુરાણના પચ્ચીસમા અધ્યાયમાં આ કથા વર્ણવાયેલી છે.

વાયુપુરાણ પ્રમાણે, બન્ને દૈત્યબંધુઓ સતત યુદ્ધેચ્છુકો છે.[૪૨] તેઓનો જન્મ જ યુદ્ધ કરતાં કરતાં થાય છે. કેટલાયે વર્ષો સુધી તે બન્ને પરસ્પર લડતા જોવા મળે છે. તેઓ બ્રહ્માને મધ્યસ્થી બનીને, તેઓના પરસ્પરના યુદ્ધનો નિર્ણય આપવાનું કહે છે.[૪૩] પદ્મપુરાણાનુસાર તો તે બન્ને યુદ્ધના એટલા બધા શોખીન છે કે સ્વયં બ્રહ્માને પણ યુદ્ધ માટે આહ્વાન આપે છે.[૪૪] વાયુપુરાણાનુસાર, બ્રહ્માના રક્ષણ માટે ભગવાન નારાયણ પોતાના મુખમાંથી વિષ્ણુ અને જિષ્ણુ નામના બે ભાઈઓની ઉત્પત્તિ કરે છે, જે મત્સ્યપુરાણ કરતાં વિશેષ બાબત છે. મધુ અને કૈટભ એ બન્ને ભાઈઓ વિષ્ણુ અને જિષ્ણુ સાથે સો દિવ્યવર્ષો સુધી યુદ્ધ કરે છે.[૪૫] મધુ–કૈટભ અને વિષ્ણુ–જિષ્ણુના યુદ્ધ દરમ્યાન વિષ્ણુની મોહિની માયારૂપ કમલહસ્તા સાવિત્રીની ઉત્પત્તિની પણ વધારાની વિગત, વાયુપુરાણ આ યુદ્ધકથામાં

ઉમેરે છે. એ માયા મધુ–કૈટભના બળને શોષી લે છે, પરિણામે તે બન્ને ભાઈઓ યુદ્ધમાં થાકી જાય છે. અંતે, વિષ્ણુ–જિષ્ણુ તે બન્નેનો વધ કરે છે.[૪૬]

આમ, મત્સ્યપુરાણકાર આ કથાના વર્ણનમાં યુદ્ધવર્ણનને ઘણું જ ઓછું સ્થાન આપે છે. મધુ–કૈટભની ઉત્પત્તિ વિશે પણ મત્સ્યપુરાણમાં કશી સ્પષ્ટતા થયેલી નથી. જો કે, આ બાબતે જુદા જુદા પુરાણોના જુદા જુદા મતો છે. જેમકે, વિષ્ણુધર્મોત્તરપુરાણ, તે બન્નેની ઉત્પત્તિ બ્રહ્મદેવના સ્વેદમાંથી થઈ હોવાનું જણાવે છે.[૪૭] જયારે કે, પદ્મપુરાણમાં તે બન્નેની ઉત્પત્તિ બ્રહ્માના તમોગુણમાંથી દર્શાવવામાં આવી છે,[૪૮] પરંતુ દેવીભાગવતપુરાણમાં વળી, તે બન્નેને વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થયેલા કહ્યા છે.[૪૯] મહાભારતપ્રમાણે, ભગવાન વિષ્ણુના નાભિકમળ પર ભગવત્પ્રેરણાથી જળના બે ટીપાં પડયાં હતાં, જે રજોગુણ તથા તમોગુણનાં પ્રતીકો હતાં. ભગવાને તે બન્ને જળબિંદુઓ સામે દષ્ટિ કરી. જેથી, તેમાંથી એકમાંથી મધુની અને અન્યમાંથી કૈટભની ઉત્પત્તિ થઈ.[૫૦]

### ◆ <u>વિષ્ણુ–કાલનેમિસંગ્રામ :</u>

મત્સ્યપુરાણ, ૧૭૨ થી ૧૭૬ સુધીના અધ્યાયો અનુસાર, સત્યયુગમાં વૃત્રાસુરના વધ પછી લડાયેલ વિખ્યાત તારકામયસંગ્રામમાં દૈત્યો સહિત દાનવોનો દેવોએ વાયુ તથા અગ્નિદેવના પરાક્રમથી પરાજય કર્યો. સર્વત્ર સુખ, શાંતિની સ્થાપના થઈ. ત્યારપછી, અગ્નિ તથા વાયુ દ્વારા દાનવોને માટે ઉત્પન્ન અતિ ભયની ચર્ચા સાંભળીને દૈત્યોના પરાજયનો બદલો લેવા, કાલનેમિ નામનો વિખ્યાત દાનવ, દેવો સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. મત્સ્યપુરાણના ૧૭૭ તથા ૧૭૮મા અધ્યાયોમાં કાલનેમિ અને વિષ્ણુનું આ યુદ્ધ વર્ણવાયેલું છે.

પદ્મપુરાણાનુસાર કાલનેમિ પાતાલનિવાસી એક દૈત્ય હતો.[૫૧] તે દેખાવમાં અત્યંત ભયંકર હતો. મત્સ્યપુરાણકાર તેનું વર્ણન આ પ્રમાણે કરે છેઃ

**'भास्कराकारमुकुटः शिञ्जिताभरणाङ्गदः ।।**
**मन्दराद्रिप्रतीकाशो महारजतसंवृत्तः ।**
**शतप्रहरणोदग्रः शतबाहुः शताननः ।।**
**शतशीर्षः स्थितः श्रीमाञ्छतशृङ्गः इवाचलः ।**
**कक्षे महति संवृद्धो निदाघ इव पावकः ।।**
**धूम्रकेशो हरिच्छ्मश्रुः संदष्टौपुटाननः ।**
**त्रैलोक्यान्तरविस्तारि धारयन्विपुलं वपुः ।।**
**बाहुभिस्तुलयन्व्योम क्षिपन्पद्भ्यां महीधरान् ।**
**ईरयन्मुखनिःश्वासैर्वृष्टियुक्तान्बलाहकान् ।।**
**तिर्यगायतरक्ताक्षं मन्दरोदग्रवर्चसम् ।**
**दिधक्षन्तमिवाऽऽयान्तं सर्वान्देवगणान्मृधे ।।**
**तर्जयन्तं सुरगणांश्छादयन्तं दिशो दशः ।**

संवर्तकाले तृषितं दृष्टं मृत्युमिवोत्थितम् ।।
सुतलेनोच्छ्रायवता विपुलाङ्गुलिपर्वणा ।
लम्बाभरणपूर्णेन किंचिच्चलितकर्मणा ।।
उच्छ्रितेनाग्रहस्तेन दक्षिणेन वपुष्मता ।
दानवान्देवनिहतानुत्तिष्ठध्वमिति ब्रूवन् ।।'

અર્થાત્, 'તેનો મુકુટ સૂર્યના જેવા આકારવાળો હતો, અવાજ કરતાં અંગદાદિ આભૂષણોને ધારણ કરતો, રજતથી યુકત તે મંદરાચલ જેવો લાગતો હતો. તે સો હથિયારો ધારણ કરેલો, ઉગ્ર, સો બાહુઓ અને સો મુખોવાળો હતો. સો મસ્તકોથી શોભતો તે દાનવ રણભૂમિમાં સો શિખરોવાળા પર્વત જેવો લાગતો હતો. વિસ્તૃત યુદ્ધના મેદાનમાં તેજથી અતિશય વધેલો તે, ગ્રીષ્મકાલીન પ્રચંડ સૂર્ય જેવો લાગતો હતો. તેના કેશ ધૂમાડા જેવા હતા. દાઢી લીલા રંગની હતી અને તેના હોઠ ફફડતા હતા. તે ત્રિલોકીના અંત સુધી વિસ્તરેલા શરીરને ધારણ કરતો હતો. પોતાના બાહુઓથી આકાશને માપતો તે, પગથી પર્વતોને ઉછાળતો હતો. મુખથી ફેંકેલા નિઃશ્વાસોથી તે જળયુકત વાદળાંઓને આમથી તેમ ફેંકતો હતો. ત્રાંસાં કરેલાં મોટાં મોટાં લાલ નેત્રોથી, મંદરાચલની જેવા ઉત્કટ તેજવાળા બધા જ દેવસમૂહોને જાણે કે, સળગાવતો હોય તેમ સંકેતમાત્રથી ભયભીત કરતો હતો. સંવર્તકાળે ઉપસ્થિત થયેલા મૃત્યુ જેવો, તે, વિશાળ શરીરથી દસે દિશાઓને આચ્છાદિત કરતો હતો. ચાલવામાં ચંચળ, મોટી આંગળીઓથી યુકત સુંદર હથેળીઓવાળા, લાંબા આભૂષણોથી યુકત જમણા હાથ વડે દેવો વડે હણવામાં આવેલા દાનવોને 'ઊભા થાઓ' એમ કહેતો.'[૫૨]

આવા ભયંકર આ કાલનેમિ વિશે મત્સ્યપુરાણકાર એમ પણ નોંધે છે કે, શત્રુઓને માટે કાલના જેવી ભીષણ ચેષ્ટાવાળા કાલનેમિને જોવા માત્રથી જ દેવતાઓ ભયભીત થઈ ગયા.[૫૩]અતિ વિશાળ શરીરવાળો તે કાલનેમિ જયારે વેગપૂર્વક ચાલતો યુદ્ધભૂમિમાં પ્રવેશ્યો ત્યારે તેના પગના વાયુથી આકાશ કંપવા લાગ્યું. યુદ્ધભૂમિમાં તેને ઊભેલો જોઈને – **'अथ विव्यथिरे देवाः सर्वे शक्रपुरोगमाः । कालनेमिं समायान्तं दृष्ट्वा कालमिवापरम् ।।'**[૫૪] બીજા કાળ જેવા તેને આવતો જોઈને ઈન્દ્ર સહિત તમામ દેવતાઓ વ્યથા પામ્યા; પરંતુ તે મહાતેજસ્વી અને પરમ બળશાળી કાલનેમિને જોઈને, ત્રણે લોકના દાનવો કોઈ પણ જાતના પરિશ્રમ વિના જ ઊભા થઈ ગયા (યુદ્ધને માટે સજ્જ થઈ ગયા) અને યુદ્ધની અભિલાષાથી રણભૂમિમાં ભવિષ્યના આયોજનો કરવા લાગ્યા, આમ તેમ દોડાદોડી કરવા લાગ્યા, વ્યૂહરચના કરવા લાગ્યા. બધાનાં મનમાં કાલનેમિ પ્રત્યે પ્રેમભાવ જાગૃત થયો. બધા દાનવો બધા જ પ્રકારના ભયનો ત્યાગ કરીને અતિ હર્ષિત થઈને યુદ્ધ કરવા માટે રણભૂમિમાં આવી પહોંચ્યા.[૫૫]

મત્સ્યપુરાણકાર આ યુદ્ધનું વર્ણન આ પ્રમાણે કરે છેઃ

'કાલનેમિના પક્ષે મય, તારક, વરાહ, પરાક્રમી હયગ્રીવ, વિપ્રચિત્તિનો

પુત્ર શ્વેત, ખર તથા લમ્બ, બલિનો પુત્ર અરિષ્ટ, કિશોર, સ્વર્ભાનુ, પ્રસિદ્ધ ચામર અને મહા અસુર વક્ત્રયોધી વગેરે શસ્ત્રાસ્ત્રોના પ્રયોગોમાં અને તપસ્યામાં સુનિપુણ હતા. યુદ્ધભૂમિમાં એ બધા બળવાન અને ઉદ્ધત દાનવોએ ગદા, ભુશુંડિ, ચક્ર, રથ, ફરસા, કાળના જેવાં મૂસળ, ફેંકી શકાય તેવા મુદ્ગર, પર્વતના જેવી ભિષણ શિલાઓ, પટ્ટિશો, ભિંદિપાલ, લોઢાના પરિઘો, અત્યંત ભીષણ અને સંહાર કરનારી તોપો, અતિ ભયાનક બાણો, તીક્ષ્ણ ભાલાઓ, પાશ, મૂર્ચ્છન, વજ્ર, ચમકતાં તોમર, અતિ તીક્ષ્ણ મ્યાનરહિત તલવારો અને શૂલો વગેરે શસ્ત્રાસ્ત્રોથી સજ્જ થઈ, ક્રોધથી સળગતા અને મદોન્મત્ત બનીને વિજયાર્થે યુદ્ધનો પ્રારંભ કર્યો.

સામે પક્ષે ઈન્દ્ર, વરુણ, યમરાજ, કુબેર, અગ્નિદેવ, વાયુદેવ, ચન્દ્રમા વગેરે દેવોથી અભિરક્ષિત, યક્ષો તથા ગંધર્વોથી યુકત તેમજ નારાયણની આશ્રિત અને સાગરસમૂહના જેવી દેવસેના પણ ભયદાયિની અને શસ્ત્રાસ્ત્રોથી સુસજ્જિત હતી. યુદ્ધભૂમિમાં આ બન્ને સેનાઓની વિશાળ ભીડથી અતિ ઘોર યુદ્ધ શરૂ થયું. બન્ને સેનાઓમાંથી પ્રસરી રહેલા અનેક પ્રકારના શંખ, ભેરી વગેરે યુદ્ધવાદ્યોના અવાજે દસે દિશાઓને ભરી દીધી. ધનુષ્યની પ્રત્યંચાઓનો કઠોર અવાજ થવા લાગ્યો. બન્ને સેનાઓના સૈનિકો પરસ્પર એકબીજાને લક્ષિત કરીને પ્રહાર કરવા લાગ્યા અને ઘાયલ થઈને પડવા લાગ્યા. દેવતાઓ અતિ ભયાનક વજ્રો તથા લોઢામાંથી બનાવેલાં શ્રેષ્ઠ પરિઘોને દાનવો ઉપર છોડવા લાગ્યા અને દાનવો ભારેખમ ગદાઓ, છરીઓ અને કટારોથી પ્રહારો કરવા લાગ્યા. ઘોડાવાળા રથોમાંથી અને ઝડપથી ચાલનારા વિમાનોમાંથી અતિ ક્રુદ્ધ વીરો, યુદ્ધમાં એકબીજા પર ઘોર પ્રહાર કરવા લાગ્યા. રણભૂમિમાં આવેલા એ મહાવીરો અવાજો કરતાં રથી રથી પર અને પગપાળાઓ પગપાળાઓ પર આક્રમણ કરી રહ્યા હતા. કેટલાક વીરો રથોને તોડી રહ્યા હતા તો કેટલાક વીરો રથોના આઘાતથી મૃત્યુ પામી રહ્યા હતા. કેટલાક રથો યુદ્ધભૂમિમાં અવરુદ્ધ થવાથી આગળ જવામાં અસમર્થ બન્યા હતા. તે યુદ્ધમાં વીરો પોતાના બાહુઓથી એકબીજાને ઘસડી—ઘસડીને તથા પટકી પટકીને મારી રહ્યા હતા. કેટલાક શસ્ત્રોથી ઘાયલ થવાને કારણે રકતનું વમન કરી રહ્યા હતા. યુદ્ધભૂમિમાં જળની જેમ રકત વહાવતા તે દાનવો વાદળાઓના સમૂહો જેવા લાગતા હતા.

હવે, દાનવ કાલનેમિ યુદ્ધના મોરચે આગળ આવ્યો. તેના વિજળીના જેવી ચંચળ દેખાતી મસ્તકની માળાઓથી શોભતાં શરીરનાં અંગોની સાથે ટકરાઈને હાથી તથા પર્વતના જેવા ભિષણ વજ્રોના વાદળો છિન્ન—ભિન્ન થઈને પડવા લાગ્યા. ક્રોધથી શ્વાસ ખેંચતા તથા ભ્રૂકુટિને વાંકી કરવાને લીધે, પરસેવો વહેવાની સાથે સાથે તેના વિકરાળ મુખમાંથી અગ્નિની જવાળાઓ નીકળવા લાગી. તેની વિશાળ ભુજાઓ વાંકીચૂંકી થઈને જાણે કે, કોઈ પર્વતમાંથી નીકળતા પાંચ મુખવાળા સર્પની જેમ આકાશમાં વિચરણ કરી રહી હતી. તે દાનવે પોતાના અનેક પ્રકારના અસ્ત્રોના સમૂહોથી, ધનુષ્યમાંથી છોડેલાં બાણોથી તથા ફેંકવામાં આવેલાં પરિઘોથી

આકાશમંડળને આચ્છાદિત કરી દીધું. જાંઘોના વેગથી તોડવામાં આવેલાં શૈલશિખરોના અગ્રવર્તી વૃક્ષોના મારથી તેણે દેવતાઓને પૃથ્વી પર એવી રીતે સુવડાવી દીધા હતા, જાણે વજ્રથી વિશાળ પર્વતો તોડવામાં આવ્યા હોય. કાલનેમિ દ્વારા આહત અનેક પ્રકારની છરીઓ તથા કટારોથી તૂટેલાં–ફાટેલાં અંગોવાળા દેવતાઓ યુદ્ધભૂમિમાં ચાલવાને પણ અસમર્થ બની ગયા. તેની મુષ્ટિના પ્રહારથી કેટલાક દેવતાઓ મૃત્યુ પામ્યા તો કેટલાક ટૂકડાંઓમાં વેરણછેરણ થઈ ગયા. મોટા મોટા સર્પોની સાથે ગંધર્વો તથા યક્ષોના યુથપતિઓ પણ ઘાયલ થઈને ભૂમિ પર પડયા. તે કાલનેમિ વડે ડરાવવામાં આવેલા દેવો પ્રયત્ન કરવા છતાં પણ બેહોશીને કારણે કંઈ પણ કરવાને અસમર્થ બન્યા. ઐરાવત પર બેઠેલા અને બાણોના બંધનોથી કંપાવવામાં આવેલા દેવરાજ ઈન્દ્ર પણ રણમાં પોતાના સ્થાનેથી હાલી–ચાલી ન શકયા. તે સમયે તેની દશા નિર્જલ વાદળ તથા સમુદ્રના જેવી હતી. યુદ્ધમાં તે દાનવ વડે, પાશરહિત વરુણને પણ નિષ્ક્રિય કરી દેવામાં આવ્યા હતા. ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનાર, તે દાનવ કાલનેમિએ પરિઘોનો માર મારીને વૈશ્રવણ ધનપતિ કુબેરને પણ યુદ્ધમાં પરાજિત કરી દીધા. તે મૃત્યદાયક યુદ્ધમાં બધાને વિનષ્ટ કરી દેનાર યમરાજાને પણ હરાવવામાં આવ્યા. જેથી ભયભીત થઈને, તે પોતાની દક્ષિણ દિશામાં પ્રવેશી ગયા.

આ પ્રમાણે, કાલનેમિએ તમામ લોકપાલોને રણમેદાનમાંથી નસાડી મૂકીને, તેઓનાં કાર્યોને તેણે પોતે જ સંભાળ્યાં અને ચારે દિશાઓમાં પોતાના શરીરને ચાર ભાગોમાં વિભકત કરીને સ્થાપિત કર્યું. નક્ષત્રોને વિચરણ કરવાને યોગ્ય દિવ્ય માર્ગમાં જઈને, તેણે રાહુને અભિલષિત ચન્દ્રમાની શોભાને હરી લઈને, તેને આધિન મહાન સામ્રાજ્ય તથા કાર્યોને પણ પોતાને આધિન કરી લીધાં. સ્વર્ગદ્વારમાં પ્રદીપ્ત કિરણોવાળા ભાસ્કરને પણ પોતાના સ્થાનેથી વિચલિત કરીને તેની સાયં તથા પ્રભાતાદિને રચવાની શકિતને પણ પોતાને અધિન કરી લીધી. તેણે અગ્નિદેવને બધા દેવતાઓના મુખરૂપ જોઈને, તેને પોતાના જ મુખમાં સમાવી લીધા અને વાયુને પણ પરાજિત કરીને પોતાને આધિન બનાવી દીધા. પોતાના અનુપમ પરાક્રમથી બધા જ સમુદ્રોને બળપૂર્વક નદીઓ સહિત પોતાના મુખમાં સ્થાપિત કરી દીધા. એ રીતે, યુદ્ધના મેદાનમાં અગ્નિ તથા વાયુના વેગના જેવો શકિતશાળી, તે દાનવ કાલનેમિ લોકોના ઉત્પત્તિકર્તા પરમેષ્ઠિ બ્રહ્માના જેવા પદ પર અવસ્થિત થઈને શોભવા લાગ્યો. દાનવગણો તેની સ્તુતિ કરવા લાગ્યા.'[૫૬]

મત્સ્યપુરાણકાર આગળ નોંધે છે કે, –

**“पञ्च तं नाभ्यवर्तन्त विपरितेन कर्मणा ।**

**वेदो धर्मः क्षमा सत्यं श्रीश्च नारायणाश्रया ।।”**[૫૭]

સમસ્ત વિશ્વમાં બધું જ તેને અધિન થયું હોવા છતાં, તે વિપરિત કર્મવાળો હોવાથી વેદ, ધર્મ, ક્ષમા, સત્ય અને નારાયણાશ્રયા લક્ષ્મી– એ પાંચ તેને આધિન ન થયાં. એથી, તેની અનુપસ્થિતિને કારણે ક્રોધિત થઈને અને વિષ્ણુપદની

પ્રાપ્ત્યર્થે, તે ભગવાન નારાયણ પાસે ગયો. ત્યાં તેણે ગરુડ પર બેઠેલ, શંખ, ચક્ર તથા ગદાધારી, સજલ વાદળના જેવા કૃષ્ણવર્ણ, વિદ્યુત્‌ના જેવા પિતાંબરને ધારણ કરેલ અને દાનવોના વિનાશાર્થે પોતાની સુંદર ગદાને ફેરવી રહેલા ભગવાન વિષ્ણુને જોયા. દૈત્યોના વિનાશ માટે સ્વસ્થચિત્ત, અનુપમ પરાક્રમી ભગવાન વિષ્ણુ અને ગરુડને જોઈને, ખિન્ન થયેલો તે કહેવા લાગ્યોઃ

''આ જ અમારા પૂર્વજોનો પ્રાણનાશક શત્રુ છે. સમુદ્રમાં નિવાસ કરનારા મધુ અને કૈટભના જીવનને આણે જ નષ્ટ કરેલ છે. આની સાથે અમારું દાનવોનું કયારેય શાન્ત નહીં થનારું વેર તો પ્રસિદ્ધ જ છે. આ જ લોકમાં એકમાત્ર નિર્મમ અને સ્ત્રીઓ તથા બાળકોનો સંહાર કરનારો શરમ વગરનો વીર છે. આણે જ દાનવોની સ્ત્રીઓના કેશોને ઉતાર્યા છે. આ અમારા દ્વારા વ્યથિત કરવામાં આવનારા દેવતાઓનો સ્વામી છે. આનો જ આશ્રય મેળવીને દેવતાઓ યજ્ઞભાગ અને મહર્ષિઓ દ્વારા ત્રણ પ્રકારે અગ્નિમાં હોમવામાં આવતાં હવનીય દ્રવ્યોનો ઉપભોગ કરે છે. આના જ ક્રોધનું પાત્ર બનીને હિરણ્યકશિપુ માર્યો ગયો. આ જ બધા દેવશત્રુઓનાં મૃત્યુનું મુખ્ય કારણ છે. અમારા પરિવારના લોકો યુદ્ધમાં આના જ ચક્રમાં પ્રવિષ્ટ થઈ ગયા છે. આ દેવતાઓનું કાળ રૂપ છે અને કાળ બનીને જ અહીં ઊભો છે, પરંતુ આજે આ વિષ્ણુ, પોતાના વિતેલા સારા સમયનું ફળ મેળવશે. સૌભાગ્યવશ આ કેશવ આજે મારી જ સામે આવી ગયો છે, હવે તો તે મારી ભુજાઓમાં પીસાઈને પછી મને જ પ્રેમ કરશે. ખરેખર આ ઘણો જ સુંદર સંયોગ છે કે, આજે હું યુદ્ધમાં દાનવોને ભય પમાડનાર આ વિષ્ણુનો વધ કરીને, અમારા પૂર્વજોની સમૃદ્ધિ તથા ઐશ્વર્યને પ્રાપ્ત કરીશ અને ત્યારપછી, અન્ય દેવતાઓનો પણ હું નાશ કરીશ.''[૫૮]

આ પ્રકારનાં અસહ્ય વચનો કહેતા અને નારાયણને અનેક પ્રકારે ધમકાવતા તેણે, વિષ્ણુ સામે યુદ્ધ કરવાની અભિલાષા પ્રકટ કરી. તે દાનવના અસહ્ય આક્ષેપોને સાંભળીને, ગદાધર ભગવાન વિષ્ણુ પોતાના અપાર ક્ષમાના મહિમાને કારણે જરા પણ ક્રોધિત ન થયા અને હસતાં હસતાં બોલ્યાઃ

''હે દૈત્ય! દર્પનું બળ તો ઘણું જ અલ્પકાળ ટકે છે. ક્રોધ વગરનું જે બળ હોય, તે જ સ્થિર રહે છે. ક્ષમાને છોડીને, આ જે તું ગુલબાંગો મારે છે, તે ગર્વને કારણે જ આજે તારો વિનાશ થશે. મારા મતે તું અધર્મી છો, તારી આ વાક્‌શકિતને ધિક્કાર છે. જ્યાં પુરુષો નથી હોતા ત્યાં સ્ત્રીઓ પણ ગર્જના કરે છે (**'न यत्र पुरुषाः सन्ति तत्र गर्जन्ति योषितः ।**). હે દૈત્ય! હું તારા પૂર્વજોને યોગ્ય માર્ગ પર, તને પણ જતો જોઉં છું. એવો કોણ છે કે જે બ્રહ્મા દ્વારા સ્થાપવામાં આવેલી સેતુરૂપ કાર્યપ્રણાલીને તોડીને સુખપૂર્વક રહી શકે? દેવતાઓનાં કાર્યોની હાની કરનારા તને, હું આજે જ નષ્ટ કરીને બધા જ દેવતાઓને પોતપોતાનાં સ્થાનોએ પુનઃ સ્થાપિત કરીશ.''[૫૯]

શ્રીવત્સચિહ્નને ધારણ કરતાં ભગવાને જ્યારે એ પ્રમાણે કહ્યું ત્યારે

તે દાનવે હસીને પોતાના હાથોમાં હથિયારોને ધારણ કર્યાં. રણમાં અતિ ક્રોધને કારણે દ્વિગુણિત લાલ બનેલાં નેત્રોથી પોતાના સો હાથોમાં તમામ પ્રકારનાં શસ્ત્રોને ગ્રહણ કરીને તેણે વિષ્ણુની છાતી પર પ્રહાર કર્યો. અન્ય દાનવોએ પણ મય તથા તારકાસુરને આગળ કરીને અતિ તીક્ષ્ણ છરી તથા કટારોથી વિષ્ણુ ભગવાન પર આઘાતો કર્યા. બધા જ પ્રકારના શસ્ત્રાસ્ત્રોથી યુકત અને અતિ બળ વાન એ દાનવો વડે આહત થવા છતાં પણ તે ભગવાન વિષ્ણુ વિશાળ પર્વતની જેમ પોતાના સ્થાનેથી જરા પણ ચલિત ન થયા. ગરુડ દ્વારા આહત મહાબલવાન કાલનેમિએ ક્રોધિત થઈને પોતાની તમામ શકિત અને ભુજાઓ વડે અત્યંત વિશાલ તથા સળગતી ગદાથી ગરુડ પર પ્રહાર કર્યો. દૈત્યનું તે અદ્ભુત કર્મ જોઈને ભગવાન વિષ્ણુ પણ વિસ્મય પામ્યા. જયારે તે દાનવે કરેલા ભીષણ ગદાના પ્રહારથી ગરુડને એકદમ વ્યથિત અને પોતાને પણ ઘાયલ જોઈને ક્રોધથી લાલ નેત્રો કરીને ભગવાન વિષ્ણુએ સૂર્યની જેમ ચમકતાં, શત્રુઓનો નાશ કરનારા અને એક હજાર આરાઓવાળા પોતાના ચક્રને હાથમાં લીધું અને વેગપૂર્વક ગરુડને સાથે લઈને રણભૂમિમાં આગળ વધ્યા. તેમની ભુજાઓ દસે દિશાઓમાં ફેલાઈ ગઈ. ભીષણ અગ્નિના જેવું ઘોર હોવા છતાં પણ જોવામાં સુંદર લાગતા, તે સુદર્શન ચક્રને ઉઠાવીને, ભગવાન ગદાધરે ક્રોધથી સળગતા હોય તેમ પોતાના તેજથી તે દાનવના તેજને અસ્ત કરતાં, તેનો પ્રહાર કરીને કાલનેમિની ભુજાઓને કાપી નાખી. ત્યારબાદ, તે દૈત્યના અગ્નિના જેવા તેજસ્વી અને ભીષણ અટ્ટહાસ કરતાં સો મસ્તકોને પણ શ્રીહરિએ કાપી નાખ્યાં; પરંતુ મસ્તક અને બાહુઓથી રહિત હોવા છતાં પણ તે દાનવ રણમેદાનથી વિચલિત ન થયો. તેનું મસ્તકરહિત ધડ ડાળરહિત વૃક્ષની જેમ ઊભું જ રહ્યું, એટલે ગરુડે પોતાની બન્ને પાંખોને ફેલાવીને, વેગને વાયુના જેવો બનાવીને તથા પોતાની છાતીથી ધક્કો મારીને કાલનેમિને નીચે પછાડી દીધો.

ભગવાનના એ અદ્ભુત પરાક્રમને જોનારા દૈત્યસમૂહો, તેમની ફેલાયેલી ભુજાઓથી અવરુદ્ધ થઈને રણભૂમિમાં ચાલી પણ ન શકયા. ભગવાને તેમાંથી કેટલાકને કેશ પકડીને પછાડયા તો કોઈના ગળા પર પ્રહાર કરીને સ્વધામ પહોંચાડયા. કોઈકને મોંથી પકડીને ફાડી નાખ્યા તો કોઈકની કમર ભાંગી નાખી. એ જ પ્રમાણે, ભગવાનની ભીષણ ગદા અને ભયંકર ચક્રથી ભાંગી જતાં તથા કપાઈ જતાં દાનવો, નિર્જીવ થઈને ભૂમિ પર પડવા લાગ્યા અને એ રીતે બધા જ દૈત્યોના મરાયા પછી, તે ભગવાન ઈન્દ્રનું મનોવાંચ્છિત કાર્ય પૂર્ણ કરીને, કૃતાર્થ થઈને રણભૂમિમાં સ્થિત થયા. યુદ્ધ સમાપ્ત થતાં જ તમામ બ્રહ્મર્ષિઓ, ગંધર્વો અને અપ્સરાઓના સમૂહને સાથે લઈને દેવાધિદેવ લોકપિતામહ બ્રહ્મા વગેરે ત્યાં ઉપસ્થિત થયા અને સાધુવાદ સાથે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.'[૬૯]

મત્સ્યપુરાણમાં આ પ્રમાણે વર્ણવાયેલ આ સંગ્રામકથામાં, કાલનેમિની ભયંકરતા અને અતિશયોકિતપૂર્ણ પરાક્રમને મત્સ્યપુરાણકારે પ્રથમ વર્ણવ્યું છે

અને પછી વિષ્ણુના હાથે તેનો પરાજય વર્ણવીને તેણે વિષ્ણુ–માહાત્મ્યને અતિશયતા પ્રદાન કરી છે. કાલનેમિના પ્રથમના દેવો સામેના યુદ્ધમાં વિષ્ણુએ પોતાની સેના સહિત ભાગ લીધો જ હતો; પરંતુ કાલનેમિ દ્વારા તમામ દેવોને સ્વાધિન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં, પુરાણકાર કોઈ પણ કારણ દર્શાવ્યા વિના વિષ્ણુને યુદ્ધમાંથી જાણે કે બાકાત કરી દેતો હોય તેમ, પરાજયના પ્રસંગમાં વિષ્ણુનો ઉલ્લેખ શુદ્ધા કરવાનું ટાળે છે અને યુદ્ધ–સ્થળને અન્યત્ર ખસેડી, વિષ્ણુ અને કાલનેમિના યુદ્ધને વર્ણવે છે, જે બાબત અનેક પ્રશ્નો ઉપસ્થિત કરે છે. શું વિષ્ણુ દેવોનો સાથ છોડીને યુદ્ધમાંથી ખસી ગયા હતા? કે પછી કાલનેમિના ભયથી રણમેદાન છોડી ગયા હતા? વગેરેની સ્પષ્ટતા પુરાણકારે અત્રે વિસારે પાડી દીધી છે.

**◆ <u>ઈન્દ્ર–વજ્રાંગસંગ્રામ :</u>**

મત્સ્યપુરાણમાં નિરૂપિત વજ્રાંગ–વરાંગીની કથા તારકાસુરાખ્યાનની પૂર્વભૂમિકારૂપ છે. વજ્રાંગ કશ્યપ અને દિતિનો પુત્ર હતો. તમામ દેવગણોના સ્વામી ત્રૈલોક્યાધિપતિ ઈન્દ્રને જીતીને દિતિપુત્ર મહાબલવાન હિરણ્યકશિપુએ સ્વર્ગનું રાજ્ય પ્રાપ્ત કર્યું હતું. ત્યારપછી, યુદ્ધમાં ભગવાન વિષ્ણુ દ્વારા હિરણ્યકશિપુ વગેરે દૈત્યોને મારી નાખવામાં આવ્યા તથા શેષ દાનવોને ઈન્દ્રે મારી નાખ્યા. પોતાના પુત્રોનો વધ થવાથી પુત્રહીન દિતિએ પોતાના પતિ કશ્યપ પાસે એક મહાબળવાન પુત્ર પ્રાપ્ત કરવાનું વરદાન માગ્યું. તેણીની પ્રાર્થનાથી કશ્યપે યુદ્ધમાં ઈન્દ્રનો વધ કરવામાં સમર્થ એક પરમ બલશાળી પુત્ર પ્રાપ્ત કરવાનું વરદાન આપ્યું. પતિકૃપાથી તેને ગર્ભ રહ્યો, પરંતુ ગર્ભવતી સ્ત્રીએ પાળવાના થતા નિયમોનું ઉલ્લંઘન કરીને શયન કરી રહેલી, તેના ઉદરમાં પ્રવેશી ઈન્દ્રે ગર્ભના ઓગણપચાસ ટૂકડા કરી નાખ્યા. જેને ઈન્દ્રે મરુત્ગણ તરીકે પોતાના સ્વર્ગ લોકમાં સ્થાન આપ્યું.

ત્યારપછી, દિતિએ પોતાના પતિ કશ્યપને અત્યંત બળવાન અને ઈન્દ્રનો વધ કરવાને સમર્થ તથા જેનો સંહાર સ્વર્ગનિવાસી દેવો પણ પોતાના શસ્ત્રાસ્ત્રોથી ન કરી શકે, એવા એક અન્ય પુત્ર આપવા માટે પ્રાર્થના કરી. તેની પ્રાર્થના સાંભળીને કશ્યપે પોતાની દુઃખી પત્નીને કહ્યુંઃ

**“दश वर्षसहस्राणि तपः कृत्वा तु लप्स्यसे ।**
**वज्रासारमयैरङ्गैरच्छेद्यैरायसैर्दृढैः ।।**
**वज्राङ्गो नाम पुत्रस्ते भविता पुत्रवत्सले ।”**[૬૦]

અર્થાત્, "એવા પુત્રની પ્રાપ્તિ તું દસહજાર વર્ષોની તપસ્યા કરીને કરી શકીશ. હે પુત્રવત્સલા! એ પ્રમાણે કરવાથી, વજ્રના સાર સમાન છેદી ન શકાય તેવા અને લોહ જેવા દઢ અંગોવાળો વજ્રાંગ નામનો પુત્ર તને થશે."

કશ્યપ દ્વારા આ પ્રકારનું વરદાન મેળવીને દિતિએ તપસ્યા માટે વનગમન કર્યું અને દસ હજાર વર્ષો સુધી ઘોર તપસ્યા કરી. તપસ્યા સમાપ્ત થતાં, તેજસ્વી દિતિએ અનુપમ પરાક્રમી, અજેય, વજ્રથી પણ દુષ્છેદ્ય પુત્રને જન્મ આપ્યો.

ઉત્પન્ન થતાંની સાથે જ તે બાળક શસ્ત્રાસ્ત્રોમાં પારંગત બની ગયો અને ભકિતપૂર્વક પોતાની માતાને કહેવા લાગ્યોઃ "હે માતા! હું આપનું કયું પ્રિયકાર્ય કરું."[૬૧] ત્યારે દિતિએ પ્રસન્ન થઈને કહ્યું: "પુત્ર! મારા અનેક પુત્રોને સહસ્રાક્ષ ઈન્દ્રે મારી નાખ્યા છે, તેનું વેર લેવા તથા ઈન્દ્રનો સંહાર કરવા માટે તું સ્વર્ગલોકમાં જા."[૬૨] માતાની એ આજ્ઞા સાંભળીને તે બળવાન વજ્રાંગ "ઘણું સારું" એમ કહીને સ્વર્ગમાં ગયો. ત્યાં પહોંચીને ઈન્દ્ર સાથે યુદ્ધ કરી, તેને કદી પણ વિફલ ન થનાર પોતાના પાશ વડે એવી રીતે બાંધીને માતા દિતિ પાસે લાવ્યો, જેમ કોઈ વાઘ એક નાના એવા હરણને પકડીને લાવે; પરંતુ દિતિ કશી પ્રતિક્રિયા દર્શાવે તે પહેલા, બ્રહ્મા તથા મહા તપસ્વી કશ્યપ, એ નિડર બાળક અને તેની માતા પાસે આવી પહોંચ્યા અને વજ્રાંગને કહ્યું કે,

**''मुञ्चैनं पुत्र देवेन्द्रं किमनेन प्रयोजनम् ।।**
**अपमानो वधः प्रोक्तः पुत्र संभावितस्य च ।**
**अस्मद्वाक्येन यो मुक्तो विद्धि तं मृतमेव च ।।**
**परस्य गौरवान्मुक्तः शत्रूणां भारमावहेत् ।**
**जीवन्नेव मृतो वत्स दिवसे दिवसे स तु ।।**
**महतां वशमायाते वैरं नैवास्ति वैरिणि ।''**[૬૩]

અર્થાત્, " હે પુત્ર! આ દેવરાજ ઈન્દ્રને તું જોડી દે, તેને બાંધવાથી કે હત્યા કરવાથી તને શું (પ્રયોજન) લાભ થશે. યશસ્વી પુરુષનું આપમાન જ તેનું મૃત્યુ કહેવાય છે. આ (ઈન્દ્ર) જો અમારી કૃપાપૂર્ણ વાતોથી છૂટકારો મેળવશે તો તેને તેનું મૃત્યુ જ સમજ. અન્યના ગૌરવથી શત્રુ પાસેથી છૂટકારો મેળવનાર શત્રુઓનો ભારવાહી બને છે, એટલે કે, તેના હૃદય પર શત્રુની ધાક હંમેશાં બની રહે છે. હે પુત્ર! એવા પુરુષને તો પ્રતિદિન મૃતક જ જાણવો જોઈએ. શત્રુને વશમાં કરી લીધા પછી મહાપુરુષોનું વેર, તે વેરીમાં નથી રહેતું."

બ્રહ્મા તથા કશ્યપની આવી વાત સાંભળીને, વિનમ્ર વજ્રાંગે તેઓને પ્રણામ કરીને કહ્યું:

"મારું આ ઈન્દ્રથી કોઈ પ્રયોજન નથી, કેવળ માતાની આજ્ઞાથી જ મેં આ કર્યું છે. તમે તો સુર તથા અસુર બન્નેના સ્વામી છો અને મારા પ્રપિતામહ પણ છો. હે દેવ! હું તમારા વચનનું પાલન કરીને આ ઈન્દ્રને છોડું છું. હે દેવ! આપની કૃપાથી મારી શ્રદ્ધા અને રતિ તપમાં થાઓ તથા મારું તપ નિર્વિઘ્ને પૂર્ણ થાઓ."[૬૪]

આ પ્રમાણે, પ્રાર્થના કરીને વજ્રાંગ ચૂપ થઈ ગયો ત્યારે બ્રહ્માએ કહ્યું કે, "હે પુત્ર, તે અમે બતાવેલા નિયમોનું પાલન કરીને, પરમ કઠોર તપસ્યા કરી છે. આવી ચિત્તશુદ્ધિથી તેં જન્મ લીધાનું પૂર્ણ ફળ પ્રાપ્ત કર્યું છે."[૬૫] આમ કહીને કમલયોની બ્રહ્માએ એક પરમ સુંદરી અને દીર્ઘ નેત્રોવાળી કન્યાનું સર્જન કરીને તેને પત્નીના રૂપમાં વજ્રાંગને પ્રદાન કરી. તે સુંદરીનું 'વરાંગી' નામ રાખીને બ્રહ્મા વિદાય થયા અને વજ્રાંગે પણ પત્નીને સાથે લઈને તપને માટે પ્રસ્થાન કર્યું.[૬૬]

મત્સ્યપુરાણકારે, ઈન્દ્ર અને વજ્રાંગના યુદ્ધનો આ પ્રસંગ અધ્યાય ૧૪૬માં વર્ણવ્યો છે. સ્થાનની દષ્ટિએ ઘણો સંક્ષિપ્ત એવા આ પ્રસંગનું પરવર્તી તારકાસુરના વિસ્તતૃત આખ્યાનને માટે ઘણું જ મહkવ છે. તારકાસુર આ વજ્રાંગ અને વરાંગીનું જ, ઈન્દ્રના વધને માટે જન્મેલું સંતાન છે. વજ્રાંગ કઠોર તપસ્યાનું પરિણામ છે. તેથી તેનામાં અમાપ બળ, અંગોની સુદઢતા અને વિનય તથા વિવેકાદિ ગુણો પૂર્ણ રીતે વિકસેલા જોઈ શકાય છે. કેવળ માતાની આજ્ઞાનું પાલન, એ જ ઈન્દ્રના બંધનમાં કારણરૂપ હોવાનું તે સ્વયં જણાવે છે. ઈન્દ્ર કે દેવો પ્રત્યે તેનામાં જાતિગત શત્રુભાવ નથી જોવા મળતો. તે બાળક હોવા છતાં, દેવોના રાજા ઈન્દ્રને હરાવીને પકડી લાવે છે. એટલું જ નહીં, બ્રહ્મા તથા કશ્યપના આદેશથી તેને વિનયપૂર્વક મુકત પણ કરી દે છે. વૃત્રાસુરનો વધ કરતો મહાતેજસ્વી ઈન્દ્ર, અહીં 'બિચારો' બની જાય છે. બન્નેની તુલનામાં વજ્રાંગ જ શ્રેષ્ઠ સિદ્ધ થાય છે.

◆ **<u>તારકાસુર–કુમારસંગ્રામ :</u>**

મત્સ્યપુરાણમાં નિરૂપિત દ્વાદસદેવાસુરસંગ્રામોને બાદ કરતાં, આ સંગ્રામ સૌથી મહkવનો અને વિસ્તારથી વર્ણવાયેલો છે. મત્સ્યપુરાણના ૧૪૬મા અધ્યાયથી જ આ સંગ્રામનાં બીજો રોપાય છે. મત્સ્યપુરાણકારે આ સંગ્રામના વર્ણનને માટે ૧૪૬–૧૬૦ એમ કુલ પંદર અધ્યાયો ખર્ચ્યા છે. આ મહાસંગ્રામમાં યમ–ગ્રસનયુદ્ધ, કુબેર–જમ્ભાસુરયુદ્ધ, કુજમ્ભ–કુબેરયુદ્ધ, નિર્ઋતિ–કુજમ્ભયુદ્ધ, વરુણનું યુદ્ધ, ચન્દ્રનું માયાયુદ્ધ, સૂર્યનું ભીષણ યુદ્ધ, વિષ્ણુનું માયાયુદ્ધ, વિષ્ણુ અને મથનનું યુદ્ધ તથા ઈન્દ્ર અને અસુરોનું ભીષણ યુદ્ધ, એમ અનેક પેટાસંગ્રામોને પણ પુરાણકાર વર્ણવે છે અને છેલ્લે તારકાસુર અને ઈન્દ્રના યુદ્ધથી દેવોનો સંપૂર્ણ પરાજય વર્ણવાયો છે. અ. ૧૫૪–૧૫૯માં પાર્વતી જન્મ, કામદહન, પાર્વતીની તપસ્યા, શિવ–પાર્વતીવિવાહ, કામક્રીડા, પ્રેમકલહ અને કુમાર સ્કન્દની ઉત્પત્તિ જેવા સુપ્રસિદ્ધ પ્રસંગો પુરાણકારે વર્ણવ્યા છે. અ. ૧૬૦માં કુમાર અને તારકાસુરનો ભીષણ સંગ્રામ અને તારકાસુરનો વધ વર્ણવાયેલ છે.

"તારકાસુર વજ્રાંગ અને વરાંગીનો પુત્ર છે. વજ્રાંગ તપસ્યામાં લીન થયો પછી, તેની પત્ની વરાંગીને ઈન્દ્રે ભય પમાડવાનું શરૂ કર્યું. તપશ્ચર્યા પૂર્ણ કરેલા વજ્રાંગ આગળ તેણે ઈન્દ્રના કરતૂતો પ્રકટ કર્યાં. ગુસ્સે થયેલા વજ્રાંગે ઈન્દ્ર સામે બદલો લેવા પુનઃ તપ કરવાનો વિચાર કર્યો; પરંતુ તેના સંકલ્પની જાણ થતાં બ્રહ્માજીએ પ્રકટ થઈને, તેને તારક નામના પુત્રનું વરદાન આપ્યું. તારકાસુરનો જન્મ થતાં ત્રિલોકમાં અત્યંત કોલાહલ અને ઉત્પાત્તો થયા. કુજંભ અને મહિષાસુરે તારકાસુરનો રાજ્યાભિષેક કર્યો. તારકાસુરે રાક્ષસોની સભામાં તપશ્ચર્યાનો સંકલ્પ કર્યો અને પારિયાત્રગિરિની કંદરામાં જઈને તપ કરવા લાગ્યો. તેના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માએ તેને વરદાનો આપ્યા. નગરમાં પાછા આવી, દેવતાઓ સાથે બદલો લેવા અસુરોને આદેશો આપ્યા. અસુરોની તૈયારીના સમાચાર સાંભળી,

ઈન્દ્રે ચિંતાતુર બનીને ગુરુ બૃહસ્પતિ સાથે મંત્રણા કરી. બૃહસ્પતિએ નીતિનાં ચાર અંગો દર્શાવી પૌરુષનો આશ્રય લેવાની આજ્ઞા આપી. જેથી દેવતાઓએ પણ યુદ્ધની તૈયારી આરંભી. રણમેદાનમાં બન્ને સેનાઓની રણભેરીઓ સંભળાવા લાગી અને દેવાસુરસંગ્રામનો પ્રારંભ થયો.[૬૭]

દેવતાઓ તથા અસુરોના એ ભયાનક સંગ્રામમાં બન્ને સેનાઓ વચ્ચે અતિ ઘોર અને તુમુલ સંઘર્ષ થયો હતો. પરસ્પર વિજયની કામના કરનારા, અતિશય ક્રોધથી સળગતા અને જીવનની આશા છોડી દેનારા, તે વીરો વચ્ચે ભયંકર અનુલોમ–વિલોમ સંગ્રામ થવા લાગ્યો. યુદ્ધભૂમિમાં વરસતાં ભાલા, વજ્ર, ગદા, ભિંદિપાલ, પાવડા, શકિત, પટ્ટિશ, શૂલ, મુદ્‌ગર, કુણપ, ગડ, ચક્ર, શંકુ, તોમર, અંકુશ, કર્ણિ, નાલીક, નારાચ, વત્સદન્તા, અર્ધચન્દ્રક, શતપત્ર, શુકતુણ્ડ વગેરે શસ્ત્રાસ્ત્રોથી બધી દિશાઓ આચ્છાદિત થઈ ગઈ, આખી યુદ્ધભૂમિ રથની તૂટેલી ધ્વજાઓ, વીરોની ભુજાઓ, છત્રો, કુંડલ સહિતનાં મસ્તકો, હાથીઓ, ઘોડાઓ તથા ઘાયલ થઈને પડેલા અને પડતાં પાયદળના સિપાહીઓ વગેરેથી ભરાઈ ગઈ. તે રણભૂમિ લોહીનાં મોટાં મોટાં તળાવોથી દુસ્તર બની ગઈ.[૬૮]

આવા ભયાનક યુદ્ધમાં અત્યંત ક્રોધિત થયેલા દેવતાઓના સેનાની યમરાજે અસુર–સેનાપતિ ગ્રસન નામના દાનવને જોઈને, અત્યંત પ્રજ્જ્વલિત, તેજસ્વી બાણોની વર્ષા કરી. યમના બાણોથી વીંધાયેલા અતુલ પરાક્રમી ગ્રસને, આવું ભીષણ આક્રમણ કરનાર યમથી બદલો લેવા માટે પોતાના ધનુષ્યને કાન સુધી ખેંચીને અતિ ભયાનક પાંચ સો બાણો છોડીને યમરાજને ઘાયલ કરી દીધા. યમરાજે પણ ગ્રસનના એ પરાક્રમને જોઈને પુનઃ ઉગ્ર બાણો દ્વારા, તેની પર ઘોર આક્રમણ કર્યું. ગ્રસને યમરાજે છોડેલા એ તમામ બાણોને પોતાનાં બાણો વડે છિન્ન–ભિન્ન કરી નાખ્યાં. યમરાજે પોતાનાં એ બાણોના સમૂહને છિન્ન–ભિન્ન થયેલો જોઈને અત્યંત વેગથી એક ભયાનક મુદ્‌ગર તેની ઉપર ફેંકયું. ગ્રસને આકાશમાં પોતાની તરફ આવતાં તે વિશાળ મુદ્‌ગરને ઉછળીને પોતાના ડાબા હાથથી પકડી લીધું અને એ જ મુદ્‌ગરથી અતિક્રોધથી યમરાજના વાહન મહિષ પર જોરથી પ્રહાર કર્યો. જેનાથી તે મહિષ જમીન પર ઢળી પડયો. પડી રહેલા તે મહિષ પરથી યમરાજ કૂદી પડયા અને એક વિશાળ ભાલો લઈને ગ્રસનના મુખ પર દઢ પ્રહાર કર્યો. તે પ્રહારથી ગ્રસન મૂર્ચ્છિત થઈને પૃથ્વી પર પડયો. ગ્રસનને એ રીતે જમીન પર ઢળેલો જોઈને, ભયાનક પરાક્રમી જમ્ભ નામના દૈત્યે ભિંદિપાલ દ્વારા યમરાજના હૃદય પર કઠોર આઘાત કર્યો, જેનાથી યમરાજના મુખમાંથી રકત વહેવા લાગ્યું; પરંતુ એટલીવારમાં મૂર્છિત થયેલો ગ્રસન ફરી ભાનમાં આવીને યમરાજની સામે આવ્યો. બન્ને વીરો વચ્ચે પુનઃ યુદ્ધ શરૂ થયું. શસ્ત્રાસ્ત્રોથી યુદ્ધ કરતાં કરતાં બન્ને મલ્લયુદ્ધ પર ઉતરી આવ્યા. યમરાજાએ પોતાના બાહુઓથી ગ્રસનના કંઠને પકડીને બળપૂર્વક ઉપર ઉપાડીને ખૂબ ફેરવ્યો. ત્યારપછી, તે બન્ને એકબીજા પર મુષ્ટિઓથી કઠોર પ્રહાર કરવા લાગ્યા, પરંતુ દાનવરાજ ગ્રસન

ભીમકાય હોવાથી યમરાજાની ભુજાઓ થાકી ગઈ, જેથી તે ગ્રસનના ખભા પર મસ્તક રાખીને થોડીવાર વિશ્રામ કરવાની ઈચ્છા કરવા લાગ્યા. યમરાજને એ રીતે થાકેલા જોઈને, ગ્રસને તેને પૃથ્વી પર પછાડી દીધા અને પોતાના પગ તથા હાથના પ્રહારોથી, તેને ત્યાંસુધી મારતો રહ્યો જ્યાં સુધી યમરાજાના મુખમાંથી ખૂબ લોહી ન નીકળવા લાગ્યું. તદુપરાંત, દાનવરાજ ગ્રસને યમરાજને મૃત સમજીને પોતાના વિજયની બધાને સૂચના આપવા, મુકત કંઠે ઘોર અવાજ કરવા લાગ્યો.[૬૯]

બીજી બાજુ, જમ્ભ દ્વારા યમરાજને પીડિત થયેલા જોઈને, ધનપતિ કુબેર હાથમાં ગદા લઈને, અતિ ક્રોધપૂર્વક, દસ હજાર યક્ષો સાથે, યુદ્ધાર્થ જમ્ભની સન્મુખ આવ્યા. જમ્ભે પણ ક્રોધિત થઈને પોતાના મર્મભેદી બાણો વડે બધી જ દિશાઓને આચ્છાદિત કરીને કુબેરની સેનાનો નાશ કરવાનું શરૂ કર્યું, ત્યારે કુબેરે પણ અગ્નિના જેવાં સહસ્ર ભીષણ બાણોથી જમ્ભ અને તેની સેના પર આઘાત કર્યો. સો બાણોથી સારથી પર, દસ બાણોથી ધ્વજા પર, પંચોતેર બાણોથી બન્ને હાથ પર અને દસ બાણોથી ધનુષ્ય પર પ્રહાર કર્યો. દૈત્યરાજ જમ્ભે હૃદયમાં ધૈર્ય ધારણ કરી, શત્રુના મર્મનું વિદારણ કરનાર બાણો હાથમાં લીધાં અને ધનુષ્યને કાન સુધી ખેંચીને, એ તીક્ષ્ણ બાણો વડે કુબેરના વક્ષઃથલ પરઆઘાત કર્યો. પછી, એક બાણથી તેના સારથીના હૃદય પર દઢ પ્રહાર કર્યો. એક તૈલધૌત બાણ વડે કુબેરના ધનુષ્યની પ્રત્યંચાને કાપી નાખી અને દસ અન્ય તીક્ષ્ણ અને મર્મભેદી બાણો વડે, તે ક્રુરકર્મા જમ્ભે ધનપતિ કુબેરની છાતી વીંધી નાખી. તે અસુરના એ ઘાતક પ્રહારથી અતિશય ઘાયલ થયેલ કુબેરે ક્ષણભરમાં ધીરજ ધારણ કરી, પોતાના ભયાનક અન્ય ધનુષ્યને ખેંચીને, વેગપૂર્વક હજારો બાણો વરસાવીને દસે દિશાઓ, આકાશ, અસુરની સેના તથા સૂર્યમંડળને આચ્છાદિત કરી દીધું. જમ્ભે પણ પૌરુષની અતિશયતાને દર્શાવતાં, પોતાના એક—એક બાણથી અલ્પ આયાસથી કુબેરનાં તે બધાં જ તીરોને નષ્ટ કરી નાખ્યાં અને એક ભયાનક મુદ્ગર દ્વારા કુબેરના અનુચરો યક્ષોને મોટી સંખ્યામાં ચૂર્ણ કરી નાખ્યા. કુબેરે પોતાના અનુચરોને દુઃખી જોઈને પોતાના પરમ દારુણ શૂલ વડે તુરંત જ હજારો દૈત્યોનો નાશ કરી નાખ્યો. કુબેર દ્વારા પોતાના સૈનિકોનો વિનાશ થતો જોઈને જમ્ભે શત્રુઓનું મર્દન કરનાર દારુણ પરશુ હાથમાં લઈને કુબેરના રથના સેંકડો ટુકડા કરી નાખ્યા, ત્યારે કુબેરે પગપાળા જ, પોતાની મહાભયાનક, મહાયુદ્ધોમાં ગર્વીષ્ઠ શત્રુઓનો વિનાશ કરનારી, બધા જ જીવધારીઓથી અસહનીય, અનેક વર્ષોથી પૂજાતી, અનેક પ્રકારના ચંદનોથી અલંકૃત, દેવતાઓનાં પુષ્પોથી સુવાસિત, નિર્મલ શ્વેત રંગના લોઢામાંથી બનાવેલી, વજનમાં ઘણી જ ભારે, સુવર્ણનાં વિવિધ આભૂષણોથી ભૂષિત અને જેનું અચૂક નિશાન હતું, તેવી પોતાની ગદા લઈને અતિ ક્રોધથી જમ્ભના મસ્તક પર ઘાતક આઘાત કર્યો. વીજળીના તેજથી જાણે કે અલંકૃત કરવામાં આવી હોય તેવી, તે ગદાને પોતાની તરફ આવતી જોઈને, જમ્ભે તેને

તોડવા તથા વિફળ બનાવવા માટે ચક્ર, કુણપ, ભાલો, ભુશુંડી, પટ્ટિશ વગેરે અનેક શસ્ત્રોને પોતાના સુવર્ણના કેયૂરોથી અલંકૃત બાહુઓ વડે, તે ગદા પર ફેંકયાં, પરંતુ તે મહાન ગદાએ, તે તમામ હથિયારોને વ્યર્થ બનાવીને, જેમ કોઈ પર્વત પર ઘણી જ મોટી ઉલ્કાનો પ્રપાત થાય તેમ, તે દૈત્યની છાતી પર અત્યંત કઠોર આઘાત કર્યો. તે ગદા દ્વારા તે પ્રમાણે તાડિત થયેલો તે દાનવપતિ રથ પરથી નીચે ઢળી પડયો. જેની તમામ ચેતના નષ્ટ થઈ ગઈ છે, તેવા તે દૈત્યની બધા જ ઇન્દ્રિયોના સ્રોતોમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી.

જમ્ભાસુરને મરેલો જાણી, ભીષણ શબ્દ કરતો કુજમ્ભ નામનો અસુર કુબેરના એ કાર્યને જોઈને, અત્યંત ક્રોધપૂર્વક યુદ્ધ માટે કુબેરની સામે આવ્યો અને કુબેરની ચારેબાજુ તીરોની જાળ બીછાવી દીધી. કુબેરે પણ પોતાનાં અર્ધચંદ્રાકાર બાણોથી તે જાળને ભેદી નાખી અને તે દૈત્યના વિનાશ માટે અનેક તીરોની વર્ષા કરી. એ બાણ–સમૂહને કુજમ્ભે પોતાનાં તીક્ષ્ણ બાણોથી કાપી નાખ્યો. પોતાની બાણવૃષ્ટિને વ્યર્થ જતી જોઈને ધનધિપ કુબેરે સોનાની ઘૂઘરીઓથી ઝંકૃત પોતાની દુર્ધર્ષ શકિતને વેગપૂર્વક કુજમ્ભ પર છોડી. કુબેર દ્વારા છોડવામાં આવેલી તે શકિતએ કુજમ્ભના અતિ કઠોર હૃદયને ફાડી નાખ્યું. ત્યારપછી, તે શકિતના આઘાતમાંથી બે જ ઘડીમાં સ્વસ્થ થઈને દારુણ આકૃતિવાળા તે દૈત્યે એક ઊંચી તથા શ્વેત ધારવાળી બરછીથી કુબેરના બન્ને સ્તનોના મધ્યભાગમાં કઠોર પ્રહાર કર્યો, જેથી ધનપતિ કુબેર મૂર્ચ્છિત થઈને રથના જૂત પર બુઢ્ઢા બળદની જેમ લડખડાતો ઢળી પડયો.

કુબેરની દયનીય દશાને જોઈને, નિર્ઋતિ દેવતા હાથમાં તલવાર લઈને યુદ્ધ કરવા, કુજમ્ભની સામે આવ્યા. તેની પાછળ નિશાચરોની સેના ચાલતી હતી. કુજમ્ભે પોતાની તમામ સેનાને તેઓનો વિનાશ કરવા માટે પ્રેરી. તે સેનાને સામે આવતી જોઈને નિર્ઋતિએ વેગપૂર્વક રથમાંથી કૂદીને પોતાની નીલારંગના મ્યાનવાળી તલવારથી શત્રુઓના વિચિત્ર વર્ણના મસ્તકોને ચારે તરફથી કાપવા માંડયા. લાંબી ભુજાઓ અને ભીષણ તલવારવાળા તેણે આગળ–પાછળ તથા ઉપર–નીચે જયાં કયાંય પણ શત્રુઓને જોયા, તેનો ભીષણ વિનાશ કર્યો. પોતાની સેનાને નષ્ટ થતી જોઈને, કુજમ્ભ કુબેરને છોડીને નિર્ઋતિની તરફ દોડયો. તેની સાથેના યુદ્ધમાં નિર્ઋતિએ પોતાની અમોઘ માયાને વિસ્તારી અને સમસ્ત જગતને અંધકારમય બનાવીને કુજમ્ભને મોહિત કરી દીધો. તેની સેના પણ કશું દેખાતું ન હોવાથી, એક સ્થાનેથી બીજા સ્થાને જવાને અસમર્થ બની. નિર્ઋતિએ પણ પુનઃ અનેક પ્રકારનાં શસ્ત્રોનો પ્રયોગ કરીને, તે સેનાને વિનષ્ટ કરી દીધી.[૭૦]

આ પ્રમાણે, દૈત્યોના મરાવાથી તથા કુજમ્ભના મૂર્છિત થવાથી, મહાપ્રલયના વાદળાઓના જેવી આકૃતિવાળા, દાનવરાજ મહિષાસુરે પોતાનું સાવિત્ર નામનું અસ્ત્ર ચલાવ્યું. જેથી ગહનતાથી છવાયેલા અંધકારનો વિનાશ થયો. ચારે તરફ પ્રકાશ ફેલાતાં દૈત્ય–સેનાપતિઓએ દેવતાઓની સેનાની સાથે

ભયાનક અને અદ્‌ભુત સંગ્રામ કર્યો. માયાના મોહથી છૂટેલો કુજમ્ભ, પોતાનું ઘોર ધનુષ્ય તથા સર્પોના જેવાં વિકરાળ બાણોને લઈને ઝડપથી નિર્ઋતિની સેનાની તરફ દોડયો. તેને એ રીતે આવતો જોઈને નિર્ઋતિએ તેને પોતાના તીક્ષ્ણ બાણોથી તેને ઘાયલ કરી દીધો. યુદ્ધભૂમિમાં નિર્ઋતિના એ પરાક્રમને જોઈને, ક્રોધથી લાલ થયેલા નેત્રોવાળો કુજમ્ભ રથમાંથી નીચે કૂદી પડયો અને એક હાથમાં પોતાની ભયાનક તલવાર અને બીજા હાથમાં આભૂષણોથી વિભૂષિત ઢાલને ધારણ કરીને નિર્ઋતિની તરફ દોડયો. નિર્ઋતિએ તેને વેગથી આવતો જોઈને પોતાના મુદ્‌ગરનો પ્રહાર તેના હૃદય પર કર્યો, જેનાથી તે દાનવ વિક્ષુબ્ધ થઈ ગયો, પરંતુ નિશ્ચેષ્ટ હોવા છતાં પણ પર્વતના જેવો તે ધીર દૈત્ય યુદ્ધભૂમિમાં અડગ રહ્યો. થોડી ક્ષણોમાં આશ્વસ્ત થઈને, અતિ પરાક્રમી તે દૈત્યરાજે, પોતાના રથ પર આરૂઢ થઈને ડાબા હાથથી નિર્ઋતિને પકડી લીધો અને તેના કેશને પકડીને, તેનું મસ્તક કાપી નાખવા માટે પોતાની તલવાર ઉઠાવી, એટલામાં વરુણે પોતાના પાશથી દૈત્યરાજના બન્ને હાથોને બાંધી લીધા અને દયાભાવ છોડીને પોતાની ભીષણ ગદાનો પ્રહાર તેના મસ્તક પર કર્યો. જેથી તે દૈત્યની તમામ ઈન્દ્રિઓના સ્રોતોમાંથી રકતની ધારાઓ વહેવા લાગી. કુજમ્ભની એવી દશા જોઈને મહિષાસુરે પોતાના મુખથી તે બન્ને— નિર્ઋતિ અને વરુણને ગળી જવાનો પ્રયત્ન કર્યો. તેની એ ભયાનક ચેષ્ટાને જોઈને, તેના ભયથી તે બન્ને દેવતાઓએ બે જુદી જુદી દિશાઓમાં ભાગવાનું શરૂ કર્યું. નિર્ઋતિએ ઝડપથી દોડીને ઇન્દ્રનું શરણ ગ્રહણ કર્યું. એથી, મહિષાસુરે વરુણનો પીછો કર્યો, પરંતુ એ રીતે પ્રત્યક્ષ કાળના મુખમાં વરુણને જતો જોઈને ચન્દ્રે હિમના સમૂહોથી વ્યાપ્ત સોમ તથા વાયવ્ય નામનાં પોતાનાં અસ્ત્રોનો પ્રયોગ કર્યો. ચન્દ્ર દ્વારા છોડવામાં આવેલાં તે બન્ને અસ્ત્રોના પ્રભાવથી બધા જ દૈત્યો એકદમ વ્યથિત થઈને ઠંડીથી એકદમ સૂકાઈ ગયા અને પૌરુષરહિત બન્યા. તેઓ પોતાના પગોથી ચાલવાને અસમર્થ બન્યા અને હાથોમાં શસ્ત્રો પણ ગ્રહણ ન કરી શકયા. ભયાનક ઠંડીથી કાંપતો મહિષાસુર પણ કોઈ જ પ્રયત્ન કરવાને અશકિતમાન બન્યો અને બન્ને હાથોને બગલમાં દબાવીને તથા મુખ નીચું કરીને ચુપચાપ બેસી ગયો.

એ રીતે ચન્દ્ર દ્વારા પરાજિત કરવામાં આવેલા દૈત્યગણો કોઈ પણ પ્રકારનો પ્રતિકાર કરવાને અસમર્થ બન્યા અને યુદ્ધ કરવાની ઈચ્છાને છોડીને જીવ બચાવવા માટે બેસી ગયો. આ પ્રમાણે ચન્દ્રમા દ્વારા પરાજિત કરાયેલા દૈત્યગણો કોઈપણ પ્રકારે પ્રતિકાર કરવામાં અસમર્થ રહ્યા અને યુદ્ધ કરવાની અભિલાષા ત્યજીને માત્ર પોતાના જીવનની રક્ષાને ઈચ્છવા લાગ્યા. ત્યારે ક્રોધાભિભૂત થઈ કાલનેમિ નામના દૈત્યે અન્ય દૈત્યોને કહ્યુંઃ

**'भो भोः शृंगारिणः शूराः सर्वे शस्त्रास्त्रपारगाः ।**
**एकैकोपि जगत्सर्वं शक्तस्तुलयितुं भूजैः ।।**
**एकैकोपि क्षमो ग्रस्तुं जगत्सर्वं चराचरम् ।**

**एकैकस्यापि पर्याप्ता न सर्वेऽपि दिवौकसः ।।**
**न युक्तमेतच्छूराणां विशेषाद्दैत्यजन्मनाम् ।**
**राजा चान्तरितोऽस्माकं तारको लोकमारकः ।।**
**विरतानां रणादस्मात्क्रुद्धः प्राणान्हरिष्यति ।''**[૭૧]

અર્થાત્, "અરે ઓ શૃંગાર કરવાવાળા શૂરવીરો! તમે બધા તો શસ્ત્રાસ્ત્રોમાં પારંગત છો, તમારામાંથી એક એક પણ પોતાના બાહુબળથી ભૂમંડલને ઉઠાવવાને સક્ષમ છે.સમસ્ત ચરાચર સહિત ભૂમંડલને એકલા જ ગળી જવાને માટે તમે બધા સમર્થ છો. વધારે શું? બધા સ્વર્ગવાસી દેવતાઓ મળીને પણ તમારા માટે પર્યાપ્ત નથી. શૂરવીરોને માટે આ કાર્ય ઉચિત નથી, વિશેષ કરીને દૈત્યવંશમાં જન્મનારાઓને માટે. સમસ્ત જગતને મારવાનું સામર્થ્ય રાખનારા આપણા સ્વામી તારક અત્યારે અહીં ઉપસ્થિત નથી. યુદ્ધથી વિમુખ થવાથી તે ક્રોધિત થઈને આપણા બધા જ દૈત્યોના પ્રાણ લઈ લેશે."

કાલનેમિએ દૈત્યોને એ પ્રમાણે કહીને તથા દાનવીમાયાનો સહારો લઈને પોતાના શરીરને અતિશય વિસ્તાર્યું. જેથી સમગ્ર આકાશમંડળ અને દિશાઓ ઢંકાઈ ગઈ. તેમજ તે દૈત્યે પોતાના શરીરમાં દસ હજાર સૂર્યોનું નિર્માણ કરી, બધી જ દિશાઓને પ્રચંડ અગ્નિની જવાળાઓથી વ્યાપ્ત કરી દીધી. તેથી સમસ્ત ત્રૈલોક્યમંડળ ક્ષણમાત્રમાં અગ્નિની ભીષણ જવાળાઓથી સળગવા લાગ્યું. ચન્દ્ર પણ શાંત થઈ ગયો અને તેનાં શસ્ત્રોનો પ્રભાવ પણ દૂર થયો. કાલનેમિની માયા દ્વારા મહાબળવાન દૈત્યોની તે સેનાને પ્રબુદ્ધ હાલતમાં જોઈ, લોકોને પ્રકાશિત કરનારા ભગવાન સૂર્યે અતિ ક્રોધિત થઈ, અરુણને કહ્યું:

**''नयारुण रथं शीघ्रं कालनेमिरथो यतः ।**
**विमर्दस्तत्र विषमो भविता शूरसंक्षयः ।।''**[૭૨]

અર્થાત્, "હે અરુણ! મારા રથને ઝડપથી જ્યાં કાલનેમિનો રથ છે, તે સ્થળે પહોંચાડ, ત્યાં ભીષણ યુદ્ધ થશે, જેમાં અનેક શૂરવીરોનો સંહાર થશે."

સૂર્યના કહેવા મુજબ, ગરુડના મોટાભાઈ અરુણે સફેદ વર્ણની ચામર અને માળાઓથી વિભૂષિત, અશ્વો દ્વારા ખેંચાતાં સૂર્યના રથને આગળ હાંકયો. તે સમયે જગતના નેત્ર મહાભાગ્યશાળી ભગવાન સૂર્યે એક ખૂબ જ મોટું ધનુષ્ય ધારણ કર્યું અને તેના પર સર્પના જેવાં બે વિકરાળ તથા દિવ્ય બાણોનું સંધાન કર્યું. જેમાંથી એક બાણ તેમણે સંચાર નામક મંત્રથી યોજીને છોડયું અને બીજું ઈન્દ્રજાલથી યોજયું. સંચાર નામના તેમના બાણે દેવ તથા દૈત્ય–સૈનિકોના રૂપોનો વિપર્યય કર્યો. જેથી દેવો પણ અસુરો જેવા જ લાગવા માંડયા. આથી અસુરો દેવોને પોતાના સમજીને અસુરોને જ હણવા લાગ્યા. કાલનેમિએ પણ મહાપ્રલયમાં ક્રોધિત મહાકાલની જેમ પોતાના જ કેટલાક સાથી દૈત્યોને ખડ્ગ દ્વારા, કેટલાકને બાણવૃષ્ટિ દ્વારા, કેટલાકને ભયાનક ગદા વડે તો કેટલાકને નારાચથી મારી નાખ્યા.

ત્યારપછી, દૈત્યરાજ નેમિએ દૈત્ય–સૈનિકોને એ પ્રમાણે મરેલા જોઈને, તેણે તથા દેવતાઓ દ્વારા પીડિત અન્ય દાનવોએ પોતાનાં વાસ્તવિકરૂપોને પ્રાપ્ત કર્યાં; પરંતુ ક્રોધિત થયેલા કાલનેમિએ તેઓના રૂપ–પરિવર્તન તરફ ધ્યાન આપ્યું નહીં, ત્યારે માર ખાતાં નેમિએ કાલનેમિને કહ્યુંઃ

" કાલનેમિ! હું દેવતા નથી તારો સાથી નેમિ નામનો દૈત્ય છું, મને ઓળખ! માયાથી મોહિત થઈને, તેં આ સંગ્રામમાં મહાપરાક્રમશાળી તથા અજેય દસ લાખ દૈત્યોનો વિનાશ કરી નાખ્યો. આથી હવે તું બધાં જ અસ્ત્રોનું નિવારણ કરનાર, બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર."[૭૩]

નેમિ દ્વારા એ પ્રમાણે કહેવાવાથી વ્યાકુળ નેત્રોવાળા એ દૈત્યે બ્રહ્મસ્ત્રને અભિમંત્રિત કરી, ધનુષ્ય ઉપર ધારણ કર્યું અને દેવતાઓની સેના પર તેને છોડયું. તે મહાન શસ્ત્રનું તેજ ત્રણે લોકમાં વ્યાપી ગયું અને દેવતાઓની આખી સેના ભયભીત થઈ ગઈ. સૂર્યનું, તે સંચાર નામનું અસ્ત્ર પણ તુરંત જ શાંત થઈ ગયું. પોતાના અસ્ત્રનું શમન થઈ જવાથી ભગવાન ભાસ્કરે તેજરહિત થઈને મહેન્દ્રજાળ નામના અન્ય અસ્ત્રનો આશ્રય લીધો અને પોતાના શરીરને કરોડો આકૃતિઓની સંખ્યામાં પરિવર્તિત કર્યું તથા દાનવો તથા દૈત્યોની સેનાને પોતાનાં સળગતાં કિરણોથી સંતાપવાનું શરૂ કર્યું. જેથી હાથીઓની ચરબી ઓગળી ગઈ, અશ્વો ઘોર શ્વાસો લેવા લાગ્યા, રથોની આગળ ચાલતા સૈનિકો અતિશય ગરમીથી વ્યાકુળ થઈ, તરસથી પીડાઈને છાયાદાર વૃક્ષો તથા પર્વતોની ગુફાઓમાં ઘૂસી ગયા. એ પ્રમાણે, એક વૃક્ષથી બીજા વૃક્ષે દોડતાં, તે દૈત્યોની ચોતરફ ઘોર દાવાગ્નિ ફેલાઈ ગયો. જેનાથી જંગલનાં હર્યાંભર્યાં વૃક્ષો પણ સળગી ગયાં અને જળથી શોભાયમાન સરોવરાદિ પણ સૂકાઈ ગયા. પાણી ન મળવાથી તે દૈત્યો બેહોશ થઈ ગયા. પૃથ્વી પર ચારેબાજુ મરેલા દૈત્ય–સૈનિકો જ દેખાવા લાગ્યા. રથ, હાથી તથા મરેલા ઘોડાઓ અહીં–તહીં પડયા હતાં. જેમાંથી કેટલાક બેઠેલા હતા, કેટલાક લોહી ઓકી રહ્યા હતા તો કેટલાક બૂમો પાડતાં દોડી રહ્યા હતા. તેઓનાં શરીરોમાંથી ચરબી ઓગળીને નીચે વહી રહી હતી. આમ, રણભૂમિમાં હજારો દૈત્યો બેહોશ કે મરેલા નજરે પડતા હતા.[૭૪]

દૈત્યોના એ મહાવિનાશને જોઈને કાલનેમિએ અત્યંત ક્રોધથી નેત્રોને લાલ કરી, મહાપ્રલયના મેઘના જેવી વિકરાળ આકૃતિને ધારણ કરીને ઘોર શબ્દથી ત્રણે ભુવનોને કંપાવા લાગ્યો. ઉપરાંત, આકાશમંડળમાં જઈને સૂર્યની તે માયાને પણ વિનષ્ટ કરી નાખી અને દૈત્યસેના પર બરફ તથા જળની વર્ષા કરી. દૈત્યો જળ મેળવીને આશ્વસ્ત થયા. મેઘરૂપને ધારણ કરનાર તે કાલનેમિએ દેવોની સેના પર તીવ્ર બાણવૃષ્ટિ કરી. તે બાણવૃષ્ટિથી વ્યાકુળ થયેલા અને બચવાનો કોઈ ઉપાય ન જોતાં, દેવતાઓ રથો, હાથીઓ અને ઘોડાઓની આડશમાં સંતાવા લાગ્યા. ત્યાં પણ સંત્રસ્ત થયેલા દેવતાઓ પોતપોતાનાં નિવાસસ્થાનોમાં છૂપાઈ ગયા. એ બાણવૃષ્ટિ દ્વારા કાલનેમિએ નિર્ભયપણે એક લાખ ગંધર્વો, પાંચ

લાખ યક્ષો, સાઠ હજાર રાક્ષસો, ત્રણ લાખ તેજસ્વી કિન્નરો તથા સાત લાખ પિશાચોનો સંહાર કરી નાખ્યો. તે ઉપરાંત પણ અન્ય દેવજાતિઓના અસંખ્ય વીરોનો સંહાર કર્યો. આમ, અસ્ત્રક્રિયામાં પ્રવીણ તે દૈત્યરાજે અતિ ક્રોધિત થઈ, પોતાનાં વિચિત્ર અસ્ત્રોથી દેવસેનાનો કરોડોની સંખ્યામાં વિનાશ કર્યો.[૭૫]

દેવસેનાનો એ પ્રમાણે વિનાશકરી પરાજય થયેલો જોઈને, અત્યંત ક્રોધિત થયેલા બન્ને અશ્વિનીકુમારો વિચિત્ર હથિયારો અને ઉજ્જ્વળ કવચ ધારણ કરી, રણભૂમિમાં ઉપસ્થિત થયા અને મહાકાળ તથા અગ્નિના જેવું વિકરાળ રૂપ ધારણ કરી, યુદ્ધભૂમિમાં દૈત્યોનો વિનાશ કરવા લાગ્યા. ઉપરાંત, તે બન્ને પરાક્રમી દેવોએ સાઠ સાઠ તીક્ષ્ણ બાણો વડે તે ભયાનક દૈત્યરાજના મર્મસ્થળો પર કઠોર આઘાત કર્યો. તેઓના બાણોના પ્રહારથી જરાં શીથીલ થયેલા કાલનેમિએ આઠ આરાઓવાળા પોતાના ચક્રને હાથમાં ધારણ કર્યું. જે તૈલધૌત તથા સંગ્રામભૂમિમાં શત્રુઓનો ભીષણ વિનાશ કરનારું હતુ. તે ચક્ર દ્વારા તેણે અશ્વિની–કુમારોના રથને ભાંગી નાખ્યો અને સર્પના જેવાં વિષયુકત વિકરાળ બાણોથી આકાશમંડળને આચ્છાદિત કરી, તે બન્ને દેવવૈદ્યોના મસ્તકો પર ઘોર વૃષ્ટિ કરી. એ બન્ને કુમારોએ પણ પોતાનાં શ્વેતધારવાળાં અસ્ત્રોથી દૈત્યનાં તે બાણોને છિન્ન–ભિન્ન કરી દીધાં. તેઓના એ પરાક્રમપૂર્ણ કાર્યને જોઈને કાલનેમિ વિસ્મય પામ્યો અને પુનઃ ક્રોધિત થઈને યમના દંડ જેવા પોતાના મુદ્‌ગરને વેગપૂર્વક ઘૂમાવીને, તેને અશ્વિનીકુમારોના રથ પર ફેંકયું. પોતાની તરફ અત્યંત વેગપૂર્વક આવી રહેલા તે મુદ્‌ગરને જોઈને પોતપોતાના રથોને ઝડપથી ત્યાગી દીધા. કાલનેમિ દ્વારા ફેંકવામાં આવેલા તે મુદ્‌ગરે, બન્ને રથો સહિત જમીનભાગને પણ વિદીર્ણ કરી નાખ્યો. અદ્‌ભુત યુદ્ધ કરનારા દેવવૈદ્યોએ તે જોઈને, દાનવો પર વજાસ્ત્રનું સંધાન કર્યું. જેથી ચારે તરફ અતિ દારુણ વજમયી વૃષ્ટિ થવા લાગી. ઘોર વજાસ્ત્રોના પ્રહારથી તે દાનવરાજ ચારે તરફથી ઘેરાઈને ક્ષોભિત થયો. તેના રથ સહિત ધ્વજા, ધનુષ્ય, ચક્ર અને સુવર્ણમાંથી બનાવવામાં આવેલું કવચ વગેરેના તલ–તલ જેવડા ટુકડા થઈ ગયા.[૭૬]

અશ્વિનીકુમારો વડે પ્રયુકત, તે વજાસ્ત્રને શાંત કરવા માટે કાલનેમિએ નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો. વજાસ્ત્રના શાંત થઈ જવાથી કાલનેમિએ બન્ને કુમારોને જીવતા પકડવાની ઈચ્છા કરી. જેથી તે બન્ને કુમારો ભયાન્વિત થઈને ઈન્દ્રના રથની તરફ ભાગવા લાગ્યા. શસ્ત્રહીન થઈને દોડી રહેલા તે બન્ને કુમારોનો પીછો કરતો તે દૈત્યરાજ પણ છેક ઈન્દ્રના રથ સુધી પહોંચી ગયો. તે સમયે દૈત્યોની સેના પણ તેની પાછળ પાછળ આવી રહી હતી. એ પ્રમાણે અતિ ક્રોધિત થયેલા તે ભયાનક દૈત્યને જોઈને, સમસ્ત સંસારના તમામ જીવો ભયથી વ્યાકુળ થઈ ગયા. તેના એ ભયાનક ક્રુર કર્મમાં બધા લોકો દેવરાજ ઈન્દ્રનો પરાજય જોવા લાગ્યા. પર્વતો કંપવા લાગ્યા, આકાશમાંથી ઉલ્કાઓ વરસવા લાગી, વાદળાઓ ગરજવા લાગ્યાં અને દસે દિશાઓમાં સમુદ્રો ઉછળવા લાગ્યા.[૭૭]

એ પ્રમાણે, સંસારના સમસ્ત જીવોનો વિનાશ થતો જાણીને જેનાં ચરણકમલોની લક્ષ્મી નિરંતર સેવા કરે છે, તે ગરુડધ્વજ ભગવાન વિષ્ણુ શેષશૈયા પર પોતાની યોગનિદ્રાનો ભંગ કરીને જાગી ગયા. શરત્કાલીન નીલકમલની કાંતિના જેવા સુંદર શરીર, વક્ષસ્થલમાં કૌસ્તુભ મણિથી આભૂષિત, બાહુઓમાં મનોહર કેયૂરોથી શોભાસમ્પન્ન, શ્રીપતિ ભગવાને દેવતાઓના એ ભયાનક વિનાશને યાદ કરીને તત્ક્ષણ ગરુડનું આવાહન કર્યું. સ્મરણમાત્રથી આવી ગયેલા ગરુડ પર આરૂઢ થઈને ભગવાન વિષ્ણુ દેવતાઓની પાસે પહોંચી ગયા. ત્યાં પહોંચીને એમણે અતિ પરાક્રમી, નૂતન જલદના જેવી આકૃતિવાળા દૈત્યેન્દ્ર દ્વારા નસાડવામાં આવેલ દેવરાજ ઈન્દ્રને જોયો. ભગવાન જે સમયે યુદ્ધભૂમિમાં પહોંચ્યા ત્યારે દૈત્યોએ આકાશમંડળમાં પ્રકાશના એક વર્તુળને જોયું, જે ઉદયાચલ પર સ્થિત ઉષ્ણકિરણમાલ ભગવાન ભાસ્કરની જેમ ચમકી રહ્યું હતું. દાનવો તે પ્રકાશનું રહસ્ય જાણવા અતિ ઐચ્છુક બન્યા. સર્વપ્રથમ તેઓએ મહાપ્રલયના અગ્નિના જેવી વિકરાળ મૂર્તિવાળા ગરુડને જોયો, પછી તેના પર બેઠેલા મેઘમાળાના જેવા શ્યામલ દ્યુતિસંપન્ન અવ્યય ભગવાન અચ્યુતને જોયા. એમને જોઈને અસુર—નાયકો અત્યંત હર્ષથી ખિલી ઉઠયા અને કહેવા લાગ્યાઃ

**“अयं वै देवसर्वस्वं जितेऽस्मिन्निर्जिताः सुराः ।**
**अयं स दैत्यचक्राणां कृतान्तः केशवोऽरिहा ।।**
**एनमाश्रित्य लोकेषु यज्ञभागभुजोऽमराः ।”**[७८]

અર્થાત્, "અહો, આ જ તો દેવતાઓનું સર્વસ્વ છે. આને જીતી લેવાથી બધા દેવતાઓને પરાજિત જાણવા જોઈએ. આ જ આપણા દૈત્યસમૂહનો કાલસ્વરૂપ શત્રુ કેશવ છે. આનો જ આશ્રય લઈને દેવતાઓ યજ્ઞમાં ભાગ લે છે."

આવું કહીને મહારથી કાલનેમિ સહિત દસ પ્રમુખ દાનવો યુદ્ધભૂમિમાં આવતાં વિષ્ણુ ભગવાનને ચારે બાજુથી ઘેરી લઈને, વિવિધ પ્રકારના અસ્ત્રોથી તેના પર પ્રહારો કરવા લાગ્યા. કાલનેમિએ સાઠ બાણોથી, નેમિએ સો બાણોથી, મથને એંસી બાણોથી, જમ્ભકે સીત્તેર બાણોથી તથા શુંભે દસ બાણોથી તે જનાર્દન વિષ્ણુ પર પ્રહારો કર્યા. દાનવોના વિનાશક ભગવાન વિષ્ણુએ, તે દાનવોના તે કાર્યની પરવાહ કર્યા વિના એક—એક પર સીધું જ લક્ષ્ય સાધીને છ છ બાણો દ્વારા ક્રુર આઘાત કર્યો. કાલનેમિએ પણ પુનઃ કાન સુધી ખેંચીને છોડેલા ત્રણ તીક્ષ્ણ બાણો વડે વિષ્ણુના વક્ષઃથલ પર ઘોર આઘાત કર્યો. દૈત્યના તે બાણોથી જરાં વિચલિત થઈને વિષ્ણુએ હાથમાં એક મુદ્‌ગરને લઈ, તેને ખૂબ ઘૂમાવીને, તે દૈત્ય પર વેગથી ફેંકયું. પરમ ક્રુદ્ધ તે દૈત્યે, તે મુદ્‌ગરને હસ્તલાઘવનો પરિચય આપતાં, આકાશમાર્ગમાં જ પોતાનાં સો બાણોથી ચૂર્ણ કરી નાખ્યું ત્યારે અતિશય ક્રોધિત થઈને, વિષ્ણુએ એક ભાલા વડે તે દૈત્યના હૃદય પર કઠોર પ્રહાર કર્યો, પરંતુ તેની ભીષણ ચોટથી ક્ષણમાત્રમાં ચેતના પ્રાપ્ત કરીને, તે મહાબળવાન કાલનેમિએ એક તીક્ષ્ણ શકિતથી વિષ્ણુના ડાબા હાથ પર ઘોર આઘાત કર્યો. એથી ભગવાને કુપિત

થઈને એક વિશાલ ધનુષ્યને ધારણ કરી, તેના પર સત્તર બાણોનું સંધાન કર્યું અને તેનાથી શત્રુના હૃદય, સારથી, રથની ધજા, ધનુષ્ય, પ્રત્યંચા અને ભુજાને વીંધી નાખ્યાં. ભગવાન વિષ્ણુના તે બાણોથી ઘાયલ થયેલો તે દૈત્ય પોતાનાં અંગોમાંથી રુધિરની ધારાઓ વહાવવા લાગ્યો. અતિશય પીડાથી તેનું ચિત્ત વ્યાકુળ થઈ ગયું અને ઝંઝાવાતમાં કાંપતાં પલાશવૃક્ષની જેમ તે કાંપવા લાગ્યો. એ રીતે તેને કાંપતો જોઈને કેશવે એક ગદાનો પ્રહાર કર્યો, જે કાલનેમિના મસ્તક પર પડી. જેથી તેનું માથું ભાંગી ગયું, મુકુટ પીસાઈ ગયો અને શરીરમાં અનેક છિદ્રો થઈ જતાં લોહિના ફુવારાઓ ઉડવા લાગ્યા. તે દૈત્ય પોતાના રથમાં એકદમ બેહોશ થઈ ગયો. તેનું જીવન જ માત્ર શેષ રહ્યું અને થોડી જ વારમાં તે ઢળી પડયો. રથમાં ઢળી પડેલા તે દૈત્યને વિષ્ણુએ હસતાં હસતાં કહ્યુંઃ

"હે અસુર ! જા, મેં તને છોડી દીધો. આ સમયે તું નિર્ભય બનીને તારું જીવન બચાવી શકે છે. પછી થોડી જ વારમાં હું તારો વિનાશક બનીશ."[૭૯]

ભગવાનની એવી વાતો સાંભળીને કાલનેમિનો સારથી રથને રણભૂમિમાંથી હાંકીને દૂર લઈ ગયો.[૮૦]

ત્યરપછી, પોતપોતાની સેનાને લઈને અસુરનાયકો મધુ—વિનાશક વિષ્ણુની સામે ચારે દિશાઓમાંથી એ રીતે દોડયા, જેમ મધને એકઠું કરતી વખતે મધમાખીઓ મધ એકઠું કરનારની ચારેતરફ દોડે. પોતાના સત્તાવીસ હજાર અંગરક્ષકોની સાથે પર્વતના જેવી વિશાળ આકૃતિવાળા ગજરાજ પર નિમિ, દૈત્ય મથન અશ્વ પર, જમ્ભક ઊંટ પર તથા શુંભ એક વિશાળ મેષ પર સવાર થઈને વિષ્ણુ તરફ દોડયા અને પોતપોતાના અસ્ત્રો વડે ઘાતક પ્રહારો કરવા લાગ્યા. દૈત્યો દ્વારા છોડવામાં આવેલાં અનેક અસ્ત્રો વિષ્ણુના શરીરમાં પ્રવેશી ગયાં, પરંતુ અવિચલિત ચિત્ત ભગવાને રણભૂમિમાં ધૈર્યપૂર્વક પોતાનું ધનુષ્ય ધારણ કર્યું અને તેના પર પરમ તીક્ષ્ણ સર્પોના આકારવાળા અને પોતાના લક્ષ્યને અચૂકપણે વીંધનારાં બાણોનું સંધાન કર્યું. એમણે અગ્નિનાં જેવાં તેજસ્વી વીસ બાણોથી નિમિને, દસ બાણોથી મથનને, પાંચ બાણોથી શુંભને ઘાયલ કરીને એક બાણથી મહિષની છાતી પર કઠોર પ્રહાર કર્યો. બાર તીક્ષ્ણ બાણો વડે જમ્ભ નામના દૈત્યને મારીને અન્ય દૈત્યોમાંથી એક એકને આઠ આઠ બાણો દ્વારા આહત કર્યા. ભગવાનનું એ હસ્તલાઘવ જોઈને, તે દૈત્યો ક્રોધથી વિમૂર્ચ્છિત થઈને અને બૂમો પાડતાં અતિ અદ્‌ભુત યુદ્ધ કરવા લાગ્યા. દૈત્યરાજ નિમિએ પોતાના ભાલા વડે ભગવાનનું ધનુષ્ય કાપી નાખ્યું અને ધનુષ્ય પર ચડાવવામાં આવતાં બાણને મહિષે હાથમાં જ કાપી નાખ્યું. જમ્ભે પોતાનાં તીક્ષ્ણ બાણોથી પક્ષીરાજ ગરુડને ઘાયલ કરી નાખ્યો. પર્વતના જેવી વિશાળ આકૃતિવાળા શુંભે ભગવાનની ભુજા પર ઘોર પ્રહાર કર્યો. ધનુષ્ય કપાઈ જવાથી ભગવાને વિકરાળ ગદા લઈને, તેનો પ્રહાર મથન પર કર્યો, પરંતુ તે મથનની ઉપર પડે તે પહેલા જ નિમિએ તેના પોતાનાં બાણોથી ચૂરા કરી નાખ્યા. આથી ભગવાને એક મુદ્‌ગર લઈને તેને નિમિ પર

ફેંક્યું. આવી રહેલાં તે મુદ્‌ગરને જમ્ભે પોતાની ગદાથી, ગ્રસને પોતાની બરછીથી અને મહિષે પોતાની શકિતથી આકાશમાં જ ભાંગી નાખ્યું. મુદ્‌ગરના વિફળ જવાથી ભગવાને એક શકિતને લઈને તેને જમ્ભ નામના દૈત્ય પર છોડી. એ શકિત જમ્ભ સુધી પહોંચે તે પહેલા જ ગજ નામના અસુરે તેને માર્ગમાં જ પકડી લીધી. હવે ભગવાને ભાર ઉઠાવવામાં સક્ષમ ધનુષ્ય લઈને તેના પર રૌદ્રાસ્ત્રનું અભિસંધાન કર્યું. તે રૌદ્રાસ્ત્રના તેજથી સમસ્ત જગત વ્યાપ્ત થઈ ગયું. અસ્ત્રના એ અદ્‌ભુત માહાત્મ્યને જોઈને દૈત્યોના સેનાપતિ ગ્રસને બધા જ અસ્ત્રોનું નિવારણ કરનાર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. તેના પ્રભાવથી સમસ્ત લોકના વિનાશક રૌદ્રાસ્ત્ર શાંત થઈ ગયું. ત્યારપછી દાનવોના વિનાશક ભગવાન વિષ્ણુએ કાલદંડ નામના પોતાના ભીષણ અસ્ત્રનો પ્રયોગ કર્યો. તે અસ્ત્ર સમસ્ત લોકોને અભય આપનારું છે. એ ભીષણ અસ્ત્રના અભિસંધાનથી પ્રચંડ વાયુ વાવા લાગ્યો, પૃથ્વી કાંપવા લાગી, દેવી–દેવતાઓની બુદ્ધિ પણ નષ્ટ થઈ ગઈ. અતિભયાનક પરાક્રમશાળી દૈત્યોએ તે મહા ભયાનક અસ્ત્રને પોતાની તરફ આવતું જોઈને, અનેક પ્રકારના રૂપોવાળાં દિવ્યાસ્ત્રોના પ્રયોગો કર્યા. તે કાલદંડાસ્ત્રને નિવારવા માટે ગ્રસને નારાયણાસ્ત્ર, નિમિએ પોતાનાં અસ્ત્રોમાં શ્રેષ્ઠ ચક્ર અને જમ્ભે ઐષીક નામના અસ્ત્રનો પ્રયોગ કર્યો. આ પ્રમાણે તે શસ્ત્રને વિફળ બનાવવામાં અસુરનાયકો પ્રેરિત થયા, તેટલામાં તે શસ્ત્રે ક્ષણભરમાં જ દૈત્યનાયકોની ગજ તથા અશ્વો સહિતની કરોડોની સેનાનો વિનાશ કરી નાખ્યો. ત્યારપછી, દૈત્યોના તે અસ્ત્રોની સાથે સંઘર્ષ થવાથી કાલદંડાસ્ત્ર પ્રભાવશૂન્ય બનીને શાંત થયું, એટલે ભગવાને પોતાના પરમ પ્રસિદ્ધ ચક્રને હાથમાં લઈને તેને સેનાપતિ ગ્રસન પર છોડયું. આકાશમાર્ગે આવી રહેલા તે ચક્રને તમામ પ્રયત્નો છતાં દૈત્ય–નાયકો રોકી ન શકયા અને તે ચક્રે ગ્રસનના કંઠથી બે ભાગ કરી નાખ્યા. દૈત્યના કંઠના રકતથી લાલ નાભિવાળું બનેલું તે ચક્ર, સળગતા અગ્નિના જેવી વિકરાળ કાંતિથી પુનઃ જનાર્દન વિષ્ણુના હાથમાં પાછું ફર્યું.[૮૧]

ભગવાન વિષ્ણુ દ્વારા દૈત્ય સેનાપતિ ગ્રસન મરાયો, તેથી બધા જ દૈત્યો યુદ્ધની સામાન્ય મર્યાદાઓને પણ છોડીને, ભગવાનની સાથે ભીષણ યુદ્ધ કરવા લાગ્યા. એક સાથે કરોડોની સંખ્યામાં દાનવો ભગવાન સાથે યુદ્ધ કરવા લાગ્યા ત્યારે તેમણે અનેક રૂપો ધારણ કર્યાં, જેથી એમના બાહુઓને થોડી શાંતિ મળી. ત્યારપછી, ભગવાને ગરુડને કહ્યુંઃ

**“गरुत्मन्कच्चिदश्रान्तस्त्वमस्मिन्नपि सांप्रतम् ।**
**यद्यश्रान्तोऽसि तद्याहि मथनस्य रथं प्रति ।।”**[૮૨]

અર્થાત્, "હે ગરુત્મન્! તને થાક તો નથી લાગ્યો ને? જો ખરેખર તું થાકેલો ન હો, તો મથન દૈત્યના રથ તરફ મને લઈ ચાલ."

ભગવાનનું કહેવું સાંભળીને ગરુડે એમને અતિ કઠોર મથનની સન્મુખ પહોંચાડી દીધા. મથન સાથે ભયંકર યુદ્ધ કરીને તેને પોતાની ગદાના કઠોર પ્રહારથી ભગવાને મારી નાખ્યો.[૮૩]

તે પરાક્રમી દૈત્યના મૃત્યુથી બધા દૈત્યો કીચડમાં ફસાયેલા હાથીની જેમ અવસાદ પામ્યા. ત્યારપછી, ભગવાને મહિષાસુર સાથે યુદ્ધ કરીને તેને બેભાન કરી દીધો.[૮૪]

મહિષાસુરની અવદશા જોઈને શુંભ નામના દૈત્યે ક્રોધથી પોતાના હોઠોને ચાવતા અને ભ્રુકુટી તથા મુખને ચડાવીને એક ભયંકર ધનુષ્ય પર સર્પોના જેવાં વિકરાળ તથા ભીષણ બાણોનું સંધાન કરીને, ભગવાન તથા ગરુડ પર ઘોર આઘાત કર્યો. તેના એ આઘાતથી જરા પણ વિચલિત થયા વગર ભગવાને એક ભીષણ ભુશુંડીનો પ્રહાર શુંભના વાહન મહાકાય મેષ પર કરીને તેના ચૂરા કરી નાખ્યા, ત્યારે તે મરેલા મેષ પરથી કૂદીને તે દૈત્યપતિ જમીન પર આવીને યુદ્ધ કરવા લાગ્યો. પ્રલયકાલીન અગ્નિના જેવા ઉગ્ર સ્વરૂપવાળા ભગવાને પૃથ્વી પર ચાલતા તે દૈત્ય પર પોતાનાં બાણોનો સમૂહ વરસાવ્યો. ભગવાન દ્વારા ઘાયલ કરવામાં આવેલો તે દૈત્ય એકદમ વ્યથિત થયો. તેનાં શરીરમાંથી રકતની ધારાઓ છૂટવા લાગી, એથી જમીન પર ચાલતા તે દૈત્યને ભગવાને કહ્યું::

**“कुमारिवध्योऽसि रणं विमुञ्च शुम्भासुर स्वल्पतैररहोभिः ।**
**वधं न मत्तोऽर्हसि चेह मूढ वृथैव किं युद्धसमुत्सुकोऽसि ।।”**[૮૫]

અર્થાત્, "હે શુંભાસુર! તું થોડા જ દિવસોમાં એક કુમારીના હાથે વધ્ય છે, તેથી રણભૂમિને છોડીને ચાલ્યો જા. અરે મૂઢ! મારા હાથે તારો વધ યોગ્ય નથી, તેથી વૃથા શા માટે મારી સાથે યુદ્ધ કરવા ઉત્સુક છે?"

ભગવાનની આવી વાતો સાંભળીને જમ્ભ અને નિમિએ એમને પીસી દેવાની ચેષ્ટા કરી. નિમિએ એક પ્રચંડ ગદા ઉઠાવીને વિષ્ણુના મસ્તક પર બળપૂર્વક મારી અને શુંભે પણ પોતાના પરિઘ દ્વારા ભગવાન પર પ્રહાર કર્યો. એ અસુરોના વિષમ પ્રહારોથી ઘાયલ થઈને ગરુડ અને વિષ્ણુ બન્ને ભૂમિ પર ઢળી પડયા. એમના એ પરાક્રમને જોઈને દૈત્યો ખુશીથી સિંહની જેમ ગર્જનાઓ કરવા લાગ્યા. પોતાનાં વસ્ત્રો ઉડાડવા લાગ્યા. શંખ, શરણાઈ, નગારાં વગેરે વિવિધ પ્રકારના વાદ્યો વગાડવા લાગ્યા. ત્યારપછી, થોડા સમયમાં હોશ આવતાં, તરત જ ભગવાન વિષ્ણુ રણભૂમિના પાછળના ભાગેથી વેગપૂર્વક નાસી ગયા.[૮૬]

ધ્વજા તથા ધનુષ્યાદિ વગરના વિષ્ણુને રણભૂમિમાંથી ભાગતાં જોઈને, દેવરાજ ઈન્દ્રની એ મહાયુદ્ધમાં વિજયની આશા પડી ભાંગી. વિજયના મદમાં હર્ષ પામેલા દૈત્યોને જોઈને, તે 'હવે, શું કરવું?' તે અંગે કશું જ વિચારી ન શકયો. તેથી વિષ્ણુ પાસે જઈને કહેવા લાગ્યોઃ

**“किमेभिः क्रीडसे देवदानवैर्दुष्टमानसैः ।**
**युगे युगे च दैत्यानां त्वमेवान्तकरो हरे ।।**
**पूर्वेऽप्यतिबला ये च दैत्येन्द्राः सुरविद्विषः ।**
**विनाशमागताः प्राप्य शलभा इव पावकम् ।।**
**तथैवाद्येह मग्नानां भव विष्णो सुराश्रयः ।।”**[૮૭]

અર્થાત્, "હે દેવ! દુષ્ટ માનસવાળા આ દૈત્યોની સાથે આપ શા માટે રમત કરી રહ્યા છો? પ્રત્યેક યુગમાં આપ જ દૈત્યોના વિનાશકર્તા રહ્યા છો. આ પૂર્વે પણ અતિ બળવાન દેવશત્રુ–દૈત્યેન્દ્રો આપની સામે આવીને અગ્નિમાં પતંગિયાની જેમ વિનાશ પામ્યા છે, તે પ્રમાણે આજે પણ આપ દેવતાઓનો આશ્રય બનો."

તેના પ્રત્યુત્તરમાં ભગવાને કહ્યું કે,–

"આ દૈત્યાધિપતિઓ એમના દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા વધના ઉપાયો દ્વારા જ વિનષ્ટ થઈ શકે તેમ છે. અન્ય કોઈ ઉપાયથી તેઓનો વિનાશ સંભવ નથી. તે તારક દૈત્ય તો દુર્જેય જ છે. સાત દિવસના બાળકને છોડીને અન્ય કોઈથી તે પરાજિત થઈ શકે તેમ નથી. તેઓમાંથી કોઈ તો સ્ત્રી દ્વારા મરી શકે તેમ છે તો કોઈના વધ માટે કુમારી કન્યાની આવશ્યકતા છે. પરમ પરાક્રમી જમ્ભ નામના દૈત્યને મારી શકાય તેમ છે. તેથી, તે જગતને સંતાપ આપનારા જમ્ભને, તમે તમારા દિવ્યાસ્ત્રો દ્વારા વિનષ્ટ કરો. તમારા વિના તે અસુર સંસારના સમસ્ત જીવોથી પણ મારી નહીં શકાય. રણભૂમિમાં મારા વડે રક્ષિત થઈને તમે જગતના કાંટા સમાન તે જમ્ભને ઉખાડીને ફેંકી દો."[૮૮]

ભગવાન વિષ્ણુનાં વચનો સાંભળીને સહસ્રાક્ષ ઈન્દ્રે બધા દેવતાઓને પુનઃ સૈન્યનું સંગઠન કરવાનું કહ્યું. સમસ્ત લોમોની તપસ્યા તથા પરાક્રમના સારભૂત અગિયાર રુદ્રગણોને વિષ્ણુએ સેનાના અગ્રભાગમાં નિયુકત કરવામાં આવ્યા. ચતુર્દન્ત ગજરાજ ઐરાવત પર દેવરાજ ઈન્દ્ર આરૂઢ થયા. તેની ડાબી બાજુની રક્ષા અમિત પરાક્રમી વાયુદેવ કરતા હતા અને જમણી બાજુની રક્ષા વિકરાળ જવાળાઓવાળા અગ્નિદેવ કરી રહ્યા હતા. સૈન્ય સહિત ઈન્દ્રની રક્ષા કરવા માટે પૃષ્ઠભાગમાં વિષ્ણુ સ્થિત થયા. એ પ્રમાણે અન્યાન્ય દેવતાઓ દ્વારા અભિરક્ષિત દેવસેના સેંકડો હાથીઓ તથા ઘોડાઓના સમૂહોથી યુકત થઈને કરોડોની સંખ્યામાં શ્વેત વર્ણના છત્ર, ધ્વજા અને પતાકાઓથી સુશોભિત અને સુસજ્જિત, ઈન્દ્રની તે સેના દૈત્યોના શોકને વધારતી રણમેદાનમાં પહોંચી.

એ પ્રમાણે, રણભૂમિમાં ઉપસ્થિત દેવોની વિશાળ સેનાને જોઈને ગજ નામના અસુરે હાથમાં નારાચ નામના શસ્ત્રને ગ્રહણ કરીને કેટલાયે દેવતાનું મર્દન કરી નાખ્યું અને કેટલાયને હાથથી ઉઠાવીને દૂર સુધી ફેંકી દીધા. કેટલાકને પોતાના પરશુથી કાપી નાખ્યા. એ પ્રમાણે દેવસેનાનો વિનાશ કરતાં, તેની પર યક્ષ, ગંધર્વ તથા કિન્નરોએ એકઠા મળીને અનેક પ્રકારના વિચિત્ર પ્રભાવવાળાં શસ્ત્રાસ્ત્રોની વર્ષા કરી, પરંતુ તેઓના શસ્ત્રાસ્ત્રોને તે ગજાસુર એવી રીતે ગળી ગયો, જેમ કોઈ યૂથપતિ ગજરાજ ઘાંસના કોળિયાને ગ્રહણ કરે. ક્રોધથી ચાલતા પોતાના વિશાળ હાથોના આઘાતોથી કેટલાયે દેવતાઓને જમીન પર પછાડતો, તે ગજ નામનો દૈત્ય યુદ્ધભૂમિમાં વિચરણ કરતો હતો. તે જે–જે દૈવસમૂહોમાં પ્રવેશતો હતો, તેમાં ઘોર હાહાકાર મચી જતો હતો. એ પ્રમાણે દેવસેનાને રગદોળતા તે અસુરને રુદ્રગણોએ જોયો અને ત્યાં દોડી જઈને તેની સાથે ભીષણ યુદ્ધ કરવા

લાગ્યા. રુદ્રગણોની સાથે યુદ્ધ કરતાં, તે દૈત્ય જ્યારે એકદમ થાકી ગયો ત્યારે કપાલી નામના રુદ્રે તેને હાથથી પકડીને અતિશય વેગપૂર્વક ફેરવ્યો. ફેરવતી વખતે અતિશ્રમના કારણે વ્યાકુળ થઈ જવાના કારણે જ્યારે તેણે જોયું કે, માત્ર જરા પ્રાણ બાકી છે, ત્યારે તેને જમીન પર પટકી દીધો અને તેના કઠોર ચર્મને, તેના લોહી નિંગળતાં શરીર પરથી ખેંચી લઈને પોતે ઓઢી લીધું.

એ પ્રમાણે, મરાયેલા તે ગજાસુરને જોઈને અન્ય મહાબલવાન દૈત્યો ભયના માર્યા ત્રસ્ત થઈ ગયા અને હજારોની સંખ્યામાં ભાગવા લાગ્યા, પરંતુ મહાગજ પર સવાર દૈત્ય નિમિએ દુર્ધર્ષ દુંદુભિ વગડાવીને સેનાપતિપદને સંભાળ્યું. જે–જે દિશામાં તેનો હાથી જતો અતો તે–તે દિશાનામાંથી દેવગણો અતિ ભયભીત થઈને હથિયાર છોડીને વાહન સાથે ભાગી જતા હતા. અસુરના હાથીના મદની ગંધથી દેવતાઓના હાથીઓ પણ ભાગવા લાગ્યા. દેવતાઓની સેનાના ભાગી જવાથી માત્ર ઈન્દ્ર, આઠ દિક્પાલો અને વિષ્ણુ જ યુદ્ધભૂમિ પર અવસ્થિત રહ્યા. અંતે જ્યારે દૈત્યેન્દ્ર નિમિનો હાથી દેવેન્દ્રના હાથી ઐરાવતની સામે આવ્યો ત્યારે ઈન્દ્રનો તે હાથી પણ ભયંકર અવાજ કરતો નાસવા લાગ્યો. ઈન્દ્ર દ્વારા પ્રયત્નપૂર્વક રોકવા છતાં પણ, તે ન રોકાયો ત્યારે ઈન્દ્ર ભાગી રહેલા તે ગજરાજની પીઠ પરથી, અવળું મુખ કરીને યુદ્ધ કરવા લાગ્યો. તેની અને નિમિની વચ્ચે ઘોર યુદ્ધ થયું. ધનપતિ કુબેરે પોતાની અત્યંત ભારે ગદાનો પ્રહાર, નિમિના હાથી પર કર્યો. જેથી તેના મસ્તક પરથી દૈત્યેન્દ્ર નિમિ નીચે પડી ગયો અને તેનો ગજ પણ ભીષણ ચોટને કારણે મૂર્ચ્છિત થઈ ગયો. દેવસેનામાં જયજયકાર થવા લાગ્યો.

ત્યારપછી, તે મહાગજને મૃત્યુ પામેલો અને નિમિને યુદ્ધથી વિમુખ થયેલો જોઈને, અત્યંત ક્રોધિત થયેલો જમ્ભાસુર દેવસેનાની સામે આવીને પડકાર કરવા લાગ્યો. રણભૂમિમાં સન્મુખ આવેલા જમ્ભને જોઈને દેવરાજ ઈન્દ્રે નિર્ભયતા–પૂર્વક તેનો સામનો કરવા પોતાના ધનુષ્ય પર એક અર્ધચંદ્રાકાર બાણ ચડાવીને તે દૈત્ય પર પ્રહાર કર્યો. મહાભયંકર દૈત્ય જમ્ભે પણ તેના પ્રત્યુત્તરમાં અનેક બાણો ચલાવ્યા. એ રીતે અનેક શસ્ત્રાસ્ત્રોથી તે બન્ને વચ્ચે લાંબો સમય ભયાનક યુદ્ધ ચાલ્યું. જ્યારે વિવિધ પ્રકારના શસ્ત્રાસ્ત્રોથી પણ તે બન્ને એકબીજાને મહાત ન કરી શકયા ત્યારે માયાયુદ્ધની શરૂઆત થઈ. અંતે ઈન્દ્રે વિષ્ણુના કહેવાથી બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો, જે અસ્ત્રે જમ્ભાસુરના મસ્તકને છેદી નાખ્યું.

એ રીતે જમ્ભાસુરના માર્યા જવાથી બધા જ દૈત્યો રણમેદાનમાંથી પીઠ ફેરવીને ભાગી ગયા અને પોતપોતાના સંકલ્પોને છોડીને તારકાસુરની પાસે ગયા. તારકાસુર પોતાના સૈનિકોને ભયભીત અને ઈન્દ્ર દ્વારા કરવામાં આવેલા સેનાપતિ જમ્ભના વધની વાત સાંભળીને અત્યંત ક્રોધિત થયો અને તમામ પ્રકારનાં હથિયારોને ધારણ કરીને, સો ગરુડના જેટલા વેગવાળા રથમાં બેસીને યુદ્ધભૂમિમાં આવ્યો. તે બધાં જ અસ્ત્રોથી સુરક્ષિત હતો. વિશાળ સેનાથી ઘેરાઈને તે યુદ્ધ કરવા તૈયાર થયો. રણભૂમિમાં એકબાજુ દૈત્યરાજ તારક અને બીજીબાજુ દેવસમૂહ

હતો. તારકાસુરને પોતાની સામે આવતો જોઈને ઈન્દ્રે તેના હૃદય પર નવ બાણોથી પ્રહાર કર્યો. તેની જરાં પણ દરકાર ન કરતાં તારકાસુરે પ્રત્યેક દેવતાને નવ–નવ બાણોથી ઘાયલ કર્યા. એથી દેવતાઓએ પણ ઘનઘોર બાણવર્ષા તારકાસુર પર કરી, પરંતુ તે અસુરેન્દ્રે દેવતાઓ દ્વારા ફેંકવામાં આવેલાં તે બાણોને છિન્ન–ભિન્ન કરી નાખ્યાં અને બધા જ દેવતાઓને અસંખ્ય બાણોથી ઘાયલ કરી દીધા. તારકાસુર અને દેવો વચ્ચે ભીષણ યુદ્ધ ત્રણે લોકોને કંપાવનારું હતું. સ્વયં વિષ્ણુ, ઈન્દ્ર, અગ્નિ, વાયુ, વરુણ, યમ, અશ્વિનીકુમારો, નિર્ઋતિ, મરુતો વગેરે બધા જ મુખ્ય દેવતાઓ તથા સાધ્યો, સર્પો, ગંધર્વો, કિન્નરો, યક્ષો વગેરેને તુચ્છ માનતાં અનેક શસ્ત્રોથી તે પરાક્રમી દૈત્યે ત્રસ્ત કરી દીધા. માત્ર પોતાના હાથો તથા પગોથી કરોડો દેવતાઓનો સંહાર કરી નાખ્યો. મારથી બચવા માટે દેવતાઓના સૈનિકો રણ–સામગ્રીને છોડીને, દસે દિશાઓમાં ભયભીત થઈને ભાગવા લાગ્યા. તે તારકાસુરે યુદ્ધમાં ઈન્દ્રાદિ પ્રમુખ લોકપાલોને ભગવાન વિષ્ણુ સહિત, જેમ પશુને કોઈ કસાઈ બાંધે તેમ બાંધી લીધા. બધા જ દેવતાઓને બાંધીને, રથારૂઢ થઈ, તે એક વિશાળ પર્વત પર આવેલા પોતાના નિવાસસ્થાન તરફ ચાલવા લાગ્યો.

તારકાસુરે બ્રહ્માના વરદાનના પ્રભાવથી સમસ્ત ત્રિલોકી સહિત બધા દેવતાઓને જીતી લીધા.[૮૯]

દેવતાઓને જીતીને દૈત્યેન્દ્ર તારકાસુર પોતાના નગરમાં આવીને સિંહાસનારૂઢ થયો. કેટલાક દિવસો બાદ, સ્વચ્છ નીલા રંગનાં વસ્ત્રો ધારણ કરેલા તેના દ્વારપાળે સભામાં આવીને, પોતાના ઘૂંટણોને જમીન પર ટેકવી, હાથથી મુખને ઢાંકીને, અલ્પાક્ષરોવાળું છતાં સ્પષ્ટ અને મૃદુ શબ્દોમાં અનેક સૂર્યના જેવા તેજોમય શરીરને ધારણ કરનારા તે દૈત્યેન્દ્રને કહ્યુંઃ

**“कालनेमिः सुरान्बद्धांश्चाऽऽदाय द्वारि तिष्ठति ।**
**स विज्ञापयति स्थेयं क्व बन्दिभिरिति प्रभो ।।”**[૯૦]

અર્થાત્, "સ્વામી! કાલનેમિ દેવતાઓને બાંધીને દ્વાર પર ઊભો છે અને પૂછે છે કે, 'બંદીવાનોને કયાં રાખવા?"

દ્વારપાળની વાત સાંભળીને તે દૈત્યે કહ્યુંઃ

**‘तन्निशम्याब्रवीद्दैत्यः प्रतीहारस्य भाषितम् ।’**
**“यथेष्टं स्थियतामेभिर्गृहं मे भुवनत्रयम् ।।**
**केवलं पाशबन्धेन विमुक्तैरविलम्बितम् ।”**[૯૧]

અર્થાત્, "અરે, તેઓની ઈચ્છા અનુસાર રહેવા દો, ત્રણે ભુવનો મારું જ ગૃહ છે. માત્ર પાશના બંધનોથી મુકત કરવામાં આવે."

બંધનોમાંથી મુકત થયેલા દેવો, અતિ દુઃખી ચિત્તે બ્રહ્માના શરણે ગયા અને તેમને કઈ રીતે વરદાનના પ્રભાવથી મત્ત બનેલા દૈત્ય તારકાસુરે તેઓનો ભીષણ પરાજય કર્યો અને યુદ્ધમાં તેઓની કેવી દશા કરી, તે તમામ બાબતોથી વાકેફ કર્યા.

બ્રહ્માએ પણ જણાવ્યું કે, –

**"अवध्यस्तारको दैत्यः सर्वैरपि सुरासुरैः ।**
**यस्य वध्यः स नाद्यापि जातस्त्रिभुवने पुमान् ।।**
**स च वव्रे वधं दैत्यः शिशुतः सप्तवासरात् ।**
**स सप्तदिवसो बालः शंकराद्यो भविष्यति ।।**
**तारकस्य निहन्ता स भास्कराभो भविष्यति ।"** [૯૨]

અર્થાત્, "તે તારક દૈત્ય દેવતાઓ તથા અસુરોથી અવધ્ય છે. તે જેના હાથે મરી શકે તેમ છે, તે હજુ ત્રિભુવનમાં જન્મ્યો નથી. તેણે સાત દિવસના શિશુથી પોતાનું મૃત્યુ માગ્યું છે. ભગવાન શંકરથી ઉત્પન્ન થનાર સૂર્યના જેવા પરમ તેજસ્વી, તે સાત દિવસના બાળકથી જ તારકાસુરનું મૃત્યુ થશે."

તારકાસુર તથા કુમાર કાર્તિકેયના સંગ્રામની પૂર્વભૂમિકારૂપ આ મહાભયંકર સંગ્રામમાં અનેક દૈત્યોનો નાશ થયો. અમરત્વને કારણે દેવો મૃત્યુથી તો વંચિત રહ્યા, પરંતુ એકદમ શરમજનક પરાજયનાં દર્શન તેઓએ આ સંગ્રામમાં કર્યાં. તારકાસુરની ભયંકરતા, દુર્જેયતા, દુર્ધર્ષતા, શૂરવીરતા, દુષ્ટતા, ઘાતકતા અને દારુણતાને વર્ણવીને પુરાણકારે ભવિષ્યમાં થનારા જન્મજાત મહાવીર્યવાન કુમારના જન્મ અને પરાક્રમને માટે સુંદર પીઠિકા રચી છે. વરાંગીને એકલી જોઈને, પોતાની માયાથી વારંવાર તેને ભય પમાડવાની કુચેષ્ટા અને વિના અપરાધ તેનું અપમાન કરનાર ઇન્દ્રે, આ યુદ્ધમાં પરાજયના રૂપમાં તેનું કુફળ પ્રાપ્ત કર્યું. શિવ જેવા અગોચર, અદ્વિતીય, રૌદ્ર અને પરમ કલ્યાણકારક તત્ત્વમાંથી પ્રસૂત કાર્તિકેયના વિશાળ પરાક્રમને દર્શાવવા માટે, મત્સ્યપુરાણકારે આ મહાયુદ્ધનું ઘણું જ વિસ્તૃત વર્ણન કર્યું છે.

દેવાસુરસંગ્રામની ભયંકરતાને વર્ણવવામાં મત્સ્યપુરાણકારની કલમ કેટલી ચાલી શકે છે, તે દર્શાવવા માટે જ, અહીં આ સંગ્રામનું આટલું વિસ્તૃત અને છતાં સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે. મત્સ્યપુરાણકારે તો અધ્યાય ૧૪૬ થી ૧૫૪ સુધી આશરે એક હજારજેટલા શ્લોકોમાં આ સંગ્રામનું કથાનક વર્ણવ્યું છે.

કુમાર કાર્તિકેયના જન્મ પૂર્વેની વિગતો પ્રસિદ્ધ અને અહીં અનુપયુકત હોવાથી છોડી દેવામાં આવે છે. જેના વરદાનથી તારકાસુરનો જન્મ થયેલો, તે જ પાર્વતીના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માના વરદાનથી પતિ તરીકે શિવને પ્રાપ્ત કરીને, એમના સંયોગથી કુમારને જન્મ આપે છે. મત્સ્યપુરાણકાર નોંધે છે કે,

"ચૈત્ર મહિનાની અમાસના દિવસે વિશાલ શરકાનનમાં, તે મહાબળવાન તથા સૂર્યના જેવા તેજસ્વી કુમારનો જન્મ થયો."[૯૩]

"(ચૈત્રી પંચાંગાનુસાર) તે જ મહિનાની શુકલ પક્ષની ષષ્ઠી તિથિએ તમામ દેવસમૂહ, તથા બ્રહ્મા, ઇન્દ્ર, વિષ્ણુ, સૂર્યાદિ દેવતાઓ દ્વારા, તેમનો સેનાપતિપદે વિધિપૂર્વક અભિષેક કરવામાં આવ્યો."[૯૪]

"ઇન્દ્રે પોતાની દેવસેના નામની કન્યા, તેને પત્ની તરીકે આપી, તે

દેવાધિદેવને વિષ્ણુએ આયુધો આપ્યાં, ધનાધ્યક્ષ કુબેરે દસ લાખ યક્ષો આપ્યા, અગ્નિએ તેજ આપ્યું, વાયુએ વાહન આપ્યું, ત્વષ્ટા (વિશ્વકર્મા)એ ઈચ્છાનુસાર રૂપો ધારણ કરનાર કુકડાનું રમકડું આપ્યું. એ રીતે પ્રત્યેક દેવે તે કુમારને કંઈને કંઈ આપ્યું અને પછી ઘુંટણીએ પડીને, એ કુમારની સુંદર શબ્દોમાં સ્તુતિ કરી

તેઓની સ્તુતિથી પ્રસન્ન થયેલા, તે કુમારે પોતાનાં નિર્મલ નેત્રોથી દેવોની તરફ તાકીને કહ્યું:

"कं वः कामं प्रयच्छामि देवता ब्रूत निर्वृताः ।
यद्यप्यसाध्यं हृद्यं वो हृदये चिन्तितं परम् ।।"[૯૫]

અર્થાત્, "હે દેવો! આપ કહો, આપના કયા મનોરથની પૂર્તિ કરું. અસાધ્ય હોવા છતાં, હું જે તમે લોકોએ વિચારી છે, તે અભિલાષાને પૂર્ણ કરીશ."

કુમાર વડે એ પ્રમાણે કહેવાતાં, દેવોએ દૈત્યરાજ તારકનો સંહાર કરીને, બધાને ભયમુકત કરવાનું કહ્યું.

દેવતાઓનું તે નિવેદન સાંભળીને, દેવવૃંદોના પરમ ઉપકારી, તે કુમારે તારકાસુરના વધ માટે પ્રસ્થાન કર્યું.

સ્કન્દની શકિતનો વિશ્વાસ મેળવીને, ઇન્દ્રે દાનવરાવ તારકાસુર પાસે એક કઠોર વચનો બોલનાર દૂતને સંદેશ લઈને મોકલ્યો. ભયાનક આકૃતિવાળા તે દૂતે ભયરહિત બનીને, તારકની પાસે જઈને કહ્યું:

"शक्रस्त्वमाह देवेशो दैत्यकेतो दिविस्पतिः ।
तारकासुर तच्छ्रुत्वा घट शक्त्या यथेच्छया ।।
यज्जगद्दलनादाप्तं किल्बिषं दानव त्वया ।
तस्याहं शासकस्तेऽद्य राजाऽस्मि भुवनत्रये ।।"[૯૬]

અર્થાત્, "હે દૈત્યપતિ! સ્વર્ગના સ્વામી દેવરાજ ઇન્દ્રે તને કહ્યું છે કે, તારકાસુર! તે સાંભળીને તારી શકિત પ્રમાણે, જે ઈચ્છે તે કર. તેમણે કહ્યું છે કે, દાનવ! આ સંસારનો વિનાશ કરીને, તેં જે પાપાચરણ કર્યું છે, તેનો દંડ આપવા, આજે હું ત્રિભુવનના રાજાના રૂપમાં પ્રસ્તુત થયો છું."

દૂતની એવી વાણી સાંભળીને, જેની વિભૂતિ લગભગ નષ્ટ થઈ ચૂકી હતી, તે ક્રોધથી લાલ નેત્રોવાળા, દુષ્ટાત્મા તારકાસુરે કહ્યું:

"અહા ઇન્દ્ર! યુદ્ધોમાં મેં સેંકડોવાર તારું પરાક્રમ જોયું છે. હે દુર્બુદ્ધિ ઇન્દ્ર! નિર્લજ્જ હોવાને કારણે, તને આવું કહેતાં લજ્જા નથી આવતી?"[૯૭]

એ પ્રમાણે ઇન્દ્રને સંદેશો આપ્યા પછી, જયારે દૂત ચાલ્યો ગયો ત્યારે તે દાનવરાજે મનમાં શંકા કરી કે, કોઈની સહાયતાનો વિશ્વાસ મેળવ્યા વિના ઇન્દ્ર આવી નિર્ભયતાપૂર્ણ વાતો ન કરે. કેમ કે, મારા વડે તે પૂર્વે પણ પરાજિત થઈ ચૂકયો છે. તેને કયાંથી સહાયતા પ્રાપ્ત થઈ હશે! એમ ચિંતા કરતાં, દુષ્ટકર્મી તે દૈત્યે અતિ અમંગળપૂર્ણ નિમિત્તોને ઘટિત થતાં નિહાળ્યાં. અનિષ્ટસૂચક ભુજાઓ અને નેત્રો ફરકવા લાગ્યાં, મુખ સૂકાવા લાગ્યું, ચિત્તમાં ગભરામણ થવા લાગી,

પોતાની રમણીઓનાં કમળ જેવાં મુખો મલિન દેખાવા લાગ્યાં અને અમંગળનાં એંધાણ આપનારાં ભયાનક આકૃતિવાળાં દુષ્ટ પ્રાણીઓનાં દર્શન થવા લાગ્યાં; પરંતુ, તે બધાં અપશુકનોની ચિંતામાંથી હજુ તો મુકત થાય, તે પૂર્વે જ હાથીઓની ઘટાઓના અવાજોથી ભયાનક, ઘોડાઓના સમૂહોની ખરીઓથી ઉડેલી ધૂળને કારણે પિંગળાવર્ણવાળી, અદ્‌ભુત પ્રકારના વિમાનો તથા દેવતાઓ દ્વારા ફરકાવવામાં આવતા ધ્વજોવાળી, કિન્નરોનાં ગીતોથી ગુંજતી, વિવિધ વર્ણનાં સ્વર્ગીય પુષ્પોની માળાઓને ધારણ કરેલા વીરોથી સુશોભિત, મ્યાનરહિત તલવારો વગેરે હથિયારોથી પરિષ્કૃત દેખાતાં કવચોથી યુકત, બંદીજનો દ્વારા કરવામાં આવતી સ્તુતિઓથી સંયુકતા, વિવિધ પ્રકારનાં વાદ્યોના ઘોર અવાજોવાળી દેવસેનાને, તેણે પોતાના મહેલના ઉપરના ભાગેથી, આવતી જોઈ. સેનાની આગળ ચાલતાં બંદીજનો વડે કરાતી સ્તુતિના શબ્દો સાંભળીને, તેને બ્રહ્માએ કહેલી પોતાના મૃત્યુની વાતનું સ્મરણ થઈ આવ્યું અને તેને ખાત્રી થઈ ગઈ કે, હવે તેનું મૃત્યુ નજીક આવી પહોંચ્યું છે. પરસેવાથી ભીંજાયેલા શરીરવાળો અને શોકાકુલ મનવાળો તે, કોઈને પણ સાથે લીધા વિના, પગપાળા જ ભવનની બહાર નીકળ્યો અને કહેવા લાગ્યો :

"શીઘ્રતાને કારણે ગભરાયેલાં ચિત્તવાળાઓ! કાલનેમિ વગેરે પ્રમુખ યોદ્ધાઓ! દોડતા જાઓ, પકડો અને તે સેનાને પરાજિત કરી દો."[૯૮]

ત્યારપછી, ભયાનક આકૃતિવાળો તે તારકાસુર કુમાર કાર્તિકેયને જોઈને કહેવા લાગ્યો :

"અરે બાળક! શું તું યુદ્ધની કામનાવાળો છો? જઈને લીલાપૂર્વક દડાથી રમ, રણભૂમિમાં ભીષણ દાનવોને તેં હજુ જોયા નથી, બાળક હોવાથી તારી બુદ્ધિ અતિ અલ્પ અર્થને દેખનારી છે."[૯૯]

દેવતાઓને આનંદ આપનાર કુમારે પણ પોતાની સામે ઊભેલા તારકાસુરને કહ્યું :

**"शृणु तारक शास्त्रार्थस्तव चैव निरूप्यते ।।**
**शास्त्रैरर्था न दृश्यते समरे निर्भयैर्भटैः ।**
**शिशुत्वं माऽवमंस्था मे शिशुः कालभुजंगमः ।।**
**दुष्प्रेक्ष्या भास्करो बालस्तथाऽहं दुर्जयः शिशुः ।"** [૧૦૦]

અર્થાત્, "હે તારક! સાંભળ, તારા શાસ્ત્રીય અર્થનું હું નિરૂપણ કરું છું. રણભૂમિમાં નિર્ભય યોદ્ધાઓ શાસ્ત્રોના અર્થોને જોતા નથી, મારા બાળપણનું તું અપમાન ન કર, સર્પનું બચ્ચું મૃત્યુ આપનારું હોય છે. ઉદય પામતો સૂર્ય પણ દુષ્પ્રેક્ષ્ય હોય છે, તેમ હું પણ દુર્જય બાળક છું."

કુમાર હજુ તો આ પ્રમાણેની વાત કરતો હતો, એટલીવારમાં તો, તે દૈત્યે પોતાનું મુદ્‌ગર, એમની ઉપર છોડી દીધું; પરંતુ કુમારે જ્યારે પોતાના અમોઘ વજ્રથી તેને નિષ્ફળ બનાવી દીધું, ત્યારે તારકે લોઢામાંથી બનેલ ભિંદિપાલને

તેના પર છોડયું, જેને દૈત્યોના શત્રુ કુમારે પોતાના હાથથી પકડી લીધું અને ઘોર અવાજ કરનારી પોતાની ગદાને, તે દૈત્ય પર છોડી. ગદાના આઘાતથી તે દૈતય મહાગિરિની જેમ કંપી ઉઠ્યો. તેણે યુદ્ધમાં કુમારને મુશ્કેલીથી જીતી શકાય તેવો માન્યો અને પોતાની બુદ્ધિથી વિચારવા લાગ્યો કે, 'હવે નિઃસંદેહ મારો કાળ નજીક આવ્યો છે.' કાલનેમિ વગેરે બધા જ મુખ્ય દૈત્યોએ, તારકને ચિંતામાં પડેલો જોઈને, એક સાથે કુમાર પર હુમલો કર્યો, પરંતુ કુમાર તેઓના પ્રહારોથી જરાં પણ વિચલિત ન થયો. રણમાં પાગલ બનેલા, તે દેવશત્રુ દૈત્યોએ, પુનઃ પોતાનાં ભાલાં તથા બાણોથી કુમારને યુદ્ધભૂમિમાં ચોટ પહોંચાડી, પરંતુ દૈત્યોના અસ્ત્રોથી તેને જરાં પણ વ્યથા ન થઈ. જો કે દૈત્યોનું તે યુદ્ધ, દેવતાઓને માટે ઘણું જ ઘાતક નિવડયું. દેવોને અતિ દુઃખિત જોઈને, કુમાર અત્યંત ક્રોધિત થયા અને પોતના અસ્ત્રોથી દાનવોની સેનાને વિચલિત કરી નાખી. એમના અમોઘ અસ્ત્રોની ચોટથી ઘાયલ થયેલા, દેવતાઓના શત્રુ, કાલનેમિ વગેરે દૈત્યો યુદ્ધભૂમિમાંથી પરાઙ્મુખ થયા. દૈત્યોને એ રીતે નિહત થયેલા અને રણભૂમિ છોડીને ભાગતા જોઈને, મહાદૈત્ય તારક એકદમ ગુસ્સે થયો અને સોનાની જાળીથી મઢેલી પોતાની દિવ્ય ગદાથી કુમારને આહત કર્યો, દેવતાઓને મયૂરનાં પિંછાવાળાં બાણોથી વિમુખ બનાવ્યા અને એક વિશાળ અને અતિ ભયાનક ભાલાં વડે કાર્તિકેયના વાહન મયૂરને ઘાયલ કરી દીધો.

એ પ્રમાણે, રણભૂમિમાં તે અસુરનાયક તારકે અતિ ક્રોધિત થઈ, દેવતાઓની સેનાને છિન્ન–ભિન્ન કરી નાખી, ત્યારે દેવતાઓને પરાઙ્મુખ થઈને નાસતા તથા પોતાના વાહન મયૂરને રકતનું વમન કરતો જોઈને, દેવતાઓના સેનાપતિ ષડાનન કાર્તિકેયે, પરમ મનોહર સુવર્ણમાંથી નિર્મિત કેયૂરને ધારણ કરતી પોતાની ભુજાથી એક સુવર્ણમંડિત શકિત ઉઠાવી અને અત્યંત વેગપૂર્વક દાનવરાજ તારકની સામે ફરીને કહ્યું :

**“तिष्ठ तिष्ठ सुदुर्बुद्धे जीवलोकं विलोकय ।**
**हतोऽस्यद्यमया शक्त्या स्मर शस्त्रं सुशिक्षितम् ।।”** [૧૦૧]

અર્થાત્, "હે અતિ દુર્બુદ્ધિ! ઊભો રહે, ઊભો રહે, સંસારના જીવોન તરફ જો, હવે તું આ મારી શકિતથી મરેલો જ છે, તારા સુશિક્ષિત ર્શત્રનું સ્મરણ કર."

એમ કહીને કુમારે, તે શકિતને દૈત્યરાજ ઉપર છોડી દીધી. કુમારના કેયૂરના ધ્વનિની સાથે છૂટેલી તે શકિતએ, વજના મહાગિરિના જેવા અત્યંત કઠોર, દૈત્યના હૃદયને ભેદી નાખ્યું અને મતસ્યપુરાણકાર નોંધે છે કે, – **‘गतासुः स पपातोर्व्यां प्रलये भूधरो यथा ।’** અર્થાત્, " તે તારક દૈત્ય નિષ્પ્રાણ થઈને, પ્રલયકાળ ના પહાડની જેમ પૃથ્વી પર ઢળી પડયો." તેનો મુકુટ પડીને તૂટી ગયો, શરીરનાં બધાં આભૂષણો જમીન પર વેરાઈ ગયાં, શરીરમાંથી અતિશય રકતની ધારાઓ વહેવા લાગી.

એ પ્રમાણે, તે મહાદૈત્યના મરાવાથી, સ્વર્ગલોકના મહાન ઉત્સવના અવસરના સમયે કોઈ જ દુઃખી ન રહ્યું, નરકમાં નિવાસ કરનારા જીવાત્માઓ પણ સુખી થયા. દેવો પોતપોતાની સ્ત્રીઓની સાથે ક્રીડા કરતાં, ષડાનનની સ્તુતિ કરતાં, અતિ ઉત્સુક થઈને પોતપોતાનાં સ્થાનોએ ગયા.[૧૦૨]

મત્સ્યપુરાણકારે પ્રસ્તુત કરેલા, આ બધા મુખ્ય દ્વાદશ ઉપરાંતના અન્ય દેવાસુરસંગ્રામોના વર્ણનોએ પરવર્તી પુરાણસાહિત્ય તથા અન્ય સાહિત્યપ્રકારો પર ઘણો જ પ્રભાવ પાડયો છે. પ્રક્ષેપવિહીન સર્વથા સુરક્ષિત પુરાણોમાં મત્સ્યપુરાણનું સ્થાન નિઃસંદેહ ઉન્નત છે.[૧૦૩] શ્રીમદ્‌ભાગવતપુરાણ તથા પદ્મપુરાણાદિ અન્ય પુરાણોમાં વર્ણવાયેલા ઉપર્યુકત અન્ય દેવાસુરસંગ્રામોની કથાઓનાં વર્ણનો પર મત્સ્યપુરાણની અસર સ્પષ્ટપણે જોઈ શકાય છે. જો કાલિદાસને ગુપ્તકાલીન ગણવામાં આવે તો, એમના મહાકાવ્ય 'કુમારસંભવ' નાં મૂળ પણ મત્સ્યપુરાણના તારકાખ્યાનમાં પૂર્ણપણે જોઈ શકાય છે. મત્સ્યપુરાણે અન્ય વિગતોની સાથે દેવાસુરસંગ્રામોની વિગતોનું સારું એવું દિગ્દર્શન કરાવેલું છે. મુખ્ય દ્વાદશ દેવાસુરસંગ્રામોની સાથે સાથે અન્ય દેવાસુરસંગ્રામોની માહિતી પણ પ્રચુરમાત્રામાં પૂરી પાડી છે.

## ૪:૩, શ્રીમદ્ભાગવતપુરાણમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો

શ્રીમદ્ભાગવતપુરાણ, સંસ્કૃત સાહિત્યનું એક અનુપમ રત્ન અને ભકિતશાસ્ત્રનો અદ્વિતીય ગ્રંથ છે. વૈષ્ણવદર્શનનો તો તે મહાગ્રંથ છે. આ પુરાણે વૈષ્ણવોના હૃદયમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ પુરાણના પ્રવચનકર્તા શ્રીસૂતજીના મતે, શ્રીમદ્ભાગવતપુરાણ છે :–

**"प्रीतिः शौनक चित्ते ते ह्यतो वच्मि विचार्य च ।**
**सर्वसिद्धांतनिष्पन्नं संसारभयनाशनम् ।।**
**भक्त्योघवर्धनं यच्च कृष्णसंतोषहेतुकम् ।**
**तदहं तेऽभिधास्यामि सावधानतया श्रृणु ।।**
**कालव्यालमुखग्रासत्रासनिर्णाशहेतवे ।**
**श्रीमद्भागवतं शास्त्रं कलौ कीरेण भाषितम् ।।"**[૧૦૪]

અર્થાત્, "હે શૌનક! તમારા હ્યદયમાં પ્રેમ છે, તેથી સર્વસિદ્ધાંતો વડે સિદ્ધ થયેલું, સંસારના ભયનો નાશ કરનારું, ભકિતના પ્રવાહને વધારનારું અને શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવામાં જે કારણરૂપ છે, તે સાધન વિચારીને હું તમને કહું છું, તે તમે સાવધાન થઈ સાંભળો. કળિયુગમાં કાળરૂપી સર્પના મુખનો ગ્રાસ થવામાં જે ભય છે, તેનો નાશ કરવા માટે શ્રી શુકદેવજીએ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર કહ્યું છે."

અહીં શ્રીસૂતજીએ, શ્રીમદ્ભાગવતના પ્રણયનના મહkવના હેતુઓમાં– **'भक्त्योघवर्धनं'** અને **'कृष्णसंतोषहेतुकम्'** ને દર્શાવેલ છે. ભગવાન અરૂપી હોવા છતાં પણ રૂપવાન છે. ભકતોની અભિલાષા અનુસાર તે વિભિન્ન રૂપો ધારણ કરે છે. ભગવાનની પ્રાપ્તિનો સુલભ, સુગમ, સરલ અને સરસ ઉપાય બતાવવો, તે શ્રીમદ્ભાગવતની વિશેષતા છે. ભકિત (કૃષ્ણભકિત)નું અધિક સંવર્ધન કરવું, એ એનું મુખ્ય પ્રયોજન છે અને સુદઢ ભકિતનું પ્રતિપાદન કરવા જ, તેના દસમા સ્કંધમાં ભગવાન કૃષ્ણનું પાવનચરિત્ર બાલ્યાવસ્થાથી માંડીને છેક સ્વર્ગપ્રયાણ સુધી, ઘણા જ સુંદર અને આકર્ષક ઢંગથી વર્ણવવામાં આવ્યું છે.

ભગવાન જે શરીર (રૂપ) ધારણ કરે છે, તેને ૧૫ કલાઓ સુધી અંશાવતાર કહેવાય છે; પરંતુ જે શરીર દ્વારા ૧૬ કલાઓની પૂર્ણશકિત પ્રગટ થાય, તે પૂર્ણાવતાર છે. ભગવાન કૃષ્ણ પૂર્ણાવતાર છે (**अन्ये चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्** ।). શ્રીમદ્ભાગવતપુરાણકારનું પણ કથન છે કે,–

**"यस्त्वेतल्लीलया विश्वं सृजत्यkयवतीश्वरः ।**
**स हि जातः स्वसेतूनां गोपीथाय यदुष्वजः ।।"**[૧૦૫]

અર્થાત્, "જે ઈશ્વર લીલાથી આ જગતને સર્જે છે, પાળે છે અને સંહારે છે, તે જ ઈશ્વર પોતે અજન્મા છતાં, પોતે રચેલી ધર્મમર્યાદાઓનું રક્ષણ કરવા યાદવોમાં અવતર્યા હતા."

એમણે પોતાના ભાઈ બલરામ અને યાદવોની સાથે મળીને અનેક

દૈત્યોનો વધ કર્યો[૧૦૬] હોવાનું અતિ પ્રસિદ્ધ છે અને તેથી જ, શ્રીમદ્ભાગવતપુરાણમાં મુખ્ય દ્વાદશદેવાસુરસંગ્રામોમાં સમાવિષ્ટ સંગ્રામો સિવાયના દૈત્યો સામે લડાયેલા લગભગ તમામ સંગ્રામો, શ્રીકૃષ્ણની નેતાગીરીમાં લડાયા હોવાનું વર્ણવાયેલ છે.

શ્રીકૃષ્ણે પોતાના લીલાકાળમાં અનેક દૈત્યોનો વધ કર્યો હોવાની કથાઓ શ્રીમદ્ભાગવતપુરાણમાં વર્ણવાયેલી છે. તેમણે જેમનો વધ કર્યો હતો અથવા તેમના દ્વારા જેમનો વધ કરાવવામાં આવ્યો હતો, તેવા દૈત્યોમાં તૃણાવર્ત, વત્સાસુર, બકાસુર, અઘાસુર, ધેનુકાસુર, પ્રલંબાસુર, શંખચૂડ, અરિષ્ટાસુર, કેશીદૈત્ય, વ્યોમાસુર, ચાણુર, મુષ્ટિક, કૂટ, શલ, તોશલ, કંસ, કંક, ન્યગ્રોધ, પંચજન, કાલયવન, શંબરાસુર, ભૌમાસુર (નરકાસુર), પૌંડ્રક, જરાસંધ, શિશુપાલ, શાલ્વ, દંતવક્ત્ર, વિદૂરથ, રોમહર્ષણ અને બલ્વાદિનો સમાવેશ થાય છે. એ તમામને શ્રીમદ્ભાગવતપુરાણકારે, તેઓનાં દુષ્કર્મોના કારણે અસુરો તરીકે વર્ણવ્યા છે.[૧૦૭] આ બધામાંથી વ્યકિતગત રીતે નહીં પણ, ઘોર સંગ્રામ કરીને જેમનો નાશ શ્રીકૃષ્ણે કર્યો કે કરાવ્યો હતો, એવા કેટલાક શ્રીમદ્ભાગવતપુરાણકારે વર્ણવેલા સંગ્રામોની અહીં વિગતે ચર્ચા કરવી આવશ્યક ગણાશે :

### ◆ <u>શ્રીકૃષ્ણ–જરાસંધસંગ્રામ :</u>

શ્રીકૃષ્ણે પોતાના ક્રૂરકર્મી મામા કંસનો વધ કર્યો. જરાસંધ કંસનો શ્વસુર હતો. પતિ મરણ પામ્યો એટલે દુઃખથી પીડાયેલી કંસની બે રાણી અસ્તિ અને પ્રાપ્તિ પિતા જરાસંધને ઘેર ચાલી ગઈ. તે બંનેએ દુઃખી થઈ પિતા જરાસંધને પોતાનું વિધવા થવાનું કારણ જણાવ્યું. તે સાંભળીને જરાસંધ ક્રોધ અને શોકથી વ્યાપ્ત બન્યો. તેણે પૃથ્વીને યાદવવિહોણી કરવા યુદ્ધની ભારે તૈયારી કરી અને ત્રેવીસ અક્ષૌહિણી સેના સાથે લઈ, યાદવોની રાજધાની મથુરાને સર્વ દિશાઓમાંથી ઘેરી લીધી. પૃથ્વીનો ભાર ઉતારવા મનુષ્ય થયેલા ભગવાન શ્રીકૃષ્ણ જરાસંધના સમૃદ્ર જેવા અમર્યાદ સૈન્ય વડે ઘેરાયેલા પોતાના નગરને તથા ભયથી વ્યાકુળ પોતાનાં સંબંધીઓને જોઈ, દેશ તથા કાળને અનુકૂળ પોતાના અવતારનું કારણ વિચારવા લાગ્યાઃ

"જરાસંધ સિવાય કેવળ તેના સૈન્યનો જ નાશ કરું કે જરાસંધનો નાશ કરી, તેના સૈન્યને કેદ પકડું? અથવા જરાસંધનો તથા તેના સૈન્યનો– બંનેનો નાશ કરું?"[૧૦૮]

આમ ત્રણ પ્રકારે વિચાર કરી, ભગવાને પહેલા વિચારપ્રમાણે કરવાનું નક્કિ કર્યું કે, જરાસંધે જે પોતાના તાબાના સર્વ રાજાઓનું સૈન્ય અહીં આણ્યું છે, તે પૃથ્વી પર ભારરૂપ અને પાયદળ, ઘોડા, રથ તથા હાથીઓની અનેક અક્ષૌહિણીની સંખ્યામાં છે; માટે આ સૈન્યનો જ નાશ કરવો, પણ હમણાં જરાસંધને મારવો નહીં; કેમ કે જરાસંધ જીવતો હશે તો ફરી પણ સૈન્ય લાવવા ઉદ્યમ કરશે. (જેથી ફરી પૃથ્વીનો ભાર ઓછો કરવા પ્રસંગ મળશે.

શ્રીકૃષ્ણ એવો વિચાર કરતા હતા એવામાં દૈવેચ્છાએ તરત જ સૂર્ય જેવા બે રથ આકાશમાંથી આવ્યા, જે સારથિઓ સાથે લડાયક સામગ્રીઓથી ભરપૂર હતા. પુરાતન દિવ્ય આયુધો પણ તેમાં હતાં. તે જોઈ શ્રીકૃષ્ણે બલરામને કહ્યું:

"હે આર્ય! જુઓ, તમે જેમના રક્ષક છો, તે યાદવો પર કેવું સંકટ આવ્યું છે! હે સમર્થ ભાઈ! તમારે માટે આ રથ અને તમારાં પ્રિય આયુધો આવ્યાં છે; માટે રથ ઉપર બેસીને આ સૈન્યનો સંહાર કરો અને સંકટમાંથી સંબંધીઓનો ઉદ્ધાર કરો."[૧૦૯]

આ પ્રમાણે વાત કરીને, તે બન્ને ભાઈઓ કવચ પહેરીને રથ ઉપર બેસી, પોતાનાં હથિયારો સાથે થોડી સેનાથી વીંટાઈને નગરમાંથી બહાર નીકળ્યા. પછી દારુક સારથિવાળા શ્રીકૃષ્ણે નગરમાંથી નીકળી શંખ વગાડયો; એટલે શત્રુસૈનિકોનાં હૃદયમાં અત્યંત ત્રાસ અને કમકમાટી થયાં. પછી મગધરાજ જરાસંધ તે બન્નેને જોઈ બોલ્યો:

**“तावाह मागधे वीक्ष्य हे कृष्ण पुरुषाधम ।।**
**न त्वया योद्धुमिच्छामि बालेनैकेन लज्जया ।**
**गुप्तेन हि त्वया नन्द न योत्स्ये याहि बन्धुहन् ।।**
**तव राम यदि श्रद्धा युध्यस्व धैर्यमुद्वह ।**
**हित्वा वा मच्छरैश्छिन्नं देहं स्वर्याहि ।।”**[११०]

અર્થાત્, "હે કૃષ્ણ! પુરુષાધમ! તું બાળક છે, વળી નંદને ત્યાં ગુપ્ત રહ્યો હતો, માટે લજ્જાથી તારી સાથે લડવા ઈચ્છતો નથી. હે બલરામ! તને જો શ્રદ્ધા હોય તો તું ધીરજ ધર અને મારી સાથે લડ. મારાં બાણોથી કપાયેલા શરીરને તજી સ્વર્ગમાં જા અથવા મારો નાશ કર."

પછી જરાસંધે તે બન્ને—શ્રીકૃષ્ણ અને બલરામ સામે ધસી, વાયુ જેમ વાદળાં અને ધૂળથી સૂર્ય તથા અગ્નિને ઢાંકી દે તેમ મહાબળવાન મોટી સેનાથી તેઓ બન્નેને સૈન્ય, રથ, ઘોડા તથા સારથિઓ સહિત ઘેરી લીધા, એટલે શ્રીકૃષ્ણે પોતાના સૈન્યને શત્રુના સૈન્યરૂપી મેઘોના બાણોરૂપી અતિ ઉગ્ર વરસાદથી પીડાયેલું જોઈ, દેવો અને અસુરોએ પૂજેલા ઉત્તમ શાર્ઙ્ગ ધનુષ્યનો ટંકાર કર્યો અને ભાથામાંથી બાણો કાઢી ધનુષ્યમાં સાધી, ખેંચીને અનેક બાણો છોડી રથો, હાથીઓ, ઘોડા તથા પાળાઓનો નાશ કરવા માંડયો. તે સમયે તેમનું ધનુષ્ય ગોળ ભમતાં બળતાં ઉંબાડિયા જેવું લાગતું હતું. ચિરાયેલાં ગંડસ્થળોવાળા અને બાણોથી કપાયેલાં ડોકાંવાળા અનેક હાથીઓ અને ઘોડાઓ તથા જેમના ધજા, સારથિઓ તથા નાયકોનો નાશ થયો હતો તેવા અનેક રથો અને કપાયેલી ભુજાઓ, સાથળો અને ગળાંવાળા અનેક પાળાઓ ત્યાં પડવા લાગ્યા.

વળી તે યુદ્ધમાં દુર્મદ શત્રુઓનો મુસળ વડે વધ કરતા, અમાપ તેજવાળા બલરામે લોહીની સેંકડો નદીઓ વહાવી દીધી. એ નદીઓ કપાયેલા મનુષ્યો, હાથીઓ તથા ઘોડાઓનાં અંગોથી ઉત્પન્ન થયેલી ભુજાઓરૂપી સર્પો,

પુરુષોનાં મસ્તકોરૂપી કાચબાઓ, મરેલા હાથીઓરૂપી બેટો અને ઘોડાઓરૂપી ઝૂંડોવાળી, માણસોના કેશરૂપી શેવાળવાળી, મનુષ્યોરૂપી તરંગોવાળી, આયુધોરૂપી વનસ્પતિઓના ગુચ્છાઓથી વ્યાપ્ત, ઢાલોરૂપી ઘૂમરીઓથી ભયાનક, ત્તમ મોટા મણિઓ તથા અલંકારોરૂપી પથરા અને કાંકરાવાળી, બીકણ મનુષ્યોને ભય ઉપજાવનારી અને પરસ્પર મારો ચલાવતા શૂરાઓને હર્ષ ઉપજાવનારી હતી.

જરાસંધના રક્ષણ તળે રહેલું સૈન્ય સમુદ્રની પેઠે દુર્ગમ અને ભયંકર હતું, છતાં શ્રીકૃષ્ણ તથા બલરામે તેનો નાશ કર્યો.[૧૧૧]

નાશ પામેલા સૈન્યવાળા, માત્ર પ્રાણથી જ બાકી રહેલા અને રથરહિત થયેલા જરાસંધને સિંહ જેમ સિંહને બળથી પકડે તેમ બલરામે પકડયો અને ઘણા શત્રુઓને મારનાર એવા, તેને વરુણપાશ તથા મનુષ્યપાશો વડે બાંધવા માંડયો, પણ જરાસંધ દ્વારા બીજાં ઘણાં કાર્યો કરાવવાની ઈચ્છાથી શ્રીકૃષ્ણે બલરામને અટકાવ્યા અને તેને છૂટો કર્યો.

શ્રીકૃષ્ણ અને બલરામથી હાર પામેલા અને વીરપુરુષોમાં માન્ય જરાસંધે શરમાઈને તપ કરવા સંકલ્પ કર્યો, પણ રસ્તામાં રાજાઓએ પવિત્ર અર્થ અને પદોવાળાં ધાર્મિક વાકયો તથા લૌકિક નીતિવાકયો કહી, તેને અટકાવ્યો. એ રીતે સૈન્યો નાશ પામ્યાં ત્યારે ભગવાને જતો કરેલો, તે બૃહદ્રથનો પુત્ર જરાસંધ મનમાં ઉદાસ થઈ પોતાના મગધદેશ તરફ ગયો, તેમ જ અખંડ સૈન્યવાળા શ્રીકૃષ્ણ પણ શત્રુઓના સૈન્યવાળા સમુદ્રને તર, દેવતાઓ વડે પુષ્પોથી વધાવાતાં અને અનુમોદન અપાતાં મથુરામાં ગયા.

શ્રીમદ્ભાગવતપુરાણકાર અહીં નોંધે છે કે,

**"एवं सप्तदशकृत्वस्तावत्यक्षौहिणीबलः ।**
**युयुधे मागधो राजा यदुभिः कृष्णपालितैः ।।"**[૧૧૨]

અર્થાત્, "એ પ્રમાણે, મગધરાજ (જરાસંધ) તેટલી જ અક્ષૌહિણી સેના લાવી, સત્તરવાર શ્રીકૃષ્ણે રક્ષેલા યાદવો સાથે લડયો હતો."

જરાસંધના વિચિત્ર જન્મ વિષયક મત્સ્યપુરાણ તથા મહાભારતમાં કથા છે કે :

'મગધરાજ બૃહદ્રથે કાશીરાજની જોડિયા પુત્રીઓ સાથે વિવાહ કર્યો હતો. લાંબા સમય સુધી તે નિ:સંતાન રહ્યો. એકવાર કાક્ષીવત તમપુત્ર ચંડકૌશિકે તેને પુત્રપ્રાપ્તિને માટે એક આમ્રફળ આપ્યું. બૃહદ્રથની પ્રતિજ્ઞા હતી કે, 'તે બન્ને પત્નીઓ સાથે સમભાવ રાખશે' એથી તેની બન્ને પત્નીઓએ તે ફળ અડધું અડધું ખાધું. થોડા સમય પછી, તે બન્નેએ અડધા અડધા પુત્રને જન્મ આપ્યો. દાસીઓ મારફત, સંતાનના તે બન્ને ટુકડાઓને તેમણે મહેલના ચોકમાં મૂકાવ્યા. રાત્રિના જરા નામની એમની ગૃહદેવી (રાક્ષસી) એ તે બન્ને ટુકડાઓને જોડી દીધા, જેથી તે બાળક સજીવન થયો. જરા તેનું ભક્ષણ કરવાને માટે તેને લઈ જવા પ્રયત્ન કરવા લાગી, પરંતુ તે બળવાન બાળકને તે ઉપાડી ન શકી. પછી, તે બાળકે રડવાનું શરૂ

કર્યું ત્યારે રાજા બહાર આવ્યો, જરાએ તે બાળક તેને આપ્યું. રાજાએ બધી વાત જાણી અને જરા દ્વારા તેને સાંધવામાં આવ્યો હોવાથી, તેનું નામ 'જરાસંધ' રાખ્યું.'[૧૧૩]

શ્રીમદ્ભાગવતપુરાણમાં આ જ કથા જરાં જુદી રીતે આપવામાં આવેલી છેઃ

'બૃહદ્રથની એક પત્નીથી કુશાગ્ર અને બીજી પત્નીથી એક શરીરના બે ટુકડા જન્મ્યા હતા. એ બન્ને ટુકડાને તેની માતાએ બહાર ફેંકી દીધા, ત્યારે ત્યાં રમતી જરા નામની રાક્ષસીએ 'જીવ જીવ' એમ કહી, તેને સાંધી દીધા હતા, તેથી એ પુત્ર 'જરાસંધ' નામે થયો હતો.'[૧૧૪]

મહાભારતના આદિપર્વ અનુસાર, તેનો જન્મ વિપ્રચિત્તિ દાનવના અંશથી થયો હતો.[૧૧૫]

શ્રીમદ્ભાગવતપુરાણના દસમા સ્કંધના ૭૨મા અધ્યાયમાં શ્રીકૃષ્ણે દ્વન્દ્વયુદ્ધમાં ભીમ પાસે જરાસંધનો વધ કરાવ્યો હોવાની અતિ જાણિતી કથા આપવામાં આવી છે.

◆ **શ્રીકૃષ્ણ–ભૌમાસુર(નરકાસુર)સંગ્રામ :**

મહાભારતમાં જણાવ્યાનુસાર, ભૌમાસુર પ્રાગ્જ્યોતિષપુરનો રાજા હતો. તે અસુરજાતિનો હતો. તેનું ખરું નામ તો 'નરક' કે 'નરકાસુર' હતું, પરંતુ તે પૃથ્વીનો પુત્ર (ભૂમિપુત્ર) હોવાથી ભૌમાસુર તરીકે પણ ઓળખાતો હતો. તેની માતા ભૂદેવીએ વિષ્ણુને પ્રસન્ન કરીને તેને માટે 'વૈષ્ણવાસ્ત્ર' મેળવ્યું હતું અને તે અસ્ત્રના કારણે જ નરકાસુર બલાઢ્ય અને અવધ્ય બની ગયો હતો.[૧૧૬]

શ્રીમદ્ભાગવતપુરાણમાં, શ્રીકૃષ્ણે કરેલા એ ભૌમાસુરસાથેના સંગ્રામ અને તેના વધની કથા, દસમા સ્કંધના ૫૯મા અધ્યાયમાં વર્ણવવામાં આવી છે. ભૌમાસુરે ઈન્દ્રનું છત્ર, તેની માતા અદિતિનાં કુંડળો અને મેરુપર્વત ઉપરનું તેનું 'મણિપર્વત' નામનું સ્થાન પણ હરી લીધું હતું; તેથી ઈન્દ્રે ભૌમાસુરનાં તે કૃત્યો શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યાં, તેથી ભગવાન ગરુડ ઉપર બેસી સત્યભામા સાથે ભૌમાસુરના પ્રાગ્જ્યોતિષપુરમાં ગયા. એ નગરની ચારેબાજુ પહાડોના તથા શસ્ત્રોના કિલ્લાઓ હતા. તેથી જળ, અગ્નિ તથા વાયુને લીધે તેમાં કોઈથી જઈ શકાતું ન હતું. વળી એ નગર મુરદૈત્યના હજારો ભયંકર અને મજબૂત ફાંસાઓ વડે સર્વ તરફથી વીંટળાયેલું હતું. ગદાધારી શ્રીકૃષ્ણે ત્યાં જઈને ગદાથી પહાડોના કિલ્લાઓ ભાંગી નાખ્યા; બાણોથી શસ્ત્રોના કિલ્લાઓ ઉડાવી દીધા; ચક્રથી અગ્નિ, જળ તથા વાયુનો નાશ કર્યો; તલવારથી મુરદૈત્યના ફાંસા કાપી નાખ્યા; શંખનાદ વડે કિલ્લાઓ પર ગોઠવેલાં યંત્રો તથા શૂરાઓનાં હૃદયોને હચમચાવી નાખ્યાં.

પછી, પ્રલયકાળના વજ્રપાત જેવો પાંચજન્ય શંખનો ભયંકર નાદ સાંભળી પાંચ મસ્તકવાળો અને ખાઈના જળમાં સૂતેલો મુરદૈત્ય, તે જળમાંથી

જાગ્યો. તે ઉગ્ર દૈત્યની સામે જોવાને પણ અશકય હતું, પ્રલયકાળના સૂર્ય તથા અગ્નિ સમાન કાંતિવાળું ત્રિશૂળ ઉગામી, પાંચ મુખોથી ત્રણે લોકને જાણે કે, ગળી જતો હોય, તેમ પાંચે મોઢાં પહોળાં કરી, સર્પ જેમ ગરુડ સામે ધસે તેમ, તે શ્રીકૃષ્ણ સામે ધસ્યો. તેણે બળથી ત્રિશૂળ ભમાવી ભગવાનના ગરુડ પર ફેંકયું ને પાંચે મુખોથી ગર્જના કરી. તેના એ મહાન શબ્દે આકાશ તથા પૃથ્વી સહિત સર્વ દિશાઓના મધ્યભાગ અને સમગ્ર બ્રહ્માંડને ભરી દીધું. શ્રીહરિએ સામે આવતા તેના ત્રિશૂળના બે બાણો મારી ત્રણ ટુકડા કર્યા અને બળથી તેનાં મુખો પર પણ બાણો માર્યાં. એટલે તેણે પણ ક્રોધથી ભગવાન પર ગદા ફેંકી. ગદના મોટાભાઈ શ્રીકૃષ્ણે પોતાની સામે આવતી તે ગદાને, સામી ગદા મારી યુદ્ધમાં તેના હજારો ટુકડા કરી નાખ્યા. એટલે પેલો દૈત્ય બાહુઓ ઊંચા કરી ભગવાન સામે દોડયો; પણ અજિત ભગવાને ચક્ર વડે લીલામાત્રમાં તેનાં મસ્તકો ઉડાવી દીધાં. એમ મસ્તકો કપાતાં તે દૈત્ય પ્રાણહીન થઈ, ઈન્દ્રના વજ્રવડે કપાયેલા શિખરોવાળા પર્વતની પેઠે જળમાં પડયો.

ત્યારપછી, એ દૈત્યના સાત પુત્રો પિતાના નાશથી વ્યાકુળ થઈ, વેરનો બદલો લેવા, ક્રોધિત થઈને યુદ્ધ કરવા તૈયાર થયા. તામ્ર, અંતરિક્ષ, શ્રવણ, વિભાવસુ, વસુ, નભસ્વાન અને સાતમો અરુણ– આ મુરના પુત્રો ભૌમાસુરની આજ્ઞાથી પીઠ નામના સેનાપતિને આગળ કરી, હથિયારો લઈને યુદ્ધ માટે નીકળ્યા. તેઓ ક્રોધથી ઉગ્ર બની શ્રીકૃષ્ણ પાસે આવી બાણો, તલવારો, ગદાઓ, શકિતઓ, બેધારી તલવારો તથા ત્રિશૂળોનો તેમના પર મારો ચલાવવા લાગ્યા, પણ અમોઘ પરાક્રમવાળા ભગવાને તેઓનાં એ શસ્ત્રોના પોતાનાં બાણો વડે ટુકડા કરી નાખ્યા અને કપાયેલાં મસ્તકો, સાથળો, ભુજાઓ, પગો તથા બખ્તરોવાળા તે સર્વ સૈનિકોને તેમના સેનાપતિ પીઠ સહિત યમલોકમાં પહોંચાડયા.

તે પછી પૃથ્વીનો પુત્ર નરકાસુર પોતાના તે સેનાપતિઓને શ્રીકૃષ્ણનાં ચક્ર તથા બાણોથી મરેલા જોઈ, સમુદ્રતટના પ્રદેશોમાં જન્મેલા મદ ઝરતા હાથીઓ સાથે યુદ્ધ કરવા બહાર આવ્યો. તેણે જેમ સૂર્ય ઉપર વીજળી સહિત મેઘ બેઠો હોય, તેમ ગરુડ ઉપર સત્યભામા સાથે બેઠેલા શ્રીકૃષ્ણને જોઈ તેમના પર શતઘ્ની શસ્ત્ર ફેંકયું અને તેના સર્વ યોદ્ધાઓ પણ એકી સાથે ભગવાન પર શસ્ત્રોનો મારો ચલાવ્યો; એટલે તે જ ક્ષણે ભગવાન શ્રીકૃષ્ણે ભૌમાસુરના તે સૈન્ય પર રંગબેરંગી પીંછાવાળાં તીક્ષ્ણ બાણોનો મારો ચલાવી કોઈના બાહુઓ, કોઈના સાથળો, કોઈનાં મસ્તકો અને કોઈનાં શરીરો કાપી નાખ્યાં; તેમ જ ઘોડાઓ તથા હાથીઓનો સંહાર કર્યો. ભૌમાસુરના યોદ્ધાઓએ જે જે શસ્ત્રો કે અસ્ત્રો ભગવાન પર ફેંકયાં તે તે એક એકને શ્રીકૃષ્ણે પોતાની પાસે આવ્યા પહેલાં જ ત્રણ ત્રણ તીક્ષ્ણ બાણો મારી કાપી નાખ્યાં. એ વેળા બન્ને પાંખોથી હાથીઓનો સંહાર કરતો ગરુડ ભગવાનને ઉપાડતો પોતાની ચાંચ, પાંખો તથા નખોથી પણ હાથીઓને મારવા લાગ્યો, તેથી હાથીઓ દુઃખી થઈને નગરમાં પેસી જવા લાગ્યા.

ત્યારબાદ, નરકાસુરે યુદ્ધક્ષેત્રમાં લડવા માંડયું. તેણે પોતાના સૈનયને ગરુડ વડે નસાડેલું ને દુઃખી જોઈ, જેનાથી વજ્ર પણ અટકી ગયું હતું, એવી શકિત ગરુડને મારી; પણ ગરુડ પુષ્પની માળાથી મારેલા હાથીની પેઠે, તે શકિતથી કંપ્યો નહીં. એમ ગરુડને મારવાનો ઉદ્યમ વ્યર્થ ગયો એટલે ભૌમાસુરે શ્રીકૃષ્ણને મારવા ત્રિશૂળ લીધું, પણ શ્રીકૃષ્ણે તે ત્રિશૂળ ફેંકાય તે પહેલાં જ હાથી પર બેઠેલા નરકાસુરના મસ્તકને પોતાના તીક્ષ્ણ ધારવાળા ચક્રથી ઉડાવી દીધું. એ વખતે કુંડળો પહેરનારું ને સુંદર મુકુટથી શોભતું તે ઉજ્જવળ મસ્તક પૃથ્વી પર પડેલું શોભતું હતું. દૈત્યો હાહાકાર કરવા લાગ્યા, ઋષિઓ 'બહુ સારું થયું' એમ કહેવા લાગ્યા અને દેવેશ્વરો શ્રીકૃષ્ણ પર પુષ્પોની વૃષ્ટિ કરતા તેમની સ્તુતિ કરવા લાગ્યા.[૧૧૭]

◆ **શ્રીકૃષ્ણ–બાણાસુરસંગ્રામ :**

આ સંગ્રામની કથાનું વર્ણન શ્રીમદ્ભાગવતપુરાણમાં બે અધ્યાયોમાં કરવામાં આવ્યું છે.[૧૧૮] આ માત્ર બાણાસુર સાથેનો જ સંગ્રામ ન હતો, પણ શ્રીકૃષ્ણ સામે શિવજી પણ આ યુદ્ધમાં ઉતરેલા. બાણાસુર શિવજીનો પરમ ભકત હતો. તે પ્રહ્લાદના પૌત્ર બલિરાજાના સો પુત્રોમાં સૌથી મોટો હતો. તેની રાજધાની શોણિતપુરમાં હતી. શ્રીશંકરની કૃપાથી દેવો તેની સેવાચાકરી કરતા હતા. તેને હજાર હાથ હોઈ તાંડવ નૃત્યમાં તે હાથોથી અનેક જાતના વાજીંત્રો વાગાડી, તેણે શંકરને પ્રસન્ન કર્યા હતા. સર્વ પ્રાણીઓના ઈશ્વર અને શરણે આવેલાઓનું રક્ષણ કરનાર ભકતવત્સલ ભગવાન શંકરે તે બાણાસુરને વરદાન માગવાનું કહેતા, તેણે પોતાના નગરની રક્ષા કરનાર તરીકે સ્વયં શંકરને જ માગી લીધેલા.[૧૧૯]

એકવાર પરાક્રમથી મદોન્મત્ત બનેલા અને સૂર્ય જેવો તેજસ્વી મુકુટ ધારણ કરેલા તેણે ભગવાન શંકરના ચરણકમળનો સ્પર્શ કરી, તેમની પાસે બેસી કહ્યું કે, –

"હે મહાદેવ! આપ અપૂર્વ કામનાઓની પૂર્તિ કરનાર કલ્પવૃક્ષ સમાન છો. આપને નમસ્કાર કરું છું. આપે મને એક હજાર હાથ આપ્યા, પરંતુ તે મને તો કેવળ ભારરૂપ જ થયા છે. કારણ કે ત્રણે લોકમાં કેવળ આપ વિના મારી સામે યુદ્ધ કરનાર મારા જેવો મને કોઈ મળતો જ નથી. હે આદિપુરુષ! યુદ્ધને માટે અત્યંત સ્ફુરી રહેલા આ હાથોથી યુદ્ધ કરવા ઈચ્છતો અને પર્વતોના ચૂરા કરતો હું દિશાઓના હાથીઓ પાસે ગયો, ત્યારે તેઓ પણ ભયભીત થઈને નાસી ગયા. હવે આપ મારી સાથે યુદ્ધ કરીને, મારી ઈચને સંતોષો."[૧૨૦]

તે સાંભળી ભગવાન ક્રોધયુકત થઈ બોલ્યાઃ

**"तंच्छुत्वा भगवान् क्रुद्धः केतुस्ते भज्यते यदा ।**
**त्वद्दर्पघ्नं भवेन्मूढः संयुगं मत्समेन ते ।।"**[૧૨૧]

અર્થાત્, "ઓ મૂર્ખ! જ્યારે તારી ધજા ભાંગી પડે, ત્યારે તું જાણજે કે, મારા જેવા સાથે તારા ગર્વનો નાશ કરનારનું યુદ્ધ થશે."

ભગવાન શંકરે એમ કહ્યું એટલે હર્ષ પામતો, તે દુષ્ટબુદ્ધિ બાણાસુર પોતાના ઘેર ગયો અને શંકરે કહ્યું હતું, તેવા પોતાના બળ—પરાક્રમનો નાશ કરનાર યુદ્ધની રાહ જોવા લાગ્યો.

બાણાસુરને એક ઉષા નામની પુત્રી હતી. તે હજુ કન્યા જ હતી. તેણે એકદિવસ સ્વપ્નમાં જોયું કે, 'પરમ સુંદર પુરુષ અનિરુદ્ધ સાથે મારો સમાગમ થઈ રહ્યો છે.' આમાં આશ્ચર્યની વાત તો એ હતી કે તેણે એ પૂર્વે અનિરુદ્ધને કયારેય જોયો કે સાંભળ્યો પણ ન હતો. સ્વપ્નમાં ને સ્વપ્નમાં તે અનિરુદ્ધને નહીં જોઈ ને બોલી ઊઠીઃ 'હે પ્રાણપ્યારા! તમે કયાં છો?' અને તેની નિદ્રા તૂટી ગઈ. તે અત્યંત વિહ્વળતાની સાથે ઊભી થઈ ગઈ અને પોતાની સખીઓની વચ્ચે રહેલી જોઈ ખૂબ જ લજ્જિત થઈ ગઈ. એ સમયે બાણાસુરના મંત્રી કુંભાંડની પુત્રી ચિત્રલેખા ઉષાની સખી હતી, તેણે આશ્ચર્ય પામીને ઉષા પાસેથી તમામ વિગતને જાણી અને પોતાની ચિત્રકલાની મદદથી દેવો, ગંધર્વો, યક્ષો, સર્પો, મનુષ્યોનાં ચિત્રો બનાવ્યાં. મનુષ્યોમાં પણ અનેક વંશના અનેક પુરુષોના ચિત્રો બનાવ્યાં. જેમાં યાદવવંશના પુરુષોમાં અનિરુદ્ધનું ચિત્ર જોઈને ઉષા તેને ઓળખી ગઈ અને તે જ પોતાનો સ્વપ્નપુરુષ હોવાનું જણાવ્યું. ચિત્રલેખાએ, તે પુરુષ શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ હોવાનું કહ્યું અને પોતાના યોગબળથી આકાશમાર્ગે, શ્રીકૃષ્ણ દ્વારા રક્ષાયેલી દ્વારકા નગરીમાં જઈને, પલંગ પર સૂતેલા અનિરુદ્ધને શોણિતપુરમાં લઈ આવી. અત્યંત સુંદર તે અનિરુદ્ધને જોઈ પ્રસન્ન મુખવાળી થયેલી તે ઉષા પુરુષોથી ન જોઈ શકાય તેવા પોતાના મહેલમાં, તે પ્રદ્યુમ્નપુત્ર સાથે રમણ કરવા લાગી. અનિરુદ્ધ પણ હમેશાં વધતા સ્નેહવાળી ઉષાથી તેની ઈન્દ્રિયો હરાઈ ગઈ હોવાથી, ઘણા દિવલો પસાર થઈ ગયા તે જાણી શકયો નહીં.

એ રીતે યદુવીર અનિરુદ્ધથી ભોગવાતી અને અતિ પ્રસન્ન રહેતી ઉષાને દ્વારપાળો છૂપાં રાખવાં અશકય એવાં ગર્ભધારણ વગેરે લક્ષણોથી બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલી જાણી ગયા, ને તેઓએ બાણાસુરપાસે જઈને બધી વાત કરી. પુત્રીનું દૂષણ સાંભળી બાણાસુર અત્યંત ગભરાયો. તે ઉતાવળે કન્યાના અંતઃપુરમાં ગયો. ત્યાં તેણે અનિરુદ્ધને જોયો. હથિયારધારી યોદ્ધાઓ અને સૈન્યથી વીંટાઈને અંતઃપુરમાં દાખલ થયેલા બાણાસુરને જોઈ, મધુવંશી અનિરુદ્ધ લોખંડી ભોગળ ઉગામી દંડધારી યમની જેમ તેને મારી નાખવાની ઈચ્છાથી ઊભો રહ્યો. તેને પકડવાની ઈચ્છાથી ચારે તરફથી યોદ્ધાઓ ધસી આવ્યા, પણ સૂવરોનાં ટોળાંનો નાયક જેમ કૂતરાંઓને મારવા માંડે, તેમ અનિરુદ્ધે તે યોદ્ધાઓને મારવા માંડયા. એથી ચિરાયેલાં માથાં, સાથળો તેમ જ હાથવાળા, તે યોદ્ધા માર ખાતા કન્યાના અંતઃપુરમાંથી નીકળી ખસી ગયા. પછી બલિરાજાના તે બળવાન પુત્ર બાણાસુરે, કોપાયમાન થઈ પોતાના સૈમ્યનો નાશ કરતા અનિરુદ્ધને નાગપાશથી બાંધ્યો.

આ બાજુ દ્વારકામાં અનિરુદ્ધને ન જોતાં, તેનાં સગાસંબંધી શોક કરવા લાગ્યાં અને એમને એમ જ તેમના વર્ષાઋતુના ચાર મહિના વીતી થયા.

પછી એક દિવસ નારદજીએ આવીને અનિરુદ્ધનું શોણિતપુર જવું, ત્યાં બાણાસુરના સૈનિકોને હરાવવા અને પોતે નાગપાશથી બંધાવું વગેરે સમાચાર આપ્યા. યદુવંશીઓ શોણિતપુર ગયા. ત્યાં જઈને બલરામ અને શ્રીકૃષ્ણના અનુયાયી પ્રદ્યુમ્ન, સાત્યકિ, ગદ, સાંબ, સારણ, નંદ, ઉપનંદ તથા ભદ્ર વગેરે યાદવોએ એકઠા મળી બાર અક્ષૌહિણી સેનાઓથી બાણાસુરના નગરને ચારે તરફથી ઘેરી લીધું અને શહેર, બાગબગીચા, કિલ્લા, કોઠા તેમ જ દરવાજા ભાંગવા માંડયા. તે જોઈને કોપાયમાન થયેલો બાણાસુર યાદવોના જેટલી જ સેના લઈ સામેથી બહાર આવ્યો. ભગવાન શંકર બાણાસુર માટે પોતાના પુત્રો સહિત પાર્ષદોથી વીંટાઈને નંદિકેશ્વર પર બેસી બલરામ તથા શ્રીકૃષ્ણ સામે યુદ્ધ કરવા લાગ્યા. એ સમયે શંકર તથા શ્રીકૃષ્ણનું, પ્રદ્યુમ્ન તેમ જ કાર્તિકેય સ્વામીનું આશ્ચર્યકારક અને રોમાંચજનક મહા તુમુલ યુદ્ધ થવા લાગ્યું, તેમ જ કુંભાંડ અને કૂપકર્ણ નામે બાણાસુરના મંત્રીઓ બલદેવ સામે અને બાણાસુર સાત્યકિ સાથે યુદ્ધ કરવા લાગ્યો. બાણાસુરનો પુત્ર સાંબ સાથે યુદ્ધ કરી રહ્યો હતો. બ્રહ્મા વગેરે મોટા દેવો, મુનિઓ, સિદ્ધો, ચારણો, ગંધર્વો, અપ્સરાઓ તથા યક્ષો વિમાનોમાં બેસી તે યુદ્ધ જોવા આવ્યા. શ્રીકૃષ્ણે શંકરના અનુચર ભૂતોને, પ્રમથ નામના પાર્ષદોને, યક્ષોને, ડાકણોને, રાક્ષસોને, વિનાયક સહિત વૈતાલોને, પ્રેતોને, માતૃકાઓને, પિશાચોને, કૂષ્માંડોને તથા બ્રહ્મરાક્ષસોને શાર્ઙ્ગ ધનુષ્યમાંથી છોડેલાં તીક્ષ્ણ અણીવાળાં બાણો મારી નસાડી મૂકયા; એટલે પિનાકધારી શંકરે શ્રીકૃષ્ણ ઉપર જુદાં જુદાં અસ્ત્રોનો પ્રયોગ કરવા માંડયો, પણ શ્રીકૃષ્ણે આશ્ચર્ય પામ્યા વિના જ તેની સામે અસ્ત્રોનો ઉપયોગ કરી, તે અસ્ત્રોને શાંત કર્યાં. બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર, વાયવ્યાસ્ત્ર સામે પર્વતાસ્ત્ર, આગ્નેયાસ્ત્ર સામે પર્જન્યાસ્ત્ર અને પાશુપતાસ્ત્ર સામે નારાયણાસ્ત્ર મૂકીને, તે તે અસ્ત્રોને શ્રીકૃષ્ણે શમાવી દીધાં. પછી જૃમ્ભણાસ્ત્રના પ્રયોગથી બગાસાં ખાતા શંકરને મોહિત કરી શ્રીકૃષ્ણે તલવાર, ગદા તેમ જ બાણો વડે બાણાસુરની સેનાનો નાશ કર્યો.

બીજી તરફ પ્રદ્યુમ્નનાં અનેક બાણોથી કાર્તિકસ્વામી ચોતરફથી પીડાવા લાગ્યા, તેથી શરીરનાં દરેક અવયવોમાંથી લોહી ઝરતા તે પોતાના વાહન મયૂર પર બેસી રણભૂમિમાંથી નાસી ગયા. કુંભાંડ અને કૂપકર્ણ પણ બલરામના મૂસલથી પીડાઈને જમીન પર પડયા. નાયક માર્યો જતા તેમના સૈન્યો ચારે બાજુ નાસવા લાગ્યાં. એમ પોતાના સૈન્યને વિખેરાતું જોઈ બાણાસુર અતિશય ક્રોધે ભરાયો. તેણે સાત્યકિને પડતો મૂકી રથમાં બેસી શ્રીકૃષ્ણ સામે યુદ્ધ કરવા ધસારો કર્યો. રણમાં દુષ્ટ મદવાળા બાણાસુરે એકી સાથે પાંચસો ધનુષ્યો ખેંચી એક એકમાં બે–બે બાણો સાધ્યાં. ભગવાન શ્રીકૃષ્ણે બાણાસુરનાં તે સઘળાં ધનુષ્યો એકી સાથે કાપી નાખ્યાં અને તેના સારથિ, રથ તેમ જ ઘોડા મારી નાખી પોતાનો શંખ વગાડયો. એ વેળા બાણાસુરની માતા કોટરા પુત્રનું રક્ષણ કરવાની ઈચ્છાથી માથાના વાળ છૂટા મૂકી નગ્ન થઈ શ્રીકૃષ્ણ આગળ આવી ઊભી રહી. શ્રીકૃષ્ણે તે

નગ્ન સ્ત્રી સામે ન જોતાં મુખ આડું કર્યું. તેટલામાં રથરહિત અને કપાયેલાં ધનુષ્યોવાળો બાણાસુર નગરમાં પેસી ગયો. પછી મહાદેવના ભૂતગણને ભગવાને ભગાડી મૂકયા એટલે ત્રણ મસ્તકોવાળો તથા ત્રણ પગોવાળો શંકરનો તાવ દસે દિશાઓને જાણે બાળતો હોય તેમ શ્રીકૃષ્ણ સામે દોડયો. ત્યારે શ્રીકૃષ્ણે પણ તે તાવને પોતાની સામે આવતો જોઈ તેની સામે પોતાનો શીતજ્વર મોકલ્યો. પછી શંકરનો તથા વિષ્ણુનો તાવ સામસામા યુદ્ધ કરવા લાગ્યા. તેમાં વિષ્ણુના તાવે બળથી શંકરના તાવને પીડવા માંડયો એટલે શંકરનો તાવ ચીસો પાડતો ભયભીત થઈ, બીજે કયાંય અભય ન મળતા શરણ ઈચ્છતો શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યો.

શંકરના તાવની સ્તુતિથી પ્રસન્ન ગયેલા ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું:

"હે ત્રણ મસ્તકોવાળા તાવ! હુ તારા ઉપર પ્રસન્ન થયો છુ. મારા તાવથી તને થયેલો ભય દૂર થાઓ. જે મનુષ્ય આપણા બન્નેના આ સંવાદનું સ્મરણ કરશે તેને તારાથી ભય નહીં થાય."[૧૨૨]

શ્રીકૃષ્ણે એમ કહ્યું એટલે શંકરનો તાવ ભગવાનને પ્રણામ કરીને ગયો. પછી બાણાસુર પુનઃ શ્રીકૃષ્ણની સામે યુદ્ધ કરવા આવ્યો. એક હજાર હાથથી અનેક પ્રકારનાં આયુધોને ધારણ કરતો, તે બાણાસુર અત્યંત ક્રોધાયમાન થઈ શ્રીકૃષ્ણ ઉપર બાણો ફેંકવા લાગ્યો. એટલે ઉપરાઉપરી બાણો ફેંકતાં તેના હાથોને ભગવાને તીક્ષ્ણ ધારવાળા સુદર્શન ચક્રથી વૃક્ષની શાખાઓની પેટે કાપી નાખ્યા. એમ બાણાસુરના હાથ કપાયા, ત્યારે ભગવાન શંકરે ભકત પર દયાળુ થઈ, ચક્રધારી ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું:

**"अयं ममेष्टो दयितोऽनुवर्ती मयाभयं दत्तममुष्य देव ।**
**सम्पाद्यतां तद् भवतः प्रसादो यथा हि ते दैत्यपतौ प्रसादतः ।।"**[૧૨૩]

અર્થાત્, "હે દેવ! આ બાણાસુર મારો પ્રિય ભકત હોવાથી મને વહાલો છે અને મને અનુસરી વર્તનારો છે, તેને મેં અભયદાન આપ્યું છે; માટે આપે જેવી પ્રહ્લાદ પર કૃપા કરી છે, તેવી આના ઉપર પણ કૃપા કરો."

શ્રીકૃષ્ણે કહ્યું:

"હે ભગવાન શંકર! તમે જેમ કહો છો તેમ અમે તમારું પ્રિય કરીશું. કારણ કે, તમે કરેલા વિચારને મેં સંમતિ આપી જ હોય છે. બલિરાજાના આ પુત્રને મારવો, તે આમ પણ યોગ્ય નથી, કેમ કે, પ્રહ્લાદને મેં વરદાન આપ્યું છે કે, તારા વંશનો હું નાશ નહીં કરું. માત્ર આનો ગર્વ ઉતારવા માટે જ મેં તેના હાથ કાપ્યા છે અને પૃથ્વી પર ભારરૂપ તેના મોટા સૈન્યનો નાશ કર્યો છે. આના ચાર હાથ હવે બાકી રહ્યા છે. તે અજરામર થશે; તેમ જ આ અસુર તમારા પાર્ષદોમાં મુખ્ય થઈ, સર્વ તરફથી નિર્ભય થશે."[૧૨૪]

એ પ્રમાણે અભય મેળવીને બાણાસુરે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધને રથમાં બેસાડી ઉષા સહિત શ્રીકૃષ્ણ પાસે હાજર કર્યો. પછી શ્રીશંકરે સંમતિ આપેલા શ્રીકૃષ્ણ અક્ષૌહિણી સેનાથી જ વીંટાયેલા, સુંદર

વસ્ત્રોથી શણગારેલા અને પત્ની સહિત અનિરુદ્ધને આગળ કરી, પોતાની રાજધાની દ્વારકા ગયા.[૧૨૫]

શ્રીકૃષ્ણ અને બાણાસુરનું યુદ્ધ અનેક અસુરોના સંહાર સાથે પૂર્ણ થયું. જો કે, શ્રીમદ્ભાગવતપુરાણકાર આને શ્રીકૃષ્ણ અને શંકરનું યુદ્ધ ગણાવે છે,[૧૨૬] પરંતુ બાણાસુર શિવનો પાર્ષદ હોવાથી અને તેને આપેલા વરદાનને કારણે જ શિવજીએ આ યુદ્ધમાં તેને સહાય કરેલી. વસ્તુતઃ તો આ યુદ્ધ તેના અભિમાનને દૂર કરવાને માટે જ અને શંકરની ઈચ્છાથી જ લડાયું હતું. બાણાસુર શિવનો પરમ ભકત હતો. તે શિવજીનો અતિ પ્રિય હોવાથી તેને મહાભારતમાં 'મહાકાલ' તરીકે પણ ઓળખાવેલ છે.[૧૨૭] અમરકંટકતીર્થમાહાત્મ્યના પ્રસંગે મત્સ્યપુરાણ[૧૨૮] તથા પદ્મપુરાણ[૧૨૯]માં પણ બાણની કથા આપવામાં આવેલી છે. પદ્મપુરાણમાં તેને ભૂતોનો રાજા પણ કહેવામાં આવ્યો છે.[૧૩૦] આ તમામ ઉલ્લેખો પરથી આ યુદ્ધમાં શૈવ અને વૈષ્ણવોના પરંપરાગત સંઘર્ષની છાપ પણ અસ્પષ્ટપણે જોઈ શકાય છે. વૈષ્ણપુરાણ શ્રીમદ્ભાગવતમાં આ કથામાં શ્રીકૃષ્ણનું અતિ માહાત્મ્ય એટલા માટે જ જોઈ શકાય છે. જયારે કે, મત્સ્યપુરાણ કે પદ્મપુરાણ જેવાં પુરાણોમાં બાણાસુરની કથા શિવજીના માહાત્મ્યને વધારનારી છે. તે પુરાણો અનુસાર, શ્રીશંકરે બાણાસુરના શોણિતપુર કે લોહિતપુરને સળગાવવા ભીષણાકૃતિ અગ્નિને મોકલ્યો હતો, પરંતુ પોતાના ઈષ્ટદેવ શંકરના લિંગને લઈને તેણે પોતાના નગર બહાર આવી ત્રોટકછંદમાં પ્રાર્થના કરી, જેથી પ્રસન્ન થયેલા શિવે તેને અનેક વરદાનો આપ્યા હતા.

આ પ્રમાણે, શ્રીમદ્ભાગવતપુરાણમાં વર્ણવાયેલ મુખ્ય–મુખ્ય દ્વાદશદેવાસુરસંગ્રામો સાથે સંલગ્ન સંગ્રામો સિવાયના સંગ્રામોમાં, શ્રીકૃષ્ણનું અધિનાયકપણું જોવા મળે છે. શ્રીકૃષ્ણ ભગવવાન શ્રીવિષ્ણુના અંશાવતાર હોવાથી એમની સામે કે એમના દ્વારા કરવામાં આવેલાં બધા જ યુદ્ધો દેવો અને દાનવોનાં યુદ્ધો માની શકાય છે.

## ૪:૪, વિષ્ણુપુરાણમાં નિરૂપિત અન્ય દેવાસુરસંગ્રામો

શ્રીકૃષ્ણચરિત્રની દૃષ્ટિએ શ્રીમદ્‌ભાગવતપુરાણ વિષ્ણુપુરાણની બૃહદાકૃતિ છે, તેથી વિષ્ણુપુરાણમાં પણ શ્રીમદ્‌ભાગવતપુરાણની જેમ જ મુખ્ય દ્વાદશ સિવાયના લગભગ બધા જ દેવાસુરસંગ્રામો વિષ્ણુના અંશાવતાર શ્રીકૃષ્ણ દ્વારા લડાયેલા જોઈ શકાય છે. વિષ્ણુપુરાણના પાંચમા અંશના પ્રથમાધ્યાયમાં, શ્રીકૃષ્ણના શ્રીવિષ્ણુના અંશાવતાર હોવા વિશે તથા એ અવતારના પ્રયોજનને સ્પષ્ટપણે દર્શાવવામાં આવેલ છે. એ અધ્યાયના દ્વિતીય શ્લોકમાં મૈત્રેય વિષ્ણુના આ અંશાવતાર વિશે જિજ્ઞાસા દર્શાવતાં કહે છેઃ

"अंशावतारो ब्रह्मर्षे योऽयं यदुकुलोद्भवः ।
विष्णोस्तं विस्तारेणाहं श्रोतुमिच्छामि तत्त्वतः ।।"

અર્થાત્, "હે બ્રહ્મર્ષિ! યદુકુળમાં ભગવાન વિષ્ણુનો જે અંશાવતાર થયો હતો, તેને હું વિસ્તારપૂર્વક અને તત્ત્વતઃ સાંભળવા ઈચ્છું છું."

મૈત્રેયની આ જિજ્ઞાસાને સંતોષવા માટે, પરાશરમુનિ શ્રીકૃષ્ણચરિત્ર કહેવાની શરૂઆત કરે છે.[૧૩૧] એકવાર, પૃથ્વી પર કંસ જેવા અનેક પાપાત્માઓના નિવાસને કારણે વધી ગયેલા ભારથી દુઃખી થયેલી પૃથ્વી ગાયનું રૂપ ધારણ કરીને સુમેરુ પર્વત પર સ્થિત દેવો પાસે ગઈ. ત્યાં તેણે બ્રહ્માજી સહિત સમસ્ત દેવગણને કરુણસ્વરે પોતાનો સર્વ વૃત્તાંત આ પ્રમાણે કહ્યોઃ

"अक्षौहिण्योऽत्र बहुला दिव्यमूर्तिधरास्सुराः ।
महाबलानां दृप्तानां दैत्येन्द्राणां ममोपरि ।।
तद्भूरिभारपीडार्त्ता न शक्नोम्यमरेश्वराः ।
बिभर्तुमात्मानमहमिति विज्ञापयामि वः ।।
क्रियतां तन्महाभागा मम भारावतारणम् ।
यथा रसातलं नाहं गच्छेयमतिविह्वला ।।"[૧૩૨]

અર્થાત્, "હે દિવ્યમૂર્તિધારી દેવો! અત્યારે મારા ઉપર મહાબળવાન અને ગર્વિષ્ઠ દૈત્યરાજાઓની અનેક અક્ષૌહિણી સેનાઓ છે. હે અમરેશ્વરો! હું આપને એ જણાવું છું કે, તેઓના અત્યંત ભારને કારણે, હુ મને પોતાને ધારણ કરવાને શકિતમાન નથી. આથી હે મહાભાગો! આપ સર્વે મારા આ ભારને ઉતારવાને કોઈ એવો ઉપાય કરો કે જેથી, અતિવિહ્વલ એવી હું રસાતલમાં ન જતી રહું."

પૃથ્વીનાં આવાં વચનો સાંભળીને શ્રીબ્રહ્માજીએ કહ્યું કે,–

"હે દેવગણ! પૃથ્વીએ જે કંઈ કહ્યું છે, તે બધું જ સત્ય છે. હું, શંકર તથા આપ બધા નારાયણસ્વરૂપ જ છીએ. તેથી ચાલો, આપણે ક્ષીરસાગરના પવિત્ર તટ પર જઈએ. ત્યાં શ્રીહરિની આરાધના કરીને, આ સઘળો વૃત્તાંત એમને જણાવીએ. તે વિશ્વરૂપ સર્વાત્મા સર્વથા સંસારના હિતને માટે જ પોતાના

શુદ્ધ સાત્વાંશથી અવતરિત થઈને પૃથ્વી પર ધર્મની સ્થાપના કરે છે.''[133]

આ પ્રમાણે કહીને, પિતામહ બ્રહ્મા દેવતાઓ સહિત ક્ષીરસાગરને કિનારે ગયા અને એકાગ્રચિત્તે ગરુડધ્વજ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. એમની સ્તુતિ સાંભળીને ભગવાન અજ પોતાના વિશ્વરૂપથી પ્રગટ થઈને બ્રહ્માજીને કહેવા લાગ્યાઃ

''હે બ્રહ્મન્! દેવતાઓ સહિત આપને જે વસ્તુની કામના હોય, તે મને કહો અને તેને સિદ્ધ થયેલ જાણો.''[134]

ભગવાનના તે દિવ્ય વિશ્વરૂપને જોઈને, ભયપૂર્વક વિનિત થયેલા દેવતાઓ સાથે બ્રહ્માજીએ કહ્યુંઃ

''હે દેવ! આ પૃથ્વીના પર્વતરૂપી મૂલબંધો, તેના પર ઉત્પન્ન થયેલા મોટા અસુરોના ઉત્પાતોથી શિથિલ થઈ ગયા છે. એથી હે અપરિમિતવીર્ય! તે સંસારનો ભાર ઉતારવાને માટે આપના શરણમાં આવી છે. હે સુરનાથ! હું અને આ ઈન્દ્ર, અશ્વિનીકુમાર તથા વરુણ, આ રુદ્રગણ, વસુગણ, સૂર્ય, વાયુ અને અગ્નિ વગેરે સમસ્ત દેવગણ અહીં ઉપસ્થિત છે, એમને અથવા મારે જે કંઈ કરવું ઉચિત હોય, તેને માટે આપ આજ્ઞા કરો. હે ઈશ! આપની આજ્ઞાનું પાલન કરવાથી જ અમે સંપૂર્ણ દોષોથી મુકત થઈ શકીશું.''[135]

બ્રહ્માજી વડે એ પ્રમાણે કહેવાતા, ભગવાન પરમેશ્વરે પોતાના એક શ્યામ અને બીજો શ્વેત, એમ બે કેશ ઉખાડયા અને દેવતાઓને કહ્યું કે, ''મારા આ બંને કેશ પૃથ્વી પર અવતાર ધારણ કરીને પૃથ્વીના ભારરૂપ કષ્ટને દૂર કરશે. બધા દેવતાઓ પણ પોતપોતાના અંશથી પૃથ્વી પર અવતાર ધારણ કરીને, પોતાની પૂર્વે જન્મેલા દૈત્યોની સાથે યુદ્ધ કરે, તો બધા જ દૈત્યો નિઃસંદેહ પૃથ્વીતલ ઉપરથી નષ્ટ થઈ જશે. વસુદેવજીની દેવી જેવી પત્ની, દેવકીના આઠમા ગર્ભથી મારો આ શ્યામ કેશ અવતાર ધારણ કરશે અને તે કાલનેમિના અવતાર કંસનો વધ કરશે.''[136]

વિષ્ણુપુરાણમાં પ્રસ્તુત આ કથાથી, શ્રીકૃષ્ણના વિષ્ણુના અંશાવતાર હોવા વિશેની શંકા નિર્મૂળ થઈ જતી હોઈ, શ્રીકૃષ્ણે કરેલા કે કરાવેલા તમામ યુદ્ધો પાછળનું વિષ્ણુનું મુખ્ય પ્રયોજન– **'परित्राणाय साधूनां विनाशायश्च दुष्कृताम्'** જ સિદ્ધ થાય છે. શ્રીમદ્‌ભાગવતપુરાણમાં વર્ણવાયેલાં શ્રીકૃષ્ણ અને તમામ દુષ્કર્મીઓ વચ્ચેનાં યુદ્ધો, આ પ્રયોજનને જ સિદ્ધ કરે છે. શ્રીમદ્‌ભાગવતપુરાણનાં એ તમામ યુદ્ધોમાંથી મોટાં ભાગનાંનાં મૂળ વિષ્ણુપુરાણમાં જ રહેલાં છે. અર્થાત્, એ બધાંનો મૂળસ્રોત વિષ્ણુપુરાણ જ છે. શ્રીકૃષ્ણે ગોકુળમાં રહીને બાળલીલાપૂર્વક કરેલા અનેક અસુરોના વધ, કંસ, જરાસંધાદિના વધ વગેરે મૂળભૂતરૂપે વિષ્ણુપુરાણમાં જ વર્ણવાયેલા છે. શ્રીમદ્‌ભાગવતપુરાણનો ભૌમાસુર, વિષ્ણુપુરાણમાં નરકાસુર તરીકે તેના મૂળનામથી જ વર્ણવાયો છે.[137] ઉષાચરિત્ર અને બાણાસુર સાથેના યુદ્ધની કથાનાં મૂળ પણ વિષ્ણુપુરાણમાંથી જ શ્રીમદ્‌ભાગવતપુરાણમાં વિસ્તર્યાં

છે. એ યુદ્ધમાં આવતી માહેશ્વરજ્વર અને વૈષ્ણવજ્વરની કલ્પના પણ મૂલતઃ વિષ્ણુપુરાણની જ છે.

શ્રીમદ્ભાગવતપુરાણમાં ન કહેવાઈ હોય, તેવી એક માયામોહની કથા વિષ્ણુપુરાણની વિશેષતા છે. આ કથા દેવાસુરયુદ્ધના મૂળમાં છે. ભગવાન વિષ્ણુ દ્વારા ઉત્પન્ન માયામોહથી પથભ્રષ્ટ થયેલા દૈત્યોને કઈ રીતે આસાનીથી દેવોએ હરાવેલા, તે આ કથાનું મુખ્ય વસ્તુ છે. આ કથા કંઈક આ પ્રમાણે છેઃ

"પૂર્વકાળમાં કોઈ એકવાર સો દિવ્યવર્ષો સુધી દેવતાઓ અને અસુરોનું પરસ્પર યુદ્ધ થયું. તેમાં હ્રાદ વગેરે દૈત્યો દ્વારા દેવો પરજિત થયા. એથી દેવોએ ક્ષીરસાગરના ઉત્તરીય તટ પર જઈને તપસ્યા કરી અને ભગવાનની આરાધનાને માટે એક સ્તવનનું ગાન કર્યું. એ સ્તવનથી પ્રસન્ન થઈને, શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરેલા તથા ગરુડ પર વિરાજમાન શ્રીહરિએ એમને દર્શન આપ્યાં. એમને જોઈને બધા દેવતાઓએ પ્રણામ કરીને કહ્યુંઃ

**“तमूचुस्सकला देवाः प्रणिपातपुरस्सरम् ।**
**प्रसीद नाथ दैत्येभ्यस्त्राहि नश्शरणार्थिनः ।।**
**त्रैलोक्ययज्ञभागाश्च दैत्यैर्ह्रादपुरोगमैः ।**
**हृता नो ब्रह्मणोऽप्याज्ञामुल्लङ्घ्य परमेश्वर ।।**
**यद्यप्यशेषभूतस्य वयं ते च तवांशजाः ।**
**तथाप्यविद्याभेदेन भिन्नं पश्यामहे जगत् ।।**
**स्ववर्णधर्माभिरता वेदमार्गानुसारिणः ।**
**न शक्यास्तेऽरयो हन्तुमस्माभिस्तपसावृताः ।।**
**तमुपायमशेषात्मन्नस्माकं दातुमर्हसि ।**
**येन तानसुरान्हन्तुं भवेम भगवन्क्षमाः ।।”**[૧૩૮]

અર્થાત્, "હે નાથ! પ્રસન્ન થાઓ અને અમારી શરણાગતોની રક્ષા કરો. હે પરમેશ્વર! હ્રાદ વગેરે દૈત્યોએ બ્રહ્માની આજ્ઞાનું પણ ઉલ્લંઘન કરીને, અમારા તથા ત્રિલોકીના યજ્ઞભાગોનું અપહરણ કર્યું છે. જો કે, અમે તથા તેઓ આપના જ અંશો છીએ, છતાં અવિદ્યાવશ અમે પરસ્પર જગતને જુદી જુદી રીતે જોઈએ છીએ. અમારા શત્રુઓ પોતાના વર્ણધર્મનું પાલન કરનારા, વેદમાર્ગાવલંબી અને તપોનિષ્ઠ છે. જેથી તેઓ અમારાથી મારી શકાતા નથી. એથી હે સર્વાત્મન્! જેનાથી અમે તે અસુરોનો વધ કરવાને સક્ષમ બનીએ, એવો કોઈ ઉપાય બતાવો."

દેવતાઓનું કહેવું સાંભળીને ભગવાને પોતાના શરીરમાંથી માયામોહને ઉત્પન્ન કરીને દેવતાઓને આપતાં કહ્યુંઃ

"આ માયામોહ એ બધા જ દૈત્યોને મોહિત કરશે અને તેથી વેદમાર્ગનું ઉલ્લંઘન કરનારા, તેઓ તમારાથી માર્યા જશે. હે દેવગણ! જે કોઈ દેવતા અથવા દૈત્ય બ્રહ્માજીનાં કાર્યોમાં વિઘ્ન ઉત્પન્ન કરે છે, તે સૃષ્ટિની રક્ષામાં તત્પર એવા મારા માટે વધ્ય છે. એથી હે દેવગણ! હવે તમે જાઓ, ભય ન પામો, આ માયામોહ

આગળ જઈને તમારો ઉપકાર કરશે.''[૧૩૯]

ભગવાનની એવી આજ્ઞા થતાં, દેવગણ એમને પ્રણામ કરીને પોતાને સ્થાને ગયા અને માયામોહ પણ જ્યાં અસુરો હતા ત્યાં ગયો તથા અનેક યુક્તિઓથી બધા જ અસુરોને તેણે ત્રયીધર્મથી વિમુખ બનાવ્યા. એ પ્રમાણે દૈત્યોના વિપરિત માર્ગે પ્રવૃત્ત થવાથી, દેવતાઓ ઘણી તૈયારી સાથે તેઓની પાસે યુદ્ધને માટે ઉપસ્થિત થયા. ત્યારપછી દેવતાઓ અને દૈત્યો વચ્ચે પુનઃ સંગ્રામ છેડાયો. તેમાં સન્માર્ગવિરોધી દૈત્યો દેવતાઓ દ્વારા મરાયા. પહેલાં દૈત્યોની પાસે જે સ્વધર્મરૂપ કવચ હતું, તેનાથી જ તેનું રક્ષણ થતું હતું; પરંતુ આ વખતે તેના નષ્ટ થઈ જવાથી, તેઓ પણ નષ્ટ થઈ ગયા અને દેવતાઓએ વિજય મેળવ્યો.

આ રીતે વિષ્ણુપુરાણ, દેવાસુરસંગ્રામમાં મુખ્યત્વે શ્રીકૃષ્ણચરિતનો જ મહિમા કરે છે. મુખ્ય દ્વાદશદેવાસુરસંગ્રામોમાં પણ એ સંગ્રામોને જ વર્ણવે છે, જેમાં શ્રીવિષ્ણુનું માહાત્મ્ય રહેલું હોય.

**—: પાદટીપ :—**

૦૧. 'આપણો ધર્મ', પૃ. ૨૬૨.
૦૨. માર્કણ્ડેયપુરાણ, અ. ૭૮—૯૦.
૦૩. માર્કણ્ડેયપુરાણ, અ. ૮૦; દેવીભાગવતપુરાણ, ૫/૧૬.
૦૪. સ્કંદપુરાણ, ૧/૩, ૧૦/૧૧.
૦૫. મહાભારત, અનુશાસનપર્વ, ૧૪/૨૧૪.
૦૬. મહાભારત, વનપર્વ, ૨૨૧/૫૭
૦૭. મહાભારત, વનપર્વ, ૨૨૧/૬૬.
૦૮. સ્કંદપુરાણ, ૧/૨/૬૫.
૦૯. દેવીભાગવતપુરાણ, ૫/૨૧—૩૧; સ્કંદપુરાણ, ૧/૩/૨—૧૭; માર્કણ્ડેયપુરાણ, અ. ૮૬.
૧૦. સ્કંદપુરાણ, ૫/૧/૩૮.
૧૧. દેવીભાગવતપુરાણ, ૫/૨૭—૨૯; માર્કણ્ડેયપુરાણ, અ. ૮૫.
૧૨. પદ્મપુરાણ, સ્વર્ગખંડ, અ. ૨૮; દેવીભાગવતપુરાણ, ૭/૨૮.
૧૩. **'तदा बभूव राजेन्द्र गंगासागरसंगमः ।**
**अत्रांतरे समुद्रस्य बभूव सुभटस्ततः ।।**
**सूनुस्तस्यां महानद्यां समुद्रादभवद्बलीः ।'**
પદ્મપુરાણ, ઉત્તરખંડ, ૩/૪૦—૪૧.
૧૪. **'शतयोजनविस्तीर्णमायतं च शतत्रयम् ।**
**देशं जालंधरं पुण्यं तस्य नाम्नैव विश्रुतम् ।।'**
પદ્મપુરાણ, ઉત્તરખંડ, ૪/૧૭.
૧૫. **'जालंधराय शुक्रोऽपि प्रीत्या विद्यां निजां ददौ ।**
**मृतसंजीवनीं नाम्ना मायां रुद्रविमोहिनीम् ।।'**
પદ્મપુરાણ, ઉત્તરખંડ, ૪/૩૫.
૧૬. **'अयं जालंधरो देवैरजेयश्च भविष्यति ।**
**पातालसहितंनाकं मत्प्रसादेन भोक्ष्यति ।।'**
પદ્મપુરાણ, ઉત્તરખંડ, ૩/૫૧.
૧૭. સ્કંદપુરાણ, ૨/૪/૧૪.
૧૮. પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૪—૧૯; સ્કંદપુરાણ, ૨/૪/૧૪—૨૨.
૧૯. ગણેશપુરાણ, ૨/૬૧.
૨૦. ગણેશપુરાણ, ૨/૧૩૭.
૨૧. ગણેશપુરાણ, ૧/૮૧—૧૦૬.
૨૨. વાલ્મીકિ રામાયણ, બાલકાંડ, ૧/૩૮.
૨૩. વાલ્મીકિ રામાયણ, યુદ્ધકાંડ, ૧/૧૭.

૨૪. 'प्राचीन चरित्रकोश', पृ. ७२५.

૨૫. 'त्रेतायुगे चतुर्विंशे रावणस्तपसः क्षयात् ।
 रामं दाशरथिं प्राप्य सगणः क्षयमीयिवान् ।।'' વાયુપુરાણ, ૭૦/૪૮; તેમજ, બ્રહ્માંડપુરાણ, ૩/૮/૫૪; બ્રહ્મપુરાણ, ૨૧૩/૧૨૪;મત્સ્યપુરાણ, ૪૭/૨૪૭; શ્રીમદ્ભાગવતપુરાણ, ૯/૧૦/૫૨; પદ્મપુરાણ પાતાલખંડ, અ. ૩૬; હરિવંશપુરાણ, ૧/૪૧.

૨૬. વાલ્મીકિ રામાયણ, અરણ્યકાંડ, અ. ૭.

૨૭. 'प्राचीन चरित्रकोश', पृ. ७३५.

૨૮. 'भो ब्रह्मशर्वेन्द्रपुरोगमामराः शृण्वन्तु वाचं भवतां हितेरताम् ।
 जाने दशग्रीवकृतं भयं वस्तन्नाशयाम्यद्य कृतावतारः ।।
 पुरीत्वयोध्यारविवंशजातैर्नृपैर्महादानमखादिसत्क्रियैः ।
 प्रपालिताभूतलमंडनीयाविराजतेराजतभूमिभागैः ।।
 तस्यां दशरथो राजा निरपत्यः श्रियान्वितः ।
 पालयत्यधुना राज्यं दिक्चक्रजयवान्विभुः ।।
 स तु वंद्यादृष्यश्रृंगात्प्रार्थितात्पुत्रकाम्यया ।
 पुत्रेष्ट्यां विधिना यज्वा महाबलसमन्वितः ।।
 ततोऽहं प्रार्थितः पूर्वं तपसा तेन भोः सुराः ।
 पत्नीषु तिसृषु प्रीत्या चतुर्धापिभवत्कृते ।।
 रामलक्ष्मणशत्रुघ्नभरताख्या समन्वितः ।
 कर्तास्मि रावणोद्धारं समुलबलवाहनम् ।।
 भवंतोऽपि स्वकैरंशैरवतीर्य चरंत्विह ।
 ऋक्षवानररूपेण सर्वत्र पृथ्वीतले ।।'

પદ્મપુરાણ, પાતાલખંડ, ૭/૨૨–૨૮.

૨૯. 'ततो निवेदयांचक्रुर्ब्रह्मणे विबुधाः पुरः ।
 दशग्रीवाच्चसंकष्टं तथा निजपराभवम् ।।'

પદ્મપુરાણ, પાતાલખંડ, ૭/૯.

૩૦. મહાભારત, વનપર્વ, અ. ૨૭૪.

૩૧. વાલ્મીકિ રામાયણ, ઉત્તરકાંડ, અધ્યાય ૨૯–૩૦; મહાભારત, વનપર્વ, ૨૭૦/૧૨; આનંદરામાયણ, સારકાંડ, અ.૫૩.

૩૨. વાલ્મીકિ રામાયણ, ઉત્તરકાંડ, અ. ૨૫.

૩૩. એજન, અ. ૨૯–૩૦.

૩૪. મત્સ્યપુરાણ, ૧૭૦/૯–૧૨.

૩૫. 'एक इत्युच्यते लोकैरविचिन्त्यः सहस्रदृक् ।
 तत्संयोगेन भवतोः कर्म नामावगच्छताम् ।।

મત્સ્યપુરાણ, ૧૭૦/૧૩.

૩૬. મત્સ્યપુરાણ, ૧૭૦/૧૪–૧૭.
૩૭. એજન, ૧૭૦/૧૮–૨૦.
૩૮. એજન, ૧૭૦/૨૧–૨૬.
૩૯. 'किमर्थं हि द्रुतं ब्रुतं वरं ह्यसुरसत्तमौ ।
दत्तायुष्कौ पुनर्भूयोरहो जीवितुमिच्छथः ।।''
મત્સ્યપુરાણ, ૧૭૦/૨૭.
૪૦. 'यस्मिन्न कश्चिन्मृतवान्देव तस्मिन्प्रभो वधम् ।
तमिच्छावो वधश्चैव त्वत्तो नोऽस्तु महाव्रत ।।'
મત્સ્યપુરાણ, ૧૭૦/૨૮.
૪૧. મત્સ્યપુરાણ, ૧૭૦/૨૯.
૪૨. 'न च युद्धमदोत्सेको ह्यन्योन्यं संन्यवर्तत ।।' વાયુપુરાણ, ૨૫/૪૩.
૪૩. 'ततस्तौ प्रोचतुर्दैत्यौ ब्रह्माणं दारुणं वचः ।
अस्माकं युध्यमानानां मध्ये वै प्राश्निको भव ।।'
વાયુપુરાણ, ૨૫/૪૧.
૪૪. 'एह्यागच्छावयोर्युद्धं देहि त्वं कमलोद्भव ।'
પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, ૪૦૨૮.
૪૫. 'तेषां तु युध्यमानानां दिव्यं वर्षशतं गतम् ।'
વાયુપુરાણ, ૨૫/૪૩.
૪૬. 'एवं तौ निहतौ दैत्यौ विष्णुना जिष्णुना सह ।'
વાયુપુરાણ, ૨૫/૫૫.
૪૭. વિષ્ણુધર્મોત્તરપુરાણ, ૧/૧૫.
૪૮. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૪૦.
૪૯. દેવીભાગવત, ૧/૪.
૫૦. મહાભારત, શાંતિપર્વ, ૩૫૫/૨૨–૨૩.
૫૧. પદ્મપુરાણ, ઉત્તરખંડ, અ. ૬.
૫૨. મત્સ્યપુરાણ, ૧૭૬/૪૯–૫૭.
૫૩. 'तं कालनेमिं समरे द्विषतां कालचेष्टितम् ।
वीक्षन्ते स्म सुराः सर्वे भयवित्रस्तलोचना ।।''
મત્સ્યપુરાણ, ૧૭૬/૫૮.
૫૪. મત્સ્યપુરાણ, ૧૭૬/૬૨.
૫૫. 'प्रेक्षतां चाभवत्प्रीतिर्दानवं कालनेमिनम् ।
ते तु सर्वे भयं त्यक्त्वा हृष्टा योद्धुमुपस्थिताः ।।'
મત્સ્યપુરાણ, ૧૭૭/૫.
૫૬. મત્સ્યપુરાણ, ૧૭૭/૬–૫૧.
૫૭. એજન, ૧૭૮/૧.

૫૮. મત્સ્યપુરાણ, ૧૭૮/૬–૧૭.
૫૯. એજન, ૧૭૮/૨૪–૨૭.
૬૦. એજન, ૧૪૬/૪૦–૪૧.
૬૧. ''उवाच मातरं भक्त्या मातः किं करवाण्यहम् ।''
મત્સ્યપુરાણ, ૧૪૬/૪૪.
૬૨. ''बहवो मे हताः पुत्राः सहस्राक्षेण पुत्रक ।।
तेषां त्वं प्रतिकर्तुं वै गच्छ शक्रवधाय च ।''
મત્સ્યપુરાણ, ૧૪૬/૪૫–૪૬.
૬૩. મતસ્યપુરાણ, ૧૪૬/૪૯–૫૨.
૬૪. ''न मे कृत्यमनेनास्ति मातुराज्ञा कृता मया ।
त्वं सुरासुरनाथोऽसि मम च प्रपितामहः ।।
करिष्ये त्वद्वचो देव एष मुक्तः शतक्रतुः ।
तपसे मे रतिर्देव निर्विघ्नं चैव मे भवेत् ।।''
મત્સ્યપુરાણ, ૧૪૬/૫૩–૫૪.
૬૫. ''तपस्त्वं क्रूरमापन्नो ह्यस्मच्छासनसंस्थितः ।
अनया चित्तशुद्ध्या ते पर्याप्तं जन्मनः फलम् ।।''
મતસ્યપુરાણ, ૧૪૬/૫૬.
૬૬. મત્સ્યપુરાણ, ૧૪૬/૫૭–૫૮.
૬૭. મત્સ્યપુરાણ, અધ્યાય ૧૪૭.
૬૮. મત્સ્યપુરાણ, અધ્યાય ૧૪૮.
૬૯. મત્સ્યપુરાણ, અધ્યાય ૧૪૯.
૭૦. મત્સ્યપુરાણ , અધ્યાય ૧૫૦.
૭૧. મત્સ્યપુરાણ, ૧૫૦/૧૪૧–૧૪૫.
૭૨. એજન, ૧૫૦/૧૫૨.
૭૩. ''अहं नेमिः सुरो नैव कालनेमे वेदस्व माम् ।
भवता मोहितेनाऽऽजौ निहता भूरिविक्रमाः ।।
दैत्यानां दशलक्षाणि दुर्जयानां सुरैरिह ।
सर्वास्त्रवारणं मुञ्च ब्राह्ममस्त्रं वरान्वितः ।।''
મત્સ્યપુરાણ, ૧૫૦/૧૬૩–૧૬૪.
૭૪. એજન, ૧૫૦/૧૬૫–૧૭૪.
૬૫. એજન, ૧૫૦/૧૭૬–૧૯૧.
૭૬. એજન, ૧૫૦/૧૯૨–૨૦૨.
૭૭. એજન, ૧૫૦/૨૦૩–૨૧૦.
૭૮. એજન, ૧૫૦/૨૨૦–૨૨૧
૭૯. એજન, ૧૫૦/૨૪૨–૨૪૩.

૮૦. મત્સ્યપુરાણ, ૧૫૦/૨૨૫–૨૪૩.
૮૧. મત્સ્યપુરાણ, અધ્યાય ૧૫૧.
૮૨. એજન, ૧૫૨/૭.
૮૩. એજન, ૧૫૨/૯–૧૬.
૮૪. એજન, ૧૫૨/૧૭–૨૪.
૮૫. એજન, ૧૫૨/૩૨.
૮૬. એજન,૧૫૨/૩૩–૩૬.
૮૭. એજન, ૧૫૩/૩,૭,૮.
૮૮. "दैत्येन्द्राः स्वैर्वधोपायैः शक्या हन्तुं हि नान्यतः ।
दुर्जयस्तारको दैत्यो मुक्त्वा सप्तदिनं शिशुम् ।।
कश्चित्स्त्रीवध्यतां प्राप्तो वध्येऽन्यस्य कुमारिका ।
जम्भस्तु वध्यतां प्राप्तो दानवः क्रूरविक्रमः ।।
तस्माद्वीर्येण दिव्येन जहि जम्भं जगद्वरम् ।
अवध्यः सर्वभूतानां त्वां विना स तु दानवः ।।
मया गुप्तो रणे जम्भं जगत्कण्टकमुद्धर ।"
મત્સ્યપુરાણ, ૧૫૩/૧૧–૧૪.
૮૯. મત્સ્યપુરાણ, ૧૫૩/૨૦–૨૨૦.
૯૦. એજન, ૧૫૪/૩.
૯૧. એજન, ૧૫૪/૪–૫.
૯૨. મત્સ્યપુરાણ, ૧૫૪/૪૭, ૪૯.
૯૩. "चैत्रस्य बहुले पक्षे पञ्चदश्यां महाबलः ।
संभूतोऽर्कसदृशो विशाले शरकानने ।।"
મત્સ્યપુરાણ, ૧૫૯/૪.
૯૪. "तस्यामेव ततः षष्ठ्यामभिषिक्तो गुहः प्रभुः ।
सर्वैरमरसंघातैर्ब्रह्मेन्द्रोपेन्द्रभास्करैः ।।"
મત્સ્યપુરાણ, ૧૫૯/૬.
૯૫. મત્સ્યપુરાણ, ૧૫૯/૧૮.
૯૬. એજન, ૧૫૯/૨૫–૨૬.
૯૭. "दृष्टं ते पौरुषं शक्र रणेषु शतशो मया ।
निस्त्रपत्वान्न ते लज्जा विद्यते शक्र दुर्मते ।।"
મત્સ્યપુરાણ, ૧૫૯/૨૮.
૯૮. "कालनेमिमुखा दैत्याः संरम्भाद्भ्रान्तचेतसः ।
योधा धावत गृहीत योजयध्वं वरूथिनीम् ।।"
મત્સ્યપુરાણ, ૧૬૦/૩.
૯૯. "किं बाल योद्धुकामोऽसि क्रीड कन्दुकलीलया ।

**त्वया न दानवा दृष्टा यत्सङ्गरविभीषकाः ।।**
**बालत्वादथ ते बुद्धिरेवं स्वल्पार्थदर्शिनी ।''**
મત્સ્યપુરાણ, ૧૬૦/૪–૫.
૧૦૦. મત્સ્યપુરાણ, ૧૬૦/૬–૮
૧૦૧. મત્સ્યપુરાણ,૧૬૦/૨૪.
૧૦૨. એજન, ૧૬૦/૨૫–૩૩.
૧૦૩. **आचार्य बलदेव उपाध्याय, 'पुराण-विमर्श', पृ. ५६८.**
૧૦૪. શ્રીમદ્‌ભાગવતમાહાત્મ્ય, ૧/૯–૧૧.
૧૦૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૬૦/૨.
૧૦૬. **'कृत्वा दैत्यवधं कृष्णः सरामो यदुभिर्वृतः ।**
**भुवोऽवतारयद् भारं जविष्ठं जनयन् कलिम् ।।''**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૧/૧/૧.
૧૦૭. **'प्रलम्बबकचाणूरतृणावर्तमहाशनैः ।**
**मुष्टिकारिष्टद्विविदपूतनाकेशिधेनूकैः ।।**
**अन्यैश्चासूरभूपालैर्बाणभौमादिभिर्युतः ।**
**यदूनां कदनं चक्रे बली मागधसंश्रयः ।।'**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૨/૧–૨.
૧૦૮. એજન, ૧૦/૫૦/૫–૭.
૧૦૯. એજન, ૧૦/૫૦/૧૩–૧૪.
૧૧૦. એજન, ૧૦/૫૦/૧૮–૧૯.
૧૧૧. **'बलं तदङ्गार्णवदुर्गभैरवं दुरन्तधारं मगधेन्द्रपालितम् ।**
**क्षयं प्रणीतं वसुदेवपुत्रयोर्विक्रीडितं तज्जगदीशयोः परम् ।।'**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૫૦/૨૯.
૧૧૨. એજન, ૧૦/૫૦/૪૨.
૧૧૩. મત્સ્યપુરાણ, ૫૦/૩૧–૩૩; મહાભારત, સભાપર્વ, અધ્યાય ૧૬–૧૭.
૧૧૪. **'अन्यस्यां चापि भार्यायां शकले द्वे बृहद्रथात् ।।**
**ते मात्रा बहिरुत्सृष्टे जरया चाभिसन्धिते ।**
**जीव जीवेति क्रीडन्त्या जरासन्धोऽभवत् सुतः ।।'**
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૯/૨૨/૭–૮.
૧૧૫. મહાભારત, આદિપર્વ, ૬૧/૪.
૧૧૬. મહાભારત, દ્રોણપર્વ, અધ્યાય ૨૮.
૧૧૭. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૫૯/૨–૨૨.
૧૧૮. એજન, ૧૦/૬૨ અને ૬૩.
૧૧૯. **'भगवान् सर्वभूतेशः शरण्यो भक्तवत्सलः ।**
**वरेणच्छन्दयामास स तं वव्रे पुराधिपम् ।।'** એજન, ૧૦/૬૨/૫.

૧૨૦. એજન, ૧૦/૬૨/૬–૯.
૧૨૧. એજન, ૧૦/૬૨/૧૦.
૧૨૨. "त्रिशिरस्ते प्रसन्नोऽस्मि व्येतु मज्ज्वरात् भयम् ।
यो नौ स्मरति संवादं तस्य त्वन्न भवेद् भयम् ।।"
श्रीमद्‌भागवतपुराण, ૧૦/૬૩/૨૯.
૧૨૩. એજન, ૧૦/૬૩/૪૫.
૧૨૪. એજન, ૧૦/૬૩/૪૬–૪૯.
૧૨૫. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૬૩/૫૧.
૧૨૬. 'य एवं कृष्णविजयं शंकरेण च संयुगम् ।
संस्मरेत् प्रातरुत्थाय न तस्य स्यात् पराजयः ।।'
શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૦/૬૩/૫૩.
૧૨૭. મહાભારત, આદિપર્વ, ૫૯/૨૦–૨૧.
૧૨૮. મત્સ્યપુરાણ, અધ્યાય ૧૮૭ તથા ૧૮૮.
૧૨૯. પદ્મપુરાણ, સ્વર્ગખંડ, અધ્યાય ૧૪ તથા ૧૫.
૧૩૦. પદ્મપુરાણ,
૧૩૧. વિષ્ણુપુરાણ, પાંચમા અંશના આડત્રીસ અધ્યાયો.
૧૩૨. વિષ્ણુપુરાણ, ૫/૧/૨૬–૨૮.
૧૩૩. 'यथाह वसुधा सर्वं सत्यमेव दिवौकसः ।
अहं भवो भवन्तश्च सर्वे नारायणात्मकाः ।।
तदागच्छत गच्छाम क्षीराब्धेस्तटमुत्तमम् ।
तत्राराध्य हरि तस्मै सर्वं विज्ञापयाम वै ।।
सर्वथैव जगत्यर्थे स सर्वात्मा जगन्मयः ।
सा्kवांशेनावतीर्योर्व्यां धर्मस्य कुरुते स्थितिम् ।।'
વિષ્ણુપુરાણ, ૫/૧/૩૦, ૩૨, ૩૩.
૧૩૪. વિષ્ણુપુરાણ, ૫/૧/૫૩.
૧૩૫. એજન, ૫/૧/૫૭–૫૯.
૧૩૬. એજન, ૫/૧/૬૧–૬૫.
૧૩૭. વિષ્ણુપુરાણ, પાંચમા અંશનો ઓગણત્રીસમો અધ્યાય.
૧૩૮. વિષ્ણુપુરાણ, ૩/૧૭/૩૬–૪૦.
૧૩૯. ૩/૧૭/૪૨–૪૪.

******

# પ્રકરણ– ૫,

# 'દેવાસુરસંગ્રામોનાં કારણો અને પરિણામો '

## પ્રકરણ ૫, દેવાસુરસંગ્રામોનાં કારણો અને પરિણામો

'દેવ' અને 'અસુર' શબ્દોને અનેક અર્થોમાં ઘટાવી શકાય છે. 'દેવ' હિન્દુ ધર્મનું એક મહkવનું તkવ છે. તેમાં એક ઉચ્ચતમ કલ્પના નિહિત છે. 'દેવ' શબ્દની વ્યુત્પત્તિ 'દાન', 'દીપન', 'દ્યોતન' વગેરે અર્થોમાં રહેલી છે. જેના આધારે 'દેવ' ને વિશ્વની પ્રકાશમય તથા કલ્યાણકારી શકિતઓનું પ્રતીક ગણાવી શકાય. તે વિશ્વના મૂળમાં રહેનારી અવ્યકત મૂળસત્તાનાં વિવિધ વ્યકતરૂપોનું પણ પ્રતીક છે. વેદોમાં ઈશ્વરીય શકિતનાં વિભિન્ન રૂપોની કલ્પના 'દેવ' ના રૂપમાં કરવામાં આવી છે. વેદનું પ્રસિદ્ધ વિધાન—**'एकं सद् विप्रा बहुधा वदन्ति, अग्निं यमं मातरिश्वानमाहुः ।'** માં પણ આ અર્થ જ રહેલો છે. 'અસુર' શબ્દનો અર્થ થાય છે— પ્રાણવાન કે શકિતમાન (અસુ = પ્રાણ, ર = યુકત), પણ પછીથી ધીરે ધીરે એ ભૌતિકશકિતનું પ્રતીક બની ગયો. ઋગ્વેદમાં 'અસુર' વરુણ તથા અન્ય દેવોના વિશેષણ તરીકે પ્રયોજાયો છે, જેનાથી તેના રહસ્યમય ગુણોની ખબર પડે છે; પરંતુ પરવર્તી યુગમાં 'અસુર' નો પ્રયોગ દેવો (સુરો) ના શત્રુના રૂપમાં પ્રસિદ્ધ થઈ ગયો. દેવતાઓના પ્રતિદ્વન્દ્વીના રૂપમાં 'અસુર' નો અર્થ થશે— 'જે સુર નથી, તે' (વિરોધમાં **नञ्** તત્પુરુષ).

તાkિવક કે આધ્યાત્મિક દષ્ટિએ, એ બન્નેને આપણી શુભ અને અશુભ વૃત્તિઓનાં રૂપકો ગણાવી શકાય છે. દેવાસુરસંગ્રામની વિશેષ હકીકતમાં ઉતરતાં, કેટલોક વધારે ઝીણો બોધ મળી શકે છે, જે વિચારવા જેવો છે. વૃત્ર અને ઈન્દ્ર વચ્ચેનું યુદ્ધ એ આવરણરૂપ અજ્ઞાન અને જીવાત્મા વચ્ચેનું યુદ્ધ છે. સ્વાર્થત્યાગ (દધીચિ) વિના પાપ (વૃત્ર) નો નાશ સંભવતો નથી. એટલું જ નહીં, ઈન્દ્ર (જીવાત્મા) વિષ્ણુ (પરમાત્મા) ના સામર્થ્યથી જ વૃત્રદૈત્ય (દ્વૈતબુદ્ધિ—જન્ય આવરણરૂપ અજ્ઞાન, પાપવૃત્તિ) નો સંશાર કરવા શકિતમાન થાય છે. આત્મામાં કાંઈ પણ બ્રહ્મભાવ પ્રકટે ત્યારે જ એ અજ્ઞાન—પાપ—ઉપર જય મેળવી શકે છે. જીવાત્મા ક્ષણવાર માટે પાપ સામે ઊભો રહે, પણ જયાં સુધી એમાં જીવભાવ—અહંભાવ— કાયમ છે અને સર્વાત્મભાવ આવ્યો નથી, ત્યાં સુધી પાપને સંહારવા એ અશકત છે. અદ્વૈતભાવના એ જ એક એવો મંત્ર છે કે, જે વડે પાપવૃત્તિ ઉપર ખરેખરો જય મેળવાય અને એને મૂળમાંથી ઉખેડી શકાય. અર્થાત્, 'ઈન્દ્ર'માં 'વિષ્ણુ' પ્રકટાવવા, પાપ સામે યુદ્ધમાં ઉતરનાર આત્મબળવાળા જીવમાં સર્વાત્મભાવ ઉપજાવવો એ જ, 'આસુરી સંપત્' ના વિનાશનું ખરું સાધન છે.

મહાભારતની કથા પણ આ યુદ્ધનું રૂપક છે. 'ધૃતરાષ્ટ્ર' રૂપ અન્ધ અજ્ઞાન આપણા આત્માનું 'રાષ્ટ્ર' (રાજય) 'ધારી' (પકડી) ને બેઠેલો છે, પણ એ એકલો કંઈ પણ કરવા સમર્થ નથી. 'દુર્યોધન' એ અજ્ઞાન—જન્ય પ્રબળ પાપાત્મકભાવ છે અને એ 'આસુરી સંપત્' નો રાજા છે. જેમ એક બાજુ 'ભીમ'રૂપ અતુલ બળવાન આત્મા એને 'સુયોધન' નામે સંબોધે એ ઉચિત છે, એમ બીજી બાજુ વિશ્વના

અસંખ્ય જીવોને તો એની સાથે યુદ્ધ કરવું અતીવ કઠિન હોઈ, એનું નામ 'દુર્યોધન' પડે એ પણ યોગ્ય જ છે. ઉપરાંત, 'દુર્યોધન'રૂપ પાપ 'યુધિષ્ઠિર'રૂપ આત્માની સ્થિર ધર્મબુદ્ધિ, 'અર્જુન'રૂપ ઉજ્જ્વલ ગુણ, 'ભીમ'રૂપ પ્રૌઢબળ અને 'સહદેવ–નકુલ'રૂપ કૌશલ્ય સામે ક્ષણવાર પણ ટકી શકવા શકિતમાન નથી. સામા યુદ્ધમાં ઉતરવા, તેને મૂળ દૈવી પ્રકૃતિવાળા પણ પોતાને ભૂલી બેઠેલા અને નમકહલાલી કે અતિદયાથી દોરાયેલા, એવા કર્ણ–દ્રોણ–ભીષ્માદિની જરૂર પડે છે. તાત્પર્ય એ કે, પાપ પણ સદ્‌વૃત્તિની મદદ લઈને જ પોતાનું થોડું ઘણું પણ કામ કરી શકે છે; પરંતુ આખરે કૃષ્ણ ભગવાનરૂપી પરમાત્માની સહાયથી શુભ વૃત્તિઓ અશુભ વૃત્તિઓ ઉપર વિજય મેળવે છે અને એ રીતે, મહાભારતનું યુદ્ધ સત્પક્ષના વિજયમાં પર્યવસાન પામે છે.

'દેવ', 'અસુર' અને 'દેવાસુરયુદ્ધ' ના આવા અનેક તાર્કિક, તાત્ત્વિક કે આધ્યાત્મિક અર્થો ઘટાવી કે કલ્પી શકાય છે; પરંતુ પુરાણોની વિગતોનું માત્ર એવું જ અર્થઘટન કરવું, એ નર્યો એકોકિતવાદ જ છે. વાસ્તવમાં પુરાણોમાં ધાર્મિક, નૈતિક, રાજકીય, જાતિ–વંશીય, વૈયકિતક વગેરે અનેક પ્રકારના ઈતિહાસો પણ પ્રસ્તુત થયેલા છે. તેથી, તેમાં વર્ણવેલા આ દેવાસુરસંગ્રામો કયાં કારણોથી લડાયા હશે? કે તેની કલ્પનાઓ તથા કથાઓ કઈ રીતે વિકસી હશે? અને તેનાં પરિણામો કેવાં પ્રાપ્ત થયાં હતાં? તે પણ વિચારણીય છે. પુરાણોએ વર્ણવેલા દેવાસુરસંગ્રામોનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવામાં આવતાં, દેવાસુરસંગ્રામો થવા પાછળ, નીચે મુજબનાં કેટલાંક કારણો અને તેનાં પરિણામોને પ્રાપ્ત કરી શકાય છેઃ

◆ **<u>ભાગબટાઈ</u> :**

શતપથબ્રાહ્મણમાં નોધ્યું છે કે, 'દેવો અને અસુરો પ્રજાપતિનાં સંતાનો છે.'[૧] પુરાણોમાં કશ્યપને પ્રજાપતિ તરીકે દર્શાવવામાં આવ્યા છે અને પૃથ્વી પરના લગભગ તમામ સજીવોની ઉત્પત્તિ એમના દ્વારા થઈ હોવાનું કહ્યું છે.[૨] વાયુપુરાણ પ્રમાણે, દક્ષ પ્રજાપતિની ચૌદ કન્યાઓને મરીચિના પુત્ર કશ્યપે ગ્રહણ કરેલી અને તેઓથી પોતાના વંશને વિસ્તારેલો. એ બધીઓનાં નામો આ પ્રમાણે છેઃ

**‘अदितिर्दितिर्दनुः काला अरिष्टा सुरसा तथा ।**
**सुरभिर्विनता चैव ताम्रा क्रोधवशा इरा ।।**
**कद्रूर्मुनिश्च धर्मज्ञः प्रजास्तासां निबोधत ।’**[૩]

અદિતિ, દિતિ, દનુ, કાલા, અરિષ્ટા, સુરસા, સુરભિ, વિનતા, તામ્રા, ક્રોધવશા, ઈરા, કદ્રૂ તથા મુનિ છે. આ બધીને ધર્મજ્ઞ કશ્યપે ગ્રહણ કરી હતી અને તે બધી લોકમાતાઓ હતી.[૪] એમાંથી પ્રથમ અદિતિથી થયેલાં સંતાનો 'દેવો' તરીકે ઓળખાયા. તેઓ જુદાં જુદાં મન્વન્તરમાં જુદાં જુદાં નામોથી ઓળખાતા હતા. જેમ કે, સ્વારોચિષ મન્વન્તરમાં તુષિત, ઉત્તમ મન્વન્તરમાં સત્ય, તામસ મન્વન્તરમાં હરિગણ તથા ચારિષ્ણવ મન્વન્તરમાં વૈકુંઠ, ચાક્ષુસ મન્વન્તરમાં સાધ્ય તથા

વર્તમાન વૈવસ્વતમાં આદિત્ય નામથી ઓળખાય છે. તેઓનાં નામો અનુક્રમે ધાતા, અર્યમા, મિત્ર, વરુણ, અંશ, ભગ, ઈન્દ્ર, વિવસ્વાન, પૂષા, પર્જન્ય, ત્વષ્ટા અને બધાથી નાનો તે વિષ્ણુ છે. આમાંથી વિષ્ણુ બધાથી નાનો હોવા છતાં સર્વશ્રેષ્ઠ મનાયો છે. આ બારેય આદિત્યગણ કશ્યપના પુત્રો કહેવાયા છે.[૫] એ જ પ્રમાણે દિતિથી દૈત્યો, દનુથી દાનવો અને અન્ય દક્ષ કન્યાઓથી ગંધર્વો, સર્પો, રાક્ષસો, ભૂતો, પિશાચો, પશુ, પક્ષી, લતા, વૃક્ષાદિની ઉત્પત્તિ થયેલી.

આ અંગે ડૉ. રાજબલી પાણ્ડેયનું વિધાન છે કે :

**"ऋग्वेद में 'असुर' वरुण तथा दुसरे देवों के विशेषण रूप में व्यवहृत हुआ है, जिससे उनके रहस्यमय गुणों का पता लगता है । किन्तु परवर्ती युग में असुर का प्रयोग देवों (सुरों) के शत्रु रूप में प्रसिद्ध हो गया है । असुर देवों के बड़े भ्राता हैं एवं दोनों प्रजापति के पुत्र हैं ।"**[૬]

આ પ્રમાણે, દેવો, દૈત્યો, દાનવો, અસુરો, રાક્ષસો વગેરે એક જ પિતા મારીચ કશ્યપના સંતાનો હતા. તેથી દૈવો અને દૈત્યાદિ પરસ્પર સાવકા ભાઈઓ થયા. આમાંથી યક્ષો, ગંધર્વો વગેરે દેવોના પક્ષે તથા દાનવો, અસુરો વગેરે દૈત્યોના પક્ષે હતા. રાક્ષસોમાંથી કેટલાક દેવોના પક્ષે તો કેટલાક દૈત્યોના પક્ષે હતા. તેઓનો અધ્યક્ષ કુબેર દેવોનો મિત્ર હોવાથી દેવપદને પામેલો. તેને અનુસરનારા રાક્ષસો દેવપક્ષે હતા. જ્યારે અન્યો દૈત્યપક્ષે હતા. પૌરાણિક દૃષ્ટિએ દેવાસુરસંગ્રામ, મૂળભૂત રીતે દેવો અને દૈત્યો વચ્ચેનો જ સંગ્રામ હતો. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ નામના દિતિના બે પુત્રોથી આ સંગ્રામોની પરંપરા સર્જાય છે; પરંતુ પછીથી તેમાં દાનવો, અસુરો અને રાક્ષસો પણ જોડાયેલા. ઈન્દ્રપદની પ્રાપ્તિની સ્પર્ધામાં કશ્યપની પત્નીઓ અદિતિ અને દિતિના સંતાનો જોડાયેલા. બન્ને અત્યંત પરાક્રમી અને તેજસ્વી હતાં અને પોતપોતાને ઈન્દ્રપદને લાયક ગણતાં હતાં. પરવર્તી દૈત્યો, દાનવો કે અસુરોના જેવી ક્રુરતા, ભયંકરતા કે અધર્મતા એ કારણે જ હિરણ્યાક્ષ કે હિરણ્યકશિપુમાં જોવા નથી મળતી. પુરાણોમાં તે બન્ને ભાઈઓનાં શૌર્ય અને મહાનતાઓની પ્રશંસા થયેલી જોઈ શકાય છે. પ્રસ્તુત પ્રબંધના જે—તે સ્થાને, આ બાબતની આપણે નોંધ લીધી જ છે. ડૉ. રાજબલી પાણ્ડેય પણ આ અંગે નોંધે છે કે :

**'देवों के शत्रु होने के कारण उन्हें दुष्ट दैत्य कहा गया है, किन्तु सामान्य रूप से वे दुष्ट नहीं थे । उनके गुरु भृगुपुत्र शुक्र थे जो देवगुरु बृहस्पति के तुल्य ही ज्ञानी और राजनयिक थे । महाभारत एवं प्रचलित दूसरी कथाओं के वर्णन में असुरों के गुणों पर प्रकाश डाला गया है । साधारण विश्वास में वे मानव से श्रेष्ठ गुणों वाले विद्याधरों की कोटि में आते हैं । कथासरित्सागर की आठवीं तरङ्ग में एक प्रेमपूर्ण कथा में किसी असुर का वर्णन नायक के साथ हुआ है ।**[૭]

પિતાની મિલ્કત પર પોતાનો હક—હિસ્સો સાબિત કરવા કે ભાઈ—

ભાઈઓ વચ્ચે ભાગ પાડવાની કે અધિકાર—પ્રાપ્તિની બાબત, આ સંગ્રામના મૂળ કારણ તરીકે, એ રીતે જોઈ શકાય છે. ભાગબટાઈને કારણે જન્મેલો કૌટુંબિક કલહ મોટા મોટા સંગ્રામોમાં પરિણમે છે. શતપથબ્રાહ્મણમાં આપવામાં આવેલી કથામાંથી પણ આ બાબતે સૂચન મળે છે. એ કથા આ પ્રમાણે છેઃ

"દેવો અને અસુરો પ્રજાપતિનાં સંતાનો છે. એ લોકો પરસ્પર વિવાદ કરવા લાગ્યા. એમાંથી ઉષ્ણ સ્વભાવવાળા અસુરોથી જયારે દેવો પરાજિત થયા ત્યારે દારુણ સ્વભાવવાળા અસુરો એમ માનવા લાગ્યા કે આ સમસ્ત ભુવન અમારું જ છે. એમણે વિચાર કર્યો કે, સમસ્ત પૃથ્વીને વિભાજિત કરીને વહેંચી લઈએ તથા તેના દ્વારા જીવન નિર્વાહ ચલાવીએ. આમ વિચારીને એમણે વૃષભના ચર્મની એક પાતળી દોરી બનાવી અને પશ્ચિમથી માંડીને પૂર્વ સુધી તે (પૃથ્વી) ના ભાગ પાડવા તૈયાર થયા. અસુરો પૃથ્વીના ભાગ પાડી રહ્યા હોવાના સમાચાર દેવોએ સાંભળ્યા. દેવો વિચારીને કહેવા લાગ્યા કે, "ચાલો, આપણે પણ જયાં અસુરો પૃથ્વીનું વિભાજન કરે છે, ત્યાં જઈએ. જો આપણને તેમાંથી ભાગ નહીં મળે તો આપણું શું થશે? આપણો ગુજારો કેવી રીતે થશે?" પછી તેઓ યજ્ઞરૂપી વિષ્ણુને આગળ કરીને અસુરોના સ્થાન પર ગયા. દેવો બોલ્યા—"અમારો સમાવેશ કર્યા વગર પૃથ્વીની વહેંચણી ન કરો, અમારો પણ તેમાં ભાગ છે." આ સાંભળીને અસુરો અસૂયા કરવા લાગ્યા અને બોલ્યા કે, "જેટલા સ્થાન પર આ વિષ્ણુ સૂએ (વ્યાપ્ત કરી લે), એટલી પૃથ્વી તમને આપીશું." વિષ્ણુ વામન હતા, તેથી દેવોએ એ વાતનો સ્વીકાર ન કર્યો અને પરસ્પર કહેવા લાગ્યા, 'અસુરોએ જે યજ્ઞભૂમિ જેટલી ભૂમિ, આપણને આપી છે, તે બરાબર છે.' દેવોએ પૂર્વ દિશામાં વિષ્ણુને સ્થાપિત કરીને જુદા જુદા છંદો દ્વારા એમને આવૃત્ત કર્યા. પૂર્વદિશામાં ગાયત્રી છંદથી આવૃત્ત કર્યા, દક્ષિણમાં ત્રિષ્ટુપ છંદથી આવૃત્ત કર્યા, પશ્ચિમદિશામાં જગતી છંદથી અને ઉત્તરદિશામાં અનુષ્ટુપ છંદથી આવૃત્ત કર્યા. પૂર્વદિશામાં અગ્નિની સ્થાપના કરી અને તે(અગ્નિ)ની અર્ચના કરતાં કરતાં તેઓ ચારે તરફ ફરવા લાગ્યા. એ અર્ચનાના પ્રભાવથી એમણે સમગ્ર પૃથ્વીને વ્યાપ્ત કરી લીધી."[૭]

આ કથામાં, ભાઈઓ—ભાઈઓ વચ્ચે પોતાના ભાગની પ્રાપ્તિ માટે, શઠ અને કપટી ભાઈઓ દ્વારા આચરવામાં આવતી શઠતા અને અસૂયા અસુરોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. ભવિષ્યમાં વિકસનારી એમનાં ચરિત્રોની નકારાત્મકતાનાં બીજો પણ એમાં જોઈ શકાય છે. સંભવતઃ આ બાબત જ પરવર્તી કાળમાં તેઓના ખલનાયકપણાને વિસ્તારનારી બની હશે અને અસુરોએ આપેલી યજ્ઞભૂમિ જેટલી જ ભૂમિનો સ્વીકાર કરીને, દેવોએ યુગો પર્યંતની મહાનતા અને દિવ્યતાને પોતાને પક્ષે અંકિત કરી લીધી હશે. 'જર, જમીન ને જોરું, ત્રણે કજિયાનાં છોરું' એવી ગુજરાતી ભાષાની જાણિતી કહેવત, અહીં બરાબર લાગુ પડે છે. મહાભારતની કથા અને શતપથબ્રાહ્મણની આ કથા વચ્ચે ઘણું જ સામ્ય જોઈ શકાય છે. સોયની અણિ જેટલી પણ જમીન નહીં આપવાનું કહેનારો અભિમાની, ઈર્ષાળુ અને કપટી

દુર્યોધન પછીથી ખલનાયકપણાને પ્રાપ્ત થયેલો જોઈ શકાય છે અને એક મહાસામ્રાજયમાંથી માત્ર પાંચ જ ગામડાંઓને સ્વીકારવા તૈયાર થયેલા પાંડવોનો પક્ષ સત્પક્ષ ગણાયો છે. જેમ સાચી–ખોટી અનેક પ્રયુકિતઓ દ્વારા ઈન્દ્રાદિ દેવોએ અનેક દૈત્યો–દાનવોનો નાશ કરેલો, તેમ જ એવી પ્રયુકિતઓ યોજીને પાંડવોએ કૌરવોને હરાવેલા અને છતાં તેઓ (દેવોની જેમ જ) સત્વાદી તરીકે પ્રસિદ્ધ છે. મહાભારતનું દારુણ યુદ્ધ પણ, ભાઈઓ–ભાઈઓ વચ્ચે અધિકાર–પ્રાપ્તિ કે ભાગની વહેંચણીમાંથી જ સર્જાયું હતુંને?

આમ, દેવાસુરસંગ્રામો પૌરાણિક દષ્ટિએ, જેના પિતા એક છે પરંતુ માતાઓ ભિન્ન ભિન્ન છે, એવા સગા ભાઈઓની ભાગબટાઈના ખટરાગમાંથી જન્મનારી યુદ્ધકથાઓ છે. તેથી એક દષ્ટિએ એ ભાઈ–ભાઈ વચ્ચે અધિકાર–પ્રાપ્તિને માટે ખેલાયેલાં યુદ્ધોની કથાઓ પણ છે.

### ◆ જાતિ–વિગ્રહો :

ઋગ્વેદના અધ્યયનથી જાણવા મળે છે કે, સપ્તસિંધુના પ્રદેશના વૈદિક આર્યો નાની નાની ટોળીઓમાં નદીઓના કિનારે રહેતા હતા. એમના અલગ અલગ સમૂદાયો હોવા છતાં સભ્યતા એક હતી. કેમકે, એ બધા સમાન દેવતાઓની પૂજા–અર્ચના કરતા હતા, અગ્નિમાં હવન કરતા હતા તથા એક સરખું જ સામાજિક જીવન જીવતા હતા. ઋગ્વેદ આવી ટોળીઓ કે જાતિઓની સંખ્યા પાંચ દર્શાવે છે. આ પાંચ જાતિઓને માટે ઋગ્વેદમાં **'पञ्चजनाः'**,[૯] **'पञ्चमानुषाः'**,[૧૦] **'पञ्चकृष्टयः'**,[૧૧] **'पञ्चक्षितयः'**,[૧૨] **'पञ्चचर्षण्यः'**,[૧૩] વગેરે શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યોછે. ઋગ્વેદનાં લગભગ તમામ મંડળોમાં આ પાંચ જાતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૧૪] અથર્વવેદમાં એમનો ઉલ્લેખ **'पञ्चमानवाः'** શબ્દથી કરવામાં આવ્યો છે.[૧૫] ઐતરેયબ્રાહ્મણ, આ **'पञ्चजनाः'** શબ્દનો અર્થ દેવતા, મનુષ્ય, ગન્ધર્વ અને અપ્સરા, સર્પો તથા પિતૃઓ કરે છે.[૧૬] નિરુકતમાં આ શબ્દને સમજાવતાં બે અર્થો આપ્યા છે – કેટલાકને મતે ગંધર્વો, પિતૃઓ, દેવો, અસુરો અને રાક્ષસો એવો અર્થ છે, જયારેઔપમન્યવને મતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર એ ચાર વર્ણો ઉપરાંત નિષાદ, એમ પાંચનો અર્થ છે.[૧૭] યાસ્કનો મત ઐતરેયને મળતો આવે છે. કેમકે, એમણે આ શબ્દમાં ગંધર્વ, દેવતા, પિતૃઓ, અસુરો તથા રાક્ષસોનો અર્થ સ્વીકાર્યો છે. પરંતુ આ તમામ અર્થગ્રહણોમાં એ ત્રુટિ રહેલી છે કે, **'पञ्चमानुषाः'**,**'पञ्चमानवाः'** જેવા શબ્દોમાં માત્ર મનુષ્યોની જ ગણના કરવી યોગ્ય ગણાશે. મનુષ્ય સિવાયના અન્યોને આમાં સમાવવા ઉચિત ગણાશે નહીં. ઉપરાંત, ઋગ્વેદમાં સ્પષ્ટપણે આ પાંચ મનુષ્યો(જાતિઓ)ને સરસ્વતી નદીના તટવર્તી વિસ્તારમાં રહેનારા કહ્યા છે.[૧૮] આ જાતિઓનો સોમ સાથેનો સંબંધ અને ઈન્દ્રને માટે **'पाञ्चजन्य'** (પંચજનો સાથે સંબદ્ધ) શબ્દનો પ્રયોગ,[૧૯] એવું સિદ્ધ કરે છે કે,આ 'પંચજન' માં આર્યોનો જ સમાવેશ ઋગ્વેદના ઋષિઓને માન્ય છે. ઋગ્વેદના

એક મંત્ર[૨૦]માં એક સાથે નિર્દેશવામાં આવેલા યદુ, તુર્વશ, દ્રુહ્યુ, અનુ તથા પૂરુ, એ પાંચનો સંકેત આ 'પંચજન' શબ્દમાં હોવાનું કહી શકાય.[૨૧] શતપથબ્રાહ્મણ[૨૨] તથા ઐતરેય બ્રાહ્મણ[૨૩]માં પાંચ જાતિઓને 'ભરતો'ની વિરોધી બતાવવામાં આવી છે. શતપથબ્રાહ્મણમાં અન્યત્ર આ સંખ્યા 'સાત'ની ગણાવેલ છે,[૨૪] જેમાં 'કુરુ' તથા 'પાંચાલ' નો પણ સમાવેશ થયેલો છે. આ બન્ને જાતિઓ વિશે મેકડોનલ તથા કીથનું માનવું છે કે,—

**"वाजसनेयि संहिता के काण्व शाखा में राजसूय के समय प्रयुक्त एक स्थल[२५] यह स्पष्ट करता है कि कुरु-पाञ्चाल दोनों का एक ही राजा था । साथ ही साथ शतपथ ब्राह्मण में इसका भी प्रमाण है कि पञ्चालों का प्राचीन नाम क्रिवि था ।[२६] यह शब्द बहुत कुछ 'कुरु' का ही विभेद प्रतीत होता है और त्सिमर ठीक ही अनुमान करते हैं कि- 'कुरु' और 'क्रिवि' लोग मिलकर ही ऋग्वेद के 'वैकर्ण' थे ।"[२७]**

આ બધી જાતિઓ ઉપરાંત પણ વૃચીવન્ત, દસ્યુ, દાસ, મત્સ્ય, ભૃગુ, ભલાનસ, અલિન, પક્થ, વિષાણિન્, કવષ, પણિ, પારાવત તથા વૃષયાદિ અનેક જાતિઓ આર્યમંડળમાં નિવાસ કરતી હતી. પરંતુ એ બધામાં 'તૃત્સુ' જાતિના લોકો ઘણા જ પરાક્રમી, વીર તથા પુરુષાર્થી હતા. આ જાતિના લોકો પરુષ્ણી (રાવી)ના પૂર્વ કિનારે રહેતા હતા અને એમનો પ્રભાવ સપ્તસિંધુના પ્રદેશની તમામ જાતિઓ પર હતો. આ જાતિનો રાજા સુદાસ ઘણો જ પરાક્રમી હતો. એના પિતા કે પિતામહ દિવોદાસ પણ પોતાના સમયનો પ્રતાપી અને નામી રાજા હતો. આ 'તૃત્સુ' જાતિના લોકોની અધિક ઉન્નતિ જોઈને 'પંચજાતિ'ના લોકોને એમના પ્રત્યે ઘણો જ દ્વેષ રહેતો. ઋગ્વેદની આ બધી જાતિઓમાં પારસ્પરિક વિરોધની ભાવના પ્રબળપણે જોઈ શકાય છે. ઋગ્વેદના અનેક સૂકતોમાં એક જાતિના પુરોહિત મંત્રો દ્વારા પોતાની જાતિનું પ્રભુત્વ અને અન્ય જાતિ પરના આધિપત્ય માટે સતત પ્રાર્થના કરતા જોવા મળે છે. આવા વિરોધને કારણે એ જાતિઓ વચ્ચે અવારનવાર સંઘર્ષો—સંગ્રામો થતા રહેતા. આવા સંગ્રામોમાં સૌથી મોટો અને ઘણી રીતે મહત્ત્વનો એવો, તૃત્સુ જાતિના રાજા સુદાસ અને અન્ય દસ રાજાઓ વચ્ચે થયેલો સંગ્રામ છે, જે 'દાસરાજ્ઞયુદ્ધ' તરીકે પ્રસિદ્ધ છે.

સામાન્ય નાની નાની લડાઈઓ તો અનેક લડાતી અને ઋગ્વેદનાં અનેક સૂકતોમાં કોઈકને કોઈક લડાઈનો ઉલ્લેખ મળે છે. કેટલાક મોટાં યુદ્ધોના ઉલ્લેખો પણ મળે છે. જેમ કે, પહેલા મંડળમાં પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે વીસ રાજાઓએ ભેગા મળીને ૬૦૦૯૯ યોદ્ધાઓના સૈન્ય સાથે સુશ્રવા પર હુમલો કરેલો અને એમનો પરાજય થયેલો.[૨૮] પરંતુ આવાં મહાસંગ્રામોમાં પણ દાસરાજ્ઞયુદ્ધ સૌથી વધારે પ્રસિદ્ધ છે. એનું કારણ કદાચ એવું પણ હોઈ શકે કે, વસિષ્ઠ ઋષિ એમાંના એક પક્ષ સુદાસના પુરોહિત હતા અને એમણે યુદ્ધના વર્ણનના જે મંત્રો રચ્યા, તે આપણને ઉપલબ્ધ છે. બીજાં યુદ્ધો વધારે પ્રાચીન સમયનાં હોવાથી માત્ર

પરંપરા દ્વારા જ એમનો ઉલ્લેખ મળી શકે છે.

દાસરાજ્ઞયુદ્ધના ઉલ્લેખો ઋગ્વેદના સાતમા મંડળનાં સૂક્તો– ૭/૧૮, ૭/૩૩ અને ૭/૮૩માં વિસ્તારથી છે. તૃત્સુઓ (ભરતો !)ના રાજા દિવોદાસે અનેક વિજયો મેળવ્યા હતા. તેનો પુત્ર સુદાસ પણ ઘણો જ મહત્ત્વાકાંક્ષી હતો અને સપ્તસિંધુની પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશાઓમાં વિજય પ્રાપ્ત કરીને તેણે આર્યોનું એક મહા સામ્રાજય સ્થાપવાનો પ્રયત્ન કરેલો. શ્રી એ. સી. દાસની માન્યતા પ્રમાણે વિશ્વામિત્ર તૃત્સુઓના પુરોહિત હતા અને એમની ઈચ્છા પણ નાનાં નાનાં સ્વતંત્ર રાજયોને બદલે એક વિશાળ આર્ય સામ્રાજય સ્થાપવાની હતી; પરંતુ વસિષ્ઠ સાથેની સ્પર્ધાને કારણે એણે તૃત્સુઓ સાથેનો સંબંધ છોડી દીધો અને ભરતોના પુરોહિત બન્યા. એટલું જ નહીં પણ એણે બીજા બધા રાજાઓને ઉશ્કેરીને સુદાસ વિરુદ્ધ એક સંઘ રચ્યો અને સુદાસ પર આક્રમણ કર્યું. બીજા બધા રાજાઓને પણ સુદાસ પ્રત્યે ઈર્ષ્યા તો હતી જ, કારણ કે સ્વાભાવિક રીતે જ પોતાની સ્વતંત્ર સત્તા ટકાવી રાખવાનો બધા જ પ્રયત્ન કરે. આને પરિણામે દાસરાજ્ઞયુદ્ધ થયું.[૨૯] શ્રી સી. વી. વૈદ્યના મતે, ભરતો સૂર્યવંશી આર્યો હતા અને યદુ, તુર્વશ, અનુ, દ્રુહ્યુ અને પૂરુ એ બધા ચન્દ્રવંશી રાજાઓ હતા. સુદાસ ભરતોનો રાજા હતો. સુદાસનું પાંચ ચંદ્રવંશી આર્યો અને પાંચ અનાર્ય જાતિઓ સાથેનું યુદ્ધ દાસરાજ્ઞયુદ્ધ તરીકે પ્રસિદ્ધ થયું. શ્રી વૈદ્ય ઋગ્વેદકાલીન ભરતોને મહાભારતકાલીન ભરતો કરતાં જુદા માને છે.[૩૦] શ્રી એ. ડી. શાસ્ત્રીના મતે સુદાસને શત્રુપક્ષે પૂરુ, અનુ, દ્રુહ્યુ, તુર્વશ અને યદુ એ પાંચ સમૂહો છે. આ પાંચ ઉપરાંત પક્થ, ભલાનસ, અલિન, વિષાણિન્ અને શિવ એ પાંચ જોડતાં દસની સંખ્યા થાય. આમ દાસરાજ્ઞયુદ્ધમાં આ બે પાંચ–પાંચના જૂથો સમજવા જોઈએ.[૩૧]

દાસરાજ્ઞયુદ્ધ સંસ્કૃત ભાષાના તમામ સાહિત્યમાં વર્ણવાયેલ પ્રાચીનતમ સંગ્રામ છે. અર્થાત્, જેના અંગે વિસ્તૃત સાહિત્યિક વર્ણન પ્રાપ્ત થાય છે, એવો તે વિશ્વનો પ્રથમ મહાસંગ્રામ હતો. આ સિવાયના અને આના કરતાંય પ્રાચીન કેટલાંક સંગ્રામો વિશે ઋગ્વેદમાંથી માહિતી પ્રાપ્ત થાય છે. પરંતુ તેના માત્ર ઉલ્લેખો જ મળી આવે છે. જેમ કે, ૭/૧૯/૩ માં પૌરુકુત્સિ ત્રસદસ્યુ માટે કહ્યું છે કે, (કોઈક) યુદ્ધમાં ઈન્દ્રે તેનું રક્ષણ કર્યું. સૃંજય જાતિના રાજા દેવવાતે વૃચીવન્ત તથા તુર્વશને એક સાથે એક મોટાં યુદ્ધમાં હરાવ્યા હતા, એવો ઉલ્લેખ ૬/૨૭/૭માં મળી આવે છે. ૬/૨૬/૬ અનુસાર દાસજાતિના એક બળવાન નેતા ચુમુરિનો રાજા દભીતિ સાથે તુમુલ સંગ્રામ થયો હતો, જેમાં એનો એના ૬૦,૦૦૦ અનુયાયીઓ સહિત રાજા દભીતિએ નાશ કર્યો હતો. અનુયાયીઓની સંખ્યાને આધારે એવું અનુમાન કરી શકાય છે કે, એ સંગ્રામ કેટલો ભયંકર હશે. પરવર્તી સંહિતા ગ્રંથો તેમજ અન્ય વૈદિક સાહિત્યમાં પણ અનેક સંગ્રામોના ઉલ્લેખો મળે છે. જેમ કે, જૈમિનીય બ્રાહ્મણમાં એવો ઉલ્લેખ છે કે, ભરતો સિંધુ નદીને તીરે હતા ત્યારે ઈક્ષ્વાકુઓએ એમને હરાવેલા[૩૨] વગેરે.

વર્તમાન સમયમાં પૃથ્વી પર જેમ અનેક મનુષ્યજાતિઓ નિવાસ કરી રહી છે, તેમ પ્રાચીનકાળમાં પણ દેવ, અસુર, રાક્ષસ, ગંધર્વ, યક્ષ, નાગ, સર્પ, ગરુડ, દાનવ, દૈત્ય વગેરે જેવી અનેક માનવજાતિઓ રહેતી હતી. એ જાતિઓના સ્ત્રી–પુરુષોને પણ માનવસહજ હર્ષ, ખેદાદિ વિકારો હતા. એમના પણ વિવાહો થતાં અને સંતાનો પણ ઉત્પન્ન થતાં હતાં અને લડાઈ–ઝઘડા પણ કરતા હતા. 'દેવ' એવી જ એક પ્રાચીન મનુષ્યજાતિ હોવાનું કહી શકાય. આ અંગે મ.મ. સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવનું કથન છે કે, –

**“ ‘देव’ एक प्राचीन मानवज्ञातिसंघ है । प्राचीन वैदिक एवं पौराणिक ग्रंथों में, देव, असुर, राक्षस, पितर आदि ज्ञातिसंघों का, एवं इन ज्ञातियों के स्त्रीपुरुषों का निर्देश पुनः पुनः मिलता है । इन सारे ज्ञातिसंघों में, देव लोगों का ज्ञातिसंघ बौधिक, सांस्कृतिक एवं आध्यात्मिक द्दष्टि से सर्वाधिक प्रगत एवं बलिष्ठ प्रतीत होता है । सर्वथैव मानुषि रूप धारण किये हुएँ, ऐसे बहुत सारे देव प्राचीन ग्रंथों में प्राप्त है ।”**[૩૩]

શ્રી ચિત્રાવના માનવા પ્રમાણે, દેવો મૂલતઃ માનવો જ હતા. પ્રાચીન વૈદિક સાહિત્યના અનુશીલનથી એમની વાતમાં રહેલા તથ્યને અનુમોદન પણ આપી શકાય તેમ છે. એ જ ગ્રંથ‘**प्राचीन चरित्रकोश**’માં પૃ. ૫૦૫ ઉપર તેમણે લખ્યું છે કે, –

**“सदाचारसंपन्न एवं परम ईश्वरभक्त होकर भी जिन असुरों का देवों के द्वारा अत्यंत निर्घृणता के साथ संहार किया गया, उन असुरों में बाण प्रमुख था । इसके वंश में से इसके पिता बलि, इसका प्रपितामह प्रह्लाद एवं इसका पितुःप्रपितामह हिरण्यकशिपु इन सारे राजाओं को देवों के साथ लड़ना पड़ा । इससे प्रतीत होता है कि, देव एवं दैत्य जातिओं के पुरातन शत्रुत्व के कारण ये सारे युद्ध उत्पन्न हुए थे । पिढ़ियों से चलता आ रहा यह शत्रुत्व किसी व्यक्ति का व्यक्तिगत शत्रुत्व न हो कर, दो जातियों का संघर्ष था ।”**

વૈદિકગ્રંથોમાં અગ્નિ, ઇન્દ્ર, મિત્ર, વરુણાદિ દેવોનું ચરિત્રચિત્રણ માનવીય આકૃતિને જ મળતું આવે છે. એજ રીતે પુરાણોમાં પણ રામ, કૃષ્ણ, શિવ, વિષ્ણુ, ગણેશાદિ દેવોનું વ્યકિતચિત્રણ માનુષી ઢંગે જ થયેલું છે. મનુષ્યોમાંથી અનેક લોકો દેવજાતિમાં પ્રવેશી શકતા હતા. જેઓ પહેલાં મનુષ્યો હતા અને પછીથી દેવ બની ગયા એવા ઋભુ વગેરેનો નિર્દેશ વૈદિકગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. આ અંગે ડૉ. ગૌતમ પટેલ નોંધે છે કે, "માનવમાંથી અતિમાનવ અંશ પ્રત્યે ગતિ થઈ. કયાંક તો સ્વપ્રયત્નથી માનવીમાંથી દેવ બન્યાની વાત પણ ઋગ્વેદમાં આવે છે. ઋભુઓ આનું ઉદાહરણ છે."[૩૪] અશ્વિનીકુમારો પણ પહેલાં માનવી જ હતા; પરંતુ પછીથી દેવ બન્યા અને યજ્ઞની આહુતિઓના અધિકારી બન્યા.

દાનવો તથા દૈત્યોના ઉલ્લેખો વેદ–સંહિતાઓમાં સ્વતંત્રરૂપે પ્રાપ્ત

થતાં ન હોવા છતાંય તેઓનો સંબંધ વૈદિકયુગ સાથે જોડી શકાય છે. તૈત્તિરીયસંહિતા, તાંડ્યબ્રાહ્મણ તથા સાંખ્યાયનશ્રૌતસૂત્રાનુસાર, આ દૈત્યો તથા દાનવોના ગુરુ (પુરોહિત) શુક્રાચાર્ય હતા.[૩૫] તે ઘણા જ શકિતશાળી હતા.[૩૬] તેણે શંકર પાસેથી મૃત્યુ પામેલાને જીવિત કરનારી 'સંજીવની વિદ્યા' મેળવી હતી,[૩૭] જે દેવોએ પોતાના પુરોહિત બૃહસ્પતિના પુત્ર કચ દ્વારા શુક્રાચાર્ય પાસેથી મેળવેલી.[૩૮] જૈમિનીયોપનિષદબ્રાહ્મણમાં જણાવ્યા પ્રમાણે, તે અસુરોના પણ પુરસ્કર્તા હતા.[૩૯] તૈત્તિરીયસંહિતામાં મળતી એક કથા અનુસાર, અગ્નિ દેવોનો દૂત છે અને ઉશના કાવ્ય (શુક્રાચાર્ય) અસુરોના કુલગુરુ તથા અધ્વર્યુ છે. તેઓ બન્ને પ્રજાપતિની પાસે ગયા. પ્રજાપતિએ ઉશના કાવ્યની તરફ પીઠ કરીને અગ્નિને નિયુકત કર્યો, જેથી દેવતાઓની જીત અને અસુરોનો પરાજય થયો.[૪૦] વાયુપુરાણ પ્રમાણે ઉશના, કાવ્ય અને શુક્ર એ એક જ વ્યકિતના જુદાં જુદાં નામો છે.[૪૧]

દૈત્યોનો રાજા વૃષપર્વા પુરાણોમાં ઘણો જ પ્રસિદ્ધ છે. તેની કન્યા શર્મિષ્ઠા ચન્દ્રવંશી રાજા યયાતિને પરણાવવામાં આવી હતી. દાનવોમાં કેશિ, તારક, નમુચિ, નરક, બાણ, વિપ્રચિતિ, શંબર ઇત્યાદિ મુખ્ય મનાય છે. પુરાણોમાં અસુર, રાક્ષસ, દાનવ તથા દૈત્ય જાતિઓનો સ્વતંત્ર નિર્દેશ મળે છે.[૪૨] પરંતુ આ ગ્રંથોમાં, એ બધી જાતિઓનું સ્વતંત્ર અસ્તિત્વ નષ્ટ થઈ જઈને, તેનાં જાતિગત નામો કોઈ પણ અનાર્ય, ધર્મવિહીન કે દુષ્ટ વ્યકિતના વિશેષણ તરીકે પણ પ્રયોજાયેલાં જોઈ શકાય છે. જેમકે, યાદવરાજા મધુ, જે વાસ્તવમાં પૂરુવંશીય યયાતિ તથા યદુનો વંશજ હતો; મથુરાનો રાજા કંસ પણ યદુવંશી રાજા હતો; જરાસંધ, જે વાસ્તવમાં મગધદેશનો ભરતવંશી રાજા હતો પણ આ બધા જ ઈતિહાસ તથા પુરાણગ્રંથોમાં રાક્ષસો કે અસુરો તરીકે વર્ણવાયેલા છે. એ જ રીતે બૌદ્ધો તથા જૈનોને તથા દક્ષિણ ભારતના દ્રવિડોને પણ પુરાણોમાં અસુરો તથા દૈત્યો કહેવામાં આવ્યા છે.[૪૩] આ અંગે ડૉ. રાજબલી પાણ્ડેય પણ નોંધે છે કે–

**"संस्कृत के धार्मिक ग्रन्थों में असुर, दैत्य एवं दानव में कोई अन्तर नहीं दिखाया गया है, किन्तु प्रारम्भिक अवस्था में 'दैत्य एवं दानव' असुर जाति के दो विभाग समझे गये थे । दैत्य 'दिति' के पुत्र एवं दानव 'दनु' के पुत्र थे ।"**[૪૪]

દૈનિક જીવનમાં મનુષ્યજાતિ પર ઉપકાર કરનાર આધિભૌતિક શકિતને પ્રાચીન સાહિત્યમાં 'દેવ' નામ આપવામાં આવ્યું, તેવી રીતે મનુષ્યોને ક્ષતિ પહોંચાડનારા દુષ્ટાત્માઓની કલ્પના પણ વિકસિત થઈ. એનાં જ વિભિન્ન રૂપો વૈદિક સાહિત્યમાં **असुर, रक्षस्, पिशाच** વગેરેમાં પ્રતીત થાય છે. આ રીતે એ બધી જાતિઓને મનુષ્યોને ત્રસ્ત કરનારા દુષ્ટ લોકો કહી શકાય. આ કલ્પનાનું પ્રારંભિક રૂપ ઈન્દ્ર અને વૃત્રાસુરના યુદ્ધમાં જોઈ શકાય છે. પછીથી એ જ કલ્પના ક્રમશઃ દેવો અને અસુરોના બે પરસ્પર વિરોધી તથા સંઘર્ષરત દળોના રૂપમાં વિકસિત થઈ. આ રીતે અસુરાદિ જાતિઓ પણ મૂળભૂત રૂપે તો માનવજાતિઓ

જ હતી, પણ મનુષ્યધર્મને અનુરૂપ કર્મોથી વિપરિત આચરણ કરીને, સમગ્ર માનવજાતને નુકશાનકર્તા બનવાના કારણે, તેઓ અસુર, દૈત્ય, દાનવાદિ તરીકે પ્રસિદ્ધ થયા.

આટલી ચર્ચા કર્યા પછી, પ્રાચીન સમયના સમાજમાં પ્રચલિત જાતિઓ અને તેઓની વચ્ચે થયેલા સંઘર્ષો કે સંગ્રામો વિશે પૂરતા પ્રમાણમાં માહિતી પ્રાપ્ત થઈ રહે છે. પાચીનતમ સમયની આર્યો તથા આર્યેતર કે આર્યોની વિરોધી જાતિઓમાંથી જ ક્રમશઃ પૌરાણિક 'દેવો' અને 'દૈત્યો' નાં રૂપકો વિકસીને રૂઢ બન્યાં છે. હિરણ્યાક્ષનું વેદોને પાતાળમાં લઈ જવું, ઈન્દ્ર, વિષ્ણુ, વરુણાદિનાં પાત્રોનો વિકાસ, અવતારવાદ, વેદબાહ્ય અને હેતુવાદી રજિપુત્રોનો ઈન્દ્રે કરેલો વધ વગેરે બાબતોને ધ્યાને લેતાં, દેવાસુરસંગ્રામો વેદકાલીન અથવા તો વેદકાળ પછીની ઘટનાઓ છે, એવું ચોક્કસપણે સિદ્ધ કરી શકાય છે.

શાસ્ત્રીય દષ્ટિએ વસ્તુકથનના ત્રણ પ્રકારો માનવામાં આવે છેઃ (૧) તથ્યકથન, (૨) રૂપકકથન અને (૩) અતિશયોકિતકથન. જે વસ્તુ જેવી હોય તેવી ને તેવી વર્ણવવી, તે તથ્યકથન છે. આ પ્રકાર શાસ્ત્રકારો તથા વાસ્તવવાદી વૈજ્ઞાનિકોને માટે ઉપયોગી છે. જેમાં રૂપક—અલંકારનો આશ્રય લઈને કશું કહેવામાં આવે, તેને રૂપકકથન કહેવામાં આવે છે. આ પ્રણાલી વેદોમાં પ્રાપ્ત થાય છે. જેમ કે, સૂર્યનાં કિરણોમાં જોવા મળતા સાત રંગોને રંગો ન કહેતાં ઘોડાઓનું રૂપક આપ્યું છે; પરંતુ પુરાણોમાં વસ્તુવર્ણનને માટે અતિશયોકિત અલંકારનો આશ્રય લેવામાં આવ્યો છે. પરંપરામાંથી પ્રાપ્ત થયેલી ગાથાઓ કે ઘટનાઓને પોતાની અતિશયોકિતમયી ભાષા દ્વારા રજુ કરીને, પુરાણોએ કેટલાયે જાતિગત સંઘર્ષોને 'દેવાસુરસંગ્રામ' ના ભવ્ય તથા દિવ્ય રૂપોમાં પ્રસ્તુત કર્યા છે. સત્તા મેળવવા કે પોતાની જાતિની સર્વોપરિતા સિદ્ધ કરવા માટે જે જાતિવિગ્રહો વેદકાળથી શરૂ થયેલા, તે જ પૌરાણિકયુગમાં અતિશયોકિતભરી રીતે દેવાસુરસંગ્રામોના રૂપમાં પ્રસ્તુત થયા છે. મત્સ્યપુરાણમાં વર્ણવાયેલો 'લોમહર્ષકસંગ્રામ' જાતિવિગ્રહનું જ ઉદાહરણ છે.[૪૫]

◆ **બદલાની ભાવના :**

દેવાસુરસંગ્રામોની પરંપરા સર્જાવામાં આ પણ એક મહત્ત્વનું કારણ છે. વેરનાં બીજો અતિ વિસ્તરે, ત્યારે સંગ્રામોનો પણ વિસ્તાર થતો હોય છે. વેરના તરસ્યા બન્ને પક્ષો, એકબીજાથી બદલો લેવા મૃત્યુની પણ દરકાર કરતા નથી. પૌરાણિક દષ્ટિએ દેવાસુરસંગ્રામ, મૂળભૂત રીતે દેવો અને દૈત્યો વચ્ચેનો જ સંગ્રામ હતો. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ નામના દિતિના બે પુત્રોથી આ સંગ્રામોની પરંપરા સર્જાય છે; પરંતુ પછીથી તેમાં દાનવો, અસુરો અને રાક્ષસો પણ જોડાયેલા. ઈન્દ્રપદની પ્રાપ્તિની સ્પર્ધામાં અને પોતપોતાની મહત્તા પ્રસ્થાપિત કરવા માટે કશ્યપની બે પત્નીઓ અદિતિ અને દિતિના સંતાનો જોડાયેલાં. બન્ને

અત્યંત પરાક્રમી અને તેજસ્વી હતાં અને પોતપોતાને ઇન્દ્રપદને લાયક ગણતાં હતાં. પરવર્તી દૈત્યો, દાનવો કે અસુરોના જેવી ક્રુરતા, ભયંકરતા કે અધર્મતા એ કારણે જ હિરણ્યાક્ષ કે હિરણ્યકશિપુમાં જોવા નથી મળતી. પુરાણોમાં તે બન્ને ભાઈઓનાં શૌર્ય અને મહાનતાઓની પ્રશંસા થયેલી જોઈ શકાય છે.

પોતાનાં સંતાનોનું ભલું ઈચ્છતી અને તેઓના ઉત્કર્ષ માટે પ્રયત્નશીલ, બે શોક્ય—સ્ત્રીઓ (દિતિ અને અદિતિ) વચ્ચે થતી સ્પર્ધાથી વેરનાં બીજો રોપાય છે, જે દેવાસુરસંગ્રામોની પરંપરા સર્જે છે. સ્વાયંભુવ મન્વન્તરમાં ઉત્પન્ન દિતિના પુત્ર હિરણ્યકશિપુએ પોતાના પરાક્રમથી રાજ્યસત્તા પ્રાપ્ત કરેલી. તે એક વીર, દુર્જય અને પરાક્રમી પુરુષ તથા શ્રેષ્ઠ શાસક હતો;[૪૬] છતાં સ્વર્ગના અધિપતિ દેવો હતા તેમ જ તેઓની પ્રતિષ્ઠા પણ તેના કરતાં વધારે લેખાતી હતી, એ બાબતની ઈર્ષ્યા તથા તેમાંથી જન્મેલો દેવો પ્રત્યેનો રોષ અને રંજ તેના મનમાં સતત ઘૂંટાતા રહેતા હતા. તેને હિરણ્યાક્ષ નામનો એક નાનો ભાઈ હતો. પદ્મપુરાણાનુસાર, તે પણ અત્યંત પરાક્રમી હતો અને દેવોને અત્યંત ત્રાસ આપતો હતો. અંતે તેના ભયથી બધા દેવો નાસી ગય. પછીથી વિષ્ણુએ તેની સાથે યુદ્ધ આરંભ્યું. એ યુદ્ધમાં શરૂઆતથી જ વિષ્ણુની જીત થવા લાગી, એ જોઈને હિરણ્યાક્ષ પૃથ્વી લઈને ભાગવા લાગ્યો; પરંતુ વિષ્ણુએ તેનો પીછો કર્યો અને વરાહરૂપ ધારણ કરીને તેનો વધ કર્યો.[૪૭]

શ્રીમદ્ભાગવતપુરાણમાં હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષને આદિ દૈત્યો કહ્યા છે.[૪૮] તે બન્નેની ઉત્પત્તિ દિતિના વિકૃત, અપવિત્ર અને અકાલિન કામના કારણે થયેલી હોવાના પરિણામે, તેઓ મહાનીચ અને અમંગળરૂપ હતા.[૪૯] શ્રીમદ્ભાગવતપુરાણકારે નોંધ્યું છે કે, –

"વરાહમૂર્તિ વિષ્ણુએ પોતાના ભાઈ હિરણ્યાક્ષનો વધ કર્યો, એટલે હિરણ્યકશિપુ રોષ અને શોકથી સંતાપ કરવા લાગ્યો. તે સમયે પ્રતિજ્ઞા કરતાં, ક્રોધથી ઘેરાઈ, હોઠ પીસીને ભયંકર દાઢો, ઉગ્ર દૃષ્ટિ અને ભ્રૂકુટિયુકત મુખવાળા તેણે ત્રિશૂળ ઉગામી સભામાં દૈત્યોને આ પ્રમાણે કહ્યું: "હે દાનવો! હે દૈત્યો! હે દ્વિમૂર્ધા! હે શંબર! હે શતબાહુ! હે હયગ્રીવ! હે નમુચિ! હે પાક! હે ઇલ્વલ! હે વિપ્રચિત્તિ! હે પુલોમા! અને હે શકુન વગેરે દૈત્યો! તમે મારું વચન સાંભળો, આપણા ક્ષુદ્ર શત્રુઓએ સર્વ તરફ સમાનદષ્ટિવાળા છતાં વિષ્ણુને ભજન વડે પોતાના પક્ષમાં લઈ, તેની પાસે શ્રેષ્ઠ હૃદયવાળા મારા વહાલા ભાઈનો નાશ કરાવ્યો છે. એ રીતે દેવોનો પક્ષ લઈ વિષ્ણુએ બધા પર સમાનભાવરૂપી પોતાનો સ્વભાવ છોડયો છે. તેણે માયાથી વરાહનું રૂપ લીધું હતું. પોતાનું ભજન કરનારને જ તે ભજે છે અને બાળકની પેઠે તેનું મન પણ અસ્થિર છે, માટે તે વિષ્ણુની ડોકને મારા આ ત્રિશૂળથી કાપીને તેના લોહીથી, લોહી જેને પ્રિય હતું એવા મારા ભાઈને તૃપ્ત કરીશ, ત્યારે જ તેના દુ:ખથી હું છૂટીશ. કપટી કરણીવાળો વિષ્ણુ નાશ પામશે ત્યારે જેમ વનસ્પતિનાં મૂળ કપાઈ જતાં તેનાં ડાળાં સુકાઈ જાય છે, તેમ

વિષ્ણુ જેના પ્રાણ છે એવા દેવતાઓ પોતાની મેળે જ નાશ પામશે.''[૫૦]

હિરણ્યકશિપુના ઉપરોકત શબ્દોમાં વિષ્ણુ સહિત તમામ દેવો સામે પોતાના ભાઈના મૃત્યુનો બદલો લેવાની વ્યગ્રતા સ્પષ્ટપણે જોઈ શકાય છે અને એ વ્યગ્રતા જ નારસિંહસંગ્રામનું કારણ બની જતી લાગે છે. પછીથી, એ જ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ જેવા બે મહાબળવાન અને પ્રતાપી પુત્રોને ગુમાવનારી દિતિમાં પણ, પોતાના પુત્રોની હત્યાનો બદલો લેવાની ભાવના એકદમ બલવત્તર થયેલી જોઈ શકાય છે. પુત્રોનો નાશ થતાં, તે સ્ત્રીએ પણ કશ્યપ પાસે ઈન્દ્રનો વધ કરવાને સમર્થ તથા અતિ તેજસ્વી પુત્રને પ્રાપ્ત કરવાનું વરદાન માગેલું.[૫૧] મદનદ્વાદશીવ્રતના પ્રભાવથી દિતિના ઉદરમાં સ્થિર થયેલ એ ગર્ભના પણ ઈન્દ્રે ઓગણપચાસ ટુકડા કરી નાખેલા.[૫૨]પુત્ર વિશ્વરૂપના ઈન્દ્રે કરેલા વધથી ગુસ્સે થયેલા ત્વષ્ટાએ પણ, તેના મૃત્યુનો બદલો લેવા યજ્ઞમાંથી ઈન્દ્રનો વધ કરવા માટે વૃત્રનું સર્જન કર્યું હતું. અગ્નિમાં આહુતિ અર્પણ કરતી વખતે થયેલા ઉચ્ચારદોષને કારણે 'ઈન્દ્ર જેનો શત્રુ છે', તેવા પુત્ર – વૃત્રનો જન્મ થયો. જે 'વૃત્રઘાતક' નામના મહાસંગ્રામમાં નિમિત્ત બન્યો.[૫૩] અમૃતમંથનના સમયે ઈન્દ્રે પ્રહ્લાદને પરાજિત કરેલો, જેનાથી અપમાનિત થઈને પ્રહ્લાદપુત્ર વિરોચન હંમેશાં ઈન્દ્રનો વધ કરવા પ્રયત્નશીલ રહેતો હતો. 'તારકામયસંગ્રામ'માં ઈન્દ્રે તેનો પણ વધ કરેલો. મત્સ્યપુરાણ પ્રમાણેઃ

**“प्रहूलादो निर्जितो युद्धे इन्द्रेणामृतमन्थने ।**
**विरोचनस्तु प्राहूलादिर्नित्यमिन्द्रवधोद्यतः ।।”**

અર્થાત્, ''અમૃતમંથનના પ્રસંગે ઈન્દ્રે પ્રહ્લાદને પરાજિત કરેલો, જેનાથી (અપમાનિત થઈને) પ્રહ્લાદપુત્ર વિરોચન હંમેશાં ઈન્દ્રનો વધ કરવા માટે પ્રયત્ન કરતો હતો.''[૫૪]

તદુપરાંત,

**“अशक्नुवन्स देवानां सर्वं सोढुं सदैवतम् ।।”**

અર્થાત્, ''તે દેવતાઓના ઉત્કર્ષને સહી શકતો ન હતો.''[૫૫] તેથી ઈન્દ્રે તેનો 'તારકામયસંગ્રામ' માં વધ કર્યો (**इन्द्रेणैव तु विक्रम्य निहतस्तारकामये**) હોવાના ઉલ્લેખો મત્સ્યપુરાણ,[૫૬]બ્રહ્માંડપુરાણ,[૫૭]પદ્મપુરાણ,[૫૮]તથા મહાભારત[૫૯]માં મળી આવે છે.

તારકાસુર વજ્રાંગ અને વરાંગીનો પુત્ર હતો. વજ્રાંગ તપસ્યામાં લીન થયો પછી, તેની પત્ની વરાંગીને ઈન્દ્રે ભય પમાડવાનું શરૂ કર્યું. તપશ્ચર્યા પૂર્ણ કરેલા વજ્રાંગ આગળ તેણે ઈન્દ્રના કરતૂતો પ્રકટ કર્યાં. ગુસ્સે થયેલા વજ્રાંગે ઈન્દ્ર સામે બદલો લેવા પુનઃ તપ કરવાનો વિચાર કર્યો; પરંતુ તેના સંકલ્પની જાણ થતાં બ્રહ્માજીએ પ્રકટ થઈને, તેને તારક નામના પુત્રનું વરદાન આપ્યું. તારકાસુરનો જન્મ થતાં ત્રિલોકમાં અત્યંત કોલાહલ અને ઉત્પાત્તો થયા. કુજંભ અને મહિષાસુરે તારકાસુરનો રાજ્યાભિષેક કર્યો. તારકાસુરે રાક્ષસોની સભામાં તપશ્ચર્યાનો સંકલ્પ કર્યો અને પારિયાત્રગિરિની કંદરામાં જઈને તપ કરવા લાગ્યો. તેના તપથી

પ્રસન્ન થયેલા બ્રહ્માએ તેને વરદાનો આપ્યા. નગરમાં પાછા આવી, દેવતાઓ સાથે બદલો લેવા અસુરોને આદેશો આપ્યા. અસુરોની તૈયારીના સમાચાર સાંભળી, ઈન્દ્રે ચિંતાતુર બનીને ગુરુ બૃહસ્પતિ સાથે મંત્રણા કરી. બૃહસ્પતિએ નીતિનાં ચાર અંગો દર્શાવી પૌરુષનો આશ્રય લેવાની આજ્ઞા આપી. જેથી દેવતાઓએ પણ યુદ્ધની તૈયારી આરંભી. રણમેદાનમાં બન્ને સેનાઓની રણભેરીઓ સંભળાવા લાગી અને દેવાસુરસંગ્રામનો પ્રારંભ થયો.[૬૦] કુમાર કાર્તિકેય અને તારકાસુર વચ્ચે થયેલા એ મહાદારુણ સંગ્રામના મૂળમાં પણ વજ્રાંગની બદલો લેવાની ભાવના જ રહેલી છે.

વિષ્ણુ સિવાય તમામ દેવો પર વિજય મેળવીને ત્રણેલોકનો સ્વામી બનેલો કાલનેમિ પણ વિષ્ણુને હરાવીને વિષ્ણુપદની પ્રાપ્તિને માટે, ભગવાન શ્રીવિષ્ણુ સામે યુદ્ધ કરવા વૈંકુંઠમાં ગયો. દૈત્યોના વિનાશ માટે સ્વસ્થચિત્ત, અનુપમ પરાક્રમી ભગવાન વિષ્ણુ અને ગરુડને જોઈને, ખિન્ન થયેલો તે કહેવા લાગ્યોઃ

"આ જ અમારા પૂર્વજોનો પ્રાણનાશક શત્રુ છે. સમુદ્રમાં નિવાસ કરનારા મધુ અને કૈટભના જીવનને આણે જ નષ્ટ કરેલ છે. આની સાથે અમારું દાનવોનું કયારેય શાન્ત નહીં થનારું વેર તો પ્રસિદ્ધ જ છે. આ જ લોકમાં એકમાત્ર નિર્મમ અને સ્ત્રીઓ તથા બાળકોનો સંહાર કરનારો શરમ વગરનો વીર છે. આણે જ દાનવોની સ્ત્રીઓના કેશોને ઉતાર્યા છે. આ અમારા દ્વારા વ્યથિત કરવામાં આવનારા દેવતાઓનો સ્વામી છે. આનો જ આશ્રય મેળવીને દેવતાઓ યજ્ઞભાગ અને મહર્ષિઓ દ્વારા ત્રણ પ્રકારે અગ્નિમાં હોમવામાં આવતાં હવનીય દ્રવ્યોનો ઉપભોગ કરે છે. આના જ ક્રોધનું પાત્ર બનીને હિરણ્યકશિપુ માર્યો ગયો. આ જ બધા દેવશત્રુઓનાં મૃત્યુનું મુખ્ય કારણ છે. અમારા પરિવારના લોકો યુદ્ધમાં આના જ ચક્રમાં પ્રવિષ્ટ થઈ ગયા છે. આ દેવતાઓનું કાળ રૂપ છે અને કાળ બનીને જ અહીં ઊભો છે, પરંતુ આજે આ વિષ્ણુ, પોતાના વિતેલા સારા સમયનું ફળ મેળવશે. સૌભાગ્યવશ આ કેશવ આજે મારી જ સામે આવી ગયો છે, હવે તો તે મારી ભુજાઓમાં પીસાઈને પછી મને જ પ્રેમ કરશે. ખરેખર આ ઘણો જ સુંદર સંયોગ છે કે, આજે હું યુદ્ધમાં દાનવોને ભય પમાડનાર આ વિષ્ણુનો વધ કરીને, અમારા પૂર્વજોની સમૃદ્ધિ તથા ઐશ્વર્યને પ્રાપ્ત કરીશ અને ત્યારપછી, અન્ય દેવતાઓનો પણ હું નાશ કરીશ."[૬૧]

કાલનેમિના આ શબ્દોમાં તેનામાં રહેલી દેવો તથા શ્રીવિષ્ણુ પ્રત્યેની વૈર તથા બદલાની ભાવના સ્પષ્ટપણે વ્યકત થાય છે. પછીથી વિષ્ણુએ યુદ્ધમાં તેનો સંહાર કરેલો.

આ પ્રમાણે, પોતાને કે પોતાની જાતિને થયેલા અન્યાયને કારણે જન્મેલી બદલાની ભાવના પણ દેવાસુરસંગ્રામમાં કારણભૂત ગણી શકાય છે. પુરાણોમાં રોપાયેલાં વૈરભાવનાનાં આ બીજો, એક પછી એક દેવસુરસંગ્રામરૂપી શાખાઓમાં વિસ્તરતાં જોવાં મળે છે.

◆ **સાંપ્રદાયિકતા :**

ગુરુપરંપરાગત કે આચાર્યપરંપરાગત સ્થાપવામાં આવેલી સંસ્થાને સંપ્રદાય કહેવામાં આવે છે. આચાર્ય ભરતના મતે શિષ્ટપરંપરાપ્રાપ્ત ઉપદેશ સંપ્રદાય છે.[૬૨] તેનો પ્રચલિત અર્થ 'ગુરુપરંપરાથી સદુપવિષ્ટ વ્યકિતઓનો સમૂહ'. 'શકિતસંગમતંત્ર'માં સાત પાશુપત અને દસ વૈષ્ણવ, એમ કુલ સત્તર સંપ્રદાયોની વિસ્તૃત સૂચિ આપવામાં આવી છે.[૬૩] પુરાણોમાંથી પણ આવા અનેક સંપ્રદાયોની માહિતી પ્રાપ્ત થાય છે. પુરાણોમાં વેદોના અર્થોનું ઉપબૃંહણ થયું છે. (**इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत्** ।) શ્રીમદ્ભાગવતપુરાણ પણ પોતાને– **'निगमकल्पतरोर्गलितं फलम्'**[૬૪] તથા **'सर्ववेदान्तसार'**[૬૫] કહે છે. પ્રાચીનતમકાળથી માંડીને અર્વાચીનકાળ સુધીના ભારતમાં પ્રચલિત અનેક મતો કે સંપ્રદાયોનું વર્ણન પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. પુરાણોમાં વૈદિક તેમજ વેદબાહ્ય એમ બન્ને પ્રકારના સંપ્રદાયોનું વિવેચન મળે છે. શ્રૌતધર્મની પ્રશંસા અને મહત્તા પુરાણોમાં પ્રાપ્ત થાય છે, તેમ સ્માર્તધર્મની પણ મહત્તા જોઈ શકાય છે. પુરાણોમાં એ બન્નેનાં અલગ અલગ લક્ષણો પણ આપવામાં આવ્યાં છે.[૬૬] શ્રૌતધર્મને શ્રેયસ્કરતમ કહેવામાં આવ્યો છે,[૬૭] સાથે સાથે વેદનિંદા પણ ઉપલબ્ધ થાય છે. જો કે, વૈદિક સંપ્રદાયોમાં પ્રચલિત પુરાણોનું ઉપબૃંહણ હોવાથી, વેદનિંદાનો કોઈ પ્રસંગ પ્રાપ્ત થતો નથી. છતાં દાર્શનિક યુકિત, સામ્પ્રદાયિક દષ્ટિ તથા કર્મકાંડીય દુઃશીલતાને કારણે વેદનિંદા કરવામાં આવી છે. હિંસાદિહેતુક યજ્ઞનિંદાનાં વર્ણનો પુરાણોમાં કયાંક કયાંક મળે છે. ઋત્વિજોની અનૈતિકતા યજ્ઞનિંદાનો એક મુખ્ય હેતુ છે. આ અનૈતિક આચરણ બ્રાહ્મણકાળ કરતાં પણ પ્રાચીનકાળથી ચાલ્યું આવે છે.[૬૮] શ્રીમદ્ભાગવતપુરાણમાં આ દષ્ટિ અત્યંત સજીવપણે પ્રતિપાદિત થઈ છે.[૬૯] યાજ્ઞિકોના લોભ, દંભ, અજ્ઞાન વગેરેને કારણે પણ વેદનિંદાપરક વાકયો પ્રયુકત થયાં છે. યાજ્ઞિકોની ચરિત્રહીનતા, નૃશંસતા વગેરેનાં અત્યંત સ્પષ્ટ વર્ણનો પુરાણોમાં પ્રાપ્ત થાય છે. સાંપ્રદાયિક અંધવિશ્વાસોના કારણે પણ પુરાણોમાં વૈદિકધર્મ તથા વેદોની નિંદા કરવામાં આવી છે. કયાંક કયાંક પોતાને અભીષ્ટધર્મને વેદધર્મની જેમ જ સન્માનિત કરવામાં આવ્યો છે. એ પણ એક દષ્ટિએ વેદના અપકર્ષને દ્યોતિત કરે છે. તુલસીપત્રથી કરવામાં આવતી હરિપૂજાને બહુદ્રવ્યસાધ્ય અશ્વમેધાદિના તુલ્ય કહેવામાં આવે, તો તે સ્વધર્મની તુલનામાં વેદધર્મનો અપકર્ષ જ છે. આવાં કેટલાંક અન્ય ઉદાહરણો પણ છે. જેમ કે– 'ભકિતહીનોને માટે ચતુર્વેદાધ્યયન નિરર્થક છે,'[૭૦] 'જેણે હરિપૂજા કરી છે, તેણે અગ્નિહોત્ર કર્યો છે, તેમ સમજવું',[૭૧] 'શ્રૌતસ્માર્તકર્મસિદ્ધિને માટે હરિચક્રધારણ કર્તવ્ય છે',[૭૨] આવાં પ્રકારનાં વચનો નિશ્ચિતપણે સાંપ્રદાયિક દષ્ટિઓની અંધતાનાં જ્ઞાપક છે.

પુરાણોમાં વેદનિંદકના રૂપમાં કેટલાંક સંપ્રદાયોના ઉલ્લેખો પણ મળે છે. આવા સંપ્રદાયોને તામસ કે વેદબાહ્ય તરીકે ઓળખાવેલ છે.[૭૩] એ તો લગભગ નિશ્ચિત જ છે કે, શૈવાદિ સંપ્રદાય–પ્રોક્ત ધર્મ સર્વાંશતઃ વેદાનુયાયી નથી. પૂર્વાચાર્યોએ

પણ શૈવાદિમતોના વૈદિક–અવૈદિક રૂપ અંતર્વિભાગોને સ્વીકાર્યા છે.[૭૪] આના આધારે કહી શકાય કે, વેદનિંદકોના રૂપમાં શૈવાદિઓનાં નામ પણ લઈ શકાય છે. જો કે, આવા આંશિક વેદમાન્યકારી સંપ્રદાયોને આપણે સર્વથા વેદનિંદક સંપ્રદાયોના રૂપમાં માની શકીએ નહીં. મૂળથી ભલે, શૈવાદિ સંપ્રદાયો વેદથી અસંપૃક્ત રહ્યા હોય, પરંતુ પુરાણોમાં વર્ણવાયેલ શૈવમત અંશતઃ વેદાનુયાયી છે, તે અવશ્ય સ્વીકાર્ય છે. શિવપુરાણમાં આ કારણે જ તો શ્રૌત–અશ્રૌતરૂપ શૈવાગમના બે ભેદો દર્શાવ્યા છે.[૭૫] વસ્તુતઃ વેદબાહ્ય બધા જ શૈવાદિ મતો ચાર્વાકાદિને બાદ કરતાં વૈદિક બની ગયા છે. તેનું કારણ એ છે કે, એ સંપ્રદાયોના નવા આચાર્યોએ પોતાના મતોને વેદમૂલક પ્રતિપન્ન કરવા માટેના પ્રયત્નો કર્યા છે. આ અંગે ડૉ. રામશંકર ભટ્ટાચાર્યનું વિધાન છે કે, –

**“ऐसा प्रतीत हो ता है कि शैवादि कुछ सम्प्रदाय मूलतः वेदपृथक ही थे और क्रमशः वैदिकधारामें इन सम्प्रदायों का मिलन (सामान्य-विशेष रूप में ) हुआ था । इस मिलन के दीर्घकालिक मार्ग में परिस्थिति के अनुसार नाना प्रकार के अवान्तर मतो का भी उद्भव हुआ था और अन्तिम स्तर में दोनों धाराएँ एक संयुक्त धारा (निगमागमधारा) के रूप में परिणत हो गई हैं ।”**[૭૬]

તંત્ર[૭૭] તથા પાંચરાત્ર સંબંધી ઉલ્લેખો પણ પુરાણોમાં જોવા મળે છે. પુરાણોક્ત વૈષ્ણવધર્મનો મોટો ભાગ પાંચરાત્રમૂલક છે. પાંચરાત્ર સંબંધી અનેક ઉલ્લેખો મળે છે.[૭૮] શૈવાગમ સંબંધી ઉલ્લેખો પણ સ્કંદપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ વગેરેમાં મળે છે. શાક્તાગમસિદ્ધાંતો પણ દેવીભાગવત, દેવીપુરાણ, કાલિકાપુરાણ તથા મહાભાગવતપુરાણાદિમાંથી પ્રચુર માત્રામાં મળે છે. મુખ્ય આગમો ત્રણ છે– વૈષ્ણવાગમો, શૈવાગમદ તથા શાકતાગમો. પ્રત્યેક આગમના અનેક અવાન્તર સંપ્રદાયો પણ છે. જેમ કે, વૈષ્ણવાગમમાં પાંચરાત્ર તથા ભાગવતસંપ્રદાય વગેરે. આ બધા જ સંપ્રદાયોના ઉલ્લેખો અને મતો પુરાણોમાં સામાન્ય કે વિશેષ રૂપે મળે છે તથા પ્રત્યેક મતનો અંશતઃ સ્વીકાર અને અસ્વીકાર (હેય અને ઉપાદેય કહીને અથવા તો વૈદિક અને વેદબાહ્ય માનીને) પણ પુરાણોમાં મળે છે. વેદના વિશે પણ પ્રત્યેક સંપ્રદાયની દષ્ટિ જુદી જુદી છે અને તેમાં સ્તરભેદ પણ છે. સર્વાંતિમ સ્તરમાં વૈદિક અને અવૈદિક ધારાઓ એક અવિચ્છિન્ન ધારાના રૂપમાં મળી ગયેલી છે અને વૈદિકતાંત્રિક–વિશિષ્ટતાનો પરિહાર કરીને એક સમન્વિત નિગમાગમધર્મના રૂપમાં પરિણત થઈ ગઈ છે. એ નિગમાગમધારાનું નામ જ પુરાણધારા છે, જે આજે પૌરાણિકધર્મના નામે પ્રચલિત છે.

પુરાણોની આ સાંપ્રદાયિકતા વિષયક વિસ્તૃત માહિતી અહીં આપવાનું કારણ એ છે કે, વિવિધ સંપ્રદાયો અને તેના અનુયાયીઓએ પણ દેવાસુરસંગ્રામમાં મહkવનો ભાગ ભજવ્યો છે. પુરાણોમાં આપવામાં આવેલ દેવાસુરસંગ્રામો સંબંધી વર્ણનોનું સૂક્ષ્મતાપૂર્વક અધ્યયન કરતાં જણાય છે કે, અંતિમ તkવ તરીકે અથવા તો

સર્વસત્તાધીશ તરીકે મુખ્યત્વે વિષ્ણુ, શિવ તથા શકિતને સ્થાન આપવામાં આવ્યું છે. એમાંથી વિષ્ણુ છેક પ્રાચીનતમ કાળથી વેદમાન્ય દેવ છે. જયારે કે શિવ અને શકિત પછીથી એ સ્થાનને પામ્યાં છે. પ્રારંભિક લગભગ તમામ સંગ્રામોમાં વિષ્ણુ જ અસુરો ના મુખ્ય પ્રતિસ્પર્ધી છે. ઇન્દ્ર પણ અંતિમ સહાયક તરીકે તેના શરણે જાય છે. જયારે કે, શિવ અપવાદરૂપ કેટલાક સંગ્રામોને બાદ કરતાં યુદ્ધથી વિરત હોય, તેમ જણાય છે. મહદંશે તે અસુરોને વરદાનો આપવાનું જ કાર્ય કરે છે અને કદાચ જો, તે યુદ્ધમાં ભાગ લે છે, તો પણ તેમને મનમાં પોતાના ભકતને રંજાડયો હોવાનું અનુભવાય છે. ત્રિપુરસંગ્રામમાં ત્રિપુરોનો નાશ કર્યા પછી, તેમને થયેલો પોતાના પરમ ભકત મયના દુઃખનો રંજ, મત્સ્યપુરાણમાં નોંધ્યો જ છે અને એવું જ અંધકસંગ્રામમાં બન્યું છે. એમની પત્ની પાર્વતી પર કુદષ્ટિ કરતો હોવા છતાં અંધકાસુર તેનો મુખ્ય ગણ બને છે. તેનું કારણ એ જ છે કે, અંધકાસુર શિવભકત હતો. પોતાના ભકત માટે થઈને તો તે કયારેક દેવો સામે પણ અસુરપક્ષે રહીને યુદ્ધમાં ઉતરે છે. શ્રીકૃષ્ણ–બાણાસુરસંગ્રામ તેનું સ્પષ્ટ ઉદાહરણ છે. આ સંગ્રામના આધારે શ્રી મ. મ. સિદ્ધેશ્વર શાસ્ત્રી ચિત્રાવનું કથન છે કે, –

**''बाण की जीवनकथा में शैव एवं वैष्णवों के परंपरागत संघर्षो की परछाइयाँ भी स्पष्ट रूप से दिखाई देती हैं ।''**[૭૯]

આના આધારે કહી શકાય કે, તત્કાલીન સમાજમાં પ્રર્વતતા સાંપ્રદાયિક ભેદભાવે પણ દેવાસુરસંગ્રામો થવામાં પોતાનો ફાળો આપ્યો હશે. પ્રારંભિક દેવાસુરસંગ્રામોમાં વિષ્ણુનું અધિક માહાત્મ્ય અને પછીથી શિવનું પણ દેવોના પક્ષે અસુરોની વિરુદ્ધમાં ભળી જવું, એ બાબત, શૈવસંપ્રદાયને ક્રમશઃ વૈદિકધર્મમાં પ્રાપ્ત થયેલી માન્યતાને સૂચવે છે. શૈવસંપ્રદાય અતિ પ્રાચીનકાળમાં અસુરજાતિમાં જ પ્રચલિત સંપ્રદાય હતો. પુરાણોમાં અસુરોને વેદધર્મના વિરોધી કહ્યા હોવા પાછળ નુ પણ, આ એક કારણ હોય શકે છે. પ્રાચીનતમકાળમાં શૈવસંપ્રદાયને પણ વેદબાહ્ય ગણવામાં આવતો હોવાનું આપણે આગળ નોંધ્યું જ છે. વિષ્ણુ કયારેય પણ અસુરપક્ષે રહ્યા હોવાનું જણાતું નથી. તે માત્ર અને માત્ર દેવોના જ સહાયક અને સંપોષક રહ્યા છે. હા, પ્રહ્લાદ, ગયાસુર વગેરે જેવા કેટલાક અસુરો તેમાં અપવાદ જરૂર છે.

પુરાણોનો મુખ્ય ઉદ્દેશ વેદનાં તkવોને સામાન્ય માણસ સુધી પહોંચાડવાનો છે. વૈદિકધર્મને લોકપ્રિય બનાવવાનું શ્રેય પુરાણોને જ જાય છે. વેદ અને પુરાણો, એ બન્ને એક જ સનાતનધર્મની રક્ષા કરનારા, લોકકલ્યાણને માટે વિભિન્ન કાળમાં આવિર્ભૂત મહાગ્રંથો છે. પુરાણોમાં વિષ્ણુનું વેદસંમત રૂપ આ કારણે જ સ્વીકારાયું છે અને વર્ણવાયું છે.

આમ, દેવાસુરસંગ્રામો થવાં પાછળ અનેક કારણોએ ભાગ ભજવ્યો હોવાનું નોંધી શકાય છે. સમયે સમયે આ બધાં જ કારણોએ દેવાસુરસંગ્રામોને પોષીને વિસ્તાર્યાં છે.

## –: પાદટીપ :–

૦૧. શતપથબ્રાહ્મણ, ૧/૨/૫/૧.
૦૨. 'કશ્યપવંશવર્ણન', વિષ્ણુપુરાણ, પ્રથમ અંશ, અધ્યાય ૨૧; મત્સ્યપુરાણ, અધ્યાય ૫–૭; વાયુપુરાણ, અધ્યાય ૬૬–૬૯ વગેરે.
૦૩. વાયુપુરાણ, ૬૬/૫૫.
૦૪. **'यास्तु शेषास्तदा कन्याः प्रतिजग्राह कश्यपः ।**
**चतुर्दश महाभागाः सर्वास्ता लोकमातरः ।।'**
વાયુપુરાણ, ૬૬/૫૪.
૦૫. **'स्वारोचिषे वै तुषिताः सत्याश्चैवोत्तमे पुनः ।**
**तामसे हरयो देवा जाताश्चारिष्णवे तु वै ।**
**वैकुण्ठाश्चाक्षुषे साध्या आदित्याः सांप्रते पुनः ।।**
**धाताऽर्यमा च मित्रश्च वरुणोंऽशो भगस्तथा ।**
**इन्द्रो विवस्वान्पूषा च पर्जन्यो दशमः स्मृतः ।।**
**ततस्त्वष्टा ततो विष्णुरजधन्योऽजघन्यजः ।**
**इत्येते द्वादशाऽऽदित्याः कश्यपस्य सुताः स्मृताः ।।**
વાયુપુરાણ, ૬૬/૬૫–૬૭.
૦૬. **'हिन्दू धर्मकोश', पृ. ६८.**
૦૭. **'हिन्दू धर्मकोश', पृ. ६८-६६.**
૦૮. શતપથબ્રાહ્મણ, ૧/૨/૫/૧–૭.
૦૯. ઋગ્વેદ, ૩/૩૭/૯.
૧૦. એજન, ૮/૯/૨.
૧૧. એજન, ૨/૨/૧૦; ૩/૫૩/૧૬.
૧૨. એજન, ૭/૭૫/૪; ૭/૭૯/૧.
૧૩. એજન, ૫/૮૬/૨; ૯/૧૦૧/૯.
૧૪. બીજા તથા ચોથા મંડળમાં એક–એકવાર, ૧,૫,૬,૭,૮માં મંડળોમાં બે–બેવાર, ૩ અને ૯માં ત્રણ–ત્રણવાર તથા ૧૦મા મંડળમાં ચારવાર. (**'वैदिक इण्डेक्स', पृ. ५२७**).
૧૫. અથર્વવેદ, ૩/૨૧/૫; ૩/૨૪/૩; ૧૨/૧/૧૫.
૧૬. ઐતરેયબ્રાહ્મણ, ૩/૩૧.
૧૭. **'गन्धर्वाः पितरो देवाः असुरा रक्षांसीत्येके । चत्वारो वर्णा निषादः पञ्चम इत्यौपमन्यवः ।''** નિરુકત, ૩/૮.
૧૮. ઋગ્વેદ, ૬/૬૧/૧૨.
૧૯. એજન, ૫/૩૨/૧૧.
૨૦. **'यदीन्द्राग्नी यदुषु तुर्वशेषु यद् द्रुह्युष्वनुषु पूरुषु स्थः ।**

अतः परि वृषणावा हि यातमथा सोमस्य पिबतं सुतस्य ।।”

એજન, ૧/૧૦૮/૮.

૨૧. **आचार्य बलदेव उपाध्याय, ‘वैदिक साहित्य और संस्कृति’, पृ. ४०५.**

૨૨. શતપથબ્રાહ્મણ, ૧૩/૫/૪/૧૪.

૨૩. ઐતરેયબ્રાહ્મણ, ૮/૨૩.

૨૪. શતપથબ્રાહ્મણ, ૧૩/૫/૪/૨૩.

૨૫. શુક્લ યજુર્વેદ, વાજસનેયી સંહિતા, ૧૧/૩/૩ તથા ઋગ્વેદ, ૭/૧૮/૧૧.

૨૬. શતપથબ્રાહ્મણ, ૧૩/૫/૪/૭.

૨૭. **‘वैदिक इण्डेक्स’, पृ. १८३-१८४.**

૨૮. ઋગ્વેદ, ૧/૫૩/૯, ૧૦.

૨૯. 'Rgvedic Culture', PP. 352-367.

૩૦. 'History of Sanskrit Literature - Sruti period, Section 1, PP. 108-113.

૩૧. 'વસિષ્ઠ ઋષિનું દર્શન', પૃ. ૮૯.

૩૨. જૈમિનીય બ્રાહ્મણ, ૨૦૪.

૩૩. **‘प्राचीन चरित्रकोश’, पृ. २६०.**

૩૪. 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ', પૃ. ૩૭૪.

૩૫. તૈત્તિરીયસંહિતા, ૨/૫/૮/૫; તાંડ્યબ્રાહ્મણ, ૭/૫/૨૦; સાંખ્યાયનશ્રૌતસૂત્ર, ૧૪/૨૭/૧ વગેરે.

૩૬. ઋગ્વેદ, ૧/૨૬/૧.

૩૭. દેવીભાગવત, ૪/૧૧.

૩૮. મત્સ્યપુરાણ, અ. ૨૫.

૩૯. જૈમિનીયોપનિષદબ્રાહ્મણ, ૨/૭/૨—૬.

૪૦. તૈત્તિરીયસંહિતા, ૨/૫/૮.

૪૧. વાયુપુરાણ, ૬૫/૭૫.

૪૨. મત્સ્યપુરાણ, ૨૫/૮, ૧૭, ૩૦, ૩૭; ૨૬/૧૭.

૪૩. બ્રહ્મપુરાણ, ૧૬૦/૧૩; વિષ્ણુપુરાણ, ૩/૧૭/૮—૯.

૪૪. **‘हिन्दू धर्मकोश’, पृ. ६८.**

૪૫. મત્સ્યપુરાણ, અધ્યાય ૧૭૩—૧૭૫.

૪૬. લિંગપુરાણ, ૧/૯૪.

૪૭. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અધ્યાય ૭૫ તથા શ્રીમદ્ભાગવતપુરાણ, તૃતીય સ્કંધ, અધ્યાય ૧૭—૧૯.

૪૮. શ્રીમદ્ભાગવતપુરાણ, ૩/૧૭/૧૬.

૪૯. શ્રીમદ્ભાગવતપુરાણ, તૃતીય સ્કંધ, અધ્યાય ૧૩.

૫૦. શ્રીમદ્ભાગવતપુરાણ, ૭/૨/૧—૯.

૫૧. 'दितिर्विनष्टपुत्रा वै तोषयामास काश्यपम् ।
तया चाराधितः सम्यक्काश्यपस्तपतां वरः ।।
वरेणच्छन्दयामास सा च वव्रे ततो वरम् ।
पुत्रमिन्द्रवधार्थाय समर्थममितौजसम् ।।
વિષ્ણુપુરાણ, ૧/૨૧/૩૦–૩૧.

૫૨. મત્સ્યપુરાણ, અધ્યાય ૭; વિષ્ણુપુરાણ, પ્રથમાંશ, અધ્યાય ૨૧ વગેરે.

૫૩. શ્રીમદ્‌ભાગવતપુરાણ, છઠ્ઠો સ્કંધ, અધ્યાય ૬–૧૩.

૫૪. મત્સ્યપુરાણ, ૪૭/૪૮.

૫૫. મત્સ્યપુરાણ, ૪૭/૪૯.

૫૬. "इन्द्रेणैव तु विक्रम्य निहतस्तारकामये ।"
મત્સ્યપુરાણ, ૪૭/૪૯.

૫૭. બ્રહ્માંડપુરાણ, ૨/૨૦/૩૫.

૫૮. પદ્મપુરાણ, સૃષ્ટિખંડ, અ. ૧૩.

૫૯. મહાભારત, શાંતિપર્વ, ૯૯/૪૮.

૬૦. મત્સ્યપુરાણ, અધ્યાય ૧૪૭.

૬૧. મત્સ્યપુરાણ, ૧૭૮/૬–૧૭.

૬૨. નાટ્યશાસ્ત્ર, છઠ્ઠો અધ્યાય.

૬૩. 'वैखानः सामवेदादौ श्री राधावल्लभजी तथा ।
गोकुलेशो महेशानि तथा वृंदावनी भवेत् ।।
पाञ्चरात्रः पञ्चमः स्यात् षष्ठः श्रीवीरवैष्णवः ।
रामानन्दी हविष्याशी निम्बार्कश्च महेश्वरि ।।
ततो भगवतो देवि दश भेदाः प्रकीर्तिताः ।
शिखी मुण्डी जटी चैव द्वित्रिदण्डी क्रमेण च ।।
एकदण्डी महेशानि वीरशैवस्तथैव च ।
सप्त पाशुपताः प्रोक्ताः दशधा वैष्णवा मताः ।।'
શકિતસંગમતંત્ર, પ્રથમ ખંડ, અષ્ટમ પટલ.

૬૪. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧/૧/૩.

૬૫. એજન, ૧૨/૧૨/૧૫.

૬૬. વાયુપુરાણ, ૫૭/૪૦–૪૧, ૫૯/૪૩; મત્સ્યપુરાણ, ૧૪૫/૩૦–૩૩; બ્રહ્માંડપુરાણ, ૧/૩૨/૩૩–૩૪ વગેરે.

૬૭. કૂર્મપુરાણ, ૨/૨૪/૧૫.

૬૮. ઐતરેયબ્રાહ્મણ, ૩/૩/૮/૧૧.

૬૯. શ્રીમદ્‌ભાગવતપુરાણ, ૧૧/૨૧/૩૦, ૩૨–૩૪.

૭૦. પદ્મપુરાણ, ૬/૧૨૮/૧૦૨.

૭૧. એજન, ૬/૮૬/૨૭.

૭૨. એજન, ૬/૨૫૨/૪૮.

૭૩. પદ્મપુરાણ, ૫/૧૨/૧૦૧–૧૦૨, ૫/૨૮૨/૩૫; દેવીભાગવત, ૧/૮/૪૪, ૧૨/૮/૩–૪, ૭/૩૯/૨૭/૩૨; કૂર્મપુરાણ, ૧/૧૬/૧૧૮–૧૯.

૭૪. લલિતાસહસ્રનામભાષ્ય, પૃ. ૮૪.

૭૫. શિવપુરાણ, ૭/૩૨/૧૧–૧૩.

૭૬. **'पुराणगत वेदविषयक सामग्री का समीक्षात्मक अध्ययन', पृ. ४८.**

૭૭. દેવીભાગવતપુરાણ, ૧૧/૧૨/૯–૧૨, ૭/૩૯/૩–૫; પદ્મપુરાણ, ૪/૯૦/૩, ૪/૯૦/૮, ૪/૯૦/૨૧; વરાહપુરાણ, ૨૧૧/૯૨ વગેરે.

૭૮. વરાહપુરાણ, ૬૬/૧૧, ૧૯.

૭૯. **'प्राचीन चरित्रकोश', पृ. ५०५.**

******

# વિભાગ–૨, પરિશિષ્ટો

**પરિશિષ્ટ–૧,** હિરણ્યકશિપુવધનું ચિત્ર.

**પરિશિષ્ટ–૨,** વામન–અવતારનું ચિત્ર.

**પરિશિષ્ટ–૩,** વરાહ–અવતારનું ચિત્ર.

**પરિશિષ્ટ–૪,** અમૃતમંથનનું ચિત્ર.

## પરિશિષ્ટ–૧, હિરણ્યકશિપુવધનું ચિત્ર

<u>પરિશિષ્ટ–૨, વામન–અવતારનું ચિત્ર</u>

## <u>પરિશિષ્ટ–૩, વરાહ–અવતારનું ચિત્ર</u>

## પરિશિષ્ટ–૪, અમૃતમંથનનું ચિત્ર

# :: સહાયકસંદર્ભગ્રંથોની સૂચિ ::

## સંસ્કૃતગ્રંથો


| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/અનુ./સંપા./પ્રકાશક......... |
|---|---|---|
| ૦૧. | અગ્નિપુરાણ | – વ્યાસ,<br>સંપા. બલદેવ ઉપાધ્યાય,<br>ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ,<br>પ્રથમાવૃત્તિ, ૧૯૫૭, બનારસ. |
| ૦૨. | અથર્વવેદ સંહિતા | – સંપા. પં. રામસ્વરૂપ શર્મા ગૌડ<br>ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી<br>સંસ્કરણ–વર્ષ–૨૦૦૩. |
| ૦૩. | અમરકોશ | – પં. અમરસિંહ<br>સંપા. પં. શિવદત્ત, નિર્ણયસાગર પ્રેસ,<br>મુંબઈ, ઈ.સ. ૧૯૪૪. |
| ૦૪. | અર્થશાસ્ત્ર | – કૌટિલ્ય,<br>પ્રાચ્યવિદ્યા સંશોધન મંડળ,<br>મૈસુર વિશ્વવિદ્યાલય, ૧૯૬૦. |
| ૦૫. | અષ્ટાધ્યાયી | – પાણિનિ,<br>શ્રી શરદ્ચન્દ્ર બસુ,<br>ઈનિડયન પ્રેસ, ઈલાહાબાદ,<br>ઈ.સ. ૧૯૯૧. |
| ૦૬. | આદિપુરાણ | – વ્યાસ,<br>સંપા. જિનસેન,<br>ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી.<br>ઈ.સ. ૧૯૬૩. |

૦૭. આપસ્તમ્બધર્મસૂત્ર – સંપા. ડૉ. ઉમેશચંદ્ર પાંડેય, ચૌ. સં. સી., વારાણસી, દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૯.

૦૮. આશ્વલાયનગૃહ્યસૂત્ર – મંગલદેવ શાસ્ત્રી, ગાર્ગ્યનારાયણની ટીકા સહિત, કલકત્તા, ૧૯૩૮.

૦૯. આશ્વલાયનશ્રૌતસૂત્ર – સંપા. મંગલદેવ શાસ્ત્રી, બનારસ, ઈ.સ. ૧૯૩૮.

૧૦. ઈશાવાસ્યોપનિષદ – સંપા. શાસ્ત્રી પુરુષોત્તમ વી., સ્વામીનારાયણ મંદિર, જૂનાગઢ, પ્રથમ સંસ્કરણ, વિ. સં. ૨૦૪૯.

૧૧. ઉત્તરરામચરિત – ભવભૂતિ, સંપા. ઉમાશંકર જોશી, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૫૮.

૧૨. ઐતરેયબ્રાહ્મણ – સંપા. એ. હોગ, મુંબઈ, ઈ.સ. ૧૮૬૩.

૧૩. ઋગ્વેદસંહિતા (સાયણભાષ્યસહિત) – વૈદિક સંશોધક મંડળ, પૂના, (ક્રમિક ભાગ–૧ થી ૫), ઈ.સ. ૧૯૩૩, ૧૯૩૬, ૧૯૪૧, ૧૯૪૬ તથા ૧૯૫૧.

| | | |
|---|---|---|
| ૧૪. | ઋગ્વેદસંહિતા | – સંપા. પં. શ્રીરામ શર્મા આચાર્ય,<br>સંસ્કૃતિ સંસ્થાન, બરેલી (યુ. પી.),<br>ઈ.સ. ૧૯૬૭. |
| ૧૫. | ઋતુસંહાર | – કાલિદાસ,<br>નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ,<br>ઈ.સ. ૧૯૧૬. |
| ૧૬. | કાઠકસંહિતા | – સંપા. એલ. વી. શ્રોડર,<br>લીપઝીંગ, ઈ.સ. ૧૯૨૨. |
| ૧૭. | કેનોપનિષદ, | – અનુ. ભકિતવેદાન્ત સ્વામી પ્રભુપાદ<br>ભકિતતવેદાન્ત બુક ટ્રસ્ટ,<br>હરેકૃષ્ણ લેંડ, જૂહુ, મુંબઈ,<br>પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૭૮. |
| ૧૮. | કુમારસંભવ | – કાલિદાસ,<br>સંપા. ડૉ. ગૌતમ પટેલ,<br>અમદાવાદ, ઈ.સ. ૧૯૮૬. |
| ૧૯. | કૂર્મપુરાણ | – વ્યાસ,<br>ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક<br>જવાહર નગર, દિલ્હી–૭,<br>દ્વિતીય સંસ્કરણ, ઈ.સ. ૧૯૯૬. |
| ૨૦. | ગણેશપુરાણ | – વ્યાસ,<br>સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ,<br>નાગ પ્રકાશક, જવાહરનગર,<br>દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૩. |

૨૧. ગરુડપુરાણ – વ્યાસ
સંપા. રામશંકર ભટ્ટાચાર્ય,
ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ,
વારાણસી, ઈ. સ. ૧૯૬૪.

૨૨. ગોપથબ્રાહ્મણ – સંપા. ડૉ. વિજયપાલ વિદ્યાવારિધિ
સાવિત્રીદેવી બાંગરીયા ટ્રસ્ટ,
કલકત્તા,
પ્રથમ સંસ્કરણ, ઈ.સ. ૧૯૮૦.

૨૩. ગૌતમધર્મસૂત્ર – સંપા., અનુ. ડૉ. ઉમેશ પાંડેય,
ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ,
વારાણસી,
પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૬.

૨૪. છાંદોગ્યોપનિષદ – ગીતાપ્રેસ, ગોરખપુર,
પ્રથમ સંસ્કરણ,
વિક્રમ સં. ૨૦૨૩.

૨૫. જૈમિનીયોપનિષદબ્રાહ્મણ – સંપા. પં. રામદેવ,
દયાનંદ મહાવિદ્યાલય,
સંસ્કૃત ગ્રંથમાલા,
લાહોર, ઈ.સ. ૧૯૨૧.

૨૬. તાંડ્યબ્રાહ્મણ – કેન્દ્રિય સંસ્કૃત વિદ્યાપીઠ,
તિરુપતિ, ઈ.સ. ૧૯૬૫.

૨૭. તૈત્તિરીયારણ્યક – સંપા. વેંકટરામ શર્મા,
મદ્રાસ, ૧૯૩૦.

૨૮. તૈત્તિરીયબ્રાહ્મણ – સંપા. એ. મહાદેવ શાસ્ત્રી
તથા એલ. શ્રી નિવાસાચાર્ય,
ગવર્નમેન્ટ બ્રાંચ પ્રેસ,
મૈસૂર, વિ. સં. ૧૯૧૧.

૨૯. તૈત્તિરીયસંહિતા – સંપા. એ. મહાદેવ શાસ્ત્રી
ગવર્નમેંટ ઓફ મૈસૂર,
પ્રથમ સંસ્કરણ, ઈ.સ. ૧૮૯૪.

૩૦. દેવીભાગવતપુરાણ – વ્યાસ, સંપા. ડૉ. પુષ્પેન્દ્ર કુમાર
નાગ પબ્લિશર્સ,
પ્રથમ સંસ્કરણ, ૧૯૮૬.

૩૧. નારદમહાપુરાણ – વ્યાસ, સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ,
નાગ પ્રકાશક, જવાહરનગર, દિલ્હી,
દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૫.

૩૨. નિરુક્ત (સંસ્કૃત–હિન્દી ટીકા સહિત) – યાસ્ક,
મેહરચંદ લક્ષ્મણદાસ,
દિલ્હી, વિ. સં. ૧૯૬૪.

૩૩. નૈષધીયચરિત – શ્રીહર્ષ,
નિર્ણયસાગર પ્રેસ
મુંબઈ, ઈ. સ. ૧૯૩૩.

૩૪. નારદસંહિતા – સંપા. આચાર્ય રામજન્મ મિશ્ર
ચૌખમ્બા સંસ્કૃત સંસ્થાન,
વારાણસી,
તૃતીય આવૃત્તિ, ઈ. સ. ૧૯૯૫.

૩૫. નૃસિંહપુરાણ – વ્યાસ,
સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ,
વૈંકટેશ્વર સ્ટીમ પ્રેસ,
મુંબઈ, ઈ. સ. ૧૯૪૧.

૩૬. ન્યાયદર્શન – ગૌતમ,
સંપા. દ્વારકાદાસ શાસ્ત્રી,
બૌદ્ધ ભારતી, વારાણસી, ૧૯૭૬.

૩૭. પદ્મપુરાણ – વ્યાસ,
શ્રી રામ મહર્ષિ દ્વૈપાયન
પ્રકા. મનસુખરાય મોર,
પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૯૫૭.

૩૮. પાતંજલ મહાભાષ્ય – પતંજલિ,
રાજસ્થાન સંસ્કૃત કોલેજ ગંથમાલા,
કાશી, ઈ.સ. ૧૯૩૯.

૩૯. પારાશરસ્મૃતિ – સંપા. પં. ગુરુપ્રસાદ શર્મા,
માસ્ટર ખેલાડીલાલ એન્ડ સન્સ,
દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૨.

૪૦. પંચવીશબ્રાહ્મણ – કલકત્તા સંસ્કરણ,
ઈ.સ. ૧૯૩૧.

૪૧. બ્રહ્મપુરાણ (મૂલ–પાઠ, હિન્દી અનુવાદ એવં પાઠાન્તર સહિત) – વ્યાસ,
અનુ. શ્રી તારિણીશ ઝા
હિન્દી સાહિત્ય સમ્મેલન, પ્રયાગ,
૧૨, સમ્મેલન માર્ગ, ઈલાહાબાદ.

| | | |
|---|---|---|
| ૪૨. | બ્રહ્મવૈવર્તપુરાણ | – વ્યાસ,<br>જીવાનંદ ભટ્ટાચાર્ય દ્વારા સંશોધિત,<br>કલકત્તા, ૧૯૪૪. |
| ૪૩. | બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય<br>(ગુજરાતી અનુવાદ<br>તથા ટીપ્પણ સાથે) | – અનુ. કા. વા. અભ્યંકર અને જ. મો.<br>શુકલ, અમદાવાદ,<br>બીજી આવૃત્તિ, ૧૯૮૧. |
| ૪૪. | બ્રહ્માંડપુરાણ<br>(મૂલમાત્ર) | – વ્યાસ,<br>ચૌખમ્બા પ્રકાશન, ચૌક, વારાણસી,<br>ઈ. સ. ૧૯૭૨. |
| ૪૫. | બૃહદારણ્યકોપનિષદ<br>(શાંકરભાષ્ય સાથે) | – સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય,<br>અમદાવાદ, વિ. સં. ૨૦૧૦. |
| ૪૬. | ભવિષ્યમહાપુરાણ<br>(ભાગ ૧ અને ૨) | – વ્યાસ,<br>નાગ પ્રકાશક, ૧૧/એ (યૂએ),<br>જવાહરનગર, દિલ્લી–૭,<br>પ્રથમ સંસ્કરણ, ૧૯૮૭. |
| ૪૭. | ભવિષ્યોત્તરપુરાણ | – વ્યાસ,<br>સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ,<br>નાગ પ્રકાશક, જવાહરનગર,<br>દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૨. |
| ૪૮. | મત્સ્યપુરાણ (પૂર્વભાગ)<br>(શ્લોક, હિન્દી અનુવાદ,<br>પાઠભેદ સહિત) | – વ્યાસ, અનુ. રામપ્રતાપ ત્રિપાઠી,<br>સંપા. તારિણીશ ઝા, હિન્દી સાહિત્ય<br>સમ્મેલન, પ્રયાગ, ૧૨, સમ્મેલન માર્ગ,<br>ઈલાહાબાદ–૩, ઈ. સ. ૧૯૮૯. |

| | | |
|---|---|---|
| ૪૯. | મત્સ્યપુરાણ (ઉત્તરભાગ)<br>(શ્લોક, હિન્દી અનુવાદ,<br>પાઠભેદ સહિત) | – વ્યાસ, અનુ. રામપ્રતાપ ત્રિપાઠી,<br>સંપા. તારિણીશ ઝા,<br>હિન્દી સાહિત્ય સમ્મેલન, પ્રયાગ,<br>૧૨, સમ્મેલન માર્ગ, ઈલાહાબાદ–૩<br>ઈ. સ. ૧૯૮૮. |
| ૫૦. | મત્સ્યપુરાણ | – વ્યાસ, ગ્રંથાંક–૪૧,<br>આનંદાશ્રમ ગ્રંથાવલિ, પૂના<br>ઈ.સ. ૧૯૦૦. |
| ૫૧. | મનુસ્મૃતિ | – મનુ, સંપા.શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર,<br>સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ,<br>ચોથી આવૃત્તિ, ૧૯૭૦. |
| ૫૨. | મહાનારાયણોપનિષદ | – સંપા. દેવરાય શ્યામકરણ મુંદેર<br>નિર્ણયસાગર પ્રેસ,<br>મુંબઈ, ૧૯૩૨. |
| ૫૩. | મહાભારત | – વ્યાસ,<br>સંપા. શ્રીપાદ દામોદર સાતવળેકર,<br>સ્વાધ્યાય મંડળ, પારડી, ૧૯૬૮. |
| ૫૪. | માર્કણ્ડેયમહાપુરાણ<br>(મૂળ, હિન્દી અનુવાદ તથા<br>શ્લોકાનુક્રમણી સહિત) | – વ્યાસ, અનુ. ડૉ. શિવરામ શાસ્ત્રી<br>નાગ પ્રકાશક, જવહરનગર, દિલ્લી,<br>પ્રથમ આવૃત્તિ, ૧૯૯૦. |
| ૫૫. | મૈત્રાયણી ઉપનિષદ | – સંપા. નારાયણરામ આચાર્ય<br>નિર્ણયસાગર પ્રેસ,<br>મુંબઈ, ૧૯૪૮. |

| | | |
|---|---|---|
| ૫૬. | મૈત્રાયણીસંહિતા | – સંપા. પં. સાતવલેકર<br>સ્વાધ્યાય મંડલ, સતારા,<br>મુંબઈ, વિ. સં. ૧૯૯૮. |
| ૫૭. | યજુર્વેદ | – અનુ. પં શ્રીપાદ દામોદર સાતવળેકર,<br>ઔંધનગર (સતારા પ્રદેશ), મુંબઈ,<br>વિ. સં. ૧૯૮૪ |
| ૫૮. | યાજ્ઞવલ્ક્યસ્મૃતિ | – સંપા. ડૉ. ઉમેશચંદ્ર પાંડેય,<br>ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી,<br>પ્રથમાવૃત્તિ, વિ. સં. ૨૦૨૪. |
| ૫૯. | યોગવાસિષ્ઠ | – અનુ. રામચન્દ્ર વર્મા શાસ્ત્રી<br>ઈસ્ટર્ન બૂક લિંકર્સ, ૫૮૨૫,<br>ન્યૂ ચંદ્રાવલ, દિલ્લી, ૧૯૭૪. |
| ૬૦. | રામાયણ | – વાલ્મીકિ, સંપા. અમરેન્દ્ર લક્ષ્મણ<br>ગાડગીલ, શ્રી રામકોશ મંડલ,<br>ગુણપત્તનમ્, પ્રથમાવૃત્તિ, ૧૯૮૨. |
| ૬૧. | લિંગપુરાણ | – વ્યાસ,<br>સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ,<br>વૈંકટેશ્વર સ્ટીમ પ્રેસ,<br>મુંબઈ, ઈ. સ. ૧૯૪૧. |
| ૬૨. | વરાહપુરાણ | – વ્યાસ, અનુ. ડૉ. શિવરામ શાસ્ત્રી<br>નાગ પ્રકાશક, જવહરનગર, દિલ્લી,<br>પ્રથમ આવૃત્તિ, ૧૯૯૨. |

| | | |
|---|---|---|
| ૬૩. | વાજસનેયીસંહિતા (શ્રીમન્મહીધરકૃતવેદ દીપાખ્યભાષ્યસહિત) | – ડૉ. વેબર સંશોધિત, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી, ઈ.સ. ૧૯૬૮. |
| ૬૪. | વામનપુરાણ | – વ્યાસ, સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક, ૧૧એ/યૂ.એ. જવાહરનગર, દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૬. |
| ૬૫. | વાયુપુરાણ | – વ્યાસ, બદરીનાથ ત્ર્યંબકનાથ શાસ્ત્રી સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૬૮. |
| ૬૬. | વિષ્ણુપુરાણ (સચિત્ર, હિન્દી–અનુવાદસહિત) | – વ્યાસ, અનુ. મુનિલાલ ગુપ્ત, ગીતાપ્રેસ, ગોરખપુર, સત્તાવીસમું સંસ્કરણ, વિ. સં.. ૨૦૬૦. |
| ૬૭. | વિષ્ણુપુરાણ (મૂલ, હિન્દી અનુવાદ સહિત, ભાગ ૧ અને ૨) | – વ્યાસ, ડૉ. શ્રદ્ધા શુક્લા, નાગ પ્રકાશક, ૧૧ /એ, (યૂએ), જવાહર નગર, દિલ્લી–૭, પ્રથમ સંસ્કરણ, ૧૯૯૮. |
| ૬૮. | વિષ્ણુધર્મોત્તરપુરાણ | – વ્યાસ, સંપા. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, નાગ પ્રકાશક, જવાહરનગર, દિલ્હી–૭, દ્વિતીય સંસ્કરણ, ૧૯૯૬. |
| ૬૯. | વ્યાસપુરાણ | – વ્યાસ, ગ્રંથાંક–૪૬, આનંદાશ્રમ ગ્રંથાવલિ, પૂના ઈ.સ. ૧૯૦૦. |

| | | |
|---|---|---|
| ૭૦. | શતપથબ્રાહ્મણ | – ડૉ. વેબર સંશોધિત,<br>ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ, વારાણસી<br>ઈ. સ. ૧૯૬૪. |
| ૭૧. | શાંખ્યાયનગૃહ્યસૂત્ર | – સંપા. મોતીલાલ ર. ઘોડા<br>ગિરિજાશંકર રવિશંકર કવિશંકર,<br>જૂનાગઢ, પ્રથમાવૃત્તિ, ૧૯૪૨. |
| ૭૨. | શાંખ્યાયનશ્રૌતસૂત્ર | – હિલેબ્રાન્ટ,<br>કલકત્તા,<br>ઈ. સ. ૧૮૮૮. |
| ૭૩. | શિવમહાપુરાણ | – પંડિત પુસ્તકાલય,<br>કાશી, સંવત્ ૨૦૨૦. |
| ૭૪. | શ્રીમદ્ભગવદ્ગીતા<br>(મૂળ ગ્રન્થ, અન્વય, શબ્દાર્થ,<br>અનુવાદ, વિવેચન અને<br>પ્રસ્તાવના સાથે) | – સંપા. ડૉ. સુહાસ ધર્મેન્દ્રસિંહ ઝાલા<br>સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.<br>પ્રથમાવૃત્તિ, જુલાઈ, ૨૦૦૨. |
| ૭૫. | શ્રીમદ્ભગવદ્ગીતા<br>(શાંકરભાષ્ય સાથે) | – ગુજરાતી અનુ. ડૉ. ગૌતમ પટેલ,<br>સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ,<br>ઈ. સ. ૨૦૦૪. |
| ૭૬. | શ્રીમદ્ભાગવતપુરાણ<br>(મૂલમાત્રમ્) | – વ્યાસ,<br>ગોવિંદભવન–કાર્યાલય,<br>ગીતાપ્રેસ, ગોરખપુર,<br>તેરમી આવૃત્તિ, વિ. સં. ૨૦૫૧. |

૭૭. શ્રીમદ્ભાગવતપુરાણ ('શ્રીધરી' ટીકા સાથે) – ગીતાપ્રેસ, ગોરખપુર, વિક્રમ સંવત્–૨૦૧૩.

૭૮. શ્વેતાશ્વતરોપનિષદ – સંપા. નારાયણરામ આચાર્ય નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૪૮.

૭૯. સામવેદસંહિતા – અનુ. શ્રીપાદ દામોદર સાતવળેકર, સ્વાધ્યાય મંડલ, ઔંધ, પ્રથમાવૃત્તિ, ૧૯૯૬.

૮૦. સ્કન્દપુરાણ – વ્યાસ, અનુ. શ્રી શાંતિલાલ ઠાકર, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૭૩.

૮૧. હરિવંશપુરાણ – વ્યાસ, ગીતાપ્રેસ, ગોરખપુર, વિ. સં. ૨૦૨૪.

## हिन्दीग्रन्थ


| क्रम | ग्रन्थ - नाम | लेखक/अनु./संपा./प्रकाशक |
|---|---|---|
| ०१. | 'पुराणगत वेद विषयक सामग्री का समीक्षात्मक अध्ययन' | ले. डा. रामशंकर भट्टाचार्य, हिन्दी साहित्य सम्मेलन, प्रयाग, प्रथम संस्करण, ई. स. १९६५. |
| ०२. | 'पुराण-तkव विमर्श' | ले. गिरिधरशर्मा चतुर्वेदी, प्रकाशक, बिहार राष्ट्रभाषा परिषद्, पटना, १९७०. |
| ०३ | 'पुराण - विमर्श' | ले. आचार्य बलदेव उपाध्याय, चौखम्बा विद्याभवन, वाराणसी, द्वितीय संस्करण, १९७८. |
| ०४ | 'पुराण विषयानुक्रमणी' (प्रथम भाग) | ले. डॉ. राजबली पाण्डेय, हिन्दू विश्वविद्यालय, काशी, १९५७. |
| ०५. | 'पुराणों में वैदिक - सन्दर्भ' | संकलनकर्ता - विपिनकुमार, परिमल पब्लिकेशन्स, २७/२८, शक्ति नगर, दिल्ली, प्र. सं. १९९८. |
| ०६. | 'पौराणिक रहस्यों का समीक्षात्मक अनुशीलन' | ले. पं. श्रीकृष्णमणि त्रिपाठी, कृष्णदास अकादमी, वाराणसी, संपा. डॉ. रमेश मिश्र, प्रथम संस्करण, ई. स. १९८४. |
| ०७. | 'भारतवर्षीय प्राचीन चरित्रकोश' | म. म. सिद्धेश्वरशास्त्री चित्राव, भारतीय चरित्रकोश मण्डल, १२०६, अ/४५, जंगली महाराज पथ, पूना - ४, प्र. सं. ईस्वी. १९६४. |
| ०८. | 'वैदिक इण्डेक्स' (भाग १) | मू. ले. ए. ए. मैकडौनल और ए. बी. कीथ, हिन्दी अनु. रामकुमार राय, चौखम्बा विद्या-भवन, वाराणसी - १, प्र. सं., वि. सं. २०१८. |

०६. 'वैदिक इण्डेक्स' (भाग २) — मू. ले. ए. ए. मैकडौनल और ए. बी. कीथ, हिन्दी अनु. रामकुमार राय, चौखम्बा विद्या- भवन, वाराणसी - १, प्र. सं., वि. सं. २०१६.

१०. 'वैदिक - देवता - दर्शन' — ले. प्रभुदयाल अग्निहोत्री, ईस्टर्न बूक लिंकर्स, ५८२५, न्यू चन्द्रावल, जवाहर नगर, दिल्ली, प्र. संस्करण, १६८६.

११. 'वैदिक धर्म एवं दर्शन' — मू. ले. ए. बी. कीथ, हिन्दी अनु. डॉ. सूर्यकान्त, चौखम्बा विद्याभवन, वाराणसी - १, प्रथम संस्करण., ई. स. १६६३.

१२. 'वैदिक माइथोलोजी' — मू. ले. ए. ए. मैकडौनल, हिन्दी अनु., चौखम्बा विद्याभवन, वाराणसी - १, प्रथम संस्करण, ईस्वी. १६६४

१३. 'वैदिक साहित्य और संस्कृति' — ले. आचार्य बलदेव उपाध्याय, शारदा संस्थान, वाराणसी-१, पञ्चम संस्करण, ईस्वी. १६६८.

१४. 'हिन्दू धर्मकोश' — संपा. डॉ. राजबली पाण्डेय, उत्तर प्रदेश हिन्दी संस्थान, हिन्दी समिति प्रभाग, महात्मा गांधी मार्ग, लखनऊ, प्रथम संस्करण, ईस्वी. १६७८.

१५. 'संस्कृत साहित्य का इतिहास' — शेठ कन्हैयालाल पोद्दार, नागरी प्रचारिणी सभा, वाराणसी, तृतीय संस्करण, वि. सं. २०३०.

१६. 'कल्याण' (पुराणकथाङ्क) — व्यवस्थापक, कल्याण कार्यालय, गीताप्रेस, गोरखपुर, ईस्वी. १६६३.

## ***ENGLISH BOOKS***

01. History of Sanskrit Literature- Sruti Period : C. V. Vaidya, Poona, A.D. 1930.

02. History of Indion Literature, Vol. I : M. Winternitz, Culcutta, A.D. 1927.

03. Puran Index, Vol. II : Prof. V. R. Ramchandra Diksitar, Madras University Historical Series, A.D. 1951.

04. Rgvedic Culture : A. C. Das, Culcutta, 1925.

05. The Cradle of Indion History : C. R. Krishnamacharlu, Adyar Library Series No. 56, Adyar Library, 1947.

06. Vedic India : G. S. Ghurye, Bombay, 1979.

07. Vedic Mythological Tracts : R. N. Dandekar, Delhi, A.D. 1979.

08. 'PURAṆ' , Bulletin, Vol. IV, Published by All-India Kashiraj Trust, Ramnagar Fort, Varanasi, July 1962.

# <u>ગુજરાતી ગ્રંથો</u>

| ક્રમ | ગ્રંથનું નામ | લેખક/અનુ./સંપા./પ્રકાશક |
|---|---|---|
| ૦૧. | પુરાણ પરિચય | શ્રી મોહનલાલ ગોપાલદાસ પ્રજાપતિ પ્રેરિત, સ્વ. માતુશ્રી ગંગાબહેન ગોપાલદાસ સ્મારક પ્રકાશન, મહર્ષિ વેદ–વિજ્ઞાન અકાદમી, વેદ ભુવન, હાઈલેન્ડ પાર્ક સોસાયટી, અમદાવાદ. |
| ૦૨. | પુરાણ વિવેચન | લે. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ઈ.સ. ૧૯૩૧. |
| ૦૩. | ભારતીય સાહિત્ય વિચાર મંજૂષા, ખંડ–૨. | લે. ડૉ. રમેશ સુંદરજી બેટાઈ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ–૬, પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૯૭૫. |
| ૦૪. | મત્સ્યપુરાણ (સરળ ગુજરાતી ભાષાંતર) | ભાષાંતરકાર શ્રી હિમ્મતરામ મહાશંકર જાની, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ. સ. ૧૯૮૩. |
| ૦૫. | વશિષ્ઠ ઋષિનું દર્શન | લે. ડૉ. અ. દે. શાસ્ત્રી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ–૬, બીજી આવૃત્તિ, ઈ. સ. ૧૯૯૫. |
| ૦૬. | વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ | લે. ડૉ. ગૌતમ વાડીલાલ પટેલ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ–૬, દ્વિતીય આવૃત્તિ (સંશોધિત), ઈ. સ. ૧૯૯૦. |

| | | |
|---|---|---|
| ૦૭. | સનાતન ધર્મ | લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી,<br>દ્વિતીય આવૃત્તિ, ઈ. સ. ૧૯૫૬. |
| ૦૮ | શ્રી ઉપનિષદો | શ્રીમન્નથુરામ શર્મા આચર્ય,<br>પ્રકા. વ્યવસ્થાપક ટ્રસ્ટી મંડળ,<br>શ્રી આનંદાશ્રમ, બીલખા.<br>સાતમી આવૃત્તિ, ઈ. સ. ૧૯૮૮. |
| ૦૯. | શ્રીમદ્ભાગવત,<br>(ભાગ પહેલો અને બીજો)<br>(શ્રીધરી અને બાલપ્રબોધિની ટીકા અનુસાર શુદ્ધ ગુજરાતી ભાષાંતર) | ભાષાંતરકર્તા શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ, અઠ્ઠાવીસમી આવૃત્તિ, ઈ. સ. ૨૦૦૪. |

# <u>કોશગ્રંથો</u>


| | | |
|---|---|---|
| ૦૧. | અમરકોશ (ગુજરાતી અનુવાદ સાથે) | – સંપા. કેશવરામ કા. શાસ્ત્રી, પ્રકા. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૫. |
| ૦૨. | ગૂજરાતી સંસ્કૃત કોશ | – રચયિતાઓ– ડૉ. નારાયણ મ. કંસારા, આચાર્ય નટવરલાલ યાજ્ઞિક, ડૉ. દશરથ વેદિયા, ડૉ. જયંતિલાલ ભટ્ટ, ડૉ. અમૃત ઉપાધ્યાય, પ્રકા. ઈશ્વરલાલ પટેલ, મહર્ષિ વેદ–વિજ્ઞાન અકાદમી, ઈ. સ. ૧૯૯૦. |
| ૦૩. | हलायुधकोशः (अभिधानरत्नमाला) | - सम्पा. जयशङ्करजोशी, उत्तर प्रदेश हिन्दी संस्थान, हिन्दी समिति प्रभाग ग्रन्थमाला - १५०, महात्मा गांधी मार्ग, लखनऊ, तृतीय संस्करण, १९९३. |
| ૦૪. | સંસ્કૃત–ગૂજરાતી વિનીત કોશ | – સંપા. ગોપાળદાસ જીવાભાઈ પટેલ, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલીઃ પુસ્તક ૧૨૫, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ પુનર્મુદ્રણ, નવે. ૧૯૯૨. |
| ૦૫. | संस्कृत - हिन्दी कोश | - लेखक वामन शिवराम आप्टे मोतीलाल बनारसीदास पब्लिशर्स प्राइवेट लिमिटेड, बंगलो रोड़, जवाहरनगर, दिल्ली-७, द्वितीय संस्करण, पुनर्मुद्रणः १९९३. |